# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૯ • અંક-૮-૯ • ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૨ • પાના ૧૫૬ • કીમત રૂા. ૨૦



## આગમ સૂત્ર પરિચય

## પર્યુષણ વિશેષાંક

## જિન-વચન

### દોષનો છેદ કરી, રાગ-ભાવને દૂર કરો

आयावयाही चय सोगुमल्लं
कामे कमाही कमियं खु दुक्खं ।
छिंदाहि दोसं विणएज्ज रागं
एवं सुही होहिसि संपराए ।।

(दसवैकालिक ८ -५४)

તું તપનું સેવન કર અને સુકુમારતાનો ત્યાગ કર. તું કામવાસનાથી પર થઈ જા તો દુઃખ પોતે જ નાસી જશે. તું દોષનો છેદ કર અને રાગભાવને દૂર કર. એમ કરવાથી તું સંસારમાં સુખી થઈશ.

Give up tenderness and strengthen yourself with penance. If you control desires, miseries will run away. Get rid of faults and cut off attachment. Thus you will be happy in this worldly life.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી
+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૨માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૦મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

# શંખ શ્રાવકની ધર્મભાવના

શ્રાવસ્તીમાં તેજના અંબાર રેલાઈ રહ્યાં. શ્રાવસ્તીમાં આજે ભગવાન મહાવીર શિષ્યસમુદાય સહિત પધાર્યાં. ચોમેર આનંદનો મહાસાગર ઘૂઘવી ઊઠ્યો. સારોય માનવમહેરામણ પ્રભુને વંદનાર્થે ઉદ્યાનમાં ઊમટ્યો. ભગવાનની દિવ્યવાણી સૌએ સાંભળી. એ પવિત્ર, મંજૂલ-વાણીમાં આત્મશ્રેયની સરવાણી હતી.

દેશના પૂરી થઈ. શંખ શ્રાવકે પોખ્ખલિ આદિ શ્રાવકોને કહ્યું, 'સાધર્મિક બંધુઓ! આપણે સૌ આજે સમૂહભોજન કરીએ. ધર્મકથા કરીએ. સાથે જ પ્રતિક્રમણ ને સ્વાધ્યાય કરીએ.'

સૌએ હર્ષથી હામી ભણી. સમૂહ ભોજનની વ્યવસ્થા ગોઠવાઈ.

જમવાનો સમય થયો ને સૌ આવ્યા, કિંતુ શંખ શ્રાવક ન દેખાયા. પોખ્ખલિ શ્રાવકે સૌને કહ્યું કે, 'તમે સૌ થોડીક રાહ જુઓ. હું હમણાં શંખ શ્રાવકને લઈને આવું છું.'

શંખ શ્રાવક સૌ સાધર્મિકજનોથી છૂટા પડીને પોતાની હવેલીએ પહોંચ્યા. એમના ચિત્તમાં ભક્તિની સરિતા રમણે ચઢી હતી. પ્રભુના દર્શન ને પ્રભુની વાણી ચક્ષુ-સન્મુખ દશ્યો રચતા હતા. એમને વધુ ને વધુ ધર્મ કરવાના ભાવ થતા હતા. પત્ની ઉત્પલાને શંખ શ્રાવકે કહ્યું: 'ભંતે, આજે ચતુર્દશી છે મને પૌષધ કરવાની ભાવના થાય છે.'

'સરસ. જેવી આપની ભાવના.' ઉત્પલાએ કહ્યું.

શંખ શ્રાવક પૌષધાલયમાં ગયા. પૌષધવ્રત લીધું.

એ સમયે પોખ્ખલિ શંખની હવેલીએ પહોંચ્યા. ઉત્પલાએ વિનયથી આવકાર્યા: 'પધારો, કહો, શી સેવા કરું?'

પોખ્ખલિએ બધી વાત કરી. ઉત્પલા તરત પૌષધાલયમાં ગઈ, શંખ શ્રાવકને તેણે કહ્યું: 'અરે! તમે તો પૌષધ લઈને બેસી ગયા ને સૌને તો ભોજન માટે નિમંત્ર્યા છે. સૌ તમારી રાહ જુએ છે. પોખ્ખલિભાઈ તમને તેડવા આવ્યા છે. ચાલો.'

શંખે કહ્યું: 'મેં પૌષધ લીધો છે, હવે ક્યાંય ન જવાય.'

પોખ્ખલિ શ્રાવક પાછા વળ્યા. સૌએ સમૂહભોજન કર્યું પણ આ વાત કોઈને ગમી નહીં.

સવાર થઈ. પૌષધ પાર્યો. તેણે પ્રભુનાં દર્શન કરીને પારણું કરવું તેમ વિચારીને સમોવસરણમાં પહોંચ્યો. તે સમયે પોખ્ખલિ અને બીજા શ્રાવકો ત્યાં આવ્યા. શંખને જોઈને તેની નજીક સર્યા ને મશ્કરી કરી :

'વાહ રે શંખજી! વાહ! અમારી સાથે આવી મજાક કરી? અમને કહ્યું હોત તો અમે ય પૌષધ ન કરત? પરંતુ અમને છેતરીને ધર્મ ન કરાય!'

શંખ શાંત રહ્યો. ભગવાન મહાવીરે સૌને કહ્યું: 'ભાઈઓ! તમે શાંત બનો. શંખની ધર્મભક્તિની અવહેલના ન કરો. એના મનમાં ક્યાંય કોઈને છેતરવાની વાત નહોતી અને દર વખતે, આવી વાતમાં, છેતરવાની જ વાત હોય તેવું નથી હોતું. શંખ શ્રદ્ધાળુ છે ને ધર્મપ્રિય છે માટે તેને માટે આમ વિચારશો નહીં.'

પ્રભુની વાણીનું સત્ય સૌને સ્પર્શી ગયું.

શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને શંખશ્રાવક માટે પૂછ્યું ત્યારે ભગવાને કહ્યું કે, 'આ જીવનમાં આદર્શ શ્રાવક ધર્મનું અનુસરણ કરશે અને ક્રમે ક્રમે ઉચ્ચતમ વિકાસ કરીને અહીં ઉત્સર્પિણી કાળમાં દેવશ્રુત નામે છઠ્ઠા તીર્થંકર થઈને મોક્ષમાં જશે.'

❑ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

## પ્રબુદ્ધ જીવન : આગમ પરિચય વિશેષાંક : ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૨ : સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | કળિયુગનો અમૃતથાળ આગમ ગ્રંથો (તંત્રીની કલમે) | ડૉ. ધનવંત શાહ | ૫ |
| (૨) | આ વિશિષ્ટ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયા | ડૉ. ધનવંત શાહ | ૮ |
| (૩) | ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ : આગમો (સંપાદકીય) | શ્રી ગુણવંત બરવાળિયા | ૯ |
| (૪) | જૈન આગમ સાહિત્ય | શ્રી રૂપેન્દ્રકુમાર પગારિયા | ૧૬ |
| (૫) | ૪૫ આગમ પરિચય | — | ૧૮ |
| (૬) | શ્રી આચારંગ સૂત્ર (આગમ-૧) | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૨૩ |
| (૭) | શ્રી સુયગડાંગ સૂત્ર (આગમ-૨) | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૨૫ |
| (૮) | શ્રી ઠાણાંગ સૂત્ર (આગમ-૩) | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૨૮ |
| (૯) | શ્રી સમવાયાંગ સૂત્ર (આગમ-૪) | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૩૦ |
| (૧૦) | શ્રી ભગવતી સૂત્ર (આગમ-૫) | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૩૨ |
| (૧૧) | શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર (આગમ-૬) | ડૉ. કેતકી યોગેશ શાહ | ૩૪ |
| (૧૨) | શ્રી ઉપાસક દશાંગ સૂત્ર (આગમ-૭) | ડૉ. કેતકી યોગેશ શાહ | ૩૭ |
| (૧૩) | શ્રી અંતગડ સૂત્ર (આગમ-૮) | ડૉ. કેતકી યોગેશ શાહ | ૪૦ |
| (૧૪) | શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર (આગમ-૯) | ડૉ. કેતકી યોગેશ શાહ | ૪૩ |
| (૧૫) | શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર (આગમ-૧૦) | ડૉ. કેતકી યોગેશ શાહ | ૪૫ |
| (૧૬) | શ્રી વિપાક સૂત્ર (આગમ-૧૧) | ડૉ. કેતકી યોગેશ શાહ | ૫૦ |
| (૧૭) | શ્રી ઉવવાઈ સૂત્ર (આગમ-૧૨) | ડૉ. કલા એમ. શાહ | ૫૩ |
| (૧૮) | શ્રી રાયપસેણીય સૂત્ર (આગમ-૧૩) | ડૉ. કલા એમ. શાહ | ૫૬ |
| (૧૯) | શ્રી જીવાજીવભિગમ સૂત્ર (આગમ-૧૪) | ડૉ. કલા એમ. શાહ | ૫૯ |
| (૨૦) | શ્રી પણ્ણવણા સૂત્ર–પ્રજ્ઞાપના સૂત્ર (આગમ-૧૫) | પૂ. સાધ્વી સુબોધિકા | ૬૧ |
| (૨૧) | શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર (આગમ-૧૬) | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૬૫ |
| (૨૨) | શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર (આગમ-૧૭) | ડૉ. કલા એમ. શાહ | ૬૯ |
| (૨૩) | શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર (આગમ-૧૮) | ડૉ. કલા એમ. શાહ | ૭૨ |
| (૨૪) | શ્રી નિરયાવલિકા સૂત્ર (આગમ-૧૯) | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૭૫ |
| (૨૫) | શ્રી કપ્પવડિંસિયા–કલ્પાવંતસિકા સૂત્ર (આગમ-૨૦) | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૭૭ |
| (૨૬) | શ્રી પુપ્ફિયા–પુષ્પિકા સૂત્ર (આગમ-૨૧) | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૭૯ |
| (૨૭) | શ્રી પૂપ્ફચૂલિયા–(પૂષ્પચૂલિકા) સૂત્ર (આગમ-૨૨) | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૮૧ |
| (૨૮) | શ્રી વન્હિદશા–વૃષ્ણિદશા સૂત્ર (આગમ-૨૩) | ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૮૩ |
| (૨૯) | चतु:शरण प्रकीर्णक – ચતુઃશરણ પ્રકીર્ણક (આગમ-૨૪) | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૮૫ |
| (૩૦) | आतुर प्रत्याखान प्रकीर्णक – આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક (આગમ-૨૫) | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૮૭ |
| (૩૧) | महाप्रत्याखान प्रकीर्णक – મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક (આગમ-૨૬) | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૮૯ |


આ અંકની છુટક નકલની કિંમત રૂા. ૬૦

**આ અંકનું મુખપૃષ્ટ**

જ્ઞાનપ્રાપ્તિ બાદ દેવનિર્મિત 'સમવસરણ' (પ્રવચન મંડપ)માં અશોકવૃક્ષ નીચે બેઠેલા ભગવાનનું અદ્‌ભુત અને અમોઘ ધર્મપ્રવચન

Mahavira delivering the sermon in Samvasarana arranged by gods where souls forget their birth

સૌજન્ય : **આચાર્ય યશોવિજયજી સંપાદીત તીર્થંકર ભગવાન શ્રી મહાવીર**

**તેમજ અન્ય ચિત્રો**

સૌજન્ય : **ચિત્રકાર ગોકુળદાસ કાપડિયા ● આચાર્ય કૈલાસસાગરસૂરિજી, કોબા, ગાંધીનગર**

## પ્રબુદ્ધ જીવન : આગમ પરિચય વિશેષાંક : ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૨ : સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૩૨) | भक्तपरिज्ञा प्रकीर्णक – ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક (આગમ-૨૭) | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૯૦ |
| (૩૩) | तंदुल वैचारिक प्रकीर्णक – તંદુલ વૈચારિક પ્રકીર્ણક(આગમ-૨૮) | મુનિ દીપરત્નસાગરજી મ. સા. | ૯૧ |
| (૩૪) | સંસ્તારક પ્રકીર્ણક (આગમ-૨૯) | ડૉ. અભય દોશી | ૯૩ |
| (૩૫) | ગચ્છાચાર પ્રકીર્ણક (આગમ-૩૦) | ડૉ. અભય દોશી | ૯૫ |
| (૩૬) | ગણિવિજ્જા પ્રકીર્ણક (આગમ-૩૧) | ડૉ. અભય દોશી | ૯૬ |
| (૩૭) | દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક (આગમ-૩૨) | ડૉ. અભય દોશી | ૯૭ |
| (૩૮) | મરણસમાધિ પ્રકીર્ણક (આગમ-૩૩) | ડૉ. અભય દોશી | ૯૮ |
| (૩૯) | શ્રી નિશીથ સૂત્ર (આગમ-૩૪) | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦૧ |
| (૪૦) | બૃહત્કલ્પ સૂત્ર (આગમ-૩૫) | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦૩ |
| (૪૧) | વ્યવહાર સૂત્ર (આગમ-૩૬) | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦૫ |
| (૪૨) | શ્રી દશાશ્રુતસ્કંધ (આગમ-૩૭) | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦૭ |
| (૪૩) | શ્રી જિતકલ્પસૂત્ર-મહાભાષ્યસૂત્ર (આગમ-૩૮) | ડૉ. રસિકલાલ મહેતા | ૧૦૮ |
| (૪૪) | શ્રી મહાનિશિથસૂત્ર (આગમ-૩૯) | આ. સાગરચંદ્ર સાગરસૂરિ મ. | ૧૧૦ |
| (૪૫) | શ્રી આવશ્યક સૂત્ર (આગમ-૪૦) | ડૉ. સાધ્વી આરતી | ૧૧૨ |
| (૪૬) | શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર-પિંડનિર્યુક્તિસૂત્ર (આગમ-૪૧) | ડૉ. રસિકલાલ મહેતા | ૧૧૬ |
| (૪૭) | શ્રી દશ વૈકાલિક સૂત્ર (આગમ-૪૨) | ડૉ. રસિકલાલ મહેતા | ૧૧૮ |
| (૪૮) | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (આગમ-૪૩) | ડૉ. રસિકલાલ મહેતા | ૧૨૧ |
| (૪૯) | શ્રી નંદીસૂત્ર (આગમ-૪૪) | ડૉ. રસિકલાલ મહેતા | ૧૨૪ |
| (૫૦) | શ્રી અનુયોગદ્વાર સૂત્ર (આગમ-૪૫) | ડૉ. રસિકલાલ મહેતા | ૧૨૭ |
| (૫૧) | જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન, મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૨૯ |
| (૫૨) | આગમ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે | યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. | ૧૩૨ |
| (૫૩) | આગમના રહસ્યો...સિક્રેટ્સ ઑફ આગમ... | યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. | ૧૩૪ |
| (૫૪) | આગમ એક અદ્ભુત જીવનકલા | પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી | ૧૩૫ |
| (૫૫) | શ્વેતાંબર માન્ય જૈન અંગ આગમ સાહિત્યનો રચનાકાળ | ડૉ. સાગરમલજી જૈન<br>અનુવાદ : ડૉ. મધુબેન બરવાળિયા | ૧૩૬ |
| (૫૬) | સર્જક પરિચય | — | ૧૩૯ |
| (૫૭) | આ અંકમાં પ્રસ્તુત આગમોનાં જૈન પારિભાષિક શબ્દોની સમજુતી | — | ૧૪૦ |
| (૫૮) | શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૨૧ મો જૈન સાહિત્ય સમારોહ-પાવનપુરી (રાજસ્થાન) | સૌજન્ય : રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટ | ૧૪૨ |
| (૫૯) | જયભિખ્ખુ જીવનધારા : ૪૨ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૪૪ |
| (૬૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૪૭ |
| (૬૧) | પ્રબુદ્ધ જીવન નિધિ | — | ૧૪૮ |
| (૬૨) | પંથે પંથે પાથેય... આસક્તિ–અનાસક્તિ | આ. મુનિશ્રી વાત્સલ્યદીપજી | ૧૪૯ |

**☐ અંગ્રેજી વિભાગ**

| | | | |
|---|---|---|---|
| (1) | Table of Aagams | Dr. Renuka Porwal | 151 |
| (2) | Thus HE Was, Thus HE Spoke | Reshma Jain | 153 |
| (3) | Aagam Kathas | Acharya Vatsalyadeepji<br>Translated by Pushpa Parikh | 152<br>154 |
| (4) | Picture Story of BhagwanRishabhdev | Kulin Vora | 155 |

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● 'પ્રબુદ્ધ જીવન' વર્ષ : ૫૯ ● અંક : ૮-૯ ● ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૨ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● ભાદ્રપદ વદ ● તિથિ-અમાસ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ અંકના માનદ સંપાદક
શ્રી ગુણવંત બરવાળિયા

# કળિયુગનો અમૃતથાળ
# આગમ ગ્રંથો

## તંત્રીની કલમે...

કત્થ અમ્હરિ સાપાના દુષમા દોષ દુસિયા।
હા! અનાહા! કહં હંતો ન હ હતા જિનાગમે।।

**આ કળિયુગમાં જો પ્રભુના વચન સ્વરૂપ આગમો ન હોત તો મારું શું થાત ? અનાથ જેવી સ્થિતિ અમારી થાત.**

જૈન કુળમાં જન્મ લીધા પછી જૈન સંસ્કારો જાળવવા એટલે કે કંદમૂળનું ભક્ષણ ન કરવું, મંદિર ઉપાશ્રયમાં જવું, જિન પ્રતિમાની પૂજા કરવી, સાધુ ભગવંતોને વંદના કરવી, બાળકોને પાઠશાળાએ મોકલી ધર્મ સૂત્રોનો પંચ પ્રતિક્રમણ સુધી અભ્યાસ કરાવવો, ઊમંગભેર પર્યુષણ પર્વ ઉજવી, એકાસણું, ઉપવાસ વગેરે તપ કરવા, દેરાસર કે સ્થાનકે ભક્તિ કરવી અને મહાવીર જન્મ વાંચનની ઉજમણી કરવી, આ સમયે 'કલ્પસૂત્ર' ગ્રંથનું નામ કાને પડે અને જીવનભર આજ નામ સાથે રહે, એ ત્યાં સુધી કે કોઈ પૂછે કે અન્ય ધર્મમાં ગીતા, કુરાન, બાયબલ, ત્રિપિટક જેવા પ્રતિનિધિ ગ્રંથો છે, તો તમારા જૈન ધર્મમાં આધારભૂત કયો ગ્રંથ, તો તરત જ 'કલ્પસૂત્ર' જ નામ બોલાઈ જાય.

પણ જૈનોનો જ્ઞાનવૈભવ તો કલ્પસૂત્રથી વિશેષ 'આગમો' છે એ માહિતી સામાન્ય જૈન શ્રાવક પાસે ન હોય ત્યારે આપણને આશ્ચર્ય થયા વગર ન રહે, ઉપરાંત અન્ય ધર્મીઓ પણ એમ માની લે કે જૈનો પાસે માત્ર 'કલ્પસૂત્ર' જ છે ત્યારે જૈન શાસન માટે એ ગેરસમજ થાય એવી ઘટના બની રહે.

'પ્રબુદ્ધ જીવન'નો વાચક વર્ગ જેટલો જૈન ધર્મી છે એટલી જ

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રી નાગરદાસ ગુલાબચંદ શાહ**
**અને**
**શ્રીમતી સવિતાબેન નાગરદાસ શાહ**
**'જીવી ગયાનો આનંદ' મહોત્સવ નિમિત્તે**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

સંખ્યામાં અન્ય ધર્મી પણ છે, આ સર્વે પ્રાજ્ઞ જિજ્ઞાસુ વાચકો છે.

આ બન્ને વાચક વર્ગને જૈન શાસનના જ્ઞાન વૈભવ જેવા આગમોનો પરિચય થાય એ હેતુથી આ અંક તૈયાર કરવાની અમને ભાવના થઈ.

આગમો વિશે આવી પરિચયાત્મક પુસ્તિકાઓ ભૂતકાળમાં તૈયાર થઈ હશે. વર્તમાનમાં પણ થઈ છે, પરંતુ અમારી પાસે સર્વ પ્રથમ ઈ. સ. ૧૯૫૪માં પ્રો. હીરાલાલ કાપડિયા દ્વારા સુરતથી પ્રકાશિત 'પિસ્તાલીસ આગમો'-સંક્ષિપ્ત રૂપરેખા નજરે પડી, પરંતુ એમાં વિસ્તાર નથી, ત્યારબાદ બીજી પુસ્તિકા યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ પ્રેરિત શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત-ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ 'આગમ' પ્રાપ્ત થઈ. અમારે માટે તો દોડવું હતું ને ઢાળ મળી ગયો. હૃદય અને બુદ્ધિએ પડઘો પાડ્યો કે જે પરિકલ્પના આગમ અંક વિશે અમે કરી છે એ માટે શ્રી ગુણવંતભાઈ સક્ષમ છે અને અમે અમારા આ મિતભાષી મિત્ર ઉપર હક જમાવી દીધો. અમારી પરિકલ્પના સમજાવી કે જે જૈનો આગમથી પરિચિત નથી એમને આગમનો વિગતે પરિચય કરાવવો અને અન્ય ધર્મી બૌદ્ધિક વાચકોને જૈન શાસનના આ ભવ્ય જ્ઞાન ભંડારની માહિતી આપવી, એ માટે આ ૪૫ આગમો માટે પૂ. મુનિ ભગવંતો અને વિદ્વાન શ્રાવકો પાસે લેખો લખાવવા અને આ પરિશ્રમિક કાર્ય આરંભાયું અને પરિણામ આપના હસ્તકમળમાં છે.

અહિંસા, સંયમ અને તપ તરફ જીવને પ્રયાણ કરાવનાર આ આગમો છે. આ=આત્મા તરફ ગમ=ગમન કરાવે તે આગમ છે. આગમની વાચના જીવને કર્મક્ષયનો માર્ગ દર્શાવી મોક્ષ પ્રાપ્તિની સાધના અને સિદ્ધિ દર્શાવે છે. જીવન જીવવાની કળા શિખવે છે, આત્મજ્ઞાનના પ્રદેશનો માર્ગ દર્શાવે છે, અને એમાં આત્માથી પરમાત્મા સુધીની યાત્રા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે એનું દર્શન આગમો કરાવે છે. શરીર વિજ્ઞાન તેમજ ભૂસ્તર અને ખગોળ શાસ્ત્રની દૃષ્ટિનું દર્શન કરાવે છે. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને પૂછેલા છત્રીશ હજાર પ્રશ્નો અને એના ઉત્તરનું વિશાળ આકાશ અહીં છે. રાગથી વૈરાગ અને વેરથી ક્ષમાની અનેક કથાઓનો ભંડાર આગમોમાં છે. શ્રમણ-શ્રમણી અને શ્રાવક-શ્રાવિકાના આચાર અને જીવન શૈલીની વિગત છે અને વિજ્ઞાન, પર્યાવરણ, યોગ, પદાર્થ વિજ્ઞાન, શરીર વિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓના જ્ઞાનનો ખજાનો, જીવની ગર્ભાવસ્થા, કાળના વિભાગો, શરીરની નાડીઓની સંખ્યા, મરણ સમાધિની વિગતો, આ સર્વે આગમોમાં છે. આગમો વિશ્વના સમગ્ર વિષયોનું દર્શન કરાવે છે. અણુ-પરમાણુનું પૃથ્થકરણ અહીં છે, વિશ્વની પ્રત્યેક સમસ્યાનું સમાધાન આ આગમોમાં છે.

આ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયાના સંપાદકીય લેખમાં આ વિશે વિસ્તૃત વિવરણ છે. જિજ્ઞાસુને એ વાંચવા વિનંતિ.

ક્ષણ માટે આપણને વિચાર આવે કે કોઈપણ સાધનો વિના જગતના આટલા વિશાળ જ્ઞાનની પ્રાપ્તિ એ મહાપુરૂષોએ કઈ રીતે પ્રાપ્ત કરી હશે? કારણ કે એ મહાન આત્મા કેવળજ્ઞાની હતા. એ સૂક્ષ્મ પ્રજ્ઞાને આપણા કોટિ કોટિ પ્રણામ હો.

જૈન શાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમ ગ્રંથો છે.

ભગવાન મહાવીર પછી વર્ષો સુધી આ શ્રુત જ્ઞાનની યાત્રા કંઠોપકંઠ રહી.

આ જ્ઞાનને શબ્દબદ્ધ–લિપિબદ્ધ કર્યું ઈ. સ. ૪૫૪–૪૫૬માં શ્રી દેવર્ષિગણિ ક્ષમાશ્રમણે, સૌરાષ્ટ્રના વલ્લભીપૂરમાં ૫૦૦ આચાર્યોના સહયોગથી. આ સર્વના આપણે ઋણી છીએ. આ શાસ્ત્ર ભંડાર લિપિબદ્ધ ન થયો હોત તો આજે આપણી પાસે શું હોત? વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ માટેના મહાન વિચારો અને ચિંતનોથી જગત વંચિત રહી ગયું હોત.

આ લિપિબદ્ધ શ્રુતજ્ઞાનના સંવર્ધન અને રક્ષા માટે શ્રુત ભક્તિના તત્ત્વને સ્વીકારી આ લિપિયાત્રા ગતિ કરે એ માટે पुत्थयलिहणं એટલે પુનઃ પુનઃ લખો એ સૂત્રને શ્રાવકના કર્તવ્યોમાં સ્થાન મળ્યું, શ્રુત લેખન દ્વારા શ્રુતરક્ષાનો મંત્ર સ્થાપિત થયો અને આ આગમો અને અન્ય શાસ્ત્રો પ્રથમ તાડ પત્ર ઉપર, પછી કાગળ ઉપર લહિયાઓ લખાતા રહ્યા, ભારતના ખૂણે ખૂણે લખાતા રહ્યાં, પુનઃ પુનઃ લખાતા રહ્યાં, અને વર્તમાન મુદ્રણકળા સુધી એ પહોંચી શક્યા. લહિયાઓ પુનઃ લેખનમાં કદાચ ભૂલો કરે પણ મુદ્રણની અનેક નકલો શુદ્ધિકરણ સાથે મુદ્રિત થાય એટલે સર્વ પ્રથમ ભીમસિંહ માણેક અને કલકત્તાથી બાબુ ધનપતસિંહ નામના શ્રાવકોએ આ ગ્રંથોનું સંપાદન કરી છાપવાની શરૂઆત કરી.

આ હસ્તલિખિત આગમોના પુનઃ હૃદય ધબકાર માટે પૂ. પૂણ્યવિજયજી મ.સા. અને પૂ. જંબુવિજય મ.સા. તેમજ અનેક અન્ય પૂજ્ય જૈન મુનિ ભગવંતોએ આ શ્રુતજ્ઞાન સંવર્ધનના ક્ષેત્રમાં અમૂલ્ય પરિશ્રમ કર્યો એ માટે સર્વ જિજ્ઞાસુ જીવ આ પૂજ્યશ્રીઓને

વંદન કરે.

આ આગમો એ જિન શાસનનો દસ્તાવેજ છે, આગમોના આધાર વિના પ્રભુની સાધના કે વિશ્વના સત્યને સમજવું અશક્ય છે, એટલે જ આગમોને જિન પ્રતિમા સરખી ગણીને પ્રભુ પ્રતિમા જેટલું જ તેનું મૂલ્ય સ્વીકારાયું છે.

આવા ભવ્ય જ્ઞાન ભંડારનો અંગ્રેજીમાં અવતરિત કરવાનો મહા યજ્ઞ આરંભાયો છે એ જિન શાસન માટે યશ કાર્ય છે, પરંતુ એથી આગળ વધીને આ આગમો અને જૈન તત્ત્વના અન્ય આગમ જેવા ગ્રંથોનું દોહન કરી પાંચેક મહાગ્રંથોનું સર્જન થવું જોઈએ અને એ પાંચે ગ્રંથોને જગતની બધી જ મુખ્ય ભાષામાં અવતરિત કરવા જોઈએ. આ જૈન ધર્મ કે તત્ત્વના પ્રચારનો વિચાર નથી, પણ આ ગ્રંથના તત્ત્વમાં વિશ્વ કલ્યાણ અને વિશ્વશાંતિનું ચિંતન પડ્યું છે એને ઉજાગર કરવાનું આ પૂણ્યકર્મ સિદ્ધ થશે.

કરોડોના જિન મંદિરોનું નિર્માણ થાય છે. પણ વ્યક્તિ એ સ્થાપત્ય પાસે જશે ત્યારે એને એ તત્ત્વની પ્રાપ્તિ થશે. પરંતુ આટલી જ વિશાળ ધનરાશિનો ઉપયોગ આવા ગ્રંથોનું વિવિધ ભાષાના સર્જન થાય તો આ શ્રુત સ્થાપત્ય વિશ્વના ખૂણે ખૂણે જિજ્ઞાસુઓ સુધી પહોંચશે જે માનવ કલ્યાણ અને વિશ્વશાંતિ સમીપ જગતને બેસાડશે. આવા મહાન પુણ્ય કર્મ માટે ખાસ સંસ્થાનું નિર્માણ થાય તો જગત સેવાનો અમૂલ્ય લાભ શાસનને પ્રાપ્ત થશે.

આ જૈન આગમ પરિચય અંકનું નિર્માણ અમે આવા વિવિધ ભાવો શાસનમાં વહેતા થાય એ માટે કર્યું છે. અમારો યત્કિંચિત આ નમ્ર પ્રયાસ છે.

આ અંક વાંચીને જિજ્ઞાસુને મૂળ આગમ ગ્રંથો વાંચવાનો અથવા આગમ પ્રચાર ભક્તિનો ભાવ જાગે તો એ તો આ પુરુષાર્થને ધન્યતા અર્પાશે. અમારું એ સદ્ભાગ્ય.

આ અંકમાં જિન આજ્ઞા વિરુદ્ધ અજાણતા પણ કાંઈ લખાઈ ગયું હોય તો અમે જૈન શાસનની ક્ષમા માગીએ છીએ, અમારા આશય તરફ કૃપા દૃષ્ટિ કરવા નત્ મસ્તકે સર્વને વિનંતિ.

આ અંકના સંપાદક શ્રી ગુણવંત બરવાળિયાનો અમે હૃદયપૂર્વક આભાર માની, ઋણ સ્વીકાર કરી એમણે જે આગમ પ્રસારનો યજ્ઞ આરંભ્યો છે એ માટે શુભેચ્છા અને સહકારનો ભાવ વ્યક્ત કરીએ છીએ.

આ અંક નિર્માણમાં અમારા પૂ. પુષ્પાબેન પરીખ અને મુદ્રક શ્રી જવાહરભાઈ શુકલનું શ્રમ પુરૂષાર્થી યોગદાન છે, એ માટે અમે આ દ્વયને યશના અધિકારી સમજીએ છીએ.

**☐ અંગ્રેજી વિભાગ**

આ અંકથી અમે ચારેક પાનાનો અંગ્રેજી વિભાગ શરૂ કરીએ છીએ. 'પ્રબુદ્ધ જીવને' ટકવું હશે તો સમય પ્રમાણે પોતાના સત્વ-તત્ત્વને સાચવીને અન્ય પરિવર્તનો કાળે કાળે સ્વીકારવા જ પડશે. આજના કુટુંબ જીવનમાં યુવાનોમાં ગુજરાતી ભાષા ભૂલાતી જાય છે, આ દુર્ભાગ્ય તો છે જ, પરંતુ કુટુંબના બાળકો અને યુવાનોને આ અંગ્રેજીના ચાર પાના પણ આપ પકડાવશો તો કાલે એ પૂરું 'પ્ર.જી.' વાંચશે. એટલે વડિલોને અમારી નમ્ર વિનંતિ છે કે આપના સંતાનોને આ અંગ્રેજીના ચાર પાના પાસે લઈ જશો, તો એ પણ શ્રુતભક્તિ જ ગણાશે.

આ અંગ્રેજી વિભાગમાં વિદ્વદ્ અને યુવાન વર્ગ માટે Thus HE Was – Thus HE Spoke એ નિયમિત કોલમ રેશ્મા જૈન એમની સર્જનાત્મક શૈલીથી શોભાવશે અને તીર્થંકરોના જીવન ચરિત્રનો ચિત્રપટ અને લેખન વિદ્વાન શ્રી કુલીન વોરા શણગારશે. આપણે આ બન્ને વિદ્વાન-વિદૂષીને આવકારીએ અને આ સેવા માટે એમને ધન્યવાદ પાઠવીએ.

આશા છે કે 'પ્ર.જી.'ના વાચકો આ આગમ પરિચય ગ્રંથ આવકારશે, આપની અપેક્ષા પ્રમાણે એ ન જણાય તો અમને અંતરથી ક્ષમા કરશો. મિચ્છા મિ દુક્કડમ્

**☐ ધનવંત શાહ**
drdtshah@yahoo.com

## શ્રી આચારાંગ સૂત્ર

**इमेण चेव जुज्झाहि, किं ते जुजिझेण बज्झओ?**

जुद्धारिहं खलु दुल्लहं।

झहेत्थ कुसलेहिं परिण्णाविवेगे भासिए।

આ આત્મામાં રહેલા કર્મશત્રુઓની સાથે યુદ્ધ કર, બીજાની સાથે યુદ્ધ કરવામાં તને શું લાભ? ખરેખર ભાવયુદ્ધને યોગ્ય સાધન મળવા જ દુર્લભ છે. જે આ જૈન શાસનમાં તીર્થંકરોએ આત્મયુદ્ધના સાધનરૂપે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચારરૂપ વિવેકનું પ્રતિપાદન કર્યું છે.

## આ વિશિષ્ટ અંકના સંપાદક

# શ્રી ગુણવંત બરવાળિયા

આગમ વિષયક આ વિશિષ્ટ અંકના સંપાદક સુશ્રાવક શ્રી ગુણવંત બરવાળિયા આંકડા અને અક્ષરના ઉપાસક છે. આંકડાના એટલા માટે કે વ્યવસાયે એઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ટેક્સટાઈલ પ્રોસેસ ઉદ્યોગના ઉદ્યોગપતિ છે અને અક્ષરના ઉપાસક એટલે છે કે એમનું નામ ચાલીસથી વધુ પુસ્તકો ઉપર સર્જક, સંપાદક અને સહ સંપાદક તરીકે ઝળકે છે.

ચાલીસ પુસ્તકોનો વિષય વ્યાપ પણ જ્ઞાન અને રસભર્યો છે. એમની અક્ષરની યાત્રા પ્રેમથી પરમ સુધીની છે. પ્રેમ વગર પરમને શી રીતે પહોંચાય? આ ત્રણ ભાષી વધુ પુસ્તકોની સૂચિ જોતાં પ્રથમ 'હૃદય સંદેશ' અને 'પ્રીત ગુંજન'–ગુણવંતભાઈનું બીજું નામ 'ગુંજન' પણ છે, કારણકે એઓ પોતાની વાતના ઢોલ-નગારા ન વગાડે, ધીમું ગુંજન જ કરે છે–અને વર્તમાનના પુસ્તકોની યાદીમાં શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી, અને આગમ આવે. આ પુસ્તકોના વિષયોમાં દર્શન-ચિંતન, કથા, સંશોધન તેમ જ સમાજ સુધારણાના વિષયો પણ છે.

થોડાંક પુસ્તકોના નામ જોઈએ તો, ગ્લીમ્પસીસ ઑફ વર્લ્ડ રિલીજીયન, ગ્લોરી ઑફ ડીટેચમેન્ટ, જ્ઞાનધારા, અધ્યાત્મ સુધા, દાર્શનિક દૃષ્ટા, સર્વધર્મ દર્શન, અણગારના અજવાળા, દામ્પત્ય વૈભવ, ભગવાન મહાવીરનો ઉપદેશ ગ્રંથ 'આગમ' વગેરે.

ઉપરાંત પૂ. સંતબાલજી પ્રેરિત 'વિશ્વ વાત્સલ્ય' અને અન્ય સામયિકનું તંત્રીપદ પણ એમણે શોભાવ્યું છે અને ૧૯૯૭માં મુંબઈ જૈન પત્રકાર સંઘનો શ્રેષ્ઠ પત્રકાર તરીકેનો એવૉર્ડ પણ એમને પ્રાપ્ત થયો છે.

ગુણવંતભાઈ મુંબઈ તેમજ બહારની અનેક ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે સક્રીયપણે જોડાયેલા છે, અને આ સંસ્થાઓના વિકાસમાં એમનું માતબર પ્રદાન છે.

એઓ પ્રભાવક વક્તા છે અને ઘાટકોપર તેમજ અન્ય સ્થાને પર્યુષણ વ્યાખ્યાનમાળાનું એમણે નેતૃત્વ કર્યું છે તેમજ ભારત, અમેરિકા અને સિંગાપોરમાં જૈન ધર્મ વિષયક વ્યાખ્યાનો પણ આપ્યા છે.

વર્તમાનમાં યુગદિવાકર પૂ. નમ્રમુનિની નિશ્રામાં અન્ય ભાષામાં આગમ પ્રકાશનનો મહાયજ્ઞ એમણે પ્રારંભ્યો છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય ચિંતક પદ્મશ્રી કુમારપાળ દેસાઈના સથવારે 'જૈન વિશ્વકોશ'નું વિરાટ કાર્ય એમણે હાથ પર લીધું છે. આ બે ભગીરથ કાર્ય માટે સમસ્ત જૈન જગત એમને શુભેચ્છા અને સહકાર પાઠવે.

માતા વ્રજકુંવરબેન અને પિતા માધવલાલ બરવાળિયાના ખાંભા ગામના ગૃહે ૧૯૪૮માં પારણે ઝૂલેલા આપણા આ મિતભાષી ગુણવંતભાઈ કુટુંબ વત્સલ છે અને બહોળા સંયુક્ત કુટુંબના પ્રેમાળ મોભી છે.

આ ઉષ્માભર્યા કુટુંબની સંસ્કાર દોર ગુણવંતભાઈના ધર્મપત્ની ડૉ. મધુબહેને જીવંત અને ચેતનવંતી રાખી છે, કારણ કે ડૉ. મધુબહેન માત્ર ગૃહિણી અને સુશ્રાવિકા જ નથી, પરંતુ હિંદી સાહિત્યમાં મહાનિબંધ લખી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરનાર વિદુષી પણ છે.

આવા વિદ્યાવાન ગુણવંતભાઈએ આ આગમ પરિચય વિશિષ્ટ અંકનું સંપાદન શોભાવ્યું છે. આ સંપાદન કાર્યમાં એમણે ખૂબ જ શ્રમ લીધો છે.

સંઘર્ષ, શ્રમ, સાધના અને સિદ્ધિ, ગુણવંતભાઈના જીવન અને શબ્દ યાત્રાના આ સોપાનો છે.

આ સંસ્થા ગુણવંતભાઈ પ્રત્યે ઋણ સ્વીકાર પ્રગટ કરે છે.

આપણે સૌ આ સંપાદન કાર્યને યશ આપી વધાવીએ, અને શ્રુતજ્ઞાન આગમ ગ્રંથોને કોટિ કોટિ વંદન કરીએ.

❑ **ધનવંત શાહ**

સંપાદકીય...✍

# ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ : આગમ

પ્રબુદ્ધ કરુણાના કરનારા ભગવાન મહાવીરે ઉપ્પનેઈવા, વિગમેઈવા અને ધુવેઈવા આ ત્રિપદી દ્વારા દેશના આપી. ગણધર ભગવંતો દ્વારા આ ઉપદેશ આપણને આગમરૂપે મળ્યો.

દેવો, મનુષ્યો અને તિર્યંચો, સમોસરણમાં ભગવાન મહાવીરની પાવન વાણી ઝીલવા આસનસ્થ થઈ જાય છે. ભગવાન માલકૌંસ રાગમાં પોતાની દેશના પ્રવાહિત કરે છે ને સૌ જીવો પોતપોતાની ભાષામાં તે સમજે છે.

જેનું ઉપાદાન ઉત્કૃષ્ટ છે અને જેની ગણધર થવાની પાત્રતા છે, ભગવાનના શ્રીમુખેથી ત્રિપદી સાંભળતા આ ભવ્ય જીવોના રૂચક પ્રદેશો ખૂલે છે. જ્ઞાનાવરણીય કર્મનો અદ્‌ભુત ક્ષયોપશમ થતાં તેમના અંતરમનમાં સહજ રીતે દ્વાદશાંગીની રચના થઈ જાય છે અને આ રીતે ભગવાન મહાવીરના ઉપદેશનો અમૂલ્ય વારસો આપણને મળે છે.

પૂ. શ્રી દેવર્ધીગણીને અનુભતિ થઈ કે કાળક્રમે માનવીની સ્મૃતિશક્તિ ઓછી થતી જાય છે જેથી પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરનો આ દિવ્ય વારસો જળવાઈ રહે તે માટે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુમહાત્માઓના સહયોગથી સતત ૧૩ વર્ષના પુરુષાર્થથી લેખનકાર્ય દ્વારા આ વારસો લિપિબદ્ધ કર્યો.

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્‌ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતા, અકારણ કરુણાના કરનારા પ્રભુ મહાવીરને સતત દેશના આપવા પ્રેરે છે તેને કારણે માત્ર જૈન સાહિત્યને જ નહિ, પરંતુ વિશ્વના દર્શનસાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાન, આચારશાસ્ત્ર તથા વિચારદર્શનના સુભગ સમન્વય સાથે સંતુલિત તેમજ માર્મિક વિવેચન આગમમાં છે. તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય.

પાપવૃત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિના શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે દર્શાવવા હિંસા આદિ દૂષણોનું પરિણામ દેખાડી અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા સદ્‌ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપૂંજમાંથી એક નાનકડું કિરણ મળે તોપણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આગમ સૂત્રો આત્મ-સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ ભગવાનની વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરેલા આગમો જીવના કલ્યાણમંગલ માટે, વ્યક્તિને ઊર્ધ્વપંથનો યાત્રી બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા પર લાગેલી કર્મરજને સાફ કરવાની પ્રક્રિયા એટલે આત્મસુધારણા. આત્મા પર કર્મ દ્વારા વિકૃતિ અને મલિનતાના થર જામ્યા છે જેથી હું મારા આત્માના સાચા સ્વરૂપને જોઈ શકતો નથી. અપાર શક્તિના સ્વામી આત્માના દર્શન થઈ જાય તો સંસારના દુઃખો અને જન્મ-મરણની શૃંખલામાંથી મુક્તિ મળી જાય. અંગ, ઉપાંગ, છેદસૂત્ર, પયન્ના, મૂળસૂત્ર અને પ્રકીર્ણક વિગેરેમાં ૩૨ અથવા-અને ૪૫ આગમો સમાવિષ્ટ છે.

શ્વેતામ્બર જૈનોએ આગમનો ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો રૂપે સ્વીકાર કર્યો છે. દિગંબર જૈનોની માન્યતા છે કે ભગવાન મહાવીર પછી નવસો એંશી વર્ષ બાદ આગમને લિપીબદ્ધ કરવામાં આવ્યા એટલે એ ભગવાનની પ્રત્યક્ષ દેશના રૂપે સ્વીકારી શકાય નહીં.

લગભગ બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય થઈ ગયા. એ મહાન લબ્ધિધારી આચાર્ય શંકાના સમાધાન અને જ્ઞાનપ્રાપ્તિ અર્થે સદેહે મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન તીર્થંકર સીમંધર સ્વામી પાસે ગયા. ત્યાં આઠ દિવસ ઉપવાસ સાથે જ્ઞાનપ્રાપ્તિ કરી. ત્યાંથી આવીને સીધા તામિલનાડુના બંડેવાસી ગામની પુનટમલય ગુફામાં બેસીને સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની રચના કરી. દિગંબર પરંપરાએ એનો પરમાગમ શાસ્ત્રો રૂપે સ્વીકાર કર્યો છે. છતાંય જૈનોના તમામ ફિરકાઓ, સમસ્ત જૈનોએ અને વિશ્વના અનેક વિદ્વાનોએ આગમનો જૈન તત્ત્વજ્ઞાનના ઉત્કૃષ્ટ સાહિત્ય રૂપે તો સ્વીકાર કર્યો જ છે.

આ આગમ ગ્રંથોમાં સમાવિષ્ટ દ્રવ્યાનુયોગ, ચરણકરુણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગમાં ઠેર ઠેર જીવમાંથી શિવ બનવાની પ્રક્રિયાનો નિર્દેશ છે.

આગમશાસ્ત્રો જૈન શાસનના બંધારણનો પાયો છે. જૈન આગમરૂપી આ દસ્તાવેજમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિરત્નની માલિકી આપવાના સિદ્ધાંતો, નિયમો અને આચારોનું વિશદ્ માર્ગદર્શન આપવામાં આવેલ છે. એમાં જણાવેલ આચારપાલન અવશ્ય માનવીની આત્મોન્નતિ કરાવી શકે.

આ આગમો આપણા માટે કઈ રીતે પ્રેરક બન્યા છે તેની

વિચારણા કરીએ.

'આચાર એ જ પ્રથમ ધર્મ છે' આ જીવનસૂત્ર અપનાવવાની સફળ તરકીબો **શ્રી આચારાંગ સૂત્ર**માં આચારશુદ્ધિ દ્વારા જીવન-શુદ્ધિના સ્તરને ઊંચું લાવવા માટે છ પ્રકારના જીવોને 'યતના', 'જયણા' અને આચારશુદ્ધિનો માર્ગ બતાવ્યો છે. વળી આત્મસુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઈંદ્રિયવિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતાં શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે **'जे गुणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे'** જે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે.

આત્માથી પરમાત્મા સુધીની યાત્રાનું માર્ગદર્શન આ સૂત્રમાં આપવાની સાથે જણાવાયું છે કે આત્મજ્ઞાન પામ્યા વગર જગતનું કોઈપણ જ્ઞાન અજ્ઞાન ગણાય છે માટે આત્મજ્ઞાન પામવા ઇચ્છુક સાધકોએ અને નવદીક્ષીતોએ આચારાંગનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં જીવ હોવાની શોધ કરી. શ્રી આચારાંગમાં ભગવાને આગળ વધીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવ છે, વનસ્પતિ અને પ્રાણીને પણ સંવેદના છે, એમ કહ્યું છે. ફોરનટ નામના મેગેઝીનમાં `Mountain are Grows' નામના લેખનું પ્રકાશન થયેલું જેમાં પર્વતોની માત્ર બાહ્ય વૃદ્ધિ નહીં પણ આંતરિક વૃદ્ધિની વાત પ્રગટ થયેલી છે. એ વાત સ્વાભાવિક છે કે જ્યાં જીવ હોય ત્યાં જ આવી આંતરિક વૃદ્ધિ સંભવી શકે.

આચારાંગમાં શ્રી ભગવાન કહે છે કે ભોગમાં સુખનો અનુભવ થાય છે તેના કરતાં વિશેષ યોગમાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

જગતના ભિન્ન ભિન્ન દાર્શનિકોના વિચારોનો કમ્પેરેટિવ સ્ટડી–તફાવત અને સરખામણી દ્વારા તેની અપૂર્ણતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરી સાધુના આચારો અને વૈરાગ્યનાં દુઃખોના વર્ણન દ્વારા જીવને વૈરાગ્યભાવ તરફ **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર** પ્રેરે છે.

શ્રી સુયાગડંગ, (શ્રી સૂત્રકૃતાંગ) સૂત્રમાં જૈન દર્શનની શ્રેષ્ઠતાનું ન્યાયયુક્ત વર્ણન કર્યું છે. જગતના અન્ય દર્શનો જૈન દર્શનથી કઈ રીતે અલગ પડે છે તેના કારણો અને વિશિષ્ટતાઓ આ સૂત્રમાં મળે છે.

ભગવાન મહાવીરે કહેલું કે તાર્કિકપણે ગંગાસ્નાનથી મોક્ષ મળતો હોય તો ગંગામાં રહેલી બધી જ માછલીઓને મોક્ષ મળી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્નાન એ બાહ્યશુદ્ધિનું કારણ માત્ર છે. આત્મશુદ્ધિની પ્રક્રિયા નથી. દેહશુદ્ધિનીનું મહત્ત્વ ગૌણ છે. મોક્ષ માર્ગમાં આત્મશુદ્ધિનું જ મહત્ત્વ છે.

વિવેકબુદ્ધિનું બંધારણ વ્યવસ્થિત રાખવા માટે જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ શ્રી ઠાણાંગ સૂત્રમાં કરવામાં આવ્યું છે. આત્મસુધારણા માટે દસ સંજ્ઞાઓને દસ રાષ્ટ્રધર્મ દ્વારા કઈ રીતે સંસ્કારિત કરી શકાય તેનું સુંદર નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવેલ છે.

વરસાદન આવતો હોય તો કેમ લાવવો અને કઈ નદીમાં કેટલું પાણી રહેશે તેની ભવિષ્યની વાત આ સૂત્રમાં છે.

આ સૂત્રમાં ભગવાને ૧૦ નક્ષત્રમાં જ્ઞાનની વૃદ્ધિની વાત દર્શાવી છે.

૧. મૃગિશર ૨. આદ્રા ૩. પુષ્ય ૪. પુર્વાષાઢા ૫. પૂર્વ ભદ્રપદા ૬. પૂર્વાફાલ્ગુની ૭. મૂળ ૮. અશ્લેષા ૯. હસ્ત ૧૦. ચિત્રા આ દસ નક્ષત્રોમાં વિદ્યાપ્રાપ્તિનો પ્રબળ પુરુષાર્થ કરવા કહેલું.

નક્ષત્રોમાંથી જે કિરણો નીકળે છે તે આપણા બ્રેઈનને અસર કરે છે. આ નક્ષત્રોના સમયમાં ખુલ્લામાં ટેરેસ પર વિદ્યાપ્રાપ્તિનો પ્રયોગ કરવાનો હોય છે.

પૂર્વે તપોવનમાં, ઋષિકૂળમાં ગુરુજી વૃક્ષ નીચે કે ખુલ્લામાં વિદ્યાદાન દેતા હતા.

ધરતીકંપના કારણો આ સૂત્રમાં બતાવ્યા છે.

જગતના પદાર્થોનું સમ્યક્ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન **શ્રી સમવાયાંગ સૂત્ર**માં આપ્યું છે, જે અનેક પ્રકારના વિષયોના સમન્વયનું વિશિષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કરે છે. વિરોધી વિષયોનો સમન્વય કઈ રીતે કરવો તે આ સૂત્રના અભ્યાસથી જાણી શકાશે.

એકતાળીશ વિભાગમાં દસ હજાર ઉદ્દેશકો અને પંદર હજાર સાતસો બાવન શ્લોકસહ દ્વાદશાંગીની સૌથી મોટું મહાસાગર સમાન ગંભીર અને ગૂઢાર્થવાળું આગમ એટલે **શ્રી ભગવતી સૂત્ર.** શ્રી ગૌતમસ્વામી અને અન્ય સાધકોએ ભગવાનને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનના આગમમાંથી એકાદ ભાવ પણ જો આચરણમાં મૂકીએ તો માનવજીવન સાર્થક બની જાય.

સાધુજીવનની ચર્યા સાથે અણુ પરમાણુનું વર્ણન વૈજ્ઞાનિક ઢબે પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરે કરેલ છે.

કોઈના પણ શરીરમાં ક્યારેક દેવી કે દેવ પ્રવેશ ન કરી શકે પણ દેવ-દેવી વ્યક્તિને વશ કરી શકે તેનું વર્ણન છે.

હવામાન અને ચોમાસાના વર્તારાની વાત કરી છે. ૬ મહિનાથી વાદળા વધુ ન રહી શકે, ૬ મહિનામાં વિસરાળ થઈ જાય.

ઘોડો દોડે ત્યારે એક પ્રકારનો અવાજ ક્યાંથી આવે છે? ઘોડાના હૃદય અને કાળજા (લીવર) વચ્ચે કર્કર નામનો વાયુ ઉત્પન્ન થાય છે. ઘોડો દોડે ત્યારે તે વાયુ બહાર નીકળતા આ અવાજ થાય છે. આ દર્શાવે છે કે ભગવાનને પ્રાણીઓના શરીરની રચનાનું સૂક્ષ્મ જ્ઞાન હતું.

બધા તીર્થંકરોના સાધુ રંગીન વસ્ત્રો પહેરતા પણ ભગવાને શ્વેત વસ્ત્રો પહેરવા આદેશ કર્યો. ગરમી અને તાપમાં રંગીન વસ્ત્રોમાં વધુ ગરમી લાગે શ્વેતમાં ઓછી, આ રીતે પ્રભુએ ગ્લોબલ

વૉર્મિંગની આગાહી કરી કે ભવિષ્યમાં વૈશ્વિક તાપમાન વધશે.

ધર્મકથાનુયોગમાં **શ્રી જ્ઞાતાધર્મકથા** નામના આ આગમમાં મહાપુરુષોના જીવનની સત્યઘટનાઓ અને ઔપદેશિક કથાઓનો વિપુલ સંગ્રહ છે. દ્રવ્યાનુયોગ કથાનુયોગ પર સવારી કરીને આવે તો દર્શનના રહસ્યો સરળતાથી સમજાઈ શકે. આ ધર્મકથાનું શ્રવણ બાળજીવોને ધર્મપ્રીતિ પ્રેરનારું બની રહે, ધર્મમાર્ગમાં સ્થિર કરનારું બની રહે તેવું છે.

પોઝીટીવ થીંકીંગ કઈ રીતે રાખવું–સમુદાય વચ્ચેના જીવનમાં સમુદાય ધર્મ કઈ રીતે નિભાવવો તેમજ વડીલોના સ્થાન અને સન્માનની વાત આ સૂત્રોમાં કહી છે.

વાસ્તુશાસ્ત્ર, નગરરચના, જીવનવ્યવસ્થા અને જીવનશૈલીમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નોનું સમાધાન જાણવાની ઇચ્છાવાળાઓએ જ્ઞાતાધર્મ કથા સૂત્ર વાંચવું જોઈએ.

**શ્રી ઉપાસકદશાંગ સૂત્ર** વીરપ્રભુના શાસનના દશ મહાશ્રાવકોના દેશવિરતિના ઉત્કૃષ્ઠ આચારનું વર્ણન આપણને પ્રેરણાના પીયૂષ પાય છે.

શ્રાવકોની જીવનશૈલી, તેમની વ્યાપારની પદ્ધતિ કેવા પ્રકારની હતી, રોકાણની પદ્ધતિ, ક્ષેત્ર, સાધનો અને ન્યાય સંપન્ન વૈભવ અને શ્રાવકોની આવકનો વ્યય અને સદ્‌વ્યયનું વર્ણન આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરના શ્રાવકો પાસે ગાયોના વિશાળ ગોકૂળ હતા. જે ઘરમાં ગાય છે ત્યાં આસુરી સંપત્તિનું આગમન થતું નથી, તે આ સૂત્ર દ્વારા ફલિત થાય છે.

પરિવારમાં પત્ની, માતા અને પુત્રોનું સ્થાન અને વાનપ્રસ્થ આશ્રમનું વર્ણન પણ આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરે પોતાના શ્રાવકો જે સંસારમાં રહીને પણ ઉત્કૃષ્ટ આત્મકલ્યાણ કરે છે તેવા શ્રાવકોનું પોતાના શ્રીમુખેથી વર્ણન કરી શ્રાવકોને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે ઉપાસક દશાંગ સૂત્રથી પ્રગટ થાય છે.

**શ્રી અંતગડદશાંગ સૂત્ર**માં અંતમુહૂર્તમાં મોક્ષે ગયેલા પુણ્યાત્મા આરાધક મુનિઓના જીવન શ્રાવકના ત્રણ મનોરથ ચરિતાર્થ કરવાના પ્રેરક બને છે.

આ સૂત્રમાં સહનશીલતાથી સફળતા સુધીની યાત્રાનું વર્ણન છે. શ્રાવક સુદર્શન 'નમો જીણાણંજી અભયાણં'ના જાપ કરે છે ત્યારે સેંકડો કિલો વજનનું શસ્ત્ર તેના પર ફેંકવામાં આવે છે છતાં તે વાગતું નથી. જપ સાધનાને કારણે તેની આસપાસ સુરક્ષાચક્ર રચાય છે અને તેને બચાવે છે. આ ઘટનાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતા જણાશે કે અદૃશ્ય પદાર્થ દૃશ્યને રોકી શકે. સુરક્ષાનો એક અદૃશ્ય ફોર્સ આપણી આસપાસ રચાય જે મેટલને પણ રોકી શકે છે. ગોશાલકે ભગવાન સામે ફેંકેલી તેજાલેશ્યા વખતે પણ આવું જ થયું.

ગજસુકુમાર માથે અંગારા મૂક્યા ત્યારે તેને પીડા ન થઈ. સાધુ લોચ કરે ત્યારે પહેલી ચાર પાંચ લટ ખેંચે ત્યારે દુઃખ પીડા થાય પછી તે પીડા ઓછી થાય એનો અર્થ એ થયો કે આપણી ભીતર એનેસ્થેસિયા સક્રિય થાય છે. આપણી અંદર પીડાશામક રસાયણ સર્જાય છે જે નેચરલ એનેસ્થેસિયા છે. અંદરમાં એવું કાંઈક તત્ત્વ સર્જાય છે જે તત્ત્વ આપણી સહનશીલતાને વિકસાવે છે. આ સંશોધનનો વિષય છે

**શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર** આગમના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મહાત્માઓનું જીવન આપણા અધ્યાત્મ જીવનને નવી દિશા આપે છે.

ભગવાન મહાવીરની ઉપદેશધારામાં નવમા આગમમાં દેહ પ્રત્યેનું મહત્ત્વ ઘટાડતા તપ સાધકો જેવા કે ધન્ના અણગારની સાધનાનું વર્ણન છે.

આ સૂત્રમાં કહ્યું છે કે મનુષ્ય માત્ર ખોરાકથી જ જીવી શકે એવું નથી, પ્રકાશ અને હવાથી પણ જીવી શકાય છે. સૂર્ય પ્રકાશથી પણ જીવી શકાય તેવા દાખલા છે. રોજ એક ચોખાનો દાણો લઈને પણ લાંબો સમય જીવી શકાય તેવા ઉદાહરણ છે. શરીર વિજ્ઞાનના સંશોધનનો આ વિષય છે.

મંત્રના ઉપયોગ અને લબ્ધિદિશા દર્શન કરાવનાર **શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર**માંનાં પાંચ મહાપાપોનું વર્ણન વાંચતાં પાપથી પાછા ફરવાનો પાવન અવસર પ્રાપ્ત થાય છે.

સત્ય, અહિંસા આદિ ગુણો દ્વારા વિધેયાત્મક શક્તિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનું વર્ણન આ સૂત્રમાં છે. અનેક પ્રકારની સિદ્ધિઓ, વિદ્યાઓ, લબ્ધિઓ અને ઉર્જાઓને કઈ રીતે પ્રાપ્ત કરવી તે બતાવેલ છે.

પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક વિદ્યાઓના મંત્રો તથા યંત્રોની વાત હતી. પરંતુ એ વિદ્યાઓના મંત્રો કે યંત્રોનો દૂર ઉપયોગ ન થાય, કોઈ કુપાત્ર તેનો અકલ્યાણ માટે ઉપયોગ ન કરે તે આશયથી આ સૂત્રની પ્રાચીન વિદ્યાને ગુરુએ સંગોપી દીધી છે. આમ અનઅધિકારી શિષ્યને જ્ઞાનનો પરિચય ન કરાવવાની જૈન પદ્ધતિ વિશેષ વંદનીય છે. અને આજ કારણે આચાર્યએ આ આગમનો વિષય બદલી નાંખ્યો છે.

**શ્રી વિપાક સૂત્ર** આગમમાં અજ્ઞાન દશામાં બાંધેલાં કર્મોનાં ભયંકર ફળ પાપકર્મોથી દૂર રહેવાનો માર્ગ બતાવે છે. દુષ્કૃત્યથી દુઃખ વિપાક થાય છે અને સુકૃતથી સુખ વિપાક. આ જાણી આપણી વૃત્તિઓ સુકૃત તરફ પ્રયાણ કરશે.

જીવનશૈલીમાં પાપથી બચવું છે, સત્કર્મોથી જીવનને વિભૂષિત કરવું છે તેવા પ્રકારની વિચારસરણી ધરાવતા સાધકો માટે વિપાક

સૂત્રનું માર્ગદર્શન અત્યંતપણે ઉપકારક છે.

આગમમાં અંગ સૂત્રોના વર્ગીકરણ ઉપરાંત ૧૨ ઉપાંગ સૂત્રોનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જે ઉપાંગો અંગોના સ્વરૂપને વિસ્તારે છે.

**શ્રી ઉવવાઈ સૂત્ર**માં ભગવાનના ગુણવૈભવ–ગણધર શ્રમણોની સંયમસાધનાનું દિગ્દર્શન છે. ભગવાનનું નગરમાં આગમન થતાં રાજા આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવથી દેવાધિદેવના દર્શને જાય છે તે વર્ણન વાંચતાં સંતો પાસે જવાની, વંદન કરવાની વિશિષ્ટ વિધિ કરવાનો બોધ થાય છે.

આપણાં કર્મો જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિનું કારણ છે. કયા પ્રકારના કર્મોથી કયા સ્થાનમાં જીવ ઉત્પત્તિ પામે તેનું વર્ણન કરેલ છે. તમારું કર્મ જ તમારી ગતિનું કારણ બને છે, તેવા દૃષ્ટિબિંદુથી ભગવાન મહાવીરે ઈશ્વર કર્તાહર્તા નથી પરંતુ કર્મો જ આપણા ભાગ્યવિધાતા બને છે. તેવી વિશિષ્ટ દૃષ્ટિ આ આગમમાં પ્રગટ કરેલ છે.

**શ્રી રાયપસેણી સૂત્ર** વાંચતાં ગુરુનો સમાગમ થતાં પરદેશી રાજાના જીવનપરિવર્તનનું વર્ણન વાંચી ગમે તેવા પાપી જીવ પણ અધ્યાત્મની ઊંચી દશા સુધી પહોંચી શકે છે તેની પ્રતીતિ થાય છે.

સંત સમાગમ, વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખો અપાવી શકે અને પરમપદને પણ પ્રાપ્ત કરાવી શકે છે તે પ્રેરણાદાયી હકીકતનું આલેખન છે.

પોતાની રાઈટ આઈડેન્ટીટી જાણવા ઈચ્છુક સાધકો માટે રાયપસેણી સૂત્ર ઉપકારક બની રહેશે.

**શ્રી જીવાજીવભિગમ સૂત્ર** વાંચતાં જીવ અજીવના જ્ઞાન દ્વારા અહિંસા અને જયણા ધર્મ પાળી શકાય છે.

ભગવાન મહાવીરે જગતજીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જ્ઞાનભાવોનું વર્ણન આ સૂત્રમાં કર્યું છે. આ સૂત્ર જીવવિજ્ઞાનનો એક ઊંડાણભરેલો દસ્તાવેજ છે. જે સાધકોને જીવવિજ્ઞાન વિશે જાણવાની જિજ્ઞાસા હોય તેમણે આ સૂત્ર અવશ્ય વાંચવું.

**શ્રી પન્નાવણા સૂત્ર**માં જૈન તત્ત્વજ્ઞાનની સમજણ આપવામાં આવી છે. આ સૂત્ર પદાર્થવિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓનો ખજાનો છે. છ લેશ્યા અને ઓરા પરમાણુની ગતિનું વર્ણન, યોગ વિગેરેનું આલેખન, જ્ઞાનના ગહન ભંડાર સમું આ સૂત્ર 'લઘુ ભગવતી' તરીકે ઓળખાય છે.

**શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રમાં તીર્થંકર અને ચક્રવર્તી જેવા ઉત્તમ પુરુષોના જીવનવ્યવહારના પરિચય દ્વારા આત્મઉત્થાનની પ્રક્રિયાને વેગ મળે છે.

આ સૂત્રમાં પૃથ્વી અને પૃથ્વીમાં રહેલ અલગ અલગ દેશ, તેની ભૌગોલિક રચના વગેરેનું વર્ણન જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્રને જંબૂદ્વિપ કહેવાય. મેરુપર્વત, વનો અને સમુદ્રોનું વર્ણન છે. આ સૂત્રમાં ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે.

આ આગમ જ્યોતિષ વિષયક ખજાનો છે. દરેક ગ્રહો, નક્ષત્રો અને તારાના વર્ણન છે. ચંદ્ર અને સૂર્યના અધિષ્ઠાયક દેવો કેવા પ્રકારની ગતિ કરાવે છે તેનું વર્ણન છે. આ આગમ વાંચવાની અનુજ્ઞા દરેક સાધકને મળતી નથી. ગુરુ, પાત્ર શિષ્યને જ આજ્ઞા આપે છે.

**શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર** અને **શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર** દ્વારાજૈન ખગોળના જ્ઞાનથી આ વિશાળ લોક અને પ્રકાશ ક્ષેત્રનું વર્ણન વાંચતાં આપણી લઘુતાનું જ્ઞાન થતાં અહંકાર ઓગળી જશે.

**શ્રી નિરયાવલિકાનાં પાંચ ઉપાંગ સૂત્રો** શ્રેણિક રાજા, બહુપુત્રીકાદેવી, લક્ષ્મીદેવી, બળદેવ વગેરે બાવન આત્માઓના પૂર્વ પશ્ચાદ્ ભવના કથન દ્વારા કર્મસિદ્ધાંત તથા સંસારના ઋણાનુબંધ સંબંધની વિચિત્રતાનો બોધ થાય છે.

ભગવાન મહાવીરના સમયમાં રાજાઓ કેવા પ્રકારના હતા, રાજશૈલી કેવા પ્રકારની હતી, ભરપૂર ભોગ સૂત્રો વચ્ચે પણ આ રાજાઓ ભગવાનના સંપર્કમાં આવીને પૂર્ણપણે યોગીપુરુષની દશામાં કેવી રીતે આવતાં હતાં તેનું વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આપવામાં આવ્યું છે.

આ સૂત્રમાં આપણી ઈચ્છાઓ આપણા માટે કેવી રીતે દુઃખકારક બને છે તે બહુપુત્રિકાની વાર્તા દ્વારા મળે છે. ભગવાન મહાવીરના આ પાંચ આગમો ઉત્તમપણે આપણી આંતરિક મનોવૃત્તિઓનાં દર્શન કરાવે છે. જેમને માનવીય સાયકોલોજી જાણવામાં રસ છે તેમને માટે આ પાંચ આગમમાંથી અત્યંત ઉપયોગી દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થતાં હોય છે. આ પાંચ આગમમાં મનની અડગતા, સ્થિરતા અને મનની ચંચલતા, મનની વિચિત્રતા આ બધી જ દશાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કેવા પ્રકારની માનસિકતામાં વ્યક્તિ દુઃખી થાય છે, સુખ-દુઃખના કારણમાં મન કેવો ભાગ ભજવે છે તેનું વિશેષ વર્ણન આ નિરિયાવલિકા સૂત્રમાં આવે છે. જેમને મનોવિજ્ઞાનના વિષયમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું હોય તેમને માટે આ પાંચ આગમો કથારૂપે અને સાહિત્યરૂપે મનોવિજ્ઞાનના દૃષ્ટિબિંદુને ઉજાગર કરે છે. આમ આ પાંચ આગમો મનોવિજ્ઞાનને જાણવા ઉત્સુક સાધકો માટે ઉપકારક બની રહે છે.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** ભગવાનની અંતિમ દેશનારૂપે સમસ્ત જૈન સમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. ૩૬ અધ્યયનમાં પ્રભુના અંતિમ ઉપદેશમાં જૈન ધર્મના મુખ્યતમ વિષયોનો પ્રાયઃ સમાવેશ થયો છે જેનું ચિંતન અને આચરણ આત્માનું ઊર્ધ્વગમન કરાવી શકે.

આ સૂત્રના ૨૯મા અધ્યયનમાં સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ

દ્વારા સાધક દશામાં ઉત્કૃષ્ટ સાધના કઈ રીતે પ્રગટ કરી અને મોક્ષમાર્ગમાં કઈ રીતે આગળ વધવું તેનો નિર્દેશ છે.

અહીં અનેક પ્રકારની કથા સાહિત્યનું વર્ણન છે. ગેરસમજથી કોઈ સાધક ધર્મવિમુખ બને ત્યારે ભગવાનના સાધકોનું આચરણ જ તેની ગેરસમજ દૂર કરી ધર્મમાં સ્થિર કરે છે તેનું વિશેષ વર્ણન છે.

શ્રી શય્યંભવાચાર્ય દ્વારા પોતાના પુત્ર બાલમુનિ શ્રી મનકને લક્ષમાં રાખી પ્રથમ મૂળ સૂત્ર **શ્રી દશવૈકાલિક સૂત્ર**ની રચના કરવામાં આવી છે. પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ લખે છે કે 'દશવૈકાલિક જૈન આગમનો સાર સરવાળો છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.' આ સૂત્ર મુક્તિધામની મહાયાત્રા છે.

સાધુજીવનના સમગ્ર વ્યવહારને સમજાવતો આ આગમ ગ્રંથ સાધુજીવનની બાળપોથી છે. સાધુજીવનમાં ત્યાગનું મહત્ત્વ અને ગુરુ શિષ્યના સંબંધ અને વિનયની વાત કહી છે. સાધુજીવનમાં ઉપયોગી હિતશિક્ષાઓ અને બે ચૂલિકામાં ભાવથી પતિત થયેલા સાધકને સંયમભાવમાં સ્થિર થવા માટે પ્રેરે છે.

**શ્રી નંદી સૂત્ર**માં પૂ. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આ આગમમાં પાંચ જ્ઞાનનું વર્ણન કર્યું છે. અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન છે. આ પાંચ જ્ઞાન ગ્રહણ કરવાની વિધિને પ્રદર્શિત કરતું શ્રી નંદીસૂત્ર શ્રુતસાધકના આત્મિક આનંદનું કારણ બની જાય છે.

આ સૂત્રમાં સંઘ અને સંઘની વ્યવસ્થાનું વર્ણન છે. ભગવાન મહાવીરની પાટ પરંપરાના સાધકોનું વર્ણન છે. બુદ્ધિ અને બુદ્ધિની ક્ષમતાના પ્રકારનું વર્ણન છે. સ્મરણશક્તિ વધારવાની અને સફળતાના ઉપાયોની વાત આ સૂત્રમાં કરી છે.

નવ પૂર્વધર આચાર્ય શ્રી આર્યરક્ષિત મુનિએ **શ્રી અનુયોગદ્વાર સૂત્ર**ની રચના દ્વારા સર્વ આગમોને સમજવાની આપણને માસ્ટર કી આપી છે.

કઠિન વિષયોને સહજ રીતે સમજવાની ચાવી આ આગમમાંથી મળે. કોઈપણ શબ્દોના અનેક અર્થ હોઈ શકે. ડીક્ષનરી (શબ્દ કોષ) બનાવવાની કળા, એક શબ્દના અનેક અર્થ કઈ રીતે પ્રગટ કરવા તે સમજાવ્યું છે. આ સૂત્રમાં એક જ આવશ્યક સૂત્ર પર અનેક રહસ્ય સભર દૃષ્ટિબિંદુ આપેલ છે. મનની અપાર શક્તિના ઉપયોગ દ્વારા વ્યક્તિ કઈ રીતે વિકાસ કરી શકે તેનું વિશદ વર્ણન છે.

**શ્રી નિશીથ સૂત્ર**માં પાપસેવન કે વ્રતભંગના પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરી આત્માને પાવન કરવાની પ્રક્રિયા બતાવી છે.

આ છેદ સૂત્ર નિયમો અને પ્રતિજ્ઞાઓના આત્મગુણોની વૃદ્ધિ કરાવે છે. પરિસ્થિતિ વશ આ નિયમો કે પ્રતિજ્ઞાઓનો ભંગ થતો હોય ત્યારે તેનો ઉપાય દર્શાવે તેને છેદ સૂત્રો કહે છે.

નિશીથ એટલે રાત્રિ. રાત્રિનો અંધકાર એ અનેક દોષનું કારણ છે અને સૂર્યનો પ્રકાશ અનેક દોષોનું નિવારણ છે. આ સૂત્રમાં સાધુ જીવનમાં કેવા દોષો લાગી શકે ને તેનું નિવારણ કઈ રીતે કરવું તે બતાવેલ છે. આ સૂત્રમાં પસ્તાવો, પ્રાયશ્ચિત્ત અને વિશુદ્ધિકરણના ઉપાયો બતાવ્યા છે.

**શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર**માં મહામોહનીય કર્મબંધનાં સ્થાનો અને નવનિધાનનું કથન સાધકને દોષસેવનથી દૂર રાખે છે.

આ સૂત્રમાં શ્રમણ જીવનની મર્યાદાઓ અને આચાર શુદ્ધિનું વર્ણન હોવાથી માત્ર ઉચ્ચ કક્ષાના સાધકોને ગુરુજનો આજ્ઞા આપે તો જ આ આગમ વાંચી શકાય છે.

**શ્રી બૃહદ્ કલ્પસૂત્ર** આચારમર્યાદા, વિધિનિષેધરૂપ નિયમોનું કથન સાધુજીવનની નિર્મળતા માટે અત્યંત ઉપયોગી છે.

આ સૂત્રમાં સાધુજીવનની વ્યવસ્થાઓનું જ વર્ણન હોવાથી જન સામાન્ય સાધકો માટે વાંચન યોગ્ય નથી; પરંતુ ઉચ્ચ કક્ષાના જ્ઞાન સાધકો માટે અનેક પ્રકારની મનોવૈજ્ઞાનિક સ્થિતિમાંથી કઈ રીતે પસાર થવું તેનું વર્ણન છે.

સર્પદંશનું ઝેર ઉતારવાના મંત્રોચ્ચાર, પાણીમાં પગ મૂકીને કે નાવમાં બેસીને વિકટ સમયે નદી કઈ રીતે પાર કરવી તેનું નિરુપણ કરેલ છે. આમ વર્તમાનમાં જે પરંપરાઓ પ્રચલિત નથી પરંતુ ભગવાનના સમયમાં જે પ્રચલિત હતી તેનું વર્ણન બૃહદ્ કલ્પસૂત્રમાં છે.

**શ્રી વ્યવહાર સૂત્ર**માં આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, જ્ઞાનવ્યવહાર, ધારણાવ્યવહાર અને જિતવ્યવહાર સંયમી જીવનને નિર્મળ બનાવે છે.

ભગવાને પોતાના બે સાધકોની વચ્ચે એ બે ભેગા મળે ત્યારે, બે શ્રાવકો કે બે આચાર્યો ભેગા મળે ત્યારે, ગુરુ-શિષ્ય મળે તો બે મળવા પર એકબીજાએ કેવો વ્યવહાર કરવો તેનું વર્ણન આ સૂત્રમાં છે જેના દ્વારા સામુદાયિક સુમેળતાનું સર્જન થાય છે. આ સૂત્ર સાધુ, સાધ્વી, શ્રાવકો અને પરિવાર વચ્ચે સંવાદનું સર્જન કરાવતું શાસ્ત્ર છે.

સાધકોને સાધનાની વિશુદ્ધિ માટે અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનોનું નિરૂપણ કરતું આગમ તે **શ્રી આવશ્યક સૂત્ર** છે. વ્યવહારમાં આપણે તેને પ્રતિક્રમણ સૂત્ર કહીએ છીએ. આત્મવિશુદ્ધિ કરવા માટે જે ક્રિયા અવશ્ય કરવાની છે તેને આવશ્યક કહ્યું છે.

આવશ્યકને જ્ઞાનીઓએ જીવનશુદ્ધિ, સંયમ વિશુદ્ધિની ક્રિયા કહી સાધનાનો પ્રાણ કહેલ છે. સમભાવની સાધના એ સામાયિક છે. તીર્થંકરોની સ્તુતિ ચૌવિસંથોથી શ્રદ્ધા બળવાન બને છે. વંદના દ્વારા સાધકનો ભક્તિભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ એ પાપથી પાછા ફરવાની પ્રક્રિયા છે. અંતર્મુખ થઈ આત્મભાવમાં સ્થિર થવા માટે કાઉસગ્ગ અને ભવિષ્યના કર્મોના નિરોધ માટે પચ્ચખાણ

એમ આ છ આવશ્યકની આરાધના સાધકના આત્મવિશુદ્ધિના લક્ષને સફળ બનાવવામાં સહાયક બને છે.

પ્રતિક્રમણ સાધક અને શ્રાવક બન્ને માટે દરરોજ કરવા યોગ્ય એવી પ્રક્રિયા છે જેનાથી આત્માની શુદ્ધિ અને વિશુદ્ધિ વર્તે છે. કર્મો જે દરરોજ બંધાતા હોય તે નિધ્ધત બંધાય છે અને નિકાચિત કક્ષાના થતાં અટકી જાય છે. તેની પ્રક્રિયા પણ આજ પ્રતિક્રમણ સૂત્રમાં બતાવેલી છે. જે કર્મને અવશ્ય ભોગવ્યા વિના ક્ષય કરી શકાય તે નિધ્ધત. દરરોજના પાપનું જ્યારે પ્રતિક્રમણ કરવામાં આવે છે ત્યારે પાપની કક્ષા નિધ્ધત બની જાય છે. પરંતુ જ્યારે પ્રતિક્રમણ કરવામાં નથી આવતું ત્યારે તે કર્મો નિકાચિત બની જાય તેનું વર્ણન આ સૂત્રમાં છે. સાધકો અને શ્રાવકો નિત્ય પ્રતિક્રમણ કરે તો તે પરમપદ સુધી પહોંચી શકે છે.

અગિયાર અંગ સૂત્રો, બાર ઉપાંગ સૂત્રો, ચાર મૂળ, ચાર છેદ અને એક આવશ્ય સૂત્ર એમ બત્રીશ આગમો આત્મસુધારણા માટે સાધકને કઈ રીતે ઉપયોગી છે તેની વિચારણા આપણે કરી. સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાયમાં બત્રીશ આગમ સૂત્રોનો સ્વીકાર થયો છે.

**શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધકોની માન્યતા પ્રમાણે દસ પયન્ના સૂત્ર–પ્રકીર્ણક સહિત બીજા તેર આગમગ્રંથોને સ્વીકાર્યા છે.** તીર્થંકર દેવે અર્થથી જણાવેલ શ્રુતને અનુસરીને પ્રજ્ઞાવાન મુનિવરો જેની રચના કરે તેને **પ્રકીર્ણક કે પયન્ના** કહે છે.

ચતુઃશરણ પ્રકીર્ણકમાં ૩૪ અતિષયોથી વિભૂષિત અરિહંતોનો પરિચય અને ચાર શરણ સ્વીકારની વાત સાથે દુષ્કૃત્ય ગર્હા ને સુકૃત અનુમોદનાની વાત કહી છે. મહાપ્રત્યાખ્યાનમાં પાપ કરવું એ દુષ્કર નથી પરંતુ કરેલા પાપોની નિર્મળ ભાવે આલોચના કરવી એ દુષ્કર છે કહી આલોચના વિધિ કહી છે. ભક્તપ્રતિજ્ઞા પ્રત્યાખ્યાનમાં ભક્ત એટલે આહાર અને પ્રતિજ્ઞા એટલે પ્રત્યાખ્યાન જીવનના અંત સમયે આહાર ત્યાગના પચ્ચખાણ કઈ રીતે લેવા તે વિધિ બતાવી છે.

આ આગમોમાં બાળ પંડિતમરણ અને પંડિતમરણની વિચારણા છે. પ્રત્યાખ્યાનનું વર્ણન, અનશન માટેની યોગ્યતા અને પૂર્વતૈયારી, સંથારાનું વર્ણન, વૈરાગ્ય ભાવને દૃઢ કરતી વાતો, ગચ્છાચારમાં સાધુ-સાધ્વીની મર્યાદા, જ્યોતિષ અને દેવેન્દ્રોનું વર્ણન, મરણ-સમાધિ પ્રકીર્ણકમાં મરણ સુધારવા માટેની આદર્શ પદ્ધતિઓ આત્મસુધારણા માટે ઉપયોગી છે.

**જિતકલ્પસૂત્ર (પંચકલ્પભાષ્ય)** ૧૦૩ ગાથાઓના આ આગમમાં, સાધુજીવનમાં લાગેલા અતિચારો, અનાચારોના દશ અને ઓગણીશ પ્રકારના પ્રાયશ્ચિત્તોનું વર્ણન કર્યું છે. આ ગંભીર ગ્રંથ છે. ગીતાર્થ ભગવંતો જ આ ગ્રંથના અધિકારી ગણાય છે.

પાંચ પ્રકારના વ્યવહારથી જૈનશાસન ચાલે છે. (૧) આગમ (૨) શ્રુત (૩) આજ્ઞા (૪) ધારણા અને (૫) જિત વ્યવહાર. આ પ્રત્યેકની વિગતપૂર્ણ સમજણ આ આગમમાં આપવામાં આવી છે. ઉપરાંત, આચાર્યની આઠ સંપદાનું વર્ણન, વિદ્યા અને મંત્ર વચ્ચેનો તફાવત વગેરેની ચર્ચા પણ પ્રાપ્ત થાય છે.

**મહાનિશીથ સૂત્ર.** મહા=મધ્ય. આ સૂત્ર મધ્યરાત્રીએ જ શિષ્યને આપી શકાય. આ આગમના ૮ વિભાગ છે, જેમાં પ્રથમ વિભાગમાં ૬ અધ્યયન છે અને બાકીના બે ચૂલિકાઓ છે. વિશાળ આગમ છે. ૪૫૪૮ શ્લોક પ્રમાણ ગ્રંથ છે.

આ આગમ સંયમી જીવનની વિશુદ્ધિ પર ખૂબ જ ભાર મૂકે છે. સરળતા, આચારશુદ્ધિ, ભૂલો સુધારવાની તત્પરતા, વૈરાગ્યભાવ તેમજ આજ્ઞાધીનતા વગેરે વર્ણન છે.

**ઓઘનિર્યુક્તિ (મૂળસૂત્ર).** મૂર્તિપૂજા સંપ્રદાય પણ ૪ મૂળસૂત્રો ગણાવે છે. પરંતુ ૪થા સૂત્ર તરીકે ઓઘનિર્યુક્તિ સૂત્રની ગણના કરી છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી.

આ આગમ, પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ 'પ્રત્યાખ્યાન પ્રવાદ' નામના નવમા પૂર્વમાંથી સંકલિત કર્યું છે.

ઓઘ=સંક્ષેપથી સાધુના જીવનને લગતી તમામ નાની મોટી બાબતનું વર્ણન, આદર્શ શ્રમણચર્યારૂપ વર્ણન આ ગ્રંથમાં છે. આ આગમમાં મુખ્યત્વે પિડલેહણ, પિંડ, ઉપધિનું વર્ણન, અનાયતનનો ત્યાગ, પ્રતિસેવના, આલોચના અને વિશુદ્ધિનું વર્ણન છે.

સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન છે. સંયમ જીવનના પ્રાણ સ્વરૂપ, ચરણ સિત્તરી અને તેને સહાય એવી કરણસિત્તરીનું વર્ણન છે. ચરણકરણાનુયોગનું આ સૂત્ર છે. સાધુ પોતાના આચારમાં સ્થિર રહે અને જયણાનું ખાસ પાલન કરે તે હકીકત સચોટ રીતે દર્શાવી છે. બિમાર સાધુની સેવા માટે વૈદને બોલવાની વિધિ અને શ્રાવક પાસેથી ઔષધ મેળવવાની વિધિ પણ વર્ણવી છે. ચોમાસામાં વિહાર કરવાથી લાગતા દોષોનું વર્ણન છે. આહાર લેવાના અને ન લેવાના છ કારણો દર્શાવ્યાં છે. શય્યા, ઉપધિ, પડિલેહણ પાત્રા કેટલાં રાખવાં વગેરે દર્શાવ્યું છે.

સાધુજી ૪૫ આગમ વાંચી શકે જ્યારે શ્રાવકો ગુરુમુખેથી ૩૯ આગમ સાંભળી શકે તેવી પરંપરા છે.

જિનશાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમગ્રંથો છે જેમાંથી ગુરુઆજ્ઞા દ્વારા યત્કિંચિત આચરણ કરવાથી પરમપદના માર્ગની પ્રાપ્તિ સહજ બને છે.

ક્ષણે ક્ષણે જાગૃત રહી આત્મસુધારણા કરવાની શીખ ઉત્તરાધ્યયન સૂત્ર (૪/૬)માં આપી છે.

સૂતેલી વ્યક્તિની વચ્ચે પણ પ્રજ્ઞાસંપન્ન પંડિત જાગૃત રહે છે. પ્રમાદમાં એ વિશ્વાસ કરતો નથી. કાળ ઘણો નિર્દય છે. શરીર દુર્બળ છે. ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

વિશ્વના તમામ વિષયો એક યા બીજી રીતે આગમમાં સંગોપ્યા

છે. વ્યક્તિ, કુટુંબ કે વિશ્વની અનેક સમસ્યાનું સમાધાન આગમમાંથી મળે છે.

આગમમાં લખાયેલ સુક્તિઓ, ગાથાઓ શુષ્ક કે તર્કવાદી નથી પરંતુ જેમનું જીવન એક પ્રયોગશાળા હતું તેવા પરમવૈજ્ઞાનિક પ્રભુ મહાવીરની અનુભૂતિની એરણ પર ઘડાયેલ પરમસત્યની સફળ અભિવ્યક્તિ છે. આ આગમવાણીના જનક માત્ર વિચારક કે ચિંતક જ નહિ, પરંતુ ઉત્કૃષ્ટ સાધક હતા. વ્રતોને માત્ર ચિંતનની ભૂમિકા સુધી સીમિત ન રાખતાં, ચારિત્ર આચારમાં પરાવર્તિત થઈને આવેલા આ વિચારો શાસ્ત્ર બની ગયા. જે જીવને શિવ બનાવી પરમપદને પ્રાપ્ત કરવા સક્ષમ છે.

સદ્‌ગુરુની આજ્ઞા લઈ આ આગમસૂત્રોનો સ્વાધ્યાય કરવામાં આવે, જ્ઞાની ગુરુભગવંતોના સમાગમમાં તેનો શાસ્ત્રાર્થ સમજવામાં આવે અને તેનું નિજી જીવનમાં આચરણમાં અવતરણ થાય તો અવશ્ય આપણને મુક્તિપંથ મળે.

જિનાગમમાં સૂત્રસિદ્ધાંતમાં વિચાર, વાણી અને વર્તનની વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિની ભાવના અને કર્તવ્યનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. આ કાળે અને ક્ષેત્રે ભીતરની સંપદાની એકવીશ હજાર વર્ષ સુધીના માલિકી હક્ક આપતો આ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

પુષ્કરાવર્ત મેઘની વર્ષાની અસરથી વર્ષા ન આવે તોપણ કેટલાક વર્ષ ફળો અને પાક આવ્યાં કરે, પરંતુ ભગવાન મહાવીરની વાણી ઉપદેશ ધારા રૂપ આ પાવન મેઘવર્ષાની અસર આ આરાની સમાપ્તિ એટલે કે એકવીશ હજાર વર્ષ સુધી રહેનાર છે. ગુરુકૃપાએ તે પાવન વાણીને ઝીલવાનું આપણને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક 'આગમ પરિચય વિશેષાંક' રૂપે આપ સમક્ષ મૂકતાં અમને અતિ હર્ષ થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના વિદ્વાન તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ સર્જનાત્મક હૃદયના સ્વામી, પ્રયોગવીર અને activist કર્મશીલ પત્રકાર છે.

'પ્રબુદ્ધ જીવન'ના વિવિધ વિષયના વિશેષાંકો, મહાવીરકથા, ગૌતમકથા, ઋષભકથા, તત્ત્વજ્ઞાન અને સાહિત્યને લગતા વૈવિધ્યસભર સેમિનાર્સ અને પ્રવચનમાળા રૂપ સરવાણી તેમના હૈયામાંથી પ્રવાહિત થયા કરે છે. વળી જરૂરિયાતવાળી સંસ્થાને સહાય કરવા રૂપ સેવા સરિતાનું સાતત્ય છે.

વર્તમાન સમયમાં જૈનો અને અન્ય ધર્મજિજ્ઞાસુઓ સુધી જૈન આગમનો પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક દ્વારા કરાવવાનું કાર્ય શ્રી ડૉ. ધનવંતભાઈને સૂઝ્યું તે અત્યંત અનુમોદનીય છે અને શ્રુત સેવાયજ્ઞમાં વિશિષ્ટ સમિધ સમર્પણનું પવિત્ર કાર્ય છે.

'પ્રબુદ્ધ જીવન' 'આગમ પરિચયવિશેષાંક'ના સંપાદનનું સુંદર કાર્ય મને સોંપવા બદલ હું તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ અંક માટે લેખ મોકલનાર પૂ. ગુરુ ભગવંતો, પૂ. સાધ્વીજીઓ અને વિદ્વાનોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મ. સા.**ની પ્રેરણાથી **`Global Jain Aagam Mission'** આગમ ગ્રંથોનું ઈંગ્લીશમાં અનુવાદનું કાર્ય કરી રહેલ છે. બિન સાંપ્રદાયિક રીતે, આંતરરાષ્ટ્રીય ધોરણે આગમનો ઈંગ્લીશમાં અનુવાદ કરી ભગવાન મહાવીરની વાણીને વિશ્વ સ્તરે સુલભ બનાવવાનો આ મિશનનો ઉપક્રમ છે. વ્યક્તિઓ, સંસ્થાઓ અને વિદ્વાનોને આ મિશનમાં જોડાવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

પ્રબુદ્ધ જીવનના આ 'આગમ પરિચય વિશેષાંક'માં જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પ્રગટ થયું હોય કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં. ✶ ✶ ✶

❑ **ગુણવંત બરવાળિયા**
gunwant.barvalia@gmail.com
Mobile :09820215542.

## નમ્ર વિનંતિ

*આગમ સૂત્રો એ જિન વચન છે તેથી જિન પ્રતિમા જેટલાં જ એ વંદનીય અને પૂજ્યનીય છે.*

*એટલે*

*આ વિશિષ્ટ આગમ પરિચય અંકનું વાંચન પૂજા કક્ષ, સ્વાધ્યાય કક્ષ કે*

*પવિત્ર સ્થિર સ્થાને જ આસનસ્થ થઈને કરવા વાચકોને નમ્ર વિનંતિ છે.*

*એથી વિશિષ્ટ જ્ઞાન લાભ થશે જ. અન્યથા અશાતનાનો દોષ લાગશે.*

# જૈન આગમસાહિત્ય

**જૈન આગમસાહિત્ય :** મૂળ વૈદિક શાસ્ત્રો જેમ 'વેદ' કહેવાય છે. બૌદ્ધ શાસ્ત્રો જેમ 'પિટક' કહેવાય છે તેમજ જૈનશાસ્ત્રો 'શ્રુત', 'સૂત્ર' કે આગમ કહેવાય છે. સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આગમ, આપ્તવચન, ઐતિત્ર, આમ્નાય અને જિનવચન એ બધાયે 'આગમ'ના પર્યાયવાચી શબ્દો છે.

આપ્તનું વચન તે આગમ. જૈનદૃષ્ટિએ રાગદ્વેષના વિજેતા, સર્વજ્ઞ, સર્વદર્શી જિન તીર્થંકર આપ્ત છે. તીર્થંકર કેવલ અર્થરૂપમાં ઉપદેશ આપે છે અને ગણધર તેને ગ્રંથબદ્ધ કે સૂત્રબદ્ધ કરે છે. જૈન આગમોની પ્રામાણિકતા માત્ર તે ગણધર કૃત હોવાને લીધે જ નથી પણ તેના અર્થના પ્રરૂપક તીર્થંકરની વીતરાગતા અને સર્વાર્થસાક્ષાત્કારિત્વને લીધે છે. ગણધર તો માત્ર દ્વાદશાંગીની જ રચના કરે છે. અંગો સિવાયના આગમોની રચના સ્થવિર કરે છે.

**આગમોનું વર્ગીકરણ :** જૈન આગમોનું સૌથી પ્રાચીન વર્ગીકરણ સમવાયાંગસૂત્રમાં મળે છે. તેમાં આગમ સાહિત્યનું 'પૂર્વ' અને 'અંગ' એ પ્રમાણે વિભાજન કરાયેલું છે. સંખ્યાની દૃષ્ટિએ પૂર્વ ચૌદ હતાં અને અંગ બાર.

## ૪૫ આગમોનાં નામ

**૧૧ અંગ :**
૧. આચારાંગ
૨. સૂત્રકૃતાંગ
૩. સ્થાનંગ
૪. સમવાયાંગ
૫. ભગવતી
૬. જ્ઞાતા ધર્મકથા
૭. ઉપાસક દશા
૮. અંતકૃત દશા
૯. અનુત્તરોપયાલિક દશા
૧૦. પ્રશ્ન વ્યાકરણ
૧૧. વિપાક

**૬. મૂળ સૂત્રો :**
૧. આવશ્યક
૨. દશવૈકાલિક
૩. ઉત્તરાધ્યયન
૪. નંદી
૫. અનુયોગ દ્વાર
૬. પિંડ નિર્યુક્તિ
–ઓઘ નિર્યુક્તિ

**૧૨ ઉપાંગ :**
૧. ઔપપાતિક
૨. રાજપ્રશ્નીય
૩. જીવાભિગમ
૪. પ્રજ્ઞાપના
૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
૬. સૂર્ય પ્રજ્ઞપ્તિ
૭. ચંદ્ર પ્રજ્ઞપ્તિ
૮. નિરયાવલિયા
૯ કલ્પાવતંસિકા
૧૦. પુષ્પિકા
૧૧. પુષ્પચૂલિકા
૧૨. વૃષ્ણિદશા

**૬ છંદ સૂત્ર :**
૧. નિશીથ
૨. મહાનિશીથ
૩. બૃહત્કલ્પ
૪. વ્યવહાર
૫. દશાશ્રુત સ્કંધ
૬. પંચકલ્પ

**૧૦ પઈન્ના :**
૧. આતુરપ્રત્યાખ્યાન
૨. ભક્તપરિજ્ઞા
૩. તંદુલ વૈચારિક
૪. ચંદ્ર વેધ્યક
૫. દેવેન્દ્ર સ્તવ
૬. ગણિવિદ્યા
૭. મહાપ્રત્યાખ્યાન
૮. ચતુઃશરણ
૯. વીરસ્તવ
૧૦. સંસ્તારક

**૮૪ આગમ :**
૧ થી ૪૫ પૂર્વોક્ત
૪૬. કલ્પસૂત્ર
૪૭. યતિ-જિતકલ્પ
4સોમસૂરિ કૃત6
૪૮. શ્રદ્ધા-જિતકલ્પ
4ધર્મઘોષસૂરિકૃત6
૪૯. પાક્ષિક સૂત્ર
૫૦. ક્ષમાપના સૂત્ર
૫૧. વંદિત્તુ
૫૨. ઋષિભાષિત
૫૩. અજીવકલ્પ
૫૪. ગચ્છાચાર
૫૫. મરણસમાધિ
૫૬. સિદ્ધ પ્રાભૃત
૫૭. તીર્થોદ્ગાર
૫૮. આરાધના પલાકા
૫૯. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ
૬૦. જ્યોતિષ કરંડક
૬૧. અંગવિદ્યા
૬૨. તિથિ-પ્રકીર્ણક
૬૩. પિંડ વિશુદ્ધિ
૬૪. સારાવલી
૬૫. પર્યંતારાધના
૬૬. જીવવિભક્તિ
૬૭. કવચ પ્રકરણ
૬૮. યોનિ પ્રાભૃત
૬૯. અંગચૂલિયા
૭૦. બંગચૂલિયા
૭૧. વૃદ્ધચતુઃશરણ
૭૨. જમ્બૂ પયન્ના
૭૩. આવશ્યક નિર્યુક્તિ
૭૪. દશવૈકાલિક નિર્યુક્તિ
૭૫. ઉત્તરાધ્યયન નિર્યુક્તિ
૭૬. આચારાંગ નિર્યુક્તિ
૭૭. સૂત્રકૃત્રાંગ નિર્યુક્તિ
૭૮. સૂર્યપ્રજ્ઞપ્તિ
૭૯. બૃહત્કલ્પ નિર્યુક્તિ
૮૦. વ્યવહાર નિર્યુક્તિ
૮૧. દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ
૮૨. ઋષિભાષિત નિર્યુક્તિ
૮૩. સંસક્ત નિર્યુક્તિ
૮૪. વિશેષાવશ્યક ભાષ્ય.

પ્રાચીન કાળમાં સમસ્ત શ્રુતજ્ઞાન ૧૪ પૂર્વોમાં સમાઈ જતું હતું. ભગવાન મહાવીરે પોતાના ૧૧ ગણધરોને તેનો ઉપદેશ કરેલો. ધીમે ધીમે કાલદોષને લીધે આ પૂર્વ નષ્ટ થઈ ગયા. માત્ર એક ગણધર તેમને જાણનારો રહ્યો, અને છ પેઢીઓ સુધી આ જ્ઞાન ચાલુ રહ્યું.

**ચૌદ પૂર્વોના નામ :** ઉત્પાદ પૂર્વ, અગ્રાયણી, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, સમયપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણવાય, ક્રિયાવિશાલ અને બિન્દુસાર.

**આગમ :** નાન્દીસૂત્રમાં આગમોની જે યાદી આપી છે એ બધાયે આગમો હાલ ઉપલબ્ધ નથી. શ્વેતાંબર મૂર્તિપૂજ સમાજ ઉપલબ્ધ મૂળ આગમો સાથે કેટલીક નિર્યુક્તિઓને મેળવી ૪૫ આગમ માને છે અને કોઈ ૮૪ માને છે. સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરા બત્રીસને જ પ્રમાણભૂત માને છે. દિગંબર સમાજ માને છે કે બધાંય આગમો લૂપ્ત થઈ ગયાં છે. સાંપ્રત સમયમાં મળતાં આગમો ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૬ મૂળસૂત્ર, ૬ છંદસૂત્ર અને ૧૦ પ્રકીર્ણ (પઈન્ના) એમ ૪૫ વિભાગોમાં વિભક્ત છે.

જૈન આગમોની ભાષા : જૈન આગમોની મૂળ ભાષા અર્ધમાગધી છે.

આગમવાચનાઓ : શ્રમણ મહાવીરના પરિનિર્વાણ પછી આગમ-સંકલનાર્થે પાંચ વાચનાઓ થઈઃ

પ્રથમ વાચના–વીર નિર્વાણની બીજી શતાબ્દી (ઈ. પૂ. ૨૫૪) પાટલિપુત્રમાં આર્ય સ્થૂલભદ્રની અધ્યક્ષતામાં થઈ.

બીજી વાચના–ઈ. પૂ. બીજી સદીના મધ્યમાં સમ્રાટ ખારવેલના શાસનકાળમાં ઉડીસાના કુમારી પર્વત પર થઈ.

તૃતીય વાચના–વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ ની વચ્ચે મથુરામાં થઈ..

ચતુર્થ વાચના–વીર નિર્વાણ ૮૨૭ થી ૮૪૦ વચ્ચે વલભી (સૌરાષ્ટ્ર)માં આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં થઈ.

પાંચમી વાચના–ઈ. ૪૫૪-૪૫૬ માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વલભીમાં થઈ. એમાં આગમોને ગ્રંથસ્થ કરાયા.

☐ **રૂપેન્દ્રકુમાર પગારિયા**

## આગમ-પુરુષની પ્રતિકૃતિ

જૈનો પોતાના મૌલિક અને મહત્ત્વના ધાર્મિક ગ્રંથોને 'આગમ' કહે છે. એને પુરુષની ઉપમા અપાતાં એનો 'આગમ-પુરુષ' તરીકે નિર્દેશ થતો આવ્યો છે અને થાય છે. માનવી પુરુષને જેમ અંગો અને ઉપાંગો છે તેમ આ આગમ-પુરુષને પણ છે. આ પ્રકારની પ્રથમ કલ્પનાનું બીજ જિનદાસગણિ મહત્તરે નંદીની ચૂર્ણિ (પત્ર ૪૭માં) એક ગાથા દ્વારા રજૂ કર્યું છે. એ ગાથા આગમ-પુરુષની આ પ્રતિકૃતિમાં, એના ભામંડળના પરિઘરૂપે રજૂ કરાઈ છે. એમાં સૂચવાયા મુજબ આયારથી માંડીને દિટ્ઠિવાય સુધીનાં બાર અંગો તે આગમ-પુરુષનાં અનુક્રમે નીચે મુજબનાં બાર અંગો– અવયવો છે :

બે ચરણ, બે જંઘા, બે સાથળ, બે બાહુ, ડોક અને મસ્તક.

જમણી બાજુને ડાબી બાજુ કરતાં સામાન્ય રીતે પ્રધાન પદ અપાય છે તે દૃષ્ટિએ અહીં પણ જમણા ચરણથી, નહિ કે ડાબાથી, આયારાદિ બાર અંગોની યોજના કરાઈ છે.

દિટ્ઠિવાય એ આગમ-પુરુષનું મસ્તક હોવાથી એ બારમા અંગમાંથી ઉદ્‌ભવેલાં છેદસૂત્રો આગમ-પુરુષના ભામંડળ તરીકે આલેખાયાં છે.

આગમોના અર્થના પ્રરૂપક દેવાધિદેવ વિશ્વવિભૂતિ તીર્થંકર છે. એઓ એ પ્રરૂપણા સર્વજ્ઞ (કેવલજ્ઞાની) બન્યા બાદ કરે છે. એમના કેવલજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થતાં ત્રિપદીરૂપ કમળ વિકસિત બને છે અને એના આધારે બાર અંગો યોજાય છે. એ અંગો બાર ઉપાંગો સાથે સંકલિત હોવાનું મનાય છે. એ હિસાબ આ પ્રતિકૃતિમાં પ્રત્યેક અંગની સાથે સાથે એના ઉપાંગનો નિર્દેશ કરાયો છે. કમળની નાળનાં મૂળ તરીકે ચાર મૂલસૂત્રોને અને એ કમળની નીચે બે બાજુએ બે ચૂલિકાસૂત્રોને સ્થાન અપાયું છે.

સૂર્યનાં વિવિધ કિરણો તે પ્રકીર્ણકો છે. અહીં દસ પ્રકીર્ણકોને એ રીતે રજૂ કરાયાં છે.

આમ આ આગમ-પુરુષ ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂલસૂત્ર, છ છેદસૂત્ર, ૧૦ પ્રકીર્ણક અને ૨ ચૂલિકાસૂત્ર એમ એકંદર ૪૬ આગમોના અધિષ્ઠાનરૂપ છે.

આગમ-પુરુષની ઊભી પ્રતિકૃતિ કાર્યોત્સર્ગ–મુદ્રાને મોટે ભાગે મળતી આવે છે, જ્યારે એની હથેલી અભય-મુદ્રાનું દ્યોતન કરે છે. આ દ્વારા, જ્ઞાનાવરણીય કર્મની નાગચૂડમાં અનાદિ કાળથી સપડાયેલા જીવો પૈકી જેઓ આગમોની સાચી અને સંપૂર્ણ આરાધના કરે તેમને એ અભય અર્પે છે એ ભાવ વ્યક્ત કરાયો છે.

સૌજન્ય : પ્રો.હીરાલાલ રસિકલાલ કાપડિયા કૃત 'પિસ્તાલીસ આગમો સંક્ષિપ્ત રૂપરેખા)' ✶ ✶ ✶

# ૪૫ આગમ પરિચય

**✱ ૧ થી ૧૧ અંગ ✱ ૧૨ થી ૨૩ ઉપાંગ ✱ ૨૪ થી ૩૩ પયન્ના ✱ ૩૪ થી ૩૯ છેદ સૂત્ર ✱ ૪૦ થી ૪૩ મૂળસૂત્ર ✱ ૪૪-૪૫ ચૂલિકા**

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| ક્રમ | પ્રાકૃત નામ | સંસ્કૃત નામ | શૈલિ | વિષય |
| ૦૧ | આયારંગ | આચારંગ | ગદ્ય | સંયમી જીવનના આચાર-વિચાર |
| ૦૨ | સુયગડાંગ | સૂત્રકૃત્રાંગ | પદ્ય | અહિંસાનું મંડન, ક્રિયાવાદી-અક્રિયાવાદીનું ખંડન |
| ૦૩ | ઠાણાંગ | સ્થાનાંગ | ગદ્ય | જૈન દર્શનના મુખ્યતત્ત્વોનું નિરૂપણ |
| ૦૪ | સમવાયાંગ | સમવાયાંગ | ગદ્ય | દ્વાદશાંગી, ૬૩ શલાકા પુરુષનો પરિચય |
| ૦૫ | વિવાહપણ્ણત્તી | ભગવતી | ગદ્ય | શ્રી ગૌતમસ્વામીજીના ૩૬ હજાર પ્રશ્નો |
| ૦૬ | નામ ધમ્મ કહા | જ્ઞાતા ધર્મકથા | ગદ્ય | કથાત્મક ઉપદેશ |
| ૦૭ | ઉવાસંગ દશા | ઉપાસક દશા | કથાત્મક | ૧૦ આદર્શ શ્રાવકોના ચરિત્રો |
| ૦૮ | અંતગડ | અંતકૃદ દશાંગ | ગદ્ય | તદ્ભવ મોક્ષગામી જીવોનો પરિચય |
| ૦૯ | અણુત્તરો વવાઈ | અનુત્તરો પપાતિક | ગદ્ય | અનુત્તરવાસી દેવોનું વર્ણન |
| ૧૦ | પણ્હ વાગરણ | પ્રશ્ન વ્યાકરણ | ગદ્ય | વિધિમાર્ગ-અપવાદ માર્ગનું નિરૂપણ |
| ૧૧ | વિવાગ સુય | વિપાક સૂત્ર | ગદ્ય | કથાનક-સુખ-દુઃખ વિપાકોનો અધિકાર |
| ૧૨ | ઉવવાય | ઔપપાતિક | ગદ્ય-પદ્ય | રાજા શ્રેણિક દ્વારા દેવલોક પ્રાપ્તિનો ઇતિહાસ |
| ૧૩ | રાયપસેણિય | રાજ પ્રશ્નીય | ગદ્ય | પ્રાચીન નાટ્યકલા અને સૂર્યાભદેવની ઉત્પત્તિ |
| ૧૪ | જીવાભિગમ | જીવાભિગમ | ગદ્ય | પ્રાણી-વનસ્પતિશાસ્ત્રનું સૂક્ષ્મ વર્ણન |
| ૧૫ | પણ્ણવણા | પ્રજ્ઞાપતા | પ્રશ્ન-ઉત્તર | જીવના સ્વરૂપ, ગુણનું શબ્દ ચિત્ર |
| ૧૬ | જંબુદ્વીવ પણ્ણત્તિ | જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ | ગદ્ય | જંબુદ્વિપ સંબંધી માર્ગદર્શન |
| ૧૭ | ચંદ પણ્ણત્તિ | ચંદ્ર પ્રજ્ઞપ્તિ | ગદ્ય | ખગોળ શાસ્ત્રની દૃષ્ટિએ ચંદ્ર-નક્ષત્રના ભ્રમણનું ગણિત (રેખાદર્શન) |
| ૧૮ | સૂર પણ્ણતિ | સૂર્ય પ્રજ્ઞપ્તિ | વર્ણનાત્મક | સૂર્ય-ગ્રહ નક્ષત્રાદિની ગતિનું સૂક્ષ્મ વર્ણન |
| ૧૯ | નિરયા-વલિયા | નિરયા વલિકા | ગદ્ય | નરકગામી ૧૦ રાજકુમાર અને યુદ્ધભૂમિ |
| ૨૦ | કપ્પડવડિસિયા | કલ્પ વસંતિકા | કથાત્મક | સંયમી રાજકુમારો અને દેવલોક |
| ૨૧ | પુપ્ફિયા | પુષ્પિતા | ગદ્ય | સ્વચ્છંદી સંયમી જીવનનું પરિણામ અને ૧૦ દેવીઓ |
| ૨૨ | પુષ્પચૂલિયા | પુષ્પચૂલિકા | ગદ્ય | ઈન્દ્ર દ્વારા ઉત્કૃષ્ટ નાટ્ય અને તેના પૂર્વ ભવનું જીવન |
| ૨૩ | વણ્હિ દસા | વૃષ્ણિ દશા | ગદ્ય | સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જીવોની ઉત્પત્તિ |
| ૨૪ | દેવિંદવય | દેવેન્દ્રસ્તવ | ગદ્ય | સિદ્ધોના સુખ-ઈન્દ્ર-ગ્રહ-નક્ષત્રાદિ વિચાર |
| ૨૫ | તંદુલ વૈયાલિક | તંદુલ વૈચારિક | પદ્ય | જીવોની ૧૦ અવસ્થા તથા વૈરાગ્ય વિચાર |
| ૨૬ | ગણિવિજ્જા | ગણિવિદ્યા | પદ્ય | જ્યોતિષ અને નિમિત્ત શાસ્ત્ર |
| ૨૭ | આઉર પચ્ચક્ખાણ | આતુર પ્રત્યાખ્યાન | પદ્ય | હિતશિક્ષા અને મરણ સમાધિ |
| ૨૮ | મહા પચ્ચક્ખાણ | મહા પ્રત્યાખ્યાન | પદ્ય | પંડિત મરણ, પાંચ મહાવ્રતોનું શુદ્ધિકરણ |
| ૨૯ | ગચ્છાયાર | ગચ્છાચાર | પદ્ય | ગચ્છાચાર દ્વારા થનારા લાભો |
| ૩૦ | ભત્ત પરિણ્ણા | ભક્ત પરિજ્ઞા | પદ્ય | અનશન સ્વીકાર, અંતિમ આરાધના |
| ૩૧ | મરણ સમાહિ | મરણ સમાધિ | પદ્ય | અંત સમયના સમાધિ ભાવો |
| ૩૨ | સંથારગ | સંસ્તારક | પદ્ય | દૃષ્ટાંત સહિત સંથારનો મહિમા |
| ૩૩ | ચઉસરણ | ચતુઃશરણ | પદ્ય | ચાર શરણનું સ્વરૂપ |
| ૩૪ | દશા સુયક્ખંધ | દશા શ્રુતસ્કંધ | ગદ્ય | દેવ-ગુરુ સંબંધિ કલ્પ આચાર |
| ૩૫ | બૃહત્કલ્પ | બૃહત્કલ્પ | ગદ્ય | સં.મી જીવન અને આચાર |
| ૩૬ | વ્યવહારકલ્પ | વ્યવહાર કલ્પ | ગદ્ય | પદની યોગ્યતા, શિક્ષા વિચાર |
| ૩૭ | જીયકલ્પ | જીતકલ્પ | ગદ્ય | પ્રાયશ્ચિતના ૧૦ પ્રકાર તથા આલોચના વિચાર |
| ૩૮ | નિસીહચ્છેદ | નિસીથચ્છેદ | ગદ્ય | જ્ઞાનાદિ પાંચ આચારોને દોષોનો નિર્દેશ |
| ૩૯ | મહાનિસીહ | મહાનિશીથ | ગદ્ય | દુષ્કૃત્યની નિંદા, આલોચના, શુદ્ધિકરણ |
| ૪૦ | આવસ્સય | આવશ્યક | ગદ્ય | શ્રાવકના છ કર્તવ્યોનો મૌલિક વિચાર |
| ૪૧ | ઉત્તરજ્ઝયણ | ઉત્તરાધ્યયન | પદ્ય | વિનય-પ્રધાન ધર્મની વાતો, સંવાદાત્મક, ઉપદેશ |
| ૪૨ | દસવૈયાલિક | દશવૈકાલિક | ગદ્યપદ્ય | મનકમુનિને ઉદ્દેશી શ્રમણ આચારોનું પ્રતિદાન |
| ૪૩ | પીંડ નિજ્જત્તિ | પિણ્ડનિયુક્તિ | ગદ્ય | સંયમીઓના કલ્પ્ય-અકલ્પ્ય એવા આહારની ચર્ચા |
| ૪૪ | નંદીસૂય | નંદીસૂત્ર | ગદ્ય | પાંચજ્ઞાન, દ્વાદશાંગીનો પરિચય |
| ૪૫ | અણુયોગદાર | અનુયોગદ્વાર | પ્રશ્નોત્તર | ચાર અનુયોગ, વ્યાકરણ, કાવ્ય, સંગીતનો પરિચય |

**આગમો-ચાર અનુયોગમાં લખાયા છે :**

**૧. ગણિતાનુયોગ.**

**૨. ચરણકરણાનુયોગ.**


**૩. કથાનુયોગ.**

**૪. દ્રવ્યાનુયોગ.**

**જેમાં સૂત્રના શબ્દોને છુટા પાડી, સૂત્રના અર્થને યથાર્થ રીતે વિસ્તારથી યુક્તિપૂર્વક યોજન કરી બતાવવામાં આવે, તેવા પ્રકારની રચનાને નિર્યુક્તિ કહેવાય. નિર્યુક્તિના રચયિતા ચૌદપૂર્વધર ભગવાન ભદ્રબાહુસ્વામી છે.** તે **નિર્યુક્તિના રહસ્યો** જરા વિસ્તારથી સમજાવે તેવા **ભાષ્યની** રચના કરી, એ ભાષ્યના અર્થને પણ સરળ કરીને સમજાવે તેવી **ચૂર્ણિની** રચના કરી અને જેમાં **સૂત્રના રહસ્યોને** અત્યંત સરળતાપૂર્વક અને સહેલાઈથી સમજાવી શકાય તે માટે **વૃત્તિ** એટલે **ટીકાઓનું સર્જન** કર્યું. ભગવાન ઉમાસ્વાતિ મહારાજા વગેરે ભાષ્યકાર કહેવાય. ચૂર્ણિના રચયિતા જિનદાસ મહત્તર કહેવાય અને વૃત્તિકાર-ટીકાકાર તરીકે ભગવાન હરિભદ્રસૂરિજી, શીલાંકાચાર્ય, અભયદેવ સૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા વગેરે ગણાવી શકાય.

✱ ✱ ✱




ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવે;
સમય પુરુષના અંગ કહ્યા એ, જે છેદે તે દુર્ભવ્ય રે...ષટ્
ચાર છેદ
નિશીથ
બૃહત્કલ્પ
દશાશ્રુત સ્કંધ
વ્યવહાર સૂત્ર
આચારાંગ ઉવવાઈ
સૂયગડાંગ રાયપસેણીય
ઠાણાંગ જીવાભિગમ
સમવાયાંગ પ્રજ્ઞાપના
ભગવતી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ
જ્ઞાતા ધર્મકથા ચંદ્રપ્રજ્ઞપ્તિ
દૃષ્ટિવાદ વહ્નિદશા
વિપાક પુષ્પચુલિયા
પ્રશ્ન વ્યાકરણ પુષ્ફિયા
અનુત્તરોવાઈ કપ્પવડંસિયા
અંતગડ દશાંગ નિરયાવલિકા
ઉપાસક દશાંગ સૂર્યપ્રજ્ઞપ્તિ
આગમ પુરુષ
દશવૈકાલિક ઉત્તરાધ્યયન
નંદી સૂત્ર અનુયોગદ્વાર
આવશ્યક સૂત્ર
સૂત્ર


બ્રાહ્મી અને જૈન નાગરી લિપીમાં

# નવકાર મંત્ર




## સંયોજક: મુનિશ્રી શુભંકરવિજય

શ્રી દેશાઈપોળ જૈન પેઢી. સુરત




આત્મા, પરલોક, સ્વર્ગ, નરક વગેરે છે કે નહિ તે અંગે ચર્ચા કરવા, સમાધાન મેળવવા આવેલા ૧૧ વિદ્વાન બ્રાહ્મણો

Eleven learned Brahmins' arrival ti discuss about soul, he other world, heaven, hell with Bhagwan.



ચૌદરાજલોક વિશ્વના અંતે આવેલા મુક્તિસ્થાનમાં જતાં પહેલાં ભગવાને વિશ્વકલ્યાણાર્થે ૧૬ પ્રહર (૪૮ કલાક) સુધી કરેલું પ્રવચન

Bhagwan Mahavira's last sermon at Pavapuri lasting for fortyeight hours for universal welfare.

# શ્રી આચારાંગ સૂત્ર

❑ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

૧

**(૧) નામ અને મહત્તા :**

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું સૌથી પ્રાચીન અને સૌથી મહત્ત્વનું સૂત્ર છે. એનું નામ છે-આયારો–આચારાંગ. એમાં બધાં જ અંગોનો સાર છે. મુનિ-જીવનના આચાર આદિ માટે આ આધારભૂત સૂત્ર છે. એટલે નવદીક્ષિત મુનિને સર્વ પ્રથમ આનું અધ્યયન કરાવવામાં આવે છે. આ સૂત્ર ચરણકરણાનુયોગની કોટિમાં આવે છે, કારણ કે એમાં ચરણ-કરણ અથવા આચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આચારાંગ-નિર્યુક્તિની સાતમી ગાથામાં આના 'આયાર', 'આચાલ' આદિ દસ પર્યાયવાચી નામો બતાવવામાં આવ્યાં છે.

**(૨) આચારાંગની ભાષા, રચના-શૈલી ને પદ-સંખ્યા :**

આચારાંગની ભાષા અર્ધમાગધી છે જે બધાં જૈનાગમોમાં સૌથી પ્રાચીન છે. પૂર્વાર્ધમાં અર્ધમાગધીના નામ, ક્રિયાપદ, સર્વનામના જૂના રૂપો ઉત્તરાર્ધ કરતાં વધુ મળી આવે છે. આની રચના સૂત્રાત્મક શૈલીમાં છે. એના આઠમા અધ્યયનના સાતમા ઉદ્દેશક સુધીની રચના 'ચીર્ણશૈલી'માં (અર્થ-બહુલ અનેગંભીર ) છે અને આઠમા ઉદ્દેશકથી નવમા અધ્યયન સુધીની રચના પદ્યાત્મક છે. આચારચૂલાના પંદર અધ્યયન મુખ્યતયા ગદ્યાત્મક છે, જ્યારે સોળમું અધ્યયન પદ્યાત્મક છે.

નિર્યુક્તિકાર અને નંદી સૂત્ર અનુસાર આચારાંગના બે **શ્રુતસ્કંધો** બતાવવામાં આવ્યા છે, જેની સંખ્યા ૧૮,૦૦૦ પદોની છે. પરંતુ હાલ ઉપલબ્ધ આગમમાં એની સંખ્યા ઓછી થઈ ગઈ છે કારણકે એના સપ્તમ અધ્યયન 'મહાપરિજ્ઞા'નો વિચ્છેદ થઈ ગયો છે.

**(૩) આચારાંગના વ્યાખ્યાગ્રંથો :**

૧. સૌથી પ્રાચીન વ્યાખ્યાગ્રંથ છે દ્વિતીય ભદ્રબાહુ રચિત **નિર્યુક્તિ,** જેનો રચનાકાળ છે વિક્રમની છઠ્ઠી શતાબ્દી. પદ્યમય રચાયેલી નિર્યુક્તિનું શબ્દ-શરીર સંક્ષિપ્ત છે પણ દિશાસૂચન અને ઐતિહાસિક દૃષ્ટિએ એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ત્યાર પછીના બધાં જ વ્યાખ્યાગ્રંથોનો એ આધાર છે.

૨. જિનદાસ મહત્તરકૃત **ચૂર્ણિ** આનો બીજો વ્યાખ્યાગ્રંથ છે. એ ગદ્યમય છે.

૩. આનો ત્રીજો વ્યાખ્યાગ્રંથ છે શ્રી શીલાંગસૂરિની **ટીકા** જે ઉપલબ્ધ ગ્રંથોમાં સૌથી વિસ્તૃત છે.

ઉપર્યુક્ત ત્રણ મુખ્ય વ્યાખ્યાગ્રંથો ઉપરાંત નીચેના ગ્રંથો ઉલ્લેખનીય છે.

૪. અચલગચ્છના મેરુતૂંગસૂરિના શિષ્ય માણિક્ય-શેખરસૂરિ કૃત **દીપિકા.**

૫. ખરતરગચ્છના જિનસમુદ્રસૂરિના પટ્ટધર જિનહંસસૂરિકૃત **દીપિકા.**

૬. હર્ષકલોલના શિષ્ય લક્ષ્મીકલ્લોકૃત અવચૂર્ણિ.

૭ પાર્શ્વચંદ્રસૂરિકૃત બાલાવબોધ

૮. શ્રીમદ્ જયાચાર્ય (૧૯મી સદી)કૃત રાજસ્થાની ભાષામાં પ્રથમ શ્રુતસ્કંધનો પદ્યમય વ્યાખ્યાગ્રંથ તથા એમના દ્વારા રચિત આચારચૂલા પર **વાર્તિક** જેમાં ચર્ચાસ્પદ વિષયો પર મહત્ત્વપૂર્ણ સ્પષ્ટીકરણ છે.

૯. શ્રી સંતબાલજીકૃત ગુજરાતી અનુવાદ

૧૦.આચાર્ય મહાપ્રજ્ઞ કૃત આચારાંગ-ભાષ્ય મૂળ હિંદીમાં અને એનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત થયો છે.

**(૪) આચારાંગના અધ્યયનોનો સાર :**

(I) પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયનો છે-

**૧. શસ્ત્રપરિજ્ઞા**-(ઉદ્દેશક સાત–સૂત્ર સંખ્યા ૧૭૭). આમાં મુખ્ય જીવ-સંયમ અને હિંસાના વિવેક પર ચર્ચા છે. એના ચાર અર્થાધિકારો છે-જીવ (આત્મા), ષટ્જીવનિકાય-પ્રરૂપણા, બંધ અને વિરતિ. આચારશાસ્ત્રીય દૃષ્ટિકોણ રજૂ કરતાં આ અધ્યયનમાં આચાર એટલે કે પરિજ્ઞા, વિરતિ અથવા સંયમની ચર્ચા છે. જૈનદર્શનનો પાયો જ અહિંસા છે. એ સમજવા ષડ્જીવનિકાયના સૂક્ષ્મ નિરૂપણ દ્વારા છકાય જીવોની હિંસા-વિરતિ માટે આ અધ્યયન મહત્ત્વનું છે.

(૨) **લોક વિજય અથવા લોક વિચય**-(ઉદ્દેશક છ–સૂત્ર સંખ્યા ૧૮૬).

આમાં અપરિગ્રહ અને લોકવિજયની ચર્ચા છે. જૈન ધર્મમાં આરંભ (હિંસા) અને પરિગ્રહ (મમત્વ)ને કર્મબંધના મૂળ કારણ માનવામાં આવે છે. ચૂર્ણિકારે 'લોક'નો અર્થ 'કષાયલોક' કર્યો છે. નિર્યુક્તિકાર અનુસાર આમાં નીચેના વિષયો આવરી લેવાયા છે.

(૧) સ્વજનોમાં અને ભોગોમાં આસક્તિત્યાગ (૨) અશરણ ભાવના અને અપ્રમાદ (૩) અરતિથી નિવૃત્તિ (૪) સમતા, માનત્યાગ અને ગોત્રવાદની નિરર્થકતા (૫) પરિગ્રહ અને એના દોષો (૬) ભિક્ષામીમાંસા અને આહારની અનાસક્તિ (૭) કામ-મુક્તિ અને કામ-ચિકિત્સા (૮) સંયમની સુદૃઢતા અને (૯) ધર્મકથા.

(૩) **શીતોષ્ણીય**-(ઉદ્દેશક ચાર-સૂત્ર સંખ્યા ૮૭).

આમાં ત્યાગમાર્ગની આવશ્યકતા અને ત્યાગના ફળની ચર્ચા છે. સંયમજીવનમાં આવતાં અનુકૂળ પરિષહો (શીત) અને પ્રતિકૂળ પરીષહો (ઉષ્ણ) – એમ બાવીસ પરિષહોમાં સમતાનો તથા સુખદુઃખમાં તિતિક્ષા-સહિષ્ણુતાનો ઉપદેશ છે. આમાં ક્રમશઃ

સુપ્ત અને જાગૃત, પરમ-બોધ, પુરુષની અનેકચિત્તતા, સંયમાચરણ, અધ્યાત્મ અને કષાય-વિરતિના સૂત્રો છે.

**(૪) સમ્યક્ત્વ**-(ઉદ્દેશક ચાર-સૂત્ર સંખ્યા ૫૩).

આમાં અહિંસા, ધર્મ અને તપનું વિવરણ છે. બધાં અધ્યયનોમાં આનું સ્થાન ગૌરવપૂર્ણ છે કારણકે સમ્યક્ત્વથી જ કષાયોનું વમન થાય છે અને એ જ ધર્મ છે. આના ચાર ઉદ્દેશકો છે–સમ્યગ્વાદ, ધર્મ-પ્રવાદિયોની પરીક્ષા, નિર્વદ્ય તપનું વર્ણન અને નિયમન અથવા સંયમનું કથન.

**(૫) લોકસાર**-(ઉદ્દેશક છ-સૂત્ર સંખ્યા ૧૪૦).

આદાનપદ અનુસાર આનું ખરું નામ 'આવંતી' છે. એના છ ઉદ્દેશકના વિષયો છે–

૧. જે હિંસક છે, વિષયો માટે આરંભ કરવાવાળો છે તથા એકલો વિચરે છે તે મુનિ નથી હોતો. (ચારિત્ર પ્રતિપાદન).
૨. મુનિ વિરત હોય છે (ચારિત્ર ખીલવવાના ઉપાયો).
૩. જે વિરત હોય તે જ અપરિગ્રહ અને કામ ભોગોથી ઉદાસીન હોય છે. (વસ્તુ-વિવેક-અનાસક્તિની વ્યવહારુ મીમાંસા),
૪. અવ્યક્ત મુનિ (સૂત્ર અને અર્થથી અજ્ઞાત)ના સાધનાકાળમાં ઉત્પન્ન થતાં દોષોનું વર્ણન. સ્વચ્છંદતાથી સાધકનું ઘોર પતન થાય છે.
૫. જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પરિપૂર્ણ મુનિમાં તપ, સંયમ, ગુપ્તિ અને નિઃસંગતા હોય છે.
૬. ઉન્માર્ગ છોડી રાગ-દ્વેષનો ત્યાગ કરી સત્પુરુષની આજ્ઞામાં ચાલવું જોઈએ.

**(૬) ધૂત**-(ઉદ્દેશક પાંચ-સૂત્ર સંખ્યા ૧૧૩).

નિર્જરાના હેતુને 'ધૂત' કહેવામાં આવે છે. ધૂતવાદ એ કર્મનિર્જરાનો સિદ્ધાંત છે. શરીર, ઉપકરણો અને સ્વજનો–આ બધાં 'પર' છે; આ બધાં પરથી મમત્વનો ત્યાગ કરવાથી જ ધૂતસાધના થાય છે. જેની આત્મપ્રજ્ઞા જાગૃત છે તેજ આની સાધના કરી શકે છે. આના પાંચ ઉદ્દેશકોના વિષયો છે-૧. પૂર્વગ્રહો છોડી સ્વજનો પ્રત્યેના મમત્વ ભાવમાં પ્રકંપન, ૨. કર્મધૂત–કર્મ-પુદ્ગલોમાં પ્રકંપન, ૩. શરીર-ઉપકરણ ધૂત, ૪. ગૌરવ-ધૂત અને ૫. ઉપસર્ગ ધૂત.

**(૭) મહાપરિજ્ઞા**-કમનસીબે આ અધ્યયન આજે ઉપલબ્ધ નથી. એમાં મહાન પરિજ્ઞાઓ–મહાન વિદ્યાઓ બધાં સાધકોને જાણવા યોગ્ય ન હોવાથી પૂર્વાચાર્યોએ એના પર પ્રતિબંધ લગાવ્યો હોય એમ લાગે છે.

**(૮) વિમોક્ષ**-(ઉદ્દેશક આઠ-સૂત્ર સંખ્યા ૧૩૦, ગાથા ૨૫)

આમાં સંબંધ આદિના અને શરીરના વિમોક્ષ (વિસર્જન)ની વિધિ બતાવવામાં આવી છે. એના આઠ ઉદ્દેશકોના વિષયો છે-(૧) અસમનોજ્ઞ–અન્ય તીર્થિકોનો પરિત્યાગ, ૨. અકલ્પનીય આહાર આદિનો ત્યાગ, ૩. આશંકાનો ત્યાગ, ૪. ઉપકરણ અને શરીરનો વિમોક્ષ તથા અનુજ્ઞાન મરણવિધિનો નિર્દેશ, ૫. ગ્લાનિ અને ભક્તપરિજ્ઞા અનશન, ૬. એકત્વ અને ઇંગિત મરણ અનશન, ૭. પ્રતિમાઓ અને પાયોપગમન અનશન અને ૮. સંલેખનાપૂર્વકની અનશનવિધિ.

**(૯) ઉપધાન શ્રુત**-(ચાર ઉદ્દેશક – ૭૦ ગાથા)

આમાં ભગવાન મહાવીરની સાધનાકાળની તપશ્ચર્યા (ઉપધાન)નું તથા એમના આચરણનું વર્ણન છે. એના ચાર ઉદ્દેશકોના વિષયો છે-૧. ચર્યા (વિહાર), ૨. શય્યા (વિહાર સ્થાનો), ૩. પરીષહ (સહિષ્ણુતા) અને ઊણોદરી આદિ તપ. સંક્ષેપમાં આમાં ભગવાનની સમાધિ, દુઃખની સહનશીલતા અને સહિષ્ણુતાનું વર્ણન છે.

**(II) દ્વિતીય શ્રુતસ્કંધ-આચારચૂલા**

આમાં ૧૬ અધ્યયનો છે–પિંડેષણા, શય્યેષણા ઈર્યા, ભાષાજાત, વસ્ત્રેષણા, પાત્રૈષણા, અવગાહ પ્રતિમા, સ્થાન સપ્તક, નિષીધિકા સપ્તક, ઉચ્ચર પ્રસવણ સપ્તક, શબ્દ અને રૂપ સપ્તક, પરક્રિયા–અન્યોન્ય ક્રિયા, ભાવના (આમાં ભગવાનનું જીવન-ચરિત્ર અને ઉપદેશનું પ્રતિપાદન છે) અને વિમુક્તિ–બંધન-મુક્તિના ઉપાયો.

**(૫) આચારાંગના સુભાષિતો-અગત્યનાંર સૂત્રો**

(૧) અટ્ટે લોએ–મનુષ્ય પીડિત છે.

(૨) પણયા વીરા મહાવીહિ–વીર પુરુષ મહાપથ પ્રતિ પ્રણત હોય છે.

(૩) ખણં જાણાહિ પંડિએ–પંડિત ! તું ક્ષણને જાણ (સમયની કિંમત આંકો)

(૪) દુકખં પત્તેયં સાયં–સુખ-દુઃખ પોતપોતાના હોય છે.

(૫) ણો હવ્વાએ, ણો પરાએ-(વિષયાસક્ત) વ્યક્તિ ન અહિંની રહે છે કે ન ત્યાંની.

(૬) ણત્થિ કાલસ્સ ણા ગમો–મૃત્યુ કોઈ પણ ક્ષણે આવી શકે છે.

(૭) સવ્વેસિં જીવિયં પિયં–બધાંને જીવન પ્રિય છે.

(૮) ઉદ્દેસો પાસગસ્સ ણત્થિ-દૃષ્ટા (સમ્યક્ દૃષ્ટિવાન) માટે કોઈ ઉપદેશ નથી હોતો.

(૯) અણણહા ણં પાસએ પરિહરેજ્જા–જે તત્ત્વદર્શી હોય તે વસ્તુઓનો ભોગ-ઉપભોગ અન્ય રીતે કરે.

(૧૦) પુરિસા! તુમ મેવ તુમં મિત્તં, કિં બહિયા મિત્ત મિચ્છસિ–હે પુરુષ, તુંજ તારો મિત્ર છે, તો પછી બહાર મિત્રને શા માટે શોધે છે?

(૧૧) પુરિસા! અત્તાણમેવ અભિણિગિજ્ઝ, એવં દુઃખાપ મોક્ખસિઃ–હે પુરુષ તું તારા જ આત્માનો નિગ્રહ (સંયમ) કર. આમ કરવાથી તું દુઃખથી મુક્ત થઈ જશે.

(૧૨) જે એગ્ગં જાણઈ સે સવ્વં જાણઈ, જે સવ્વં જાણઈ સે એગ્ગં જાણઈ.જે એકને જાણે છે તે બધાંને જાણે છે, જે બધાંને જાણે છે તે એકને જાણે છે.

(૧૩) સવ્વતો પમત્તસ્સ ભયં, સવ્વતો અપમત્તસ્સ ણત્થિ ભયં–પ્રમાદીને ચારે બાજુથી ભય હોય છે; અપ્રમાદીને કોઈ જાતનો ભય નથી હોતો.

✶✶✶

# શ્રી સૂયગડાંગ સૂત્ર

૨

☐ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

(૧) **નામબોધ અને વિષયવસ્તુ** :

દ્વાદશાંગીમાં બીજું આગમ છે–'સૂયગડો'–સૂયગડાંગ સૂત્ર. નિર્યુક્તિકારે આના ત્રણ ગુણનિષ્પન્ન નામો બતાવ્યાં છે–૧. સૂતગડ=સૂતકૃત, ૨. સૂત્તકડ=સૂત્રકૃત અને ૩. સૂયગડ=સૂચાકૃત. સમવાયાંગ, નંદી અને અનુયોગદ્વારમાં આનું નામ 'સૂયગડો'–સુયગડાંગ છે.

આના બે શ્રુતસ્કંધો છે. પ્રથમમાં સોળ અને દ્વિતીયમાં સાત ઉદ્દેશકો (અધ્યયનો) છે. સમવાયાંગમાં એનું પદપ્રમાણ છત્રીસ હજાર બતાવવામાં આવ્યું છે. આ મુખ્યતયા 'ચરણકરણાનુયોગ'ની શ્રેણીમાં છે કારણકે એ આચારશાસ્ત્ર છે. પણ શીલાંકસૂરિએ એને દ્રવ્યાનુયોગની કોટિમાં મુક્યું છે. કારણ એમાં જૈનદર્શનના તત્ત્વનું અને અન્ય તીર્થિકોના સિદ્ધાંતોનું વિવરણ છે.

(૨) **રચનાકાર, રચનાકાળ, ભાષા અને શૈલી** :

આના પ્રથમ શ્રુતસ્કંધની રચના ઈ. સ. પૂર્વે પાંચમી–છઠ્ઠી શતાબ્દીમાં શ્રી સુધર્માસ્વામીએ કરી હતી. દ્વિતીય શ્રુતસ્કંધ વિષે કોઈ આધારભૂત માહિતી મળતી નથી. પ્રથમ શ્રુતસ્કંધ પદ્યશૈલીમાં છે, જ્યારે દ્વિતીયનો મોટો ભાગ ગદ્યશૈલીમાં લખાયેલો છે. આ આગામમાં રૂપક અને દૃષ્ટાંતોનો સુંદર પ્રયોગ જોવા મળે છે.

આની ભાષા પ્રાચીન અર્ધમાગધી અને અનેકદેશીય છે. એમાં માગધી ભાષાના વિશેષ પ્રયોગો જોવા મળે છે.

(૩) **સૂયગડાંગના વ્યાખ્યાગ્રંથો** :

**(૧) નિર્યુક્તિ** : દ્વિતીય ભદ્રબાહુ સ્વામી (વિક્રમની પાંચમી–છઠ્ઠી શતાબ્દી)એ ૨૦૬ ગાથાઓમાં રચેલો આ સૌથી પ્રાચીન વ્યાખ્યા-ગ્રંથ છે, જે બીજા બધાં વ્યાખ્યાગ્રંથો માટે આધારભૂત છે. પ્રાકૃત ભાષામાં અને પદ્યાત્મક શૈલીમાં રચાયેલા આ ગ્રંથમાં અનેક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સૂચનાઓ અને સંકેતો છે.

**(૨) ચૂર્ણિ** : જિનદાસગણિકૃત પ્રાકૃત–સંસ્કૃતના મિશ્રિતરૂપ ભાષામાં રચાયેલી અને ગદ્યાત્મક શૈલીમાં રચાયેલી ચૂર્ણિ આગમના આશયને પ્રગટ કરે છે.

**(૩) વૃત્તિ** : શીલાંકસૂરિકૃત વૃત્તિ ઈસુની આઠમી સદીમાં સંસ્કૃત ભાષામાં રચાયેલી છે.

**(૪) દીપિકા** : ઉપાધ્યાય સાધુરંગે સંસ્કૃત ભાષામાં ઈ. સ. ૧૫૪૨માં આની રચના કરી હતી.

**(૫) વિવરણ** : હર્ષકુલે ઈ. સ. ૧૮૨૬માં સંસ્કૃત ભાષામાં આની રચના કરી હતી.

**(૬) સ્તબક** : ગુજરાતી ભાષામાં પાર્શ્વચંદ્રસૂરિએ આની રચના કરી હતી.

**(૭) વિસ્તૃત વિવેચન અને ટીકા**–આચાર્ય તુલસીના વાચના–પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞે ૧૯૮૪માં પ્રસ્તુત આગમનો આદ્યોપાંત હિંદી અનુવાદ કરી પ્રત્યેક અધ્યયનની ભૂમિકા અને વિસ્તૃત ટિપ્પણો સહિત વિવેચન કર્યું છે. ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ આનો ગુજરાતી અનુવાદ કર્યો છે.

(૪) **આગમ વિષય-સાર : પ્રથમ શ્રુતસ્કંધ**

પ્રથમ સ્કંધના સોળ અધ્યયનો છે-

**(૧) સમય** (સૂત્ર ૮૮). સમય એટલે દાર્શનિક સિદ્ધાંત. સ્વ સમય એટલે જૈન-દર્શનના અને પર સમય એટલે જૈનેતર દર્શનના સિદ્ધાંતોનું પ્રતિપાદન આમાં છે. જૈન સિદ્ધાંતોમાં બોધિ (સમ્યક્ત્વ)નું મહત્ત્વ, કર્મબંધનનાં મુખ્ય કારણો, બંધનમુક્તિના માર્ગો, આદિનું પ્રતિપાદન છે. પછી પંચમહાભૂતવાદ આદિ દસ વાદોની ચર્ચા કરી એકાંતવાદી દર્શનોની નિસ્સારતા બતાવી છે. જૈનદર્શનનો આત્મપ્રવાદ, લોકસ્વરૂપ અને અહિંસાની ચર્ચા કરી છે.

**(૨) વૈતાલીય (વૈતાલિક)** (સૂત્ર સંખ્યા–૭૬)

આ અધ્યયનની રચના 'વૈતાલીય' છંદમાં કરવામાં આવી છે. આના પ્રારંભમાં ભગવાન ઋષભદેવ તેમના અઠ્ઠાણુ પુત્રોને ઉપદેશ આપતાં કહે છે કે પ્રાણીની ભોગ ભોગવવાની ઈચ્છા અનંત છે જે ક્યારેય પણ પદાર્થના ઉપભોગથી શાંત કરી શકાતી નથી. એ માટે આ અધ્યયન દ્વારા વૈરાગ્યને વધારવા માટે અને સંબોધિને પ્રાપ્ત કરી સમાધિમય બનાવવા માટેના સુંદર ઉપાયો દર્શાવે છે.

(૩) **ઉપસર્ગ-પરિજ્ઞા** (સૂત્ર સંખ્યા–૮૨)

આમાં સંયમ-માર્ગમાં આવતાં અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો-પરીષહો-ઉપદ્રવોનું જ્ઞાન કરી, એના પર વિજય મેળવી, સમતા રાખવાની ચર્ચા છે. આમાં ચાર ઉદ્દેશક અને ૮૨ શ્લોક છે. પ્રથમમાં ઠંડી, ગરમી, યાચના, વધ, આક્રોશ, સ્પર્શ, લોચ, બ્રહ્મચર્ય, વધ-બંધન આદિ પ્રતિલોમ (પ્રતિકૂળ) ઉપસર્ગોનું નિરૂપણ છે. બીજામાં સૂક્ષ્મ પ્રકારના અનુકૂળ ઉપસર્ગો–સંગ, વિઘ્ન અને વિક્ષેપ–દ્વારા થતી માનસિક વિકૃતિનું વર્ણન છે. ત્રીજામાં અધ્યાત્મમાં થવાવાળા વિશાદનું કારણ-નિવારણ છે અને ચોથામાં કુતીર્થિકોના કુતર્કોથી માર્ગ ભૂલેલા લોકોની યથાર્થ અવસ્થાનું નિરૂપણ છે.

(૪) **સ્ત્રી-પરિજ્ઞા**-(સૂત્ર-સંખ્યા ૫૬) આમાં સ્ત્રી દ્વારા ઉત્પન્ન અનુકૂળ પરીષહોથી થતા વિષમ પરિણામનું સુંદર વર્ણન છે. સ્ત્રી-

સંગ (પરિચય) કરવાથી મુનિ સ્ત્રીને વશ થઈ જાય છે પછી એ અનેક વિડંબનાઓમાં ફસાઈ જઈ સંયમ-માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે. કામવાસનાથી વિરક્ત થવાની આમાંથી પ્રેરણા મળે છે.

(૫) **નરક-વિભક્તિ** (સૂત્ર સંખ્યા ૫૨) આમાં નરક-ઉત્પત્તિના કારણો, નરકનું સ્વરૂપ, એની વેદનાઓ, સાત નારકીના નામો તથા એનું વર્ણન, આદિનો તાદશ ચિતાર આપવામાં આવ્યો છે. પ્રથમ ત્રણ નરકોમાં જીવો ત્રણ પ્રકારની વેદના ભોગવે છે-પંદર પરમાધિર્મક દેવો દ્વારા ઉત્પન્ન કરેલી, પરસ્પર ઉત્પન્ન કરેલી અને નરકના ક્ષેત્ર-વિશેષ ક્ષેત્ર વિપાકી સ્થાનને લીધે ઉત્પન્ન થયેલી વેદનાઓ. બાકીની ચાર નારકીઓમાં પછીની બે પ્રકારની પણ ભયંકર વેદનાઓ ભોગવવાની હોય છે. વેદનાનું વર્ણન રૂંવાટા ઊભા કરે એવું છે.

(૬) **મહાવીર સ્તુતિ** (સૂત્ર સંખ્યા ૨૯) આ અધ્યયનમાં ભગવાન મહાવીરની, એમના ગુણો અને શ્રેષ્ઠતા બતાવી, સ્તુતિ કરવામાં આવી છે. પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ 'પુંચ્છિસુ' ઉપરથી આનું નામ 'પુંચ્છિસુણ' પણ પ્રચલિત છે. ૨૯ શ્લોકોમાં ભગવાનને અનેક ઉપમાઓ આપવામાં આવી છે.

(૭) **કુશીલ-પરિભાષિત** (સૂત્ર ૩૦). આમાં શિથિલાચારી સાધુની ઓળખ, એનો સ્વભાવ, આચાર-વ્યવહાર, અનુષ્ઠાન અને એના પરિણામો સમજાવવામાં આવ્યા છે. આમાં છકાયના જીવોની ધર્મના નામે હિંસા કરનારા અજ્ઞાની સાધુઓની ચર્ચા કરી શુદ્ધ સાધુના આચાર સંબંધી ચર્ચા કરવામાં આવી છે.

(૮) **વીર્ય :** (સૂત્ર સંખ્યા ૨૭) આમાં તમામ પ્રકારના વીર્ય-બળ-શક્તિનું વર્ણન છે. વીર્યના બે મુખ્ય પ્રકાર છે-સકર્મવીર્ય અને અકર્મવીર્ય. પ્રમાદી-અજ્ઞાની-અબુધ જીવો સકર્મવીર્યમાં પરાક્રમ કરી કર્મ બાંધે છે, જ્યારે અપ્રમાદી-જ્ઞાની-બુદ્ધ જીવો અકર્મ વીર્યમાં શુદ્ધ પરાક્રમ કરી કર્મ-બંધનથી મુક્ત થાય છે.

(૯) **ધર્મ** (સૂત્ર ૩૬). આ અધ્યયનના છત્રીસ શ્લોકોમાં શ્રમણના મૂળગુણો અને ઉત્તર ગુણોની વિગતવાર ચર્ચા ઉપરાંત ભાષાનો વિવેક, સંસર્ગ-વર્જન આદિ વિષયો છે.

(૧૦) **સમાધિ** (સૂત્ર ૨૪). આના ચોવીસ શ્લોકોમાં સમાધિ એટલે કે સમાધાન, તુષ્ટિ (સંતોષ) અથવા અવિરોધનું વિવેચન છે. આમાં સમાધિનું લક્ષણ અને અસમાધિના સ્વરૂપનું તથા સમાધિના ત્રણ મુખ્ય ભાગો-ચારિત્ર, મૂળ ગુણ અને ઉત્તર ગુણનું વર્ણન છે.

(૧૧) **માર્ગ** (સૂત્ર ૩૮). આના ૩૮ શ્લોકોમાં માર્ગ એટલે કે ભગવાન મહાવીરની સાધના પદ્ધતિ, મોક્ષમાર્ગ, અહિંસા-વિવેક, એષણા-વિવેક, વાણી-વિવેક તથા માર્ગની પ્રાપ્તિના ઉપાય અને ચરમ ફળની ચર્ચા છે.

(૧૨) **સમવસરણ** (સૂત્ર ૨૨). આના બાવીસ શ્લોકોમાં ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ–આ ચાર વાદોની કેટલીક માન્યતાઓની સમાલોચના કરી યથાર્થનો–સત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(૧૩) **યથાતથ્ય**–(સૂત્ર ૨૩), આના ત્રેવીસ શ્લોકોમાં નિર્વાણના સાધક બાધક તત્ત્વો, શિષ્યના ગુણદોષો તથા અનેક મદસ્થાનોનું યથાર્થ વર્ણન છે.

(૧૪) **ગ્રન્થ (પરિગ્રહ).** આના ૨૭ શ્લોકોમાં ગ્રંથ (પરિગ્રહ) છોડીને ભાવગ્રંથ (શ્રુતજ્ઞાન)ને પ્રાપ્ત કરીને શિષ્યે ગુરુ-કુલાવાસમાં કેમ રહેવું તથા એના પરિણામની ચર્ચા છે.

(૧૫) **યમકીય :** આના 'યમક' અલંકારવાળા ૨૫ શ્લોકોમાં દર્શનાવરણ (આદિ ચાર ઘાતી) કર્મનો અંત કરનારા ત્રિકાળજ્ઞ-સર્વજ્ઞ બને છે અને ભાવના-યોગથી શુદ્ધ થઈ નિર્વાણ પામે છે એનું વર્ણન છે.

(૧૬) **ગાથા** આ અધ્યયનના ગદ્યમય છ સૂત્રોમાં પૂર્વના પંદર અધ્યયનોનો સાર આપી ગુણ–સંપન્ન મુનિની ગાથા-પ્રશંસા કરવામાં આવી છે અને સંયમી મુનિ માટે વાપરવામાં આવેલાં માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથનું વર્ણન છે.

**॥ દ્વિતીય શ્રુતસ્કંધ :**

આના સાત અધ્યયનો છે.

૧. **પુંડરિક :** આ ગદ્યમય અધ્યયન પુંડરિક (સફેદ કમળ)ના ૭૨ સૂત્ર છે. આમાં સરોવરમાં આવેલાં સફેદ કમળના માધ્યમથી ધર્મ, ધર્મતીર્થ અને નિર્વાણના મહત્ત્વને સમજાવવામાં આવ્યું છે. પ્રાસંગિક રૂપે જૈનેતર ચાર વાદોનું નિરૂપણ છે.

**૨. ક્રિયાસ્થાન :** આમાં ગદ્યાત્મક ૬૮ સૂત્રો છે જેમાં સંસારના કારણભૂત બાર કર્મબંધનના અને મોક્ષના કારણભૂત એક બંધન-મુક્તિનું એમ તેર ક્રિયાસ્થાનોનું વર્ણન છે.

૩. **આહાર-પરિજ્ઞા :** ૨૯ સૂત્રમય આ ગદ્યાત્મક અધ્યયનમાં આહાર અને યોનિ–બન્ને પર સંયુક્ત ચર્ચા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોના ઉત્પત્તિ સ્થાન (યોનિ) અને એમના આહાર સંબંધી વિસ્તૃત ચર્ચા છે.

૪. **પ્રત્યાખ્યાન ક્રિયા :** આના ૧૧ ગદ્યાત્મક સૂત્રોમાં પ્રશ્નોત્તરના માધ્યમથી એમ સમજાવવામાં આવ્યું છે કે અપ્રત્યાખ્યાન પાપ-કર્મબંધનું મૂળ છે અને પ્રત્યાખ્યાન કર્મમુક્તિનો માર્ગ છે. જૈનદર્શનની મૌલિક માન્યતા છે કે અપ્રત્યાખ્યાની-અવ્રતી જીવ પાપાચરણ કરે કે ન કરે તો પણ એને નિરંતર કર્મબંધ થાય છે. આમ ત્રણ યોગ અને પાંચ ઈન્દ્રિયમય જગતથી ખસી જઈ ઈન્દ્રિયાતીત ચેતનાના આધાર પર કર્મના બંધ-અબંધનો આધાર છે.

**૫. આચારશ્રુત :** આની ૩૩ ગાથાઓમાં અનાચાર ત્યાગનો

ઉપદેશ છે. અનાચારનું મૂળ કારણ એકાંતવાદ છે એ સિદ્ધાંતનું પ્રતિપાદન સમ્યક્ આચાર અને વાક્ આચાર (વાણી વિવેક)નું વર્ણન છે.

**૬. આર્દ્રકીય :** આની ૫૫ ગાથાઓમાં આજીવક મતના આચાર્ય ગોશાલક, બૌદ્ધ ભિક્ષુ, વેદાંતી બ્રાહ્મણ, સાંખ્ય દર્શનના પરિવ્રાજક અને હસ્તિતાપસ–આ પાંચ મતાવલંબીઓ સાથે થયેલા પ્રશ્નોત્તરમાં મુનિ આર્દ્રકે તેમને નિર્ગ્રંથ પ્રવચન અનુસાર સમાધાન આપ્યું તેનું વર્ણન છે.

**૭. નાલંદીય :** આના ૪૧ ગદ્યાત્મક સૂત્રોમાં રાજગૃહ નગરના નાલંદા નામના ઉપનગરમાં ભગવાન મહાવીરના ગણધર ગૌતમ અને પાર્શ્વ પરંપરાના શ્રમણ ઉદક પેઢાલપુત્ર વચ્ચે થયેલાં પ્રશ્નોત્તર દ્વારા શ્રાવક ધર્મનું પ્રતિપાદન છે.

**ઉપસંહાર :** પ્રસ્તુત આગમમાં સ્વ સમય (જૈનદર્શન) અને પરસમય અન્ય તર્થિકો અથવા (જૈનેતર દર્શનો)ના વિષયની, સાધુઓના આચાર અને અનાચારના વિષયોની તથા અંતમાં શ્રાવકવિધિ, શ્રાવકાચાર આદિની સુંદર ચર્ચા દૃષ્ટાંતો દ્વારા રજૂ કરી, કર્મ બંધનથી મુક્ત થવાના ઉપાયો બતાવવામાં આવ્યા છે. આમ દ્વાદશાંગીનું આ અતિ મહત્ત્વનું સૂત્ર છે. ✷ ✷ ✷

# ભગવાન મલ્લીનાથ

## (શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર –૮ અધ્યાયમાં પ્રસ્તુત કથા)

☐ મુનિશ્રી કીર્તિરત્ન વિજય ઔર મુનિશ્રી હેમચંદ્ર વિજયજી

ભારત કે પૂર્વાંચલ મેં બસી મિથિલાનગરી ઉન દિનોં જ્ઞાન-વિજ્ઞાન, વાણિજ્ય ઔર કલા-કૌશલ મેં પ્રખ્યાત થી. યહાઁ કે ઈક્ષ્વાકુવંશી રાજા કુંભ રાજનીતિ કે સાથ હી અધ્યાત્મ વિદ્યા મેં ભી ગહરી રૂચિ રખતે થે. રાજા કુંભ કી રાની થી પ્રભાવતી.

ફાલ્ગુન શુક્લ ચતુર્થી કે દિન રાત કે સમય વૈજયન્ત નામક તીસરે અનુત્તર વિમાન સે પ્રયાણ કરકે એક ભવ્ય આત્મા રાની પ્રભાવતી કી કુક્ષી મેં અવતરિત હુઈ. રાનીને ૧૪ દિવ્ય સ્વપ્ન દેખે.

દિવ્ય સ્વપ્ન દેખકર રાની જાગ ઉઠી. ઉસને મહારાજ કુંભ કે પાસ આકર સ્વપ્નોં કે વિષય મેં બતાયા. સ્વપ્ન સુનકર અપની પ્રસન્નતા વ્યક્ત કરતે હુયે રાજા ને કહા–

''વાહ! લગતા હૈ સમ્પૂર્ણ સંસાર કા સૌભાગ્ય આપ પર નિછાવર હો ગયા હૈ. આપ કિસી મહાન પુણ્યશાલી સન્તાન કી માતા બનોગી.''

પ્રાતઃકાલ સ્વપ્ન ફલ જાનને કે લિયે રાજા ને સ્વપ્ન શાસ્ત્રી કો બુલાયા–

''મહારાજ! ઐસે શુભ સ્વપ્ન દેખને વાલી માતા કિસી તીર્થંકર યા ચક્રવર્તી કો જન્મ દેતી હૈ.''

રાજા ને પ્રસન્ન હોકર સ્વપ્ન પાઠકોં કો સમ્માનિત કરકે વિદા કિયા.

ગર્ભ કે તીસરે મહીને રાની કે મન મેં એક ઈચ્છા ઉત્પન્ન હુઈ. ઉસને રાજા સે નિવેદન કિયા–

''મહારાજ! મેરા મન હો રહા હૈ મૈં રોજ લાલ-પીલે-સફેદ પચરંગે સુગંધિત તાજા ફૂલોં સે સજી શય્યા પર સોઊં. સુગંધિત માલાએ પહનૂઁ.''

''મહારાની! આપ કી ઈચ્છા પૂર્તિ કરના હમારા કર્તવ્ય હૈ.''

રાજા કે આદેશ સે દાસિયાઁ પ્રતિદિન રાની કી સેજ કો તાજે ફૂલોં સે સજા દેતી. ચમ્પા, ચમેલી કે સુગંધિત ફૂલોં કી વેણિયાઁ લગાતી. રંગબિરંગે ગુલદસ્તોં (મલ્લ) સે રાની કા કક્ષ હર સમય મહકતા રહતા!

એક શુભ રાત મેં રાની ને એક કન્યા કો જન્મ દિયા. જન્મ હોતે હી સમૂચે સંસાર મેં જૈસે પ્રકાશ ઔર આનન્દ કી કિરણે ફૈલ ગઈ. આઠ દિશા કુમારિયાઁ આઈ. ઉન્હોંને તીર્થંકર કા જન્મ કૃત્ય સમ્પન્ન કિયા. ફિર ઈન્દ્ર અપને દેવ પરિવાર કે સાથ આયે. ઉન્હોંને માતા ઔર શિશુ રુપી ભગવાન કી વંદના કી!

ફિર ઈન્દ્ર ને અપને પાઁચ દિવ્ય રૂપ બનાયે. ઔર શિશુ કો મેરુ પર્વત પર લે ગયે. કરોડોં દેવતાઓં ને જન્મ અભિષેક કિયા. દિવ્ય ગંધ કા વિલેપન કર ઈન્દ્ર ને સ્તુતિ કી...

''હે ત્રિલોકાધીશ! ઉન્નીસવેં તીર્થંકર કે રુપ મેં હમ આપકો પ્રણામ કરતે હૈં. આપકે દર્શન-વન્દન-પૂજન સે હમારા જીવન કૃતાર્થ હો ગયા...આપ કે અવતરણ સે સંસાર કા કલ્યાણ હોગા...''

ઈસકે પશ્ચાત્ કન્યા કો માતા કે પાસ સુરક્ષિત લાકર સુલા દિયા.

પ્રાતઃકાલ મહલ કી પરિચારિકા ને આકાર મહારાજ કો બધાઈ દી.

''બધાઈ હો મહારાજ! મહારાની ને એક સુન્દર સર્વ શુભ લક્ષણયુક્ત તેજસ્વી કન્યા કો જન્મ દિયા હૈ.''

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૯ મું )

# શ્રી ઠાણાંગ સૂત્ર

૩

❑ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

**(૧) નામ અને વિષય વસ્તુ :**

દ્વાદશાંગીમાં ત્રીજું મહત્ત્વનું સૂત્ર છે-'સ્થાન' (પ્રા. ઠાણં). આમાં સંખ્યાના આધારે એક સ્થાનથી લઈને દસ સ્થાન સુધી જીવ અને પુદ્ગલના વિવિધ ભાવોનું વર્ણન છે. આનો મુખ્ય ઉદ્દેશ છે કે સંખ્યાના આધારે એક દ્રવ્યના સંગ્રહનય અને વ્યવહારનયની દૃષ્ટિથી અનેક વિકલ્પ કરવા. સંગ્રહનય અભેદદષ્ટા છે તેથી બધામાં એકતા જુએ છે, જ્યારે વ્યવહારનય ભેદદષ્ટા હોવાથી બધામાં ભિન્નતા જુએ છે. આમ આના પ્રથમ સ્થાનમાં સંગ્રહનયની દૃષ્ટિએ સંકલન છે અને બાકીના નવ સ્થાનોમાં વ્યવહારનયની દૃષ્ટિથી બે, ત્રણ યાવત્ દસ સુધીના વિકલ્પો કરવામાં આવ્યા છે. આમાં વિવિધ વિષયોનું સંકલન માત્ર હોવાથી કોઈ નિશ્ચિત ક્રમ નથી. બૌધ્ધ પિટકોમાં જે સ્થાન અંગુત્તરનિકાયનું છે તે જ સ્થાન દ્વાદશાંગીમાં ઠાણાંગનું છે.

**રચનાકાર, રચનાકાળ, ભાષા અને શૈલી :**

પ્રસ્તુત આગમની રચના ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં શ્રી સુધર્માસ્વામીએ કરી હતી. પણ સંકલનકાળની દૃષ્ટિએ એનો સમય ઈસુની ચોથી શતાબ્દી છે. આની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે. કોઈ જગાએ ગદ્યાત્મક વર્ણન પણ જોવા મળે છે.

**આગમ-સાર અને સૂત્ર સંખ્યા :**

**૧. પ્રથમ સ્થાન (અધ્યયન).** આના ૨૫૬ સૂત્રોમાં સંગ્રહનયની અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિથી વસ્તુતત્ત્વનો વિચાર કરવામાં આવ્યો છે. જેમકે દ્રવ્યથી આત્મા એક છે, ક્ષેત્રથી જંબૂદ્વીપ એક છે, કાળથી એક સમયમાં એક જ મન હોય છે અને ભાવ (પર્યાય, અવસ્થાભેદ)થી શબ્દ એક છે. આમાં દ્રવ્યાનુયોગ મુખ્ય હોવાથી તત્ત્વવાદ સિવાય કેટલાંક સૂત્રો આચાર (ચરણ-કરણાનુયોગ)ના પણ છે. એમાં ઐતિસાહિક તથ્ય (જેમકે ભગવાન મહાવીર એકલા જ નિર્વાણ પામ્યા હતા)ની સૂચના, કાળચક્ર, જ્યોતિશ્ચક્ર, જંબૂદ્વીપ, આદિ વિષયોની ચર્ચા છે. આકારમાં નાનો પણ આધાર-સંકલનની દૃષ્ટિથી આની ઘણી મહત્તા છે.

૨. **દ્વિતીય સ્થાન :** આના ૪૬૪ સૂત્રો અને ચાર ઉદ્દેશકોમાં બેની સંખ્યાથી સંબંધિત વિષયોની ચર્ચા છે. જૈનદર્શન દ્વૈતવાદી છે, એના અનુસાર મૂળ તત્ત્વો બે જ છે–ચેતન અને અચેતન. બાકી બધાં બેના જ અવાંતર પ્રકારો છે. પ્રથમ સ્થાનમાં માત્ર અદ્વૈત અને પ્રસ્તુત સ્થાનમાં દ્વૈતનું પ્રતિપાદન છે. આનું પ્રથમ સૂત્ર-દ્વિપદાવતાર પદ–આ સ્થાનની સંક્ષિપ્ત રૂપરેખા છે. બાકી બીજાં બધાં સૂત્રો આનો જ વિસ્તાર છે. આ પ્રથમ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે લોકમાં જે કંઈ છે એ બધું બે-બે પદોમાં અવતરિત છે. જૈન ન્યાયનો એક તર્ક છે કે જે સાર્થક શબ્દ હોય છે એનો પ્રતિપક્ષ હંમેશ હોય જ છે. જેમકે જીવ-અજીવ, લોક-અલોક, ત્રસ-સ્થાવર, આદિ. વિવિધ વિષયોના અધ્યયનની દૃષ્ટિથી આ સ્થાન બહુ મહત્ત્વનું છે.

૩. આના ચાર ઉદ્દેશકના ૫૪૨ સૂત્રોમાં ત્રણની સંખ્યા પર આધારિત મહત્ત્વનું સંકલન છે. આમાં તાત્ત્વિક વિષયો સાથે સાહિત્યિક, મનોવૈજ્ઞાનિક, પ્રાકૃતિક, વ્યાવહારિક, આદિ વિષયોની વિવિધતા છે તેથી તે રુચિકર અને જ્ઞાન બોધ કરાવનાર પણ છે.

આમાં મનુષ્યની શાશ્વત મનોભૂમિકાઓ તથા વસ્તુ-તથ્યોનું બહુ માર્મિક ઢંગથી વર્ણન છે. આમાં ત્રિભંગીરૂપ અગત્યના વિષયો છે–નરકાદિ ગતિના જીવો, કરણ, જોગ, દુઃખ ઉત્પત્તિના કારણ અને નિવારણ, મન, વચન, શલ્ય, ધર્મ, પ્રાયશ્ચિત્ત, સાધુ અને શ્રાવકના મનોરથો, મરણ, નિર્ગ્રંથ, ગૌરવ (ગારવ), આદિ.

૪. આના ચાર ઉદ્દેશકોના ૬૬૨ સૂત્રોમાં ચોભંગીના રૂપમાં વિવિધ વિષયોનું સંકલન છે જે જ્ઞાન-સંપદાનો અક્ષય કોષ છે. બધાં સ્થાનોમાં આ સૌથી વિશાળ છે. આમાં તાત્ત્વિક, ભૌગોલિક, મનોવૈજ્ઞાનિક, પ્રાકૃતિક, આદિ વિષયોની સાથે સાથે પ્રસંગવશ આ ચાર કથાઓનો નિર્દેશ પણ મળે છે–ભરત ચક્રવર્તી, સમ્રાટ સનત્કુમાર, ગજસુકુમાલ અને મરુદેવા. આમાં આ મહત્ત્વના વિષયોની ચોભંગી આપી છે–મનુષ્યની અવસ્થાઓ, ઋજુતા અને વક્રતા, ભાષા, પુત્રો, ધ્યાન, કષાય, સાધકની પ્રતિભા, સત્ય-અસત્ય, સંસાર, દુર્ગતિ–સુગતિ, આયુષ્ય, સત્ય, પુરુષ, આચાર્ય, દેવો, ગણિત, વ્યાધિ, ચિકિત્સા, સંઘ, બુદ્ધિ, નરક-તિર્યંચ-દેવ-મનુષ્ય યોનિના બંધના કારણો, ક્રોધ-માન-માયા-લોભ, શ્રમણો-પાસક, સંજ્ઞાઓ આદિ.

૫. આ સ્થાનના ત્રણ ઉદ્દેશકોના ૨૪૦ સૂત્રોમાં પાંચની સંખ્યા પર આધારિત વર્ગીકરણો છે. આમાં પણ તાત્ત્વિક, ભૌગોલિક, ઐતિહાસિક, જ્યોતિષ, યોગ, આદિ વિવિધ વિષયોનું તથા આચાર, દર્શન, ગણિત, પરંપરા, આદિનું સંકલન હોવાથી આ સ્થાન મહત્ત્વનું છે. આમાં શુદ્ધિના સાધનો, મનની અવસ્થાઓ, સાધકની પ્રતિમાઓ, મહાવ્રત-અણુવ્રત, ઈન્દ્રિયો અને એના વિષયો, જ્ઞાન-દર્શન, શરીર, શ્રમણાચાર, મહાનિર્જરા, દેવોની સેનાઓ, ઉદીર્ણ-પરીષહો, પાંચકલ્યાણકો, નિર્ગ્રંથ-નિગ્રંથીઓની ચર્યા, આશ્રવ-સંવર, દંડ, ક્રિયા, જંબૂદ્વીપ, અસ્તિકાય, ગતિ, ચારિત્ર, ગતિ-આગતિ, જ્ઞાન, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, બંધ,

આદિ.

૬. આના ૧૩૨ સૂત્રોમાં છની સંખ્યા પર આધારિત વિષયોનું સંકલન છે. આના મુખ્ય વિષયો છે-જ્યોતિષ, દર્શન, તત્ત્વ, ઇતિહાસ, ભૂગોળ, વગેરે. આમાં ગણ-વ્યવસ્થા, છ દ્રવ્ય, લોક-સ્થિતિ, કાળચક્ર, શરીર-રચના, જીવ-નિકાય, દુર્લભ-સ્થાન, સંવર, સુખ-અસુખ, દિશાઓ, લેશ્યા, તપ, ઋતુ, અવધિજ્ઞાન, કલ્પ, આયુષબંધ, આદિના છ છ પ્રકારોનું વર્ણન છે.

૭. આના ૧૫૫ સૂત્રોમાં સાતની સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે. આમાં મુખ્યતયા અહિંસા, અભય, જીવ-વિજ્ઞાન, લોક-સ્થિતિ સંસ્થાન, ગોત્ર, કુલકર, દંડ, દેવસ્થિતિ, નરક, નય, આસન, પર્વત, ચક્રવર્તીરત્ન, દુષમાકાળ-સુષમાકાળ, સંયમ-અસંયમ, આરંભ, દેવ, સમુદ્‌ઘાત, નક્ષત્ર, વિનય, ઇતિહાસ અને ભૂગોળના સાત સાત પ્રકારો વગેરે વિષયો સંકલિત છે.

૮. આ સ્થાનના ઉદ્દેશકો નથી, પણ એના ૧૨૮ સૂત્રોમાં આઠની સંખ્યાના આધારે જીવ-વિજ્ઞાન, કર્મશાસ્ત્ર, લોકસ્થિતિ, ગણવ્યવસ્થા, જ્યોતિષ, આયુર્વેદ, ઇતિહાસ, ભૂગોળ, આદિ વિવિધ વિષયોનું વર્ગીકરણ છે. આમાં આઠ પ્રકારના મદ, માયા, આયુર્વેદ, નિમિત્ત, એકાકી સાધનાની યોગ્યતા, ગતિ-આગતિ, કર્મબંધ, સંવર, સ્પર્શ, ગણિ-સંપદા, મહાનિધિ, પ્રાયશ્ચિત્ત, દર્શન, આહાર, પ્રમાદ, વાણવ્યંતર દેવતા, આદિના આઠ આઠ પ્રકારો સંકલિત છે.

૯. નવમાં સ્થાનના ૭૫ સૂત્રમાં નવની સંખ્યા સંબંધિત વિષયો છે. એમાં ઐતિહાસિક તથ્યો, જ્યોતિષ, રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર, મહારાજા શ્રેણિક, નવનિધિ, આદિ વિષે જાણકારી આપી છે. વિશેષમાં રોગ ઉત્પત્તિના નવ કારણોમાં શારીરિક તથા માનસિક કારણો–કામ-વિકાર, ઉન્માદ, આદિનું વર્ણન છે તથા બ્રહ્મચર્ય ગુપ્તિના ઉપાય બતાવ્યા છે.

૧૦. આ અંતિમ દસમા સ્થાનના ૧૭૮ સૂત્રોમાં ન્યાયશાસ્ત્ર, વચનાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ તથા વિજ્ઞાન સંબંધી તથ્યોની ચર્ચા છે. આમાં દસ પ્રકારના શસ્ત્ર, પ્રવ્રજ્યા, વૈયાવૃત્ય, દાન, સંજ્ઞાઓ, સામાજિક વિધિ-વિધાનો, ધર્મ, આશ્રવ, આદિ વિવિધ વિષયો છે. આમાં જીવ-વિજ્ઞાન, શબ્દ-વિજ્ઞાન તથા ઈન્દ્રિય-વિષયો સંબંધી સૂત્રો મહત્ત્વના છે.

**વ્યાખ્યાગ્રંથો-વિવેચનો**

આના વ્યાખ્યાગ્રંથોમાં 'વૃત્તિ' ઉપલબ્ધ છે. આચાર્ય તુલસીના વાચના-પ્રમુખત્વમાં મુનિ નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ)એ ૧૯૭૬માં પ્રસ્તુત આગમના સૂત્રોના સંસ્કૃત અને હિંદી અનુવાદ સાથે પ્રત્યેક સ્થાનની ભૂમિકા અને મહત્ત્વના સૂત્રોનું-શબ્દોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.✷ ✷ ✷

**ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૨૭ થી ચાલુ**

''બધાઈ હો મહારાજ! મહારાની ને એક સુન્દર સર્વ શુભ લક્ષણયુક્ત તેજસ્વી કન્યા કો જન્મ દિયા હૈ.''

કન્યા શબ્દ સુનતે હી મહારાજ કુંભ આશ્ચર્ય કે સાથ સોચને લગે.

વે દિવ્ય સ્વપ્ન તો કિસી ભાવી તીર્થંકર યા ચક્રવર્તી સમ્રાટ કે જન્મ-સૂચક થે? ક્યા કન્યા...?

તભી જૈસે કોઈ દિવ્ય ઘોષ રાજા કે કાનોં મેં ગુંજને લગા–

''ક્યા કન્યા રાશિ મેં સ્થિત સૂર્ય અપને પ્રખર તેજ સે સંસાર કો પ્રકાશિત નહીં કરતા હૈ...?''

મન હી મન રાજા કો સમાધાન મિલ ગયા!

વે પ્રસન્નતા મેં ઝુમ ઉઠે. થોડી દેર મેં સમૂચે રાજ પરિવાર મેં આનન્દ ઉત્સવ મનાયા જાને લગા. રાજાને નગર રક્ષક કો બુલાકર આદેશ દિયા–

''સમ્પૂર્ણ નગર મેં દસ દિન તક જન્મ ઉત્સવ મનાયા જાય. સ્થાન-સ્થાન પર દાનશાલાએં, ભોજન-શાલાએં ખુલવા દો. ઔર કહીં કોઈ જીવ-હિંસા, અત્યાચાર ન હો...''

કુછ દિન પશ્ચાત કન્યા કા નામકરણ કિયા ગયા. રાજા કુંભ ને સ્વજનોં એવં મિત્રોં કો બતાયા!

''ગર્ભકાલ મેં મહારાની કો પુષ્પ-શય્યા પર સોને કા દોહદ ઉત્પન્ન હુઆ થા. રાની કો મલ્લદામ બહુત પ્રિય લગને લગે થે ઈસ કારણ હમ ઈસ કન્યા કા મલ્લીકુમારી નામ રખતે હૈં.''

સભી ને હર્ષ ધ્વનિ કર રાજા કી બાત કા સમર્થન કિયા.

કુછ વર્ષોં પશ્ચાત્ રાની પ્રભાવતી ને એક સુન્દર પુત્ર કો ઔર જન્મ દિયા. મહારાની ને હંસતે હુએ મહારાજ સે પુછા-

''સ્વામી, ઈસ કુમાર કા ક્યા નામ રખેંગે?''

''મલ્લી કા ભાઈ મલ્લ!''

વહ કુમાર મલ્લદિન નામ સે પ્રસિદ્ધ હુઆ!

શિક્ષણ-પ્રશિક્ષણ કે બાદ મલ્લી કુમારી ને ધીરે-ધીરે યૌવન વય મેં પ્રવેશ કિયા.

ઉસકા રૂપ લાવણ્ય દેખકર લોગ દાંતો તલે અઁગુલી દબા લેતે-

ક્યા અદ્‌ભુત રૂપ લાવણ્ય હૈ હમારી રાજકુમારી કા?

''અરે ભાઈ! એસા લગતા હૈ જૈસે સંસાર કી સમૂચી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૧ મું)

# શ્રી સમવાયાંગ સૂત્ર

૪

□ ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

**(૧) નામ અને વિષયવસ્તુ :**

દ્વાદશાંગીનું ચોથું મહત્ત્વનું અંગ છે–સમવાયાંગ. શ્રી ઠાણાંગ સૂત્રની જેમ આ આગમમાં પણ સંખ્યા આધારિત વર્ગીકરણ છે; જેમકે આત્મા એક છે. એમ એકથી લઈને અનેક સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે. આમાં એકથી લઈને સો સંખ્યા સંબંધી વિષયો માટે એકોત્તર વૃદ્ધિથી સોએસો વિષયો માટે સો સમવાય છે. પછી ૧૫૦ થી લઈને અનેકોત્તર વૃદ્ધિ કરતાં કરતાં ક્રોડા-ક્રોડ સાગરોપમની સંખ્યા સંબંધી વિવિધ વિષયોનું નિરૂપણ છે એટલે એનું નામ 'સમવાય' છે. આ વિવિધ વિષયો 'પ્રકીર્ણક' સમવાય નામના અધ્યયનમાં સૂત્ર એકથી ૮૭ સુધી છે. આ પ્રકીર્ણક સૂત્રમાં ગણિપિટક દ્વાદશાંગી આદિ વિષયોનું પણ સંકલન છે–જે મૂળ આગમના પરિશિષ્ટ રૂપ છે.

**(૨) રચનાકાર, રચનાકાળ, ભાષા**

શ્રી ઠાણાંગ સૂત્રની જેમ આ આગમની રચના પણ શ્રી સુધર્માસ્વામીએ ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં કરી હશે એમ માનવામાં આવે છે, પણ સંકલનનો સમય ઈસુની ચોથી શતાબ્દી છે. આની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે.

**(૩) આગમસાર :**

પ્રથમ સમવાય (અધ્યયન)ના પહેલાં બે સૂત્રોમાં ભગવાન મહાવીર દ્વારા રચિત દ્વાદશાંગીની પ્રજ્ઞાપના કરી છે અને પછી બાર આગમોના નામ છે. ત્રીજાથી ૧૪૬ સૂત્ર સુધી એકની સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે.

બીજા સમવાયથી સોમા સમવાય સુધી વિષયો આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (સમવાય) ૨ | સૂત્ર સંખ્યા ૨૩ | બે પ્રકારના દંડ, આદિ |
| (સમવાય) ૩ | ૨૪ | ત્રણ પ્રકારની ગુપ્તિ, ગર્વ (ગારવ) આદિ |
| (સમવાય) ૪ | ૧૮ | ચાર કષાય, ચાર કથા ચાર સંજ્ઞા, આદિ |
| (સમવાય) ૫ | ૨૨ | પાંચ મહાવ્રત આદિ. |
| (સમવાય) ૬ | ૧૭ | છ પ્રકારની લેશ્યા, જીવ નિકાય, બાહ્ય તપ, આભ્યંતર તપ, આદિ |
| ૭ | ૨૩ | સાત પ્રકારના ભયસ્થાન, સમુદ્‌ઘાત, ક્ષેત્ર. |
| ૮ | ૧૮ | આઠ પ્રકારના મદ, પ્રવચનમાતા |
| ૯ | ૨૦ | નવ પ્રકારનાં બ્રહ્મચર્યની ગુપ્તિઓ અને અગુપ્તિઓ |
| ૧૦ | ૨૫ | દસ પ્રકારના શ્રમણ ધર્મ, ચિત્તસમાધિના સ્થાનો |
| ૧૧ | ૧૬ | ઉપાસકોની (શ્રાવકોની) પ્રતિમા (અભિગ્રહ), મહાવીરના ૧૧ ગણધરો |
| ૧૨ | ૨૦ | ભિક્ષુની ૧૨ પ્રતિમાઓ. |
| ૧૩ | ૧૭ | ક્રિયાસ્થાનો (કર્મબંધનના હેતુઓ) |
| ૧૪ | ૧૮ | જીવોનો સમૂહ, ૧૪ જીવસ્થાન (ગુણસ્થાન) |
| ૧૫ | ૧૬ | ૧૫ પ્રકારના પરમાધામી દેવો |
| ૧૬ | ૧૬ | કષાય |
| ૧૭ | ૨૧ | ૧૭ પ્રકારના અસંયમ અને સંયમ |
| ૧૮ | ૧૮ | બ્રહ્મચર્યના ૧૮ પ્રકાર, આચારના ૧૮ સ્થાનો |
| ૧૯ | ૧૫ | શ્રી જ્ઞાતા સૂત્રના ૧૯ અધ્યયન |
| ૨૦ | ૧૭ | અસમાધિના ૨૦ સ્થાનો |
| ૨૧ | ૧૪ | ચારિત્રમાં દોષ લગાવનારા-શબલના ૨૦ પ્રકાર |
| ૨૨ | ૧૪ | ૨૨ પરીષહો |
| ૨૩ | ૧૩ | શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના ૨૩ અધ્યયનો |
| ૨૪ | ૧૫ | દેવાધિદેવ (તીર્થંકરો) |
| ૨૫ | ૧૮ | પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ |

આ રીતે ૨૬મા સમવાયમાં ત્રણ છેદસૂત્રના ૨૬ ઉદ્દેશન કાળ, ૨૭મા સાધુના ૨૭ ગુણો, ૨૮માં મતિજ્ઞાનના ૨૮ પ્રકારો, ૨૯માં પાપશાસ્ત્ર (પાપશ્રુત)ના ૨૯ પ્રકારો, ૩૦માં ૩૦ પ્રકારની ક્રૂર પ્રવૃત્તિઓ જેનાથી જીવ મહામોહનીય કર્મનો બંધ કરે છે, ૩૧માં સિદ્ધ ભગવાનના ૩૧ ગુણો, ૩૨માં ૩૨ પ્રકારના પ્રશસ્ત યોગ, ૩૩માં ૩૩ પ્રકારની ગુરુની અશાતના, ૩૪માં તીર્થંકરના ૩૪ અતિશયો અને ૩૫માં એમના ૩૫ વચનાતિશયો

અને યાવત્ સોમા સમવાયમાં ભગવાન પાર્શ્વનાથ અને સ્થવિર આર્ય સુધર્માસ્વામીનું આયુષ્ય સો વર્ષોનું હતું.

ત્યારબાદ પ્રકીર્ણક સમવાયમાં પ્રથમ સૂત્રથી ૮૭ સૂત્રો સુધી ૧૫૦, ૨૦૦ એમ અનેકોત્તર વૃદ્ધિ સંખ્યાઓ સંબંધી વર્ગીકરણ પછી ૮૭મા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ભગવાન્ ઋષભથી લઈને તીર્થંકર મહાવીરનું વ્યવધાનાત્મક અંતર એક ક્રોડાક્રોડ સાગરોપમનું હતું.

ત્યાર બાદ ૮૮મા સૂત્રના દ્વાદશાંગ પદમાં ગણિપિટકના બાર અંગો અને ૮૯મા સૂત્રથી લઈને ૧૩૪મા સૂત્ર સુધી દ્વાદશાંગીના આચારાંગથી-દૃષ્ટિવાદ સુધી પ્રત્યેક આગમના વિષયો આદિ વિષે વર્ણન આપવામાં આવ્યું છે. આમાં ૯૨માં સૂત્રમાં સમવાયાંગ આગમ વિષે કહ્યું છે 'સમવાયમાં સ્વસમય, પરસમય, જીવ, અજીવ, લોક-અલોક, નરક, તિર્યંચ, મનુષ્ય, દેવતા, કુલકર, તીર્થંકર, ગણધર, ચક્રવર્તી, ચક્રધર (વાસુદેવ) અને હલધર (બલદેવ) આદિનું વર્ણન છે.' આગળ કહ્યું છે કે સમવાયની વાચનાઓ પરિમિત છે. અનુયોગદ્વાર, પ્રતિપત્તિઓ, વેઢા, શ્લોક, નિર્યુક્તિઓ અને સંગ્રહણિયો સંખ્યેય છે. આ ચોથું અંગ છે. એમાં એક અધ્યયન, એક શ્રુતસ્કંધ, એક ઉદ્દેશ-કાલ, એક સમુદ્દેશ-કાલ છે તથા એક લાખ ચુમાલીસ હજાર પદો, સંખ્યેય અક્ષરો અને અનંત ગમ તથા અનંત પર્યાય છે.

ત્યારબાદ ૧૩૫થી ૧૩૭માં સૂત્ર સુધી જીવ રાશિ, અજીવ રાશિ અને અરૂપી અજીવ રાશીના પ્રકારો છે. ૧૩૯માં સૂત્રથી દેવો, નારકો, આદિના આવાસો, આદિની ચર્ચા છે. પછી ૧૫૮મા સૂત્રમાં પાંચ પ્રકારના શરીર, પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ તથા આગળના સૂત્રોમાં ૬૩ પ્રકારના શલાકા પુરુષો આદિનું વર્ણન છે. અંતમાં ૨૬૧માં નિક્ષેપ પદમાં કહ્યું છે કે 'આ પ્રકારે ઉપરના અર્થાધિકારોના કારણે પ્રસ્તુત સૂત્રના નીચે પ્રકારે નામ ફલિત થાય છે-કુલકરવંશ, તીર્થંકર વંશ, ચક્રવર્તીવંશ, દશારવંશ, ગણધરવંશ, ઋષિવંશ, યતિવંશ, મુનિવંશ, શ્રુત, શ્રુતાંગ, શ્રુતસમાસ, શ્રુતસ્કંધ, સમવાય અને સંખ્યા'.

પ્રસ્તુત આગમમાં આચારાંગ કે સૂત્રકૃતાંગની જેમ બે ખંડ કે ઉદ્દેશક આદિ વિભાગો નથી. આની રચના એક અખંડ અંગ અથવા અખંડ અધ્યયનના રૂપમાં કરવામાં આવી છે એમ વૃત્તિમાં જણાવ્યું છે. ✷ ✷ ✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૨૯ થી ચાલુ

ઈસી દેહ મેં આકાર સિમટ ગઈ હૈ...''

ધીરે-ધીરે મિથિલા કે આસપાસ કે જનપદોં મેં મલ્લી કુમારી કે અદ્ભુત રૂપ લાવણ્ય કે ચર્ચે હોને લગ ગયે. જો સુનતા વહી ચકિત રહ જાતા.

ઉન દિનોં સકેત જનપદ પર પ્રતિબુદ્ધિ નામક રાજા કા રાજ્ય થા. ઉસ નગર મેં એક પ્રાચીન ચમત્કારી નાગ મન્દિર થા. એક દિન પ્રતિબુદ્ધિ કી રાની પદ્માવતી ને રાજા સે કહા-

''મહારાજ! મેરી ઈચ્છા હૈ મૈં નાગ મન્દિર મેં જાકર પૂજા કરૂં?''

રાજા ને અપને સેવકો કો આદેશ દિયા–

''મહારાની નાગ મન્દિર મેં જાકર પૂજા કરેગી. મન્દિર મેં એક સુન્દર પુષ્પ મંડપ સજાઓ! પુષ્પ મંડપ કી સજ્જા એસી હોની ચાહિએ કી કિસી ને આજ તક દેખી ન હો...''

રાજ સેવકો કલાકારોં ને નાગ મન્દિર મેં એક સુન્દર અદ્ભુત પુષ્પ મંડપ સજાયા. રાની પદ્માવતી ભી વિભિન્ન પ્રકાર કે ફૂલોં સે સુન્દર શ્રૃંગાર કરકે નાગ મન્દિર પહુઁચી. પુષ્પ મંડપ કી સજાવટ ઔર રાની કા શ્રૃંગાર દેખકર પ્રતિબુદ્ધિ રાજા કા મન બાગ-બાગ હો ગયા. ઉસને અપને મંત્રી સે પૂછા-

''મંત્રી જી! આપ તો રાજ કાર્ય સે અનેક દેશોં મેં જાતે રહતે હૈં! એસા સુસજ્જિત ફૂલોં કા મંડપ ઔર એસી ફૂલોં સે સજી સુન્દર રમણી કહીં દેખી આપને...?''

''મહારાજ! ધૃષ્ટતા કે લિએ ક્ષમા ચાહતા હુઁ! ઇસ સંસાર મેં એક સે બઢકર એક આશ્ચર્ય ભરે હૈં.''

મંત્રી ને વિસ્તાર સે બતાયા-

''મહારાજ! એક બાર આપકે કામ સે મૈં મિથિલા નગરી ગયા થા...

વહાઁ મહારાજ કુંભ કી રાજકુમારી મલ્લી કા જન્મ દિન મનાયા જા રહા થા. ફૂલોં કી એસી સજાવટ ઔર મલ્લીકુમારી કા એસા રૂપ લાવણ્ય થા જો શબ્દોં સે બયાન નહીં કિયા જા સકતા.''

રાજા પ્રતબુદ્ધિ આશ્ચર્ય સે બોલા–

''ક્યા મલ્લી કુમારી, હમારી રાની પદ્માવતી સે ભી અધિક સુન્દર હૈ?''

''અધિક ક્યા મહારાજ! ઐસા લગતા હૈ કિ મલ્લી જૈસી સુન્દરી ઈસ ધરતી પર શાયદ દુસરી નહીં હૈ...''

મલ્લી કુમારી કે રૂપ લાવણ્ય કી ચર્ચા સુનતે હી પ્રતિબુદ્ધિ કે હૃદય મેં અજ્ઞાત સ્નેહ ઔર પ્રેમ કા જવાર ઉમડ આયા. વહ સોચને લગા–

ઐસી અદ્ભુત સુન્દરી તો મેરે અન્તઃપુર મેં આની ચાહિએ.

ઉસને તુરન્ત હી અપને દૂત કો આજ્ઞા દી-

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૩ મું )

# શ્રી ભગવતી સૂત્ર

☐ડૉ. રશ્મિભાઈ જે. ઝવેરી

૫

**નામ :** દ્વાદશાંગીના પંચમ આગમનું નામ છે–વિઆહપણ્ણત્તી–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ; કારણકે એ પ્રશ્નોત્તર શૈલીમાં રચાયેલું છે. જેમાં તત્ત્વને વિવેચનપૂર્ણ રીતે સમજાવવામાં આવ્યું હોય તે ગ્રંથને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવામાં આવે છે. પરંતુ આ વિશિષ્ટ આગમ હોવાથી એને 'ભગવતી' વિશેષણ લગાડવામાં આવેલું જે પછી એનું નામ બની ગયું. આજે આનું આજ નામ પ્રચલિત છે–શ્રી ભગવતી સૂત્ર.

ભગવાન મહાવીરના દર્શનનું અથવા તત્ત્વવિદ્યાનું આ પ્રતિનિધિ સૂત્ર છે. જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો (Metaphysical) આ એક અમૂલ્ય અને દુર્લભ ગ્રંથ છે.

**૨. રચનાકાર, રચનાકાળ અને રચનાશૈલી :**

પ્રસ્તુત આગમના રચનાકાર છે શ્રી સુધર્માસ્વામી અને રચનાકાળ છે–ઈ. પૂ. પાંચમી શતાબ્દી. હાલ જે રૂપમાં આ આગમ મળે છે તેનું સંસ્કરણ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ દ્વારા **ઈસુની પાંચમી શતાબ્દી**માં સંકલિત થયેલું છે. પ્રસ્તુત આગમની ભાષા પ્રાચીન પ્રાકૃત ભાષા છે. આમાં પ્રશ્નોત્તર શૈલીનો ઉપયોગ થયો છે. શ્રી ગૌતમસ્વામી અને અન્ય લોકોએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નો અને ભગવાને આપેલા ઉત્તરોનું સંકલન છે. પ્રશ્ન અને ઉત્તરની ભાષા સરળ છે. અનેક સ્થળોએ ગદ્યકાવ્ય જેવી છટા જોવા મળે છે.

**૩. આકાર અને વર્તમાન આકાર :**

પ્રસ્તુત આગમના વિસ્તૃત સંસ્કરણમાં સવા લાખ શ્લોક છે એટલે એને 'સવાલક્ખી ભગવતી' કહેવામાં આવે છે. સમર્પણ સૂત્રોની સંખ્યા પણ મોટી છે.

આ આગમના ૪૧ શતક છે. અવાન્તર શતકને ગણતાં ૧૩૮ શતક છે તથા ૧૯૨૩ ઉદ્દેશક છે.

પ્રસ્તુત આગમનો ગ્રંથમાન અનુષ્ટુપ શ્લોકના માપથી ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે. સમવાયાંગના પ્રકીર્ણક સૂત્ર ૯૩ અને નંદીના સૂત્ર ૮૫માં આ આગમની વાચના, અનુયોગદ્વાર, શ્લોક, વ્યાકરણ, પદ, આદિની વિગતો મળે છે.

**૪. વ્યાખ્યા ગ્રંથો :**

**૧. નિર્યુક્તિ**–પ્રસ્તુત આગમની નિર્યુક્તિ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. નંદી સૂત્રમાં આની સંખ્યેય નિર્યુક્તિનો ઉલ્લેખ છે.

**૨. ચૂર્ણિ**–હાલ હસ્તલિખિત ચૂર્ણિ ઉપલબ્ધ છે. એના રચનાકાર જિનદાસ મહત્તર માનવામાં આવે છે. એની પત્ર સંખ્યા ૮૦ છે અને ગ્રંથમાન ૩૫૯૦ શ્લોક બરાબર છે.

**૩. વૃત્તિ**–નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિની વૃત્તિ હાલ ઉપલબ્ધ છે જે વિ. સં. ૧૧૨૮માં અણહિલપુર પાટણમાં રચાયેલી. એનું ગ્રંથમાન ૧૮૬૧૬ અનુષ્ટુપ શ્લોક બરાબર છે.

**૪. ભગવતી આરાધના**–લે. આચાર્ય શ્રી શિવાર્ય (૧૯૩૫)

**૫. ભગવતી સૂત્ર**નો ગુજરાતી અનુવાદ બેચરદાસ દોશીએ કર્યો છે.

**૬. ડૉ. વૉલ્ટર શુબ્રીંગે** Doctrine of Jains (1962) માં ભગવતી સૂત્ર પર વિવેચન લખેલું છે.

**૭. ડૉ. જે. સી. સિકંદરકૃત** `Studies in the Bhagavati Sutra'

**૮. જોસેફ ડેલ્યુકૃત** (Josep Delue) વિયાહપણ્ણત્તી (૧૯૭૦).

**૯. ભગવતી જોડ-લે. શ્રી મજ્જયાચાર્ય.** સંપૂર્ણ ભગવતી સૂત્રને ૧૯મી સદીમાં રાજસ્થાની પદ્યમય શૈલીમાં લખાયેલા આ ગ્રંથના વાચના પ્રમુખ છે આચાર્ય તુલસી અને સંપાદક છે આચાર્ય મહાપ્રજ્ઞ.

**૧૦. ભગવતી સૂત્ર**નું વિશદ વિવેચન અને ભાષ્ય ગણાધિપતિ તુલસીના વાચના-પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞે ૧૯૯૪માં કર્યું છે જેમાં મૂળપાઠ, સંસ્કૃત છાયા, હિંદી અનુવાદ, ભાષ્ય, પરિશિષ્ટો, ચૂર્ણિ અને વૃત્તિ છે.

**૫. આગમ-સાર :**

દ્વાદશાંગીનો આ અત્યંત મહત્ત્વનો આગમગ્રંથ તત્ત્વવિદ્યાનો આકર ગ્રંથ છે. આમાં ચેતન અને અચેતન–આ બંને તત્ત્વોની વિશદ જાણકારી આપવામાં આવી છે. એમાં એટલાં બધા વિષયોની ચર્ચા છે કે સંભવતઃ વિશ્વ વિદ્યાની એવી કોઈ શાખા નહીં હોય જેની પ્રત્યક્ષ અથવા અપરોક્ષ રીતે એમાં ચર્ચા ન હોય. આમાં જૈન દર્શનના કેટલાંક મૌલિક તત્ત્વો–જેમકે પંચાસ્તિકાય, લોક-અલોક, પુનર્જન્મ, સામાયિક, ઈન્દ્રો, દેવો, કર્મ-બંધ અને એના કારણો, પરમાણુ, પુદ્‌ગલ આદિ. આ આગમ અનેક પ્રશ્નકારોએ પૂછેલા વિવિધ પ્રશ્નોના પ્રશ્નોત્તરરૂપ હોવાથી એમાં કોઈ ક્રમ નથી.

વિવિધ શતકોના સાર આ પ્રમાણે છે.

૧. પ્રથમ શતકની શરૂઆતજ જૈન ધર્મના પાયારૂપ સિદ્ધાંત 'વિનય'–નમસ્કાર સૂત્રથી થાય છે. ૧૧મા સૂત્રથી ગૌતમસ્વામી અને મહાવીર સ્વામી વચ્ચે પ્રશ્નોત્તરની શૃંખલા શરૂ થાય છે. પ્રથમ જૈન તત્ત્વવિદ્યાના પ્રારંભ રૂપે 'ચલમાણે ચલીએ' આદિ નવ પ્રશ્નોથી થાય છે. જૈન ધર્મ અનેકાંતવાદી છે. એનો પાયાનો સિદ્ધાંત ત્રિપદીમાં સમાયેલો છે-ઉત્પાદ, ધ્રુવ અને વ્યય. આ સિદ્ધાંત મુજબ દરેક દ્રવ્ય આદિ દ્રવ્યની દૃષ્ટિએ શાશ્વત છે અને પર્યાય રૂપે ઉત્પન્ન/વિનાશમય છે. વર્તમાનકાળ એક સમયનો જ છે અને એજ મહત્ત્વનો છે. ચાલવાની ક્રિયાનો આરંભ કર્યો તેજ સમયે તે પૂરી

થાય છે પણ વ્યવહારમાં જોઈ શકાતી નથી. તેજ પ્રમાણે જે સમયે હિંસાદિ પાપની પ્રવૃત્તિનો સંકલ્પ કર્યો તેજ સમયે તે સંબંધી કર્મ બંધાય છે.

ત્યાર પછી આરંભ-અનારંભ, લોક, અલોક, કર્મ-પુનર્જન્મ, સામાયિક, મરણના પ્રકાર, આદિ વિષયોની ચર્ચા છે. શતક (૨)માં તુંગિયાનગરીના શ્રાવકોના પ્રશ્નો, શતક (૩)માં તામલી તાપસ, પૂરણ તાપસ, કર્મબંધ, દેવો, (૪)માં નૈરયિકની ઉત્પત્તિ, (૫)માં આયુષ્યબંધ, છદ્મસ્થ, કેવળી, અતિમુક્તકકુમારની બાલક્રીડા, અલ્પાયુ-દીર્ઘાયુના કારણો, પરમાણુ-પુદ્ગલ સ્કંધ, જીવોની હાનિ-વૃદ્ધિ, પ્રકાશ-અંધકાર, (૬)માં જીવ-કર્મબંધ, તમસ્કાય, (૭)માં પચ્ચક્ખાણ, વેદનીય કર્મ, મહાશિલા કંટક સંગ્રામ, (સમ્રાટ શ્રેણિકના પુત્ર કોણિક અને તેના નાનાજી ચેટક રાજા સાથે થયેલા સંગ્રામમાં એક કરોડ એંસી લાખ સૈનિકોનો સંહાર થયેલો), (૮)માં આશીવિષ, શ્રાવકના પચ્ચક્ખાણ માટે કરણજોગ, સુપાત્રદાનનું ફળ, સાંપરાયિક અને ઐર્યાપથિક કર્મબંધ, બંધના પ્રકાર, ત્રણ પ્રકારની આરાધના, (૯)માં ઋષભદત્ત-દેવાનંદા તથા જમાલિ ચરિત્ર, (૧૦)માં દશ દિશા, (૧૧)માં શિવરાજર્ષિનું ચરિત્ર, લોક અને તેની વિશાળતા, સુદર્શન શ્રાવકના કાલવિષયક પ્રશ્નો, (૧૨)માં શંખ-પુષ્કલી શ્રમણોપાસકોના પ્રશ્નો, (૧૨)માં જયંતિ શ્રાવિકાના પ્રશ્નો, પુદ્ગલ-પરાવર્તન, ચંદ્ર-સૂર્યગ્રહણ, લોકના સર્વસ્થાનમાં જીવના જન્મમરણ, આઠ પ્રકારના આત્મા, (૧૩)માં નારકોમાં લેશ્યાપરિણામન, ઉદાયન નરેશ અને એના વિરાધક પુત્ર અભીચિકુમાર, (૧૪)માં બે પ્રકારના ઉન્માદો, પ્રભુ મહાવીર અને ગૌતમનો ભવાન્તરીય સંબંધ, (૧૫)માં ગોશાલક ચરિત્ર દ્વારા દેવ-ગુરુ-ધર્મની અશાતનાના ફળ વિષે, (૧૬)માં પાંચ પ્રકારના અવગ્રહ, શ્રમણ નિર્ગ્રંથો અને નૈરયિકોની કર્મક્ષયની તરતમતા, સ્વપ્નદર્શન, (૧૭)માં વૃક્ષને હલાવવાથી લાગતી ક્રિયા, (૧૮)માં જીવની ઉત્પત્તિ અને આહાર ગ્રહણ, (૧૮)માં કાર્તિક શેઠનું ચરિત્ર, માકન્દીય પુત્ર અણગારના પ્રશ્નો, નિશ્ચય-વ્યવહારથી ભ્રમરાદિ વર્ણાદિ, સોમિલ બ્રાહ્મણના પ્રશ્નો, (૧૯)માં સ્થાવર જીવોની સૂક્ષ્મતા-સ્થૂળતા, કરણના ભેદ, (૨૦)માં જંઘાચરણ-વિદ્યાચરણલબ્ધિ, (૨૧-૨૨)માં વનસ્પતિકાયિક જીવોની ઋદ્ધિ, આદિ, (૨૪)માં સંસારી જીવોનું ભવભ્રમણ, જીવ દ્રવ્યનો ભોગ, (૨૫)માં પાંચ પ્રકારના નિર્ગ્રંથ, પાંચ પ્રકારના ચારિત્ર, ભવાંતરમાં જીવની ઉત્પત્તિ, (૨૬-૨૭)માં જીવનો ત્રૈકાલિક સંબંધ, (૨૮)માં કર્મ-ઉપાર્જન, (૨૯)માં કર્મના વેદનનો પ્રારંભ અને અંત, (૩૦)માં સમવસરણ. (૩૧-૩૨)માં અંક ગણના માટે ચાર પ્રકારના લઘુયુગ્મ, (૩૩)માં એકેન્દ્રિય જીવોમાં કર્મ, (૩૪)માં શ્રેણી શતક, (૩૫ થી ૪૧)માં અંક રાશિની ગણના માટે એકેન્દ્રિય જીવોથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોની રાશિયુગ્મ માટે મહાયુગ્મ. ✷ ✷ ✷

*દ્વાદશાંગીના પ્રથમ પાંચ અંગો વિષેના પાંચ લેખોના આધાર ગ્રંથો છે–આચાર્ય તુલસીના વાચના પ્રમુખત્વમાં આચાર્ય મહાપ્રજ્ઞ રચિત પાંચ ગ્રંથો તથા મુનિબંધુ આગમમનીષિ મહેન્દ્રકુમારજી સ્વામીનું માર્ગદર્શન તથા ડૉ. ધનવંત શાહ અને શ્રી ગુણવંત બરવાળિયાની પ્રેરણા છે. આગમ જેવા મહાન ગ્રંથો વિષે મારા જ્ઞાનની મર્યાદા અને પાનાની મર્યાદાને લીધે વીતરાગવાણીથી વિપરીત લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્*

□ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૧ થી ચાલુ

''તુમ અભી મિથિલા નગરી જાઓ. રાજા કુંભ સે ઉનકી કન્યા મલ્લીકુમારી કા હાથ હમારે લિએ માંગો!''

દૂત વિવાહ પ્રસ્તાવ લેકર ઉસી ક્ષણ મિથિલા કી ઓર ચલ દિયા.

ચમ્પા નગરી મેં અરહન્નક નામ કા સમુદ્ર વ્યાપારી રહતા થા. વહ નિર્ગ્રંથ ધર્મ કા પરમ ઉપાસક જિન ભક્ત થા. એક બાર વહ અનેક વ્યાપારિયોં કો સાથ લેકર સમુદ્ર યાત્રા કે લિએ નિકલા.

કુછ દિનોં કી યાત્રા કે પશ્ચાત્ ઉનકા જહાજ લવએ સમુદ્ર (અરબ સાગર) મેં પહુંચ ગયા. એક દિન અચાનક સમુદ્ર મેં તૂફાન ઉઠને લગા. આકાશ મેં કાલી ઘટાએં ગહરાઈ, બિજલિયાઁ ચમકને લગી. મેઘ ગરજને લગે. દુપહર મેં હી રાત-સા અંધેરા છા ગયા.

તભી એક વિકરાલ દૈત્ય અટ્ટહાસ કરતા હુઆ ઉનકે જાહાજ કે સામને પ્રકટ હુઆ. ઔર જોર કી હુંકાર કી–

''અરહન્નક! મૈં આજ તુમ્હારે જહાજ કો ખિલૌને કી તરહ તોડકર ફૈંક દૂંગા. તૂમ સબ કો સમુદ્ર મેં હી ડુબોકર માર ડાલૂંગા...''

યાત્રી હાથ જોડકર પુકારને લગે–

''હે દેવ! હમેં મત મારો, હમેં ક્ષમા કરો!''

દૈત્ય ને દાંત નિપોરતે હુએ કહા-

''મૈં કેવલ એક શર્ત પર તુમ્હેં છોડ સકતા હું. યદિ યહ અરહન્નક મેરી શરણ લે લે, યહ કહ દે કિ-નિર્ગ્રન્થ ધર્મ ઝૂઠા હૈ, પાખંડ હૈ ઔર અપને ભગવાન કી પ્રતિમા કો સમુદ્ર મેં ફેંક દે.''

યાત્રિયોં ને અરહન્નક કો સમઝાયા પરન્તુ અરહન્નક નહીં ડિગા! વહ શાન્ત ભાવ સે આઁખે મૂઁદે અપને ભગવાન કી પ્રતિમા

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૬ મું)

# શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

□ ડૉ. કેતકી યોગેશ શાહ

૬

આગમ સાહિત્યમાં શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર છઠ્ઠા અંગ સૂત્ર રૂપે સ્થાન ધરાવે છે. આ આગમનું પ્રાકૃત (અર્ધમાગધી) નામ णायाधम्मकहाओ છે. શ્રી જ્ઞાતાધર્મકથાના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ઓગણીસ જ્ઞાત-ઉદાહરણરૂપ અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મકથાના ૧૦ વર્ગ છે. બીજા શ્રુતસ્કંધમાં સાડા ત્રણ કરોડ કથાઓ હોવાનો ઉલ્લેખ મળે છે, પણ વર્તમાને તેટલી કથાઓ ઉપલબ્ધ નથી. વર્તમાનમાં ૧૯+૨૦૬=૨૨૫ કથાઓ છે. જ્ઞાતાધર્મકથા સૂત્રનું પરિમાણ ૫૫૦૦ શ્લોક પ્રમાણ છે. આ સૂત્રની રચના મુખ્યતયા ગદ્યશૈલીમાં છે. વચ્ચે-વચ્ચે કોઈક સ્થળે પદ્યાંશ પણ જોવા મળે છે. જો આચારાંગસૂત્ર સાધુ ભગવંતોની આચારપોથી છે, દશવૈકાલિક સૂત્ર બાળપોથી છે તો જ્ઞાતાધર્મકથા સૂત્ર વૈરાગ્યપોથી છે. દરેક અધ્યયન સુખશીલતા, કામભોગ, વિષયકષાય, મોહ, પ્રમાદને ઘટાડી સંયમમાં સ્થિરતાના પાઠ ભણાવે છે.

શિષ્યનું મન કોઈપણ કારણથી સંયમભાવથી ચલિત થઈ જાય, શિષ્ય ભૂલ કરે ત્યારે ગુરુવર્યોએ ખાસ લક્ષ્ય આપીને ઉપાલંભ વચનો દ્વારા કે અન્ય કોઈ ઉપાયે તેને સંયમમાં સ્થિર કરવો જોઈએ એવા ભાવ પહેલા મેઘકુમારના અધ્યયન દ્વારા પ્રગટ થયા છે. બીજી વિશેષતા આ અધ્યયનની એ છે કે મેઘકુમારના ત્રણ ભવમાં પગની વિશેષતા છે. સુમેરુપ્રભ હાથીના ભવમાં પરવશપણે કાદવમાંથી પગ ઊંચકી શકતો નથી, મેરૂપ્રભ હાથીના ભવમાં સ્વવશે સસલા ઉપર પગ મૂકતો નથી અને મેઘમુનિના ભવમાં સ્થવિરોના પગની ઠોકર અને પગની રજ સહન થતી નથી. ભગવાનના ઉપદેશથી મેઘમુનિના સંસારમાં ઊપડતા પગ અટક્યા ને સંયમમાં સ્થિર બન્યા. મેરુપ્રભ હાથીના ભવમાં કોઈ પણ પ્રકારની સ્પષ્ટ સમજણ ન હતી, મિથ્યાત્વી જીવ હતો. તે માત્ર જીવો પ્રત્યેના અનુકંપાના ભાવથી સમકિતી બને છે અને સંસાર સીમિત કરે છે.

શ્રમણોએ પોતાના શરીરની આહાર-પાણીથી સારસંભાળ કેવા નિર્લેપ ભાવથી રાખવી જોઈએ તેનું વિજયચોર–ધન્ય સાર્થવાહનું કથાનક દિગ્દર્શન કરાવે છે.

સંયમ આરાધનામાં શિથિલ થઈ ગયા પછી પણ જો કોઈ સાધક સંવેગને પ્રાપ્ત કરીને સંયમમાં ઉદ્યમવંત થઈ જાય તો તે શૈલક રાજર્ષિની સમાન તે જ ભવમાં સિદ્ધ થઈ શકે એનું પ્રેરણારૂપ દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમાં પંથકમુનિનો શિષ્ય તરીકેનો વ્યવહાર વિનય ધર્મનું સાક્ષાત્ દર્શન કરાવે છે. આ અધ્યયનની વિશિષ્ટતા એ છે કે કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલીરૂપ સંયમની અનુમોદના અને તત્કાલીન શુચિમૂલક ધર્મની ઝલક અહીં વર્ણિત છે.

પાંચ કમોદના દાણાની રોહીણીએ જેવી રીતે વૃદ્ધિ કરી ગાડાં ભર્યાં તેમ સાધુ-સાધ્વી પાંચ મહાવ્રતોમાં વૃદ્ધિ કરે તો સંસારથી મુક્ત થાય છે.

દરેક ધર્મનો પાયો નીતિમૂલક હોય છે પણ જૈનધર્મ એથી પણ આગળ વધીને કષાયત્યાગને પાયો માને છે. ઉગ્ર તપવાન, સંયમવાન અને ભવિષ્યમાં તીર્થંકર પદ મેળવવાવાળો જીવ પણ જો સૂક્ષ્મ અને ધર્મવિષયક પણ માયા કરે તો તે સ્ત્રીવેદ–મોહનીય કર્મનો બંધ કરે છે. મલ્લીનાથ તીર્થંકરનું સ્ત્રીપણે જન્મવું તે આ અવસર્પિણીકાળની આશ્ચર્યકારક ઘટના છે.

અપયશ અને નિંદાથી બચવા નાગશ્રી બ્રાહ્મણીએ પણ માયા છાની કરી પણ તેના ફળ જગજાહેર થયા. નાગશ્રીનું કથાનક ત્રિકરણ શુદ્ધિપૂર્વકના આહારદાનની સમજ આપે છે. તેના જ ઉત્તરાર્ધમાં નિદાન રહિત સંયમ-તપની અનુમોદના કરી છે, જે મોક્ષાર્થી સાધક માટે ઉપયોગી છે.

'ગુણવાનના સંગે ગુણવાન બનાય' એ ઉક્તિના ન્યાયે સુબુદ્ધિપ્રધાનના સંગે જિતશત્રુ રાજા પલટાયા. ઉદક (પાણી)ના માધ્યમે પુદ્‌ગલ પર્યાયની ક્ષણિકતા અને પરિવર્તનશીલતાનું દર્શન કરાવ્યું.

પોતાના ત્રણેય ભવ અલગ અલગ ગતિમાં હોવા છતાં ત્રણેય ભવમાં ભગવાન મહાવીરનો ભેટો થયો. માનવનો ભવ નંદ મણિયારનો, તિર્યંચનો ભવ દેડકાનો અને ત્રીજો ભવ દર્દુર દેવનો ભવ. ઉચ્ચ ગતિમાં ભૂલ્યો ને તિર્યંચના ભવમાં પશ્ચાતાપ સાથેનું તપ અને ભગવાનના દર્શનની પ્રબળ ઇચ્છાના કારણે તિર્યંચ ગતિનો અવરોધ પણ નડતો નથી. અહીં બીજી બોધનીય વાત એ છે કે સદ્‌ગુરુના સમાગમે સમકિત આદિ આત્મિક ગુણોની વૃદ્ધિ થાય છે અને ગુરુ સમાગમ વિના પતન પણ થઈ જાય છે.

અનિવાર્ય સંજોગોમાં પોતાના પ્રાણ બચાવવા ધન્ય સાર્થવાહે પોતાની જ પુત્રીનું માંસ-રુધિર પકાવી આહાર કર્યો. તેમ છતાં તેની પાછળનો હેતુ દેહને ટકાવવો એટલો જ હતો. આહારમાં અનાસક્ત-ભાવ ટકાવવાનું ઉત્તમ ઉદાહરણ આ જ છે.

હજાર વર્ષની તપ-સંયમની સાધનાનું ફળ ત્રણ જ દિવસમાં ભોગાસક્તિમાં એક ભાઈ કંડરિક મુનિએ ગુમાવ્યું ને સાતમી નરકના મહેમાન બની ગયા તો સંસારથી ઉદાસીન એવા પુંડરિક રાજા એ જ ત્રણ દિવસમાં દીક્ષાનો વેશ લઈ સર્વાર્થસિદ્ધ વિમાનના

વાસી બની ગયા. બંને ભાઈઓની અંત સમયે સમાન શારીરિક વેદના હોવા છતાં બીજા ભવમાં ૩૩ સાગરોપમની સમાન સ્થિતિ હોવા છતાં આત્મ પરિણામો અનુસાર જીવોની ગતિ અને ઉત્પત્તિ નિમ્ન અને ઉચ્ચ સ્થાનમાં થાય છે.

જિનપ્રવચનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ન કરવી. 'तमेव सच्चं णिसेकं जं जिणेहिं पवेइयं' – જિનેશ્વર પ્રતિપાદિત તત્ત્વ જ સત્ય છે, તેમાં શંકાને સ્થાન નથી. તેવી દઢ શ્રદ્ધાના બીજ 'મોરના ઈંડા'ના દૃષ્ટાંતે વાવ્યાં છે.

જ્ઞાતાધર્મકથા સૂત્રમાં વારંવાર વાગોળાતું માર્મિક, ધાર્મિક અને આધ્યાત્મિક સત્ય એટલે ઈન્દ્રિય વિષય, કામભોગથી અનાસક્ત, અલિપ્ત રહેવું. જે કાચબો શિયાળોથી બચવા પોતાના અંગોને નિયંત્રણમાં ન રાખી, ઢાલમાં છુપાવી ન શક્યો તેને શિયાળોએ મારી ખાધો પણ જે કાચબાએ પોતાના અવયવો પર સંયમ-નિયંત્રણ રાખ્યું તે પોતાની જાતને બચાવી શક્યો. તેમ જે સાધક પહેલા ચંચળ કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોનું ગોપન કરતા નથી તે અનંત સંસાર પરિભ્રમણનો દંડ ભોગવે છે પણ જે બીજા કાચબાની જેમ પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખે છે તે સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

નંદીફળના અધ્યયનમાં ઈન્દ્રિયોના વિષયો એટલે કામભોગને નંદીફળના વૃક્ષની સાથે સરખાવ્યા છે. જેનાં ફળો ખાવામાં મીઠાં મધુરાં, શીતળ છાયા દેનારાં, દેખાવમાં મનમોહક હોવા છતાં ઝેરીલા છે તેમ ઈન્દ્રિયોના વિષયો પણ લોભામણા છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનની ૧૮મી ગાથામાં કિંપાકફળનો ઉલ્લેખ પણ આવા જ સંદર્ભમાં છે.

વળી, આકીર્ણ (અશ્વ)ના અધ્યયનમાં અશ્વોને પકડવા માટે મનોજ્ઞ ખાદ્ય-પેય પદાર્થો, વાજિંત્રોના સૂરો અને પાંચે ઈન્દ્રિયોને સુખપ્રદ વસ્તુઓ સાથે છટકાં પણ ગોઠવ્યાં છે. જે અશ્વો તે વિષયોના શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમાં મોહાઈ ગયા તે જાળમાં ફસાઈ ગયા. અને જે આસક્ત બનતા નથી તે નિર્ભયપણે સ્વતંત્ર વિચરવા લાગ્યા.

સૂત્રકાર કાચબો, નંદીફળ, અશ્વના રૂપકથી જે વાતને દઢ કરતા હતા તે હવે જિનપાલ અને જિનરક્ષિત બે ભાઈઓની ઘટિત ઘટનાથી વધારે મજબૂત કરે છે. જિનપાલ રત્નાદેવીના આકર્ષક હાવભાવોમાં લિપ્ત થતા નથી. જ્યારે જિનરક્ષિત રત્નાદેવીના લોભમાં આવીને બ્રહ્મચર્યનો નાશ કરે છે.

જ્ઞાત (જ્ઞાતા) નામના પ્રથમ શ્રુતસ્કંધમાં જીવન કથાઓ અને દૃષ્ટાંતો દ્વારા ધર્મનું પુષ્ટીકરણ કર્યું છે. જ્યારે ધર્મકથા નામના બીજા શ્રુતસ્કંધમાં ચારે જાતિના દેવોની ૨૦૬ અગ્રમહિષી–ઈન્દ્રાણીઓના પૂર્વભવના જીવનકથાનકોનું નિરૂપણ છે. પૂર્વભવમાં આ સર્વ દેવીઓ પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં દીક્ષિત થઈ હતી. અને તે સર્વે સંયમી જીવનમાં શિથિલાચારી બની હતી. આ રીતે સંયમની વિરાધના કરી, તેની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના જ તે ૨૦૬ સાધ્વીઓ કાળધર્મ પામીને દેવીરૂપે ઉત્પન્ન થઈ.

આગમ સૂત્રોમાં જ્યાં જ્યાં રાજકુમારોને સંયમ લેવાની ભાવના જાગે છે ત્યારે તેઓ પોતાની આઠ પત્ની કે બત્રીસ પત્ની પાસે ન આવતા, પોતાના માતા-પિતા પાસે આવીને આજ્ઞા માંગે છે, તે વાત ઉલ્લેખનીય છે.

આજે સાધુજીવનમાં પ્રસરેલી મંત્ર-તંત્ર, દોરા–ધાગાદિ પ્રવૃત્તિ અંગે જ્ઞાતાધર્મકથામાં સચોટ લાલબત્તી બતાવે છે. ગૃહસ્થ પોતાની ઈચ્છા પ્રમાણે સાંસારિક પ્રશ્ન મુનિને પૂછે ત્યારે મુનિએ પોતાની સંયમ મર્યાદા અનુસાર ઉચિત હોય તો જ ઉત્તર આપવો જોઈએ તેવું સ્પષ્ટ વિધાન પોટ્ટિલા અને સુકુમાલિકાના અનુસંધાનમાં છે.

સામાન્ય રીતે શ્રમણોને પોતાના ઉપર મરણાંતિક કષ્ટ આવવા છતાં પણ તે કષ્ટ આપનાર વ્યક્તિને ઉઘાડા પાડતા નથી કે તેના વિશે અપ્રિય વચન પણ બોલતા નથી. પરંતુ ૧૬મા અમરકંકા-દ્રૌપદી નામક અધ્યયનમાં ધર્મઘોષ સ્થવિર નાગશ્રી બ્રાહ્મણનું રહસ્ય ખોલે છે કારણકે ઝેરના પરિણામવાળું મૃત ક્લેવર જોઈને લોકોના મનમાં કુશંકાઓ ન થાય તે લક્ષ્યે સ્પષ્ટીકરણ કરવું પડ્યું, એ અપવાદમાર્ગ છે.

પંચમહાવ્રતધારી સાધુને પંચાંગ વંદન થાય છે, તે રીતે ગૃહસ્થને વંદન થતા નથી. નારદ સંયમી ન હોવા છતાં પાંડુરાજાએ સપરિવાર ત્રણવાર પ્રદક્ષિણા કરીને વંદન કર્યા. તેનું કારણ તે વિશિષ્ટ કોટિના વિદ્યાધર પુરુષ હતા, બ્રહ્મચારી હતા.

ધર્મારાધનાના લક્ષ્યે કરાતાં પૌષધાદિમાં સાંસારિક સંકલ્પો કરી શકાય નહીં તેમ છતાં અભયકુમાર, નંદમણિયાર વગેરે સાંસારિક હેતુથી અઠ્ઠમ પૌષધ કરે છે. તેમાં પૌષધની વિધિ-નિયમો એકસરખા હોવા છતાં આગમમાં તેનો ઉલ્લેખ 'પૌષધ સમાન'નો છે.

જ્ઞાતાધર્મકથા સાહિત્યની દૃષ્ટિએ તો ઉત્તમ છે જ પણ તે સમયના નગરોની રચના, મકાનોની રચના અને સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર આ કથાઓમાં વર્ણિત છે. જીવન જીવવાનાં મૂલ્યો અને જીવનશૈલીનો માપદંડ પણ દર્શાવ્યો છે.

અહીં કેટલાક મનોવૈજ્ઞાનિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થયું છે. શ્રીકૃષ્ણ યુદ્ધ કરવા જતી વેળાએ આત્મવિશ્વાસથી કહે છે હું જીતીશ અને તેમ જ થાય છે. આ હકારાત્મક વિચારણા (Positive Thinking)ની વાત છે. બે મિત્રોને મોરના ઈંડા મળે છે. પહેલો મિત્ર સતત ચિંતવે છે કે આ ઈંડામાંથી એક સુંદર બચ્ચું જરૂર બહાર આવશે. બીજાને વિશ્વાસ નથી. તે વિચારે છે કે કદાચ બચ્ચું

બહાર ન પણ આવે. પરિણામે પહેલાને મોરનું સુંદર બચ્ચું મળે છે, જેને શંકા છે તેને બચ્ચું મળતું નથી. આ નકારાત્મક વિચારોનું પરિણામ દર્શાવે છે.

આમ, જ્ઞાતાધર્મકથામાં સંયમને દૃઢ બનાવતી કથાઓ મધપૂડાં જેવી રસસભર છે. તેમાંથી એક-એક મધુબિંદુરૂપી અધ્યયનમાંથી જુદો જુદો વૈરાગ્ય રસ નીતરે છે. ઈંડા કહે છે–શ્રદ્ધા રાખો, કાચબા કહે છે–ધીરજ રાખો, ઘોડા કહે છે–વૈરાગ્ય રાખો, ચંદ્ર કહે છે–અપ્રમત્તભાવ રાખો, તુંબડું કહે છે–નિર્લેપભાવ રાખો, દાવદ્રવ કહે છે–સહિષ્ણુતા રાખો, નંદીફળ કહે છે–અનાસક્ત ભાવ રાખો. દૃષ્ટાંત અને લોકભોગ્ય કથાઓ દ્વારા દીધેલો બોધ ઘીથી લથપથ રસાળ શીરાની જેમ ગળે ઊતરી જાય તેવું જ્ઞાતાધર્મકથામાં જ્ઞાત થાય છે. ✷ ✷ ✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૩ થી ચાલુ

કે સામને ધ્યાનસ્થ હોકર નિર્ભય બૈઠા રહા. ઉસને મન હી મન સંકલ્પ કર લિયા–

મરના મંજૂર હૈ, પરન્તુ ધર્મ નહીં છોડુંગા. મેરા ધર્મ સચ્ચા હૈ ઔર સચ્ચે કો કોઈ ભય નહીં...

ઉપદ્રવ હોતા રહા, પરન્તુ અરહન્નક અવિચલ રહા. થોડી દેર બાદ અચાનક તૂફાન શાન્ત હો ગયા. એક દિવ્ય દેવ આકાશ સે નીચે ઉતરા ઔર અર્હન્નક કો પ્રણામ કરકે બોલા–

''હે સત્પુરુષ! મૈંને આપકો બહુ કષ્ટ દિયે, ક્ષમા કરેં. સ્વર્ગ મેં ઈન્દ્ર મહારાજ ને આપકી ધર્મ-દૃઢતા કી પ્રશંસા કી થી. મૈંને પરીક્ષા લેને કે લિએ યહ સબ ઉપદ્રવ કિયા, પરન્તુ ઇસ અગ્નિ પરીક્ષા મેં ઉત્તીર્ણ હુએ ધન્ય હૈં આપ.''

દેવ ને અરહન્નક કો દો જોડી દિવ્ય કુંડલ ભેંટ કિએ–

''હે શ્રાવક શ્રેષ્ઠ! મેરી યહ તુચ્છ ભેંટ સ્વીકાર કરેં!''

કુંડલ ભેંટ દેકર દેવ ચલા ગયા.

અરહન્નક કા જહાજ કુછ દિનોં બાદ મિથિલા કે તટ પર પહુંચા. અરહન્નક ને એક જોડી દિવ્ય કુંડલ મિથિલા કે રાજા કુંભ કો ભેંટ કિયે!

''મહારાજ! યહ દિવ્ય કુંડલ મેરી ઓર સે સ્વીકાર કરેં.''

રાજા કુંભ ને કુંડલોં કી જોડી અપની પ્રિય પુત્રી મલ્લી કો ભેંટ દે દી. અરહન્નક ને મલ્લીકુમારી કો દેખા–

એસી સુન્દરતા ઈસકે સામને તો દિવ્ય કુંડલ કા તેજ ભી ફીકા હૈ.

કુછ સમય બાદ અરહન્નક આદિ યાત્રી વાપસ ચમ્પા નગરી લૌટ આયે. અરહન્નક ને દિવ્ય કુંડલ કી બચી હુઈ એક જોડી રાજા ચન્દ્રછાય કો ભેંટ કી ઔર પિછલી સબ ઘટના સુનાતે હુએ કહા–

''મહારાજ! મલ્લીકુમારી કે રૂપ લાવણ્ય કે સામને ઈન કુંડલોં કી ચમક ભી કુછ નહીં હૈ. મરકત મણિ કી કિરણોં સે ભી અધિક દીપ્તિમાન થી ઉસકી દેહકાન્તિ!''

મલ્લીકુમારી કા રૂપ વર્ણન સુનતે હી ચન્દ્રછાય કા રોમ-રોમ ખિલ ઉઠા. ઉસને અપને દૂત કો બુલાકર આજ્ઞા દી–

''ઉસ દિવ્ય સુન્દરી કે સાથે હમારા પાણિગ્રહણ કા પ્રસ્તાવ લેકર તુમ તુરન્ત મિથિલા કો જાઓ!''

દૂત રાજા કા વિવાહ પ્રસ્તાવ લેકર મિથિલા કી ઓર ચલ પડા.

શ્રાવસ્તી નગરી કે રુક્મિ રાજા કી કન્યા કા નામ થા સુબાહુ. નાગકન્યા સી અદ્‌ભુત સુન્દર થી વહ! એક બાર સ્નાનોત્સવ કે બાદ વસ્ત્ર-આભૂષણ ઔર પુષ્પ માલા પહનકર વહ પિતા કે પાસ આયી. રાજા ને અપને પાસ બૈઠાકર પ્યાર સે ઉસકા મસ્તક ચૂમા ઔર ફિર ગર્વ કે સાથ અન્તઃપુર કે વરિષ્ઠ રક્ષક સે પૂછા-

''ક્યા તુમને એસા અદ્‌ભુત ઔર અદ્વિતીય રૂપ-લાવણ્ય કહીં દેખા હૈ?''

વરિષ્ઠ રક્ષક બોલા–

''ક્ષમા કરેં મહારાજ! એક બાર મૈં મિથિલા નગરી ગયા થા. વહાઁ કી રાજકન્યા મલ્લીકુમારી કા જો રૂપ લાવણ્ય મૈંને દેખા, ઉસકા હજારવાઁ હિસ્સા ભી યહ નહીં હૈ!''

જૈસે પૂનમ કી રાત મેં સમુદ્ર મેં જ્વાર ઉઠને લગતા હૈ મલ્લીકુમારી કે સૌન્દર્ય કી ચર્ચા સુનતે હી રુક્મિ રાજા કે હૃદય મેં ભી પ્રેમ ઔર સ્નેહ કા જ્વાર ઉમડ આયા. ઉસને તુરન્ત અપને દૂત કો આજ્ઞા દી–

''જાઓ, મિથિલા કી રાજકન્યા મલ્લીકુમારી કા હાથ હમારે લિએ માંગો. ઇસકે લિએ હમ અપના સમ્પૂર્ણ રાજ્ય ભી ન્યૌછાવર કર દેંગે.''

મિથિલા મેં એક બાર મલ્લીકુમારી કે દિવ્ય કુંડલ કા જોડ ખુલ ગયા. રાજા કુંભ ને નગર કે કુશલ સ્વર્ણકારોં કો બુલાયા–

''રાજકુમારી કે દિવ્ય કુંડલ કા જોડ ખુલ ગયા હૈ, આપ ઝાલ દેકર ઠીક કરેં.''

સ્વર્ણકારોં ને ખૂબ પરિશ્રમ કિયા, દિમાગ લગાયા, પરન્તુ વહ જોડ ઠીક નહીં કર સકેં. અન્ત મેં રાજા કે પાસ આકર બોલે-

''મહારાજ! યે કુંડલ તો અલૌકિક હૈ, વિશ્વકર્મા ભી ઈનકે જોડ ઠીક નહીં કર સકતેં!''

રાજા કુંભ કો ઈસ ઉત્તર સે બહુત ક્રોધ આયા. વે બોલે-

''તુમ કૈસે સ્વર્ણાકર હો? યદિ તુમ મેં ઇતની કલાકારી ભી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૯ મું)

# શ્રી ઉપાસક દશાંગ સૂત્ર

☐ ડૉ. કેતકી યોગેશ શાહ

૭

તીર્થંકરની અર્થરૂપે વાણી અને ગણધર ભગવંતોની સૂત્રરૂપે ગૂંથણી એવા અગિયાર અંગસૂત્રોમાં સાતમા સ્થાને ઉપાસક દશાંગ સૂત્ર છે. અંગસૂત્ર હંમેશાં ધ્રુવ હોય એટલે કે હોય જ. ઉપાસક દશાંગ તેમાંનું એક છે. આ સૂત્ર ફક્ત શ્રાવકના જીવનચરિત્ર આલેખવા માટે જ છે, જેમાં શ્રાવકોનો જ અધિકાર છે. શ્રાવકનાં નામ બદલાય પણ ૭મું અંગસૂત્ર શ્રાવકોનું જ રહે. તીર્થંકર, ગણધર, સાધુ-સાધ્વીઓના હૈયે જેના નામ હોય તે શ્રાવકોના જીવન કેવા હોય? મહાવીર સ્વામી જ્યારે વિચરતા હતા ત્યારે ઉત્કૃષ્ટ શ્રાવકની સંખ્યા ૧ લાખ ૫૯ હજાર હતી. તેમાંના સર્વશ્રેષ્ઠ (top ten) આ દશ શ્રાવકો–આનંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકૌલિક, સકડાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા તથા શાલિહીપિતા છે. આ દશ મુખ્ય શ્રાવકોના જીવનનું તાદશ ચિત્ર (આલેખન) ૧૦ અધ્યયનમાં છે.

ઉપાસક દશાંગનું ગાથા પરિમાણ ૩૨ અક્ષરની એક ગાથા ગણતાં ૮૧૨ ગાથા છે. અસ્વાધ્યાય છોડીને પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય થાય તેવું કાલિક સૂત્ર છે.

દશે શ્રાવકોના અધ્યયનમાં એક સરખી સર્વ સામાન્ય વાત એ છે કે તેઓ ધનસંપન્ન, સમૃદ્ધ અને વૈભવશાળી હતા. સંયોગવશ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું મિલન થાય છે, જીવનમાં પરિવર્તન આવે છે. શ્રાવક ધર્મનો સ્વીકાર કરે છે, જીવનને મર્યાદિત ને સીમિત બનાવે છે. દશે શ્રાવકે ૧૨ વ્રત અને ૧૧ પ્રતિમાઓનું પાલન કર્યું. ૨૦ વર્ષ સુધી શ્રાવક-ધર્મનું પાલન કર્યું. તેમાં છેલ્લાં છ વર્ષ ગૃહસ્થ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈને આત્મસાધના કરી. અંતે એક માસનો સંથારો કરીને સમાધિમરણ થયું, પ્રથમ દેવલોકગમન ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી મુક્તિ ગમન કરશે.

દશ અધ્યયનમાંથી બે અધ્યયનમાં–૯ અને ૧૦મામાં કોઈ વિશેષતા નથી. તેમની ધર્મસાધનામાં પુણ્યાનુયોગે કોઈ ઉપસર્ગ ન આવ્યો. વિશેષતાવાળા અધ્યયનમાં આનંદ શ્રાવકની દૃઢતા, કામદેવની વ્રતની દૃઢતા, કુંડકૌલિકની તત્ત્વની સમજણ, સકડાલપુત્રની સરળતા અને મહાશતકની પત્નીનો પ્રતિકૂળ સંયોગ છતાં ધર્મોપાસનામાં દૃઢતા રાખી એ પ્રેરણાદાયી અધ્યયનો છે.

જિનશાસન ગુણપ્રધાન છે, વેષપ્રધાન નથી તે આનંદ શ્રાવક અને ગૌતમ સ્વામીના વ્યવહાર પરથી સિદ્ધ થાય છે. આનંદ શ્રાવકના આમરણાંત અનશનના સમાચાર મળતાં જ ગૌતમસ્વામીનું સ્વયં ત્યાં જવું, ત્યાં ગયા પછી આનંદની શારીરિક અશક્તિ અને ભાવોના વેગ નિહાળી તેની નિકટ જવું, તેના અવધિજ્ઞાન વિષયક વાર્તાલાપ કરવો વગેરે પ્રસંગો ગૌતમસ્વામીની ગુણ દૃષ્ટિને પ્રગટ કરે છે.

આનંદ શ્રાવકના અવધિજ્ઞાનની વિશાળતા વિષયક શંકા થતાં અત્યંત સરળતાથી પ્રભુ પાસે તેનું સમાધાન કરવું, એટલું જ નહીં પરંતુ એક ગૃહસ્થના ઘરે જઈ ક્ષમાયાચના કરવી એ ગૌતમસ્વામીની મહાન સરળતા, નમ્રતા અને પ્રભુ પ્રત્યેની સાચી નિષ્ઠા ને અંતરશ્રદ્ધા છતી કરે છે. અહીં ઉલ્લેખનીય તો એ છે કે ગૌતમ સ્વામી પોતે ૧૪ પૂર્વધારી, દ્વાદશાંગીના ધારક, ૪ જ્ઞાનના ધણી, ૫૦,૦૦૦ સાધુઓના નાયક, ૮૦ વર્ષની ઉંમર, ૩૦ વર્ષનો દીક્ષાપર્યાય અને છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા. આવા જ્ઞાની, તપસ્વી, ઉત્તમ પદના ધારક હોવા છતાં પણ સ્ખલના થઈ શકે છે. ત્યારે કોઈ પણ જાતનો આગ્રહ રાખ્યા વિના સત્ય સ્વીકારી, ક્ષમાયાચના કરી તે તેમનો ઉત્તમ ગુણ છે.

મહાશતક સિવાય નવે શ્રાવકોનું પારિવારિક જીવન સુખી હતું. તેઓએ તેમની પત્નીને ધર્મ કરવા માટે, તીર્થંકરના દર્શન કરવા માટે કોઈ જાતનું દબાણ કર્યું નથી પણ પ્રેરણા આપી છે. જે આજે ઘણી જ અનુકરણીય લાગે છે. ઘરના પ્રત્યેક સદસ્યોને યોગ્ય પ્રેરણા આપી બાર વ્રતધારી શ્રાવક બનાવવા જોઈએ તો જ મહાવીરનું શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી ટકી શકશે.

મુનિદર્શન માટે સામાન્ય નિયમ એટલે કે પાંચ અભિગમ જાણવા યોગ્ય છે. જે સચિત્તત્યાગ, અચિત્તનો વિવેક, મુખ ઉપર રૂમાલ અથવા મુહપત્તિ, હાથ જોડવા, મનની સ્થિરતા છે.

વર્તમાનમાં ગૃહસ્થ સાધકો માટે આનંદ આદિ દશે શ્રાવકનું જીવન દિશાસૂચક છે. પોતાના ઘરમાં કેવળ ભોગ વિલાસ યોગ્ય જ વાતાવરણ ન રાખતાં, સાધના યોગ્ય સ્વતંત્ર સ્થાન રાખવું જોઈએ.

દશે શ્રાવકો પાસે કરોડોની સોનામહોર હોવા છતાં પ્રચુર સંપત્તિ અને ગોધન હોવા છતાં તેમને મહાપરિગ્રહી શ્રાવક કહ્યા નથી, અલ્પ પરિગ્રહી શ્રાવક કહ્યા કારણકે વ્રત સ્વીકારતી વખતે તેમની પાસે જેટલો પરિગ્રહ હતો તેમાં જ સંતોષ રાખ્યો. ઈચ્છાઓને સંયમિત કરી માટે સીમિત પરિગ્રહવાળા કહેવાય છે. અને જ્યારે પોતાને નિવૃત્ત થવું હતું તે સમયે છોડી પણ શક્યા. વ્યક્તિએ પોતાની નિવૃત્તિ સમયની એક મર્યાદા રાખવી જોઈએ.

સાંસારિક અને સામાજિક જવાબદારીમાંથી નિવૃત્તિ લઈ સ્વેચ્છાથી ઘર-ધંધાનો કારભાર પુત્રને સોંપી વાનપ્રસ્થાશ્રમને ધર્મારાધનાથી શોભાવવો જોઈએ, જે આ દશે શ્રાવકોનાં અધ્યયન ચિંતન-મનન કરાવે છે.

બીજા અધ્યયનમાં કામદેવ શ્રાવકને ધર્મસાધનામાં દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે પિશાચ, હાથી અને સર્પનું વૈક્રિય રૂપ કરી કામદેવને ધર્મશ્રદ્ધાથી વિચલિત કરવા માટે પ્રયત્નો કર્યા પણ દેવ તેમાં સફળ થયો નહીં. ધર્મ કરનાર વ્યક્તિને કોઈ પ્રતિકૂળતા આવતી નથી, તેમ નથી. પરંતુ ધર્મશ્રદ્ધા એ વ્યક્તિને પ્રતિકૂળતામાં સહન કરવાની ક્ષમતા અને સમજણ આપી ધર્મમાં દૃઢ બનાવે છે. તેનું ઉત્તમ ઉદાહરણ કામદેવનું અધ્યયન છે. એવા પ્રિયધર્મી ને દૃઢધર્મી શ્રાવકના વખાણ ખુદ ભગવાન મહાવીર કરે છે. એક શ્રાવકનું ઉદાહરણ સાધુ-સાધ્વી માટે પ્રેરક બને એ કાંઈ નાની-સૂની વાત નથી.

ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક અને સકડાલપુત્ર એ ચારેય શ્રાવકને દેવકૃત ઉપસર્ગ આવ્યો. દેવે ક્રમશઃ ત્રણ પુત્રવધ કર્યા ત્યાં સુધી તેઓ ચલિત ન થયા પણ ચુલનીપિતા શ્રાવકને માતાની મમતા નડી, માતૃવધની ધમકીથી ચલિત થયા ને વ્રતભંગ થયો. પણ માતાની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કર્યું. સુરાદેવ શ્રાવકને શરીરના રોગ ઉત્પન્ન કરવાની ધમકી આપી ને તેઓ ચલિત થયા. પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કર્યું. ચુલ્લશતક શ્રાવક સર્વ સંપત્તિ વેરવિખેર કરવાની ધમકીથી ચલિત થયા ને તેઓ પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત કરે છે. સકડાલપુત્ર શ્રાવક પત્નીવધની ધમકીથી વ્રતભંગ થાય છે પણ પત્નીની પ્રેરણાથી પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરે છે. ધર્મ સાધનામાં–આરાધનામાં જો કોઈ નડતરરૂપ હોય ને મનને અસ્થિર કરનારું હોય તો શરીર, સંબંધ અને સંપત્તિ છે, જે આપણી નબળી કડી છે.

કુંડકૌલિકની શ્રદ્ધા સમજણપૂર્વકની હતી. તેથી જ દેવના કથનથી તેઓ ચલિત થયા નહીં એટલું જ નહીં યુક્તિપૂર્વક નિયતિવાદનું ખંડન કરીને સ્વસિદ્ધાંતની પ્રરૂપણા કરી શક્યા અને દેવને નિરુત્તર કરી શક્યા. ખુદ પ્રભુ મહાવીરે કુંડકૌલિકને ધન્યવાદ આપ્યા અને તેની ઘટનાથી સાધુ-સાધ્વીઓને પવિત્ર પ્રેરણા આપી પ્રજ્ઞાબુદ્ધિ ધરાવનાર શ્રમણો અને શ્રમણોપાસકોએ જૈનાગમોનું વિશાળ અને ગહનતમ અધ્યયન ચિંતન સાથે કરવું જોઈએ એ જ આ અધ્યયનનો બોધ છે.

સકડાલપુત્રના અધ્યયનમાં સકડાલપુત્રને પ્રભુ મહાવીર સાથે નિયતિવાદ વિષયક થયેલી ચર્ચાનું નિરૂપણ છે. પ્રભુએ સકડાલપુત્રને તેના રોજિંદા કાર્ય ઉપરથી જ પુરુષાર્થવાદની ઉપયોગિતા અને અનિવાર્યતા સમજાવી, આપણું દરેક કાર્ય પુરુષાર્થ વિના શક્ય જ નથી. પ્રભુએ તેને પૂછ્યું કે તમે જે કાંઈ માટીના વાસણો વગેરે બનાવો છો તે કઈ રીતે થાય છે? સકડાલપુત્રે તેની પ્રક્રિયા આદિથી અંત સુધી સમજાવી. માટી પલાળવાથી લઈને વાસણને ભઠ્ઠીમાં પકવવા સુધી બધી જ ક્રિયા પુરુષાર્થજન્ય જ છે. તેથી જ સર્વભાવો નિયત છે, તેનું ખંડન થઈ જાય છે. વ્યાવહારિક જીવનમાં નિયતિવાદને સ્વીકારવો ઉચિત નથી. નિયતિવાદના સ્વીકારથી વ્યક્તિ સર્વથા નિષ્ક્રિય બની જાય, પ્રમાદ વધી જાય. 'જે થવાનું છે તે થશે', તે વિચારથી કે તે શ્રદ્ધાથી કાર્ય થતું નથી. તેથી એકાંતવાદને ન સ્વીકારતા પાંચ સમવાય–કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થને સ્વીકારવા, તે સર્વ પ્રકારે સંગત છે.

સકડાલપુત્ર જાતિથી કુંભાર હતા, પાંચસો કુંભારશાળાઓના માલિક હતા. છતાં તેમના જીવનમાં ધર્મનું સ્થાન હતું. તેમની શ્રદ્ધા ગોશાલકના નિયતિવાદની હતી પરંતુ પ્રભુના પ્રથમ સમાગમે, સત્ય સમજાતાં, આગ્રહ છોડીને સત્–તત્ત્વને સ્વીકારી લીધું.

અન્ય શ્રાવકના અધ્યયનમાં ઉપસર્ગ દેવકૃત હતો પણ મહાશતકના જીવનમાં તેમની પત્ની રેવતી દ્વારા પ્રતિકૂળ સંયોગો મળે છે. રેવતી વિષય–વાસનામાં મસ્ત, મદ્ય અને માંસ ભક્ષણમાં લોલુપી અને આસક્ત હતી. તેની કામના–પૂર્તિ માટે વિધ-વિધ પ્રયત્નો કરે છે. તેમાં જો કોઈ બાધક હોય તો ક્રોધ કરે છે, તેનો વધ કરે છે. ક્રોધી વ્યક્તિ હેય-ઉપાદેયનો વિવેક ભૂલી જાય છે ને સર્વ વિનાશને નોતરે છે. તેની બાર શોક્યનો વધ અને રોજ બે વાછરડાંના માંસનું ભક્ષણ જેવા અધમાધમ કાર્ય નિર્લજ્જતાથી કરે છે. મહાશતક દૃઢધર્મી ને પ્રિયધર્મી શ્રાવક હતા. તેને ચલિત કરવા માટે ઘણી કુચેષ્ટાઓ કરી ત્યારે અંતિમ આરાધનામાં લીન, અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકીને રેવતીનું પ્રથમ નરકનું ભાવિ કહે છે. ત્યારે આ માટે ભગવાન મહાવીર તેને પ્રાયશ્ચિત્ત લેવા કહે છે. સત્ય અને યથાર્થ વચન પણ જો અનિષ્ટ કે અપ્રિય હોય તો બોલવું કલ્પનીય નથી. તે આ અધ્યયનમાંથી શીખ મળે છે.

ઉપાસક દશાંગ સૂત્રમાં દશ શ્રાવકના માધ્યમથી તત્કાલીન શ્રાવકોની ધાર્મિક ભાવના સાથે સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિનો અહેવાલ મળે છે.

દશેદશ શ્રાવકો પાસે ગોધન ઘણું હતું. તેના પરથી ફલિત થાય છે તે સમયના જનજીવનના ગાય અને બળદનું મહત્ત્વ વિશેષ હશે.

દશેદશ શ્રાવકો પોતાની ધનસંપત્તિનો એક ભાગ ખજાનામાં, એક ભાગ વ્યાપારમાં અને એક ભાગ ઘરના વૈભવ-સાધન સામગ્રીમાં રાખતા હતા. તે સમયની આ કુશળ આર્થિક વહેંચણી આજના સમયે ઘણી ઉપકારક છે. આજે લોકો પોતાની ચાદર

કરતાં વધારે પગ પહોળા કરી લોન લઈ, હપ્તા ભરીને વસ્તુ-ઘર વસાવે છે. તેના માટે ટેન્શન ઊભાં કરે છે ને બ્લડ-પ્રેશર, ડીપ્રેશન ને ડાયાબિટીસનો શિકાર બને છે.

તે સમયના શ્રાવકો વ્રત ગ્રહણ કરતી વખતે ખાદ્ય, પેય, ભોગ, ઉપભોગ વગેરેની જે મર્યાદા કરી, તેનાથી તે સમયની જીવનશૈલી, રહેણીકરણી પર સારો પ્રકાશ પડે છે. માલિશની વિધિમાં શતપાક તેલ અને સહસ્ત્રપાક તેલ વાપરતા. તેનાથી એ પ્રગટ થાય છે કે ત્યારે આયુર્વેદ ઘણું વિકસિત હતું. લીલાં જેઠીમધનું દાતણ, વાળ ધોવા માટે આંબળાનો ઉપયોગ વગેરે રોજિંદી ક્રિયાનો ઉલ્લેખ સૂચવે છે કે ખાનપાન, રહેણીકરણી સહજ, સરળ અને પથ્યકારી હતી. લોકોમાં આભૂષણ ધારણ કરવાની રુચિ હતી. મોટા માણસો સંખ્યામાં ઓછાં પરંતુ બહુમૂલ્ય આભૂષણ પહેરતા હતા. પુરુષોમાં અંગૂઠી પહેરવાનો વિશેષ રિવાજ હતો. આનંદ શ્રાવકે પોતાની નામાંકિત અંગૂઠીના રૂપમાં આભૂષણની મર્યાદા કરી હતી. ભોજન પછી મુખવાસની પ્રથા હતી. કન્યાઓના લગ્ન પ્રસંગે પિતૃપક્ષ તરફથી દહેજ અપાતું હતું. એવા જીવન વ્યવસ્થાના અનેક પાસાંઓ અહીં ઉજાગર થયાં છે.

જૈનધર્મમાં સાધનાની દૃષ્ટિએ શ્રમણધર્મ અને શ્રમણોપાસક ધર્મ એમ બે પ્રકારે વિભાજન કર્યું છે. આ વિભાજનમાં ઊંડું મનોવૈજ્ઞાનિક તથ્ય છે. દરેક વ્યક્તિની ક્ષમતા, સામર્થ્ય, ઉત્સાહ, આત્મબળ, પરાક્રમ સમાન હોતાં નથી. તેથી ઓછી કે અધિક દરેક પ્રકારની શક્તિ ધરાવતી વ્યક્તિ સાધના માર્ગમાં પ્રવેશ કરી શકે છે. તે માટે શ્રમણોપાસક ધર્મની વ્યવસ્થા છે. સાધુના મહાવ્રત લેવા તે રત્ન ખરીદવા સમાન છે. રત્ન આખું જ ખરીદવું પડે જ્યારે શ્રાવકના વ્રત લેવા તે સોનું ખરીદવા સમાન છે; શક્તિ અનુસાર ખરીદો. જે સંસારમાં રહીને ભગવાન મહાવીરના ધર્મની ઉપાસના કરી, ઉપાસક બની આત્મકલ્યાણ કરવા માંગે છે તેમના માટે ઉપાસકદશાંગ સૂત્રનું અધ્યયન અત્યંત હિતકારક છે. ✷ ✷ ✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૬ થી ચાલુ

નહીં હૈ તો મેરે રાજ્ય સે નિકલ જાઓ.''

ક્રોધિત રાજા ને ઉન શ્રેષ્ઠ સ્વર્ણાકરોં કો દેશ નિકાલા દે દિયા.

મિથિલા સે નિષ્કાસિત સ્વર્ણકાર આજીવિકા કે લિએ ઘૂમતે હુએ વારાણસી આયે. વહાઁ કે રાજા શંખ કી સભા મેં આકર આશ્રય માંગને લગે–

''મહારાજ! હમ મિથિલા સે નિષ્કાસિત સ્વર્ણકાર આપકી નગરી મેં શરણ ચાહતે હૈ?''

''કિસ અપરાધ મેં તુમ્હેં મિથિલા સે નિકાલ દિયા ગયા?''

સ્વર્ણકારોં ને સારી ઘટના રાજા કો કહ સુનાઈ।

''ઔર મહારાજ! જૈસે વે દિવ્ય કુંડલ અલૌકિક હૈં વૈસા હી અલૌકિક રૂપ લાવણ્ય હૈ મલ્લીકુમારી કા. એક બાર તો સૂર્ય કી કિરણેં ભી ફીકી પડ જાતી હૈ ઉસકી ચમક કે સામને...''

નીંબૂ કા નામ સુનતે હી જૈસે મુઁહ સે લાર ટપકને લગતી હૈ. વૈસે હી મલ્લીકુમારી કા નામ સુનતે હી રાજા શંખ પ્રેમ-વિખલ હો ગયા. ઉસે લગા–

મલ્લીકુમારી કો પાયે બિના મેરા જીના હી વ્યર્થ હૈ.

ઉસને તુરન્ત દૂત કો બુલાકર રાજા કુંભ કે પાસ મલ્લીકુમારી સે વિવાહ કા પ્રસ્તાવ ભેજા.

એક દિન મલ્લી કે છોટે ભાઈ મલ્લકુમાર ને નગર કે શ્રેષ્ઠ ચિત્રકારોં કો બુલાકર કહા–

''મેરી ઈચ્છા હૈ, રાજ્ય મેં એક અદ્ભુત ચિત્રશાલા બનવાઈ જાય.''

''હમ પ્રયત્ન કરેંગે.''

ચિત્રકાર ચિત્રશાલા નિર્માણ મેં લગ ગયે.

કુછ સમય બાદ રાજકુમાર કો સૂચના મિલી–

કુમાર! ચિત્રશાલા બન કર તૈયાર હૈ.

કલ હમ અપને પરિવાર સહિત ચિત્રશાલા કા નિરીક્ષણ કરેંગે.

અગલે દિન રાજકુમાર ઔર યુવરાનિયાઁ ચિત્રશાલા કા નિરીક્ષણ કરને લગે. વિવિધ હાવ-ભાવ વ શ્રૃંગાર મુદ્રાઓ વાલે ચિત્ર દેખકર સબ પ્રસન્ન હો રહે થે. સહસા એક ચિત્ર પર રાજકુમાર કી નજર પડી–

''અરે! ઈસ ચિત્રશાલા મેં મેરી પૂજ્ય બડી બહન ઉપસ્થિત હૈ?''

વહ લજ્જિત-સા હોકર પીછે હટને લગા!

ધાય માતા ને પૂછા તો મલ્લદિન્ન ને કહા–

''વહાઁ દેવ-ગુરુ તુલ્ય મેરી બડી બહન ઉપસ્થિત હૈ। ઉનકે સામને મૈં કેસે લજ્જાવિહીન હોકર ઈન ચિત્રોં કો દેખૂં?''

ધાય માતા ને ધ્યાનપૂર્વક દેખા, ફિર મુસ્કરાકર બોલી–

''કુમાર! આપકો ભ્રમ હો ગયા હૈ, યહ આપકી પૂજ્યા બહન નહીં, અપિતુ ઉનકા ચિત્ર હૈ.''

ઈતના સુનતે હી કુમાર દુસરે વિચારોં મેં ખો ગયા–

એસા કૌન ધીઠ ચિત્રકાર હૈ? જિસને મેરી બહન કે અંગ પ્રત્યંગો કા ઈતના સાક્ષાત સજીવ ચિત્રણ કિયા હૈ?

ઉસને ગુસ્સે મેં ભરકર સૈનિકોં કો આદેશ દિયા–

''ઉસ દુષ્ટ ચિત્રકાર કા વધ કર દો.''

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૨ મું)

# શ્રી અંતગડ સૂત્ર

૮

□ડૉ. કેતકી યોગેશ શાહ

અગિયાર અંગસૂત્રોમાં આઠમા સ્થાને અંતગડદશાંગ સૂત્ર છે. સાતમા ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવાને શ્રમણોપાસકોના ચરિત્રવર્ણન કરીને અગાર-શ્રાવકધર્મનો પ્રતિબોધ કર્યો તો આ અંતગડ સૂત્રમાં અણગાર-સાધુ ધર્મને સ્વીકારી જે મહાત્માઓ ચરમ શરીરી છે–તે જ ભવમાં મોક્ષે જવાના છે અને અંતકાળે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ધર્મદેશના દીધા વિના જ મુક્તિ મેળવી એમના ચારિત્રનું વર્ણન છે. અંતગડ સૂત્ર એટલે સંસારનો સંપૂર્ણ અંત કરાવતી અંતઃકરણની યાત્રા.

અંતગડ સૂત્રનો એક શ્રુતસ્કંધ છે. મૂળમાં ૨૩,૨૮,૦૦૦ પદો હતાં. વર્તમાનમાં ૯૦૦ શ્લોક પ્રમાણ છે. તેમાં ૮ વર્ગ છે, તેના ૯૦ અધ્યયનો છે. આ આગમની રચના કથાત્મક શૈલીમાં છે.

અંતગડ સૂત્રનું ઘણું ઊંચું સ્થાન છે. ઉત્તર ભારતમાં પર્યુષણ પર્વના માંગલિક દિવસોમાં આ આગમના એક એક વર્ગનું વાંચન કરી, ૮ વર્ગની વાંચણી આઠ દિવસમાં પૂરી કરવામાં આવે છે.

આ આગમની વર્ણનશૈલી અત્યંત વ્યવસ્થિત છે તથા લગભગ એક જ માળખામાં બંધબેસતી કથાઓ છે. પ્રત્યેક સાધકના નામ, નગર, ઉદ્યાન, રાજા, માતા-પિતા, ૭૨ કળામાં પ્રવીણ, ધર્માચાર્ય, તીર્થંકર ભગવાન, ધર્મકથા, ઈહલૌકિક તથા પારલૌકિક ઋદ્ધિ, પાણિગ્રહણ, પ્રીતિદાન, ભોગ-પરિત્યાગ, પ્રવજ્યા, દીક્ષાકાળ, શ્રુતગ્રહણ, તપોપધાન, સંલેખના, સંલેખનાભૂમિ તથા અંતક્રિયા કરી સિદ્ધિગમનનો ક્રમિક ઉલ્લેખ છે. **રાજાશાહી ભોગાવસ્થાથી યોગાવસ્થાનો સુખદ વિરામ છે.**

અંતગડ સૂત્રના ૯૦ અધ્યયનમાં ૯૦ જીવોનો અધિકાર છે. તેમાંના ૫૧ ચરિત્ર બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિના શાસનના અને ૩૯ ચરિત્ર ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના શાસનના છે. પહેલાં ૫૧ ચરિત્રનો વિસ્તાર ૫ વર્ગમાં અને ૩૯ ચરિત્રનો વિસ્તાર ૩ વર્ગમાં છે. ૫૧ ચરિત્રમાં કૃષ્ણ વાસુદેવના પરિવારજનો છે. જેમાં તેમના ૧૦ કાકા, ૨૫ ભાઈ, ૮ પત્ની, ૨ પુત્રવધૂ, ૩ ભત્રીજા, ૨ પુત્ર ને ૧ પૌત્રનો સમાવેશ થાય છે. યાદવકુળના રાજવંશી આ પરિવારજનો શ્રી અરિષ્ટનેમિ ભગવાનના સમવસરણમાં આવે, ધર્મ શ્રવણ કરે, માતપિતાની આજ્ઞાથી દીક્ષા લે જેમ કોઈ વ્યક્તિ ઘરમાં અચાનક આગ લાગતાં અલ્પ વજનવાળી અને બહુમૂલ્યવાળી વસ્તુઓને ત્વરાથી લઈને બહાર નીકળી જાય છે તેમ જરા-મરણની અગ્નિમાં માનવ જીવન ભસ્મ થાય તે પહેલાં અગુરુલઘુ આત્માને બચાવી લે છે. (શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનની ગાથા ૨૩માં પણ આવો ઉલ્લેખ છે.) મુનિવેશ ધારણ કરી ઉત્તમ સાધુત્વના આચાર-તપ-જ્ઞાન-ધ્યાન કરી અંતિમ સમયે સંલેખના કરી અંતિમ શ્વોસોચ્છ્વાસ દ્વારા આઠે કર્મોનો ક્ષય કરી સિદ્ધ થાય છે.

દરેક અધ્યયનમાં એક સરખી પરિપાટી હોવા છતાં વિશેષતાભર્યા અધ્યયનનો અહીં ઉલ્લેખ કર્યો છે.

અનીયસકુમાર આદિ ૬ અણગાર ભાઈઓ જેઓ એકસમાન દેખાતા હતા તેમનું દેવકીમાતાને ત્યાં ગોચરી અર્થેનું આગમન–એ પ્રસંગમાં મુનિરાજોનું ભિક્ષાર્થ ગમન, ગોચરીનો સમય, ગોચરી પહેલાની પ્રતિલેખન આદિ વિધિનું વર્ણન છે. બે-બેના સંઘાડા (ગ્રુપ)માં ત્રણ વાર મુનિઓના આવવા છતાં દેવકીમાતાની વિનય પ્રતિપતિ દાતાની દાનવિધિનું દર્શન કરાવે છે.

પહેલા વર્ગના પહેલા અધ્યયનમાં કૃષ્ણ વાસુદેવની ધનપતિ વૈશ્રમણ દેવ કુબેરની બુદ્ધિ કૌશલ્યથી નિર્મિત્ત દ્વારિકા નગરીનું વૈભવશાળી વર્ણન છે. કૃષ્ણ વાસુદેવની ત્રણે ખંડની બાહ્ય આભ્યંતર રાજસંપદા અને નગરસંપદાનું આલેખન છે. આટલી સમૃદ્ધિ હોવા છતાં તેઓ માતા પ્રત્યેની અપૂર્વ ભક્તિથી પ્રેરાઈને માતાની એક નાનો પુત્ર હોવાની ભાવનાને પૂરી કરવા અઠ્ઠમ તપ કરી હરિણગમૈષી દેવને બોલાવે છે. દેવ અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકી ને કહે છે, 'દેવલોકથી એક દેવતા આયુષ્ય પૂર્ણ કરી, ચ્યવીને તમારો સહોદર લઘુભ્રાતા થશે.' આ કથન સૂચવે છે કે **દેવ કોઈને પુત્રો આપતા નથી પરંતુ ભવિતવ્યતા હોય તો સંયોગો મેળવી આપે કે જાણકારી આપી શકે.**

ત્રીજા વર્ગના આઠમા અધ્યયનમાં ગજકુસુમાલના ઐતિહાસિક કથાપ્રસંગના ઉલ્લેખથી કદાચિત્ કોઈક જ જૈન અજાણ હશે. દરેક સાધુ-સાધ્વી વ્યાખ્યાન-પ્રવચનોમાં ગજસુકુમાલના ગુણગાન અલગ અલગ દૃષ્ટિકોણથી ફરમાવે છે.

હાથીના તાળવા સમાન અત્યંત સુકોમળ હોવાથી માતપિતાએ ગજસુકુમાલ નામ રાખ્યું. તેમની પ્રભા, ચમક, કાંતિ અને રંગના વર્ણન પરથી જાણવા મળે છે તેઓ સુંદર હતા. યુવાવસ્થા આવતા સુધીમાં ૭૨ કળાના પ્રવીણ બને છે. સોમિલ નામના બ્રાહ્મણની સોમા નામની કન્યા પર ગજસુકુમાલના ભાઈ કૃષ્ણની નજર પડતાં, ભાઈ માટે યાચના કરી, અંતઃપુરમાં રાખે છે. બીજી તરફ ત્યાં અરિષ્ટનેમિ ભગવાન આવે છે. ગજસુકુમાલ ધર્મશ્રવણ કરે

છે અને વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે. અહીં પુત્રમોહના કારણે માતા દેવકી પુત્રને અનુકૂળ-પ્રતિકૂળ, રાગાત્મક પ્રલોભનો, સંયમ માર્ગની કઠિનાઇઓ આદિ અનેક પ્રકારે ગજસુકુમાલને યોગથી ભોગ તરફ વાળવાની યુક્તિઓ, ઉક્તિઓથી સમજાવટ કરે છે. તે તમામના સચોટ વૈરાગ્યપૂર્ણ પ્રત્યુત્તર સાથેના માતાપિતાનું અત્યધિક સુંદર વર્ણન છે.

કૃષ્ણ મહારાજ તેમના વૈરાગ્યની કસોટી કરવા રાજ્યાભિષેક કરાવે છે પણ ગજસુકુમાલનો જ્ઞાનગર્ભિત દૃઢ વૈરાગ્ય રંગ લાવે છે. દીક્ષાના દિવસે જ બારમી ભિક્ષુ મહાપ્રતિમાની આરાધના કરવા, ભગવાનની આજ્ઞા લઈ મહાકાળ નામના સ્મશાનમાં જાય છે. આ મહાપ્રતિમાના વહન વખતે અવશ્ય દેવ, મનુષ્ય કે તિર્યંચકૃત ઉપસર્ગ આવે છે. સાધક જો આ પ્રતિમાનું સમ્યક્પાલન ન કરી શકે તો ઉન્માદને, દીર્ઘકાલીન રોગાંતકને પામે છે અથવા જિનધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. પણ જો સમ્યક્પાલન કરે તો અવશ્ય અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન-આ ૩ જ્ઞાનમાંથી કોઈપણ એક જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

ગજસુકુમાલ મુનિના ઉત્કૃષ્ટ વૈરાગ્યથી અજ્ઞાત અને પુત્રીમોહમાં અંધ થયેલા સસરા સોમિલ બ્રાહ્મણનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠે છે. ક્રોધની આંધીએ તેના વિવેક દીપકને બુઝવી નાખ્યો. પરિણામ સ્વરૂપ નવદીક્ષિત મુનિરાજના તાજા મુંડિત મસ્તક પર ધગધગતા ખેરના અંગારા ભીની માટીની પાળ બાંધી રાખી દીધા. અહીં સૂત્રકારે ગજસુકુમાલ મુનિની અસહ્ય કલ્પનાતીત મહાવેદનાનો હૃદયસ્પર્શી ચિતાર આપ્યો છે. મહાભયંકર વેદનામાં પણ, જરામાત્ર પણ, વૈર-બદલાની આછેરી રેખા પણ મુનિરાજમાં જાગતી નથી. રોષ ઉપર તોષ, દાનવતા પર માનવતાનો અમર જયઘોષ ગુંજવતા, એક જ દિવસની ચારિત્ર પર્યાય દ્વારા ગુણસ્થાનકાતીત બની મોક્ષ પ્રાપ્ત કરી લીધો.

શું બોંતેર કળામાં પ્રવીણ એવા ગજસુકુમાલ મુનિ હાથેથી ખેરના અંગારા નીચે મૂકી શકતા નહોતા કે માથું નમાવી તે નીચે પાડી શકતા નહોતા? ના...કારણકે જેણે છકાયની દયાનો પાઠ આત્મસાત્ કર્યો હોય તે તેઉકાયના જીવોની હિંસા કેમ કરી શકે? તેમણે તો સોમિલ બ્રાહ્મણને પોતાની મોક્ષસિદ્ધિના સહાયક માન્યા.

આ પ્રસંગના અનુસંધાનમાં કૃષ્ણ વાસુદેવની પ્રભુતામાં લઘુતાના દર્શન કરાવતો માર્મિક પ્રસંગ છે. એક અતિ વૃદ્ધ વ્યક્તિને જોઈને કૃષ્ણ મહારાજનું ફૂલ જેવું કોમળ હૃદય અનુકંપાથી દ્રવિત થઈ જાય છે અને એના સહયોગ માટે સ્વયં ઢગલામાંથી ઈંટ ઉઠાવે છે. તેનું અનુકરણ કરી અન્ય સૈનિકદળે આખો ઈંટનો ઢગલો ઘરમાં પહોંચાડી દીધો. જે રીતે કૃષ્ણે પેલા વૃદ્ધને સહાયતા કરી તેવી રીતે સોમિલે ગજસુકુમાલ મુનિને લાખો ભવોના સંચિત કર્મોને ભસ્મીભૂત કરવામાં સહાયતા કરી હતી.

બધા વાસુદેવ નિયમા (નિશ્ચયથી) નિયાણકડા હોવાથી કોઈપણ કાળે પોતાના વર્તમાન ભવમાં સંયમ સ્વીકાર કરી શકતા નથી અને તેઓ નિયમા નરકમાં જવાવાળા હોય છે. એક બાજુ કૃષ્ણ વાસુદેવને પણ નરકગામી બતાવ્યા તો બીજી તરફ અરિષ્ટનેમિ ભગવાન તેમને તે નરક પછીના ભવમાં આગામી ઉત્સર્પિણીકાળના 'અમમ' નામના બારમા તીર્થંકર બનશે એવી ભવિષ્યવાણી કરે છે. દ્વારિકાના નાશના ત્રણ કારણ સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિ છે. કૃષ્ણ જ્યારે દ્વારિકાનો ભાવી નાશ જુએ છે ત્યારે પોતાની સંયમ લેવાની અસમર્થતા હોવા છતાં નગરજનો ને પરિવારજનોને સંયમ લેવા માટેની સુલભતા ને સંયોગો કરી આપે છે. ઉત્કૃષ્ટ રસ ભરેલી ધર્મદલાલી કરી તીર્થંકર નામ કર્મ બાંધે છે.

ત્યાર પછી પદ્માવતી આદિ ૮ રાણી અને બે પુત્રવધૂને દીક્ષાના ભાવ જાગે છે અને વીશ વર્ષનું ચારિત્ર પાળી મોક્ષે સિધાવે છે. આમ પાંચ વર્ગમાં અરિષ્ટનેમિના શાસનકાળના ૪૧ સાધુ અને ૧૦ સાધ્વીઓનો અધિકાર છે.

૬, ૭, ૮ વર્ગમાં ભગવાન મહાવીરના શાસનકાળના ૧૬ સંતો અને ૨૩ સાધ્વીજીઓનું વર્ણન છે.

છઠ્ઠા વર્ગમાં રાજગૃહી નગરીના અર્જુનમાળીનો પ્રસંગ છે. પાંચ મહિના, તેર દિવસમાં ૧૧૪૧ વ્યક્તિઓની (જેમાં ૯૭૮ પુરુષો અને ૧૬૩ સ્ત્રીઓ છે) બેધડક હત્યા કરનારા અર્જુનમાળી જેવા હત્યારાને સુદર્શન શેઠની શ્રદ્ધા સુ-દર્શન કરાવે છે. અહીં શક્ય છે કે તીર્થંકર ભગવાનના પગલાં થયા પછી તે ક્ષેત્રમાં થઈ રહેલા ઉપદ્રવો કે રોગાંતક કોઈ પણ નિમિત્તે શાંત થઈ જાય છે. અર્જુનનો ઉપદ્રવ પણ સુદર્શન શ્રાવકના નિમિત્તથી દૂર થયો. દૈવી તાકાત સામે આધ્યાત્મિક તાકાતનો જ્વલંત વિજય થતાં અર્જુનમાળી અર્જુન અણગાર બની જાય છે. પોતાના જીવનનું આમૂલચૂલ પરિવર્તન કરી, છઠ્ઠના પારણે છઠ્ઠ કરી, અદ્ભુત સમતા, સહનશીલતા, ક્ષમાભાવના અને ધૈર્યતાની પરાકાષ્ઠાને પામી, છ માસમાં અષ્ટકર્મોનો ક્ષય કરી, ભગવાન મહાવીર પહેલાં જ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

બાળ મુનિરાજ અતિમુક્ત કુમાર પ્રભુ મહાવીરના શાસનમાં સૌથી લઘુવયમાં સંયમ અંગીકાર કરનારા એક જ અણગાર છે. અહીં પ્રસ્તુત સૂત્રમાં અતિમુક્ત કુમારની જિજ્ઞાસા અને ૧૪ પૂર્વી ગૌતમ ગણધરનાં સમાધાનના સંવાદમાં બંનેની મહાનતાના દર્શન થાય છે. અતિમુક્તે તો ગૌતમ ગણધરની આંગળી ઝાલી પણ ગૌતમે તો તેમનો હાથ ઝાલ્યો ને પાત્રતા જાણી પ્રભુ પાસે લઈ

ગયા. અતિમુક્તને વૈરાગ્ય ભાવ જાગતા, માતા-પિતા પાસે આજ્ઞા માંગતા કહે છે, 'હે માતાપિતા! **હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે હું જાણું છું.'** અર્થાત્ મારું મૃત્યુ ક્યારે થશે અને હું ક્યાં જઈશ એ તત્ત્વજ્ઞાનથી હું અજ્ઞાત છું, એ અજ્ઞાતને જ્ઞાત કરવા માટે હું સંયમ ગ્રહણ કરવા ઈચ્છું છું. સંયમ ગ્રહણનો નિર્ણય આંતરિક પાત્રતા-યોગ્યતા ઉપર નિર્ભર છે, આગમમાં બાલવયની દીક્ષાનો નિષેધ નથી.

સાતમા, આઠમા વર્ગમાં શ્રેણિકની નંદાદિ–૧૩+કાલી આદિ ૧૦, કુલ ૨૩ રાણીઓના જ્ઞાનાભ્યાસ, તપ આરાધનાઓનું કલ્પનાતીત વર્ણન છે. ઉત્કૃષ્ટ તપના કારણે તેમની દેદીપ્યમાન બનેલી દિવ્ય કાયાનું સૌંદર્ય વર્ણવ્યું છે. રાણીઓ ફૂલ સમાન કોમળ છે. તેટલી જ તપસાધનામાં સિંહણ સમાન શૂરવીર પણ છે. એક થી એક ચડિયાતા તપ અને દેહાધ્યાસ ત્યાગની સર્વોત્કૃષ્ટ ઝલક છે.

આમ, અંતગડસૂત્રમાં ૮ વર્ષના અતિમુક્તકુમાર, ૧૬ વર્ષના ગજસુકુમાલથી લઈને આશરે હજાર વર્ષની ઉંમરવાળા અનીયસકુમાર આદિ કુમારો સંયમ લેવાના ઉદાહરણ છે. તો કૃષ્ણ વાસુદેવ જેવો પતિ હોવા છતાં પદ્માવતી આદિ રાણીઓ સંયમ લે છે તો શ્રેણિક રાજાના મરણ પછી નંદા આદિ ૨૩ રાણીઓ પણ દીક્ષિતથાય છે. અતિ સાહ્યબી હોવા છતાં પુણ્યશાળી રાજકુમારો સંયમ લે તો સાવ સામાન્ય અને ભયંકર પાપી માળી પણ દીક્ષિત થવાના દૃષ્ટાંતો છે. દરેકનો એક માત્ર આશય ને એક માત્ર સંદેશ–**ભોગવૃત્તિનો ત્યાગ અને પરિગ્રહની હેયતા.**

જે સાધકમાં જે ગુણો છે તેને ખીલવીને તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. કૃષ્ણ વાસુદેવની ધર્મશ્રદ્ધા, દયા, ધર્મદલાલી, માતૃભક્તિ, ગુણગ્રહણ દૃષ્ટિ; ગજસુકુમાલનું ધૈર્ય, સાધનાની અડગતા, અસીમ સંવેગ અને અવૈરવૃત્તિ; અર્જુનમાળીની અપાર તિતિક્ષા, અજોડ પ્રાયશ્ચિત્ત; સુદર્શન શેઠની નીડરતા; અતિમુક્તકુમારની જિજ્ઞાસા ને ઋજુતા; શ્રેણિકની રાણીઓનું ઘોર-ઉગ્ર તપ–આ બધા સાધકોના આ ગુણો ઉડીને આંખે વળગે તેવા છે.

અંતગડ સૂત્રનો પ્રતિપાદ્ય વિષય એ જ છે કે સંસાર પક્ષના વિવિધ રૂપો બતાવીને સાધકને ત્યાગ, સંયમ અને તપની પ્રેરણા દઈ ભવાંતઃક્રિયા તરફ લઈ જવા. આપણાને પણ એવી પ્રેરણાશક્તિ મળે તેવી શુભ ભાવના સાથે અંતગડ કેવળી આત્માઓને વંદન. ✷✷✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૩૯ થી ચાલુ

વધ કા આદેશ સુનકર અન્ય ચિત્રકારોં ને મલ્લદિન્ન સે પ્રાર્થના કી.

''કુમાર! ઈસમેં ચિત્રકાર કા કોઈ અપરાધ નહીં હૈ. ભાગ્ય સે ઉસે ઐસી અલૌકિક ક્ષમતા પ્રાપ્ત હૈ, કિ કિસી કે ભી શરીર કા એક તિલભર અવયવ દેખકર હી વહ ઉસકી સમ્પૂર્ણ હુ-બહુ આકૃતિ બના સકતા હૈ. આપ ઉસે મૃત્યુદંડ ન દીજિએ.''

કુમાર ને ઉસ ચિત્રકાર કો બુલાર ડાંટા તો ચિત્રકાર ને નિવેદન કિયા–

''કુમાર, મેરી ગલતી ક્ષમા કરેં. મૈંને એક બાર પર્દે કે પીછે સે મલ્લીકુમારી કે પૈર કા અંગુઠા દેખ લિયા થા. બસ ઉસી આધાર પર યહ હુ-બહુ આકૃતિ બના દી, યહ મેરા અપરાધ નહી, મેરી કલા હૈ.''

પરન્તુ મલ્લદિન્ન કા ક્રોધ શાન્ત નહીં હુઆ. ઉસને સૈનિકોં કો આદેશ દિયા–

''ઈસ નિર્લજ્જ ચિત્રકાર કી તર્જની અંગુલી ઔર અંગૂઠા કાટકર દેશ સે નિકાલ દિયા જાય''

ચિત્રકાર કો દેશ કે બાહર નિકાલ દિયા ગયા.

અપમાનિત ચિત્રકાર ઘૂમતા હુઆ હસ્તિનાપુર કે રાજા અદીનશત્રુ કી રાજ સભા મેં પહુંચા ઔર અપની બીતી સુનાતે હુએ બોલા-

''મહારાજ! કલા કા યહ દૈવીય વરદાન હી મેરા અભિશાપ બન ગયા...વર્ના મલ્લીકુમારી કા યથાર્થ રૂપ અંકિત કરના તો મનુષ્ય ક્યા, દેવો કે ભી વશ કી બાત નહીં હૈ.''

આશ્ચર્ય કે સાથ રાજા ને પૂછા–

''એસા ક્યા રૂપ લાવણ્ય હૈ ઉસકા?''

ચિત્રકાર ને અપની બગલ મેં છુપા મલ્લીકુમારી કા ચિત્ર રાજા કે સામને રખા. રાજા મુગ્ધ ભાવ સે દેખતા રહા–

ક્યા કિસી માનવી કા એસા રૂપ લાવણ્ય હો સકતા હૈ?

રાજા ને તુરન્ત દૂત કો બુલાકર કહા-

''હમ મલ્લીકુમારી કો હર કીમત પર પાના ચાહતે હૈ! તુમ કુંભ રાજા સે હમારે લિએ ઈસકા હાથ માંગો.''

દૂત મિથિલા કી તરફ ચલ પડા.

એકબાર ચૌક્ષા નામકી એક પરિવ્રાજિકા અપની શિષ્યાઓં કે સાથ મિથિલા નગરી મેં આઈ. ઉસને લોગોં સે મલ્લીકુમારી કી પ્રશંસા સુની.

એક ઓર રાજકુમારી મલ્લી રૂપ-લાવણ્ય મેં અપ્સરા સે ભી બઢકર હૈ, તો દૂસરી ઓર બુદ્ધિમાની મેં સરસ્વતી કો ભી માત દેતી હૈ.

સુન્દરતા ઔર જ્ઞાન કા અદ્‌ભુત સંગમ હૈ વહ.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૯ મું)

# શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર

૯

❑ ડૉ. કેતકી યોગેશ શાહ

અગિયાર અંગસૂત્રોમા નવમા સ્થાને શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર છે. સાતમા ઉપાસક દશાંગ સૂત્રમાં શ્રાવકના જીવન કવન હતા તો આઠમા અંતગડ અને નવમા અનુત્તરોપપાતિક સૂત્રમાં શ્રમણોના અધિકાર છે. આઠમા અંતગડ સૂત્રમાં તપ-ત્યાગ દ્વારા સિદ્ધ થયેલા ૯૦ શ્રમણોનું વર્ણન છે તો નવમા અનુત્તરોપપાતિકમાં ઉત્કૃષ્ટતમ તપની સાધના કરી આયુષ્ય પૂર્ણ થવા પર અનુત્તરવિમાનમાં જન્મ ગ્રહણ કર્યો હોય એવા ૩૩ આત્માઓના જીવન-વૃત્તાંત છે.

વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. એ પાંચ અનુત્તર વિમાન છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા અનુત્તરોપપાતિક કહેવાય છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા માનવોની દશા-અવસ્થાનું વર્ણન હોવાથી 'અનુત્તરોવવાઈય દશા' પણ કહેલ છે. ૩૩ સાગરોપમ સુધી અનુત્તર વિમાનના સુખ ભોગવતા દેવોને 'લવસપ્તમ દેવો' પણ કહેવાય છે. કારણકે પૂર્વના મનુષ્યના ભવમાં જો સાત લવ (લગભગ ૪ મિનિટ અને ૨૨ સેકન્ડ) જેટલું મનુષ્યનું આયુ વધારે હોત તો તેટલો સમય સાધનાની ધારા લંબાઈ ગઈ હોત તો સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષમાં ચાલ્યા ગયા હોત.

*સંથારામાં વિવિધ પ્રકારના પ્રયોગ હોતા નથી પણ એક જ સમાન પ્રયોગ જેમાં આત્માના નિજ ગુણોને પ્રગટ કરવાની તીવ્રતર ભાવના હોય છે. કોઈ પણ પ્રકારની કીર્તિની કામના કે કોઈ પણ ભૌતિક સુખની ચાહના હોતી નથી. સર્વ જીવ સાથે ખમત્ ખામણા કરી મોક્ષની સાધનાની ભાવના હોય છે માટે સંથારો આત્મહત્યા નથી પણ આત્માની સુખશય્યા છે.*

અનુત્તરોપપાતિક સૂત્ર ૨૯૨ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે. આ સૂત્રનું કદ બહુ મોટું નથી તેમ છતાં તેમાં બધી જ ક્રિયા-અનુત્તર-ઉચ્ચ પ્રકારની છે. આ ધર્મકથાનુયોગ સૂત્રમાં ૩ વર્ગ છે. તેમાં અનુક્રમે ૧૦, ૧૩, ૧૦ અધ્યયન છે. કુલ ૩૩ અધ્યયનમાં મહાન તપોનિધિ ૩૩ સાધકોનો ઉલ્લેખ છે.

પ્રથમ વર્ગ અને બીજા વર્ગના કુલ ૨૩ અધ્યયનમાં શ્રેણિક રાજાના જાલિ આદિ ૨૩ પુત્રોના સાધનામય જીવનનું વર્ણન છે. આ દરેક રાજકુમારોના પુણ્યશાળી જીવન, ૭૨ કળામાં પ્રવીણતા, આઠ પત્નીઓ, ભગવાના દર્શનથી વૈરાગ્યભાવ, દીક્ષા, તપ-સંલેખના, સંથારો, પાંચ અનુત્તર વિમાનમાં ગમન, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ, ત્યાંથી સિદ્ધ થશે તેવો ક્રમિક ઉલ્લેખ એક સરખો છે.

ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનમાં ધન્યકુમારનું જીવન વિશેષતા-યુક્ત હોવાથી વિસ્તારપૂર્વક સૂત્રકારે વર્ણવેલ છે. કાકંદી નામની નગરીમાં, ભદ્રા નામની સાર્થવાહીના ધન્યકુમાર પુત્ર છે. ભદ્રા સાર્થવાહી એક સાધન સંપન્ન સન્નારી હતી, પ્રચુર ધનસંપત્તિ, વિપુલ ગોધન અને અનેક દાસ-દાસી તેની સંપદા હતી. સમાજમાં સમ્માનયુક્ત હતી.

અહીં પ્રસ્તુત સૂત્ર પરથી તે સમયની સ્ત્રી જાતિની ઉન્નતિનો પરિચય થાય છે. સાર્થવાહી સ્ત્રીઓ આયાત-નિકાસ વેપારનું મોટું સાહસ ખેડતી, વ્યાપાર, વ્યાજ-વટાવ આદિ ક્ષેત્રમાં સ્ત્રીનો પ્રવેશ હતો. સ્ત્રી પુરુષ સમોવડી હતી. સાથે સાથે સાંસારિક જવાબદારી પણ સુપેરે નિભાવતી હતી. અહીં ધન્યકુમારના પિતાનું વર્ણન નથી તેથી એમ માની શકાય કે તે નાની ઉંમરે જ કાળ કરી ગયા હશે.

ધન્યકુમારનો જન્મ સમૃદ્ધ ઘરમાં થયો હતો. તેનું શરીર પરિપૂર્ણ અને સુંદર હતું. પાંચ ધાત્રીઓ દ્વારા પાલનપોષણ થયું હતું. ૭૨ કળામાં પ્રવીણ હતા. યૌવન અવસ્થામાં આવતા ૩૨ કન્યા સાથે પાણિગ્રહણ થયું. માતા તરફથી ધન્યકુમારને પ્રીતિદાનમાં સોના, ચાંદી, મોતી, ગોકુળ, ઘોડા, હાથી, દાસી, ઘરવખરીની વસ્તુઓ વગેરે સેંકડો વસ્તુ ૩૨-૩૨ના પ્રમાણમાં મળી જે ધન્યકુમારે પ્રત્યેક પત્નીઓને આપી દીધી.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કાકંદી નગરીમાં પધાર્યા. ધન્યકુમાર પગે ચાલીને ભગવાનના દર્શને ગયા. ભગવાનના ઉપદેશામૃતના પ્રભાવથી વૈરાગ્યભાવ જાગ્યો. માતાની આજ્ઞા લઈને સંપૂર્ણ સાંસારિક ભોગ વિલાસને ત્યજીને અણગાર બની ગયા. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસ ભગવાનની આજ્ઞા લઈ જીવન પર્યંત નિરંતર છઠ્ઠ તપ તથા પારણામાં આયંબિલ કરવાની પ્રતિજ્ઞા લીધી. તે આયંબિલનો આહાર પણ સંસૃષ્ટ હાથથી અર્થાત્ ખરડેલ કે આહારથી લિપ્ત હાથથી દે તો જ કલ્પે. વળી તે આહાર ઉજ્જિત આહાર અર્થાત્ જે અન્ન સર્વથા ફેંકી દેવા યોગ્ય હોય, જેને પ્રાયઃ કોઈ ઈચ્છતું નથી તેવો આહાર જ લેવો.

અહીં ધન્ય અણગારની આહાર અને શરીર વિષયક અનાસક્તિનું તથા રસેન્દ્રિયના સંયમનું દિવ્ય દિગ્દર્શન થાય છે. આવી દૃઢ પ્રતિજ્ઞાનું પાલન કરતાં ક્યારેક ગોચરીમાં ભોજન મળે

તો પાણી ન મળ્યું હોય અને જો પાણી મળ્યું હોય તો ભોજન ન મળ્યું હોય. આવી અવસ્થામાં પણ અદીન, પ્રસન્નચિત્ત, કષાય-મુક્ત અને વિષાદરહિત ઉપશમ ભાવમાં, સમાધિ ભાવમાં સ્થિત રહ્યા. જેમ સર્પ બીજા કોઈ લક્ષ્ય વિના માત્ર પોતાની દેહ રક્ષા માટે જ દરમાં પ્રવેશ કરે છે તેમ ધન્ય અણગાર પણ રસાસ્વાદ વગેરે કોઈ પણ લક્ષ્ય વિના માત્ર સંયમ નિર્વાહ માટે જ આહાર કરે છે.

ઉગ્રતપ, કઠોર અભિગ્રહ અને અણીશુદ્ધ સંયમની કસોટી પર ચડીને ધન્ય અણગારનું શરીર કૃશ બનતું ગયું, પરંતુ તેનાથી તેમનો આત્મા વધારે તેજસ્વી બની ગયો. પ્રતિદિન વધતું જતું મુખનું તેજ ઢાંકેલા અગ્નિની સમાન દેદીપ્યમાન બની ગયું હતું.

ધન્ય અણગારની શારીરિક સ્થિતિમાં કેટલું પરિવર્તન થયું હતું તે માટે દરેક જિજ્ઞાસુ વાંચકે આ અધ્યયન વાંચવા યોગ્ય છે. સાહિત્યમાં ભાગ્યે જ આવું તપશ્ચર્યાનું વર્ણન વાંચવા મળી શકે. તીવ્રતમ તપના પ્રભાવથી એક એક અંગ સુકાઈને કેવાં થઈ ગયાં હતાં તેનું ઉપમા અલંકારથી વર્ણન કરવામાં આવ્યું છે. પગ, પગની આંગળીઓ, જંઘા (પીંડી), ઘૂંટણ, ઊરુ (સાથળો), કમ્મર, ઉદર, પાંસળી, બાહુ, હાથ, હાથની આંગળીઓ, ગર્દન, દાઢી, હોઠ, જીભ, નાક, આંખ, મસ્તક આદિ અવયવોમાં માંસ અને લોહી દેખાતાં ન હતાં. ફક્ત હાડકાં, ચામડાં અને નસો જ દેખાતી હતી.

ઘોર તપસ્વી ધન્ય અણગારનાં છાતીના હાડકાં ગંગાની લહેરો (મોજાં) સમાન અલગ-અલગ પ્રતીત થતાં હતાં. કરોડના મણકા રૂદ્રાક્ષની માળાના મણકાની સમાન સ્પષ્ટ ગણી શકાય તેવા હતા. ભૂજાઓ સૂકાઈને સૂકાયેલા સર્પની સમાન થઈ ગઈ હતી. હાથ ઘોડાની ઢીલી લગામ સમાન લટકી ગયા હતા. કંપવાગ્રસ્ત રોગીની જેમ તેમનું મસ્તક ધ્રૂજતું હતું. તેમનું શારીરિક બળ બિલકુલ ક્ષીણ થઈ ગયું હતું. ફક્ત આત્માની શક્તિથી ચાલતા હતા. સર્વથા દુર્બળ હોવાને કારણે બોલવામાં પણ અત્યંત શ્રમ પડતો હતો. શરીર એટલું ખખડી ગયું હતું કે જ્યારે તેઓ ચાલતા ત્યારે હાડકાંઓ પરસ્પર અથડાવાના કારણે કોલસાની ભરેલી ગાડીની જેમ અવાજ આવતો હતો. તપશ્ચર્યામાં એ પ્રકારે તન્મય થઈ ગયા હતા કે પોતાના શરીરથી પણ નિરપેક્ષ થઈ ગયા હતા. શરીરધારી હોવા છતાં પણ એ અશરીરી જેવા બની ગયા હતા. તેમ છતાં તેમનો આત્મા તપના પ્રખર તેજથી અત્યંત સુશોભિત થઈ ગયો હતો.

આવા તપોધની ધન્ય અણગારની ખુદ ભગવાન મહાવીર પ્રશંસા કરતાં કહે છે કે તેમના ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરાકારક છે. ધન્યમુનિ યથાર્થનામા તથા ગુણા સિદ્ધ થયા. આઠ મહિનાની અજોડ તપસ્યા ઉત્કૃષ્ટ ભાવે કરી અને એક માસની અંતિમ સાધના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે. ત્યાં તેત્રીસ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી સિદ્ધ થશે.

સમ્યક્ તપ એ અનંત કર્મની નિર્જરાનું પ્રધાન સાધન છે. અનંત તીર્થંકરોએ તેમ જ અન્ય સર્વ સાધકોએ તપનો માર્ગ અપનાવ્યો છે. સંસારના સર્વ ભૌતિક ભાવોને છોડ્યા પછી સંયમમાર્ગને પરિપક્વ બનાવવા માટે તપસાધના અનિવાર્ય છે. ધન્ય અણગારે એ સાબિત કરી બતાવ્યું કે **શરીરની શક્તિ કરતા આત્મશક્તિ અનંતગણી છે.**

તે ઉપરાંત અહીં ઉલ્લેખનીય એ છે કે **ગુણીજનોના ગુણાનુવાદ નિ:સંકોચપણે કરવા જ જોઈએ. પ્રમોદ ભાવના ભાવવામાં ક્યાંય પ્રમાદ ન કરવો જોઈએ.** સાક્ષાત્ તીર્થંકરે પોતાના જ શિષ્યની સ્વમુખે પ્રશંસા કરી, તે એક પ્રેરક પ્રસંગ છે.

જૈન આગમમાં ઠેર ઠેર અનશન તપનું શ્રેષ્ઠ ક્રિયાત્મક ચિત્રાંકન થયું છે. અનશન તપ તે જ સાધક કરી શકે છે કે જેણે શરીરની આસક્તિનો ત્યાગ કર્યો હોય. અનશનમાં ચાર આહાર સાથે ઈચ્છાઓ, કષાયો અને વિષયવાસનાનો પણ ત્યાગ કરવામાં આવે છે. આ ત્યાગમાં મૃત્યુની ચાહના હોતી નથી. જ્યારે શરીર સાધનામાં સહાયક ન રહેતાં બાધક બની જાય ત્યારે તે ત્યાગવા યોગ્ય બની જાય છે. તે સમયે સ્વેચ્છાએ મરણ પ્રતિ પ્રયાણ કરવામાં આવે છે. સંથારો આત્મહત્યા છે એ એક ભ્રાંત ધારણા છે, આ સત્ય નથી.

આત્મહત્યા તે વ્યક્તિ જ કરે છે જે પરિસ્થિતિઓથી ત્રાસેલા હોય છે, જેની મનોકામના પૂર્ણ થતી નથી, અપમાનિત હોય છે, તીવ્ર ક્રોધનો આવેગ હોય છે તે વ્યક્તિ વિષ, ફાંસો વગેરે વિવિધ પ્રકારના પ્રયોગ કરી જીવનનો અંત લાવે છે. જ્યારે સંથારામાં આ બધાનો અભાવ હોય છે. સંથારામાં વિવિધ પ્રકારના પ્રયોગ હોતા નથી પણ એક જ સમાન પ્રયોગ જેમાં આત્માના નિજ ગુણોને પ્રગટ કરવાની તીવ્રતર ભાવના હોય છે. કોઈ પણ પ્રકારની કીર્તિની કામના કે કોઈ પણ ભૌતિક સુખની ચાહના હોતી નથી. સર્વ જીવ સાથે ખમત્ ખામણા કરી મોક્ષની સાધનાની ભાવના હોય છે માટે **સંથારો આત્મહત્યા નથી પણ આત્માની સુખશય્યા છે.**

જ્યારે દેહનું મમત્વ ઘટે ત્યારે જ આત્માનું આત્મત્વ ઝળકી ઊઠે છે. શુદ્ધ આત્મત્વની પ્રાપ્તિ થાય ત્યારે જ સિદ્ધત્વની પ્રાપ્તિ થઈ શકે છે. આવો ઉચ્ચ ને ઉત્તમ બોધ અનુત્તરોપપાતિક સૂત્ર દ્વારા મળે છે.

✶ ✶ ✶

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

૧૦

□ ડૉ. કેતકી યોગેશ શાહ

અગિયાર અંગસૂત્રોમાં દસમા સ્થાને શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર છે. પુછાયેલા પ્રશ્નોના નિર્ણાયત્મકરૂપે જવાબ જેમાં હોય તે 'વ્યાકરણ' કહેવાય છે અને તેવા પ્રશ્નોત્તરવાળું સૂત્ર તે 'પ્રશ્નવ્યાકરણ સૂત્ર' છે. ટૂંકમાં પ્રશ્નોનું વ્યાકરણ અર્થાત્ નિર્વચન, ઉત્તર અને નિર્ણય તે પ્રશ્નવ્યાકરણ.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં એક શ્રુતસ્કંધ અને ૧૦ અધ્યયન છે. પહેલાં ૯,૩૧,૧૬,૦૦૦ પદ હતા. હાલમાં ૧૨૫૦ પદ છે. પહેલાં ૪૫ અધ્યયનો હતા તેમ નંદી સૂત્રમાં કહે છે. વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણમાં ધર્માધર્મ રૂપ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક મંત્રો, વિદ્યાઓ, જ્યોતિષ આદિ ગૂઢ અને ચમત્કારિક પ્રશ્નો સંબંધિત વિષય હતો, તેવું નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં કથન છે. આગામી સમયમાં કોઈ કુપાત્ર મનુષ્ય આ ચમત્કારી વિદ્યાનો દુરૂપયોગ ન કરે, એ દૃષ્ટિથી કોઈ આચાર્ય ગુરુએ એ વિષયો આ સૂત્રમાંથી કાઢી નાંખી માત્ર આશ્રવ અને સંવરને કેન્દ્રબિંદુ બનાવ્યા છે.

**'કર્મનું આવવું' તે આશ્રવ અને 'આવતાં કર્મને રોકવા' તે સંવર. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ–એ પાંચ આશ્રવનાં દ્વાર છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ પાંચ સંવરનાં દ્વાર છે.**

★ પ્રથમ 'હિંસા' અધ્યયનમાં શાસ્ત્રકાર પ્રાણવધને અધર્મનું દ્વાર કહે છે. હિંસા પાપ રૂપ છે. ચંડ રૂપ છે, રૌદ્ર રૂપ છે વગેરે વિશેષણો દ્વારા હિંસાના વાસ્તવિક સ્વરૂપને પ્રદર્શિત કરી હેયતા પ્રગટ કરી છે. હિંસાના વિવિધ અર્થના પ્રતિપાદક, ગુણવાચક અને કટુફળ નિર્દેશક ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યા છે. પાપી, કરુણાહીન, અસંયમી, અવિરતિ વ્યક્તિ પોતાના સુખ અને શોખ માટે, પોતાની સ્વાર્થી વૃત્તિઓના પોષણ માટે સ્થાવર અને ત્રસકાયિક જીવોની હિંસા કરે છે.

હિંસા કરવા માટેનાં બાહ્ય કારણો તે મકાન બનાવવાં, સ્નાન કરવું, ભોજન બનાવવા આદિનો ઉલ્લેખ છે. તો આભ્યંતર કારણો ક્રોધાદિ કષાયો, હાસ્ય, રતિ, અરતિ, પ્રમાદ, અજ્ઞાનતા આદિનું કથન છે. કોઈ પણ કારણથી હિંસા કરાય તે એકાંતે, ત્રૈકાલિક પાપ જ છે; તેનાથી આત્માનું હિત કદાપિ થતું નથી. મૂઢ હિંસક લોકો હિંસાનાં ફળને જાણતા નથી અને અત્યંત ભયાનક, નિરંતર દુઃખદ વેદનાવાળી તેમ જ દીર્ઘકાલ પર્યંત ઘણાં દુઃખોથી વ્યાપ્ત નરક અને તિર્યંચયોનિ યોગ્ય ભવોની વૃદ્ધિ કરે છે. હિંસક પાપીજન આ મનુષ્યભવનું આયુષ્ય સમાપ્ત થતાં અશુભ કર્મોની બહુલતાના કારણે સીધા જ નરકમાં ઉત્પન્ન થાય છે.

અહીં નારકોની વેદનાનો ચિતાર એક ચિત્કાર નંખાવી દે તેવો ચોટદાર સૂત્રકારે રજૂ કર્યો છે. ક્ષેત્રવેદના, પરમાધામી દ્વારા અપાતી વેદના અને પરસ્પર અપાતી વેદનાનું તાદૃશ્ય નિરૂપણ ખરેખર રુંવાડાં ઊભાં કરી દે તેવું છે.

નરકની ભૂમિનો સ્પર્શ અત્યંત કષ્ટકારી છે, ત્યાંની ઉષ્ણ અને શીત વેદના વચનાતીત છે, ત્યાં ઘોર અંધકાર છે, અસહ્ય દુર્ગંધ છે. પરમાધામી દેવો જ્યારે નારકોને પીડા ઉત્પન્ન કરે છે ત્યારે તે તેના પૂર્વકૃત પાપોની ઉદ્‌ઘોષણા કરે છે, સ્મરણ કરાવે છે. નારકોના પૂર્વકૃત પાપ જે કોટિના હોય છે પ્રાયઃ તેવા પ્રકારની યાતના દેવામાં આવે છે. જેણે પૂર્વભવમાં મરઘા-મરઘીને ઉકળતા પાણીમાં નાંખીને ઉકાળ્યા હોય તેને કડાઈ કે ઘડા જેવા પાત્રમાં ઉકાળવામાં આવે છે. જેણે અન્ય જીવોનો વધ કરી માંસ કાપ્યું હોય, શેક્યું હોય તેને તે પ્રકારે કાપવામાં, શેકવામાં આવે છે. જેણે દેવી-દેવતા સામે પશુની બલિ દીધી હોય તેને બલિની જેમ વધેરવામાં આવે છે. જે વ્યક્તિ જેવા કર્મો કરે તેવાં જ ફળ તેને ભોગવવા પડે છે તે કર્મનો અબાધિત સિદ્ધાંત અહીં ઉપસી આવે છે.

આવી શારીરિક અને માનસિક અશાતા રૂપ વેદનાનો અનુભવ જીવન-પર્યંત કરવો પડે છે. નારકો રાડો પાડી પાડીને કહે છે કે મને છોડી દો, દયા કરો, રોષ ન કરો, થોડું પાણી આપો ત્યારે પરમાધામી દેવો તે નારકોને પકડી લોઢાના દંડાથી મોઢું ફાડી તેમાં ઊકળતું સીસું રેડે છે.

આ સિવાય પરસ્પર તીવ્ર વેરભાવ પૂર્વના વેરના કારણે હોય છે. તેઓ એકબીજાને સેંકડો શસ્ત્રોથી મારતા રહે છે, કાપતા રહે છે. નારકોનું શરીર જન્મસિદ્ધ વૈક્રિય હોવાથી તેના ટુકડા કરાય, શેકાય, તળાય કે ગમે તે પ્રક્રિયા થાય છતાં તેનો નાશ થતો નથી. તેનું વૈક્રિય શરીર તેને વિશેષ દુઃખકારક છે. આવી ભયાનક યાતનાઓનું વર્ણન કરવાનું એક માત્ર પ્રયોજન છે કે **મનુષ્ય હિંસારૂપ દુષ્કર્મોથી બચે અને તેના ફળસ્વરૂપ થનારી યાતનાઓનો શિકાર ન બને.**

નરકમાંથી નીકળીને પણ જેના પાપકર્મો શેષ રહ્યા હોય તે તિર્યંચ ગતિમાં દુઃખોની પરંપરાને સહેતા રહે છે. સંક્ષેપમાં કહીએ તો હિંસા અલ્પ સુખ અને મહાદુઃખનું કારણ છે તેથી તે સર્વથા

ત્યાજ્ય છે.

★ બીજા અધ્યયનમાં 'મૃષાવાદ (જૂઠ)'નું વર્ણન છે. અસત્ય વચન મિથ્યાવચન રૂપ છે. તે વ્યથા ઉત્પાદક, દુઃખોત્પાદક, અપયશકારી તેમ જ વેરને ઉત્પન્ન કરનાર છે. મૃષાવાદની વ્યાપકતા પ્રગટ કરવા સૂત્રકારે ૩૦ પર્યાયવાચી નામોનું કથન કર્યું છે.

પાપી, સંયમ રહિત, અવિરત, કપટી, ક્રોધી, માયાવી, લોભી, હાસ્ય અને ભયને આધીન બનેલા લોકો અસત્ય બોલે છે. અસત્ય ભાષણનાં મૂળ ચાર કારણ છે. ક્રોધ, લોભ, ભય અને હાસ્ય. કેટલાક લોકો ધન માટે, કન્યા માટે, ભૂમિ માટે, પશુઓ માટે જૂઠું બોલે છે, જૂઠી સાક્ષી આપે છે. પરપીડાકારી, પાપકારી કાર્યની સલાહ કે પ્રોત્સાહન આપતા હિંસક વચનો અસત્ય વચન છે. **સત્યની કસોટી અહિંસા છે.** જે સત્યથી પણ અન્યના પ્રાણ જોખમમાં હોય તો તે સત્ય બોલવું પણ યોગ્ય નથી. યુદ્ધ સંબંધી કે યજ્ઞ, ધૂપ, દીપ, બલિ સંબંધી આદેશ-ઉપદેશ રૂપ વચન અસત્ય વચન છે.

મૃષાવાદી આદર, સન્માન પામતા નથી. લોકો તેનામાં વિશ્વાસ મૂકતા નથી. લોકમાં નિંદિત થાય છે. ભવ પરંપરામાં દીનતા અને દરિદ્રતાને પામે છે. દીર્ઘકાળ પર્યંત નરક-તિર્યંચ ગતિનાં દુઃખો ભોગવે છે. પૂર્વજન્મમાં વચનયોગનો દુષ્પ્રયોગ કર્યા હોવાથી, તેના ફળ સ્વરૂપે તે જીવોનો જ્યાં જન્મ થાય ત્યાં વચનયોગની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ તે જીવો એકેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે. અને મનુષ્યયોનિમાં વચનયોગની પ્રાપ્તિ થાય તો પણ અત્યંત હીનકોટિનો વચનયોગ–મૂંગા અથવા તોતડાપણું પ્રાપ્ત થાય છે. માટે મૃષાવાદના કટુ પરિણામોને જાણી અસત્યને તિલાંજલિ આપવી જોઈએ.

★ ત્રીજા અધ્યયનમાં 'અદત્તાદાન (ચોરી)'નું વર્ણન છે. અદત્ત+આદાન=નહીં દીધેલું ગ્રહણ કરવું તે અદત્તાદાન છે. જે વસ્તુ આપણી માલિકીની નથી તે વસ્તુ તેના સ્વામીની સ્વીકૃતિ કે અનુમતિ વિના લઈ લેવી અને પોતાની માલિકીની કરી લેવી તે અદત્તાદાન છે. અદત્તાદાનનું મૂળ મૂર્ચ્છા, લોભ, આસક્તિ, અસંતોષ છે. ઈન્દ્રિયોને વશમાં ન રાખવી, પરધનનો લોભ અને પરસ્ત્રીનો અનુરાગ ચોરી કરાવે છે.

ચૌર્યકર્મની વ્યાપકતાનું દર્શન કરવા ૩૦ પર્યાયવાચી નામો છે. આચાર્ય અભયદેવ સૂરીએ ટીકામાં ચાર પ્રકારના અદત્તનું કથન કર્યું છે.

૧. સ્વામી અદત્ત = સ્વામી-માલિકની આજ્ઞા વિના વસ્તુ લેવી તે.
૨. જીવ અદત્ત = જીવની આજ્ઞા વિના તેના પ્રાણનું હરણ કરવું-હિંસા કરવી.
૩. તીર્થંકર અદત્ત = તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું.
૪. ગુરુ અદત્ત = ગુરુની આજ્ઞાનો ભંગ કરવો, ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવું તે

પ્રસ્તુત સૂત્રમાં ચોરની મનોવૃત્તિ કેવી હોય છે? કેવી કેવી શ્રેણિના ચોર હોય? કેવી કેવી રીતે ચોરી કરે છે? તેનું વિસ્તૃત વર્ણન છે. પરધન કે પરસ્ત્રી ઈચ્છુક રાજાઓ કઈ રીતે સંગ્રામમાં નરસંહાર કરે છે તેનું સ્પષ્ટ ચિત્ર ઉપસ્થિત કર્યું છે. પ્રાચીનકાળમાં ચોરી કરનારને કેવો ભીષણ દંડ દેવામાં આવતો હતો! તેનું વર્ણન છે. ચોરી કરનારાની દુર્દશા બંધનથી મૃત્યુદંડ સુધીની પ્રત્યક્ષ પણ જોઈ શકાય છે. પરલોકમાં પણ દુર્ગતિની પરંપરા વધારતી ચૌર્યવૃત્તિને સંપૂર્ણપણે છોડવી જ યોગ્ય છે.

★ ચોથા અધ્યયન 'અબ્રહ્મચર્ય'માં અબ્રહ્મનું સ્વરૂપ, અબ્રહ્મચર્યના ભાવોની ઉત્પત્તિ, ભોગોપભોગી વ્યક્તિઓ અને તેના દુષ્પરિણામોનું વર્ણન છે. આત્મરમણતાના ભાવોથી ચ્યુત થઈ ઈન્દ્રિયોના વિષયોમાં રમણતા કરવી તે અબ્રહ્મ-કુશીલ છે. દેવો, મનુષ્યો, પશુઓ આદિ સંસારના સમસ્ત પ્રાણીઓ ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવનાર આ અબ્રહ્મ મોહને વધારનાર, તપ-સંયમનું વિઘાતક, જરા, મરણ, રોગ તથા શોકનું કારણ છે, સંસારવર્ધક છે, અધર્મનું મૂળ છે, મોક્ષ સાધનાનું વિરોધી છે. અબ્રહ્મના વિવિધ ભાવો પ્રગટ કરવા ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યાં છે.

અબ્રહ્મનું મૂળ વેદ મોહકર્મના ઉદયથી ઉત્પન્ન થતો વિકારભાવ છે, જે આહાર, રૂપ, સ્ત્રી, સંયોગ આદિ નિમિત્તોથી ઉત્પન્ન થાય છે. કુસંગતથી પણ વિકારભાવોને બળ મળે છે. શરીર પુષ્ટ થવાથી અને ઈન્દ્રિયો બળવાન બનવાથી વિકારભાવો ઉત્પન્ન થઈ શકે છે. માટે સંયમી સાધકે તપશ્ચર્યા દ્વારા રસેન્દ્રિયને સંયમિત કરવી જોઈએ.

મનુષ્યોમાં મહાઋદ્ધિ અને ઐશ્વર્યના સ્વામી એવા ચક્રવર્તી દીર્ઘકાલ પર્યંત ૬૪,૦૦૦ રાણી સાથે કામભોગોને ભોગવ્યા પછી પણ અતૃપ્ત જ રહે છે તો સામાન્ય માનવોને સામાન્ય ભોગોપભોગના સાધનોથી તૃપ્તિ ક્યાંથી થવાની? અહીં શાસ્ત્રકારે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, યુગલિક મનુષ્ય આદિ પુણ્યશાળી જીવોની ઋદ્ધિનું વર્ણન કરી કામભોગની અતૃપ્તતાનું તથ્ય સુજ્ઞ સાધકને સમજાવ્યું છે.

અબ્રહ્મના કારણે સ્ત્રીઓને માટે મોટા મોટા યુદ્ધ થયા છે. દા. ત. સીતા, દ્રૌપદી વગેરે. મૈથુન વાસનામાં આસક્ત વ્યક્તિ સમાજની મર્યાદા, આચાર-વિચારનો ભંગ કરી આ લોક બગાડે છે અને અશુભ પરિણામોના કારણે ૪ ગતિ ને ૨૪ દંડકના ચક્કરમાં વેદનાઓનો અનુભવ કરે છે; માટે સાત્ત્વિક પુરુષે અબ્રહ્મ સેવનનો ત્યાગ કરવો જ હિતાવહ છે.

★ પાંચમા અધ્યયનમાં 'પરિગ્રહ'નું સ્વરૂપ વર્ણન છે. જીવને ગ્રહી– પકડી રાખે તેને પરિગ્રહ કહે છે. જમીન, ધન, સંપત્તિ,

ઝવેરાત. સ્ત્રી, પુત્ર આદિ સચિત્ત અને અચિત્ત પદાર્થોનો સંગ્રહ અને તેના ઉપર મૂર્ચ્છાભાવ પરિગ્રહ છે. લોભસંજ્ઞા વેરની વૃદ્ધિ કરાવનાર છે, હિંસા અને મહાસંગ્રામનું નિમિત્ત છે.

પરિગ્રહના વિરાટ સ્વરૂપને પ્રદર્શિત કરવા ૩૦ પર્યાયવાચી નામોની સૂચિ છે. ચારે જાતિના (ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક) દેવો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, યુગલિક મનુષ્ય કે સામાન્ય મનુષ્ય આદિ સમસ્ત સંસારના જીવો પરિગ્રહના પાશમાં જકડાયેલા છે. પરિગ્રહના આકર્ષણના કારણે હિંસા, અસત્ય, ચોરી, માયા-કપટ આદિ અનિષ્ટોનું સેવન કરી કર્મનો સંગ્રહ કરે છે. તેના પરિણામે ભવોભવની સુખશાંતિને નષ્ટ કરે છે.

સુયગડાંગ સૂત્રની શરૂઆતમાં પરિગ્રહને સૌથી પ્રબળ અને પ્રથમ-બંધનનું કારણ કહે છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પણ કહે છે કે 'વાસ્તવમાં પરિગ્રહ સમાન અન્ય બંધન નથી.' એથી પણ આગળ વધીને કહે છે કે 'શ્રેષ્ઠ મોક્ષમાર્ગ માટે આ પરિગ્રહ આગળિયા રૂપ છે'- इमस्स मोक्खवरमुत्तिग्गस्स फलिह भूओ। પરિગ્રહ સમસ્ત દુ:ખોનું ઘર છે– 'सव्वदुक्खसणि लयणं' માટે મોક્ષાર્થી સાધકે તે અવશ્યમેવ છોડવા લાયક છે.

પાંચ આશ્રવદ્વારોના નિમિત્તથી બચવા માટે ધર્મનું શ્રવણ કરીને, તેનું આચરણ કરવામાં આવે તો જન્મ-મરણના દુ:ખને ટાળી શકાય છે.

किं सक्का काउं जे, णेच्छइ ओसहं मुहा पाउं।
जिणवयणं गुणमहुरं, विरेयणं सव्वदुक्खाणं।।

અર્થ : સમસ્ત દુ:ખોનો નાશ કરવાને માટે શ્રી જિનેશ્વર ભગવાનના ગુણયુક્ત વચન મધુર ઔષધ છે. પરંતુ નિ:સ્વાર્થ ભાવથી દેવામાં આવેલા આ ઔષધને જે પીવા ઇચ્છતા નથી, તેના માટે શું કહી શકાય?

★ દ્વિતીય શ્રુતસ્કંધમાં પાંચ આશ્રવના પ્રતિપક્ષી પાંચ સંવરનું વર્ણન છે. તેના પ્રથમ અધ્યયનમાં સંવર રૂપ 'અહિંસા'નું સ્વરૂપ દર્શન છે. હિંસાનો અભાવ તે અહિંસા છે. આચારાંગ સૂત્રનું પહેલું અધ્યયન, સૂયગડાંગ સૂત્રનું પહેલું અધ્યયન, દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલી જ ગાથા આદિ આગમ સૂત્રોમાં અહિંસાની પ્રધાનતા છે. આગમ સૂત્રોમાં અહિંસા એટલી વ્યાપક છે કે જો અહિંસાને કાઢી લઈએ તો શેષ કાંઈ અવશેષ રહેતું નથી. તીર્થંકરોના ઉપદેશોનો સાર અહિંસા છે.

કોઈ પ્રાણીને દુ:ખ, ત્રાસ, પીડા ન આપી તેના પ્રાણની રક્ષા કરવી તે અહિંસા છે. સર્વ મહાવ્રતોમાં અહિંસા વ્રત મુખ્ય છે. તેની સુરક્ષા માટે શેષ ચારે મહાવ્રત છે.

સમસ્ત જીવોની અનુકંપા-રક્ષા પ્રધાન અહિંસા સર્વ જીવ માટે હિતકારી, કલ્યાણકારી છે, सर्वभूय खेमकरी–સર્વ જીવોનું ક્ષેમકુશળ કરનારી છે. જે રીતે પક્ષીઓને આકાશ, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, ડૂબતાને જહાજ, રોગીને ઔષધ સુખપ્રદ છે તેનાથી પણ અધિકતર અહિંસા ભગવતી સર્વ જીવો માટે મંગલકારી છે.

અહિંસાના વિવિધ પાસાંઓને ઉજાગર કરવા ૬૦ પર્યાયવાચી નામોની યાદી છે. મહાવ્રતધારી મુનિ ભગવંતો, વિશિષ્ટ જ્ઞાની, લબ્ધિધારી, તપસ્વી, સ્વાધ્યાય-ધ્યાનમાં લીન, સમિતિ-ગુપ્તિવંત, છકાયના રક્ષક, અપ્રમત્ત શ્રેષ્ઠ મુનિવરો તેમ જ તીર્થંકર ભગવંતો અહિંસાનું સમ્યક્ રૂપે પાલન કરે છે. અહિંસાના આરાધક સાધુ સાધુચર્યાના નિયમોનું પાલન કઈ રીતે કરે તો અહિંસાની આરાધના થઈ શકે તેનું વિસ્તારે વર્ણન છે. ભિક્ષાવિધિ દ્વારા સંપૂર્ણ અહિંસકપણે શરીરનો નિર્વાહ કરવાની એક અદ્ભુત-અનોખી કલાનું દર્શન કરાવ્યું છે.

અહિંસા મહાવ્રતની સમ્યક્ આરાધના માટે પાંચ ભાવનાઓ છે :

**(૧) ઈર્યા સમિતિ :** જોઈ-પોંજીને યતનાપૂર્વક ચાલવું.

**(૨) મન: સમિતિ :** પાપકારી વિચારો ન કરવા, પ્રશસ્ત વિચારોમાં લીન રહેવું.

**(૩) વચન સમિતિ :** પરપીડાકારી વચનો ન બોલવા, હિત-મિત-પરિમિત ભાષાનો પ્રયોગ કરવો.

**(૪) એષણા સમિતિ :** ભિક્ષાવિધિ પ્રમાણે શુદ્ધ નિર્દોષ આહાર પ્રાપ્ત કરીને અનાસક્ત ભાવે ભોગવવો.

**(૫) આદાન-નિક્ષેપણ સમિતિ :** સંયમી જીવનમાં ઉપયોગી ઉપકરણો યતનાપૂર્વક ગ્રહણ કરવા, રાખવા અને તેને મૂર્ચ્છારહિત ભોગવવા.

★ બીજા અધ્યયનમાં દ્વિતીય સંવરરૂપ 'સત્ય'વ્રતનું કથન છે. વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરે તે સત્ય ભાષા છે. સત્ય ભાષાથી પણ જો કોઈ જીવનું અહિત થતું હોય, બીજાને અપ્રિય, અમનોજ્ઞ હોય તો તે ભાષા વર્જ્ય છે. લોકમાં ઉત્તમ એવા સત્યવ્રતનો અચિંત્ય મહિમા અભિવ્યક્ત કરતાં સૂત્રકાર કહે છે ઇહલૌકિક, પરલૌકિક, ભૌતિક કે આધ્યાત્મિક કોઈ પણ કાર્યની સિદ્ધિ સત્યથી જ થઈ શકે છે. સત્યના પ્રભાવે તોફાનમાં ફસાયેલું વહાણ ડૂબતું નથી, માનવી વમળમાં તણાતો નથી, અગ્નિમાં બળતો નથી, પર્વતના શિખર પરથી પડવા છતાં મરતો નથી. દેવો પણ સત્યવાદીનો સંગ કરવા ઇચ્છે છે, તેની સેવા-સહાયતા કરે છે. સત્યના પ્રભાવે વિદ્યાઓ તેમ જ મંત્રો સિદ્ધ થાય છે.

જે સત્ય સંયમનું વિઘાતક હોય, જેમાં પાપનું મિશ્રણ હોય, પીડાકારી, ભેદકારી, અન્યાયકારી, વેરકારી, મર્મકારી, નિંદનીય, આત્મપ્રશંસા અને પરનિંદારૂપ હોય, તેવી ભાષા બોલવાનો નિષેધ

છે. તેમ જ વિકથાઓનો, નિરર્થક અને વિવાદકારક ભાષા પણ મહાવ્રતી સાધક માટે વર્જનીય છે.

સત્ય ભગવાનતુલ્ય છે, મુક્તિનો સીધો માર્ગ છે, જે જન્મ-જન્માંતરમાં શુભ ફળ આપનાર છે. સત્ય મહાવ્રતની રક્ષા માટે પાંચ ભાવનાનું નિરૂપણ છેઃ

**(૧) અનુવીચિ ભાષણ :** નિરવદ્ય ભાષાનો પ્રયોગ કરવો, સારી રીતે વિચારીને બોલવું.

**(૨) ક્રોધ ત્યાગ :** ક્રોધ વિવેકનો નાશ કરે છે, ક્રોધના આવેશમાં બોલાયેલ વચન અસત્ય જ હોય છે માટે ક્ષમાભાવ કેળવવો.

**(૩) લોભ ત્યાગ :** લોભ સર્વ સદ્ગુણોનો વિનાશક છે. લોભી અને લાલચુ જમીન, યશકીર્તિ, વૈભવ-સુખ, આહારાદિ માટે અસત્ય બોલે છે માટે સાધકે નિર્લોભવૃત્તિ ધારણ કરવી જોઈએ.

**(૪) ભય ત્યાગ :** ભયવૃત્તિ સાધકને સત્યમાં સ્થિર રહેવા દેતી નથી માટે સત્યના આરાધકે નિર્ભય બનવું જોઈએ.

**(૫) હાસ્ય ત્યાગ :** અસત્યનો આશ્રય લીધા વિના અન્યના હાંસી-મજાક થઈ શકતા નથી. બીજાને પીડા ઉત્પન્ન થાય તેવી હાસ્યવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

★ ત્રીજું અધ્યયન અચૌર્ય મહાવ્રત – 'દત્તાનુજ્ઞાત' છે. કોઈની આજ્ઞાથી ગ્રહણ કરવું તે દત્તાનુજ્ઞાત છે. નગરમાં કે જંગલમાં, કોઈ નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત વસ્તુ, તેના સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી તે અચૌર્ય વ્રત છે. **સાધુ દત્ત અથવા અનુજ્ઞાત વસ્તુનો જ ઉપયોગ કરી શકે છે.** શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે જે ઘરના લોકોમાં સાધુ પ્રત્યે અપ્રીતિ હોય તેવા ઘરોમાં કોઈ પણ વસ્તુ માટે પ્રવેશ ન કરવો જોઈએ. અપ્રીતિકારક ઘરેથી આહાર-પાણી કે ઉપકરણ ગ્રહણ ન કરવા જોઈએ. સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાની વિરુદ્ધ જે કાર્ય હોય તે અદત્ત છે માટે તેનાથી બચવાની હિતશિક્ષા આપી છે.

તપમાં, વ્રતમાં, મહાવ્રતમાં, સાધ્વાચારમાં અને ભાવશુદ્ધિમાં સાધક જો ઉપેક્ષા કરતો હોય, છતી શક્તિએ પુરુષાર્થ ફોરવતો ન હોય તો તે તેનો ચોર કહેવાય છે. અસ્તેય મહાવ્રતના પાલનકર્તા સમસ્ત દુઃખો અને પાપોને સંપૂર્ણપણે શાંત કરવામાં સફળ નીવડે છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો અદત્તવ્રતને ટકાવી રાખવા જંગલમાં પાણીના દાતા ન મળવાથી, સમભાવપૂર્વક ભગવાનની સાક્ષીએ અનશનનો સ્વીકાર કરીને આરાધક બની ગયાનું દૃષ્ટાંત છે. આ મહાવ્રતની પરિપૂર્ણતા માટે પાંચ ભાવનાઓ છે.

**(૧) નિર્દોષ યાચિત સ્થાન :** સાધુએ નિર્દોષ સ્થાનમાં માલિકની આજ્ઞા લઈને નિવાસ કરવો જોઈએ.

**(૨) નિર્દોષ યાચિત સંસ્તારક :** નિર્દોષ શય્યા-ઘાસ આદિ સંસ્તારક વગેરે ગ્રહણ કરવા.

**(૩) શય્યા પરિકર્મવર્જન :** સાધુ જે સ્થાનમાં નિવાસ કરે છે, તેમાં પોતાની અનુકૂળતા માટે બારી-બારણાં કે પાટ-પાટલા આદિમાં ફેરફાર ન કરાવવો જોઈએ.

**(૪) સાધર્મિક સંવિભાગ :** ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત આહાર, પાણી, વસ્ત્રાદિમાં સાધુ સાધર્મિકોનો સંવિભાગ કરીને ભોગવે. કપટપૂર્વક સારી વસ્તુ પોતે ભોગવી લવાની વૃત્તિ ન રાખે.

**(૫) સાધર્મિક વિનય :** સાધર્મિક સાધુઓમાં કોઈ ગ્લાન, વૃદ્ધ, તપસ્વી આદિની આવશ્યકતાનુસાર વિનયપૂર્વક સેવા કરે.

**★ ચોથું અધ્યયન 'બ્રહ્મચર્ય' મહાવ્રતનું છે.** બ્રહ્મ એટલે આત્મસ્વરૂપમાં રમણતા કરવી, પાંચે ઇન્દ્રિયોના વિષયભોગની આસક્તિનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે. સૂયગડાંગ સૂત્રમાં કહે છે કે 'तवेसु वा उत्तम बंभचेरं' – તપમાં શ્રેષ્ઠ બ્રહ્મચર્ય છે. એવા બ્રહ્મચર્યનું મહાત્મ્ય પ્રગટ કરતાં અહીં પણ સૂત્રકાર કહે છે કે તળાવની પાળ, ચક્રની નાભિ, વૃક્ષમાં થડની જેમ સમસ્ત ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમ્યક્ત્વાદિ ગુણોનું મૂળ છે. આ મહાવ્રત કષાયભાવથી મુક્ત કરાવી સિદ્ધગતિના દ્વાર ખોલાવે છે. સાધક બ્રહ્મચર્યના પ્રતાપથી નરેન્દ્રો અને દેવેન્દ્રોના સન્માનીય અને પૂજનીય બને છે. બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા અને સર્વોત્તમતા પૂરવાર કરતી બત્રીસ ઉપમાઓ અહીં વર્ણિત છે.

બ્રહ્મચર્યનું નિર્દોષ, યથાર્થ પાલન કરનાર ઇન્દ્રિયનિગ્રહ, સ્નાનત્યાગ, મૌનવ્રત, કેશ લોચ, સમભાવ, ઇચ્છા નિરોધ, ભૂમિ શયન, પરિષહ સહેવા, તપશ્ચર્યાદિ નિયમોથી આત્માને ભાવિત કરતા વ્રતમાં સ્થિર અને સુદઢ બને છે. બ્રહ્મચર્ય વ્રતની સુરક્ષા માટે પાંચ ભાવનાઓ છે.

**(૧) વિવિક્ત શયનાસન :** સાધુએ સ્ત્રી રહિત અને સાધ્વીએ પુરુષ રહિત સ્થાનમાં નિવાસ કરવો.

**(૨) સ્ત્રીકથા ત્યાગ :** બ્રહ્મચારી સાધક સ્ત્રીઓની વેશભૂષા, રૂપ, સૌંદર્ય આદિ સંબંધિત વાતો ન કરવી, જે મોહને ઉત્તેજીત કરે છે.

**(૩) સ્ત્રીરૂપ દર્શન ત્યાગ :** રાગભાવવર્ધક, મોહજનક દૃશ્ય જોવા નહીં, કદાચ દૃષ્ટિ પડી જાય તો તુરત તેને દૂર કરી લે.

**(૪) પૂર્વના ભોગ સ્મરણનો ત્યાગ :** પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ ચિત્તને ચંચળ બનાવે છે તેથી તેનો ત્યાગ કરવો.

**(૫) સ્નિગ્ધ-સરસ ભોજન ત્યાગ :** આહાર અને વાસનાનો ગાઢ સંબંધ હોવાથી સાધકે અત્યંત ગરિષ્ઠ, બળવર્ધક, કામોત્તેજક આહાર ન કરવો. અધિક માત્રામાં આહાર ન કરતાં અનશન, ઉણોદરી આદિ તપની આરાધનાથી બ્રહ્મચર્ય વ્રત અક્ષુણ્ણ રહી શકે છે.

**★ પાંચમું અધ્યયન 'અપરિગ્રહ'નું છે.** અમૂર્ચ્છા કે અનાસક્ત ભાવને અપરિગ્રહ કહે છે. દ્રવ્યથી આરંભ-પરિગ્રહના ત્યાગી અને

ભાવથી ચાર કષાયના ત્યાગી શ્રમણ અપરિગ્રહી કહેવાય છે. સૂત્રકારે ૩૩ બોલના માધ્યમથી શ્રમણોને માટે હેય (છોડવા યોગ્ય), જ્ઞેય (જાણવા યોગ્ય) અને ઉપાદેય (આચરવા યોગ્ય) બોલને બતાવ્યા છે.

સાધુને કોઈ પણ ક્ષેત્રમાં કે કોઈ પરિસ્થિતિમાં આહારનો સંચય કરવાનો નિષેધ છે કારણકે સાધુ આભ્યંતર પરિગ્રહરૂપ મમત્વભાવના સર્વથા ત્યાગી હોય છે. ભિક્ષાચાર્યની વિધિ અને નિષેધરૂપ નિયમોનું અહીં પ્રતિપાદન કર્યું છે. મારણાંતિક કષ્ટદાયક પરિસ્થતિઓમાં પણ ઔષધ સંગ્રહનો નિષેધ નિષ્પરિગ્રહી સાધુની કસોટીની ઉચ્ચતમ અવસ્થા છે. સાધુ જીવનની ઉજ્જવળતાનું ભવ્ય ચિત્ર નિર્ગ્રંથોની ૩૧ ઉપમા દ્વારા અંકિત થાય છે. અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ છેઃ

**(૧) શ્રોતેન્દ્રિય સંયમ, (૨) ચક્ષુરિન્દ્રિય સંયમ, (૩) ઘ્રાણેન્દ્રિય સંયમ, (૪) રસનેન્દ્રિય સંયમ, (૫) સ્પર્શેન્દ્રિય સંયમ.**

મૂર્ચ્છા કે આસક્તિના સ્થાન પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. પાંચે ઇન્દ્રિયના મનોજ્ઞ વિષયમાં રાગ કે અમનોજ્ઞ વિષયમાં દ્વેષ કરતા નથી તે જ અપરિગ્રહી કહેવાય.

આ પાંચ સંવર રૂપ ધર્મદ્વાર સર્વ દુઃખોથી મુક્તિના ઉપાયરૂપ છે– 'सव्वदुक्ख विमोक्खणट्ठाए.'

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં વ્યાવહારિક પ્રક્ષ વર્ણવાયો છે. આજે વ્યવહાર પક્ષને અવગણી ફક્ત અને સીધી આત્માની, ધ્યાન-સમાધિની વાતો કરતા લોકો માટે એટલું જ કહી શકાય કે વ્યવહાર પક્ષની મજબૂતી વિના ધર્મનો પાયો જ હલબલી જાય છે, સંવરનું પાલન કર્યા વગર મોક્ષ શક્ય જ નથી.

જૈન શાસ્ત્રના આગમો વ્યક્તિલક્ષી તો છે જ પણ સામાજિક, નૈતિક, આર્થિક, પર્યાવરણ લક્ષી પણ છે, જે સંવર દ્વારમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહીના સથવારે સિદ્ધ થાય છે.

હિંસા, માંસાહાર, ઇંડાસેવન, આદિ અનિષ્ટ પ્રવૃત્તિનું સેવન કરનાર વ્યક્તિ જો એકવાર પ્રશ્નવ્યાકરણમાં વર્ણવેલ નરકની યાતનાનું વાંચન, ચિંતન કરે તો તે પાપથી જરૂર અટકશે, પાપ જરૂર ખટકશે અને પાપથી જરૂર પાછો વળશે. હિંસા ધર્મથી વિપરીત છે. 'हिंसा नामो भवेतधर्मो न भूतो न भविष्यति' – હિંસા ત્રિકાળમાં પણ ધર્મ બની શકતી નથી.

ટૂંકમાં, પ્રશ્નવ્યાકરણ સૂત્ર અધર્મથી ધર્મ, આશ્રવથી સંવર, બંધનથી મુક્તિની શિક્ષા અને તાલિમ દેતું ઉત્તમ આગમસૂત્ર છે.✷ ✷ ✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૪૨થી ચાલુ

ચોક્ષા ને સોચા–

યદિ મૈં મલ્લીકુમારી કો પ્રભાવિક કરલું તો પૂરે મિથિલા જનપદ મેં મેરા ડંકા બજ જાયેગા.

ચોક્ષા અપની શિષ્યાઓ કે સાથ મલ્લીકુમારી કે અન્તઃપુર મેં આઈ ઔર અપને ધર્મ કા પ્રવચન કરને લગી. મલ્લીકુમારી ને પૂછા–

''આપ કે ધર્મ કા મૂલ ક્યા હૈ ?''

ચોક્ષા ને કહા–

''હમારે ધર્મ કા મૂલ આધાર હૈ શુદ્ધિ. મિટ્ટી એવં જલ દ્વારા શુદ્ધિ રખના, તીર્થસ્નાન કરના, ઔર દાન દેના, યહી સ્વર્ગ એવં મોક્ષ કા માર્ગ હૈ.''

મલ્લીકુમારી ને પુછા–

''ક્યા રક્ત સે સને વસ્ત્ર કો રક્ત સે ધોને પર ઉસકા દાગ મિટ જાતા હૈ ?''

''નહીં, યહ સંભવ નહીં હૈ.''

''તો ફિર હિંસા કરને સે આત્મા કી શુદ્ધિ કૈસે હો સકતી હૈ ? ક્યોં કિ જલ સ્થાન મેં ભી તો જીવ હિંસા હી હોતી હૈ.''

મલ્લીકુમારી કી સચોટ યુક્તિયોં કે સામને ચોક્ષા નિરૂત્તર હો કર જમીન કી તરફ દેખને લગી. મલ્લીકુમારી ને કહા-

''ચોક્ષા! ધર્મ કા મૂલ વિવેક હૈ. હિંસા, અસત્ય આદિ કા ત્યાગ કરને સે હી આત્મશુદ્ધિ હો સકતી હૈ. કેવલ જલ ઔર મિટ્ટી સે નહીં...''

ચોક્ષા કો નિરૂત્તર દેખકર અન્તઃપુર કી દાસિયાઁ ઉસ પર હંસને લગી.

ચોક્ષા ને દાસિયોં કો હંસતે દેખા તો ક્રોધ મેં ભન ભનાકર ઉઠ ગઈ.

અચ્છા, મેરા અપમાન કિયા હૈ. મૈં ઈસકા મજા ચખાઉંગી. ઈસે એસે રાજા કી પત્ની બનાઉંગી જહાઁ દાસિયોં કી તરહ રહના પડેગા...

કુપિત અપમાનિત ચોક્ષા ઘૂમતી હુઈ કમ્પિલપુર કે રાજા જિતશત્રુ કે રાજ મહલોં મેં આઈ. વહાઁ ધર્મ ઉપદેશ દિયા. પ્રવચન કે પશ્ચાત્ રાજા જિતશત્રુ ને પુછા-

''ભગવતી, આપ તો અનેક અન્તઃપુરો મેં જાતી રહતી હૈં. લેકિન-મેરી રાનિયોં જૈસી સુન્દર રમણિયાઁ શાયદ્ હી કહીં આપને દેખ હોંગી?''

ચોક્ષા કો મલ્લીકુમારી સે અપમાન કા બદલા લેને કા સુનહરા અવસર મિલ ગયા. ઉસને કહા-

''રાજન્! મિથિલા કી રાજકુમારી મલ્લી કે સામને આપકી અન્તઃપુર કી રમણિયાઁ તો હીરે કે સામને કાંચ કા ટુકડા હૈ.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૨ મું )

# શ્રી વિપાક સૂત્ર

૧૧

❑ ડૉ. કેતકી યોગેશ શાહ

અગિયાર અંગસૂત્રોમાં અગિયારમા સ્થાને શ્રી વિપાક સૂત્ર છે. વિપાક એટલે પુણ્ય અને પાપ કર્મોનું ફળ. કથા રૂપમાં તેનું પ્રતિપાદન કરનાર સૂત્ર તે વિપાક સૂત્ર છે. વિપાક એટલે શુભાશુભ કર્મ પરિણામ. પાપથી દુઃખની પ્રાપ્તિ અને પુણ્યથી બાહ્ય સુખની પ્રાપ્તિ થાય છે જ્યારે ધર્મથી માત્ર નિર્જરાની પ્રાપ્તિ થાય છે આવા ભાવોથી ભરપૂર આ વિપાક સૂત્ર છે.

વિપાક સૂત્રના બે શ્રુતસ્કંધ છે. સુકૃત કર્મોનાં ફળ દર્શાવનારું સુખવિપાક અને દુષ્કૃત કર્મોનાં ફળ દર્શાવનારું દુઃખવિપાક. બંનેમાં ૧૦-૧૦ અધ્યયન છે. કુલ ૨૦ અધ્યયન છે. ઉત્તરાધ્યયન સૂત્ર– મહાવીરસ્વામીની અંતિમ દેશના છે જેમાં વિપાક સૂત્રના ૧૧૦ અધ્યયન–સુખવિપાકના ૫૫ અધ્યયન અને દુઃખવિપાકના ૫૫ અધ્યયનનો ઉલ્લેખ છે. વર્તમાનમાં જે વિપાક સૂત્ર ઉપલબ્ધ છે તે ૧૨૧૬ શ્લોક પરિમાણ માનેલ છે.

વિશ્વના દાર્શનિક ચિંતનમાં જૈન ધર્મે કર્મસિદ્ધાંતની સર્વોત્તમ ભેટ આપી છે. કર્મસિદ્ધાંત જૈનદર્શનનો એક મુખ્ય સિદ્ધાંત છે. તે સિદ્ધાંતનું પ્રસ્તુત આગમમાં ઉદાહરણોના માધ્યમ દ્વારા સરળ રીતે પ્રતિપાદન કરેલ છે.

જે કર્મનાં ફળનો અનુકૂળ અનુભવ થાય તે પુણ્ય અને જેનો પ્રતિકૂળ અનુભવ થાય તે પાપ. જીવે જે કર્મ બાંધ્યાં છે તેનાં ફળ આ જન્મમાં અથવા આગામી જન્મમાં ભોગવવાં જ પડે છે. 'कडाण कम्माण ण मोक्ख अत्थि – કૃતકર્મોનું ફળ ભોગવ્યા વિના આત્માનો છુટકારો નથી. પાપકૃત્યો કરનારને આગામી સમયમાં દારુણ વેદનાઓ સહન કરવી પડે છે, એવા જીવોનું વર્ણન દુઃખવિપાકમાં છે. સુકૃત્ય કરનારને આગામી જીવનમાં સુખ મળ્યું છે એવા જીવોનું વર્ણન દ્વિતીય વિભાગ સુખવિપાકમાં છે. પહેલું દુઃખવિપાક મૂકીને સાધકોને પાપ કરતાં અટકાવ્યા છે, ડરાવ્યા છે તો બીજા ક્રમે સુખવિપાક રાખીને સત્કાર્યો કરવા પ્રેરણા આપી છે.

વિપાક સૂત્રના પ્રત્યેક અધ્યયનમાં પૂર્વભવની ચર્ચા છે. કોઈ વ્યક્તિ દુઃખથી આકુળ-વ્યાકુળ હોય અથવા કોઈ સુખના સાગરમાં ડૂબેલી હોય, તેને જોઈ ગૌતમ સ્વામી ભગવાનને પ્રશ્ન કરે કે આમ કેમ? ત્યારે ભગવાન સમાધાન કરતાં કહે કે આ તો તેના પૂર્વભવના ફળ છે. આમ બધાં જ અધ્યયનો પુનર્જન્મની પુનઃ પુનઃ વાત કરીને સદાચાર અને નીતિમય જીવન જીવવાનો સંદેશ આપે છે.

પ્રથમ શ્રુતસ્કંધ દુઃખવિપાકમાં અન્યાય, અત્યાચાર, વેશ્યાગમન, પ્રજાપીડન, લાંચ-રૂશ્વત, હિંસા, નરમેઘ યજ્ઞ, માંસ-ભક્ષણ, નિર્દયતા, ચૌર્યવૃત્તિ, કામવાસના વગેરે અધમ કૃત્યોના કારણે જીવ કેવા કેવા ઘોર કર્મબંધ કરે છે તથા તે તે કર્મબંધ અનુસાર કેવાં કેવાં ભીષણ અને રોમાંચકારી ફળ ભોગવે છે તેનું તાદૃશ્ય વર્ણન છે.

પહેલાં મૃગાપુત્રના અધ્યયનમાં મૃગાપુત્ર જન્મથી જ આંધળો અને બહેરો હતો. તેના આંખ, કાન, નાક, હાથ, પગ આદિ અવયવ નહોતા, ફક્ત નિશાની જ હતી. ગર્ભમાં હતો ત્યારે તેને ભસ્મક નામનો રોગ થઈ ગયો હતો. તેથી તે જે કાંઈ આહાર ગ્રહણ કરતો તે તરત જ નષ્ટ થઈ જતો હતો અને તે તત્કાળ પરૂ અને લોહીના રૂપમાં પરિણત થઈ જતો હતો. ત્યાર પછી તે પરૂ અને લોહીને પણ ખાઈ જતો હતો. તેને જે ભોંયરામાં રાખવામાં આવ્યો હતો ત્યાં મરેલાં પ્રાણીઓનાં ક્લેવર સડી ગયાં હોય તેનાથી પણ અતિશય ખરાબ દુર્ગંધ આવતી હતી, જેમાં કીડાઓ ખદબદતા હતા. તે નરકની સમાન વેદનાઓનો અનુભવ કરતો હતો.

તેની આવી દયનીય દુર્દશાનું કારણ તેના પૂર્વભવમાં દુષ્ટતાથી આચરિત અશુભ પાપકારી કૃત્યો હતાં. પૂર્વભવમાં તે ઈકાઈ રાઠોડ નામનો રાજનિયુક્ત પ્રતિનિધિ હતો. જે મહાઅધર્મી, અધર્માનુગામી, અધર્મનિષ્ઠ, અધર્મભાષી, અધર્માનુરાગી, અધર્માચારી, પરમ અસંતોષી હતો. તે પાંચસો ગામોનું આધિપત્ય-શાસન કરતો હતો. ત્યાંના ખેડૂતોનું કર-મહેસૂલ તે દમનથી, લાંચથી, અધિક વ્યાજથી, હત્યા આદિનો અપરાધ લગાવીને કરતો હતો. પ્રજાને દુઃખિત, તાડિત, તિરસ્કૃત અને નિર્ધન કરવામાં આનંદ લેતો હતો, છેતરપીંડી અને માયાચારને પોતાનું કર્તવ્ય સમજતો હતો.

આવા મલિન પાપકર્મોનાં આચરણનું ફળ તેણે આગામી ભવોમાં તો ભોગવ્યું પણ તે જ ભવમાં પણ ભોગવ્યું. તેને સોળ પ્રકારના રોગાંતક (અસાધ્ય રોગ) ઉત્પન્ન થયા. તેની ચિકિત્સા કરવામાં કોઈ વૈદ્ય કે ચિકિત્સક સમર્થ ન થઈ શક્યા. આમ જ જીવન વ્યતીત કરી મરીને તે પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય છે અને ત્યાંથી મૃગાપુત્ર તરીકેનો અત્યંત દયનીય ભવ મળે છે.

આ અધ્યયનનું અર્કબિંદુ એ જ છે કે રાજસત્તાનો દુરુપયોગ કરનાર, લાંચ લેનાર, પ્રજા પર અનુચિત કરનો ભાર નાંખનાર, સત્તા અને પુણ્યના નશામાં ચકચૂર બનેલા માનવો અન્યની ફિકર કરતા નથી પણ પોતાના જ ભાવી ભવોની પણ પરવા કરતા

નથી. આજના લાંચ-રુશ્વતના વાતાવરણમાં પ્રસ્તુત સૂત્ર સમીક્ષાપાત્ર બની રહે છે.

દુઃખવિપાકના બેથી આઠ અધ્યયનના કથાનાયકો માંસાહાર કરનાર, નિરપરાધ ભોળા પશુઓને સંત્રાસિત કરનાર, વેશ્યાગમન કરનાર, ઈંડાનું સેવન કરનાર, ચોરી કરનાર, પંચેન્દ્રિય વધ કરનાર, મદ્યપાન કરનાર, હોમયજ્ઞ માટે બાળકોના કુમળા હૃદયની બલિ કરનાર, હિંસાચાર કરનાર વગેરે અધમ પાપાચાર કરનાર છે. તેઓ તેમના દુઃખદાયી કર્મોનાં કેવાં કટુ પરિણામો ભોગવે છે તેનો હૃદયસ્પર્શી અહેવાલ તે સાત અધ્યયનોમાં છે.

નવમા અને દશમા અધ્યયનના પાત્રોમાં બે સ્ત્રી પાત્ર છે. દેવદત્તા અને અંજુશ્રી. ભોગાસક્ત દેવદત્તાની સ્વાર્થવૃત્તિ એટલી બધી ભયંકર હોય છે કે તે પોતાના સંબંધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ન કરવાનાં કામ કરે છે. પૂર્વભવમાં ૪૯૯ સાસુઓને જીવતા સળગાવી દેનારી દેવદત્તા, તે ભવમાં સાસુની હત્યા કરે છે.

દશમા અધ્યયનની અંજુશ્રી પૂર્વભવમાં અનર્થોની ખાણ સમાન કામભોગોમાં લીન રહીને દુઃખોની પરંપરા વધારે છે.

આમ દુઃખવિપાક સૂત્રમાં દુષ્કૃત્યોના કડવાં પરિણામો બતાવ્યાં છે, જ્યારે વિપાક સૂત્રના બીજા શ્રુતસ્કંધ સુખવિપાક સૂત્રમાં પુણ્યશાળી પુરુષો દાન વગેરે સત્કાર્ય કરી, સુખ ભોગવતાં સમ્યક્ દર્શન પામી, સમ્યક્ સંયમ તપમાં પુરુષાર્થ ફોરવી, સિદ્ધગતિના શિખર સર કરશે, તેનું સદૃષ્ટાંત નિરૂપણ છે.

પ્રથમ અધ્યયનમાં સુબાહુકુમારનું વર્ણન છે. પરમ પુણ્યના ઉદયથી સુબાહુકુમારને રાજ પરિવારમાં જન્મ અને શ્રમણ ભગવાન મહાવીરના સમાગમનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમને એટલી બધી સુંદર, મનોહર, સૌમ્ય અને પ્રિય આકૃતિ મળી હતી કે ગૌતમ સ્વામી જેવા વિરક્ત મહાપુરુષનું હૃદય પણ તેમના તરફ આકૃષ્ટ થયું હતું. તેમની તેવી મનોહરતાનું કારણ તેમનો પૂર્વભવ હતો.

પૂર્વભવમાં સુબાહુકુમાર ધનાઢ્ય સુમુખ ગાથાપતિ હતા. એકદા તેમના ઘરે નિરંતર માસખમણના પારણે માસખમણ કરતાં સુદત્ત અણગાર પારણાના દિવસે ગોચરી માટે પધાર્યા. તેમને જોઈને અત્યંત હર્ષિત અને પ્રસન્ન થઈને આસન પરથી ઊઠ્યા, પાદુકાઓનો ત્યાગ કર્યો, મુખ પર વસ્ત્ર રાખ્યું, સ્વાગત માટે સાત-આઠ પગલાં સામે ગયા, વંદન નમસ્કાર કર્યાં અને સુપાત્ર આહારદાનનો લાભ લીધો. આહારદાન દેતા સમયે અને આપ્યા પછી પણ પ્રસન્નતાનો અનુભવ કર્યો.

જો દેય, દાતા અને પ્રતિગ્રાહક પાત્ર–આ ત્રણે શુદ્ધ હોય તો તે દાન જન્મ-મરણના બંધનોને તોડનાર અને સંસારને અલ્પ કરનાર થાય છે. અહીં સુમુખ ગાથાપતિ શુદ્ધ દ્રવ્ય–નિર્દોષ વસ્તુ વહોરાવે છે, પોતે પવિત્ર દાતા અર્થાત્ ગોચરીના નિયમ યોગ્ય છે અને લેનાર પણ મહાતપસ્વી શ્રમણ છે. આમ ત્રિકરણ શુદ્ધિ અને વિશુદ્ધ ભાવનાથી સંસારને અતિઅલ્પ કરી મનુષ્યના આયુષ્યનો બંધ કરે છે. પછીના ભવમાં સુબાહુકુમારપણે ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી સુબાહુકુમાર શ્રમણોપાસક થઈ ગયા. એક વાર પૌષધશાળામાં અઠ્ઠમ વ્રત ધારણ કરીને રાત્રિના સમયે ધર્મજાગરણમાં ચિંતવણા કરતા હતા કે જો ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા અહીં પધારે તો હું દીક્ષા લઈ ધન્ય બનું. ભગવાન પણ તેમના સંકલ્પને જાણીને ત્યાં પધારે છે. સુબાહુકુમાર અણગાર બની સાધ્વચારનું પૂર્ણતયા પાલન કરીને અંતે એક માસનો સંથારો કરી દેવલોકમાં ઉત્પન્ન થયા. તે પંદર ભવો પછી મોક્ષે જશે, તેવું વિધાન સૂત્રમાં છે.

બાકીના નવ અધ્યયનમાં પણ નામ અને સ્થાન સિવાય બધી વિગતો એક સમાન છે.

વિપાક-ફળની દૃષ્ટિએ કર્મપ્રકૃતિઓ બે ભાગમાં વિભક્ત છે. અશુભ અને શુભ. જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતિકર્મોની બધી અવાંતર (પેટા) પ્રકૃતિઓ અશુભ છે. ચાર અઘાતિ કર્મોની પ્રકૃતિઓના બે ભેદ છે–તેમાં કેટલીક અશુભ અને કેટલીક શુભ છે. અશુભ પ્રકૃતિઓને પાપપ્રકૃતિ કહેવાય છે, જેનું ફળ જીવને માટે અનિષ્ટ, અકાંત, અપ્રિય અને દુઃખરૂપ હોય છે. શુભ કર્મપ્રકૃતિઓનું ફળ તેનાથી વિપરીત ઈષ્ટ, કાંત, પ્રિય અને સાંસારિક સુખ આપનાર છે. બંને પ્રકારના ફળ-વિપાકને સરળ, સરસ અને સુગમ રૂપે સમજવા માટે વિપાક સૂત્રની રચના થઈ છે.

જોકે પાપ અને પુણ્ય–બંને પ્રકારની કર્મપ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ મોક્ષ મળે છે. પાપ લોઢાના બંધન જેવું છે તો પુણ્ય સોનાના બંધન જેવું છે. બંને બંધન રૂપે હોવા છતાં પણ બંનેના ફળમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.

દુઃખવિપાકના કથાનાયક મૃગાપુત્ર આદિ અને સુખવિપાકમાં વર્ણન કરાયેલ સુબાહુકુમાર આદિ–બંને પ્રકારના કથાનાયકોની ચરમસ્થિતિ, અંત એક સમાન છે–મોક્ષે જશે. પણ તે પહેલાંના તેમના સંસાર પરિભ્રમણનું જે ચિત્ર છે તે વિશેષ વિચારણીય છે. **સુખ સૌને પ્રિય છે, દુઃખ કોઈને ગમતું નથી.** પાપાચારી મૃગાપુત્ર આદિને ઘોરતમ દુઃખમય દુર્ગતિઓથી દીર્ઘ–દીર્ઘતર કાળ સુધી પસાર થવું પડશે. અનેકાઅનેકવાર નરકોમાં, એકેન્દ્રિયોમાં આદિ વિષમ એવં ત્રાસજનક યોનિઓમાં દુસ્સહ વેદનાઓ ભોગવવી પડશે. ત્યાર પછી ક્યાંક તે માનવભવ પામી સિદ્ધિને મેળવશે.

જ્યારે સુખવિપાકના કથાનાયક સુબાહુકુમાર આદિ સંસારના કાળનો અધિકાંશ ભાગ દેવલોકના સ્વર્ગીય સુખોના ઉપભોગમાં

અથવા માનવભવમાં જ વ્યતીત કરી પંદર ભવ પછી સિદ્ધિને મેળવશે.

વિપાક સૂત્રમાં રોચક, પ્રેરક વિષય છે અને હૃદયને ધ્રુજાવી દે તેવો ધારાવાહી વિષય છે. વિપાક સૂત્રનું વિશ્લેષણ કરતાં એટલું જ કહી શકાય કે પાપોના સેવનથી કર્મ બાંધતી વખતે વિવેકબુદ્ધિથી વિચારવું જોઈએ. કર્મોનો હિસાબ તો પાઈ પાઈ ચૂકવવો પડે છે, તેના માટે નિમિત્ત પછી કોઈ પણ હોઈ શકે. ઈન્દ્રિયોના વિષય-સુખ મીઠા ઝેર સમાન છે. વર્તમાનમાં મસ્ત રહે છે તે ભવિષ્યમાં ત્રસ્ત બની સંકટમય અને અંધકારમય પરિસ્થિતિમાં સપડાઈ જાય છે. આવું જાણી ઈચ્છા નિરોધ કરી સંયમી ને તપમય, ત્યાગમય જીવન જીવવામાં જ મનુષ્યભવની સાર્થકતા છે.

પ્રસ્તુત સૂત્રમાં સુપાત્ર દાન દેવાની વિધિ, વિનય વ્યવહાર, તેનાથી થતા લાભોનું સુંદર વિવરણ સુબાહુકુમારના અધ્યયનમાં મળે છે. સુપાત્રદાન દેતાં ત્રૈકાલિક હર્ષ–દાન દેવાનો અવસર પ્રાપ્ત થતાં, દાન દેતાં અને દાન દીધા પછી થવો જોઈએ. જે પ્રસન્નતા પરમ પદને પ્રાપ્ત કરાવનારી બને છે.

દુઃખવિપાકના પહેલા અધ્યયનમાં રોગને ઉપશાંત કરવાના વિવિધ પ્રયોગો તે સમયની ચિકિત્સા પદ્ધતિમાં આયુર્વેદ કેટલું પ્રચલિત હશે તેનો અહેવાલ આપે છે. માલિશ, લેપ, વમન, વિરેચન, ઔષધ વગેરેથી રોગને નિયંત્રણ કરવાના ઉપાયોનું સૂચન છે.

બીજું માતાના દોહદનો ઉલ્લેખ છે ત્યાં 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' ન કહેતાં 'પુત્રનાં લક્ષણ ગર્ભમાંથી' એમ કહેવું ઉચિત લાગે છે. અધર્મી વ્યક્તિનો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યારથી માતાને મદિરાપાન, માંસાહાર વગેરે અનિષ્ટ સેવવાની ઈચ્છા જાગે છે.

પિતાની ભૌતિક સંપત્તિનો વારસદાર તો પુત્ર બને જ છે પણ સારા સંસ્કારોનો વારસો પણ તે પુત્રને આપી શકે છે. પણ પિતા જ જ્યારે ચોરપલ્લીનો સેનાપતિ હોય કે પ્રાણીઓને સંત્રાસિત કરનાર કોટવાળ હોય કે કસાઈ હોય તો તે પોતાના પુત્રને વારસામાં તે જ આપશે. માટે કલ્યાણપિતા બનવાની કલ્યાણકારી શીખ પણ આ અધ્યયનોમાંથી મળે છે.

વિપાક સૂત્ર ભવારણ્યમાં ભૂલા પડેલા, ભટકતા ભવ્ય પ્રાણીઓ માટે ભોમિયો છે, અજ્ઞાનના અંધારામાં અથડાતા જીવો માટે આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે, મિથ્યાત્વની મૂંઝવણમાં મુકાતા જીવો માટેની માર્ગદર્શક પત્રિકા છે, સંસારના દાવાનળમાં દાઝીને દોડતા જીવો માટે દીવાદાંડી છે, ઉન્માર્ગે ગયેલાને સન્માર્ગ લાવવાની સીડી છે, પરમ પદને પ્રાપ્ત કરવા માટેનું પથદર્શક પાટિયું છે, કરુણાસાગર ભગવંતે બતાવેલો કારગત કીમિયો છે, સાધક માટે સર્વાભ્યુદય કરનાર સોનાનો સૂરજ છે. આવા ઉત્તમ લક્ષણોથી સુશોભિત વિપાક સૂત્ર જિજ્ઞાસુ મુમુક્ષુ આત્માઓ માટે જ્ઞેય-ઉપાદેય છે. ✷ ✷ ✷

**ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૪૯થી ચાલુ**

મલ્લી કી અંગુલિયાં વ નખોં કે બરાબર ભી ઈનકા સૌન્દર્ય નહીં હૈ.''

મલ્લી કી સુન્દરતા કે બારે મેં સુનતે હી રાજા ગહરે વિચારોં મેં ડૂબ ગયા.

ક્યા એસી અદ્‌ભુત સુન્દરી કો મૈં પા સકૂંગા...? યદિ ઉસે નહીં પાયા તો ફિર સમૂચા રાજ્ય હી ત્યાગ દૂંગા.

ઔર રાજા ને તુરંત દૂત કો બુલાયા–

''તુમ અભી મિથિલા કે રાજા કુંભ કે પાસ જાકર હમારે લિએ મલ્લીકુમારી કી યાચના કરો.''

''આગ તો લગા દી, અબ દેખતી હું ઉસ રૂપ-જ્ઞાન-ગર્વિતા કો; મેરે ચરણ ન છુઆયે તો...?''

ઈધર મિથિલા મેં એક દિન મલ્લીકુમારી એકાન્ત કક્ષ મેં બૈઠી ચિન્તન કર રહી થી. અવધિજ્ઞાન કે પ્રભાવ સે ઉન્હેં ભવિષ્ય કી ઘટનાએ ચલ ચિત્ર કી ભાંતિ દિખાઈ દેને લગી.

સાકેત, આદિ કે છહ દૂત ઉનકે લિએ વિવાહ પ્રસ્તાવ લેકર મહારાજ કુંભ કે રાજ દરબાર મેં આયે હૈં. કિન્તુ મહારાજ ને ઉનકા પ્રસ્તાવ ઠુકરા દિયા. ફલ સ્વરૂપ છહોં રાજાઓ ને એક સાથ મિથિલા નગરી પર આક્રમણ કર દિયા હૈ. મહારાજ કુંભ ચિંતા મેં ડુબે બૈઠે હૈં. (મલ્લીકુમારી મન કા ચિન્તન)

મલ્લીકુમારી ને સોચા–

યહ સબ હોને વાલા હૈ. ઇસ લિએ અચ્છા હૈ, પહલે સે હી આને વાલી સમસ્યા કા સમાધાન તૈયાર કર લિયા જાય.

મલ્લીકુમારી ને એક યોજના સોચી ઔર ઈસકે અનુસાર નગર કે વાસ્તુકારોં કો બુલાકર આજ્ઞા દી–

''આપ લોગ મેરી યોજના કે અનુસાર એક વિચિત્ર મોહનગૃહ (માયા મહલ) કા નિર્માણ કરેં.''

વાસ્તુકારોં ને રાજકુમારી કે આદેશાનુસાર એક મોહનગૃહ બનાયા, જિસ કે મધ્ય મેં રાજકુમારી કી હૂ-બહૂ સ્વર્ણ મૂર્તિ બનાકર રખી ગઈ. મૂર્તિ કે મસ્તક પર એક છિદ્ર કિયા જો સોને કે કમલ સે ઢંકા હુઆ થા. ઉસકે સામને છહ અલગ-અલગ કક્ષ થે જિનકે બીચ મેં પારદર્શી જાલી લગી થી. મૂર્તિ કે પીછે ભી એક દરવાજા બનાયા જો સામને મોહનગૃહ મેં આકર ખુલતા થા.

મલ્લીકુમારી મૂર્તિ કે અન્દર પ્રતિદિન તાજે અન્ન કા એક ગ્રાસ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૫મું )

# શ્રી ઉવવાઈ સૂત્ર

❑ડૉ. કલા એમ. શાહ

૧૨

જૈન શ્વેતાંબર પરંપરામાં અગિયાર અંગ અને બાર ઉપાંગો પ્રસિદ્ધ છે. આ બાર ઉપાંગ સૂત્રોના ક્રમના વિષયમાં કોઈપણ સ્પષ્ટીકરણ પ્રાપ્ત થતું નથી, તે છતાં ઔપપાતિક સૂત્ર પોતાની કેટલીક વિશેષતાઓને કારણે **પ્રથમ ઉપાંગ** રૂપે પ્રગટ થયું છે.

उववाइय - ઔપપાતિક શબ્દનો અર્થ છે ઉપપતન તે ઉપપાત – દેવ નારકના જન્મ અને સિદ્ધિગમન. તેને આશ્રીને કરાયેલ અધ્યયન તે ઔપપાતિક.

આચારાંગનું આ પ્રથમ અધ્યયન 'શસ્ત્ર પરિજ્ઞા' તેના પહેલા ઉદ્દેશમાં આ સૂત્ર છે -

एवमेगेसिं नो नायं भवइ अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए' - આ સૂત્રમાં જે આત્માના ઔપપાતિકનો નિર્દેશ છે તેનો વિસ્તાર કર્યો છે તેથી અર્થથી અંગના સમીપ ભાવ વડે તે ઉપાંગ છે.

'ઉવવાઈ' શબ્દનો અર્થ 'ઉપપાત' જૈન દર્શનમાં ત્રણ પ્રકારના જન્મ છે, તેમાં એક 'ઉપપાત' વિશિષ્ટ જન્મ છે.

'ઉપપાત' એટલે માતાપિતાના સંયોગ વિના અથવા રાસાયણિક સંમૂર્ચ્છિમ ભાવોના અભાવમાં સહજભાવે જીવકર્મ પ્રભાવે જોતજોતામાં જન્મ પામી દેહનો વિકાર કરે તેને 'ઉપપાત' જન્મ કહેવાય છે. આવા ઉપપાત જન્મનું વિશદ વર્ણન અહીં કરવામાં આવ્યું છે. આ રીતે ઔપપાતિક સૂત્ર પ્રાધાન્યપણે ઉત્પત્તિના વિષયને જ પ્રગટ કરે છે. જીવના અધ્યવસાય પ્રમાણે તેના જન્મ મરણ થાય છે.

उपपतनं उपपातो देव - नारक जन्मसिद्धिं गमनं च।

अतस्तमधिकृत्य कृतमध्ययन मौपपातिकम् - वृत्ति।।

દેવ અને નૈરયિકોના જન્મને ઉપપાત કહે છે. પ્રસ્તુત આગમમાં મુખ્યત્વે દેવ અને નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય ભિન્ન ભિન્ન પ્રકારના જીવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે તેથી આ આગમનું નામ ઔપપાતિક સૂત્ર સાર્થક છે.

વિષયની દૃષ્ટિએ ઔપપાતિકના સૂત્રના બે વિભાગ છે. (૧) સમવસરણ (૨) ઉપપાત.

સમવસરણ વિભાગમાં ૧૨૨ સૂત્રો છે અને ઉપપાત વિભાગમાં ૯૩ સૂત્રો છે.

'ઔપપાતિક સૂત્ર'ના પ્રથમ વિભાગ **સમવસરણ**માં અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીના પુર્ણભદ્ર ચૈત્યમાં પોતાના પરિવાર સાથે પધાર્યા તેનું વિસ્તૃત વર્ણન છે. તે ઉપરાંત અન્ય વર્ણનો પણ વિસ્તૃત રીતે આપવામાં આવ્યા છે. બીજા વિભાગ 'ઉપપાત'માં ગણધર ગૌતમની જિજ્ઞાસા અનુસાર ભગવાને ભિન્ન ભિન્ન પ્રકારના જીવોના ઉપપાતનું વર્ણન કર્યું છે. ઉપપાત વર્ણન જ પ્રસ્તુત આગમનું હાર્દ છે, અને આ વર્ણન જ્ઞાનવર્ધક છે.

**ચંપાનગરીનું વર્ણન :**

'તે નગરી માલતીલતા આદિના સમૂહથી, વૃક્ષરાજિથી શોભતા પ્રદેશોયુક્ત આરામોથી, પુષ્પગુચ્છોના ભારથી લચી પડેલા નાના નાના વૃક્ષોથી યુક્ત ઉદ્યાનો અને કૂવા, વાવ, તળાવ, સરોવર, દીધિકા અને વાવો વગેરે રમ્યતાદિ ગુણોથી સંપન્ન હતી. તે મેરુ પર્વતના નંદનવન જેવી શોભાસંપન્ન લાગતી હતી.'

ત્યાં જલાશયોના પાણી તાજા ખીલેલા કમળોથી સુશોભિત હતા. ત્યાંના મકાનો હંમેશા ચૂનાથી રંગેલા હોવાથી સુંદર દેખાતા હતા. નગરીની શોભા અનિમેષ દૃષ્ટિથી જોવાલાયક હતી. આ રીતે ચંપાનગરી પ્રસન્નતાજનક હોવાથી મનોરમ્ય, અભિરૂપ અને વારંવાર જોવાની ઈચ્છા થાય તેવી અસાધારણ રૂપવાળી મનોહર હોવાથી પ્રતિરૂપ હતી.'

ભગવાન મહાવીરના દેહવૈભવ અને ગુણવૈભવનું વર્ણન કરવા માટે પચ્ચીસ લીટીનું એક વાક્ય અને ગુણોનું વર્ણન કરવા માટે ૬૩ લીટીના એક દીર્ઘ વાક્યની રચના જોવા મળે છે.

**પ્રભુના ગુણોનું વર્ણન :**

'તે કાલે તે સમયે શ્રમણ – ઘોર તપ સાધના રૂપ શ્રમમાં અનુરક્ત ભગવાન – આધ્યાત્મિક, ઐશ્વર્ય સંપન્ન, મહાવીર સ્વામી ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. તે ભગવાન મહાવીર આદિકર – શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મની આદિ કરનારા તીર્થંકર – સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા તે ચતુર્વિધ સંઘની સ્થાપના – તીર્થની સ્થાપના કરનાર સ્વયંબુદ્ધ...અન્યના ઉપદેશ વિના સ્વયંબુદ્ધોના પ્રાપ્ત થયેલા પુરુષોત્તમ – જ્ઞાનાદિ અનંત ગુણોથી વિશિષ્ટ અથવા અતિશય સંપન્ન, પુરુષસિંહ, રાગ-દ્વેષાદિ કર્મ શત્રુઓનો નાશ કરવામાં શૂરવીર પુરુષવર પુંડરિક...'

**ભગવાન મહાવીરના દેહનું વર્ણન :**

'તે પ્રભુ મહાવીર સાત હાથની ઊંચાઈ, સમચતુરસ્ત્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંઘયણના ધારક હતા. તેમને શરીરની અંદરનો વાયુ અનુકૂળ હતો. અર્થાત્ તેઓ વાયુપ્રકોપથી રહિત દેહવાળા હતા. ગુદાશય કંક પક્ષી જેવું નિર્લેપ હતું. જઠરાગ્નિ

કબૂતર જેવી આંત-પ્રાંત આહારને પચાવી શકે તેવી હતી. ગુદાશય અને ગુપ્તાંગની આસપાસનો ભાગ પોષ-પૃષ્ટંત અને જંઘા પક્ષીની જેમ નિર્લેપ રહેતા હતા. મુખ પદ્મકમલ અને પદ્મનાભ નામના સુગંધિત દ્રવ્ય જેવા ઉચ્છવાસ વાયુથી સુગંધિત હતું. ત્વચા-કાંતિયુક્ત હતી...'

'પ્રભુ મહાવીરના દેહના અન્ય અંગો મસ્તક, આંખ, ભ્રમર, કાન, પાંપણો, અધરોષ્ઠ, દંતશ્રેણી, મૂછ, હાથ, આંગળીઓ, ગ્રીવા, વક્ષઃસ્થળ, કુક્ષી, નાભિ, કટિપ્રદેશ, ગુહ્યપ્રદેશ, સાથળ, ઘૂંટણ, ચરણો, ઘૂંટીઓ, પગની આંગળીઓ, ચરણો, તળિયા વગેરેનું ઉપમાયુક્ત વર્ણન કરેલ છે.'

'પ્રભુનું તેજ વિશિષ્ટ હતું અને રૂપ અસાધારણ હતું. તેમ જ નિર્ધૂમ પ્રજ્વલિત અગ્નિ, વારંવાર ચમકતી વીજળી તથા મધ્યાહ્નકાલીન સૂર્યના કિરણો જેવું તેજસ્વી હતું.'

**કોણિક રાજાનું વર્ણન :**

'ચંપાનગરીમાં કોણિક નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ મહિમાવંત, મહામલય પર્વત, મેરુ પર્વત અને મહેન્દ્ર પર્વતની જેમ શ્રેષ્ઠ હતા. તેમનો જન્મ અત્યંત વિશુદ્ધ અને દીર્ઘકાલથી રાજકુળરૂપે પ્રસિદ્ધ વંશમાં થયો હતો. તેમના અંગોપાંગ સ્વસ્તિકાદિ રાજચિહ્નોથી શોભતા હતાં.'

**ધારિણી રાણીનું વર્ણન :**

'તે શ્રેણિક રાજાને ધારિણી નામે રાણી હતી. તેના હાથ, પગ ઘણાં જ સુકોમળ હતા. તેનું શરીર સર્વલક્ષણોથી સંપન્ન, સપ્રમાણ અને પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ હતું. તેની શરીર સંપદા ઉત્તમ પ્રકારની હતી. હસ્તરેખા આદિ લક્ષણો, તલ, મસા આદિ ચિહ્નોથી તે સુસંપન્ન હતી. તે માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ અને સમસ્ત આંગોપાંગ સુંદર હોવાથી તે સર્વાંગ સુંદર હતી.'

**ભગવાનની ધર્મ દેશના :**

'તે પ્રભુ **ઓઘબલી** – અવ્યવચ્છિન્ન – અખંડ બળના ધારક, અતિબલિ – અતિશય બળસંપન્ન, મહાબલી, પ્રશસ્ત બળસંપન્ન, અપરિમિતબળ, વીર્ય, તેજ માહાત્મ્ય તથા કાંતિયુક્ત હતા.'

'તેઓએ શરદકાલીન નવીન મેઘની ગર્જનાની જેમ મધુર અને ગંભીર, ક્રૌંચ પક્ષીના મંજુલ સ્વરની જેમ મધુર અને દુદુંભિના નાદની જેમ દૂરગામી, વક્ષઃસ્થળમાં વિસ્તારને પ્રાપ્ત થયેલી; કંઠમાં ગોળ ગોળ ઘુમરાતી; મસ્તકમાં વ્યાપ્ત; સ્પષ્ટ ઉચ્ચારવાળી; અસ્ખલિત–અટક્યા વિનાની સ્પષ્ટ, વર્ણ, અને પદની વિકલતા રહિત, સમસ્ત અક્ષરોના સંયોગયુક્ત, સ્વરકળાથી પૂર્ણ અને ગેયરાગ યુક્ત; સર્વ ભાષામાં પરિણમન પામતી એક યોજન પરિમાણમાં ફેલાતી સરસ્વતી વાણી એવી અર્ધમાગધી ભાષામાં કોઈપણ પ્રકારના ભેદ-ભાવ વિના આર્ય અને અનાર્ય પુરુષોને અગ્લાન ભાવે, શ્રુત-ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ આપ્યો.'

**અખંડ પરિવ્રાજકનું વર્ણન :**

'અખંડ પરિવ્રાજક ભદ્ર-સૌમ્ય, પરોપકાર પરાયણ અને પ્રકૃતિથી જ શાંત છે. તે સ્વભાવથી જ અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, મંદ કષાયી છે. તે કોમળ સ્વભાવથી યુક્ત અને અહંકાર રહિત, ગુરુજનોની આજ્ઞાનું પાલન કરનારા તથા વિનયશીલ છે.'

(૨) **ઉપપાત વિભાગ :**

બીજા ઉપપાત વિભાગમાં ગૌતમ ગણધરે જિજ્ઞાસાથી પૂછેલા પ્રશ્નોનું સમાધાન ભગવાન મહાવીરે કર્યું છે. તેમાં વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિનું નિરૂપણ કર્યું છે. જીવો પરલોકમાં આરાધક થયા કે નહિ તેની સ્પષ્ટતા કરી છે અને સિદ્ધ થવાની પ્રક્રિયા, સિદ્ધશિલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

તે ઉપરાંત અખંડ પરિવ્રાજક અને તેના ૭૦૦ શિષ્યોના કથાનકથી આ આગમ રોચક બન્યું છે. અખંડ પરિવ્રાજક હોવા છતાં શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો, ભગવાન મહાવીરમાં દૃઢ શ્રદ્ધા રાખી, અનશન કર્યું, સમાધિમરણ પ્રાપ્ત કર્યું અને મહાવિદેહમાં જન્મ ધારણ કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી. આ આખીય વાતમાં જૈનદર્શન જાતિવાદમાં માનતું નથી પણ જે જૈનધર્મમાં શ્રદ્ધા રાખે, તે જૈન પરંપરાના વ્રત નિયમોના આરાધક બની શકે છે તે પ્રતિપાદિત કર્યું છે.

જૈન દર્શનમાં સંપૂર્ણ કર્મક્ષય પછી મુક્તિ અને મુક્ત થયેલા જીવોનું ઋજુગતિથી એક સમય માત્રમાં લોકાગ્રે સિદ્ધક્ષેત્ર ગમન, ત્યાં અનંત કાળ પર્યંત સિદ્ધશીલા, સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોનું સુખ વગેરેનું વર્ણન અદ્ભુત છે.

**સિદ્ધોના નિવાસસ્થાનનું વર્ણન :**

'આ રત્નપ્રભાના (પૃથ્વીના) બહુસમરમણીય ભૂમિભાગથી ડુંગર, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારાઓના ભવનથી ઘણા યોજન, ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન, ઘણા લાખો યોજન તથા ઘણા કરોડ યોજન તથા ક્રોડાક્રોડ યોજનથી ઊર્ધ્વતર તથા બહુ જ ઉપરના ભાગમાં ગયા પછી સૌધર્મ, ઈશાન, સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્ત્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પ તથા ત્રણસો અઢાર ગ્રૈવેયક વિમાનના આવાસથી પણ ઉપર વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ મહા વિમાનના સર્વોચ્ચ શિખરના અગ્રભાગથી બાર યોજનના આંતરે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે.'

આ સૂત્રમાં અનેક સ્થળે અલંકાર અને તાદૃશ્ય ઉપમા આપીને સાહિત્યિક ભાષામાં વર્ણન કરેલું છે. નગરી આદિના વર્ણનથી તે

સમયની સમાજવ્યવસ્થા અને નગરજીવનની પ્રતીતિ થાય છે. ભગવાનના શિષ્ય પરિવારના વર્ણન દ્વારા જૈન શ્રમણોની જીવનચર્યાનો બોધ થાય છે. સમવસરણમાં પરિષદની મધ્યમાં કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આપેલી ધર્મદેશના પ્રભુ મહાવીરના વીતરાગભાવને પ્રગટ કરે છે. પ્રભુએ આપેલી દેશના દ્વારા સંપૂર્ણ જૈનદર્શનનો બોધ થાય છે.

આમ આ આગમ નાનું હોવા છતાં તેમાં મહત્ત્વપૂર્ણ સામગ્રી ભરેલી છે.

આ આગમનો વિષય આધ્યાત્મિક છે. કાવ્ય શાસ્ત્રની દૃષ્ટિએ આ સૂત્ર અનુપમ છે, અજોડ છે. આ સૂત્રમાં સાહિત્યભાવો અને તત્ત્વજ્ઞાનના ભાવોનું સુંદર સંયોજન છે. આગમકારે આ નાનકડા પણ અલૌકિક સૂત્રમાં વિરાટ વિષયનું નિરૂપણ કર્યું છે.

આ સૂત્રની કડીબદ્ધ પંક્તિઓમાં કાવ્યરચનાની પ્રતીતિ થાય છે. સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે લાંબા લાંબા સમાસબદ્ધ કાવ્યમય વાક્યોનો જે પ્રયોગ થયો છે તે જૈનાગમ વખતની સાહિત્યિક ભાષાના વિકાસની સાક્ષી પૂરે છે. (સંસ્કૃત) કાદંબરી જેવા બબ્બે પાનાના સમાસબદ્ધ વાક્યો કરતાં પણ લાંબી કડીબદ્ધ કાવ્યમય વાક્યરચનાઓ આ સૂત્રમાં જોવા મળે છે.

તત્ત્વનો વિચાર કરીએ તો જણાય છે કે ઉવવાઈ સૂત્રમાં અનુપમ ત્યાગ માર્ગનું નિરૂપણ થયું છે. જૈન મુનિઓના ત્યાગમય જીવનનું વર્ણન છે. તે સમયમાં ધર્મની વિકૃતિઓને દૂર કરવા જે ક્રાંતિ સર્જી હતી તેવા ક્રાંતિકારી વીર પ્રભુના શિષ્યોનું ભાવાત્મક ચિત્ર અહીં શબ્દસ્થ થયું છે.

ઔપપાતિક ઉવવાઈ સૂત્રની વિશેષતા એ છે કે તેમાં સમગ્ર ત્યાગ માર્ગને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ તપાસી, જૈન તથા અન્ય સંપ્રદાયોમાં ત્યાગના જે આચારો છે તેની ગણના કરી તેને ન્યાય આપ્યો છે. કોઈ પણ સંપ્રદાયની નિંદા કરવામાં આવી નથી. ઉવવાઈનો આધ્યાત્મિક વિષય ઘણો જ રસમય છે. બધાં સંપ્રદાયો સાથે સ્યાદ્વાદ શૈલીથી તેમાં સમવાય સ્થાપિત કર્યો છે.

**ઔપપાતિક-ઉવવાઈ સૂત્રનો**
**રચના કાળ અને ભાષા શૈલી :**

બારે ઉપાંગ સૂત્રોમાંથી 'પ્રજ્ઞાપના સૂત્ર'ને બાદ કરતાં બાકીના બધા ઉપાંગ સૂત્રોની રચના ક્યારે અને ક્યાં થઈ તે સંબંધમાં કોઈ પણ જાણકારી પ્રાપ્ત થતી નથી.

ઉવવાઈ સૂત્રના કુલ ૧૬૦૦ શ્લોકો (૧૨૦૦) છે. (જૈન પરંપરાનો ઇતિહાસ-ભાગ-૧, પાનું-૩૫૭).

ઉવવાઈ સૂત્રની ભાષા પ્રાયઃ ગદ્યાત્મક છે અને થોડોક ભાગ પદ્યમાં છે. ભાષાની દૃષ્ટિએ આ આગમમાં ઉપમા, સમાસ તથા વિશેષણોની બહુલતા છે.

ડૉ. સાધ્વી આરતી ઉવવાઈ સૂત્ર વિશે લખે છે, 'ઉપાંગ સૂત્રોમાં પ્રથમ સ્થાન ધરાવતું શ્રી ઔપપાતિક સૂત્ર એક સંદર્ભ સૂત્ર સમાન છે. અંગ સૂત્રો અને ઉપાંગ સૂત્રોના વર્ણાનાત્મક વિષયોમાં અનેક સ્થાને ઔપપાતિકના સંદર્ભો જોવા મળે છે. ઔપપાતિક સૂત્ર કદમાં નાનું હોવા છતાં મહત્તમ સામગ્રીઓથી ભરેલું છે. આ આગમના મુખ્ય વિષયો એવા છે કે તેનો ઉલ્લેખ અન્ય ક્યાંય પ્રાપ્ત થતો નથી. જેમ કે તીર્થંકરના દેહનું નખશીખ વર્ણન આદિ...'

✶ ✶ ✶

**ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ પરથી ચાલુ**

ડાલતી થી.

એક દિન મહારાજ કુંભ રાજ સભા મેં બૈઠે થે, તભી સાકેતપતિ રાજા પ્રતિબુદ્ધિ કે દૂત ને દરબાર મેં પ્રવેશ કિયા ઔર અપને રાજા કા સંદેશ સૂનાયા–

''મહારાજ; સાકેતપતિ રાજા પ્રતિબુદ્ધિ ને આપ કી અનિંદ્ય સુન્દરી કન્યા મલ્લીકુમારી કે સાથ વિવાહ-પ્રસ્તાવ ભેજા હૈ !''

ઉસી સમય ચમ્પાપતિ ચન્દ્રછાય કા દૂત ભી આ પહૂંચા. ઉસને ભી નિવેદન કિયા–

''હમારે સ્વામી ચન્દ્રછાય આપ કી કન્યા કે સાથ પાણિગ્રહણ કરને કો ઉત્સુક હૈ.''

ઈસી પ્રકાર શ્રાવસ્તી, વારાણસી, હસ્તિનાપુર ઔર કંપિલપુર નરેશો કે દૂત ભી એક સાથ મલ્લીકુમારી કે પાણિગ્રહણ કા પ્રસ્તાવ લે આયે. એક સાથ છદ દૂતોં કે પ્રસ્તાવ સુનકર રાજા કુંભ ગુસ્સે સે ભર ઉઠે ઔર દૂતોં કો ઝિડકતે હુએ બોલે-

''તુમ્હારે રાજા મેરી કન્યા કી ચરણ-ધૂલિ કે તુલ્ય ભી નહીં હૈ. જાઓ, અપને મૂર્ખ સ્વામિયોં સે કહ દો, અપને દુર્બલ હાથોં સે આકાશ કે તારે તોડને કા પ્રયાસ ન કરેં.''

ઉસને દૂતોં કો અપમાનિત કરકે રાજ્ય સભા સે નિકાલ દિયા.

અપમાન સે તિલમિલાતે દૂતોં ને યહ ખબર અપને-અપને રાજાઓં કો દી. ફલસ્વરૂપ એક સાથ છહોં રાજાઓં કી સેના ને અલગઅલગ દિશાઓં સે આકર મિથિલા નગર કો ચારોં તરફ સે ઘેર લિયા ઔર રાજા કુંભ કે પાસ સન્દેશ ભેજા–

''યા તો અપની કન્યા કા વિવાહ હમસે કર દેં અન્યથા રણભૂમિ મેં આકર યુદ્ધ કરેં...''

રાજા કુંભ ને તુરંત અપને મંત્રી, સેનાપતિ આદિ કો બુલા કર મંત્રણા કી. સેનાપતિ ને કહા–

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૮મું )

# શ્રી રાયપસેણીય સૂત્ર

૧૩

□ડૉ. કલા એમ. શાહ

સૂયગડાંગ સૂત્ર નામના બીજા અંગનું બીજું ઉપાંગ શ્રી રાયપસેણીય સૂત્ર છેઃ

'સૂત્રકૃતાંગ–સૂયગડાંગ–સૂત્રકૃતમાં ૧૮૦ ક્રિયાવાદી છે. ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી, ૩૨-વૈનિયકો છે. સર્વ સંખ્યા ૩૬૩ પાંખડીની છે. તે સ્વસિદ્ધાંત સ્થાપે છે. નંદી અધ્યયનમાં પણ આ વાત લખી છે. પ્રદેશી રાજા પૂર્વે અક્રિયાવાદીમત ભાવિત મનવાળો હતો. તેને આશ્રીને જીવ વિષયક પ્રશ્નો કર્યા. શ્રમણ કેશિકુમાર–ગણધારીએ સૂત્રકૃત સૂચિત અક્રિયાવાદીમતના ખંડનના ઉત્તરો આપ્યા. તે સૂત્રકૃતમાં કેશીકુમારે જે ઉત્તરો આપ્યા તેને જ અહીં સવિસ્તર કહ્યા છે. સૂત્રકૃત ગત વિશેષ પ્રગટપણાથી આ ઉપાંગ સૂત્રકૃતાંગનું છે.' આ વક્તવ્યતા ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમને સાક્ષાત્ કહી છે. (મુનિ દીપરત્ન સાગર).

રાજા પ્રદેશીની કથા સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ

ભરતક્ષેત્રમાં આમ્લકંપા નામની સમૃદ્ધ નગરી છે. ત્યાંની પ્રજા સુખરૂપ જીવી રહી હતી. ત્યાંના શ્વેત રાજા અને ધારિણીદેવી શુભ લક્ષણવંતા અને વિશુદ્ધ હતા.

તે નગરીના અંબસાલ વનમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર ગામેગામ વિહાર કરતાં પરિવાર સાથે પધાર્યા. આ સમયે ઊર્ધ્વલોકમાં સૌધર્મ દેવલોકમાં સૂર્યાભદેવ ઉત્પન્ન થયા. સૂર્યાભદેવનું ત્યાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સર્વ સુખ સંપન્ન હોવા છતાં તે ઉદાસ રહેતા હતા. એકવાર તેમણે આમ્લકંપા નગરીના ઉદ્યાનમાં પ્રભુ મહાવીરને જોયા. તેમનું પ્રવચન સાંભળવા તેઓ ગયા. પ્રવચન પૂર્ણ થતાં સૂર્યાભદેવે પ્રભુને પ્રશ્ન પૂછ્યો,

'હે પ્રભુ હું ભવસિદ્ધ છું કે અભવસિદ્ધ છું, હું સમ્યગ્દષ્ટિ છું કે મિથ્યાદૃષ્ટિ છું?'

ભગવાને જવાબ આપ્યો, 'હે દેવાનુપ્રિય તમે ભવી સમ્યક્દૃષ્ટિ છો.' ત્યારબાદ સૂર્યાભદેવને ૩૨ નાટક બતાવ્યા. છેલ્લું નાટક પ્રભુ મહાવીરના જીવનના પ્રસંગોનું હતું.

ગૌતમ ગણધરે પ્રભુને પૂછ્યું, 'ભગવાન સૂર્યાભદેવે આગલા ભવમાં એવું શું કર્યું કે જેથી તેને આવી રિદ્ધિ સિદ્ધિ મળી?'

અહીં પ્રભુએ સૂર્યાભદેવના આગલા ભવની–પ્રદેશી રાજાના ભવની વાત કરી.

કૈકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીનો રાજા પ્રદેશી હતો. તે નાસ્તિક અને હિંસક હતો. તેનો એક ચિત્તસારથિ નામનો કલ્યાણમિત્ર હતો. એકવાર રાજાની આજ્ઞા થકી શ્રાવસ્તી નગરીમાં જવાનું થયું. તે નગરીનો રાજા જિતશત્રુ હતો. ત્યાં પાર્શ્વપ્રભુના સંતાન પરંપરાના કેશી શ્રમણ પધાર્યા હતા. ચિત્તસારથિ તેમની દેશના સાંભળવા પહોંચી ગયા. દેશના સાંભળી તેઓ બાર વ્રતધારી શ્રાવક બન્યા. ચિત્તસારથિએ કેશી શ્રમણને પોતાની નગરીમાં પધારવા વિનંતિ કરી. પ્રભુ મહાવીર આમ્લકંપા નગરીમાં પધાર્યા અને ચિત્તસારથિ પોતાના મિત્ર પ્રદેશી રાજાને સદ્ગુરુ પાસે લઈ આવ્યો. પ્રદેશી રાજા નાસ્તિક હોવાથી કેશી શ્રમણને જડ અને અજ્ઞાની માનતો હતો. છતાં તેણે ચર્ચા શરૂ કરી. 'દેહ અને આત્મા જુદા છે' એ ચર્ચા કરતી વખતે રાજાએ અનેક પ્રશ્નો કેશી શ્રમણને પૂછ્યા. કેશી શ્રમણે બધાં પ્રશ્નોના ઉત્તરો ઉદાહરણાર્થે આપ્યાં; પરંતુ રાજા 'દેહ અને આત્મા જુદા છે' એ વાત સ્વીકારવા તૈયાર ન હતો. દયાળુ કેશી શ્રમણે રાજાની માનસિક સ્થિતિ જાણી લીધી કે રાજા પ્રદેશી વસ્તુતત્ત્વને શોધનારો છે. તેથી કેશી શ્રમણે એક છેલ્લું ઉદાહરણ લોખંડના ભારાને વહન કરનાર પુરુષનું આપ્યું ત્યારે પ્રદેશી રાજાને સમજાયું. પ્રભુનો ઉપદેશ સાંભળ્યો, દિલમાં ઉતાર્યો અને બારવ્રતધારી શ્રમણોપાસક બની ગયો. ત્યારબાદ તે સર્વભાવથી ઉદાસીન રહેવા લાગ્યો. તેની રાણી સૂરિકંતાથી આ સહન ન થયું. તેણે પતિને મારી નાખવાનો પેંતરો રચ્યો. પોતાના પુત્ર સૂરિકંતને પણ સાથ આપવા કહ્યું, પરંતુ પુત્ર આ વાતમાં સહમત ન થયો. રાણીએ ભોજન, વસ્ત્રો, આભૂષણો અને સૂંઘવાના પદાર્થોમાં ઝેર ભેળવી દીધું. કાંતિલ ઝેર રાજાના આંતરડામાં પ્રસરી ગયું. રાણીના કાવત્રાને જાણવા છતાં પ્રદેશી રાજાએ સમતા ધારણ કરી રાણીને ક્ષમા આપી. બાર વ્રત ઉચ્ચાર્યા. અનશન કરી સંથારો લીધો. સર્વજીવ પ્રત્યે દયા રાખી કાળધર્મ પામ્યા.

ત્યાર બાદ તે સૂર્યાભ નામના દેવવિમાનમાં સૂર્યાભદેવ રૂપે અને પછી મહાવિદેહ ક્ષેત્રમાં દૃઢ પ્રતિજ્ઞ રૂપે અવતર્યા. સંયમ લઈ ઉત્કૃષ્ટ ભાવો ચાર ઘાતીકર્મો ખપાવી કેવલી થશે.

આ સૂત્રમાં ત્રણ અધિકાર છે. (૧) સૂર્યાભદેવનો (૨) પ્રદેશી રાજાનો (૩) દૃઢ પ્રતિજ્ઞ કેવળીનો. આ ત્રણે અધિકાર એક જ જીવ–આત્માના છે.

શ્રી નંદી સૂત્રમાં અંગ બાહ્ય ઉત્કાલ શ્રુતની પરિગણનામાં પ્રસ્તુત આગમનું નામ 'રાયપ્પસેણીય' જોવા મળે છે. તેનું સંસ્કૃત રૂપાંતરણ રાજપ્રશ્નીય છે. આ આગમ એક જિજ્ઞાસુ રાજાના પ્રશ્નો સાથે સંબંધ ધરાવે છે. તેથી તેનું નામ રાજપ્રશ્નીય રાખવામાં

આવ્યું છે. કેશી શ્રમણ અને પ્રદેશી રાજા વચ્ચે થયેલી પ્રશ્નચર્ચા આ આગમનું મહત્ત્વનું અંગ છે. કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાના પ્રશ્નોના આપેલા ઉત્તરો આત્મસ્વરૂપને સમજવા માટે ઉપયોગી થાય તેવા છે. આ પ્રશ્નોત્તરથી જ પ્રદેશી રાજા અરમણીયમાંથી રમણીય, અધાર્મિકતામાંથી ધાર્મિક, નાસ્તિકમાંથી આસ્તિક, વિપયગામીમાંથી સત્પથગામી બન્યા. તેના જીવનનું આમૂલ પરિવર્તન કરાવનાર આ સંવાદ જ આ આગમનું હાર્દ છે. તેથી જ આ પ્રશ્નચર્ચાને, રાજાના પ્રશ્નોને આધારભૂત બનાવતું **'રાજપ્રશ્નીય'** નામ સાર્થક છે.

આ ઉપાંગ સૂત્રની ૨૦૭૮ ગાથા છે. આ સૂત્રમાં પ્રદેશી રાજાએ કેશી ગણધરને પૂછેલા દશ પ્રશ્નો અને તેના કેશી શ્રમણે આપેલા સચોટ ઉત્તરો નોંધપાત્ર છે. તે ઉપરાંત ૩૨ દેવતાઈ નાટકોનું સુંદર પરિચયાત્મક વર્ણન, પ્રાચીન વિવિધ સંગીત વાદ્યોના પ્રકારોનું વર્ણન, સંગીતશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર આદિની માહિતી તથા વાસ્તવવાદી ગૂઢ પ્રશ્નોનું નિરાકરણ નોંધપાત્ર છે.

સૂત્રકારે ચિત્તસારથિ, પ્રદેશી રાજા અને કેશીકુમાર, શ્રમણ આ ત્રણ પાત્રની આસપાસ જ આગમકથાની રચના કરી છે.

પ્રસ્તુત આગમકથાનકનું મુખ્ય પાત્ર પ્રદેશી રાજા છે. સૂત્રકારે પ્રદેશી રાજાના માધ્યમ દ્વારા વિપરીત માન્યતા, તેના પરિણામે સર્જાતા વૃત્તિના તાંડવો અને સાચી વાત સમજ્યા પછી વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, સાધના-આરાધના કર્યા બાદ જીવનનું ઉર્ધ્વગમન કેવી રીતે કરી શકાય તેનું નિરૂપણ સૂત્રકારે આ આગમમાં કર્યું છે.

પ્રસ્તુત સૂત્રમાં જે રાજાની વાત છે તેનું નામ પરદેશી રાજા છે તે નાસ્તિકતાને કારણે ખૂબ જ હિંસક પગલાં ભરે છે. તે પોતાના રાજ્યમાં નીતિ–ન્યાયને સ્થાન આપતો નથી. તે પાપાચારને વેગ આપે છે. પાપના ફળ બૂરા હોય તેવું તે માનતો નથી. રાજ્યમાં કર્મચારીઓને તથા પ્રજાને ઘણો જ અન્યાય કરે છે અને હિંસક બળોને પ્રોત્સાહન આપે છે તેથી તેના રાજ્યમાં અપરાધી તત્ત્વોમાં વૃદ્ધિ થાય છે. આ સૂત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે કે પ્રદેશી રાજાના રાજ્યમાં પાપી પ્રવૃત્તિઓને કેટલું ઊંડું સ્થાન હતું. સારે નસીબે પ્રદેશી રાજાના મંત્રી ચિત્તસારથિ ખૂબ ધાર્મિક વૃત્તિનો, આસ્તિક અને બુદ્ધિશાળી હતો. આ મંત્રી એવા કોઈ પ્રબળ અને પરાક્રમી મહાત્માની શોધમાં છે જે રાજાની નાસ્તિકતાને દૂર કરી તેને આસ્તિક બનાવે.

પ્રધાનમંત્રી ચિત્તસારથિ જ્યારે શ્રાવસ્તી નગરી આવ્યો અને કેશીકુમાર શ્રમણના દર્શન થયા ત્યારે બુદ્ધિશાળી પ્રધાન પોતાના નાસ્તિક અને હિંસક રાજાને સુધારવા માટે કેશીકુમાર શ્રમણને પોતાના દેશમાં લઈ જવાનો સંકલ્પ કર્યો.

આટલી વાર્તા રાજપ્રશ્નીય સૂત્રની પૃષ્ઠભૂમિ છે. ત્યારબાદ કેશી શ્રમણ ત્યાં પહોંચ્યા. ચિત્તસારથિએ ભક્તિ અને ચાલાકીપૂર્વક રાજાની સાથે તેમનો મેળાપ કરાવ્યો. કેશીકુમાર શ્રમણ અને પ્રદેશી રાજા વચ્ચે સફળ વાર્તાલાપ થયો. રાજાનો માનસિક પરાજય થયા પછી તેના મનમાં આસ્તિકતાનો ઉદય થયો. સંપૂર્ણ રાજ્યમાં નીતિની સ્થાપના થઈ. આ રીતે રાજાનું જીવન પરિવર્તન થયું અને પૂરા રાષ્ટ્રનું પણ પરિવર્તન થયું. ખજાનાનો સદુપયોગ થયો. અંતે રાજા મહાન તપની સાધના કરી પરલોકવાસી થયા. ત્યાં સુધીની કથા અતિરોચક ધર્મકથા ઘણી જ પ્રેરણાદાયી છે. રાજાની રાણી 'સૂરિકંતા'ને રાજાનું આ પરિવર્તન અયોગ્ય લાગતાં વિષ આપી રાજાને મારી નાંખે છે ને પોતાનું જીવન હિંસાથી કલંકિત કરી દુર્ગતિને પામે છે.

જેવી કરણી તેવી ભરણી–જેવા કર્મો કર્યા તેવા ફળ મળ્યા તે વાત આ સૂત્રમાં સૂત્રકારે સમજાવી છે. કર્મનો સિદ્ધાંત સર્વને માટે એક સરખો જ છે. રાજા હોય કે રંક હોય, પુરુષ હોય કે નારી હોય સહુએ પોતે કરેલા કર્મોના ફળ ભોગવવા જ પડે છે તે બાબતને આ સૂત્રમાં સમજાવી છે.

પ્રભુ મહાવીરે ઉચ્ચ કક્ષાના સાધકોની સાધક દશા કેવી હોય છે તે રાજપ્રશ્નીય-રાયપસેણી સૂત્રમાં દર્શાવ્યું છે. રાયપસેણી સૂત્ર તે રાજા પ્રદેશીનું જીવન દર્શન કરાવતું આગમ છે. એક અત્યંતપણે અજ્ઞાની આત્મા, કેવા પ્રકારના ક્રુર કર્મોને સર્જે છે પરંતુ જ્યારે સદ્ગુરુનો સંગ થાય છે અને સદ્ગુરુના જ્ઞાનથી પ્રભાવિત થાય છે ત્યારે અજ્ઞાની આત્મા અને ક્રૂર એવો આત્મા પણ કેવી રીતે પરમ જ્ઞાન તરફ આગળ વધે છે, પરમ સમતાનો અનુભવ કરે છે અને જીવનની દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરે છે તેની જાણકારી અહીં આલેખેલી છે. રાયપસેણીય સૂત્ર આત્મજ્ઞાનને પ્રગટ કરતું આગમ છે. રાયપસેણીય સૂત્ર રાજા પ્રદેશીની આત્મસિદ્ધિનું કારણ છે. આ રીતે રાયપસેણીય સૂત્રમાં આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિના માર્ગની પ્રરૂપણા છે. પ્રભુ મહાવીરે આ આગમ દ્વારા અનેક અજ્ઞાનીઓને સાચો માર્ગ બતાવ્યો છે. સંત સમાગમ વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખ અપાવી શકે છે, એક જ ભવમાં પરમાત્મપદ અપાવી શકે છે, એ હકીકત આ આગમમાં ખૂબ રસમય રીતે આલેખન પામી છે.

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર કથાસૂત્રોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અન્ય કથા સૂત્રો નવલિકા સંગ્રહ જેવા છે પરંતુ આ સૂત્ર નવલકથા જેવું છે જે રાજાપ્રદેશીની સળંગ ભવકથા છે.

સંતના સમાગમે પ્રદેશી રાજાની પરિવર્તન પામેલી જીવનચર્યા જ આ સૂત્રનું તેજસ્વી કિરણ છે. પ્રદેશીરાજા પ્રયોગ દ્વારા વસ્તુતત્ત્વને શોધનારો શોધક હતો. આત્માને શોધવા તેણે ઘણો શ્રમ કર્યો પણ તે શ્રમ વિપરીત હતો તેથી તે નિષ્ફળ ગયો.

આત્મશોધની તાલાવેલીના કારણે તેણે કેશી શ્રમણ સાથે પ્રશ્નચર્ચા કરી અને કેશી શ્રમણના સંગે તે સત્યને સમજ્યો. આત્મતત્ત્વનો અનુભવ તેણે કર્યો અને વ્રત-નિયમનું પાલન કરી ક્ષમાના ઉત્તમ પરિણામો સાથે આરાધક ભાવે મૃત્યુ પામી સૂર્યભદેવની સૂર્ય જેવી સ્થિતિને પામ્યો.

પ્રસ્તુત સૂત્રમાં પ્રદેશી રાજાની પ્રાચીન ઘટના હોવા છતાં અર્વાચીન લોકોના નાસ્તિકપણાને, સ્વાર્થને, સ્વજન-પરિજન સાથેના રાગદ્વેષને, હિંસાદિ ક્રૂર પરિણામ ઇત્યાદિ ભાવોનો નાશ કરે છે. પાપી પણ પુણ્યશાળી બને છે. દુષ્ટાત્મા સુજ્ઞુ બની દિવ્ય સુખોપભોગમાં ઉત્પન્ન થાય છે. પાપના પલટાથી પ્રાપ્ત થતા પુણ્યના પુંજના પુંજ, દેવલોકમાં જ્યાં જ્યાં શાશ્વત દિવ્ય સામગ્રી નકશીદાર શિલ્પથી સ્વાભાવિક, શરીરના દરેક આંગોપાંગ માટે સુખાવહ સુવા, રહેવા, બેસવા, પહેરવા આદિ આકારે આકારિત થઈ છે ત્યાં લઈ જાય છે અને ત્યાંથી પુણ્યરૂપી સખા સહયોગ આપીને પરમધામમાં પહોંચાડે છે. આવી સંજીવની ભરેલું જડીબુટ્ટી સમું આ સૂત્ર છે.'

(બા.બ્ર.પૂ.લીલમબાઈ મ.સ.)

'શ્રી રાજપ્રશ્નીય સૂત્ર નાસ્તિકતા, સ્વાર્થ અને ઉચ્ચ કોટિના ત્યાગનું જાણે એક સાહિત્યરત્ન ન હોય, તેવું નાટક સૂત્ર છે. સૂત્રના કે કથાના મુખ્ય પાત્રો સળંગ એક સજીવ ભૂમિકા ભજવે છે. દરેક પાત્ર પોતપોતાની રીતે ખૂબ જ સુંદર રીતે મૂર્તિમંત બની નિર્માણ થયા છે અથવા શાસ્ત્રકાર પાત્રોનું સજીવ નિર્માણ કરે છે અને દરેક પાત્રોનો આપણા મન પર સચોટ પ્રભાવ પાડે છે. શાસ્ત્રકાર પાત્રો દ્વારા પોતાની કથાવસ્તુ કે તત્ત્વ નિરૂપણને હૂબહૂ આલેખિત કરે છે. કથાશાસ્ત્રો દ્વારા શાશ્વતતત્ત્વો હીરા-મોતીની જેમ ચમકી રહ્યા છે.'

(પૂ. શ્રી જયંતમુનિ મ.સા.)

રાયપસેણી સૂત્ર એક પ્રકારની ઇતિહાસની કથા જેવું છે. ✷ ✷ ✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૫૫ થી ચાલુ

''મહારાજ! ઈસ શાંતિ કાલ મેં હમારે પાસ ન તો ઈતને સૈનિક હૈં ઔર ના હી અસ્ત્ર શસ્ત્ર કા ભંડાર! એસે મેં યુદ્ધ કા માર્ગ તો આત્મઘાતી હોગા...''

શાંતિ ઔર સુલહ કા કોઈ રાસ્તા નહીં દિખને સે રાજા કુંભ ચિંતિત હો ગયે. મલ્લીકુમારી ને પિતા કો ચિન્તા મેં ડૂબે દેખકર પૂછા–

''પિતાશ્રી, આપ ઈતને ચિન્તાગ્રસ્ત ક્યોં હૈ?''

રાજા કુંભ ને સારી સ્થિતિ બતાઈ તો મલ્લીકુમારી ને કહા–

''પિતાશ્રી, આપ ચિંતા છોડકર મેરી યોજના અનુસાર કાર્ય કરેં સબ ઠીક હો જાયેગા...''

દૂસરે દિન રાજા કુંભ ને મલ્લીકુમારી કી યોજનાનુસાર અપને છહ દૂતોં કો બુલાકર કહા–

તુમ સબ અલગ-અલગ ઉન છહોં રાજાઓં કે પાસ જાઓ, ઔર કહો, હમારે રાજા આપકો મલ્લીકુમારી કા હાથ દેને કે લિએ તૈયાર હૈ, કિન્તુ શર્ત યહ હૈ કિ આપ અકેલે હી સંધ્યા કે સમય અશોક ઉદ્યાન કે મોહનગૃહ મેં પધારેં.

દૂતોં દ્વારા પ્રસ્તાવ સુનકર સભી રાજા અલગ-અલગ રૂપ સે બતાયે સ્થાન પર પહુઁચ ગયે. ઉન્હેં મોહનગૃહ કે અલગ-અલગ કક્ષોં મેં ઠહરા દિયા ગયા. કક્ષ મેં બૈઠે રાજાઓં ને સામને મલ્લીકુમારી કી સ્વર્ણ મૂર્તિ દેખી, ઉસે હી મલ્લીકુમારી સમઝ કર સોચને લગે-

''વાહ! ક્યા અદ્ભુત રૂપ લાવણ્ય હૈ?''

''જૈસા સુના થા ઉસસે ભી હજાર ગુના બઢકર હૈ ઉસકા રૂપ!''

''ક્યા સંસાર મેં ઐસી સુન્દરી ભી હો સકતી હૈ?''

''યદિ યહ રાજકુમારી નહીં મિલી તો મેરા જીના હી વ્યર્થ હૈ.''

''મેરી સભી રાનિયાઁ ઈસકે સામને તો પાની ભરેંગી.''

''ઐસી રૂપસી કે લિએ તો મૈ અપના સર્વસ્વ ન્યોછાવર કર સકતા હૂઁ!''

તભી પીછે કે દરવાજે સે મલ્લીકુમારી ને પ્રવેશ કિયા. સ્વર્ણમૂર્તિ કે મસ્તક કે છિદ્ર કા ઢક્કન ખોલકર વહ એક ઓર ખડી હો ગઈ! ઢક્કન ખુલતે હી મૂર્તિ સે સડે હુએ અન્ન કી દુર્ગન્ધ નિકલને લગી.

''અરે! યહ ક્યા? ઈતની ભયંકર દુર્ગન્ધ?''

સભી રાજા અપને-અપને દુપટ્ટોં સે નાક-મુઁહ ઢંકકર વિપરીત દિશા મેં મુંહ પલટકર ખડે હો ગયે!

રાજાઓં કી બુરી દશા દેખકર મલ્લીકુમારી સામને આકર ઉપસ્થિત હુઈ ઔર રાજાઓં કો સમ્બોધિત કરતે હુએ કહા-

''દેવાનુપ્રિયો! આપ તો સુન્દર રૂપ દેખને આયે થે? અબ ભાગ ક્યોં રહે હો? નાક મુંહ ક્યોં ઢંક લિયા આપને...?''

''ઈસ ભયાનક દુર્ગન્ધ સે હમારા જી છટપટા રહા હૈ.''

મલ્લીકુમારી ને કહા–

''દેવાનુપ્રિયો! આપ જિસ માનવી શરીર કે રૂપ પર મુગ્ધ હો

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૬૪ મું )

# શ્રી જીવાજીવભિગમ સૂત્ર

૧૪

❑ડૉ. કલા એમ. શાહ

इमीसे णं भंते । रयणप्पभाए पुढवीए णेरइयाणं
सरीरया किं संघयणी पण्णता ?
गोयम ! छण्हं, संघयणाणं असंघयणी, णेवट्ठी, णेव
छिरा, णवि ण्हारु, जे पोगल्ला अणिट्ठा जाव
अमणा मा ते तेसिं सरीर संघयत्ताए परिणमंति ।
एवं जाव अहेसत्तमा।

**પ્રશ્ન** : હે ભગવન્! રત્નપ્રભા પૃથ્વીના નારકીઓના શરીરોનું ક્યું સંહનન હોય છે?

ઉત્તર : હે ગૌતમ! છ પ્રકારના સંહનનમાંથી તેને એક પણ પ્રકારનું સંહનન નથી. તેના શરીરમાં હાડકાંઓ નથી. નસો (શિરાઓ) નથી, સ્નાયુ નથી, જે પુદ્‌ગલ અનિષ્ટ અને અમનોજ્ઞ હોય છે, તે તેના શરીર રૂપમાં એકત્રિત થઈ જાય છે. આ પ્રમાણે સપ્તમ પૃથ્વી કહેવું જોઈએ.

ગૌતમસ્વામીના પ્રશ્નો અને સર્વજ્ઞ પ્રભુ મહાવીરે આપેલ ઉત્તરો જેમાં સંગ્રહાયા છે તે શ્રી જીવાજીવભિગમ સૂત્ર ત્રીજા આગમ સૂત્ર ઠાણાંગ સૂત્રનું ઉપાંગ સૂત્ર છે. આ આગમનું નામ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં जीवाजीवभिगम છે. તે વ્યવહારમાં 'જીવાભિગમ' એવા નામે પ્રસિદ્ધ છે.

જીવાજીવભિગમ સૂત્ર મુખ્યત્વે દ્રવ્યાનુયોગ પ્રધાન છે. તેમાં અધ્યયન સ્વરૂપ નવ પ્રતિપત્તિ અને અંતે સર્વ જીવ પ્રતિપત્તિ છે જેમાં કોઈકમાં ઉદ્દેશો પણ છે. સવ્વજીવમાં નવ પેટા પ્રતિપત્તિઓ છે.

આ જીવાજીવભિગમ નામ સમ્યગ્‌જ્ઞાન હેતુ વડે પરંપરાએ મુક્તિપદ પ્રાપકપણાથી શ્રેયસકારી છે. તેથી વિઘ્નની ઉપશાંતિ માટે, શિષ્યોને મંગલબુદ્ધિ માટે પોતાને પણ મંગલરૂપ હોવાથી મંગલને સ્થાપે છે.

આ આગમ – જીવાજીભિગમ સૂત્રનો વર્ણ્ય વિષય છે જીવાભિગમ એટલે જીવ દ્રવ્યનો બોધ અને અજીવાભિગમ એટલે અજીવ દ્રવ્યનો બોધ. આ ઉપાંગ સૂત્રમાં પ્રશ્નોત્તર રૂપે પદાર્થોની પ્રરૂપણા કરવામાં આવી છે.

આ સૂત્રમાં ૯ અધ્યયનો, ૮ ઉદ્દેશો અને ૪૭૫૦ શ્લોક છે. આ સૂત્રની ભાષા ગદ્યાત્મક છે જેમાં જીવ અજીવનું સ્વરૂપ બતાવ્યું છે.

આ સૂત્ર એક સ્કંધરૂપ છે. તેમાં સંસારી જીવોની નવ પ્રતિપત્તિ (અધ્યયન) અને સર્વ જીવની નવ પ્રતિપત્તિ છે.

દરેક પ્રતિપત્તિનો સંક્ષેપમાં પરિચય આ પ્રમાણે છે:

**પ્રતિપત્તિ–૧** : પ્રથમ પ્રતિપત્તિમાં પ્રસ્તુત આગમના મંગલાચરણ-પૂર્વક ગ્રંથના વર્ણ્યવિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, ત્યારબાદ અજીવ દ્રવ્યના ભેદ-પ્રભેદ, તેમજ જીવના બે ભેદોનું ૨૩ દ્વારથી વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

આ રીતે પ્રથમ પ્રતિપત્તિમાં અજીવ દ્રવ્ય અને સિદ્ધોના વર્ણન ઉપરાંત બે પ્રકારના સંસારી જીવો અને તેની ઋદ્ધિનું ૨૩ પ્રકારે નિરૂપણ છે.

પ્રસ્તુત સૂત્રમાં અજીવાભિગમના ભેદ-પ્રભેદોનું કથન છે. અજીવાભિગમની વક્તવ્યતા અલ્પ હોવાથી તેનું વર્ણન પહેલા કર્યું છે. અજીવાભિગમના બે પ્રકાર (૧) અરૂપી અજીવ (૨) રૂપી અજીવ.

**પ્રતિપત્તિ–૨** : ત્રિવિધ નામની બીજી પ્રતિપત્તિમાં સંસારી જીવોને ત્રણ પ્રકારમાં સંગ્રહિત કરી તેની ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંત અને બંધ સ્થિતિ આદિનું નિરૂપણ છે.

**પ્રતિપત્તિ–૩** : આ પ્રતિપત્તિમાં સંસારી જીવોના ચાર પ્રકારનું વિસ્તૃત વર્ણન છે.

**નૈરયિક–૧** : પ્રથમ ઉદ્દેશકમાં નૈરયિક જીવોના નિવાસસ્થાનરૂપ નરક, પૃથ્વીઓના નામ, ગોત્ર, પરિમાણ, નરકવાસીઓની સંખ્યા, નરક પૃથ્વીથી લોકાંતનું અંતર, ઘનોદધિ, વલયોનું પ્રમાણ, સર્વ જીવોનો નરક પૃથ્વીમાં ઉપપાત વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

**નૈરયિક–૨** : આ ઉદ્દેશકમાં નરક વાસોના સ્થાન, સંસ્થાન, વર્ણાદિ તેમ જ નૈરયિકની સ્થિતિ અને વેદનાનું પ્રતિપાદન છે.

**નૈરયિક–૩** : આ ઉદ્દેશકમાં નારકીઓનું પુદ્‌ગલ પરિણમન અને વેદનાનું પ્રતિપાદન છે.

**પ્રતિપત્તિ–૪** : આ પ્રતિપત્તિમાં સંસારી જીવોની ભવસ્થિતિ, કાયસ્થિતિ અને અંતરનું પ્રતિપાદન છે.

**પ્રતિપત્તિ–૫** : આ પ્રતિપત્તિમાં છ પ્રકારના સંસારી જીવો સંબંધી વર્ણન છે.

**પ્રતિપત્તિ–૬** : આ પ્રતિપત્તિમાં સાત પ્રકારના સંસારી જીવોની સ્થિતિ, કાયાસ્થિતિ, અંતર અને અલ્પ બહુત્વનું પ્રતિપાદન છે.

**પ્રતિપત્તિ–૭** : આ પ્રતિપત્તિમાં આઠ ભેદોનું કથન છે.

**પ્રતિપત્તિ–૮** : આ પ્રતિપત્તિમાં ત્રસ અને સ્થાવર જીવોના પેટા ભેદ કરીને સંસારી જીવોના નવ પ્રકાર કહ્યા છે.

**પ્રતિપત્તિ–૯** : ચોથી પ્રતિપત્તિમાં સંસારી જીવોના પાંચ ભેદ કહ્યા છે. અહીં તે પાંચના પ્રથમ સમય અને અપ્રથમ સમય રૂપ બે-બે ભેદ કરીને સંસારી જીવોના દશ ભેદ કર્યા છે.

### ખંડ-૨ : સર્વજીવ પ્રતિપત્તિ

**પ્રતિપત્તિ-૧ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોની નવ પ્રતિપત્તિ બતાવી છે.

**પ્રતિપત્તિ-૨ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના ત્રણ પ્રકાર–સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ બતાવી છે.

**પ્રતિપત્તિ-૩ :** આ પ્રતિપત્તિમાં સર્વજીવોના ચાર પ્રકાર–મનોયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગીનું વર્ણન છે.

**પ્રતિપત્તિ-૪ :** સર્વ જીવોના પાંચ પ્રકાર – ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયીનું વર્ણન છે.

**પ્રતિપત્તિ-૫ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના છ પ્રકાર આભિનિબોધક, જ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની અને અજ્ઞાનીનું વર્ણન છે.

**પ્રતિપત્તિ-૬ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના સાત પ્રકાર (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) ત્રસકાયિક (૭) અકાયિકનું વર્ણન છે.

**પ્રતિપત્તિ-૭ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના આઠ પ્રકાર–જ્ઞાની, અજ્ઞાની આદિ. (૧) આભિનિબોધિક (૨) શ્રુતજ્ઞાની (૩) અવધિજ્ઞાની (૪) મનઃપર્યવજ્ઞાની (૫) કેવળજ્ઞાની (૬) મતિ-અજ્ઞાની (૭) શ્રુતઅજ્ઞાની (૮) વિભંગજ્ઞાની.

**પ્રતિપત્તિ-૮ :** આ પ્રતિપત્તિમાં સર્વ જીવોના નવ પ્રકાર (૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઈન્દ્રિય (૪) ચૌરેન્દ્રિય (૫) નારકી (૬) પંચેન્દ્રિય–તિર્યંચ (૭) મનુષ્ય (૮) દેવ (૯) સિદ્ધનું વર્ણન છે.

**પ્રતિપત્તિ-૯ :** આ પ્રતિપત્તિના દશ પ્રકાર : (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) બેઈન્દ્રિય (૭) તેઈન્દ્રિય (૮) ચૌરેન્દ્રિય (૯) પંચેન્દ્રિય (૧૦) અનિન્દ્રિય.

આ રીતે શ્રી જીવાજીવાભિગમ સૂત્રમાં પ્રારંભમાં અજીવની પ્રરૂપણા કર્યા પછી જીવોના પ્રકાર અને ઋદ્ધિ વગેરેનું વર્ણન કર્યું છે. આ સૂત્રમાં પ્રથમ સૂક્ષ્મકાયમાં ૨૩ ઋદ્ધિ દર્શાવી છે. પછી બાહ્યકાયની ઋદ્ધિ દર્શાવી છે. આ રીતે ૨૩ દ્વારોનું વિસ્તૃત નિરૂપણ કરેલું છે.

અભિગમ એટલે ઊંડાણપૂર્વકનું જ્ઞાન. જગતમાં કેટલા પ્રકારના જીવો છે તેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન જીવાભિગમ સૂત્રમાં આવે છે. આ જ આગમમાં અનેક આત્માઓ કેવી રીતે જીવ સૃષ્ટિને સમજી શકે છે અને જીવસૃષ્ટિના વિવિધ વિભાગ રૂપે અલગ અલગ પ્રકૃતિરૂપે અલગ અલગ શરીરમાં જાતિ અને કુળમાં કેવી રીતે જીવે છે તેનું વિશેષ વર્ણન આ જીવાજીવભિગમ સૂત્રમાં કરવામાં આવ્યું છે.

જીવાજીવભિગમ સૂત્ર જીવ અને અજીવના રહસ્યોને પ્રગટ કરે છે. આ સૂત્રમાં પરમાણું પદાર્થો અને પદાર્થોની વિવિધ અવસ્થાઓનું વર્ણન છે. પદાર્થની શક્તિ અને આત્મશક્તિ બન્નેનો સમન્વય કેવા પ્રકારનો હોય છે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં જગતમાં રહેલા જીવોની જીવનશૈલીનું વર્ણન છે. જીવાજીવભિગમ શાસ્ત્ર શુદ્ધ ભાવોનો ઈશારો કરીને વર્તમાન પર્યાયમાં કર્મભોગથી પીડાતા જીવનું સાંગોપાંગ વર્ણન કરી મુક્ત થવાનો ઈશારો કરે છે.

સાંસારિક અવસ્થા અથવા કર્મભોગમાં મૂળ કારણરૂપ બે તત્ત્વો ભાગ ભજવે છે (૧) પુણ્યતત્ત્વ (૨) પાપતત્ત્વ. જીવાજીવભિગમમાં જે જીવોનું વર્ણન છે તેમાં બંને પ્રકારના જીવોની ગણના છે. પાપયોનિના જીવો અને પુણ્યમય ગતિના જીવો.

પાપયોનિમાં જીવોને જે કાંઈ સાધનો મળ્યા છે તે કર્મભોગ કરવા પૂરતા સીમિત છે; જ્યારે પુણ્યમય સ્થાનોમાં જીવોને જે સાધનો મળ્યા છે તે સાધનોથી જીવ મોક્ષ માર્ગનું અવલંબન કરી શકે છે.

જીવાજીવભિગમ શાસ્ત્ર પાપયોનિના જીવોનું વર્ણન કરી જીવ તે દુઃખમાંથી મુક્ત થાય, પુણ્યમય ગતિમાં પણ પાપાશ્રવ કરીને પુનઃ અધોગતિમાં ચાલ્યો ન જાય તે માટે આપણું લક્ષ્ય દોરે છે.

જીવ અને અજીવ તત્ત્વનો અભિગમ એટલે જાણે જીવને અજીવથી જુદો પાડી સંસાર સમાપન કરો.

આમ આ આગમ વિષયની દૃષ્ટિએ વિશાળ છે. ભાવોની દૃષ્ટિએ ગંભીર છે. તેમાં જૈન સાહિત્યના દ્રવ્યાનુયોગને સ્પર્શતા અનેક વિષયોનો સમાવેશ થયેલો છે. જૈન ભૂગોળ–ખગોળની વિજ્ઞાનની સ્પષ્ટતા માટે અત્યંત ઉપયોગી થઈ શકે તેમ છે. ૨૪ દંડકના ભેદ પ્રભેદ સાથે ૨૩ દ્વારોની વર્ણિત તેની ઋદ્ધિનું કથન આ આગમની મૌલિકતા છે.

આ આગમને સંસારી જીવોનો કોષ પણ કહી શકાય. ભગવાન મહાવીરે જગતના જીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખી જ્ઞાનભાવોનું દર્શન કરાવ્યું છે. આ સૂત્રમાં કેટલા પ્રકારના જીવો છે અને જીવોની કેવા પ્રકારની જીવનશૈલી છે, તેનું વર્ણન છે.

ભગવાને જીવવિજ્ઞાન અંગે આ આગમોમાં હજારો પાનાં ભરાય એટલું વિશિષ્ટ વર્ણન આપ્યું છે તે અનન્ય છે, પરંતુ પ્રયોગોથી પણ સાબિત ન થાય તેવા પરમ સત્યને આ આગમમાં પ્રગટ કરવામાં આવેલ છે. આમ જીવાજીવભિગમ સૂત્ર તે જીવન વિજ્ઞાનનો એક ઊંડાણ ભરેલો દસ્તાવેજ છે.

આ આગમની રચના કે તેના સમયની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ નંદીસૂત્રમાં અંગબાહ્ય–ઉત્કાલિક સૂત્ર તરીકે તેનો નામોલ્લેખ હોવાથી તેની રચના નંદીસૂત્રના કર્તા શ્રી દેવવાચક ક્ષમા શ્રમણના કાળની પૂર્વ અથવા સમકાલે થઈ હોય એમ મનાય છે.

✷✷✷

# શ્રી પણ્ણવણા સૂત્ર-પ્રજ્ઞાપના સૂત્ર

૧૫

**□ પૂ. સાધ્વી સુબોધિકા**

ઉપાંગ સૂત્રોમાં મૂર્ધન્ય સ્થાન ધરાવતું (સંસ્કૃત રૂપાંતરણ પ્રજ્ઞાપના સૂત્ર) ઉપાંગ સૂત્ર છે. પણ્ણ એટલે પ્રજ્ઞ, જ્ઞાનીપુરુષ, તીર્થંકર પરમાત્મા, વણા એટલે વર્ણન કરાયેલ. તીર્થંકર પરમાત્મા દ્વારા વર્ણિત તત્ત્વસમૂહ પણ્ણવણા કહેવાય છે. પ્ર એટલે ભેદ-પ્રભેદ દ્વારા વિવિધ પ્રકારે જ્ઞાપના એટલે પ્રરૂપણા. ભેદ-પ્રભેદ સહિત વિવિધ પ્રકારે જેની પ્રરૂપણા કરવામાં આવે તે પ્રજ્ઞાપના.

**□ રચયિતા :**

ઐતિહાસિક તથ્યોના આધારે કહી શકાય કે શ્રી શ્યામાચાર્ય અપરનામ શ્રી કાલકાચાર્યે આ શાસ્ત્રની રચના કરી છે. તેઓશ્રી આગમને લિપિબદ્ધ કરનારા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન હતા.

**□ રચના શૈલી :**

આ શાસ્ત્ર પ્રશ્નોત્તર શૈલીમાં પ્રરૂપિત છે પ્રારંભના સૂત્રોમાં પ્રશ્નકર્તા અને ઉત્તરદાતાનો નામોલ્લેખ નથી પરંતુ પાછળના સૂત્રોમાં પ્રશ્નકર્તા રૂપે ગૌતમસ્વામી અને ઉત્તરદાતા રૂપે મહાવીર સ્વામીનો નામોલ્લેખ છે.

પ્રાયઃ સંપૂર્ણ શાસ્ત્ર ગદ્યાત્મક છે. કેટલાક પદ (અધ્યયન)ના પ્રારંભ કે અંતમાં પદ્યાત્મક શ્લોકો જોવા મળે છે. આર્યા છંદ અનુસાર ૩૨ અક્ષરના એક શ્લોકની ગણનાનુસાર પ્રજ્ઞાપના સૂત્રના મૂળપાઠનું ગ્રંથ પ્રમાણ ૭૮૮૭ શ્લોક પ્રમાણ છે.

**□ વિજ્ઞાનની આધારશીલા :**

પ્રજ્ઞાપના સૂત્ર વિજ્ઞાનની આધારશીલા રૂપ છે. આ શાસ્ત્રમાં જીવ અને અજીવ દ્રવ્ય, તેના ગુણધર્મ અને તેની પરિવર્તન પામતી પર્યાયો (અવસ્થાઓ)નું વર્ણન છે. અજીવ દ્રવ્યના વર્ણનમાં મટીરિયાલીસ્ટીક એટલે ભૌતિક ગુણધર્મ યુક્ત પદાર્થોનું વર્ણન છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્‌ગલ દ્રવ્યના ગુણધર્મ છે. તેમાં પદાર્થ આધાર છે અને ગુણધર્મ આધેય છે. દ્રવ્ય અને તેના ગુણની પર્યાયો (અવસ્થા) પરિવર્તનશીલ છે.

આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક શોધનું જે કાંઈ રહસ્ય છે, તેનું સમાધાન પુદ્‌ગલ પરિવર્તનમાં અને તેની ગતિશીલતામાં સમાયેલું છે. પુદ્‌ગલ પરમાણુમાં બે પ્રકારની ગતિ છે. ૧. પરિવર્તન ગતિ-પુદ્‌ગલ દ્રવ્યની પરિવર્તન ગતિમાં તેની પર્યાયો અનંત ગુણ, અસંખ્યાત ગુણ, સંખ્યાત ગુણ, સંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ, અનંતભાગે ન્યૂનાધિક થતી રહે છે. ૨. સ્થાનાંતર ગતિ-આંખના પલકારાના અસંખ્યાતમા ભાગમાં પુદ્‌ગલ પરમાણુ પૂરા બ્રહ્માંડની યાત્રા કરી શકે છે.

શરીર, ભાષા, મન, કર્મ આ સર્વ પુદ્‌ગલમય છે અને તેની ગતિશીલતા જ ટીવી, કૉમ્પ્યુટર, મોબાઈલ વગેરેના સંચાલનમાં કારણરૂપ છે. જૈન દર્શનનો પર્યાયવાદ (પરિવર્તનશીલતા) અને પરમાણુની ગતિશીલતા, આ બંને ભૌતિક વિજ્ઞાનના મૂળભૂત સ્તંભ છે. આ શાસ્ત્રને તાત્ત્વિક પદાર્થોનો તથા વિજ્ઞાન જગતનો 'સંક્ષિપ્ત વિશ્વકોષ' કહી શકાય.

આ શાસ્ત્રમાં છત્રીસ પદ અર્થાત્ છત્રીસ અધ્યયન છે.

**□ પદ-૧ : પ્રજ્ઞાપના પદ**

આ અધ્યયનમાં જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યની પ્રરૂપણા છે. જેનામાં ચેતના એટલે જ્ઞાન હોય, જે સુખદુઃખનો જ્ઞાત અને ભોકતા હોય તે જીવ છે. જીવો અનંત છે, તેમાં કર્મ રહિત, સંસાર ભ્રમણથી મુક્ત જીવો સિદ્ધ કહેવાય છે અને કર્મ સહિત, સંસારમાં ભ્રમણ કરતા જીવો સંસારી કહેવાય છે.

સંસારી જીવોનું સ્થાવર અને ત્રસ, સૂક્ષ્મ અને બાદર, પ્રત્યેક અને સાધારણ (નિગોદ) પર્યાપ્તા અને અપર્યાપ્તા, એમ બે-બે પ્રકારે વર્ગીકરણ થાય છે. સ્વયં ગતિ ન કરી શકે તે સ્થાવર અને સ્વયં પોતાની મેળે ગતિ કરી શકે તે ત્રસ છે. જેના શરીરનું છેદન-ભેદન કોઈપણ શસ્ત્રથી થઈ ન શકે તે સૂક્ષ્મ અને જેના શરીરનું છેદન-ભેદન શસ્ત્ર દ્વારા થઈ શકે તે બાદર છે. પોતાના એક શરીર દ્વારા આહાર, નિહાર શ્વાસાદિ ક્રિયા થાય તેવા સ્વતંત્ર શરીરવાળા જીવ પ્રત્યેક અને એક શરીરના આધારે અનંત જીવોની આહાર નિહાર શ્વાસાદિ ક્રિયા થાય, તેવા કોમન શરીરવાળા જીવ સાધારણ (નિગોદ) છે. ગ્રહણ કરેલા પુદ્‌ગલોને આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન રૂપે પરિણામાવવાની શક્તિની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ મૃત્યુ પામે તે પર્યાપ્તા અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલાં જ મૃત્યુ પામે તે અપર્યાપ્તા છે. અથવા ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ન હોય ત્યાં સુધી અપર્યાપ્તા અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ગયા પછી પર્યાપ્તા કહેવાય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ સ્થાવર છે. પૃથ્વી આદિ ચાર સ્થાવરના સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના જીવો પ્રત્યેક શરીરી છે. વનસ્પતિના સૂક્ષ્મ જીવો સાધારણ શરીરી છે. બાદર વનસ્પતિના જીવો પ્રત્યેક અને સાધારણ બંને પ્રકારના

હોય છે. સ્થાવર જીવોને ચાર પર્યાપ્તિ હોય છે અને તેમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે. સ્થાવર જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે તેથી તેઓ એકેન્દ્રિય કહેવાય છે.

સ્પર્શ અને જીભ આ બે ઈંદ્રિયવાળા અળસીયા, કરમીયા આદિ બેઈંદ્રિય જીવો, સ્પર્શ જીભ, નાક આ ત્રણ ઈંદ્રિયવાળા કીડી, મકોડા આદિ તેઈંદ્રિય જીવો, સ્પર્શ જીભ, નાક અને આંખ આ ચાર ઇંદ્રિયવાળા ભમરા, તીડ આદિ ચૌરેન્દ્રિય જીવો તથા સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન આ પાંચ ઇંદ્રિયવાળા નારકી, દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો ત્રસ છે. તેઓ પ્રત્યેક અને બાદર છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી (મનવિનાના) તિર્યંચ પંચેન્દ્રિય જીવોને પ્રથમની પાંચ પર્યાપ્તિ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયોને છ પર્યાપ્તિ હોય છે. ત્રસ જીવોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે

**અજીવદ્રવ્ય**-જેનામાં ચેતના કે જ્ઞાન ન હોય તે અજીવ કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય, અજીવદ્રવ્ય છે. ધર્માસ્તિકાય જીવ-પુદ્‌ગલની ગતિમાં સહાયક છે.

અધર્માસ્તિકાય જીવ-પુદ્‌ગલની સ્થિરતામાં સહાયક છે આકાશ દ્રવ્ય સર્વ દ્રવ્યને અવગાહના (જગ્યા) પ્રદાન કરે છે. કાળ દ્રવ્ય સર્વ દ્રવ્યના પર્યાય પરિવર્તનમાં સહાયક છે. પુદ્‌ગલ દ્રવ્યનો સ્વભાવ સંઘટન વિઘટનનો છે. પુદ્‌ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ સ્પર્શ ગુણ છે. તેથી તે રૂપી છે અને ચક્ષુગ્રાહ્ય બની શકે છે. શેષ ચાર દ્રવ્ય અરૂપી છે અને તે ચક્ષુગ્રાહ્ય નથી. કાળ દ્રવ્યને કોઈ ભેદ નથી.

**☐ પદ-૨ : સ્થાનપદ**

નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ જન્મથી મૃત્યુ પર્યંત જે સ્થાનમાં રહે તે તેના સ્વસ્થાન કહેવાય છે. સિદ્ધ ભગવાન લોકાગ્રે સિદ્ધ ક્ષેત્રમાં સ્થિત છે.

**☐ પદ-૩ : બહુ વક્તવ્યતા, અલ્પબહુત્વ પદ**

સંસારી જીવોના અલ્પબહુત્વની વિચારણા આ પદમાં છે.

**☐ પદ-૪: સ્થિતિપદ**

નારકી આદિના આયુષ્યની કાલ-મર્યાદાને સ્થિતિ કહેવામાં આવે છે. ચારે ગતિના જીવોનું ભેદ-પ્રભેદ અનુસાર તેમની સ્થિતિનું વર્ણન આ પદમાં છે.

**☐ પદ-૫: વિશેષ પર્યાય પદ**

જીવ પર્યાયની અન્ય જીવ પર્યાય સાથે અને અજીવ પર્યાયની અન્ય અજીવ પર્યાય સાથે તુલનાનું વર્ણન આ પદમાં કરવામાં આવેલ છે.

**☐ પદ-૬: વ્યુત્ક્રાંતિ પદ**

મનુષ્યાદિ ગતિમાં આવવા રૂપ આગત અને ત્યાંથી અન્ય ગતિમાં જવારૂપ ગત (ગતાગત) સંબંધી વક્તવ્ય આ પદમાં છે.

**☐ પદ-૭ : શ્વાસોશ્વાસ પદ**

નારકી નિરંતર શ્વાસ લે છે અને મૂકે છે. દેવોની શ્વાસ ક્રિયા મંદ હોય છે. દેવોમાં જેટલા સાગરોપમનું આયુષ્ય તેટલા પખવાડિયે શ્વાસ ક્રિયા પૂર્ણ કરે છે. મનુષ્ય અને તિર્યંચમાં તીવ્ર અને મંદ બન્ને પ્રકારે શ્વાસોછ્‌વાસની ક્રિયા થાય છે.

**☐ પદ-૮ : સંજ્ઞાપદ**

નારકીમાં ભય અને ક્રોધ સંજ્ઞા, તિર્યંચમાં આહાર અને માનસંજ્ઞા, મનુષ્યમાં મૈથુન અને માન સંજ્ઞા, દેવમાં પરિગ્રહ અને લોભ સંજ્ઞા વધુ પ્રમાણમાં હોય છે તેનું વર્ણન છે.

**☐ પદ-૯ : યોનિપદ**

જીવના ઉત્પત્તિ સ્થાન અને તેની ઉત્પાદક શક્તિને પોલન કહેવાય છે. ૮૪ લાખ જીવાયોની છે. તીર્થંકરાદિ ઉત્તમ પુરુષોની માતાની કર્મોન્નતા, ચક્રવર્તીના સ્ત્રીરત્નની શંખાવર્તા અને સામાન્ય સ્ત્રીઓની વંશપત્રા યોનિ હોય છે.

**☐ પદ-૧૦ : ચરમપદ**

ચરમ એટલે અંતિમ મોક્ષગામી જીવને આ મનુષ્યભવ અંતિમ હોવાથી ચરમાભવ કહેવાય છે.

**☐ પદ-૧૧: ભાષાપદ**

વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. મનુષ્યોનો પરસ્પરનો વ્યવહાર ભાષા દ્વારા જ થાય છે. ભાષક જીવને જ્યારે બોલવાની ઈચ્છા થાય ત્યારે તે કાયયોગ દ્વારા ભાષા યોગ્ય પુદ્‌ગલોને પ્રથમ સમયે ગ્રહણ કરે છે અને **ભાષાના સત્ય, અસત્ય, વ્યવહાર અને મિશ્ર ભાષા એમ ચાર પ્રકાર છે. તેમાંથી સત્ય અને વ્યવહાર બે ભાષા બોલવા યોગ્ય છે. વિગલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને એક વ્યવહાર ભાષા જ હોય છે. સિદ્ધ જીવો અભાષક છે.** આજ્ઞાપની, પ્રજ્ઞાપની વગેરે અનેક પ્રકારની ભાષાનું વર્ણન આ પદમાં છે.

**☐ પદ-૧૨ : શરીર પદ**

સંસારી જીવો સશરીરી છે. સિદ્ધ જીવો અશરીરી છે. સંસારી જીવો પોતાના ભવને અનુરૂપ સ્થૂલ શરીરને ધારણ કરે છે અને મૂકે છે. સૂક્ષ્મ શરીર ભવાંતરમાં પણ સાથે રહે છે.

**☐ પદ-૧૩ : પરિણામ પદ**

**દ્રવ્યની પર્યાયનું પરિવર્તન થાય, એક અવસ્થામાંથી બીજી અવસ્થાને પ્રાપ્ત થાય, તેને પરિણામ કહે છે.**

**☐ પદ-૧૪ : કષાય પદ**

શુદ્ધ આત્માને જે કલુષિત (મલીન) કરે તે કષાય. તેને ઉત્પન્ન થવાના કારણો અને નિવારણના ઉપાયોનું વર્ણન છે.

**☐ પદ-૧૫ : ઈંદ્રિય પદ**

આ પદમાં બે ઉદ્દેશક (પ્રકરણ) દ્વારા ઈન્દ્રિયોનું નિરૂપણ કરવામાં આવેલ છે.

**☐ પદ–૧૬: પ્રયોગ પદ**

મન, વચન, કાયાના યોગથી આત્માનો જે વ્યાપાર થાય તે પ્રયોગ કહેવાય છે. મન, વચન પ્રયોગના સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર, એમ ૪-૪ ભેદ છે.

**☐ પદ–૧૭ : લેશ્યા પદ**

આત્માનું કર્મ સાથે જોડાણ કરાવે તે લેશ્યા. જેના દ્વારા આત્મા કર્મોથી લિપ્ત થાય તે લેશ્યા. લેશ્યાના કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા–છ પ્રકાર છે.

જીવ જે લેશ્યામાં આયુષ્યનો બંધ કરે તે જ લેશ્યા મૃત્યુના અંતમુર્હૂત પહેલા આવી જાય, તે જ લેશ્યામાં મૃત્યુ થાય અને તે જ લેશ્યામાં બીજા ભવનો જન્મ થાય. જન્મના અંતમુર્હૂત પર્યંત તે લેશ્યા રહે છે.

**☐ પદ–૧૮: કાયસ્થિત**

એક જીવ મરીને તે જ ગતિ, તે જ યોનિ કે તે જ પર્યાયમાં નિરંતર જન્મ ધારણ કરે તો તે ગતિ આદિમાં તે તે જન્મોની કાલ મર્યાદાના સરવાળાને કાયસ્થિતિ કહેવામાં આવે છે.

**☐ પદ–૧૯ : સમ્યક્ત્વ પદ**

જિનેશ્વર કથિત તત્ત્વોની સમ્યક્ યથાર્થ શ્રદ્ધા સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ કહેવાય છે. તેનાથી વિપરીત જિનેશ્વર કથિત તત્ત્વો પ્રત્યેની અસમ્યક્ શ્રદ્ધા કે અશ્રદ્ધાને મિથ્યાદર્શન કે મિથ્યાત્વ કહેવાય છે. બંનેના મિશ્રણવાળી અવસ્થા મિશ્રદૃષ્ટિ કહેવાય છે.

**☐ પદ–૨૦ : અંતક્રિયા પદ**

ભવ પરંપરાનો કે કર્મોનો સર્વથા અંત કરાવનારી ક્રિયાને અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનારી ક્રિયાને અંતક્રિયા કહે છે. કર્મભૂમિના ગર્ભ જ મનુષ્ય જ અંતક્રિયા કરી શકે છે. આનો અર્થ એ થયો કે મોક્ષપ્રાપ્તિ માટે મનુષ્યભવ અનિવાર્ય છે.

**☐ પદ–૨૧ : અવગાહના પદ**

શરીરધારી જીવોના પાંચે શરીરના ત્રસ-સ્થાવર, સૂક્ષ્મ બાદર, એકેન્દ્રિયાદિ પ્રકાર જીવ પ્રકારની સમાન જ છે. આ પદમાં પાંચે શરીરની અવગાહના, સંસ્થાનાદિનો વિચાર છે.

**☐ પદ–૨૨: ક્રિયા પદ**

કષાય અને યોગથી થતી પ્રવૃત્તિને ક્રિયા કહે છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. આ પદમાં બે પ્રકારે પાંચ પાંચ એટલે દસ ક્રિયાનું વર્ણન છે.

**☐ પદ–૨૩ : કર્મ પ્રકૃતિ પદ**

આ પદમાં બે ઉદ્દેશક દ્વારા કર્મ સિદ્ધાંતને સમજાવવામા આવ્યો છે. કષાય અને યોગના નિમિત્તે આત્મા કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને દૂધ પાણીની જેમ આત્મા સાથે એકરૂપ કરે તેને કર્મ કહેવામાં આવે છે.

**☐ પદ–૨૪: કર્મબંધ બંધક, પદ-૨૫ બંધવેધક પદ, પદ–૨૬ વેદ બંધક પદ, પદ–૨૭ વેદ-વેદક પદ.**

જ્ઞાનાવરણીયાદિ કર્મબંધના સમયે થતા અન્ય કર્મબંધના વિકલ્પો, કર્મબંધ સમયે કર્મવેદન, કર્મ વેદન સમયે કર્મબંધ અને કર્મવેદન સમયે અન્ય કર્મ વેદનના વિકલ્પોની વાતનું વર્ણન આ ૨૪ થી ૨૭ પદમાં કરવામાં આવેલ છે.

**☐ પદ–૨૮: આહાર પદ**

આ પદમાં બે ઉદ્દેશકમાં આહાર સંબંધી વિચારણા છે. સમસ્ત સંસારી જીવો સ્વ શરીરના નિર્માણ અને પોષણ માટે શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તેને આહાર કહેવામાં આવે છે. જીવની ઇચ્છા કે વિકલ્પ વિના નિરંતર રોમરાય દ્વારા જે પુદ્ગલો ગ્રહણ થતાં રહે છે તે અનાભોગ નિર્વર્તિત આહાર કહેવાય છે અને જે પુદ્ગલો ઈચ્છાપૂર્વક ગ્રહણ થાય છે તે આભોગનિર્વર્તિત આહાર કહેવાય છે.

**☐ પદ–૨૯: ઉપયોગ પદ**

આત્મા પોતાની જ્ઞાન અને દર્શન રૂપ શક્તિનો પ્રયોગ કરે ત્યારે તે ઉપયોગ કહેવાય છે. જ્ઞાન અને દર્શન આત્માના અભિન્ન ગુણ છે. તેથી નિરંતર જ્ઞાન કે દર્શનનો પ્રયોગ થતો રહે છે. આત્મા જ્ઞાન કે દર્શનના ઉપયોગમાં સતત રહે છે અને માટે જ ઉપયોગ એ આત્માનું લક્ષણ છે.

**☐ પદ–૩૦ : પશ્યતા પદ**

આત્મા પોતાની જ્ઞાન શક્તિનો વિશેષ પ્રકારે અર્થાત્ ત્રૈકાલિક બોધ રૂપે અને દર્શન શક્તિનો પ્રકૃષ્ટ બોધ રૂપે પ્રયોગ કરે તેને પશ્યતા કહે છે. તેમાં નામ, જાતિ આદિના વિકલ્પ સહિત સ્પષ્ટ ત્રૈકાલિક બોધ થાય તે સાકાર પશ્યતા અને નામ, જાતિ આદિના વિકલ્પ સહિત પ્રકૃષ્ટ બોધ થાય તે નિરાકાર પશ્યતા છે.

**☐ પદ–૩૧ : સંજ્ઞી પદ**

વિચાર કરવાની શક્તિ, મન હોય તે સંજ્ઞી, વિચાર કરવાની શક્તિ મન ન હોય તે અસંજ્ઞી છે અને ચિંતન-મનન રૂપ વ્યાપરથી રહિત છે, વિચાર કરવાની આવશ્યકતા નથી તેવા કેવળી ભગવાન તો સંજ્ઞી છતાં અસંજ્ઞી છે.

**☐ પદ–૩૨ : સંયત પદ**

જેઓ સર્વ પ્રકારના સાવદ્યયોગ અર્થાત્ હિંસાદિ પાપોથી વિરત નિવૃત્ત થઈ ગયા હોય તેવા છઠ્ઠાથી ચૌદમા ગુણસ્થાનક વર્તી સર્વવિરતિ જીવો સંયત છે. જેઓ હિંસાદિ પાપોથી આંશિક રૂપે નિવૃત્ત થયા હોય તેવા પાંચમા ગુણસ્થાનવર્તી દેશવિરતિ જીવો સંયતાસંયત છે.

**☐ પદ–૩૩ : અવધિ**

અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મર્યાદિત ક્ષેત્રમાં

રહેલા રૂપી પદાર્થોને સાક્ષાત્ આત્માથી જાણે તે અવધિજ્ઞાન છે. અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદ છે-૧. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન દેવ અને નારકીને ભવના નિમિત્તથી પ્રાપ્ત થાય છે. ૨. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને વિશિષ્ટ તપાદિની આરાધનાથી પ્રાપ્ત થાય છે.

અવધિજ્ઞાની દ્રવ્યથી રૂપી દ્રવ્યોને, ક્ષેત્રથી જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોકને, કાળથી જઘન્ય આવલિકાનો અસંખ્યાતનો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાળના રૂપી દ્રવ્યો, ભાવથી અનંત રૂપી પદાર્થની અનંતાનંત પર્યાયને જાણે છે.

**□ પદ–૩૪ : પરિચારણા પદ**

પ્રસ્તુત પદમાં દેવોની પરિચારણાનું કથન છે. પરિચારણા એટલે મૈથુન સેવન, કામક્રીડા, વિષયભોગ. પરિચારણાનો મૂળ આધાર શરીર છે. તેથી સૂત્રમાં પ્રથમ આહારગ્રહણ, શરીર નિષ્પત્તિ, પુદ્ગલગ્રહણ (આહાર), ઇંદ્રિયરૂપ આહારનું પરિણમન, પરિચારણા અને વિકુર્વણા–આ છ ક્રિયાની ક્રમશઃ વિચારણા છે.

**□ પદ–૩૫ : વેદના પદ**

વેદના એટલે વેદન, અનુભવ, અનુભૂતિ, સુખદુઃખ, પીડા-સંતાપને, કર્મફળને અનુભવવા તે. પ્રસ્તુત પદમાં જુદી જુદી રીતે સાત પ્રકારે વેદનાનું કથન છે. ૧. શીત, ઉષ્ણ અને શીતોષ્ણ વેદના. નારકીને શીત અને ઉષ્ણવેદના છે. શેષ સર્વ જીવોને ત્રણે પ્રકારની વેદના છે.

**□ પદ–૩૬ : સમુદ્દઘાત પદ**

વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મ પ્રદેશોને શરીરની બહાર ફેલાવી સમ=એકી સાથે, ઉદ=ઉત્કૃષ્ટપણે, ઘાત=કર્મોનો ઘાત કરનારી વિશિષ્ટ ક્રિયાને સમુદ્ઘાત કહેવામાં આવે છે. પક્ષી પાંખ ફેલાવી (ફફડાવી) પોતા ઉપર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે તેમ આત્મા પણ કર્મને ખંખેરવા (દૂર કરવા) સમુદ્દઘાત નામની વિશિષ્ટ ક્રિયા કરે છે. આત્મ પ્રદેશોમાં સંકોચ વિસ્તાર પામવાનો ગુણ છે. નાના મોટા શરીરમાં આત્મ પ્રદેશોનો સંકોચ-વિસ્તાર કરી શરીરસ્થ થાય છે. સમુદ્દઘાતની ક્રિયાના સમયે પણ આત્મા અલ્પ સમય માટે આત્મ પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે. સમુદ્દઘાતના સાત પ્રકાર છે.

વળી સિદ્ધ ભગવાન કર્મરૂપી બીજનો સર્વથા નાશ કરી સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થાય છે તેનું નિરૂપણ આ પદમાં છે.

✷ ✷ ✷

**ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૫૮ થી ચાલુ**

રહે હૈં ઉસ શરીર કે ભીતર ક્યા ઐસી દુર્ગન્ધ નહીં ભરી હૈ? યહ શરીર ઈન્હી મલ-મૂત્ર-પિત્ત આદિ દુર્ગન્ધ વસ્તુઓં કા ભંડાર હૈ. ફિર ઈસ પર મોહ એવં રાગ કૈસા? જિસ રૂપ પર આપ મુગ્ધ હૈં ઉસકા ભીતરી સ્વરૂપ તો યહી હૈ ન?''

મલ્લીકુમારી કે વચન સુનતે હી જૈસે છહોં રાજાઓં કે પાઁવ જમીન સે ચિપક ગયે! મલ્લીકુમારી ને આગે કહા–

''દેવાનુપ્રિયો! યાદ કરો; ઈસસે દો ભવ પૂર્વ હમ સાતોં અભિન્ન મિત્ર થે. એક સાથ ખાતે-પીતે ખેલતે થે. હમને એક સાથ હી સંસાર ત્યાગ કર દીક્ષા ગ્રહણ કી થી.''

સભી રાજા ગહરે વિચારોં મેં ખો ગયે. મલ્લીકુમારી ને બતાયા-

''હમ સાતોં ને મુનિ જીવન મેં સંકલ્પ લિયા થા કિ હમ એક હી સમાન તપ એવં ધ્યાન કી આરાધના કરેંગે–પરન્તુ મૈને આગે બઢને કી ભાવના સે તપશ્ચરણ મેં આપકે સાથ કપટ કિયા થા, જિસ કારણ યહાઁ સ્ત્રી દેહ મેં મેરા જન્મ હુઆ ઔર આપ યહાઁ અલગ અલગ રાજા બને હૈં.''

મલ્લીકુમારી કે વચન સુનતે હી છહોં રાજાઓં કે અંધકારમય હૃદય મેં જૈસે જ્ઞાન દીપક જલ ઉઠા. ઉન્હેં જાતિ સ્મરણ જ્ઞાન સે અપને પૂર્વ જીવન કી ઘટનાએં યાદ આને લગી. સભી અપની ભૂલ પર પશ્ચાત્તાપ કરને લગે. તભી દ્વારપાલ ને દ્વાર ખોલ દિયા. છહોં રાજા બાહર નિકલકર મલ્લીકુમારી સે હાથ જોડકર ક્ષમા માઁગને લગે–

''અજ્ઞાનવશ હમને ભારી ભૂલ કી હૈ, મોહ મેં અંધે હોકર હમ તો અનર્થ કર દેતે; આપને હમારી આંખે ખોલ દી.''

''મિત્રો! અબ આપ જાગ ગયે હૈં તો અપના જીવન લક્ષ્ય નિશ્ચિત કરો।''

સભી રાજાઓં ને કહા–

''ભગવતી! અબ આપ હી બતાએં હમ ક્યા કરેં? આપ હમારે ગુરુ હૈ, હમારા માર્ગદર્શન કરે!''

''હે દેવાનુપ્રિયો! મૈ શીઘ્ર હી સંસાર કો ત્યાગ કર દીક્ષા લેના ચાહતી હુઁ. યદિ આપ ભી દીક્ષા લેના ચાહેં તો ઈસ કી તૈયારી કરેં!''

છહ રાજાઓં ને ભી દીક્ષા ગ્રહણ કરને કા નિશ્ચય કર લિયા! રાજા કુંભ કો જબ યહ સૂચના મિલી તો વે આયે. છહોં રાજાઓં ને ઉનકે ચરણ સ્પર્શ કર ક્ષમા માંગી. લોગ આશ્ચર્ય કે સાથ એક દૂસરે સે કહને લગે-

''દેખો, રાજકુમારી કી બુદ્ધિ કા ચમત્કાર! જહાઁ યુદ્ધ કે અંગારે વર્ષ રહે થે, અબ વહાં પ્રેમ કી વર્ષા હોને લગી હૈ.''

છહોં રાજા વાપસ અપને-અપને રાજ્ય મેં ચલે ગયે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૭૮ મું )

# શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર

□ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

૧૬

**નામ વિચારણા–**

હાલ પ્રચલિત ૧૨ ઉપાંગોમાં સાતમા ઉપાંગ તરીકે સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનું નામ પ્રસિદ્ધ છે. પરંતુ પૂર્વકાળે ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ આ બંને સૂત્રો 'ज्योतिषगणराजप्रज्ञप्ति' નામથી પ્રચલિત હતા. એક જ આગમરૂપે પ્રસિદ્ધ હતા. આ બંનેનું અલગ સંપાદન ક્યારથી થયું એના પુરાવા પ્રાપ્ત થતા નથી. પ્રારંભમાં સંયુક્ત નામ 'ચન્દ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ' જ પ્રચલિત હશે પછીથી બે અલગ ઉપાંગરૂપે વિભાજિત થઈ ગયા હશે. જેમાં ચંદ્રની ગતિવિધિ છે તે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જેમાં સૂર્યની ગતિવિધિ છે તે સૂર્યપ્રજ્ઞપ્તિ તરીકે પ્રચલિત થયું છે. આ સાતમા અંગ-ઉપાસકદશાંગનું ઉપ હોવું જોઈએ. પણ ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ બંને સાથે છે માટે જ્ઞાતાધર્મકથાંગનું ઉપાંગ મનાય છે.

**આગમ ગ્રંથના કર્તા–**

આ સૂત્રની પ્રરૂપણા જિતશત્રુ રાજાના સમયમાં મિથિલાનગરીના મણિભદ્ર નામના ઉદ્યાનમાં ગુરુ ગૌતમ સ્વામીની જિજ્ઞાસાને સંતોષવા માટે ભગવાન મહાવીરે કરી છે. તે આ સૂત્રની શરૂઆતના ગદ્યાંશથી સિદ્ધ થાય છે. तेणं कालेणं तेणं समयेणं मिहिला नामं नयरी होत्था...गोयमे गोत्तेणं सत्तुस्सेहे समचउरंससंठाण संठिए वज्जरिसहणाराय संघयणे जाव एवं वयासी।

પરંતુ એનું સંકલન કોણે કર્યું એ બાબતમાં ઇતિહાસ મૌન છે. કોઈ કોઈ એને ગણધરકૃત માને છે. જેના આધારરૂપે ચન્દ્રપ્રજ્ઞપ્તિની પ્રારંભની ચોથી ગાથાનો ઉલ્લેખ કરે છે.

नामेणं इंदभूइति, गोयमो वंदिऊण तिविहेणं।
पुच्छइ जिणवरवसहं जोइसरायस्स पण्णत्ति ।। ४ ।।

પરંતુ એનાથી આના રચયિતા ગણધર ગૌતમ છે એવું સિદ્ધ થતું નથી. કારણકે એના જે સંકલનકાર પૂર્વધર-શ્રુતધર-સ્થવિર હશે તે પણ એમ કહી રહ્યા હોય કે ઈન્દ્રભૂતિ નામના ગૌતમ ગણધર ભગવાન મહાવીરને વંદન કરીને 'જ્યોતિષ રાજ પ્રજ્ઞપ્તિ'ની બાબતમાં પૂછે છે. 'पुच्छइ' ક્રિયાનો પ્રયોગ અન્ય કોઈ સંકલનકારનો કરેલો છે. તેથી એના કર્તા તરીકે ગણધર સિદ્ધ થતા નથી.

**આગમગ્રંથનો રચનાકાળ–**

સંશોધનકારોના મતે આનો કાળ ભગવાન મહાવીર અને નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસૂરિ એ બંનેની વચ્ચેનો હોવો જોઈએ. કારણકે ભદ્રબાહુસૂરિકૃત 'સૂર્યપ્રજ્ઞપ્તિની નિર્યુક્તિ' વૃત્તિકાર આચાર્ય મલયગિરિની પૂર્વે જ નષ્ટ થઈ ગઈ હતી એવું તેમણે સૂર્યપ્રજ્ઞપ્તિની વૃત્તિમાં સ્વયં લખ્યું છે.

अस्था निर्युक्तिरभूत पूर्व श्री भद्रबाहुसूरिकृत।
कलिदोषात् साऽनेशद् व्याचक्षे केवलं सूत्रम्।।

–આચાર્ય મલયગિરિકૃત વૃત્તિ

**આગમગ્રંથની ભાષા–**

આ આગમ પુરાણી પ્રાકૃત ભાષામાં રચાયેલું છે તેમ જ પ્રશ્નોત્તરની શૈલીમાં રચાયેલું છે. શરૂઆતમાં મંગલાચરણ પછી ગ્રંથનો વિષય પદ્યમય એટલે ૧૫ ગાથામાં આલેખાયો છે. ત્યાર પછી પ્રશ્નોત્તર શરૂ થાય છે. આમાં એક વિશેષતા એ છે કે દરેક પ્રશ્નની શરૂઆત તા થી થાય છે અને ઉત્તરની શરૂઆત પણ તા થી જ થાય છે. જેમકે-

प्रश्न : ता कहं ते वड्डोवुड्ढी मुहुत्ताणं आहिएति वएज्जा ?

उत्तर : ता अट्ठ एगूणवीसे मुहुत्तसए सत्तावीसं च सट्ठिभागे मुहुत्तस्स आहिएति वएज्जा।

પ્રશ્ન–મુહૂર્તોની હાનિવૃદ્ધિ કેવી રીતે થાય છે?

ઉત્તર–નક્ષત્ર માસમાં આઠસોઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠીયા સત્યાવીસ ભાગ અર્થાત્ ૮૧૯-૨૭/૬૭ મુહૂર્ત હોય છે.

પ્રાણ જિનાગમના (ગુરુ પ્રાણ આગમ બત્રીશી) પુસ્તકના ચન્દ્ર-સૂર્યપ્રજ્ઞપ્તિના સૂત્રમાં વિવેચનમાં (પૃ.૧૦) આ મુજબ લખ્યું છે-અહીં તા શબ્દ દ્વારા શિષ્યની યથાતથ્ય વસ્તુસ્વરૂપ જાણવાની જિજ્ઞાસા પ્રગટ થાય છે. ઉત્તરમાં ગુરૂએ તા નું પુનરુચ્ચારણ કર્યું છે તેના બે કારણ છે-

(૧) શિષ્ય પ્રશ્ન પૂછે ત્યારે શિષ્યે જે પદનું ઉચ્ચારણ કર્યું હોય, તે પદનું પુનરુચ્ચારણ ગુરુએ કરવું જોઈએ, તેથી શિષ્યને ગુરુપ્રતિ બહુમાન જાગે છે. અને મારું કથન ગુરુને સમ્મત છે, તેવી શિષ્યને પ્રતીતિ થાય છે.

***સૂર્યનું ઓજ અર્થાત્ સૂર્ય એક રૂપમાં સદા અવસ્થિત રહે છે અથવા પ્રતિક્ષણ પરિવર્તિત થતો રહે છે? એની ૨૫ પ્રતિપત્તિઓ છે. જૈન દૃષ્ટિથી વ્યક્ત કર્યું છે કે જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ૩૦ મુહૂર્ત સુધી સૂર્ય અવસ્થિત રહે છે તથા શેષ સમયમાં અનવસ્થિત રહે છે. કારણકે પ્રત્યેક મંડલ પર એક સૂર્ય ૩૦ મુહૂર્ત રહે છે. એમાં જે જે મંડલ પર તે રહે છે, એ દૃષ્ટિથી તે અવસ્થિત છે અને બીજા મંડલની દૃષ્ટિથી અનવસ્થિત છે એ સ્પષ્ટ કર્યું છે.***

(૨) 'ता' શબ્દ પ્રયોગ સૂચવે છે કે આ વિષયચક્ર અન્ય ઘણું કહેવા યોગ્ય છે પરંતુ અત્યારે અહીં માત્ર આટલું જ કહ્યું છે.

ગણિતાનુયોગના કઠિનતમ વિષયને સરળ બનાવવા, શિષ્યને તેમાં તન્મય બનાવવા જ સૂત્રકારે આવી વિશિષ્ટ ભાષાશૈલીનો પ્રયોગ કર્યો હશે, તેમ જણાય છે.

આ આગમમાં માત્ર જૈનદર્શનનું જ નહીં પણ અન્યમતની માન્યતાઓનું પણ નિર્દેશન કરાયું છે.

**આગમગ્રંથનો વિષય–**

પ્રસ્તુત આગમમાં સૂર્યની ગતિ, સૂર્યનું સ્વરૂપ, સૂર્યનો ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારાઓ સાથેનો સંયોગ આદિનું વિસ્તૃત વર્ણન છે. આ એક ગણિતાનુયોગનો વિષય છે. ગતિ આદિની ગણનાને આધારે ઉદય, અસ્ત, મુહૂર્ત, વાર, તિથિ, માસ આદિનો ચોક્કસ સમય પ્રાપ્ત થઈ શકે છે. સૂર્ય અને જ્યોતિચક્રનું વ્યવસ્થિત દિગ્દર્શન કરાવનાર આ ઉપાંગ મુખ્યત્વે જ્ઞાન તેમ જ વિજ્ઞાનની સંકલિષ્ટ પદ્ધતિથી વિચારોને વ્યક્ત કરે છે. ગણિત અને જ્યોતિષની મહત્ત્વપૂર્ણ વિવેચના એમાં પોતાનું વિશિષ્ટ સ્થાન રાખે છે. આમાં ૧૦૮ ગદ્યસૂત્રો અને ૧૦૩ પદ્ય ગાથાઓ છે. એમાં એક અધ્યયન, ૨૦ પ્રાભૃત અને ઉપલબ્ધ મૂળપાઠ ૨૨૦૦ શ્લોક પરિમાણ છે. ૨૦ પ્રાભૃતમાં ખગોળશાસ્ત્રની સૂક્ષ્માતિસૂક્ષ્મ માહિતી છે જે અન્યત્ર એક સાથે ભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

પ્રાભૃત એટલે શું? પ્રાભૃત=पाहुड અર્થાત્ ભેટ. પ્રાભૃતનો વ્યુત્પત્તિજન્ય અર્થ છે-प्रकर्षेणासमन्ताद् भ्रियते-पोष्यते-चित्तमभीतृस्य पुरुषस्थानेनेति प्राभृत्तमिति व्युत्पतेः। જેના દ્વારા અભીષ્ટ-ઈષ્ટ વ્યક્તિના ચિત્તનું વિશેષ રૂપે પોષણ કરાય તે પ્રાભૃત છે. દેશકાલોચિત્ત, દુર્લભ, સુંદર, રમણીય વસ્તુ આપીને અન્યના ચિત્તને પ્રફુલ્લિત કરાય છે, તેને લોકભાષામાં ભેટ કહેવાય છે. તીર્થંકર પરમાત્માએ વિનીત શિષ્યને આ જ્ઞાનરૂપી ભેટ આપી છે તેથી ભેટતુલ્ય આ પ્રકરણોને પ્રાભૃત કહેવામાં આવે છે. આ આગમના ભિન્નભિન્ન અધિકારને પ્રાભૃત કહ્યા છે. પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રાભૃત પ્રાભૃત અથવા પ્રતિપ્રાભૃત કહ્યા છે અને પ્રાભૃત કે પ્રતિપ્રાભૃતમાં અન્ય મતાવલંબીઓની માન્યતાઓની રજૂઆતને પ્રતિપત્તિ કહેલ છે. એ સંખ્યા કોઠામાં બતાવ્યા મુજબ છે. (કોઠો નીચે આપેલ છે.)

**૧ થી ૨૦ પ્રાભૃતના વિષયનું સંક્ષિપ્ત નિર્દેશ–**

(૧) **પ્રથમ પ્રાભૃતમાં**-દિવસ-રાતના ૩૦ મુહૂર્ત, નક્ષત્રમાસ, સૂર્યમાસ, ચંદ્રમાસ અને ઋતુમાસના મુહૂર્તોની વૃદ્ધિ પ્રથમથી અંતિમ અને અંતિમથી પ્રથમ મંડલ સુધીની સૂર્યની ગતિના કાળનું પ્રતિપાદન, દક્ષિણાયન–ઉત્તરાયણમાં અહોરાત્રિના જઘન્ય-ઉત્કૃષ્ટ મુહૂર્ત તેમજ અહોરાત્રિના મુહૂર્તોની હાનિવૃદ્ધિને કારણે ભરત અને ઈરવતક્ષેત્રના સૂર્યનો ઉદ્યોત ક્ષેત્ર, સૂર્ય દ્વારા દ્વીપ સમુદ્રોના અવગાહન આદિનું વર્ણન છે.

(૧) **દ્વિતીય પ્રાભૃત**-સૂર્યના ઉદય-અસ્તનું વર્ણન કરીને અન્ય તિર્થીઓના મતનો ઉલ્લેખ છે. જેમાં-(૧) સૂર્યનું પૂર્વ દિશામાં ઊગીને આકાશમાં જતું રહેવું. (૨) સૂર્યને ગોળાકાર કિરણોનો સમૂહ બનાવીને સંધ્યામાં નષ્ટ થવું. (૩) સૂર્યને દેવતા બનાવીને

**૧ થી ૨૦ પ્રાભૃતનો કોઠો**

| પ્રાભૃત સંખ્યા | પ્રતિપ્રાભૃત સંખ્યા | પ્રતિપત્તિ સંખ્યા |
|---|---|---|
| ૧ | ૮ | ૨૯ |
| | ચોથામાં | ૬ |
| | પાંચમામાં | ૫ |
| | છઠ્ઠામાં | ૭ |
| | સાતમામાં | ૮ |
| | આઠમામાં | ૩ |
| | | કુલ ૨૯ |
| ૨ | ૩ | ૧૪ |
| | પ્રથમમાં | ૮ |
| | દ્વિતીયમાં | ૨ |
| | તૃતીયમાં | ૪ |
| | | કુલ ૧૪ |
| ૩ | – | ૧૨ |
| ૪ | – | ૧૬+૧૬ કુલ ૩૨ |
| ૫ | – | ૨૦ |
| ૬ | – | ૨૫ |

| પ્રાભૃત સંખ્યા | પ્રતિપ્રાભૃત સંખ્યા | પ્રતિપત્તિ સંખ્યા |
|---|---|---|
| ૭ | — | ૨૦ |
| ૮ | — | ૩ |
| ૯ | — | ૩+૨૫+૨+૯૬ |
| | | કુલ ૧૨૬ |
| ૧૦ | ૨૨ | ૧૦ |
| | પ્રથમમાં | ૫ |
| | એકવીસમામાં | ૫ |
| | | કુલ ૧૦ |
| ૧૧ થી ૧૬ | — | — |
| ૧૭ | — | ૨૫ |
| ૧૮ | — | ૨૫ |
| ૧૯ | — | ૧૨ |
| ૨૦ | — | ૨+૨+કુલ ૪ |
| કુલ ૨૦ | ૩૩ | ૩૫૭ |

એનું સ્વભાવથી ઉદય-અસ્ત થવું. (૪) સૂર્યનું દેવ હોવાથી એની સનાતન સ્થિતિ રહેવી (૫) પ્રાતઃ પૂર્વ દિશામાં ઉદિત થઈને સાંજે પશ્ચિમમાં પહોંચવું તથા ત્યાંથી અધોલોકને પ્રકાશિત કરતાં કરતાં નીચેની તરફ આવી જવું મુખ્ય છે.

અંતમાં સૂર્યનું એક મંડલથી બીજા મંડલમાં ગમન અને તે એક મુહૂર્તમાં કેટલા ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે? એનો વિચાર વ્યક્ત કરતા થકા સ્વમતનું પણ પ્રતિપાદન થયું છે. અન્ય ધર્માવલમ્બી પૃથ્વીનો આકાર ગોળ માને છે પરંતુ જૈન ધર્મની માન્યતા એનાથી ભિન્ન છે એનો પણ એમાં સંકેત છે.

(૩) **તૃતીય પ્રાભૃત**-ચંદ્ર-સૂર્ય દ્વારા પ્રકાશિત થવાવાળા દ્વીપ-સમુદ્રોનું વર્ણન છે એમાં બાર મતાંતરોનો પણ નિર્દેશ થયો છે.

(૪) **ચતુર્થ પ્રાભૃત**-ચંદ્ર અને સૂર્યના-(૧) વિમાન સંસ્થાન તથા (૨) પ્રકાશિત ક્ષેત્રનું સંસ્થાન અને એના સંબંધમાં ૧૬ મતાંતરોનો ઉલ્લેખ છે. અહીં સ્વમતથી પ્રત્યેક મંડલમાં ઉદ્યોત તથા તાપક્ષેત્રના સંસ્થાન બતાવીને અંધકારના ક્ષેત્રનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સૂર્યના ઊર્ધ્વ-અધઃ-તિર્છા તાપક્ષેત્રના પરિમાણ પણ વર્ણવ્યા છે.

(૫) **પાંચમું પ્રાભૃત**-સૂર્યની લેશ્યાઓનું વર્ણન છે.

(૬) **છઠ્ઠું પ્રાભૃત**-સૂર્યનું ઓજ અર્થાત્ સૂર્ય એક રૂપમાં સદા અવસ્થિત રહે છે અથવા પ્રતિક્ષણ પરિવર્તિત થતો રહે છે? એની ૨૫ પ્રત્તિપત્તિઓ છે. જૈન દૃષ્ટિથી વ્યક્ત કર્યું છે કે જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ કેવળ ૩૦ મુહૂર્ત સુધી સૂર્ય અવસ્થિત રહે છે તથા શેષ સમયમાં અનવસ્થિત રહે છે. કારણકે પ્રત્યેક મંડલ પર એક સૂર્ય ૩૦ મુહૂર્ત રહે છે. એમાં જે જે મંડલ પર તે રહે છે, એ દૃષ્ટિથી તે અવસ્થિત છે અને બીજા મંડલની દૃષ્ટિથી અનવસ્થિત છે એ સ્પષ્ટ કર્યું છે.

(૭) **સાતમું પ્રાભૃત**-સૂર્ય પોતાના પ્રકાશથી મેરૂ પર્વતાદિ અને અન્ય પ્રદેશોને પ્રકાશિત કરે છે એનું વર્ણન છે.

(૮) **આઠમું પ્રાભૃત**-બે સૂર્યની સત્તા સ્થાપિત કરીને કયો સૂર્ય કયા ક્ષેત્રમાં પ્રકાશ રેલાવે છે તેનું વર્ણન છે. દિવસ-રાતની વ્યવસ્થા અને ભિન્ન-ભિન્ન ક્ષેત્રોની અપેક્ષાથી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળનું વર્ણન છે.

(૯) **નવમું પ્રાભૃત**-પૌરુષી છાયાનું પ્રમાણ, સૂર્યના ઉદય-અસ્તના સમયે ૫૯ પુરુષ પ્રમાણ પડછાયો હોય છે એ સંબંધમાં અનેક મતમતાંતરોનો ઉલ્લેખ છે તેમ જ સ્વમતનું મંડન છે.

(૧૦) **દસમું પ્રાભૃત**-નક્ષત્રોમાં આવલિકા ક્રમ મુહૂર્તની સંખ્યા, ચંદ્ર સાથે યોગ કરવાવાળા નક્ષત્ર, યુગારંભમાં યોગ કરવાવાળા નક્ષત્ર, નક્ષત્રોના કુલ, ઉપકુલ તથા કુલોપકુલ, ૧૨ પૂર્ણિમા અને અમાસમાં નક્ષત્રોનો યોગ, સમાન નક્ષત્રોના યોગવાળી પૂર્ણિમા અને અમાસ. નક્ષત્રોના સંસ્થાન એના તારા, વર્ષાદિ છ ઋતુઓમાં નક્ષત્રોનો યોગ તથા પૌરુષી પ્રમાણ, ચંદ્ર સાથે યોગ કરવાવાળા નક્ષત્ર, નક્ષત્રરહિત ચંદ્રમંડલ, સૂર્યરહિત ચંદ્રમંડલ, નક્ષત્રોના દેવતા, ૩૦ મૂહૂર્તોના નામ, ૧૫ દિવસ-રાત્રિ અને તિથિઓના નામ, નક્ષત્રોના ગોત્ર, નક્ષત્રોમાં ભોજન વિધાન, એક યુગમાં ચંદ્ર સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ, એક સંવત્સરના મહિના અને તેના લૌકિક અને લોકોત્તર નામ, પાંચ પ્રકારના સંવત્સર, એના ૫-૫ ભેદ અને અંતિમ શનૈશ્ચર સંવત્સરના ૨૮ ભેદ, બે ચંદ્ર, નક્ષત્રોના દ્વાર, બે સૂર્ય અને એની સાથે યોગકરવાવાળા નક્ષત્રોના મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોની સીમા તથા વિષ્કંભાદિનું વિસ્તારથી ૨૨ પ્રતિપ્રાભૃતમાં થયું છે.

(૧૧) **અગિયારમું પ્રાભૃત**-સંવત્સરોના આદિ, અંત અને નક્ષત્રોના યોગનું વર્ણન.

(૧૨) **બારમું પ્રાભૃત**-નક્ષત્ર, ઋતુ, ચંદ્ર, આદિત્ય અને અભિવર્ધન એ ૫ સંવત્સરોનું વર્ણન, છ ઋતુઓનું પ્રમાણ, ૬-૬ ક્ષયાધિક તિથિઓ, એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ અને એ સમયે નક્ષત્રોનો યોગ અને યોગકાલ આદિનું વર્ણન છે.

(૧૩) **તેરમું પ્રાભૃત**-કૃષ્ણ અને શુક્લ પક્ષમાં ચંદ્રની હાનિ-વૃદ્ધિ, ૬૨ પૂર્ણિમા-અમાસમાં ચંદ્ર-સૂર્યની સાથે રાહુનો યોગ, પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડલગતિ આદિનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૧૪) **ચૌદમું પ્રાભૃત**-કૃષ્ણ અને શુક્લ પક્ષની ચાંદની અને અંધકારનું વર્ણન છે.

(૧૫) **પંદરમું પ્રાભૃત**-ચંદ્રાદિ જ્યોતિષી દેવોની એક મુહૂર્તની ગતિ, નક્ષત્રમાસમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહાદિની મંડલગતિ અને ઋતુમાસ તથા આદિત્ય માસની મંડલગતિનું પણ નિરૂપણ થયું છે.

(૧૬) **સોળમું પ્રાભૃત**-ચંદ્રિકા, આતપ અને પર્યાયોનું વર્ણન.

(૧૭) **સત્તરમું પ્રાભૃત**-સૂર્યના ચ્યવન-ઉપપાતના બારામાં ૨૫ મતમતાંતરોનો ઉલ્લેખ કરીને સ્વમતનું

***આ યુગમાં વિદેશી વિદ્વાનોએ સૂર્યપ્રજ્ઞપ્તિને વિજ્ઞાનનો ગ્રંથ માન્યો છે. જેમાં ડૉ. વિન્ટરનિત્જ મુખ્ય છે. ડૉ. શુબિંગે તો કહ્યું છે કે સૂર્યપ્રજ્ઞપ્તિના અધ્યયન વગર ભારતીય જ્યોતિષીના ઇતિહાસને બરાબર ન સમજી શકાય. બેબરે સન ૧૮૬૮માં 'ઉવેર સૂર્યપ્રજ્ઞપ્તિ' નામનો નિબંધ પ્રકાશિત કર્યો હતો. ડૉ. સિબોએ 'ઓન ધ સૂર્યપ્રજ્ઞપ્તિ' નામના શોધ નિબંધમાં લખ્યું છે કે ગ્રીક લોક ભારતમાં આવ્યા તે પૂર્વે બે ચંદ્ર બે સૂર્યના અસ્તિત્વને માનતા હતા તથા તેમણે અતિપ્રાચીન જ્યોતિષિના વેદાંગ ગ્રંથની માન્યતાઓ સાથે સૂર્યપ્રજ્ઞપ્તિની તુલના કરી છે, સમાનતા બતાવી છે.***

સંસ્થાપન કર્યું છે.

(૧૮) **અઢારમું પ્રાભૃત**-સમભૂમિથી સૂર્ય-ચંદ્રાદિની ઊંચાઈનું પરિમાણ બતાવતા અન્ય ૨૫ મતમતાંતરોનો ઉલ્લેખ કરીને સ્વમતનું પ્રતિપાદન કર્યું છે. ચંદ્ર-સૂર્યના આયામ-વિષ્કંભ, બાહુલ્ય, એમને વહન કરવાવાળા દેવોની સંખ્યા અને એના દિશાક્રમથી રૂપ, શીઘ્ર-મંદગતિ, અલ્પબહુત્વ, ચંદ્ર-સૂર્યની અગ્રમહિષીઓનો પરિવાર, વિકુર્વણા, શક્તિ તેમજ દેવ-દેવીઓની જ. ઉ. સ્થિતિ આદિનું વર્ણન છે.

(૧૯) **ઓગણીસમું પ્રાભૃત**-ચંદ્ર અને સૂર્ય કેટલા ભાગને પ્રકાશિત કરે છે તેનું વર્ણન છે. અને બાર મતમતાંતરોનો ઉલ્લેખ સ્વમતનું નિરૂપણ છે. તેમ જ લવણ સમુદ્રનો આયામ-વિષ્કંભ અને ચંદ્ર-સૂર્ય-નક્ષત્ર-તારાઓનું વર્ણન છે. એ જ રીતે ધાતકીખંડ-કાલોદધિ અને પુષ્કરાર્ધદ્વીપનું વર્ણન છે. ઈન્દ્રના પ્રભાવમાં વ્યવસ્થા, ઈન્દ્રનો જઘન્ય ઉત્કૃષ્ટ વિરહકાલ, મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્રની ઉત્પત્તિ અને ગતિ તથા અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધી દ્વીપસમુદ્રોનો આયામ, વિષ્કંભ પરિધિ આદિનું વર્ણન છે.

(૨૦) **વીસમું પ્રાભૃત**-ચંદ્રાદિનું સ્વરૂપ, રાહુનું વર્ણન, ગ્રહણના જઘન્ય-ઉત્કૃષ્ટ કાળનું વર્ણન, ચંદ્રને શશિ અને સૂર્યને આદિત્ય કહેવાનું કારણ, સમય-આવલિકાદિ કાળના કર્તા સૂર્યનું વર્ણન, ચંદ્ર-સૂર્યની અગ્રમહિષીઓ, પારિચારણ વગેરેનું વર્ણન છે. અંતમાં ૮૮ ગ્રહના નામ બતાવવામાં આવ્યા છે.

આમ આ બધા પ્રાભૃતોનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે સૂર્યપ્રજ્ઞપ્તિમાં માત્ર સૂર્ય પર જ નહિ સમગ્ર જ્યોતિષી દેવોના પરિવારનું પ્રસંગોપાત વિવેચન કરવામાં આવ્યું છે.

**આગમના વ્યાખ્યા ગ્રંથો-**

સૂર્યપ્રજ્ઞપ્તિ પર શ્રી ભદ્રબાહુએ નિર્યુક્તિની રચના કરી હતી. વર્તમાને તે અનુપલબ્ધ છે. આચાર્ય મલયગિરિએ વૃત્તિ લખી છે જે ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા.એ સંસ્કૃત-ગુજરાતી-હિન્દી એ ત્રણ ભાષામાં ટીકા લખી છે જે આજે પણ જોવા મળે છે. આચાર્ય મુનિ ધર્મસિંહજી (૧૮મી સદી) મ.સા.એ સૂર્ય-પ્રજ્ઞપ્તિના યંત્રનું નિર્માણ કર્યું છે. આચાર્ય અમોલકઋષિજીએ હિન્દીમાં અનુવાદ કર્યો છે. આ ઉપરાંત મધુકરમુનિ, પુણ્યવિજયજી મ.સા., લીલમબાઈ મ.સ. આદિએ આ સૂત્રોના અનુવાદ કર્યા છે.

**સૂર્યપ્રજ્ઞપ્તિનો બીજા ગ્રંથોમાં ઉલ્લેખ-**

સૂર્યપ્રજ્ઞપ્તિના સંબંધમાં દેશ-વિદેશના વિચારક મહાનુભાવોએ ભિન્ન ભિન્ન લેખોમાં પોતાનો અભિમત પ્રગટ કર્યો છે.

ભારતીય જ્યોતિશાસ્ત્રમાં વરાહમિહિર નિર્યુક્તિકાર ભદ્રબાહુના ભાઈ હતા. એમણે પોતાના ગ્રંથ વરાહસંહિતામાં સૂર્યપ્રજ્ઞપ્તિના કેટલાક વિષયોને આધાર બનાવીને એના પર લખ્યું છે. એ જ રીતે પ્રસિદ્ધ જ્યોતિર્વિદ ભાસ્કરે સૂર્ય-પ્રજ્ઞપ્તિની કેટલીક માન્યતાઓને લઈને પોતાના ખંડનાત્મક વિચારો પ્રગટ કર્યા છે. જે 'સિદ્ધાન્ત શિરોમણિ' ગ્રંથમાં દેખાય છે.

તેમજ બ્રહ્મગુપ્તે સ્ફુટ-સિદ્ધાન્ત ગ્રંથમાં પણ ખંડનનો આધાર આ આગમને બનાવ્યો છે.

આ યુગમાં વિદેશી વિદ્વાનોએ આને (સૂર્યપ્રજ્ઞપ્તિને) વિજ્ઞાનનો ગ્રંથ માન્યો છે. જેમાં ડૉ. વિન્ટરનિત્જ મુખ્ય છે. ડૉ. શુબિંગે તો કહ્યું છે કે સૂર્યપ્રજ્ઞપ્તિના અધ્યયન વગર ભારતીય જ્યોતિષીના ઇતિહાસને બરાબર ન સમજી શકાય. બેબરે સન ૧૮૬૮માં 'ઉવેર સૂર્યપ્રજ્ઞપ્તિ' નામનો નિબંધ પ્રકાશિત કર્યો હતો. ડૉ. સિબોએ 'ઓન ધ સૂર્યપ્રજ્ઞપ્તિ' નામના શોધ નિબંધમાં લખ્યું છે કે ગ્રીક લોક ભારતમાં આવ્યા તે પૂર્વે બે ચંદ્ર બે સૂર્યના અસ્તિત્વને માનતા હતા તથા તેમણે અતિપ્રાચીન જ્યોતિષિના વેદાંગ ગ્રંથની માન્યતાઓ સાથે સૂર્યપ્રજ્ઞપ્તિની તુલના કરી છે, સમાનતા બતાવી છે.

***ભલે જૈનશાસ્ત્રોમાં કદાચ સૂર્યને વંદનીય ન માન્યો હોય પણ વ્રતોમાં રાત્રિભોજન વિરમણ વ્રત અતિ મહત્ત્વનું વ્રત છે. જે સૂર્યની મહત્તા પ્રકટ કરે છે. તેમજ સૂર્યપ્રકાશ વગર ઉગેલા કંદમૂળાદિનો ત્યાગ પણ સૂર્યની મહત્તા છતી કરે છે. સૂર્યગ્રહણ વખતે સ્વાધ્યાય કરવાની મનાઈ છે. જેથી પણ સૂર્યની મહત્તા સિદ્ધ થાય છે. આમ આ બધાથી સિદ્ધ થાય છે કે જૈનો પણ સૂર્યને મહત્ત્વ આપે છે.***

**સૂર્યની મહત્તા-**

સૂર્યની મહત્તા પ્રસ્થાપિત કરતા ગોંડલગચ્છ શિરોમણિ જયંતમુનિએ લખ્યું છે કે સમગ્ર જીવરાશિ સૂર્યની અપેક્ષા રાખે છે. બધો કાર્યકાળ સૂર્યની ગતિ પ્રમાણે ગોઠવાયેલો છે. વૃક્ષોમાં જે કાંઈ રસસિંચન થાય છે તેમાં સૂર્ય મોટો ભાગ ભજવે છે. અહોરાત્રિનું વિભાજન સૂર્યના આધારે છે. આ રીતે સૂર્યનું વિશ્વમાં મહત્ત્વ છે.

ભલે જૈનશાસ્ત્રોમાં કદાચ સૂર્યને વંદનીય ન માન્યો હોય પણ વ્રતોમાં રાત્રિભોજન વિરમણ વ્રત અતિ મહત્ત્વનું વ્રત છે. જે સૂર્યની મહત્તા પ્રકટ કરે છે. તેમજ સૂર્યપ્રકાશ વગર ઉગેલા કંદમૂળાદિનો ત્યાગ પણ સૂર્યની મહત્તા છતી કરે છે. સૂર્યગ્રહણ વખતે સ્વાધ્યાય કરવાની મનાઈ છે. જેથી પણ સૂર્યની મહત્તા સિદ્ધ થાય છે. આમ આ બધાથી સિદ્ધ થાય છે કે જૈનો પણ સૂર્યને મહત્ત્વ આપે છે. આમ સમગ્રતઃ અહીં 'સૂર્યપ્રજ્ઞપ્તિ'નું સંક્ષિપ્ત વિવેચન કર્યું છે જેમાંથી સાર ગ્રહણ કરી પાર પામીએ.

✶✶✶

# શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

**૧૭**

□ડૉ. કલા એમ. શાહ

સૂત્રકાર સ્થવિર ભગવંત સ્વયં કહે છે.

फुड वियड-पागडत्थं, चोच्छं, पुव्व-सुय-साइ-णिस्संदं ।
सुहुम गणिणेवदिट्ठं, जोइसगणशयपण्णत्तिं ।।

(ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર-મંગલાચરણ)

સ્પષ્ટ-પ્રગટ અર્થવાળા સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય, પૂર્વશ્રુતના સારભૂત (પૂર્વમાંથી ઉધ્ધૃત) તીક્ષ્ણ પ્રજ્ઞાવાન આચાર્ય દ્વારા ઉપદિષ્ટ, જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિનું હું નિરૂપણ કરીશ.

ચંદ્રપ્રજ્ઞપ્તિ (ખગોળશાસ્ત્ર)ના નામે ઉપલબ્ધ બાર ઉપાંગ સૂત્રોમાંના છઠ્ઠા ઉપાંગને શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને સાતમા ઉપાંગને સૂર્યપ્રજ્ઞપ્તિ ગણવામાં આવે છે. પ્રાચીનકાળમાં આ બન્ને સૂત્રો જુદા જુદા નામવાળા ગણાતા ન હતા. પણ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ અને જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ નામે એક જ આગમરૂપે વિદ્યમાન હતા. આ બન્ને 'જ્ઞાતાધર્મકથા'ના ઉપાંગ સૂત્રરૂપે હતા.

ચંદ્રપ્રજ્ઞપ્તિના મંગલાચરણની તથા બંનેના ઉપસંહારની ગાથા સૂચિત કરે છે કે આ બન્ને આગમ એક હતા. કાળક્રમે ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ ભિન્ન ભિન્ન આગમરૂપે પ્રસિદ્ધ થયા. ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં પદ્યાત્મક ઉત્થાનિક છે. સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપાંગમાં ગદ્યાત્મક ઉત્થાનિક છે.

આ આગમના વિભાગોને પ્રાભૃત અને પ્રાભૃતના અંતર્ગત અધિકારને પ્રતિપ્રાભૃત કહે છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિના અલગ અલગ વિભાગમાં ચંદ્ર વિષયક તથા ગણિત અને જ્યોતિષવિજ્ઞાન વિષયક માહિતી આપવામાં આવી છે.

પ્રથમ વિભાગમાં નક્ષત્રોનો ક્રમ, મુહૂર્તની સંખ્યા, પૂર્વ-પશ્ચિમ ભાગ અને ઉત્તમ ભાગથી ચંદ્રની સાથે યોગ કરનારા નક્ષત્ર, યુગના પ્રારંભમાં યોગ કરનારા નક્ષત્રોના પૂર્વાદિ વિભાગ, નક્ષત્રોના કુલ, ઉપકુલ આદિ પ્રકાર, ૧૨ પૂર્ણિમા તેમજ અમાવસ્યામાં નક્ષત્રોનો યોગ, સન્નિપાત યોગવાળી પૂર્ણિમા તેમજ અમાવસ્યા, નક્ષત્રોના સંસ્થાન, તેના તારાઓની સંખ્યા, વર્ષા, હેમંત અને ગ્રીષ્મ ઋતુઓમાં માસ ક્રમથી નક્ષત્રોનો યોગ અને પૌરુષી છાયા પ્રમાણ, દક્ષિણ, ઉત્તર અને બન્ને માર્ગથી ચંદ્રની સાથે યોગ કરનાર નક્ષત્ર, નક્ષત્રરહિત ચંદ્રમંડલ, સૂર્યરહિત ચંદ્રમંડલ, નક્ષત્રોના સ્વામી દેવ, ૩૦ મુહૂર્તોનાં નામ, ૧૫ દિવસ તેમજ રાત્રિઓની તિથિઓના નામ, નક્ષત્રોના ગોત્ર, એક યુગમાં ચંદ્ર તેમજ સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ, એક સંવત્સરના મહિના, તેના લૌકિક અને લોકોત્તર નામ, પાંચ પ્રકારના સંવત્સર અને તેના પાંચ ભેદ, અંતિમ સંવત્સરના ૨૮ ભેદ, નક્ષત્રોના દ્વાર, બે સૂર્યની સાથે યોગ કરનાર નક્ષત્રોના મુહૂર્ત પરિમાણ, નક્ષત્રોનો સીરાવિષ્કંભ આદિનું પ્રતિપાદન કરેલ છે.

આમ આ વિભાગના ઉપવિભાગોમાં આટલો મોટો વિસ્તાર એ દર્શાવે છે કે નિમિતજ્ઞ, જ્યોતિષજ્ઞ, સ્વપ્ન પાઠક અને ગણિતજ્ઞ વગેરે વિદ્વાનોને જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાય મળે.

ત્યાર પછી પાંચ સંવત્સરોનું વર્ણન આ પ્રમાણે છે. (૧) નક્ષત્ર સંવત્સર ૨૮ નક્ષત્રો જેટલા સમયમાં ચંદ્ર સાથે યોગ પૂર્ણ કરે છે તેને નક્ષત્ર માસ કહે છે. તેવા બાર માસ અને ૩૨૭ ૫૧/૬૭ અહો રાત્રિનો એક નક્ષત્ર સંવત્સર થાય છે. (૨) ઋતુ સંવત્સર–જેટલા સમયમાં એકમથી લઈને પૂર્ણિમા સુધીની તિથિઓને ચંદ્ર પૂર્ણ કરે છે તેને ચંદ્રમાસ કહેવામાં આવે છે. તેવા બાર માસ અને તેના ૩૫૪-૧૨/૬૨ અહોરાત્રિનો એક ચંદ્ર સંવત્સર થાય છે. (૩) ઋતુ સંવત્સર–જેટલા સમયમાં વર્ષા, હેમંત અને ગ્રીષ્માદિ ત્રણ ઋતુઓ વ્યતીત થાય છે. તેને ઋતુ સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહોરાત્રિનો એક ઋતુ સંવત્સર થાય છે. (૪) સૂર્ય સંવત્સર–જેટલા સમયમાં સૂર્ય ૧૮૩ મંડળવાળા બે અયનો પૂર્ણ કરે છે તેને સૂર્ય સંવત્સર કહેવામાં આવે છે. ૩૬૬ અહોરાત્રિનો એક સૂર્ય સંવત્સર થાય છે. (૫) અધિવર્ધિત સંવત્સર-૧૩ માસવાળાને વર્ષને અધિવર્તિત સંવત્સર કહેવામાં આવે છે. ૩૮૩ અહોરાત્ર ૨૧-૧૮/૬૨ મુહૂર્તોનો એક અધિવર્ધિત સંવત્સર થાય છે. ચંદ્ર સંવત્સર યુગમાં ત્રીજું સંવત્સર અને પાંચમું સંવત્સર અધિવર્ધિત સંવત્સર હોય છે. આ રીતે આદિ અને અંતના સમયના નક્ષત્રોના યોગનું વર્ણન કર્યું છે.

નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય અને અભિવર્ધિત–આ પાંચ સંવત્સરોનું વર્ણન છે, છ ઋતુઓનું પ્રમાણ છે. છ ક્ષયતિથિ અને છ અધિક તિથિઓ કેમ થાય છે તે બતાવ્યું છે તથા એક યુગમાં સૂર્ય અને ચંદ્રની આવૃત્તિઓ બતાવી છે અને તે સમયે યોગ તથા યુગકાળ આદિનું વર્ણન આ વિભાગમાં આપ્યું છે.

કૃષ્ણ અને શુક્લપક્ષમાં ચંદ્રકળાની હાનિ-વૃદ્ધિ કઈ રીતે થાય છે તે દર્શાવ્યું છે. બાસઠ પૂર્ણિમા અને બાસઠ અમાવસ્યામાં ચંદ્ર સૂર્યની સાથે રાહુનો યોગ અને પ્રત્યેક અયનમાં ચંદ્રની મંડળ વગેરેનું આબેહૂબ વર્ણન કર્યું છે.

હવે પછીના વિભાગમાં ચંદ્ર પ્રકાશની બહુલતા અને પ્રકાશના અભાવમાં અંધકારની બહુલતાના સમયનો નિર્દેશ છે.

કૃષ્ણપક્ષમાં અંધકારની બહુલતા હોય છે અને શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશની બહુલતા હોય છે. કૃષ્ણ પક્ષમાં ૧૫ તિથિઓ છે અને ૪૪૨-૪૬/૬૨ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુ ગ્રહના વિમાનથી ક્રમશઃ આવરિત થાય છે અને તેથી કૃષ્ણપક્ષમાં અંધકાર વધે છે. શુક્લપક્ષમાં પંદર તિથિઓ છે અને તેના ૪૪૨-૪૬/૬૨ મુહૂર્તમાં ચંદ્ર વિમાન રાહુગ્રહના વિમાનથી ક્રમશઃ અનાવરિત થાય છે તેથી શુક્લ પક્ષમાં ચંદ્રપ્રકાશ વધે છે.

સૂત્રકાર આ વિભાગમાં ચંદ્રાદિ જ્યોતિષ્ક વિમાનોની શીઘ્ર (તેજ) મંદ ગતિનું તથા તેઓની મુહૂર્ત ગતિ અને ભિન્નતાને કારણે સર્જાતા એક મુહૂર્ત, એક અહોરાત્ર, એક માસમાં પરિભ્રમિત મંડળોની સંખ્યાનો તફાવત દર્શાવ્યો છે. જ્યોતિષ્ક વિમાનોમાં સૌથી મંદ ગતિ ચંદ્રની છે. તેનાં કરતાં ક્રમશઃ સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ શીઘ્ર-શીઘ્રતર ગતિગામી છે. તેઓની ગતિની તરતમતાને કારણે તેઓની મુહૂર્તગતિ ભિન્ન ભિન્ન છે. છપ્પન નક્ષત્રોના યોગક્ષેત્રરૂપ મંડળ પરિધિના ૧,૦૯,૮૦૦ અંશ (ભાગ) કરવામાં આવે તો ચંદ્ર એક મુહૂર્તમાં ૧૭૬૮ મંડળ ભાગ, સૂર્ય ૧૮૩૦ મંડળ ભાગ અને નક્ષત્રનો ૧૮૩૫ મંડળ ભાગ ઉપર પરિભ્રમણ કરે છે. પ્રત્યેક મુહૂર્તે ચંદ્ર કરતાં સૂર્ય ૬૨ ભાગ અને નક્ષત્રો ૬૭ ભાગ વધુ ચાલે છે. પોતપોતાના મંડલ ઉપર પરિભ્રમણ કરતા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો જેટલા સમયમાં જે ક્ષેત્રમાં પરિભ્રમણ કરે છે તે યોગ (ભોગ) કહેવાય છે.

ત્યાર પછીના વિભાગમાં સૂત્રકાર પ્રકાશ, આતપ અને અંધકારના લક્ષણો વર્ણવતા જણાવે છે કે, ચંદ્ર અને સૂર્ય બંનેના વિમાનો પ્રકાશમય છે. તેમ છતાં બંનેના પ્રકાશમાં તરતમતા છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. તેથી ચંદ્રનો પ્રકાશ શીત અને સૌમ્ય છે, તેને માટે સૂત્રકારે 'જ્યોત્સના' શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે, તેથી સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે. સૂત્રકારે ઉષ્ણ પ્રકાશ માટે 'આતપ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચંદ્ર તથા સૂર્ય બંનેના પ્રકાશનો અભાવ છાયા-અંધકારરૂપ છે. આ રીતે શીત પ્રકાશરૂપ જ્યોત્સના ચંદ્રનું લક્ષણ છે, ઉષ્ણ પ્રકાશરૂપ આતપ સૂર્યનું લક્ષણ અને પ્રકાશાભાવ રૂપ અંધકાર છાયાનું લક્ષણ છે.

સૂત્રકાર ચંદ્રદેવ અને સૂર્યદેવના ચ્યવન-ઉપપાતનું કથન કરતા કહે છે. ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી દેવોના ઈન્દ્ર છે. તેમના વિમાનો અઢી દ્વીપમાં સતત પરિભ્રમણ કરી રહયા છે. તે વિમાનો રત્નમય, પ્રકાશમય પૃથ્વીકાયરૂપ છે. તેમાં પૃથ્વીકાયના જીવો પોતાના આયુષ્ય પ્રમાણે જન્મમરણ કર્યા કરે છે અને પુદ્‌ગલોમાં પણ ચય-ઉપચય થયા જ કરે છે. તેમ છતાં ચંદ્ર-સૂર્યના વિમાનો ત્રિકાલ શાશ્વત છે. સંક્ષેપ તે વિમાનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શાશ્વત અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અશાશ્વત છે. તે જ રીતે ચંદ્રદેવ અને સૂર્યદેવ પણ જ્યોતિષ દેવ જાતિની અપેક્ષાએ શાશ્વત છે. અર્થાત્ હંમેશા ચંદ્રદેવ અને સૂર્યદેવ હોય છે. તેનો અભાવ થતો નથી. પરંતુ એક દેવનું આયુષ્ય પૂર્ણ થતાં તેનું ચ્યવન થાય અને બીજો કોઈ જીવ ચંદ્રદેવ કે સૂર્યદેવ રૂપે જન્મ ધારણ કરે છે. આ રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એ અશાશ્વત છે.

હવે પછીના વિભાગમાં સૂત્રકાર ચંદ્ર-સૂર્ય વગેરે જ્યોતિષ્ક દેવવિમાનોની ભૂમિથી ઊંચાઈનું તથા તેની લંબાઈ-પહોળાઈ, પરિધિ, જ્યોતિષ્ક દેવોની ઋદ્ધિ સ્થિતિ વગેરેનું વર્ણન કરે છે.

જંબૂદ્વીપ જે ભૂમિ ભાગ ઉપર મેરૂ પર્વત સ્થિત છે, તે સમભૂમિભાગથી ૭૯૦ યોજનની ઊંચાઈથી ૯૦૦ યોજનની ઊંચાઈ સુધીના ૧૧૦ યોજનના આકાશક્ષેત્રમાં યથાસ્થાને નક્ષત્રો, ગ્રહો અને તારાઓના મંડળો છે. સમભૂમિભાગથી ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્ય અને ૮૮૦ યોજનની ઊંચાઈએ ચંદ્રમંડળ છે.

જ્યોતિષ્ક દેવોમાં ચંદ્ર સૂર્ય ઈન્દ્રરૂપ છે. મધ્યલોકમાં અસંખ્યાત ચંદ્ર અને અસંખ્યાત સૂર્ય છે. એક-એક ચંદ્ર સૂર્યના પરિવાર રૂપે ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓ છે. અઢી દ્વીપના જ્યોતિષ્ક દેવ વિમાનો નિરંતર મેરૂ પર્વતને કેન્દ્રમાં રાખી પરિભ્રમણ કરે છે. અઢી દ્વીપની બહારના ચંદ્રાદિ દેવ વિમાનો સ્થિર છે.

સૂર્ય-ચંદ્ર, ગ્રહ, નક્ષત્રના પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૪૪,૮૨૦ યોજન દૂર છે. તારાઓનું પ્રથમ મંડળ મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન દૂર છે, અંતિમ તારાઓ મધ્ય લોકના લોકાંતથી ૧૧૧૧ યોજન દૂર છે.

મેરુ પર્વતને પ્રદક્ષિણા કરતા જ્યોતિષ્ક વિમાનોમાં તારા વિમાનોની ગતિ સૌથી વધુ છે. ત્યાર પછી ક્રમશઃ નક્ષત્ર, ગ્રહ, સૂર્ય અને ચંદ્રની ગતિ મંદ છે. ઋદ્ધિમાં સૌથી વધુ ઋદ્ધિસંપન્ન દેવ ચંદ્ર છે. અને ત્યાર પછી ક્રમશઃ સૂર્યગ્રહ, નક્ષત્ર અને તારા અલ્પવૃદ્ધિવાળા છે, તેમ છતાં પૂર્વભવમાં તપ, નિયમ, બ્રહ્મચર્યાદિનું આચરણ કરનાર તારા દેવો ચંદ્ર તુલ્ય અથવા ચંદ્ર કરતાં કંઈક જ ન્યૂન ઋદ્ધિને પ્રાપ્ત થાય છે.

મધ્યલોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોનો આયામ, વિષ્કંભ, પરિધિ તથા જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાનું હવે પછીના વિભાગમાં પ્રતિપાદન કરે છે.

**અઢી દ્વીપ :** મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં મધ્યમાં જંબૂદ્વીપ છે. તેને ફરતે ક્રમશઃ લવણ સમુદ્ર, ઘાતકી ખંડ ઊપ, કાલોદધિ સમુદ્ર અને પુષ્કર દ્વીપ છે.

પુષ્કરદ્વીપની મધ્યમાં ગોળાકારે માનુષોત્તર પર્વત સંસ્થિત છે. આ રીતે જંબૂદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ, આ બે દ્વીપ અને અર્ધપુષ્કર દ્વીપ એટલે અઢીદ્વીપ અને લવણ સમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર, આ બે સમુદ્ર પર્યંતના અઢી દ્વીપ ક્ષેત્રને **મનુષ્યક્ષેત્ર** અથવા **સમયક્ષેત્ર** કહે છે.

અઢી દ્વીપમાં જ્યોતિષ્ક વિમાન : જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર-સૂર્યના પરિવાર રૂપ ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ અને ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારા વિમાનો છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય, ઘાતકી ખંડ દ્વીપમાં બાર ચંદ્ર-બાર સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર-બેતાલીસ સૂર્ય, અર્ધપુષ્કર દ્વીપમાં બોંતેર ચંદ્ર-બોંતેર સૂર્ય છે. આ રીતે મનુષ્ય ક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય અને તેના પરિવાર રૂપે ૧૧,૬૧૬ ગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો અને ૮૪,૪૦,૭૦૦ ક્રોડા ક્રોડી તારા વિમાનો છે. બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહનું એક **પિટક** કહેવાય છે. જંબૂદ્વીપમાં ૧ પિટક છે. લવણ સમુદ્રમાં બે પિટક છે. અઢી દ્વીપમાં કુલ ૬૬ પિટક છે. પિટકરૂપે અઢી દ્વીપમાં ચંદ્રાદિની સંખ્યા દર્શાવવાની એક વિશિષ્ટ કથન પદ્ધતિ છે. અઢી દ્વીપમાં તે જ્યોતિષ્ક વિમાનો નિરંતર જંબૂદ્વીપના મેરુ પર્વતને કેન્દ્રમાં રાખીને પરિભ્રમણ કરી રહ્યા છે. અઢી દ્વીપમાં સૂર્યના પરિભ્રમણથી દિવસ-રાત થાય છે અને તેના પ્રકાશ ક્ષેત્રમાં ન્યૂનાધિકતા થતી રહે છે. ચંદ્રના પરિભ્રમણથી એકમ, બીજ આદિ તિથિઓ તથા કૃષ્ણ પક્ષ-શુક્લ પક્ષ થાય છે.

અઢી દ્વીપની બહારના દ્વીપ સમુદ્રોમાં રહેલા જ્યોતિષ્ક વિમાનો ગતિશીલ નથી, કાયમ માટે પોતાના સ્થાને રહે છે તેથી અઢી દ્વીપની બહાર રાત-દિવસ, આદિ કોઈપણ પ્રકારનું પરિવર્તન થતું નથી.

આ રીતે અઢી દ્વીપમાં ગતિશીલ અને અઢી દ્વીપની બહાર સ્થિતિશીલ જ્યોતિષ્ક વિમાનો છે.

અંતિમ વિભાગમાં સૂત્રકાર ચંદ્ર-સૂર્યના અનુભાવ-પ્રભાવ તથા સ્વરૂપનું અને બે પ્રકારના રાહુની પ્રવૃત્તિ, ૮૮ ગ્રહોના નામ તથા ચંદ્ર-સૂર્યદેવની ભોગ પદ્ધતિનું વિસ્તૃત વર્ણન કરે છે.

ચંદ્ર અને સૂર્ય જ્યોતિષી ગતિના દેવોના ઈન્દ્રો છે. રાહુદેવ બે પ્રકારના છે. (૧) નિત્ય રાહુદેવ (૨) પર્વરાહુદેવ.

(૧) નિત્ય રાહુનું વિમાન પ્રતિદિન ચંદ્ર વિમાનની એક-એક કળાને અર્થાત્ એક-એક ભાગને આવરિત કરે છે. આ રીતે ક્રમશઃ આવરિત થતાં પંદરમે દિવસે ચંદ્ર વિમાનમાં પંદર ભાગ આવરિત થઈ જાય છે. આ પંદર દિવસના કાળને કૃષ્ણપક્ષ કહે છે. ત્યાર પછી પુનઃ વિપરિત ક્રમથી રાહુ વિમાન ચંદ્ર વિમાનની એક-એક કળાને અનાવૃત્ત કરે છે–ખુલ્લી કરે છે. આ રીતે ચંદ્ર વિમાનનો પ્રકાશ ક્રમશઃ વધતા પંદરમા દિવસે ચંદ્ર વિમાન રાહુવિમાનથી સર્વથા અનાવૃત્ત થઈ જાય છે. આ પંદર દિવસના કાલને શુક્લ પક્ષ કહે છે. આ રીતે નિત્ય રાહુની તિથિ–એકમ-બીજ-આદિ તિથિ તથા કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ થાય છે.

(૨) પર્વરાહુના ગમનાગમથી સૂર્ય-ચંદ્ર આવરિત થાય છે. તેને ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ કહે છે. અને રાહુનું વિમાન જતાં ચંદ્રને એક કિનારીથી આવૃત્ત કરે અને પાછા ફરતા તેને અનાવૃત્ત કરે છે, તેને ચંદ્રનું વમન, ચંદ્રવિમાનને આવૃત્ત કરીને નીકળે તેને કુક્ષિભેદ કહે છે.

પૂર્વ રાહુ ચંદ્ર-સૂર્યને આચ્છાદિત કરે છે. તેના દ્વારા ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે.

***ચંદ્ર અને સૂર્ય બંનેના વિમાનો પ્રકાશમય છે. તેમ છતાં બંનેના પ્રકાશમાં તરતમતા છે. ચંદ્ર વિમાનના પૃથ્વીકાય જીવોને ઉદ્યોત નામકર્મનો ઉદય હોય છે. તેથી ચંદ્રનો પ્રકાશ શીત અને સૌમ્ય છે, તેને માટે સૂત્રકારે 'જ્યોત્સના' શબ્દનો પ્રયોગ કર્યો છે. સૂર્ય વિમાનના પૃથ્વીકાયના જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે, તેથી સૂર્યનો પ્રકાશ ઉષ્ણ છે.***

ચંદ્રદેવ સૌમ્ય, કાંત અને મનોહર હોવાથી તેનું નામ 'શશી' છે અને સૂર્ય સમય, આવલિકા, મુહૂર્ત આદિ ગણના કાલની આદિ કરતો હોવાથી તેનું નામ 'આદિત્ય' છે. આ વિભાગમાં ૮૮ મહાગ્રહોના નામોનો ઉલ્લેખ પણ સૂત્રકારે કર્યો છે.

ખગોળ વિષયક આ ઉપાંગમાં ચંદ્રની ગતિ, ચંદ્રની દિશા, ચંદ્રના ગ્રહોનું માપ આદિ અનેક વર્ણનો વિસ્તૃતરૂપે આપ્યા છે. ચંદ્રની ગતિ કરવાના માપદંડ આ આગમમાં આપવામાં આવ્યા છે. ખગોળનો આ ગ્રંથ ૨૦ પ્રાભૃત (વિભાગ) અને ૨૨૦૦ ગાથાનો છે. પ્રસ્તુત આગમનો અભ્યાસ લોકસ્વરૂપ ભાવનાને પુષ્ટ કરે છે.

આ આગમની શૈલી પ્રશ્નોત્તર સ્વરૂપે છે. ગણધર ગૌતમ સ્વામી, ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછે છે અને ઉત્તરદાતા શ્રમણ ભગવાન મહાવીર છે.

જર્મન વિદ્વાનો અને બીજા પાશ્ચાત્ય વિચારકો આ સૂત્રને ગણિત, જ્યોતિષવિજ્ઞાન અને ભૂગોળ તથા ખગોળની દૃષ્ટિએ બહુ મહત્ત્વના માને છે. વિશ્વરચનાની સાથે સાથે તેમાં ઉચ્ચ કોટિનું ગણિત અને જ્યોતિષવિજ્ઞાન પણ છે. જ્યોતિષ અને ખગોળ વિજ્ઞાનમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓને માટે ચંદ્રવિજ્ઞપ્તિ અને સૂર્યવિજ્ઞપ્તિ ગ્રંથો અતિ ઉપકારક સાબિત થાય તેમ છે.✱✱✱

# શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ સૂત્ર

૧૮

☐ ડૉ. કલા એમ. શાહ

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ એ ક્ષેત્રીય ભાવનાનું પ્રદર્શક વિશાળ ભાવયુક્ત ભાષામાં લખાયેલું અદ્ભુત શાસ્ત્ર છે.'

–પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

પ્રશ્ન : શ્રી ગૌતમ પૂછે છે : ભગવન ! કયા કારણે જંબૂદ્વીપ એમ કહેવાય છે?

શ્રી પ્રભુ મહાવીરનો ઉત્તર : ગૌતમ, જંબૂદ્વીપમાં તે-તે દેશમાં, તે-તે પ્રદેશમાં ઘણાં જંબૂવૃક્ષો એક્કેરૂપે વિરલ સ્થિત છે. ઘણાં જંબૂવન...જંબૂવૃક્ષો સમૂહ ભાવથી રહેલા છે તથા ઘણાં જંબૂવન ખંડ – જંબૂવૃક્ષ સમૂહો વિજાતીય વૃક્ષ મિશ્રિત છે. તેમાં પણ જંબૂવૃક્ષની જ પ્રાધાન્યતા છે તે પ્રસ્તુત વર્ણનનું સાફલ્ય છે.

પ્રશ્ન : તે કેવા છે?

ઉત્તર : નિત્ય, સર્વકાળ , કુસુમિન યાવદ પદથી નિત્ય માયિત, નિત્ય લવયિક, નિત્ય સ્તબક્તિ ઇત્યાદિ.

આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અંગસૂત્ર છે. તે જ્ઞાતાધર્મકથાનું ઉપાંગ છે. જૈન ભૂગોળ અને ગણિતાનુયોગની દૃષ્ટિએ અજોડ કહી શકાય તેવું આ ઉપાંગસૂત્ર છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામ યથાર્થ છે કારણકે આ ક્ષેત્રમાં જંબૂ નામના અનેક વૃક્ષો છે. સ્થવિર ભગવંતોએ આ સૂત્રના પ્રકરણોને 'વૃક્ષસ્કાર' નામ આપ્યું છે. વૃક્ષ એટલે ઊભરેલો, ઉપર ઉઠેલો ભાગ. તે ઊભરેલો ભાગ જમીન પરનો હોય કે શરીર પરનો હોય તેને વક્ષ કહેવામાં આવે છે.

મહર્ષિ પુરુષો અંગ ઉપાંગ સૂત્રમાં જેનું વર્ણન કરે છે તેને તેનું જ નામ આપે છે. તેથી જ પ્રસ્તુત સૂત્રના પ્રકરણોને 'વક્ષસ્કાર' નામ આપ્યું છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો સૂત્ર પાઠ ૪૧૪૬ (ચાર હજાર એકસો છેંતાલીસ) શ્લોક પ્રમાણ ગણવામાં આવે છે.

વક્ષસ્કાર શબ્દનો વાસ્તવિક અર્થ પ્રકરણ નથી પરંતુ સૂત્રકારે પ્રકરણના અર્થમાં વક્ષસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે. જંબૂદ્વીપમાં વૃક્ષસ્કાર નામના મુખ્ય પર્વતો છે. આ પર્વતો એક એક ક્ષેત્રને જુદા જુદા વિભાગમાં વિભક્ત કરે છે. આ વિભાગ કરવાની સામ્યતાને કારણે સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં ઉદ્દેશક અને પ્રકરણના અર્થમાં વક્ષસ્કાર શબ્દનો પ્રયોગ કર્યો છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ એક અધ્યયન રૂપ છે અને તેના સાત વક્ષસ્કાર- પ્રકરણ છે.

જ્ઞાતા ધર્મકથાના ઉપાંગ સૂત્ર જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રાકૃતમાં **'जंबूदीवपन्नति'** નામે ઓળખાય છે. સંસ્કૃતમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામ છે.

જ્ઞાની ભગવંતોએ આ સૂત્રમાં પુદ્ગલે મુખ્ય કરી દ્વીપ સમુદ્રનું જ્ઞાન કરાવી, ચૈતન્યરૂપી જીવને પરથી પરાંગમુખ કરાવી સ્વ સન્મુખ કરવા માટે ઉપદેશ આપ્યો છે. લોકમાં પુદ્ગલ સ્કંધો જ્યાં જ્યાં ગોઠવાયા છે તેનું જંબૂદ્વીપના વર્ણનના માધ્યમ દ્વારા પ્રગટ કર્યું છે.

અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શયુક્ત પુદ્ગલનો પ્રચય નીચે ઊતરતો જાય છે તેને **અધોલોક** કહે છે.

શુભવર્ણાદિ યુક્ત પ્રચયો ઉપર ઊભરાતા જાય છે તેને **ઉર્ધ્વલોક** કહે છે.

તે બંને લોકની મધ્યમાં જે પુદ્ગલ પ્રચય ઊભરતો ઊભરતો એક લાખ યોજન પર્યંત ઊભરેલો છે તેને મેરુ પર્વત કહે છે અને તે મેરુ પર્વત સર્વની **મધ્યમાં** છે તેને ફરતો **જંબૂદ્વીપ** છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જંબૂદ્વીપ નામવાળા અનેક દ્વીપોમાંથી મધ્યવર્તી, કેન્દ્રવર્તી, જંબૂદ્વીપનું વર્ણન છે. મધ્યલોકમાં અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો છે તેની મધ્યમાં જંબૂદ્વીપનો દ્વીપ છે.

જંબૂદ્વીપ વિષયક પ્રશ્નોથી સૂત્રનો પ્રારંભ થાય છે અને તેના ઉત્તરરૂપે સંપૂર્ણ જંબૂદ્વીપનું વર્ણન કર્યું છે.

આ આગમના બે વિભાગ કરવામાં આવ્યા છે. (૧) પૂર્વાધમાં ૧ થી ૪ વક્ષસ્કારનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૨) ઉત્તરાર્ધમાં ૫ થી ૭ વક્ષસ્કારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જંબૂવિષયક પ્રશ્નોથી સૂત્રનો પ્રારંભ થાય છેઃ

कहि णं भंते। जंबुद्दीवे दीवे । के महालए णं भंते।

जंबुद्दीवे पण्णते।

સૂત્રકારે આ પ્રશ્નના ઉત્તરરૂપે જંબૂદ્વીપનું વર્ણન કર્યું છે.

**પ્રથમ વક્ષસ્કારમાં** જંબૂદ્વીપનો આકાર, તદ્ગત પદાર્થો, જંબૂદ્વીપની જગતી = કોટ, કિલ્લો, જંબૂદ્વીપની દક્ષિણમાં સ્થિત ભરતક્ષેત્ર, તેની મધ્યમાં રહેલો દીર્ઘ વૈતાઢ્ય પર્વત, તે પર્વતથી વિભાજિત દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર અને ઉત્તરાર્ધ ભરતક્ષેત્ર વગેરે વિષયોનું વર્ણન છે.

**બીજા વક્ષસ્કાર**માં ભરતક્ષેત્રમાં વર્તતા કાળનું વર્ણન છે. ભરત ક્ષેત્રમાં કાળ પરિવર્તનશીલ છે. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર છે. તેના ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણી કાળ નામના બે વિભાગ છે. પુનઃ તે બંને કાળ વિભાગના છ વિભાગ કરવામાં

આવ્યા છે. જે આરા નામે પ્રસિદ્ધ છે. તે આરાનું સંપૂર્ણ વર્ણન આ વક્ષસ્કારમાં છે. તે ઉપરાંત ત્રીજા આરાના અંત ભાગમાં ઋષભદેવ સ્વામી થઈ ગયા તેમના જીવનનું, તેમણે શીખવેલી કળાઓ, દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણ સમયનું વિસ્તૃત વર્ણન છે.

**ત્રીજા વક્ષસ્કાર**માં ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી નામે ભરતક્ષેત્રના, ઐરવત ક્ષેત્રના અને મહાવિદેહ ક્ષેત્રના સર્વ વિજયના, સર્વ કાળના ચક્રવર્તીઓની છ ખંડ વિજયયાત્રા, ૧૪ રત્નો, નવનિધિ આદિ સંપદાનું વર્ણન છે.

**ચોથા વક્ષસ્કાર**માં ૬ વર્ષધર પર્વતો, સાત મહાક્ષેત્રો, પર્વત ઉપરના દ્રહો–સરોવરો, તેમાંથી પ્રવાહિત થતી નદીઓ, પર્વત ઉપરના કૂટો અને વનાદિ કૂટો, વનો વગેરેનું વર્ણન છે. મધ્યલોકમાં જંબૂદ્વીપના કેન્દ્રસ્થાને સ્થિત સાધિક એક લાખ યોજન ઊંચા સુમેરુ પર્વતનું વર્ણન છે.

**પાંચમા વક્ષસ્કાર**માં મેરુ પર્વત ઉપરના પંકવનમાં ઈન્દ્રો, જન્મજાત તીર્થંકર પ્રભુનો જંબૂદ્વીપના તીથા, નદીઓ, દ્રહો તથા સમુદ્રોના પાણીથી અભિષેક કરે છે તે અભિષેક વિધિનું સંપૂર્ણ વર્ણન છે.

**છઠ્ઠા વક્ષસ્કાર**માં જંબુદ્વીપના પર્વતો, કૂટો, નદીઓ આદિનું માત્ર સંખ્યા દૃષ્ટિથી કથન છે. છઠ્ઠો વક્ષસ્કાર ચોથા વક્ષસ્કારનો ઉપસંહાર છે.

**સાતમા વક્ષસ્કાર**માં જંબૂદ્વીપમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા રૂપ જ્યોતિષ મંડલ મેરુને પ્રદક્ષિણા – પરિભ્રમણ કરે છે. તેમની ગતિ, રાત્રિ-દિવસની ઉત્પત્તિ, ક્ષેત્રના યોગ આદિ ખગોળનું વર્ણન છે.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિરૂપ પ્રસ્તુતશાસ્ત્ર પ્રરૂપણાત્મક હોવાથી ગણિતસાધ્ય ક્ષેત્રની પ્રરૂપણાની જેમ ગણિતાનુયોગમાં અન્તર્ભાવ સમજવો જોઈએ. 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' ગણિતાનુયોગાત્મક હોવાથી સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત રત્નની અનુઉપદેશિક છે.'

(પૂ. ઘાસીલાલજી મહારાજ)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો વિષય મુખ્યતયા ગણિતાનુયોગમાં સમાવિષ્ટ થાય છે.

ઋષભદેવ સ્વામી અને ભરત ચક્રવર્તીના વર્ણન દ્વારા ધર્મ-કથાનુયોગ દૃષ્ટિગોચર થાય છે. ઋષભદેવ સ્વામીના સંયમ જીવનના વર્ણનમાં આચારધર્મ પણ જોવા મળે છે.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જૈન શાસ્ત્રકારોએ ક્ષેત્ર સંબંધી અને આકાશીય ગ્રહો સંબંધી સુવ્યવસ્થિત ઘટમાળનું પ્રદર્શન કરી, બુદ્ધિને પૂરો ક્ષેત્રીય ખોરાક આપી દીધો છે અને આ ક્ષેત્રીય હિસાબ-કિતાબ એટલો બધો સચોટ અને ગણિતબદ્ધ છે જેમાં જોમેટ્રીના બધા સિદ્ધાંતો સમાવિષ્ટ થયેલા છે.

ભગવાન મહાવીરે વૈજ્ઞાનિક ઢંગથી પૂરેપૂરા હિસાબ સાથે જંબૂદ્વીપની પરિધિનું જે માપ આપ્યું છે તે જોમેટ્રીના સિદ્ધાંત પ્રમાણે બરાબર ઠીક ઉતરે છે.

જંબૂદ્વીપ પૂર્ણિમાના ચંદ્ર જેવો ગોળ છે. તેનો વ્યાસ એક લાખ યોજનનો છે અને એની પરિધિ ૩, ૧૬, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩।। આંગુલ, ૫ જવ, ૧ જૂ, ૧ લીંખ, ૬ વાલાગ્ર અને એક વ્યવહાર પરમાણું જેટલો છે.'

(પ. પૂ. જયંતમુનિ મ.સા.)

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે. આ સૂત્રમાં આપણી પૃથ્વી કેવા પ્રકારની છે, તેની સાથે સાથે આત્માથી પરમાત્મા સુધીની યાત્રા કેવી હોવી જોઈએ અને જંબૂદ્વીપના કયા ક્ષેત્રથી યાત્રા શરૂ થઈ શકે છે તેનું વર્ણન ભગવાને આ આગમમાં બતાવ્યું છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો વિષય મુખ્યતયા ગણિતાનુયોગમાં સમાવિષ્ટ થાય છે. આ સૂત્ર ભરતાદિ ક્ષેત્ર, વૈતાઢ્ય પર્વતો, ગંગાદિ નદીઓ, વનો, કૂટોની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ, શરાદિ ગણિત તથા સૂર્ય, ચંદ્રાદિ વિમાનો, મંડલો, મંડલો વચ્ચેનું અંતર વગેરે ગણિતની ગણનાઓથી ભરપૂર છે.

પ્રસ્તુત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં મહદ્ અંશે જંબૂદ્વીપનું વર્ણન છે. એશિયા આદિ છ ખંડો આ જંબૂદ્વીપની દક્ષિણે આવેલા ભરતક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે. આ ભરતક્ષેત્ર ઉપરાંત માનવ વસતી ધરાવતા અન્ય ક્ષેત્રો પણ જંબૂદ્વીપમાં છે અને જંબૂદ્વીપની બહાર ઘાતકીખંડ દ્વીપ વગેરેમાં પણ માનવવસતી છે. માનવવસતી ન હોય તેવા પણ અસંખ્યાત દ્વીપ છે. એ સર્વેનું વર્ણન આગમ સાહિત્યમાં પ્રાપ્ત થાય છે.

વૈજ્ઞાનિક વર્તમાન દૃષ્ટિએ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ જૈન ભૂગોળની વાત કરીએ તો જણાય છે કે વર્તમાનના વૈજ્ઞાનિકો જે પૃથ્વીનું કથન કરે છે તે જ પૃથ્વીનું કથન જૈન શાસ્ત્રો પણ કરે છે પરંતુ બંનેની માન્યતામાં બહુ મોટું અંતર છે.

જૈન દૃષ્ટિએ પૃથ્વી દડા જેવી ગોળ નથી, ધરી પર ફરતી નથી આકાશમાં ફરતી નથી પણ આકશમાં સ્થિર છે. પૃથ્વી આકાશમાં જરૂર છે, આ દેખાતી આપણી પૃથ્વી સાથે (પહેલી નરકની પૃથ્વી) જોડાયેલી છે. તે પૃથ્વીપિંડ પછી ઘનપાત પિંડ, તનુવાદ પિંડ, ઘનોદધિપિંડ આ ત્રણેય પિંડ પૂર્ણ થયા પછી અસંખ્યાત યોજન-અબજો માઈલ સુધી નર્યું આકાશ છે. તે આકાશ ઉપર પૃથ્વી પ્રતિષ્ઠિત છે.

જૈન દૃષ્ટિએ આ દેખાતી પૃથ્વી જેટલી જ પૃથ્વી નથી. જૈન શાસનની ભૂગોળ નિર્વિવાદ પણે માને છે કે ઉત્તર ધ્રુવ, દક્ષિણ ધ્રુવ પાસે પૃથ્વીની સમાપ્તિ થતી નથી. જૈન શાસ્ત્રાનુસાર

જંબૂદ્વીપના દક્ષિણ છેડે ભરત ક્ષેત્ર નામનું અબજો માઈલનું એક ક્ષેત્ર છે. તે ભરત ક્ષેત્રની વચ્ચે વૈતાઢ્ય પર્વત હોવાથી તેના ઉત્તર ભારત અને દક્ષિણ ભારત તેવા બે વિભાગ પડી ગયા છે. આજની આ દેખાતી એશિયા વગેરે છ ખંડની દુનિયા દક્ષિણ ભરત ક્ષેત્રમાં છે, જેમાં આપણો ભરત દેશ આવી જાય છે. જૈન દૃષ્ટિએ વર્તમાન પૃથ્વીની આગળ હજુ બહુ વિશાળ ધરતી વિદ્યમાન છે. ઉત્તર ધ્રુવથી આગળ ઉત્તર ભરત, વૈતાઢ્ય પર્વતથી મહાવિદેહ ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્ર સુધી કરોડો કિલોમીટર સુધી પૃથ્વી પથરાયેલી છે. વૈજ્ઞાનિકો જેની જાણકારી હજુ મેળવી શક્યા નથી. ✷ ✷ ✷

સંદર્ભગ્રંથોઃ


(૧) આગમ સૂત્ર : સટીક અનુવાદ–મુનિદીપરત્ન સાગર

(૨) ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથ આગમ-સંપાદક-ગુણવંત બરવાળિયા

(૩) ગુરુ પ્રાણ આગમ બત્રીસી-સંપાદિકા-પૂ. લીલમબાઈ મહાસતી

(૪) આગમદર્શન-લેખક-સંપાદક-ગુણવંત બરવાળિયા

(૫) જૈન પરંપરાનો ઇતિહાસ–બંધુત્રિપુટી

(૬) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ-મોહનલાલ દલીચંદ દેસાઈ


## ભગવાનનો ઘોર અભિગ્રહ

કઠોર તપશ્ચર્યાનું બીજું નામ એટલે ભગવાન મહાવીર. કેવળજ્ઞાન પામ્યા તે પહેલાં વિહાર કરતાં શ્રી મહાવીર સ્વામી મેંઢિય ગામથી કૌશામ્બી પધાર્યાં. પોષ વદી એકમના દિવસે એમણે ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે આ મુજબની પરિસ્થિતિનું નિર્માણ થશે તો જ હું ઉપવાસનું પારણું કરીશઃ

'દ્રવ્યથી અડદના બાકળા હોય અને તે સૂપડાના એક ખૂણામાં હોય, ક્ષેત્રથી આપનારનો એક પગ ઉંબરાની અંદર અને એક બહાર હોય, કાળથી બપોરના ભોજનનો સમય પસાર થઈ ગયો હોય અને ભાવથી રાજકન્યા હોય પણ દાસત્વ પ્રાપ્ત કરેલું હોય, વળી એ બંધનગ્રસ્ત હોય, માથું મૂંડેલું હોય, ત્રણ દિવસથી ઉપવાસી હોય, આંખમાં આંસુ હોય એવા સંજોગોમાં મારે ભિક્ષા લેવી અન્યથા છ માસ સુધી ભિક્ષા ગ્રહણ કરવી નહીં!'

આવો કઠોર અભિગ્રહ-પ્રતિજ્ઞા ધારણ કરીને શ્રી વર્ધમાન સ્વામી દરરોજ ગોચરી લેવા માટે કૌશામ્બીમાં ફરતા હતા. ભાવુક ભક્તો એમને ભિક્ષા આપવા માટે ઘણી ઉત્સુકતા દાખવતા પણ ભગવાન કંઈ પણ લીધા વિના પાછા ફરતા. લોકોના મનમાં પ્રશ્ન થતો હતો કે ભગવાન ભિક્ષા અર્થે શું ઈચ્છે છે?

ગોચરી અર્થે વિહાર કરતાં કરતાં મહાવીર પ્રભુ એક દિવસ મંત્રી સુગુપ્તના આવાસે પધાર્યાં. મંત્રી સુગુપ્તની પત્ની નંદા શ્રાવિકા શ્રદ્ધાપૂર્વક ભિક્ષા આપવા આવી પણ મહાવીર કંઈ પણ લીધા વિના ત્યાંથી ચાલ્યા ગયા. નંદાની ખિન્નતાનો પાર ન રહ્યો. તે પોતાના ભાગ્યને ધિક્કારી રહી એ સમયે તેની દાસીએ કહ્યું કે,'આપ શા માટે દુઃખી થાઓ છો? દેવાર્ય તો આજે જ નહીં છેલ્લા ચાર મહિનાથી કંઈ પણ લીધા વિના આવી રીતે પાછા ફરે છે.' આ વાત જાણીને નંદા વધુ ચિંતામાં પડી ગઈ. તે પતિને વઢી પડી : 'આપ કેવા મંત્રી છો કે ચાર-ચાર મહિના પૂર્ણ થવા આવ્યા છતાં ભગવાન મહાવીરને ગોચરી ઉપલબ્ધ થતી નથી. એમનો શો અભિગ્રહ છે તે સત્વરે જાણવું જોઈએ, તમારી બુદ્ધિને કામે લગાડો.'

મંત્રીને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. આ સંવાદ ત્યાં ઊભેલા વિજય પ્રતિહારીએ સાંભળ્યો. તેણે એ વાત મહારાણી મૃગાવતીને કહી. રાણી મૃગાવતીએ રાજા શતાનીકને કહ્યું. રાજા અને મંત્રીએ ભગવાનના અભિગ્રહ વિશે શોધ આદરી અને પછી તો કૌશામ્બી નગરી હિલોળે ચઢી. સૌએ ભગવાનના અભિગ્રહ વિશે જાણવા ખૂબ પ્રયાસ કર્યો. કોઈને સફળતા મળી નહીં.

પાંચ મહિના અને પચ્ચીસ દિવસ પસાર થઈ ગયા. ભગવાનના મુખ પર રહેલી ક્રાંતિ એવી જ અપૂર્વ જણાતી હતી.

એક દિવસ પોતાના નિયમ મુજબ પરિભ્રમણ કરતા ભગવાન ધન્ના શ્રેષ્ઠિના ગૃહે આવીને ઊભા. રાજકુમારી ચંદના બારણામાં બેઠી હતી. એ આજકાલ દાસી હતી. ત્રણ દિવસથી ભૂખી અને તરસી હતી. હાથમાં સૂપડું હતું અને તેમાં બાકળા હતા. એક પગ અંદર હતો અને એક પગ ઉંબર બહાર હતો. હાથમાં બેડીઓ બાંધેલી હતી અને ધન્ના શેઠના આવવાની રાહ જોતી હતી. એમાં એણે ભગવાન મહાવીરને આવતા જોયા.

ચંદના વિચારવા લાગી કે મારા કેવા ધનભાગ્ય છે કે ભગવાન મારે ત્યાં પધારી રહ્યા છે. પણ રે, અડદ જેવી તુચ્છ વસ્તુ હું ભગવાનને કેવી રીતે આપીશ? એ વિચારતી ચંદનાની મનોદશા મૂંઝાઈ. ભગવાને તેની સન્મુખ જોયું પણ પોતાનો અભિગ્રહ પૂર્ણ થતો નહોતો. આંખમાં આંસુની ઓછપ હતી! તે પાછા વળ્યા ને ચંદનબાળાની આંખમાંથી આંસુ આવી ગયાંઃ રે! પ્રભુ તો પાછા વળ્યા, મને લાભ નહીં મળે? અને પ્રભુ પાછા વળ્યા. ભગવાનનો અભિગ્રહ પૂર્ણ થઈ ગયો. ભગવાને પોતાનું કરપાત્ર ચંદનાની સામે ધર્યું. આંસુભીની આંખો સાથે તથા હર્ષાતિરેકથી ચંદનબાળાએ મહાવીર પ્રભુને અડદના સૂકા બાકળા વહોરાવ્યા.

મહાવીર પ્રભુએ ત્યાં જ પારણું કર્યું. આકાશમાંથી 'અહો દાનં અહો દાનં'ના દેવ-દુંદુભિ વાગી ઊઠ્યાં. પાંચ દિવ્ય પ્રગટ થયા. સાડાબાર કરોડ સુવર્ણમુદ્રાની વર્ષા થઈ. ચંદનબાળાનું સૌન્દર્ય ખીલી ઊઠ્યું અને લોહ બેડી સુવર્ણ આભૂષણમાં પલટાઈ ગઈ.

**□ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી નિરયાવલિકા સૂત્ર

□ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

૧૯

કોઈ પણ ધર્મનું સ્વરૂપ જાણવું હોય તો એના સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. જેથી એ ધર્મનું સંપૂર્ણ ચિત્ર પ્રાપ્ત થઈ શકે. એ ન્યાયે જૈનદર્શનની જાણકારી માટે આગમ સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. એ આગમ સાહિત્યની વિચારણા પૂર્વે જણાવી છે એમાંથી વર્તમાને પ્રચલિત ૧૨ ઊપાંગોમાંથી અહીં આઠમું ઉપાંગ નિરયાવલિકાજીનું વિવેચન પ્રસ્તુત છે.

**નામકરણ–**

પ્રસ્તુત સૂત્ર અંતકૃતદશાંગ સૂત્રનું ઉપાંગ છે. જે ૧૨ ઉપાંગોમાંથી છેલ્લા પાંચ ઉપાંગોના સંગ્રહરૂપે મનાય છે. **નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ** આ ઉપાંગનું બીજું નામ કપ્પિયા (કલ્પિક) છે. એમાં સમાવિષ્ટ પાંચ ઉપાંગો આ પ્રમાણે છે (૧) નિરયાવલિકા કે કલ્પિકા (૨) કલ્પાવતંસિકા (૩) પુષ્પિકા (૪) પુષ્પચૂલિકા અને (૫) વૃષ્ણિદશા. જે પ્રાકૃતમાં નીચે મુજબના નામથી પણ ઓળખાય છે. (૧) નિરયાવલિયા (૨) કપ્પવડંસિયા (૩) પુપ્ફિયા (૪) પુપ્ફચૂલિયા અને (૫) વણ્હિદશા (વિણ્હિદશા).

આ પાંચે ઉપાંગ નાના નાના હોવાથી એક જ આગમમાં પાંચ વર્ગના રૂપમાં સમાવિષ્ટ છે. આ પાંચેનો પરસ્પર સંબંધ છે. પ્રથમ સૂત્ર નિરયાવલિકા હોવાને કારણે નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ છે. પરંતુ પૃથક-પૃથક છે.

જાણકારોના મતે આ પાંચે ઉપાંગ પહેલાં નિરયાવલિકાના નામથી જ હતા. પરંતુ પછીથી ૧૨ ઉપાંગોનો ૧૨ અંગો સાથે સંબંધ સ્થાપિત કરવા માટે એમને અલગ અલગ ગણવામાં આવ્યા. (પ્રો. વિન્ટરનિત્જનો પણ આ જ અભિપ્રાય છે.)

**નિરયાવલિકા–**

**નિરય+આવલિકા એમ બે શબ્દથી બનેલું છે. નિરય એટલે નરક અને આવલિકા એટલે પંક્તિબદ્ધ.** જે આગમમાં નરકમાં જવાવાળા જીવોનું પંક્તિબદ્ધ વર્ણન છે તે નિરયાવલિયા કે નિરયાવલિકા છે.

**નિરયાવલિકા આગમ ગ્રંથના કર્તા–**

આ આગમના કર્તાનું નામ સ્પષ્ટતયા પ્રાપ્ત થતું નથી. સ્થવિર ભગવંતો રચિત હોવાનું અનુમાન કરી શકાય.

**રચનાકાળ–**

ભગવાન મહાવીર પછી અને આચાર્ય શ્રી ભદ્રબાહુના સમયની પૂર્વનો હોવાનો સંભવ છે.

**આગમ ગ્રંથની ભાષા–**

આગમ સાહિત્ય અનુસાર તીર્થંકર ભગવંત અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. એને એ સમયમાં દિવ્ય ભાષા કહેવામાં આવતી અને એનો પ્રયોગ કરવાવાળાને ભાષાર્ય કહ્યા છે. આ ભાષા પ્રાકૃતનું જ એક રૂપ છે. એ મગધના એક ભાગમાં બોલાય છે માટે અર્ધમાગધી કહેવાય છે. એમાં માગ્ધી અને બીજી ભાષાઓ એટલે કે અઢાર દેશી ભાષાઓના લક્ષણ મિશ્રિત છે તેથી અર્ધમાગધી કહેવાય છે. ભગવાન મહાવીરના શિષ્ય મગધ, મિથિલા, કૌશલ આદિ અનેક પ્રદેશ, વર્ગ અને જાતિના હતા એટલે જૈન સાહિત્યની પ્રાચીન પ્રાકૃત ભાષામાં દેશ્ય શબ્દોની બહુલતા છે. માટે તેને અર્ધમાગધી ભાષા કહેવાય છે. એ અનુસાર આ આગમ પણ અર્ધમાગધી ભાષામાં રચાયું છે.

**આગમની શૈલી–**

આ આગમ ધર્મકથાનુયોગની શૈલીનું છે. અનુયોગ એટલે સૂત્ર અને અર્થનો ઉચિત્ત સંબંધ (યોગ) એ ચાર પ્રકારના છે. ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ.

ધર્મકથાનુયોગ એટલે જેમાં કથાના માધ્યમથી કષાય આદિનું નિરાકરણ કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરાય. ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીર પાસે ભક્તિ કરવા દેવો તથા દેવીઓ આવે છે. પ્રભુના દર્શન કરીને રવાના થાય છે ત્યારે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે હે ભગવન્! એ કોણ હતા? અને એમનો મોક્ષ ક્યારે થશે? તેના જવાબમાં કર્મની વિચિત્રતા માટે સામ્રાજ્યના સમ્રાટ રાગકેસરી રાજાના કેદી થયેલા, દ્વેષ યુવરાજના હાથથી બંધાયેલા બાવન આત્મામાંથી કેટલાક આત્માઓનું રોમાંચક કથાનક સ્વયં શ્રી મુખેથી કહે છે તો કેટલાકનું વૈરાગ્યપૂર્વક ગ્રહણ કરેલ સંયમી જીવન પણ કહે છે. એમાંથી આ સૂત્રમાં ઉત્તમ એવા મનુષ્યભવમાં કેવા કાર્યો કરે છે એને કારણે નરકગામી થવું પડે છે એવા દસ જીવોનું કથાનક વર્ણવ્યું છે, જે દસ અધ્યયનમાં છે.

આ સૂત્ર ગદ્ય શૈલીમાં છે. ૭૨ ગદ્યાંશમાં આ સૂત્ર રચાયેલું છે. પાંચે વર્ગના બાવન અધ્યયન છે. સંપૂર્ણસૂત્રનું પરિમાણ ૧૧૦૯ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે.

**વ્યાખ્યા સાહિત્ય–**

આ એક કથા સાહિત્ય હોવાને કારણે આના પર નિર્યુક્તિભાષ્ય કે ચૂર્ણિઓ ન હોય એ સ્વાભાવિક છે. માત્ર શ્રીચન્દ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં નિરયાવલિકા પર સંક્ષિપ્ત અને શબ્દાર્થસ્પર્શી વૃત્તિ લખી છે. શ્રીચન્દ્રસૂરિનું બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તેઓ શીલભદ્રસૂરિના શિષ્ય હતા. એમણે વિ. સં. ૧૧૭૪માં નિશીથચૂર્ણિ પર દુર્ગપદ્ર વ્યાખ્યા લખી હતી અને શ્રમણોપાસક પ્રતિક્રમણ, નંદી, જીતકલ્પ, બૃહત્ચૂર્ણિ આદિ આગમો પર ટીકાઓ લખી છે.

પ્રસ્તુત આગમોની વૃત્તિના પ્રારંભમાં આચાર્યએ ભગવાન

પાર્શ્વને નમસ્કાર કર્યા છે.

पार्श्वनाथ नमस्कृत्य प्रायोऽन्यग्रन्थवीक्षिता ।
निरयावलिश्रुत स्कन्ध-व्याख्या काचित् प्रकाश्यते ।।

આમાં એમના ગુરુનો કે એમનો પોતાનો નામનિર્દેશ નથી તેમ જ ગ્રંથ રચનાનો સમય પણ નથી. ગ્રંથની જે મુદ્રિત પ્રત છે એમાં 'इति श्री चन्द्रसूरि विरचितं निरयावलिका श्रुतस्कन्धविवरणं समाप्तमिति। श्री रस्तु' એટલો ઉલ્લેખ છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકા ઘાસીલાલજી મ.સા.ની છે, જે સ્થાનકવાસી જૈન પરંપરાના છે, એમની ટીકા સરળ અને સુબોધ છે. આ બે ટીકાઓ સિવાય અન્ય કોઈ સંસ્કૃત ટીકા લખવામાં આવી નથી. ઘાસીલાલજી મ.સા. ટીકાનું હિન્દી અને ગુજરાતી ભાષાંતર પણ છે. આ ઉપરાંત અમોલખઋષિજીની હિન્દી ટીકા, જૈનધર્મ પ્રચારક સભાની મૂળ ટીકા અને અને ગુજરાતી ટીકા, મધુકરમુનિની હિન્દી ટીકા, આચાર્ય તુલસી દ્વારા સંપાદિત ટિપ્પણ સહિત સંશોધિત મૂળપાઠ, બનારસથી પ્રકાશિત ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન, આગમમનિષી ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત આગમ નવનીતનો સંક્ષિપ્ત સારાંશ અને ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિતના ઉપાંગ પ્રકાશિત થયા છે.

**વિષય વસ્તુ–કથા સારાંશ**

આ આગમમાં નરકમાં જનારા જીવોનું (શ્રેણિક પુત્રનું) ક્રમશઃ વર્ણન છે. પ્રાચીન મગધના ઇતિહાસને જાણવા માટે આ વર્ગ ઘણો જ ઉપયોગી છે. તેમાં સમ્રાટ શ્રેણિકના રાજ્યકાલનું વર્ણન કરેલ છે. સમ્રાટ શ્રેણિકનું જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં અનુક્રમે શ્રેણિક ભિંભિસાર અને શ્રેણિક બિંબિસાર નામ મળે છે. જૈન દૃષ્ટિએ શ્રેણીઓની સ્થાપના કરવાના કારણે તેનું નામ શ્રેણિક પડ્યું.

श्रेणीः कायति श्रेणिको मगधेश्वरः। (अभिधानचिन्तामणिः स्वोपज्ञवृत्तिः, मर्त्य काण्डं, श्लोक ३७६)

બૌદ્ધ દૃષ્ટિએ તેના પિતાએ તેને અઢાર શ્રેણીઓનો માલિક બનાવ્યો હતો તેથી તે શ્રેણિક નામથી પ્રસિદ્ધ થયા. स पित्राष्टादशसु श्रेणिस्ववतारितः, अतोऽस्यु श्रेष्यो बिम्बिसार इति ख्यातः।। (विनयपिटक, गिलगिट मैन्युस्त्रिष्ट।)

જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં શ્રેણીઓની સંખ્યા અઢાર જ છે. 'મહાવસ્તુ'માં શ્રેણીઓના ત્રીસ નામ મળે છે. તેમાંથી ઘણા નામો તો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ અઢાર નામોની સમાન છે. જેમકે કુંભાર, પટ્ટઇલ્લા, સુવર્ણકારા વગેરે.

આ આગમમાં દસ અધ્યયન છે. તેમાં નરકગામી દસ જીવોનું વર્ણન છે. જેનો સાર નીચે મુજબ છે - શ્રેણિક રાજાના પુત્રો (૧) કાલ, (૨) સુકાલ, (૩) મહાકાલ, (૪) કૃષ્ણ, (૫) સુકૃષ્ણ, (૬) મહાકૃષ્ણ, (૭) વીરકૃષ્ણ, (૮) રામકૃષ્ણ, (૯) પ્રિયસેનકૃષ્ણ અને (૧૦) મહાસેનકૃષ્ણ કાલી, સુકાલી આદિ જુદી જુદી રાણીઓના પુત્રો હતા.

શ્રેણિક અને ચેલ્લણા રાણીનો પુત્ર કોણિક આ ભાઈઓની મદદથી શ્રેણિકને જેલમાં પુરી ગાદીએ બેસે છે. શ્રેણિક રાજાની આવી દશાથી ઉદાસીન રાણી ચેલ્લણાએ એકદા કોણિક સમક્ષ તેના જન્મ પ્રસંગનું સાદ્યંત વર્ણન કર્યું. જેમકે કોણિક ગર્ભમાં આવતાં માતાને રાજાના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો. તેથી ગર્ભનો નાશ કરવાના ઉપાય કર્યા. પરંતુ તે નિષ્ફળ જતાં જન્મતાં જ તેને અશોકવાટિકામાં જઈને એકાંત સ્થાનમાં ઉકરડા પર ફેંકાવી દીધો. રાજાને ખબર પડતાં દુર્ગંછા કર્યા વગર તેને ઉકરડામાંથી લાવી કુકડાએ કરડેલી આંગળી પોતાના મુખમાં લઈને પિતૃ-વાત્સલ્યભાવે તેની વેદના શાંત કરી. કુકડાએ આંગળી કરડી ખાવાથી તે સંકુચિત થઈ જતાં તેનું ગુણનિષ્પન્ન નામ કૂણિક (કોણિક) રાખવામાં આવ્યું.

આ વર્ણનથી કોણિકનું અંતર દ્રવિત થયું. પશ્ચાતાપપૂર્વક પોતાના પરમ ઉપકારક પિતાને મુક્ત કરવા તે સ્વયં કુહાડી લઈને શ્રેણિક પાસે ગયા. શ્રેણિકે પોતાની પાસે તેને આવતા જોઈને પોતાના પુત્રને પિતૃહત્યાના દોષમાંથી બચાવવા પોતાની અંગુઠીમાં રહેલ તાલપુટ ઝેર ચૂસીને મરણને શરણ થયા.

આ ઘટનાથી શોકમગ્ન કોણિક મનની શાંતિ માટે રાજગૃહી નગરી છોડીને ચંપાનગરીમાં સપરિવાર રહેવા ચાલ્યા ગયા. ત્યાર પછી રાજ્યના અગિયાર ભાગ કરી ભાઈઓમાં વહેંચી લીધા. પરંતુ કર્મની ગતિ ન્યારી છે. કોણિકની રાણી પદ્માવતીની કાન ભંભેરણીથી પોતાના ભાઈ વિહલ્લ પાસેથી પિતાએ આપેલ દિવ્ય હાર અને સેચનક ગંધ હાથી મેળવવા ભયંકર યુદ્ધ કર્યું. એમાં દસે કુમારો માર્યા ગયા અને નરકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યજન્મ પામી વૈરાગ્યવાસિત બની, દીક્ષા લઈ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મ પાળશે અને નિર્વાણ પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે. એ દસે કુમારનું વર્ણન નિરયાવલિકા આગમ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

**ઉપસંહાર–**

માતાના ચરણ સ્પર્શ કરવા જવાના નિમિત્તે કોણિકની ચિંતનદશામાં પરિવર્તન આવી ગયું. અતિલોભનું પરિણામ શૂન્યમાં આવે છે. 'ન હાર મળ્યો ન હાથી અને ભાઈ હણાયા દસ સાથી.' ઈર્ષ્યા કે મોહથી યુક્ત સ્ત્રીઓના તુચ્છ હઠાગ્રહથી માણસનું પતન થાય છે.

યુદ્ધમાં પ્રાયઃ આત્મપરિણામો ક્રૂર હોય છે. તેથી તે અવસ્થામાં મરનારા પ્રાયઃ નરકગતિમાં જાય છે. ભૌતિક ક્ષણભંગુર વસ્તુઓની તીવ્રતમ મૂર્ચ્છા સ્વ-પરના જીવનમાં કેવું ભયંકર નુકસાન કરે છે તે પ્રસ્તુત કથાનકથી જાણી શકાય છે. સંસાર આવા જ અનેક સંઘર્ષોથી ભરલો છે. તેનાથી દૂર રહેવા હઠાગ્રહ, કદાગ્રહ, પૂર્વગ્રહ આદિ જીવનમાં ન પ્રવેશે તેનું ધ્યાન રાખીને સર્વ પ્રત્યે મૈત્રી ભાવના કેળવવી જેથી સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય. ✶ ✶ ✶

# શ્રી કપ્પવડિંસિયા-કલ્પાવંતસિકા સૂત્ર

૨૦

□ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

સમસ્ત બ્રહ્માંડ અર્થાત્ સંપૂર્ણ લોકનું સ્વરૂપ જાણવું તેમ જ વસ્તુ તત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાના વિષયમાં ભારતીય દર્શનમાં સામાન્યતઃ ૮ પ્રમાણ દર્શાવ્યા છે. તેમાંનું એક પ્રમાણ આગમ છે. આપ્ત વચનથી ઉત્પન્ન અર્થ પદાર્થના રહસ્યનું પરિપૂર્ણ જ્ઞાન થાય તે આગમ છે. એવા આપ્તજન સર્વજ્ઞ પ્રણિત અર્થની ગણધર ભગવંતોએ સૂત્ર દ્વારા ગૂંથણી કરી છે. એમાંનું એક એટલે કપ્પવડિંસિયા આગમ પ્રસ્તુત છે.

**નામાંકન :**

**કપ્પ એટલે કલ્પ અને વડિંસિયા અર્થાત્ વસવું તે.** કલ્પ શબ્દનો પ્રયોગ સૌધર્મથી અચ્યુત સુધીના બાર દેવલોક માટે પ્રયુક્ત થયો છે. દેવલોક પુણ્ય ભોગવવાનું સ્થાન છે. જે જીવો મનુષ્ય ભવમાં તપ-સંયમની આરાધના કરી કલ્પ દેવલોકમાં ઉપજે છે. તેમનો અધિકાર આ આગમમાં છે. તેથી તેનું નામ કપ્પવડિંસિયા રાખ્યું છે.

**ગ્રંથકર્તા :**

આ આગમકર્તાનું નામ ઉપલબ્ધ થતું નથી. પરંતુ સ્થવીર ભગવંતો દ્વારા રચાયા હોવાનું માની શકાય છે.

**રચનાકાળ :**

ભગવાન મહાવીરના શાસનકાળમાં આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પહેલાનો હશે એમ અનુમાન થાય છે.

**આગમ ગ્રંથની ભાષા :**

પ્રાકૃત ભાષાના એક રૂપ સમાન અઢાર દેશી ભાષાઓના લક્ષણ મિશ્રિત અર્ધમાગધી ભાષામાં આ આગમ રચાયું છે. સામાન્ય જનોની બોલાતી ભાષામાં એ રચાયું છે. ચારિત્ર ધર્મની આરાધના અને સાધના કરનાર બાળક, સ્ત્રી, મંદબુદ્ધિવાળા કે મુર્ખ લોકો ઉપર કૃપા કરીને તીર્થંકર ભગવંત સિદ્ધાંતની પ્રરૂપણા અર્ધમાગધી ભાષામાં કરે છે. માગધી અને દેશી શબ્દોનું મિશ્રણ હોવાથી તે અર્ધમાગધી ભાષા કહેવાય છે.

**આગમની શૈલી :**

આ આગમ ધર્મકથાનુયોગની શૈલીનું છે. જેમાં શ્રેણિક રાજાના કાલકુમાર-સુકાલકુમાર આદિ દસ પુત્રોના ક્રમશઃ દસ પુત્રોના એટલે કે શ્રેણિક રાજાના દસ પૌત્રોના કથા વર્ણન છે. ગદ્યશૈલીમાં દસ અધ્યયનમાં પંદર ગદ્યાંશમાં જ સંપૂર્ણ ઉપાંગ રચાયું છે.

**વિષય વસ્તુ :**

આ શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્રનું ઉપાંગ છે. આ ઉપાંગમાં ૧૦ અધ્યયન છે. તેના નામ આ પ્રમાણે છે. પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ, આનંદ અને નંદન છે. આ દશેય શ્રેણિક રાજાના પૌત્રો હતા. જેઓએ પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગ્યવાસિત થઈને દીક્ષા અંગીકાર કરી પાંચ વર્ષ સુધી શ્રમણધર્મ પાળ્યો. ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કરી ઉત્કૃષ્ટ તપ કર્યું. અંતમાં એક માસનો સંથારો કરીને કાળ પ્રાપ્ત થતાં સૌધર્મ કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ અંગીકાર કરી સિદ્ધ થઈને સર્વ દુઃખોનો અંત કરશે. આ જ પ્રમાણે બાકીના નવ કુમારોનું વર્ણન છે.

**ઉપસંહાર :**

એક જ પરિવારના દરેક જીવોની પોતપોતાના કર્મો અનુસાર ગતિ થાય છે. પિતા અને પુત્રો નરકમાં, માતા મોક્ષમાં, પૌત્રો સ્વર્ગમાં ગયા છે. તે સર્વ જીવોને પુણ્યયોગે ભૌતિક સામગ્રી સમાન મળી હતી. પિતા, પુત્ર, માતા, પૌત્રો બધા એક જ રાજ્યના, એક જ પરિવારના સદસ્યો હતા; પણ પ્રાપ્ત સામગ્રીને કોઈકે ત્યાગી, કોઈક તેમાં આસક્ત બન્યા, કોઈકે તેના જ નિમિત્તે ઈર્ષા, વેરઝેર, ક્રોધાદિ ભાવો કર્યા અને તે પોતપોતાના ભાવાનુસાર ભિન્ન ભિન્ન ગતિને પામ્યા.

પુણ્યના ઉદયે સામગ્રી મળવા માત્રથી વ્યક્તિ પુણ્યશાળી કહેવાતી નથી. પુણ્યશાળી તો તે જ છે જે પ્રાપ્ત સામગ્રીનો સ્વેચ્છાએ ત્યાગ કરી, મનુષ્ય ભવની અમૂલ્ય ક્ષણોને આત્મ સાધનામાં પસાર કરે; સંપત્તિ-પરિવારાદિની અનિત્યતા સમજી તેની આસક્તિ ત્યાગે. તે આત્માઓ દેવાદિ સુગતિને પામે છે, અને તપ-ત્યાગની સાધનાની પરાકાષ્ટાએ પહોંચી, સંપૂર્ણતયા અનાસક્ત બની સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે.

જે ધન, સંપત્તિ, પરિવારાદિમાં આસક્ત રહે; તેના કારણે ક્રોધ, લોભ આદિ કષાય કરે છે તેઓ અજ્ઞાની-બાળજીવો છે. તે મૂર્ખની જેમ મનુષ્યભવ વ્યર્થ ગુમાવી, અનંત કર્મોનો ભાર લઈને નરક, તિર્યંચ ગતિના મહેમાન બની દુઃખો ભોગવે છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે. શ્રી ચંદ્રસૂરિનું જ બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તે શીલભદ્રસૂરિના શિષ્ય હતા. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તેની ટીકા સરળ અને સુબોધ છે. તે ટીકામાં કોણિક રાજાના પૂર્વભવનું પણ વર્ણન છે. બીજા પણ ઘણાં પ્રસંગો છે.

વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છેઃ-

(૧) સન ૧૯૨૨ માં આગમોદય સમિતિ સુરત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ.

(૨) સન ૧૮૮૫માં બનારસથી ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન.

(૩) વિ. સં. ૧૯૯૦માં જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમ જ તેના ગુજરાતી અર્થ.

(૪) સન ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવદાથી ભાવાનુવાદ.

(૫) વીર સં. ૨૪૪૫માં હૈદરાબાદથી આચર્ય અમોલખઋષિજી દ્વારા હિન્દી અનુવાદ.

(૬) સન ૧૯૬૦માં શાસ્ત્રોદ્ધારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલજી મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમ જ તેના હિન્દી અને ગુજરાતી અનુવાદ.

(૭) શ્રમણસંઘીય યુવાચાર્ય શ્રી મધુકરમુનિજીના કુશળ નેતૃત્વમાં આગમ પ્રકાશન સમિતિ બ્યાવર દ્વારા ૩૨ આગમો વિવેચન સાથે પ્રકાશિત થયા, તેમાં પણ આ સૂત્રના હિન્દી અનુવાદનું વિવેચન સાથે પ્રકાશન થયું.

(૮) ઈ. સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા સંપાદિત, વિશ્વભારતી લાડનૂંથી પ્રકાશિત ટિપ્પણ સહિત સંશોધિત મૂળપાઠ.

(૯) ઈ. સ. ૧૯૯૦માં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત, આગમ નવનીત પ્રકાશન સમિતિ, સિરોહીથી પ્રકાશિત સંક્ષિપ્ત સારાંશ.

(૧૦) ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિત પ્રસ્તુત ઉપાંગ સૂત્ર પ્રકાશિત થયું છે. આમ સરળતાથી પ્રાપ્ત થતાં આગમ સૂત્રોના અભ્યાસ કરીને શાશ્વત સુખને પ્રાપ્ત કરીને માનવભવ સાર્થક કરીએ.✷ ✷ ✷

## ભગવાન મલ્લીનાથ : અનુસંધાન પૃષ્ટ ૬૪ થી ચાલુ

દીક્ષા કા સમય નિકટ આને પર નવ લોકાન્તિક દેવો ને આકર પ્રાર્થના કી–

''ભગવતી! અબ સમય આ ગયા હૈ। આપ ધર્મ તીર્થ કી સ્થાપના કર સંસાર કો ત્યાગ કા માર્ગ બતાયેં.''

ભગવતી મલ્લી ને એક વર્ષ તક સમસ્ત પ્રજા કો ખુલે હાથોં સે દાન દિયા. જન-જન કે અભાવ કષ્ટ દૂર હુએ.

મૃગસર સુદિ ૧૧ કે શુભ દિન મેં ૩૦૦ મહિલાઓં વ ૧૦૦૦ પુરુષોં કે સાથ દીક્ષા ગ્રહણ કી. દીક્ષા લેતે સમય હી ભગવાન કો મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન હો ગયા. ઉસી દિન સાયંકાલ ભગવાન કો કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ, ઉન્હોંને ધર્મ તીર્થ કી સ્થાપના કી. ઇન્દ્ર આદ્ય દેવોં ને ૩૦૦ ધનુષ્ય ઊંચે ચૈત્યવૃક્ષ સે સુશોભિત, સમવસરણ કા નિર્માણ કિયા. પ્રભુ ઈસકે પૂર્વદ્વાર સે પ્રવેશ કર ચૈત્યવૃક્ષ કી પ્રદક્ષિણા કરકે તીર્થાય નમઃ બોલ કર પૂર્વ દિશા કી ઓર મુખ કરકે બૈઠ ગયે. તબ વ્યંતર દેવોં ને તીન દિશાઓં મેં ભગવાન કે દિવ્ય રૂપ બનાયે. ફિર ભગવાન ને દેશના દેના પ્રારમ્ભ કિયા.

''ચાર ગતિ રૂપ ઈસ સંસારચક્ર મેં સંસારી જીવ કભી સુખ કે ઔર કભી દુઃખ કે પ્રવાહ મેં બહતે હુએ નિરન્તર ભટકતે રહતે હૈં. જ્ઞાન, સંયમ ઔર તપ દ્વારા ઈસ સંસાર ભ્રમણ કા અન્ત કિયા જા સકતા હૈ.''

ભગવાન કી વાણી સુનકર જિતશત્રુ આદિ છહ રાજાઓં તથા હજારોં સ્ત્રી-પુરુષોં ને દીક્ષા ગ્રહણ કી.

હજારોં વર્ષ તક ધર્મ પ્રચાર કરને કે બાદ ભગવાન ને અપના અંતિમ સમય આયા દેખકર ૫૦૦ સાધ્વીઓં ઔર ૫૦૦ સાધુઓં કે સાથ સમ્મેત શિખર પર અનશન કિયા. પૂર્ણ સમાધિસ્થ મુદ્રા મેં દેહ ત્યાગ કર મોક્ષ પ્રાપ્ત કિયા.

દેવ-દેવેન્દ્ર ઔર રાજાઓં ને ભગવાન કા અન્તિમ સંસ્કાર કર નિર્વાણ મહોત્સવ મનાયા.

ભગવાન મલ્લીનાથ ઈસ અવસર્પિણી કાલ કે ૧૯ વેં તીર્થંકર થે. ઉનકા જન્મ માર્ગશીર્ષ શુક્લા ૧૧ (મૌન એકાદશી) કે દિન મિથિલા મેં હુઆ .પૌષ શુક્લ ૧૧ કો દીક્ષા ગ્રહણ કી. ઉનકે ૨૮ ગણધર થે. ચૈત્ર સુદી ૪ કો ઉનકા મોક્ષ હુઆ. સ્ત્રી દેહ મેં તીર્થંકર હોના જૈન ધર્મ કે ૧૦ પ્રસિદ્ધ આશ્ચર્યોં મેં સે એક આશ્ચર્ય હૈ।

ભગવાન મલ્લીનાથ કે પૂર્વભવ કી કથા સે હમેં જીવન મેં સદા સહજ ઔર સરલ વ્યવહાર કરને કી શિક્ષા મિલતી હૈ. અચ્છેં કાર્યોં કે લિયે ભી વ્યવહાર મેં કપટ નહીં કરના ચાહિએ. ભગવાન કે તીર્થંકર જીવન સે યહ પ્રકટ હોતા હૈ કિ શરીર-સુખ ઔર દૈહિક સૌન્દર્ય ક્ષણિક ઔર નાશવાન હૈ, ઈસ લિએ હમેં નશ્વર શરીર સે પરે આત્મા કે વિષય મેં સોચને વાલે સત્ય કા સાક્ષાત્કાર કરના હૈ.

**(સમાપ્ત)**

# શ્રી પુષ્ફિયા-પુષ્પિકા સૂત્ર

□ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

૨૧

જૈન ધર્મના-દર્શનના મૂળ સ્ત્રોત ગ્રંથોમાં આગમોની ગણના થાય છે. આ જિનઆગમો અગાધ સાગર જેવા છે. જે જ્ઞાન વડે ગંભીર, સુંદર પદોરૂપી ઝરણાના સમૂહથી બનેલી સૂત્રોરૂપી નદીઓનો સંગમ છે. તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આદિ રત્નોથી ભરપૂર છે. ચૂલિકારૂપ ભરતીથી શોભાયમાન છે. વર્તમાને પ્રચલિત બાર ઉપાંગોમાંથી અહીં દસમું ઉપાંગ 'પુષ્ફિયા-પુષ્પિકા'નું વિવેચન અતિ સંક્ષિપ્તમાં કર્યું છે.

**નામકરણ :**

નિરયાવલિકા અને કલ્પાવંતરસિકામાં કેવળ શ્રેણિક રાજાના પારિવારિક જનોનું જીવન વૃત્તાંત છે પરંતુ આ ઉપાંગ આગમમાં દસ વ્યક્તિઓના દસ અધ્યયનો છે. તેઓમાં પરસ્પર સાંસારિક કોઈ સંબંધ નથી. તે સર્વે વિખરાયેલા ફૂલની જેમ જુદા જુદા હોવાથી આ આગમનું નામ **'પુષ્પિકા' છે. જેનું પ્રાકૃત નામ 'પુષ્ફિયા' છે.**

**ગ્રંથ કર્તા :**

પૂર્વ ઉપાંગોની જેમ જ આ ગ્રંથના કર્તા સ્થવીર ભગવંતોને જ માનવા યોગ્ય લાગે છે.

**રચનાકાળ :**

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુમુનિના સમય પહેલાં જ આ ઉપાંગ ગ્રંથની રચના થઈ હશે.

**ગ્રંથની ભાષા :**

આગમ સાહિત્ય અનુસાર તીર્થંકર ભગવંત અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. અર્ધમાગધી એટલે કે માગધી અને બીજી અઢાર દેશી ભાષાઓ મિશ્રિત ભાષા. ભગવાન મહાવીરના શિષ્યો અનેક પ્રદેશ, વર્ગ જાતિના હતા એટલે જૈન સાહિત્યની પ્રાચીન પ્રાકૃત ભાષામાં દેશી શબ્દોની બહુલતા જોવા મળે છે. એ અનુસાર આ આગમ પણ અર્ધમાગધી ભાષામાં રચાયું છે.

**આગમની શૈલી :**

પ્રસ્તુત ઉપાંગ સૂત્રમાં ધર્મકથાનુયોગની ખુશ્બુ મઘમઘે છે. અનુયોગ એટલે સૂત્ર અને અર્થનો ઉચિત્ત સંબંધ. એ ચાર પ્રકારના છે. (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ. ધર્મકથાનુયોગ એટલે જેમાં કથાના માધ્યમથી કષાય આદિનું નિરાકરણ કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવી. આ ઉપાંગમાં સ્વયં મહાવીર ભગવાનના શ્રીમુખેથી ગૌતમસ્વામીના પ્રશ્નોના ઉત્તર રૂપે બધી કથાઓનો ભાવ પ્રવાહિત થયો છે. ભગવાન મહાવીર તથા ગૌતમ સ્વામીના આપસી સંવાદ કેટલા મધુર અને સહજ છે તેનો અનુભવ થાય છે. આમ તે સમયની ધર્મકથાઓ કહેવાની શૈલી પણ મન પર અંકિત થાય તેવી છે. ગદ્યશૈલીમાં રચાયેલા આ સૂત્રમાં ૯૪ ગદ્યાંશ છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છે:

(૧) ઈ. સ. ૧૯૨૨માં આગમોદય સમિતિ સુરત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ, (૨) ઈ. સ. ૧૮૮૫માં બનારસથી ચંદ્રસુરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન, (૩) વિ. સં. ૧૯૯૦માં જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમ જ તેના ગુજરાતી અર્થ, (૪) ઈ. સ. ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવાદથી ભાવાનુવાદ, (૫) વીર સં. ૨૪૪૫માં હૈદ્રાબાદથી આચાર્ય અમોલખઋષિજી દ્વારા હિન્દી અનુવાદ, (૬) ઈ. સ. ૧૯૬૦માં શાસ્ત્રોદ્ધારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલ મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમ જ હિન્દી અને ગુજરાતી અનુવાદ. તેમ જ મધુકરમુનિજી દ્વારા પ્રકાશિત આગમોમાં ઈ. સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા પ્રકાશિત, ઈ. સ. ૧૯૯૦માં આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત તેમજ ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા પ્રકાશિત થયેલ છે.

**વિષય-વસ્તુ :**

આ સૂત્ર પ્રશ્નવ્યાકરણસૂત્રનું ઉપાંગ સૂત્ર છે. આ ઉપાંગ સૂત્રમાં પણ દસ અધ્યયનો છે. જેમ કે – ચંદ્ર, સૂર્ય શુક્ર, બહુપુત્રિક, પૂર્ણભદ્ર, મણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદત્ત. આ પ્રમાણે દસ અધ્યયનોનો નામ નિર્દેશ છે. આ દસે જીવો પૂર્વભવમાં ભગવાન પાર્શ્વનાથના શાસનમાં ધર્મનો બોધ પામ્યા હતા. તેઓનો વર્તમાન ભવ દેવરૂપે વર્ણિત છે અને ભવિષ્યમાં તે દશે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે. આ દસે અધ્યયનમાં ચન્દ્ર, સૂર્ય, શુક્ર આદિ દેવ ભગવાન મહાવીરના દર્શનાર્થે આવે છે અને વિવિધ પ્રકારના નાટક બતાવી પાછા પોત-પોતાના સ્થાને જતા રહે છે. ત્યારે ગણધર પ્રભુ ગૌતમ સ્વામી દ્વારા આ દેવોની દિવ્ય દેવ રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત થવાનું કારણ પૂછવાથી ભગવાન મહાવીરે એમના પૂર્વભવોનું કથન કર્યું છે.

પ્રથમ બે અધ્યયનમાં ક્રમશઃ ચંદ્રદેવ, સૂર્યદેવના પૂર્વભવનું નિરૂપણ છે. ત્રીજા અધ્યયનમાં શુક્ર મહાગ્રહના પૂર્વભવનું વર્ણન છે.

ચોથા અધ્યયનમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ-પ્રશ્ચાદ્ભવની વિટંબણાઓથી ભરેલી વિચિત્ર કથા છે. આ કથામાં સાંસારિક મોહ-મમતા કેવા પ્રકારની હોય તેનું આલેખન કર્યું છે. કથાના માધ્યમથી પુનર્જન્મ અને કર્મફળના સિદ્ધાંતને પણ પ્રતિપાદિત કર્યા છે. બાકીના છ અધ્યયનોમાં પૂર્ણભદ્ર આદિનું પૂર્વભવ સહિત વર્ણન છે.

સ્થનાંગ સૂત્રના ૧૦મા સ્થાનમાં દીર્ઘદશા નામક શાસ્ત્રના દશ અધ્યયન કહ્યાં છે તે આ પ્રમાણે છે-૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. શુક્ર, ૪. શ્રીદેવી, ૫ પ્રભાવતી, ૬. દ્વીપસમુદ્રોત્પત્તિ, ૭. બહુપુત્રી મંદરા, ૮. સ્થવિર સંભૂતિવિજય, ૯. સ્થવિર પક્ષ્મ, ૧૦. ઉચ્છ્વાસ-નિઃશ્વાસ. આ શાસ્ત્રના ચંદ્ર, શુક્ર, સૂર્ય, શ્રીદેવી અને બહુપુત્રી મંદરા આ પાંચ અધ્યયનોનું સામ્ય પુષ્પિકા ઉપાંગસૂત્રના કથાનકોમાં જોવા મળે છે.

**ઉપસંહાર :**

આ ઉપાંગની વિશિષ્ટતા એ છે કે ઉન્માર્ગે જતાં શ્રાવક-સાધુ ભગવંતોને દેવો પ્રેરણા આપી પાછા સંયમ સ્થાનમાં સ્થિર કરે છે. દેવો પણ પ્રભુના શાસનની રક્ષા કરે છે. અહીં કુતૂહલની પ્રધાનતા છે. સાંસારિક મોહ-મમતાનું સફળ ચિત્રણ થયું છે. પુનર્જન્મ અને કર્મફળના સિદ્ધાંતોનું સચોટ નિરૂપણ થયું છે. સાધના સાધી સંયમ આરાધનાથી કોઈને પણ ચંદ્ર, શુક્ર કે સૂર્ય દેવ જેવી ઉચ્ચ પદવી પ્રાપ્ત થઈ શકે છે. આજે એકવીસમી સદીના વૈજ્ઞાનિકો જ્યોતિષેન્દ્રના વિમાનને અગ્નિનો ગોળો સમજે છે અને ચંદ્રને પૃથ્વીનો ટુકડો માને છે. જ્યારે જૈન સિદ્ધાંતમાં તેને રત્નોના વિમાન કહ્યાં છે. સૂર્યવિમાન સમભૂમિથી ૮૦૦ યોજન ઊંચે અને ચંદ્રવિમાન ૮૮૦ યોજન ઊંચે રહેતાં ભ્રમણ કરે છે. આ વસ્તુ આજના વૈજ્ઞાનિકો માટે, ખગોળશાસ્ત્રીઓ માટે પડકારરૂપ છે. બ્રહ્માંડનું સ્વરૂપ સમજવા માટે આપણું જૈનઆગમ અતિ ઉપયોગી છે. તેવી જ રીતે આધ્યાત્મિક સુખ-શાંતિ અને આત્માનંદની પ્રાપ્તિ થાય છે. સમજણના અભાવે વસ્તુની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બંને દુઃખજનક બને છે, તેથી જ્ઞાની પુરુષો કહે છે કે સહજ પ્રાપ્ત થયેલા સંયોગોમાં સંતોષ રાખી, પ્રસન્ન રહેવાથી જ મનુષ્યને સુખ-શાંતિ મળે છે.

ધર્મ અને ત્યાગ એ જ સંસારના પ્રપંચથી મુક્ત કરી શકે છે એમ જાણી પ્રત્યેક સુખેચ્છુએ ત્યાગ અને સંયમરૂપ ધર્મના માર્ગે અગ્રેસર થવાનો સંકલ્પ કરવો જોઈએ. ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવી આત્મકલ્યાણના શ્રેષ્ઠ માર્ગનો સ્વીકાર કરવો જોઈએ, એ જ આગમજ્ઞાન અને શ્રદ્ધાનો સાર છે. ✷✷✷

## મહાસતી ધારિણી

જંગલના સૂમસામ રસ્તા પર રથ ભાગી રહ્યો હતો. કૌશામ્બીના રાજા દધિવાહનની રાણી ધારિણી અને સુકોમળ પુત્રી વસુમતી રથમાં હતાં. મધરાતથી સતત દોડી રહેલા અશ્વો પણ થાક્યા હતા. રથકારે એક શાંત સ્થળે રથ થોભાવ્યો.

હજી ધારિણી અને વસુમતી કંપતાં હતાં. કૌશામ્બી નગરી યુદ્ધમાં ખતમ થઈ ગઈ હતી. બંને જીવ બચાવવા ભાગ્યાં હતાં. રથી પરિચિત હતો ને નાસી છૂટવામાં સફળતા મળી હતી.

ધારિણીએ પૂછ્યું, 'રથિક, રથ કેમ અટકાવ્યો ?'

સવારના ઉજાસમાં પહેલી વાર રાણીને રથિકે નજરોનજર જોઈ. રાણી ધારિણીની રૂપ નીતરતી મદોન્મત કાયામાંથી નર્યું આકર્ષણ ઝરતું હતું. રથકાર અનિમેષ જોઈ જ રહ્યો. ધારિણી પૂછતી હતી, 'અરે રથકાર, તને પૂછું છું. રથ થોભાવ્યો કેમ ?'

રથકાર સભાન થયો. તેણે કહ્યું, 'રાણી, અશ્વો થાક્યા છે...'

'પણ ભાઈ, હજી આપણે સંપૂર્ણ નિર્ભય થયાં નથી, જલદી આગળ વધવું જોઈએ.'

રથકાર રાણીને તાકી રહ્યો હતો. બાલિકા વસુમતીની આંખમાં હજી પણ ડર હતો. ધારિણી સ્વસ્થ નહોતી. રથકાર તો એ રૂપ જોઈને ઉન્મત્ત બની રહ્યો હતો. ધારિણીની કામણગારી આંખો, ઉન્નત ઉરોજ, માદક દેહલતાનું લાલિત્ય એને તાણી રહ્યું હતું. એ નજીક સર્યો ને બોલ્યોઃ 'રાણી, ગભરાવ નહીં, હું છું ને!'

રાણી ચમકી. રથકારના અવાજમાં ઘૂરકતી વાસના તેણે પારખી. એ વસુમતીને ગોદમાં દબાવીને શરીર સંકોરી રહી. એ ધીમેથી બોલીઃ 'ભાઈ, જલદી આગળ વધીએ.'

રથકાર વધુ નજીક આવ્યો. રાણીના અવાજમાં હવે તાપ હતો. 'રથિક, હું એક સતી સ્ત્રી છું માટે મારાથી દૂર રહેજે. અમે તારા ભરોસે જીવનનું, મારી પુત્રીનું, ને ખાસ કરીને શિયળનું રક્ષણ કરવા ચાલી નીકળ્યાં છીએ. તું મારા માટે ભાઈ જેવો છે ને વસુમતી માટે પિતા જેવો. ખોટા વિચારથી પાછો વળ, ભાઈ!'

કિંતુ રથિક પાસે આવ્યો ને રાણીને પકડવા ગયો, તે જ ક્ષણે ધારિણી પ્રચંડ ક્ષત્રિયાણીના તેજથી છલકાઈ ઊઠી. તેણે કમરમાં છુપાવી રાખેલી કટારી પોતાની છાતીમાં ભોંકી દીધી! લોહીના ફુવારા ઊડ્યા!

વસુમતીએ કારમી ચીસ પાડી. રથકાર સ્તબ્ધ બની ગયો.

ધારિણી રાણીએ પોતાના શિયળના રક્ષણ માટે જીવનભોગ આપ્યો હતો. એના મુખ પર પવિત્રતાના તેજ ચમકતાં હતાં.

જૈનાગમોમાં સતી ધારિણીની પ્રશંસા થઈ છે. તેની પુત્રી વસુમતી આગળ જતાં શ્રમણ ભગવાન મહાવીરના વરદ્ હસ્તે દીક્ષા પામી અને સાધ્વી સંઘમાં વડેરી સાધ્વી બની, તેનું નામ સાધ્વી ચંદનબાળા.

**☐ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી પૂષ્ફચૂલિયા – (પૂષ્પચૂલિકા) સૂત્ર

૨૨

□ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

તીર્થંકરોએ આપેલું જ્ઞાન આગમ કહેવાય છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરી સર્વજ્ઞ-સર્વદર્શી થયા પછી પ્રવચન દ્વારા જીવ-અજીવ આદિનું સ્વરૂપ પ્રગટ કરતાં કર્મબંધ, બંધહેતુ, મોક્ષ અને મોક્ષના હેતુનું રહસ્ય સમજાવ્યું છે. ભગવાન મહાવીરના પ્રવચનો અર્થાગમ કહેવાય અને ગણધરો દ્વારા કરેલી સૂત્ર રચના સુત્તાગમ કહેવાય. આ આગમ સાહિત્ય આચાર્ય માટે નિધિ સમાન છે. તેના મૌલિક વિભાગ બાર છે જેને દ્વાદશાંગી કહેવાય છે. તેમજ તેના બાર ઉપાંગો છે. તેમાંનું અગિયારમું ઉપાંગ એટલે પૂષ્ફચૂલિયા–પૂષ્પચૂલિકા. જેનો સારાંશ નીચે પ્રસ્તુત છે.

**ગ્રંથનું નામકરણ :**

આ ગ્રંથમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં 'પૂષ્પચૂલા' નામની પ્રવર્તિની સાધ્વીજી પાસે દીક્ષિત દસ સ્ત્રીઓનું કથાનક છે. તેથી આ સૂત્રનું નામ **'પૂષ્પચૂલિકા'** છે.

**ગ્રંથના કર્તા :**

પૂર્વ ઉપાંગોની જેમ આ ગ્રંથના કર્તા સ્થવિર ભગવંતો જ હોય એમ લાગે છે.

**ગ્રંથનો રચનાકાળ :**

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પૂર્વે જ આ ઉપાંગ ગ્રંથની રચના થઈ હશે.

**ગ્રંથની ભાષા :**

સરળ, સહજ, પ્રવાહિત અર્ધમાગધી ભાષામાં રચાયેલું છે.

**આગમની શૈલી :**

કુતૂહલ અને જિજ્ઞાસાથી નિખાલસતાપૂર્વક એક બાળકની જેમ શિષ્ય પોતાના ગુરુભગવંતને સહજતાથી પ્રશ્નો પૂછે અને એના ઉત્તરરૂપે ગુરુ ભગવંતો કથા શૈલીમાં રજૂઆત કરે એ પ્રકારની શૈલી છે. ગદ્ય શૈલીમાં રચાયેલાં આ સૂત્રમાં ૨૩ ગદ્યાંશ છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. તેમ છતાં શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ લખી છે. તેમજ આચાર્ય અમોલખઋષિજી, ઘાસીલાલ મહારાજ, મધુકરમુનિજી, આચાર્ય તુલસી, આગમ મનિષી પૂ. ત્રિલોકમુનિ વગેરે દ્વારા હિન્દી, ગુજરાતી, સંસ્કૃતમાં ટીકા તેમ જ વ્યાખ્યા પ્રકાશિત થયેલ છે.

**વિષય વસ્તુ :**

આ ઉપાંગના પણ દસ અધ્યયન છે. આ દસ અધ્યયનોના નામ આ પ્રમાણે છે-૧. શ્રીદેવી. ૨. હ્રીદેવી. ૩. ધૃતિદેવી. ૪. કીર્તિદેવી. ૫. બુદ્ધિદેવી. ૬. લક્ષ્મીદેવી. ૭. ઈલાદેવી. ૮. સુરાદેવી. ૯. રસદેવી. ૧૦. ગન્ધદેવી. આ દસે અધ્યયનમાં વર્ણિત દેવીઓ સૌધર્મકલ્પમાં પોતપોતાના નામના અનુરૂપ વિમાનોમાં ઉત્પન્ન થઈ હતી. એમણે રાજગૃહી નગરીમાં સમોસરણમાં બિરાજીત ભગવાન મહાવીરને જોયા. પૂર્વ સંસ્કારને વશ પ્રભુ પ્રત્યે ભક્તિભાવ દર્શાવવા ત્યાં આવીને નૃત્ય આદિ પ્રદર્શિત કરીને સ્વ સ્થાને પ્રસ્થાન કર્યું. એમના ગયા પછી ગણધર પ્રભુ ગૌતમ સ્વામીએ જિજ્ઞાસા વ્યક્ત કરી. ત્યારે ભગવાને એમના પૂર્વ ભવનું કથન કર્યું કે આ દસે દેવીઓ ભગવાન પાર્શ્વનાથના શાસનમાં પૂષ્પચૂલિકા આર્યા પાસે દીક્ષિત થઈ હતી. કાલાંતરે બધી દેવીઓ શરીર બકુશિકા થઈ ગઈ. મહાસતીજી પૂષ્પચૂલિકા આર્યાએ એમને સમજાવ્યું છે કે આ શ્રમણાચારને યોગ્ય નથી. છતાં તેઓ માની નહિ અને ઉપાશ્રયથી નીકળીને નિરંકુશ રોકટોક રહિત સ્વચ્છંદ મતિ થઈને વારંવાર હાથપગ ધોવા, શરીરની વિભૂષા કરવી વગેરે કરવા લાગી. કાયાની માયામાં ફસાઈને પોતાના દોષોની આલોચના ન કરવાના કારણે સંયમ વિરાધક બનીને પ્રથમ દેવલોકમાં દેવીઓ તરીકે ઉત્પન્ન થઈ. ત્યાં એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. સંયમ તપની શુદ્ધ આરાધના કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

ઐતિહાસિક રીતે વિચારતાં આ ઉપાંગ અત્યંત અધિક મહત્ત્વનું છે. વર્તમાને ભગવાન મહાવીરના શાસનની સાધ્વીઓનો ઇતિહાસ મેળવવામાં કઠિનતા પ્રાપ્ત થાય છે. ત્યારે આ ઉપાંગમાં તો **ભગવાન પાર્શ્વનાથના શાસનની સાધ્વીઓનું વર્ણન જોવા મળે છે.**

**ઉપસંહાર :**

આજે જ્યારે સ્ત્રી સમોવડીની વાતો થાય છે ત્યારે આ સૂત્રના અધ્યયનથી ખ્યાલ આવે છે કે જૈનદર્શનમાં સમગ્ર વ્યવહારમાં સ્ત્રી જાતિને સમાન હક હતો. જૈન આગમોમાં મુક્તિ પર્યંતની સર્વ યોગ્યતા જણાવીને સ્ત્રી જાતિને પણ સરખું મહત્ત્વ આપ્યું છે. અનેક સૂત્રોમાં સાધ્વીજીઓના જીવન વર્ણન છે એ જ એનો પુરાવો છે.

આ ધર્મકથાથી જણાય છે કે ચારિત્રના વિરાધક સાધકો પણ જો શ્રદ્ધામાં દૃઢ હોય તો તે વિરાધક થવા છતાં અનંત સંસાર પરિભ્રમણ કરતા નથી. ચારિત્રની વિરાધનાને પરિણામે તે નિમ્ન જાતિના દેવ-દેવી તરીકે જન્મ ધારણ કરે છે. પરંતુ ફરી મનુષ્ય જન્મ ધારણ કરી આરાધના કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી શકે છે.

સાવધાન રહેનાર સંયમી સાધક પોતાના આત્માની અધોગતિથી સુરક્ષા કરી અંતે સદ્ગતિ પ્રાપ્ત કરી શકે છે.

આ વર્ગના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે લોકમાં લક્ષ્મી, સરસ્વતી આદિ દેવીઓની પ્રતિષ્ઠા અને જિનમંદિરોમાં મણિભદ્ર, પૂર્ણભદ્ર દેવોની પૂજા પ્રતિષ્ઠા કરવામાં આવે છે તે એક પ્રકારની ભક્તિનું દર્શન હશે પરંતુ તે સર્વ ભૌતિક સુખની અપેક્ષાએ થાય છે. વીતરાગ ધર્મ તો લૌકિક આશાથી પર રહીને માત્ર આત્મસાધના કરવાનો ઉપદેશ આપે છે. ✷ ✷ ✷

# દયાનિધિ મહાવીર

કમળ જેમ થોડુંક નમીને પોતાની ઉપર પડેલું જળબિંદુ છંટકોરી દે અને નિર્લેપ બની જાય એમ, રાજકુમાર વર્ધમાન સંસારની માયાનો ત્યાગ કરીને શ્રમણ મહાવીર બની ગયા. સુકોમળ પુષ્પશય્યા અને રાજવી સુખવૈભવ ત્યાગીને એમણે કઠિન અને કંટકયુક્ત જીવનપંથ પર પદાર્પણ કર્યું.

દીક્ષાજીવનનો પ્રથમ દિન હતો એ. દીક્ષા ગ્રહીને એમણે વિહાર પ્રારંભ્યો. ક્ષત્રિયકુંડનગર, રાજ કુટુંબ, નગરજનો, ધાવમાતાઓ, દેવ-દેવીઓ પ્રત્યે તેમણે એક નજર પણ ન નાંખી અને ચાલી નીકળ્યા. કુમારગ્રામ પાસે પહોંચ્યા ત્યારે સૂર્ય અસ્તાચળ તરફ ઢળી રહ્યો હતો, તડકો ફિક્કો પડી રહ્યો હતો. પંખીઓ પોતાના માળામાં પ્રવેશી રહ્યાં હતાં, સંધ્યા છેલ્લો ચમકારો પ્રગટાવતી હતી, પણ એ સમયે શ્રમણ મહાવીરના અંતઃકરણમાં અધ્યાત્મનું સોનેરી પ્રભાત પ્રગટી રહ્યું હતું. કુમારગ્રામની બહાર ઝાડની નીચે નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ કેન્દ્રીત કરીને સ્થંભ સમ બનીને ધ્યાનમાં લીન બની ગયા

એવામાં એક ગોવાળ પોતાના બળદો લઈ ત્યાં આવ્યો. ગાય દોહવાનો સમય થયો હતો. ગોવાળને ગામમાં જવું હતું, પણ એની મુશ્કેલી એ હતી કે બળદો કોની સંભાળમાં મૂકી જાય? એણે આમતેમ ચોફેર નજર દોડાવી તો એક સાધુને સ્થિર થઈને ઊભેલા જોયા. આ જોઈ ગોવાળ સાધુની સમીપ આવ્યો અને બોલ્યોઃ 'અરે ! મારા બળદોનું ધ્યાન રાખજો, હું જલદીથી ગાયો દોહીને આવું છું.' આમ બોલીને પ્રત્યુત્તરની રાહ જોયા વગર તે ત્યાંથી ચાલ્યો ગયો.

મહાશ્રમણ પોતાના ધ્યાનમાં લીન હતા, સમાધિમાં સ્થિર હતા. તે શું બળદોની રખેવાળી કરે?

પેલા બળદો દિવસભર ખેતરમાં કામ કરીને આવ્યા હતા, ભૂખ અને તરસથી પીડાતા હતા, તે ચરતાં ચરતાં જંગલમાં દૂર ને દૂર ચાલ્યા ગયા. થોડા સમય પછી પેલો ગોવાળ પાછો ફર્યો, પણ તેણે ત્યાં બળદો જોયા નહીં, ત્યારે મહાવીરને પૂછ્યું,

'મારા બળદોને જોયા? ક્યાં ગયા છે?'

મહાવીર તો ધ્યાનસ્થ હતા એટલે કોઈ ઉત્તર ન મળતાં તે બળદોની શોધમાં ત્યાંથી આગળ ગયો. નદીના કિનારે, ઊંચે ટેકરા ઉપર, ઊંડા નાળામાં, ઘેરી ઝાડીમાં, જંગલમાં ખૂણેખૂણો તે ખોળી વળ્યો. રાતભર તે ભટકતો રહ્યો, પણ કોઈ જગ્યાએથી એને બળદોનો પત્તો લાગ્યો નહીં.

પૂર્વ ક્ષિતિજ પર સોનેરી પ્રભાતની આભા ફૂટી રહી હતી. પણ પેલા ગોવાળના મનમાં નિરાશાની કાળી કાજળરાત્રિ છવાયેલી હતી. સમગ્ર રાત રખડીને થાકેલો તે પાછો ફર્યો.

આ બાજુ બળદો પણ જંગલમાંથી ફરતા ફરતા પાછા મહાવીર પાસે આવીને બેસી ગયા હતા. ગોવાળે જોયું તો બળદ મહાવીર પાસે બેઠેલા, તે ગુસ્સે થઈ ગયો. એ બૂમ પાડી બોલી ઊઠ્યો, 'અરે દુષ્ટ, સાધુના વેશમાં ચોર! મારા બળદોને રાત આખી કોઈ એકાંતમાં છુપાવી દીધા હતા અને હવે તેને લઈને રવાના થઈ જવા માગતો હતો ખરું ને? હું આખી રાત ભટકી ભટકીને હેરાન થઈ ગયો, પણ બળદ મળે જ કેવી રીતે? જો હવે હું તને એવી એવી શિક્ષા કરું છું કે મને જિંદગીભર ભૂલીશ નહીં.' ગુસ્સે ભરાયેલો ગોવાળ બળદની રાશથી મહાવીરને મારવા ધસ્યો.

દેવસભામાં બેઠેલા શકેન્દ્રે વિચાર કર્યો કે આ વખતે ભગવાન મહાવીર શું કરી રહ્યા છે? અવધિજ્ઞાનથી ગોવાળને આ પ્રમાણે મારવા તૈયાર થયેલો જોઈને શકેન્દ્રે તેને ત્યાં જ સ્તંભિત કરી દીધો અને ત્યાં પ્રગટ થઈ બોલ્યોઃ

'અરે દુષ્ટ, તું આ શું કરી રહ્યો છે? સાવધાન!'

શકેન્દ્રના જોરદાર પડકારથી ગોવાળ ગભરાઈ જઈ એક તરફ ઊભો જ રહી ગયો.

શકેન્દ્રે કહ્યું, 'અરે મૂર્ખ, જેને તું ચોર માને છે તેઓ ચોર નથી. આ તો રાજા સિદ્ધાર્થના તેજસ્વી પુત્ર વર્ધમાન – મહાવીર છે, જે અપાર રાજવી વૈભવ ત્યાગીને આત્મસાધના કરવા નીકળ્યા છે. તે શું તારા બળદોની ચોરી કરશે? દુઃખદ વાત તો એ છે કે, તું પ્રભુ મહાવીરને પ્રહાર કરવા ઈચ્છે છે?'

આ સાંભળી ગોવાળ કંપવા લાગ્યો. એ પ્રભુના ચરણમાં પડી ગયો અને ક્ષમા માટે પ્રાર્થી રહ્યો.

**☐ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી વહ્નિદશા–વૃષ્ણિદશા સૂત્ર

૨૩

❑ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

તીર્થંકરદેવની સકલજગતહિતકારિણી વાણીને એમના જ અતિશય સંપન્ન વિદ્વાન શિષ્યો ગણધરોએ સંકલિત કરીને આગમ કે શાસ્ત્રનું રૂપ આપ્યું છે. અર્થાત્ જિનવચન રૂપ ફૂલોની મુક્ત વૃષ્ટિ જ્યારે માળારૂપે ગૂંથાય છે ત્યારે તે આગમનું રૂપ ધારણ કરે છે અને એ આગમ આપણને શાશ્વત સુખનો અનુભવ કરાવે છે. એવા શ્રેષ્ઠ આગમોમાંથી એક છે વૃષ્ણિ દશા નામનું બારમું ઉપાંગ જેનું સંક્ષિપ્ત વર્ણન અહીં પ્રસ્તુત છે.

**ગ્રંથનું નામકરણ :**

નન્દી ચૂર્ણિ અનુસાર પ્રસ્તુત ઉપાંગનું નામ અંધકવિષ્ણુદશા હતું. પરંતુ પાછળથી તેમાંથી 'અંધક' શબ્દ લુપ્ત થઈ ગયો. માત્ર વિષ્ણુદશા જ બાકી રહ્યું. આજે આ નામથી જ આ ઉપાંગ પ્રખ્યાત છે. આ ઉપાંગમાં વૃષ્ણિવંશિય બાર રાજકુમારોનું વર્ણન આપેલું છે.

**ગ્રંથના કર્તા :**

પૂર્વેના ઉપાંગોની જેમ આ ગ્રંથના કર્તા સ્થવિર ભગવંતો જ હોય એમ જણાય છે.

**ગ્રંથનો રચનાકાળ :**

અન્ય ઉપાંગોની જેમ જ પૂજ્ય આચાર્યશ્રી ભદ્રબાહુમુનિના સમય પૂર્વે જ આ ઉપાંગગ્રંથની રચના થઈ હશે.

**ગ્રંથની ભાષા :**

સરળ, સહજ, પ્રવાહિત અર્ધમાગધીભાષામાં રચાયેલું છે.

**આગમની શૈલી :**

બાળસહજ કુતૂહલ અને જિજ્ઞાસાથી નિખાલસતાપૂર્વક શિષ્ય દ્વારા પૂછાયેલ પ્રશ્નના ગુરુભગવંતે કથાશૈલીમાં ઉત્તર આપ્યા છે. ગદ્યશૈલીમાં રચાયેલ આ આગમમાં ૨૯ ગદ્યાંશ છે.

**વ્યાખ્યા સાહિત્ય :**

વ્યાખ્યા સાહિત્ય એટલે વિવેચન. જૈન સાહિત્યના પાંચ અંગો છે. ૧. નિર્યુક્તિ, ૨. ભાષ્ય, ૩. ચૂર્ણિ, ૪. ટીકા અને ૫. આગમ. પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાને કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. તેથી અહીં ટીકા અને આગમ આ બે જ અંગ પ્રાપ્ત થાય છે.

શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃત ભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત વૃત્તિ લખી છે. બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તદુપરાંત શ્રમણસંઘીય યુવાચાર્ય મધુકરમુનિ, આચાર્ય અમોલકઋષિજી, આચાર્ય તુલસી, આગમ મનિષિ ત્રિલોકમુનિ, દીપવિજયજી મહારાજ સાહેબ આદિએ ટીકા તથા ટીકાના અનુવાદ લખ્યા છે.

**વિષયવસ્તુ :**

આ ઉપાંગમાં બાર અધ્યયનો છે તેના નામ ૧. નિષધકુમાર, ૨. માતલીકુમાર, ૩. વહકુમાર, ૪. વહેકુમાર, ૫. પ્રગતિકુમાર, ૬. જ્યોતિકુમાર, ૭. દશરથકુમાર, ૮. દઢરથકુમાર, ૯. મહાધનુકુમાર, ૧૦. સપ્તધનકુમાર, ૧૧. દશધનુકુમાર અને ૧૨. શતધનુકુમાર.

**પ્રથમ અધ્યયનનું વર્ણન :**

બળદેવ રાજા અને રેવતી રાણીના નિષધકુમાર પચાસ કન્યાઓ સાથે લગ્ન કરીને સુખપૂર્વક રહેતા હતા. એકદા દ્વારકાનગરીમાં પધારેલ અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની દેશના સાંભળીને શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. નિષધકુમારના દિવ્ય રૂપ સંબંધી ગણધર વરદત્તે પ્રશ્ન પૂછતાં ભગવંતે એના પૂર્વભવનું વર્ણન કર્યું.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રોહતક નગરમાં મહાબલ રાજા અને પદ્માવતી રાણીનો વીરાંગદ નામે પુત્ર હતો. યુવાવસ્થામાં મનુષ્ય-સંબંધી ભોગો ભોગવતો હતો. એક વાર સિદ્ધાર્થ આચાર્યનો ઉપદેશ સાંભળી દીક્ષા અંગીકાર કરીને ૧૧ અંગનો અભ્યાસ અને અનેક તપશ્ચર્યાઓ કરી ૪૫ વર્ષનો શ્રમણ પર્યાય પાળી દ્વિમાસિક અનશન કરી ત્યાંથી કાળ કરી પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી આવીને નિષધકુમાર તરીકે અહીં અવતર્યા.

બારવ્રતધારી નિષધકુમારને એકદા પૌષધવ્રતમાં ધર્મ જાગરણ કરતી વખતે સંયમના ભાવ જાગ્યા. તેથી ભગવાન પધાર્યા ત્યારે તેમણે સંયમ અંગીકાર કર્યો. ૧૧ અંગનો અભ્યાસ અને વિવિધ તપશ્ચર્યા કરી. ૯ વર્ષનો સંયમ પર્યાય પાળીને ૨૧ દિવસનો સંથારો કરીને કાળ કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં મનુષ્યનો જન્મ લઈને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ જ પ્રમાણે બાકીના ૨૧ રાજકુમારોના અધ્યયનનું વર્ણન છે.

**ઉપસંહાર :**

વૃષ્ણિદશા ઉપાંગમાં કથાતત્ત્વની અપેક્ષાએ પૌરાણિક તત્ત્વનું પ્રાધાન્ય છે. અહીં જેનું વર્ણન કરાયું છે એવા યદુવંશીય રાજાની તુલના શ્રીમદ્ ભાગવતમાં આવેલ. 'યદુવંશીય ચારિત્ર' સાથે કરવામાં આવે છે. હરિવંશ પુરાણના નિર્માણનું બીજ પણ અહીં વિદ્યમાન છે. વૃષ્ણિવંશ કે જેનું આગળ જઈને હરિવંશ નામ થયું તેની સ્થાપના હરિ નામના પૂર્વ પુરુષે કરી હતી.

નિરયાવલિકા આદિ પાંચ અંગોનો **ઉપસંહાર**

આ પાંચ વર્ગાત્મક ઉપાંગ સૂત્રમાં પહેલાં નરકનું વર્ણન, ત્યારપછી દેવલોકનું વર્ણન, ત્યારપછી જ્યોતિષિ દેવોનું વર્ણન, ત્યારપછી પ્રથમ વૈમાનિક દેવલોકમાં દેવીઓને ઉત્પન્ન થવાનું વર્ણન અને અંતે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થવાનું વર્ણન આવે છે. આ રીતે કર્મના ભારથી ભરેલો જીવ અધોગતિવાળો હોય તેથી અધોલોકથી ઊર્ધ્વલોક સુધીનું વર્ણન કરતાં સૂત્રકારે પ્રથમ પાપની પંક્તિ દર્શાવી, ત્યારપછી પુણ્યની પંક્તિ દર્શાવી છે.

અંતમાં આ લેખ આ ઉપાંગોનો અભ્યાસ કરવા પ્રેરક બને અને આત્મોત્થાનમાં નિમિત્ત બને એ જ અભ્યર્થના. ✷ ✷ ✷

## વિનમ્રતાનો વારિધિ

ઈન્દ્રભૂતિ ગૌતમ શિષ્યગણ સહિત ભગવાન મહાવીર સાથે વાદવિવાદ કરવા ચાલ્યા. ધરતીમાં કંપ ઊઠ્યો. આકાશમાં વાદળો ગર્જ્યાં. પર્વતો ડોલ્યા. સર્વજ્ઞ મહાવીરને હમણાં જ પકડું અને શાસ્ત્રાર્થ કરીને હું અભિમાન ઓગાળી દઉં. સર્વજ્ઞપદ એટલે શું એની કદાચ મહાવીરને ખબર નહીં હોય!

શ્રમણ ભગવાન મહાવીર સમવસરણના મધ્યભાગમાં ધર્મદેશના દેતા બેઠા હતા. જનગણથી પર્ષદા ઊભરાતી હતી. મહાવીરની કરુણાએ સિંહ અને ગાયને સાથે બેસાડ્યા હતા. જન્મવૈરી એ પ્રાણીઓ વેર વિસરી ગયાં હતાં. રાય અને રંક સહુ એકાગ્ર બનીને દેશના સાંભળતાં હતાં. ભગવાન મહાવીરની વાણી સાંભળતાં સૌના દિલમાં શાતા વળતી હતી. જ્ઞાની ગૌતમને આવતા નિહાળીને તેમણે આવકાર્યા.

'ઈન્દ્રભૂતિ ગૌતમ, આવો. રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડીને!'

ગૌતમ સ્તબ્ધ થઈ ગયા. આમને તો મારા નામનીય ખબર છે!

'કેમ ન હોય?' ધરતીમાં કંપ ઊઠે એમ ચિત્તમાંથી અહંકાર ઊઠ્યોઃ હું એટલે કોણ? મને કોણ ન પિછાણે? ને વળી મનમાં થયું, મહાવીર સર્વજ્ઞ છે તો સાચું માનું, જો મારા ચિત્તમાં વર્ષોથી પડેલી શંકા કહ્યા વિના દૂર કરી આપે!

ને સામેથી મેઘ-ગંભીર અવાજ સંભળાયો. જાણે એમાં જ્ઞાની ગૌતમના સમગ્ર ચેતનને કોઈ પોકારતું હતું.

'ગૌતમ, તમને આત્મા વિશે શંકા છે ને?' ને પ્રભુ મહાવીરે ઉમેર્યુંઃ 'ગૌતમ, આ જગતમાં જીવ છે એટલે જન્મ અને પુનર્જન્મ છે. સુખ અને દુઃખ છે. પુણ્ય અને પાપ છે અને એટલે જ તો સંસારની ઘટમાળ છે. આત્માને પરિભ્રમણ કરવું પડે છે. એમાંથી છૂટવા માટે કર્મનો ક્ષય કરવો પડે છે. મોક્ષમાર્ગે ચાલવું પડે છે. ગૌતમ, ભાઈ, એ મોક્ષમાર્ગે તું જા!'

ને જ્ઞાની ગૌતમે પગ પકડી લીધા! એમણે કહ્યુંઃ 'પ્રભુ, તમે જ સાચા સર્વજ્ઞ છો. મને તારો નાથ!' પ્રભુએ એમને દીક્ષા આપી.

થોડાક સમય પછીની વાત છે.

વસંત મહોરી છે. પૃથ્વી રમણે ચડી છે. હવા ખુશનુમા વહે છે એવા સમયે જ્ઞાની ગુરુ ગૌતમ કોલ્લાક સંનિવેશના મધ્ય ભાગમાંથી પસાર થઈ રહ્યા છે.

દીપ્તિમંત મુખ અને અનોખી પ્રતિભા ધરાવતા ગુરુ ગૌતમ જે માર્ગેથી પસાર થાય ત્યાં એમને પ્રણામ કરવા લોકોનાં ટોળા વળતાં પણ ગુરુ ગૌતમ સ્વામી નીચે નજરે ચાલ્યા કરતા. એમને તો હરપળ ભગવાન મહાવીરનું સ્મરણ રહેતું. પોતાના આરાધ્ય ગુરુ અને પરમાત્મા હતા એ. પ્રભુનું નામ એ સતત વિચારતા અને મનમાં થતુંઃ અહો! એ કેવા કરુણાળુ છે! પ્રભુનું અહર્નિશ સ્મરણ એમને દુનિયાથી અલગ રાખતું.

માર્ગમાં કોઈએ કહ્યુંઃ 'પ્રભુ, આપે જાણ્યું?'

'શું?'

'મહાશ્રાવક આનંદને અવધિજ્ઞાન થયું છે!'

'ઓહ, કેવું સરસ!'

ગૌતમ સ્વામીને થયું કે જે વ્યક્તિએ સાધના કરીને આવી અનુપમ સિદ્ધિ મેળવી છે તેની પાસે પોતે જવું જોઈએ. એ આનંદ શ્રાવકના ઘરે પહોંચ્યા ત્યારે આનંદ શ્રાવકે પોતાને થયેલા જ્ઞાનની વાત કરી. ગૌતમ સ્વામીએ કહ્યુંઃ 'ગૃહસ્થને આવું વિશાળ જ્ઞાન ન થઈ શકે.'

આનંદ શ્રાવકે કહ્યું, 'પ્રભુ, આપ અસત્ય બોલો છો. આપે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.' આનંદની વાણીમાં વિનય હતો.

પણ આનો નિર્ણય કોણ કરે? ગુરુ ગૌતમ ઊપડ્યા પ્રભુ પાસે. જઈને પૂછ્યું, 'પ્રભુ! અમારા બેમાં કોણ સાચું? શું મારે પ્રાયશ્ચિત્ત લેવું પડે?'

ભગવાન મહાવીરે હસતાં હસતાં કહ્યું, 'ગૌતમ, ભંતે, ગૃહસ્થને આવી વિશાળ મર્યાદામાં જ્ઞાન થઈ શકે. તારે આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દેવા જોઈએ. ક્ષમા માગવી જોઈએ.'

જ્ઞાનના મેરુ જેવા ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દઈ આવ્યા. લોકોએ એ દિવસે સાચા જ્ઞાનીની નમ્રતા નિહાળીને પોતાની જાતને ધન્ય માની.

☐ **આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# चतु:शरण प्रकीर्णक ચતુ:શરણ પ્રકીર્ણક

૨૪

❑ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

❑ **ભૂમિકા :-**

પયન્ના સૂત્રોમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૧ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૪મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ ચઉશરણ છે. જેને સંસ્કૃતમાં ચતુ:શરણ કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ પયન્ના કે પ્રકીર્ણક શબ્દ લાગે છે.

- આ સૂત્રના મૂળ શ્લોક-૬૩ છે, તેના કર્તા શ્રી વીરભદ્રાચાર્ય છે.
- આ સૂત્ર ઉપર શ્રી વિજયવિમલ (વાનર્ષિ) ગણિકૃત ટીકા મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે જ, તદુપરાંત અંચલગચ્છીય ભુવનતુંગસૂરિજી

## ‘પયન્ના’ સૂત્ર-પરિચય

❑ **ભૂમિકા :**

પીસ્તાળીશ આગમ ગણનામાં મુખ્ય છ વિભાગો દૃષ્ટિગોચર થાય છે, જેમાં (૧) અંગસૂત્રો, તેમાં ‘આચાર’ આદિ ૧૧ સૂત્રો છે, (૨) ઉપાંગસૂત્રો, તેમાં ‘ઉવવાઈ’ આદિ ૧૨ સૂત્રો છે, (૩) પયન્ના સૂત્રો, તેમાં ‘ચઉસરણ’ આદિ ૧૦ સૂત્રો છે, (૪) છેદસૂત્રો, તેમાં ‘નિસીહ’ આદિ ૬ સૂત્રો છે, (૫) મૂળસૂત્રો, તેમાં ‘આવસ્સય’ આદિ ૪ સૂત્રો છે અને (૬) ચૂલિકા સૂત્રો ૨ છે-નંદી અને અનુયોગ.

ઉક્ત ‘પયન્ના સૂત્ર’ વિભાગમાં સમાવિષ્ટ ૧૦ પયન્નાઓ, સંખ્યાથી ૧૦ ગણાય છે. પરંતુ તેમાં ‘નામ’થી બે મતગણના વર્તમાનકાળે પ્રવર્તતી દેખાય છે. ‘ચઉસરણ’ આદિ આઠ પયન્નાઓ બંન્ને ગણનામાં સમાન છે. પણ એક મતગણનામાં ગચ્છાચાર અને મરણસમાધિ-એ બે પયન્ના સ્વીકારેલ છે. બીજી મતગણનામાં તેને સ્થાને ચંદાવેજ્ઝય અને વીરસ્તવ પયન્નાને સ્વીકારેલ છે. આ મતગણના ભેદ માટે, બંનેમાંથી એક પણ પૂજ્યશ્રી દ્વારા સ્પષ્ટ પ્રમાણ પ્રાપ્ત થયેલ નથી. તદુપરાંત ઉક્ત બંને મતગણનાવાળા દશ-દશ પયન્ના સિવાયના પણ માન્ય પયન્ના વર્તમાનમાં ઉપલબ્ધ છે જ. સારાંશ એ જ કે આ દશ નામોની કોઈ નિશ્ચિત પરંપરા કે આધાર અમારી જાણમાં નથી.

❑ **વ્યાખ્યા :**

નંદીસૂત્ર ચૂર્ણિ અને વૃત્તિ અનુસાર વ્યાખ્યાઓ :

(૧) તીર્થંકરદેવે અર્થથી જણાવેલા શ્રુતને અનુસરીને પ્રજ્ઞાવાન મુનિવરો જેની રચના કરે, તેને પ્રકીર્ણક (પયન્ના) કહે છે.
(૨) ઔત્પાતિકી આદિ ચતુર્વિધ બુદ્ધિવાળા મુનિવરો શ્રુતાનુસાર સ્વવચનકુશળતાથી જેની ગ્રંથરૂપે પ્રરૂપણા કરે તે પ્રકીર્ણક કહેવાય.
(૩) ઔત્પાતિકી આદિ ચતુર્વિધ બુદ્ધિના ગુણોના ધારક, તીર્થંકરદેવના શિષ્યો વડે રચિત શાસ્ત્ર, તે પયન્ના.
(૪) ઉત્તમ સૂત્રરચના સામર્થ્યધારક તીર્થંકર શિષ્યો કે પ્રત્યેક બુદ્ધો દ્વારા રચેલા શાસ્ત્રોને પ્રકીર્ણક કહે છે.

❑ **ઇતિહાસ :**

સર્વે તીર્થંકરોના સ્વ-સ્વ સર્વે કાળ અને સર્વે ક્ષેત્રમાં મૂળભૂત રીતે ‘આચાર’ આદિ ૧૨ અંગસૂત્રોનું અસ્તિત્વ દ્વાદશાંગી/ગણિપીટક નામથી સર્વસ્વીકૃત જ છે કે જે સૂત્રોની રચના ગણધર ભગવંતો દ્વારા થાય છે તેમ જ આ સૂત્રોને ‘અંગપ્રવિષ્ટ’ સૂત્રો કહે છે. (આ બારે સૂત્રોની શાશ્વતતા અને પરિચય માટે સમવાયાંગ સૂત્ર ૨૧૫ થી ૨૩૩ જોવું.) પરંતુ અંગપ્રવિષ્ટ સિવાયના અર્થાત્ અંગબાહ્ય કે અનંગપ્રવિષ્ટ સૂત્રોની સંખ્યા કે નામો વિશે કોઈ જ શાશ્વત વિધાન કે નિયમ નથી. જેમકે નંદીસૂત્રના સૂત્ર ૧૩૭માં જણાવ્યા મુજબ (૧) ઋષભદેવ ભગવંતના શાસનમાં ૮૪,૦૦૦ પયન્ના થયા. (૨) મધ્યના ૨૨ તીર્થંકરોમાં સંખ્યાતા પયન્નાની રચના થઈ. (૩) ભગવંત વર્ધમાન (મહાવીર સ્વામી)ના સમયે ૧૪,૦૦૦ પયન્ના નિર્માણ પામ્યા. વળી જે તીર્થંકરના જેટલા શિષ્યો ઔત્પાતિકી આદિ ચતુર્વિધ બુદ્ધિથી યુક્ત હોય, તેટલા હજાર પયન્ના (પ્રકીર્ણકો)ની રચના તે-તે તીર્થંકરના શાસનમાં થાય છે.

પયન્ના અથવા પ્રકીર્ણક એવો ‘આગમ-વિભાગ’ ઘણા જ પ્રાચીનકાળથી અસ્તિત્વમાં આવેલ છે. સર્વપ્રથમ ‘અંગસૂત્રો’ સિવાયના જેટલા પણ આગમોની રચના થઈ, તે બધા જ આગમોને પયન્ના/પ્રકીર્ણક/पइण्णग જ કહેવાતા હતા. ત્યાર પછીની ‘નંદી’ સૂત્રકારે આવશ્યક, ઉત્કાલિક અને કાલિક સૂત્રો એવા આગમ વિભાગો દર્શાવીને પણ છેલ્લે एवमाइयाइं વાક્ય લખી पइण्णग શબ્દ જોડી દીધેલ છે. વિક્રમના ચૌદમા શતકમાં થયેલા શ્રી પ્રદ્યુમ્નસૂરિજી રચિત વિચારસારપ્રકરણમાં ઉલ્લિખીત ૪૫ આગમોના નામોમાં પણ ગાથા ।।૩૫૦।।માં इय पयन्ना શબ્દથી પયન્ના- સૂત્રનો નિર્દેશ મળે છે. વર્તમાનકાળે પણ અલગ-અલગ નામથી આ પયન્ના સંગ્રહો પ્રકાશિત થયેલા છે.

❑ **પયન્ના સૂત્રોની વર્તમાન ગણના :-**

વર્તમાનકાળે સ્વીકૃત આગમ સંખ્યામાં જે ‘પીસ્તાળીશ આગમની પરંપરા’ છે તે ૪૫ સંખ્યાનું મૂળ છેક ૧૪મી સદીમાં જોવા મળે છે. તેમાં કાળક્રમે પરિવર્તનો પણ આવેલા જ છે, કેમકે સંખ્યાનું ૩૨ કે ૪૫નું પ્રમાણ એ કોઈ શાશ્વત પરંપરા છે જ નહીં, પરંતુ આ એક સ્વીકૃત પ્રણાલી છે, જેમાં ‘પયન્ના’ શબ્દથી ૧૦ પયન્નાનો ઉલ્લેખ છે. જેનો ક્રમ શ્રી પદ્મસૂરિજીકૃત ‘પ્રવચન કિરણાવલી’ સહિતના ગ્રંથોમાં આ પ્રમાણે છે-(૧) ચઉસરણ (૨) આતુર પ્રત્યાખ્યાન (૩) મહાપ્રત્યાખ્યાન (૪) ભક્ત પરિજ્ઞા (૫) તંદુલ વૈચારિક (૬) સંસારક (૭) ગચ્છચાર (૮) ગણિવિદ્યા (૯) દેવન્દ્રસ્તવ (૧૦) મરણસમાધિ છે. અલબત્ત શ્રી પુન્યવિજયજી મ. સા. ગચ્છાચારને સ્થાને चंदावेज्झय નો અને मरणसमाहि ને સ્થાને वीरत्थव નો ઉલ્લેખ કરે છે, તો પૂ. રૂપવિજયજી અને પૂ. વીરવિજયજી મહારાજશ્રી રચિત ‘પીસ્તાળીશ આગમ પૂજા’માં પયન્ના સૂત્રોના ક્રમમાં કિંચિત્ પરિવર્તન પણ જોવા મળે છે.

પ્રસ્તુત ‘વિશેષાંક’માં ‘ચતુ:શરણાદિ’ ઉક્ત ક્રમ સ્વીકારીને તે દશ પયન્નાઓનો પરિચય કરાવાયેલ છે. અત્રે અમે પહેલાં પાંચ પયન્નામાં સંબંધીત પયન્નાનું નામ, ક્રમ, શ્લોક, ટીકા આદિ ગ્રંથકર્તા, પૂર્વગ્રંથોમાં નિર્દેશ, વિષયવસ્તુ વગેરે બાબતો ઉલ્લેખિત કરી છે.

કૃત ૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા હોવાનો ઉલ્લેખ પણ મળે છે.

- चउसरण पइण्णगंનું બીજું નામ कुसलानुबंधि अज्झयण છે અને આ બંન્ને નામો સાર્થક છે. चउसरण એ આ પયન્નાનું હાર્દ છે. શ્લોક ૧૧ થી ૪૮ એ ૩૮ શ્લોકમાં ચાર શરણાનું વર્ણન છે. આ સૂત્રને 'कुसलानुबंधि' કહેવાનું કારણ એ છે કે–આ સૂત્રમાં ચાર શરણા સ્વીકાર, સ્વ દુષ્કૃત્યોની ગર્હા અને સુકૃતોની અનુમોદના એ ત્રણ મુખ્ય વિષયો હોવાથી, આ ત્રણેના આચરણ દ્વારા કુસલ-અનુબંધિ અર્થાત્ દીર્ઘસ્થિતિક પુન્યાનુબંધી પુન્ય સહિત ઘણાં કર્મોની નિર્જરા થાય છે. તેથી 'કુશલાનુબંધી' નામ પણ સાર્થક છે.
- चरुसरण पइण्णगं–એ નામથી બીજા પણ એક પયન્નાનું અસ્તિત્વ છે, જેમાં ૨૭ ગાથાઓ છે, તેમાં પણ ચાર શરણ, દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદનાનો જ વિષય છે, પણ અત્રે દશ પયન્નામાં આ સૂત્રનો સમાવેશ કરાયેલ નથી.
- આ આખું સૂત્ર પદ્ય (શ્લોક) સ્વરૂપે રચાયેલ છે.
- નંદીસૂત્ર, પક્ખિસૂત્ર કે વિચારસાર પ્રકરણ આદિમાં આ સૂત્રનો નામોલ્લેખ નથી.

**□ વિષયવસ્તુ :**

ચઉસરણ પયન્નામાં સામાયિક આદિ છ આવશ્યકોનો સંક્ષેપ અને વિસ્તારથી અર્થાધિકાર છે, ચૌદ સ્વપ્નોના નામો છે, ચાર શરણાંનો સ્વીકાર–દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના છે. અને છેલ્લે ચાર શરણા સ્વીકાર આદિ ત્રણેનું આરાધન કરનાર–ન કરનારને પ્રાપ્ત શુભ-અશુભ ફળનો ઉલ્લેખ છે.

**□ ઉડતી નજરે સૂત્ર-દર્શન :**

**● છ આવશ્યક નિર્દેશ :**

સાવદ્ય ત્યાગ અને નિરવદ્ય સેવન કરતો આત્મા સામાયિક વડે ચારિત્રને શુદ્ધ કરે, જિનેશ્વરના ગુણ કીર્તન વડે દર્શન વિશુદ્ધિ કરે અને વિધિપૂર્વક વંદના કરતો જ્ઞાનાદિ ગુણની શુદ્ધિને પામેલો આત્મા પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ વડે દર્શનાદિ ત્રિકની સ્ખલનાને નિવારી, પ્રત્યાખ્યાન કરતો તપાચાર અને વીર્યાચારની શુદ્ધિને પામે છે. એ પ્રમાણે સૂત્રકારશ્રી આત્માને પંચાસારની વિશુદ્ધિના કથન દ્વારા તેમાં લાગેલા ડાઘને ભૂંસવાની પ્રક્રિયા માટે છ આવશ્યકોનો નિર્દેશ કરે છે.

સામાયિક આદિ ઉક્ત છ આવશ્યકને આરાધતો આત્મા પ્રાપ્ત ભાવથી પડે નહીં અને અભિનવ ભાવ વિશુદ્ધિને પ્રાપ્ત કરે, તે માટે શું કરવું ? એ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકારશ્રી અહીં મોક્ષ સુખના અવંધ્ય કારણરૂપ એવી ત્રણ આરાધનાને ત્રિસંધ્યા આરાધવાના હેતુથી આગળ જણાવે છે કે-

હે આત્મન ! તમે અરિહંતાદિ ચાર શરણાં સ્વીકારો, સ્વદુષ્કૃતની ગર્હા કરો અને સ્વ તથા પર સુકૃતોની અનુમોદના કરો.

**● ચાર શરણ સ્વીકાર :**

કેવા અરિહંતોનું શરણ સ્વીકારવું ? જે રાગ–દ્વેષ રૂપી શત્રુને હણનારા છે, દુષ્કર તપ અને ચારિત્રનું સેવન કરનારા છે, વિશિષ્ટ પૂજા-સ્તુતિ-વંદનાદિને યોગ્ય છે, ધ્યાતવ્ય છે, ચોંત્રીશ અતિશયોથી યુક્ત છે, અતિ અદ્ભુત ગુણોની ખાણ છે...ઇત્યાદિ વિશેષણોથી અરિહંતનો પરિચય આપીને સૂત્રકારશ્રી અત્રે અરિહંતના શરણના સ્વીકારપણાની મહત્તાનો નિર્દેશ કરે છે. એ જ પ્રમાણે ૭ ગાથામાં સિદ્ધ ભગવંતોનો પરિચય આપે છે. ૧૧ ગાથામાં સાધુના સ્વરૂપને જણાવે છે અને ૮ ગાથામાં કેવળી પ્રજ્ઞપ્ત ધર્મની ઓળખ કરાવે છે. એ રીતે સિદ્ધ આદિ ત્રણેના શરણનો સ્વીકાર કરવાની અદ્ભુત પ્રેરણા આપે છે.

આવા ચતુર્વિધ શરણને સ્વીકારનાર આત્મા નિશ્ચે ભક્તિરસ નિમગ્ન બને છે, અશરણ રૂપ બીજી વૈરાગ્ય ભાવનાથી વાસીત પણ થાય છે, પરંતુ તેનો આત્મા જે પૂર્વના દુષ્કૃત્યોથી પણ કુવાસનાનો શિકાર બન્યો છે, તેનું શું ?

**● દુષ્કૃત ગર્હા :**

ત્યાં સૂત્રકાર મહર્ષિ, તે આત્માને પોતાના દુષ્કૃતોને નીંદવા દ્વારા અશુભકર્મોનો ક્ષય કરવાની અને આત્માના મલીન ભાવોનો નાશ કરવાની દિશામાં પગલા માંડવા માટે છ ગાથામાં 'દુષ્કૃત ગર્હા' કરવાનો ઉપદેશ આપતાં જણાવે છે કે મિથ્યાત્વને નિંદો, અરિહંતાદિ વિષયક અવર્ણવાદનો ત્યાગ કરો. ધર્મ-સંઘ-સાધુ પરત્વે શત્રુભાવ ન રાખો...ઇત્યાદિ સ્વરૂપે આત્માને કલુષિતતારહિત કરો.

**● સુકૃત અનુમોદના :**

દુષ્કૃત ગર્હા વડે આત્માની કલુષિતતા જરૂર દૂર થશે. પણ આત્મામાં સદ્ભાવોનું સિંચન અને ગુણાનુરાગ કેમ પ્રગટાવવો ? સૂત્રકાર મહર્ષિ તે માટે સુકૃત અનુમોદના કરવાનું કહે છે. પણ સુકૃત અનુમોદના કરવી કઈ રીતે ? જેનામાં જે ગુણ હોય તેના તે ગુણની હાર્દિક પ્રશંસા કરો.

આ વાતને પૂ. યશોવિજયજી મહારાજે 'અમૃતવેલની સજ્ઝાય'માં અને ચિરંતનાચાર્યશ્રીએ 'પંચસૂત્ર'ના પહેલા અધ્યયનમાં પણ ખૂબ જ સારી રીતે વણી લીધી છે. અહીં સૂત્રકારશ્રીએ પણ સ્વ-પ્રશંસા અને પરનિંદાના બે ભયંકર દોષોથી વાસીત આત્માને બચાવવા માટે સ્વદુષ્કૃત ગર્હા અને પર સુકૃત અનુમોદના આત્માને શુભ ગુણોથી સુવાસિત કરવાને નિતાંત ઉપયોગી છે.

**● સારાંશ :**

અંતે સૂત્રકારશ્રી આ ત્રિવિધ આરાધનાના શુભ વિપાક રૂપ ફળનો નિર્દેશ કરી, તે ન આરાધવાથી મનુષ્ય જન્મની નિષ્ફળતા બતાવીને, ત્રણે સંધ્યા આરાધના કરવી તે ઉપદેશ આપી વિરમે છે.

આપણે પણ ચતુ:શરણના આટલા પરિચયથી વીરમીએ.✷ ✷ ✷

# आतुर प्रत्याख्यान प्रकीर्णक આતુર પ્રત્યાખાન પ્રકીર્ણક ૨૫

☐ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

☐ **ભૂમિકા :**

પયન્ના સૂત્રમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૨ છે. પીસ્તાળીશ આગમમાં ક્રમ ૨૫મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ आउरपच्चक्खाण છે, સંસ્કૃતમાં आतुरप्रत्याखान કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

- આ સૂત્રમાં ૭૦ ગાથા છે અને ૧ સૂત્ર છે. તે ૮ શ્લોક પ્રમાણ ગણાવાય છે.
- શ્રી વીરભદ્રાચાર્યકૃત આ પયન્ના સૂત્ર ઉપર અચલગચ્છીય શ્રી ભુવનતુંગ સૂરિ રચિત ટીકાનો ઉલ્લેખ મળે છે. આ ટીકા ૪૨૦ શ્લોક પ્રમાણ હોવાનું કહેવાય છે. તદુપરાંત શ્રી ગુણરત્નસૂરિ કૃત અવચૂરી છે, જેનું મુદ્રણ અમારા 'आगम सुत्ताणि सटीकं'માં કરાયેલ છે.
- આ સૂત્રમાં ગદ્ય-પદ્ય અર્થાત્ શ્લોક અને સૂત્ર બંન્ને છે.
- आउरपच्चक्खाण નામથી જ બીજા પણ બે પયન્ના મળે છે. જેમાં એક आउरपच्चक्खाणમાં ૨૮ શ્લોકો અને ૨ સૂત્રો છે, જેમાં પંચ પરમેષ્ઠી નમસ્કાર, ખામણા, પાપસ્થાનક આદિ વોસિરાવવા, પ્રત્યાખ્યાન આત્મોપદેશ છે અને બીજા आउरपच्चक्खाणમાં ૩૪ શ્લોકો છે. બધા પદ્યો જ છે. તેમાં શરીરને અવિરતિ પ્રત્યાખ્યાન, મિચ્છામિ દુક્કડમ્, મમત્વ ત્યાગ, શરીરને ઉપાલંભ, શુભ ભાવના આદિ વિષયો છે. પરંતુ આ બે आउर पच्चक्खाण સૂત્રો અહીં લીધા નથી.
- आउर पच्चक्खाण સૂત્રનો ઉલ્લેખ 'નંદીસૂત્ર'માં સૂત્ર ૧૩૭માં અઠ્ઠાવીસમાં ઉત્કાલિક સૂત્ર રૂપે છે. પ્રસ્તુત સૂત્ર તે જ હોવાનો સંભવ છે, કેમકે અહીં સ્વીકૃત સૂત્રના કર્તા શ્રી વીરભદ્રાચાર્ય છે, જેઓ ભગવંત મહાવીરના હસ્તદીક્ષિત થયા હોવાનું કહેવાય છે. 'પક્ખિ સૂત્ર'માં પણ ૨૭મા ઉત્કાલિક સૂત્ર રૂપે નોંધાયેલ છે અને શ્રી પ્રદ્યુમ્નસૂરિજીકૃત વિચારસાર પ્રકરણમાં ૪૫ આગમોમાં ૩૭મા આગમ અને પયન્ના શબ્દથી જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.
- आउर એટલે રોગથી ઘેરાયેલો આત્મા, જેને પરભવની આરાધના કરાવવાના અવસરે કરાવવા લાયક પ્રત્યાખ્યાનનું વર્ણન તેમાં હોવાથી આ સૂત્રને आतुर प्रत्याख्यान કહે છે.

☐ **વિષયવસ્તુ :**

પ્રસ્તુત સૂત્રમાં મુખ્યત્વે બાળમરણ, બાલપંડિતમરણ અને પંડિતમરણ એ ત્રણ વિષયોને સ્પર્શાયેલ છે. તદ્અંતર્ગત દેશવિરતિ ધર્મનું સ્વરૂપ, બાલપંડિતની ગતિ, અતિચાર આલોચના, હિંસાદિ વિરતિ, પ્રતિક્રમણ-નિંદા-ગર્હાદિ, આલોચનાદાયક ગ્રાહકનું સ્વરૂપ, અસમાધિ મરણ અને તેનું ફળ, પંડિત મરણની ભાવના અને આરાધના વિધિ ઇત્યાદિ નાના-નાના વિષયો સમાવિષ્ટ છે.

☐ **ઉડતી નજરે સૂત્રદર્શન :**

● **બાળપંડિતમરણ :**

પ્રસ્તુત સૂત્રનો મુખ્ય વિષય પંડિતમરણ જ છે, પણ પંડિતમરણની મહત્તાને પ્રસ્થાપિત કરવા માટે બાળપંડિતમરણ અને બાળમરણને પણ જણાવેલા છે. દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવના મરણને બાળપંડિતમરણ કહેલ છે. તે માટે દેશવિરતિ કોને કહેવાય, તે જણાવવા બાર વ્રતોનો નામોલ્લેખ કરેલ છે. ત્યાર પછી બાળપંડિતમરણ માટેની વિધિ અને તેઓની ભાવિ શુભ ગતિનો ઉલ્લેખ કરેલ છે.

● **પંડિતમરણ :**

અહીં સૂત્રકાર મહર્ષિ ગદ્ય સૂત્ર રચના વડે ઉત્તમાર્થની આરાધના કરવા ઇચ્છુક આત્માની જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ચિંતવના રજૂ કરે છે. આવો આત્મા શુભચિંતવનાસહ અતિક્રમ આદિ ચારેનું મિચ્છામિ દુક્કડમ્ આપીને, પરમાત્માને નમસ્કાર કરી, પાંચે મહાવ્રતોનો પુનઃ સ્વીકાર કરે અને પછી પોતાના આત્મિક ભાવોને પ્રગટ કરતાં કેવી કેવી પ્રવૃત્તિ–વિચારણા કરે, તે જણાવવા ગાથા ૧૪ થી ૩૫ની રચના કરેલ છે.

આવો આત્મા અંતિમ આરાધના પૂર્વે શું કરે?

જીવ ખામણા કરી સમાધિભાવ ધારણ કરે, આહાર-વિધિ, સંજ્ઞા-ગારવ આદિને તજે, અરહંતાદિને નમસ્કાર કરી પાપોના પચ્ચક્ખાણ કરે, કેવળી પ્રરૂપિત વિધિ મુજબ સંથારાનો સ્વીકાર કરે, ઉપાધિ-શરીર-ખોટું આચરણ આદિ વોસિરાવી મમત્વનો ત્યાગ કરે. આત્માની જ્ઞાનાદિમાં સ્થિતિ, એકત્વ ભાવ આદિ શુભભાવયુક્તતાને ધારણ કરી વિરાધનાને પ્રતિક્રમે, આશાતના-રાગ-દ્વેષ-અસંયમ-મિથ્યાત્વ ઇત્યાદિની ગર્હા કરી, નિષ્કપટ ભાવે સર્વે પાપોની આલોચના કરે. પૂજ્ય એવા ગુરુ ભગવંત પાસે ક્ષમાયાચના કરે.

● **મરણના ભેદ, બાળમરણના ફળ :**

સૂત્રકાર મહર્ષિએ પંડિતમરણની વિધિ જણાવી, પણ પંડિતમરણની મહત્તા કે આવશ્યકતા ક્યારે સમજાય? જો બાળમરણ અને તેના અશુભ વિપાક સમજાય તો! આ હેતુને આચાર્યશ્રી મરણના ત્રણ ભેદ જણાવીને બાળમરણ પામનારની દુર્ગતિ, અનંતા સંસારની પ્રાપ્તિ, અબોધિપણું ઇત્યાદિના સ્વરૂપનો તથા તેના કારણોનો વિસ્તાર કરી બાળમરણના સ્વરૂપને સૂત્ર ૩૭ થી ૪૩માં જણાવીને 'હવે હું પંડિતમરણે મરીશ' તેવી પ્રતિજ્ઞાનું કથન કરે છે.

પંડિતમરણે મરવા ઈચ્છનારો જીવ કેવી વિચારણા કરે?

નરક આદિ વેદનાને સંભારે, સંસાર ભાવના ભાવતા દુઃખની ઉત્પત્તિના કારણોને યાદ કરે, અશન અને પાનથી તૃપ્તિ ન પામ્યાને વિચારે, કષાયના નિગ્રહ દ્વારા મરણ પામવાની ભાવના કરે, રાધાવેધ કરનાર પુરુષ માફક મોક્ષમાર્ગ સાધવા આત્માને ગુણયુક્ત કરે, જિનોપદિષ્ટ ઉપદેશની સદ્દહણા કરે, વૈરાગ્યના એકાદા પદને ચિંતવે, મરણના ભયનો ત્યાગ કરી જ્ઞાનાદિમાં સાવધાન બને ઇત્યાદિ પ્રકારે આત્માનું પચ્ચક્ખાણ શુભ થાય છે, તેમ વિચારે-સ્વીકારે.

આપણે પણ પ્રાંતે આવી ભાવ આરાધકતા ધારણ કરીએ.✷✷✷

## પરિષહ અને પરિત્યાગ

ઉનાળાએ પ્રચંડ રૂપ ધારણ કર્યું હતું. દિવસનો ત્રીજો પ્રહર ચાલતો હતો. યુવાન મુનિશ્રી અરણક ગોચરી માટે નીકળ્યા ત્યારે તેમના દેહ પરથી પ્રસ્વેદની ધારા વહેતી હતી. પિતામુનિ બે દિવસ પૂર્વે જ કાળધર્મ – અવસાન પામ્યા, એમના મનને આઘાત તો ઘણો થયો પણ કાળના ક્રમ સામે કોનું ચાલે છે? સહવર્તી મુનિઓએ થોડુંક તેમના પ્રતિ ધ્યાન આપ્યું પણ પછી તો પોતાની શુશ્રૂષા પોતે જ કરવી રહી તેમ સમજીને મુનિ અરણક ભિક્ષાર્થે નીકળ્યા.

માતા સાધ્વીજીએ આજે અરણક મુનિને હવે પોતાનું કામ પોતે જ કરવું જોઈએ એવી શિખામણ પણ આપી હતી.

મુનિ અરણક ચાલ્યા પણ આ પરિષહ અસહ્ય હતો. ઉગ્ર તાપ, ખુલ્લા પગ અને સર્વ પ્રકારનાં કષ્ટોની વચમાં જીવવાનું! એમના મનમાં આ કઠોરતા પ્રત્યે નિરાશા જન્મી અને આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં!

નગરમાં પ્રવેશેલા અરણક મુનિ એક ઊંચી હવેલી નજીક પહોંચ્યા ત્યારે ઝરૂખામાં ઊભેલી એક લલના તેમને જોઈને જ મોહાઈ ગઈ. રૂપવાન અને સુકુમાર સાધુનો દેહ પ્રખર યુવાનીથી દીપતો હતો! એ યૌવના દોડી, મુનિને ભવનમાં નિમંત્ર્યા અને કાયાના કામણ પાથર્યાં. દુઃસહ પરિષહોથી વિહ્વળ અરણકને એ ગમ્યું. એમણે યૌવનાના પાલવમાં મસ્તક છુપાવી દીધું, સાધુનાં વસ્ત્રો તજ્યાં.

સમીસાંજે એ ભવનમાં સુખનાં દીપકનો પ્રકાશ પથરાયો.

નગરની બહાર ઉદ્યાનમાં અન્ય મુનિવરો અરણક મુનિની પ્રતીક્ષા કરતા હતા. અરણક મુનિને તેઓ પ્રતિક્ષાથી થાકીને શોધવા નીકળ્યા. અરણક ન મળ્યા ત્યારે અરણકના માતા સાધ્વીજીને એ દુઃખદ સમાચાર આપ્યા કે અરણક મુનિ ક્યાંય જડતા નથી!

એ સાધ્વીમાતાના હૈયા પર કઠોર આઘાત થયો. એમનું માતૃહૃદય ધીરજ ધરી ન શક્યું. એ પુત્ર સાધુને શોધવા નીકળ્યાં!

અરણક તો એ યૌવનાની રૂપની તરતી કાયાની મોજમાં ડૂબી ગયા હતા. જગતની કોઈ વાત એમને સાંભરતી નહોતી અને જગત સાથે એમને કોઈ સંબંધ નહોતો. મહિનાઓ વીતી ગયા પણ એમણે એ વિશાળ ભવનની બહાર દૃષ્ટિપાત પણ નહોતો કર્યો!

સાધ્વીમાતાની વિહ્વળતાનો અંત નહોતો. એ ભૂખ્યાં ને તરસ્યાં નગરની શેરીએ શેરીએ ભટકતાં હતાં અને આર્જવ કંઠે બૂમ પાડતાં હતાં. અરણક, અરણક, મારો બાળક અરણક!

સૌ એમને પાગલ સ્ત્રી માનતા હતા. કેટલાય દિવસ પછીની એક સાંજ હતી. એ વૃદ્ધ સાધ્વીમાતા ભટકતા અને થાકેલા શરીરે એ જ ભવનના ઉંબરા પાસે જઈ બેઠાં. એમના મુખમાંથી સતત ધ્વનિ પ્રગટતો હતો. અરણક, અરણક!

થોડે દૂર નાના બાળકોનું ટોળું સાધ્વીની મજાક કરતું ઊભું હતું.

એ જ સમયે સુંદર અને રંગીન વસ્ત્રોમાં શોભતો યુવાન અરણક ઝરૂખામાં આકાશ નિહાળવા આવ્યો. એણે માર્ગ પર સાધ્વીમાતાને જોઈ, એના મુખમાંથી પ્રકટતું પોતાનું નામ સાંભળ્યું, માતાનું વાત્સલ્ય જોયું અને બાળકોની મજાક જોઈ. એક ક્ષણમાં અરણકને પોતાની જાત માટે ઘૃણા જાગી. આવી સ્નેહભરી પવિત્ર માતાને વિસારીને મેં કષ્ટોને યાદ રાખીને સંયમ છોડ્યું અને સંસાર માંડ્યો? ધિક્કાર હજો મને!

એ દોડ્યો, સાધ્વીમાતાના પગમાં પડ્યો ને એટલું જ કહ્યું, 'મા, હું જ તારો અરણક! મારા તમામ ગુના માફ કર ને મને પુનઃ સંયમનું દાન કર મા! હું તારી કૂખને અજવાળતું જીવન જીવીશ, નિરતિચાર સંયમ પાળીશ!'

એ વૃદ્ધ સ્ત્રીએ તેને જોયો, એક પળ આંખમાં આંસુની ધાર ચાલી ને બીજી પળે તે નિર્મળ સાધ્વી બની ગઈ. એણે એટલું જ કહ્યું,

'ભાઈ! તેં તો શૂરવીરતાથી સંયમ લીધું છે, તારે કઠોર જીવન જીવીને આત્મકલ્યાણ કરવાનું હતું, તારો જીવનપંથ ઉન્નતિ માટે હતો ને તેં આ શું કર્યું? કુળને કલંકિત ન કર, આત્માને ઉજ્જ્વળ કરનાર ઉત્તમ સંયમના માર્ગે ચાલ્યો જા બેટા! તારું કલ્યાણ થાઓ!'

અરણકે પુનઃ સંયમ સ્વીકાર્યું.

હવે એમનો જીવનપંથ તપનો, ત્યાગનો અને કઠોર પરિષહ સહન કરવાનો બની ગયો, ઉનાળાના પ્રચંડ તાપમાં કોઈ જમીન પર પગ ન મૂકે તેવા સમયે તેઓ વૈભારગિરિ પર તપેલા પથ્થર પર સૂઈ ગયા. મનની નિર્મળ ભાવશ્રેણિ જાળવી રાખી અને આત્માના શુભ અધ્યવસાય અડગતાથી વિચલિત થવા ન દીધા.

એમણે દેહનો ત્યાગ કર્યો, દેવભવ પામ્યા.

સાધ્વીમાતાને આપેલું વચન તેમણે પાળ્યું. સંયમનું કઠોર પાલન કરીને આત્માને ઊર્ધ્વગામી બનાવ્યો.

□ **આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# महाप्रत्याख्यान प्रकीर्णक મહાપ્રત્યાખાન પ્રકીર્ણક

૨૬

❑ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

**❑ ભૂમિકા :**

પયન્ના સૂત્રોમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૩ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૬મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ महापच्चक्खाण છે, જેને સંસ્કૃતમાં महाप्रत्याख्यान કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી, સૂત્રની પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

આ સૂત્રના મૂળ શ્લોક ૧૪૨ છે. આ સંપૂર્ણ પદ્યાત્મક (શ્લોકબદ્ધ) સૂત્ર જ છે, તેના કર્તા વિશે કોઈ જ માહિતી અમોને ઉપલબ્ધ નથી, તેની કોઈ વૃત્તિ કે અવચૂરી હોવાનો ઉલ્લેખ અમોને પ્રાપ્ત થયેલ નથી.

महापच्चक्खाण સૂત્રનો ઉલ્લેખ 'નંદીસૂત્ર'માં સૂત્ર ૧૩૭માં ૨૯મા ઉત્કાલિક સૂત્ર રૂપે છે, 'પાક્ષિક સૂત્ર'માં ૨૮મા ઉત્કાલિક સૂત્ર રૂપે છે, પણ ૧૪ મી સદીમાં રચાયેલ 'વિચારસાર પ્રકરણ'માં ૪૫ આગમ ગણનામાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી.

નંદીસૂત્ર વૃત્તિમાં કહે છે કે 'મહાન (મોટું) એવું જે 'પ્રત્યાખ્યાન', તેને महापच्चक्खाण કહે છે. અહીં ભવચરિમ પ્રત્યાખ્યાન સંબંધે વિવિધ પ્રરૂપણા છે.

**❑ વિષયવસ્તુ :**

'महापच्चक्खाण' પયન્નામાં ઉલ્લેખિત વિષયો કંઈક આવા છે– ઉપધિ આદિ ત્રણનો ત્યાગ, રાગ આદિ વોસિરાવવા, જીવ ખામણા, નિંદા-ગર્હા, મમત્વછેદન, આત્મભાવના, એકત્વભાવના, સંયોગ–સંબંધત્યાગ, મિથ્યાત્વત્યાગ, આલોચના, આલોચકનું સ્વરૂપ, શલ્યોદ્ધરણ પ્રરૂપણા, આલોચનાફળ, હિંસાદિના પ્રત્યાખ્યાન, ભાવવિશુદ્ધિ, વૈરાગ્યનો ઉપદેશ, પંડિતમરણ પ્રરૂપણા, પંચ મહાવ્રત રક્ષા, આત્માર્થ સાધનની પ્રરૂપણા, કરેલ-ન કરેલ યોગોથી થતાં લાભ કે હાનિ, અનારાધકનું સ્વરૂપ, આરાધનાનું માહાત્મ્ય, વિવિધ વ્યુત્સર્જના, ચાર શરણા, પંચ પરમેષ્ઠીનું મંગલપણું, વેદનાદિ સહેવાનો ઉપદેશ, અપ્રતિબદ્ધ-મરણ સ્વીકાર, આરાધના પતાકા હરણ, આરાધનાનો ભેદ અને ફળ ઇત્યાદિ.

**❑ ઉડતી નજરે સૂત્ર-દર્શન :**

આતુર પ્રત્યાખ્યાનમાં આવતા કેટલાંક વિષયોનો સંક્ષેપ કરી સૂત્રકાર મહર્ષિએ અહીં સમાવિષ્ટ કરેલ છે, પરંતુ મુખ્યત્વે સાધુના અંત સમયની આરાધનાને અહીં વિસ્તારથી જણાવેલી છે. ઘણા વિષયોને સંક્ષેપમાં દર્શાવી, સૂત્રકારશ્રી એક મહત્ત્વની વાત કરે છે કે–'પાપ કરવું એ દુષ્કર નથી; પરંતુ કરેલા પાપોની નિર્મળ ભાવે ગુરુ પાસે આલોચના કરવી એ દુષ્કર છે.' પણ આ આલોચનામાં વિધિ શું ? આ આલોચનાકર્તા કેવો હોય ? મહાપ્રત્યાખ્યાનકર્તા કઈ રીતે આગળ વધે ? આ અને આવા પ્રશ્નોનો ઉત્તર આપવા સૂત્રકાર મહર્ષિ આ સૂત્રની રચના કરે છે.

**● મહાપ્રત્યાખ્યાન આરાધક પહેલાં શું કરે ?**

મંગલ રૂપે અરહંતાદિને નમસ્કાર કરી પાપને પચ્ચક્ખે, દુશ્ચરિત્રને નિંદે, સામાયિકને સ્વીકારે–ઉપધિ-આહાર-શરીરને વોસિરાવે, મમત્વને તજે, જ્ઞાનાદિરૂપ આત્માનું આલંબન સ્વીકારે, વ્રતાદિ અનારાધનાને નિંદે-પડિક્કમે, એકત્વ ભાવના ભાવે, અન્યત્વ ભાવના સ્વીકારી સર્વે સંયોગ-સંબંધને વોસિરાવે, અસંયમ આદિ ત્યાગ કરી બધાને ખમાવે, અપરાધ આલોચના કરે, માયાનો ત્યાગ કરે, શલ્યોને ઉદ્ધરે, ભાવશલ્યના સ્વરૂપને જાણીને ગુરુ સન્મુખ આલોચે. આલોચના અને નિંદા કરી આત્મા ભારરહિત થાય. પ્રાયશ્ચિતને દોષરહિત પણે સ્વીકારે. હિંસાદિના પચ્ચક્ખાણ કરે, પચ્ચક્ખાણ કરતાં ભાવવિશુદ્ધિ જાળવે. એ રીતે આરાધક આત્મા પોતાના આત્માને શુદ્ધ કરે, અનુશાસિત કરે.

**● પંડિત મરણે મરવાનો સંકલ્પ :**

ઘણાં બાળમરણે હું મરણ પામ્યો છું. માતા-પિતા-બંધુ આદિ વડે આ લોક ભરેલો છે, કોઈ જ શરણરૂપ નથી. જીવ એકલો જ ભટકે છે તેથી હવે હું પંડિતમરણે જ મરીશ. અહીં જ્યારે ગતિની વેદનાને સંભારતો, સેંકડો જન્મ-મરણને છેદવા, પાદપોપગમને મરવાને માટે હું પંડિત મરણે મરીશ. આવી આવી વૈરાગ્ય ભાવનાને ભાવતો આત્મા પંડિતમરણે મરવાનો સંકલ્પ કર્યા પછી સ્વ દુષ્કૃત્યોની નિંદા અને ગર્હા કરે. પાંચ મહાવ્રતોની વિવિધ રૂપે રક્ષા કરે. પંડિત-મરણની પ્રશંસા કરતો વિવિધ શુભ ભાવોને ભાવે છે.

**● પંડિતમરણનો આરાધક પછી શું કરે ?**

અરિહંત, સિદ્ધ આદિ પંચ પરમેષ્ઠીનું શરણ સ્વીકારે, તેમને મંગલ- રૂપ માનતો પોતાના પાપોનો વોસિરાવે, આરાધકભાવ ધારણ કરી વેદના સહન કરે. દુઃખના વિપાકોને ચિંતવે, અપ્રતિબદ્ધ મરણને સ્વીકારે. આરાધનારૂપી જય પતાકાનું હરણ કરે, જૂના કર્મોને સંથારામાં રહીને ખપાવે, જિનવચનાદિમાં ઉદ્યત બને. સમ્યક્ પ્રકારે પચ્ચક્ખાણ પાલન કરે.

આપણે પણ પાલન કરવા ઉદ્યમવંત બનીએ અને અહીં જ વીરમીએ. ✶ ✶ ✶

# भक्तपरिज्ञा प्रकीर्णक ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક

૨૭

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

**□ ભૂમિકા :**

પયન્ના સૂત્રમાં વર્તમાનકાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૪ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૭મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ भत्तपरिण्णा છે, જેને સંસ્કૃતમાં भक्तपरिज्ञा કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી સૂત્રની પાછળ પયન્ના કે प्रकीर्णक શબ્દ લાગે છે.

- (૧૭૩)–૧૭૨ શ્લોક ધરાવતું આ સૂત્ર સંપૂર્ણ પદ્યાત્મક છે, તેના કર્તા સ્વરૂપે શ્રી વીરભદ્રાચાર્યનો ઉલ્લેખ મળે છે.
- 'ભક્ત પરિજ્ઞા' ઉપર ગુણરત્નસૂરિ રચિત અવચૂરિ મળે છે, પણ તે ઘણી જ ત્રુટક જોવા મળી છે. અન્ય હસ્તપ્રતો જોવાનો અમે પુરુષાર્થ કરેલ નથી.
- ભક્ત એટલે આહાર અને પરિજ્ઞા એટલે પ્રત્યાખાન. 'આજીવન આહારનો ત્યાગ' તે भत्तपरिण्णा કહેવાય છે.
- भत्तपरिण्णाનો સૂત્ર રૂપે ઉલ્લેખ 'નંદીસૂત્ર', 'પક્ખિસૂત્ર' કે વિચારસાર પ્રકરણમાં થયેલ નથી, પણ ભગવંત મહાવીરના હસ્તદીક્ષિત શિષ્યની રચના હોવાથી તે 'પયન્ના'રૂપે સ્વીકૃત બનેલ હોય તેવો સંભવ જણાય છે.

**□ વિષયવસ્તુ :**

'ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક સ્પર્શીત વિષયોની સંક્ષિપ્ત યાદી કંઈક આ પ્રમાણે છે–જ્ઞાનનું માહાત્મ્ય, અશાશ્વત સુખનું નિષ્ફળપણું, જિનાજ્ઞા આરાધનામાં શાશ્વત સુખ, ઉદ્યમવંતના મરણના ભેદો, ભક્ત પરિજ્ઞા મરણના ભેદ, ભક્ત પરિજ્ઞાકર્તાની ગુરુ પ્રત્યેની વિનંતી, ગુરુ દ્વારા આલોચનાદિ ઉપદેશ, આરાધક મુનિ દ્વારા આલોચના અને પ્રાયશ્ચિત્ત મહાવ્રત આરોપણા, દેશવિરત શ્રાવકની આચરણા, સમાધિ પાનાદિ વડે ઉદરાગ્નિ શાંત કરવો, અંતિમ પચ્ચક્ખાણ વિધિ અને ખામણા, આચાર્ય દ્વારા વિસ્તારથી હિતશિક્ષા, શિષ્ય દ્વારા હિતશિક્ષાનો સ્વીકાર, વેદનાગ્રસ્ત આરાધક પ્રતિ ગુરુનો ઉપદેશ, ભક્ત પરિજ્ઞાનું માહાત્મ્ય–આ વિષયોને સૂત્રકારે અત્રે સમાવેલ છે.

**□ ઉડતી નજરે સૂત્રદર્શન :-**

અંતકાળે ગીતાર્થ ગુરુદેવ, યોગ્ય જીવને આહારના પચ્ચક્ખાણ કઈ રીતે કરાવે? તે વાતને ઘણાં જ વિસ્તારથી આ સૂત્રમાં સમાવતા અહીં ભક્ત પરિજ્ઞાનું સ્વરૂપ, ભેદ, સર્વવિરતિ કે દેશવિરત આરાધક, તેમને અપાતો હિતોપદેશ, અનશન સ્વીકારનાર સાધુનું કર્તવ્ય અને વિધિ, છેલ્લે વેદના કે પીડા ઉદ્ભવે તો તેઓએ શું કરવું? ઇત્યાદિના નિર્દેશપૂર્વક અંતે ભક્ત પરિજ્ઞા માહાત્મ્ય જણાવતા સૂત્રકાર મહર્ષિએ કિંચિત્ આવું કંઈક જણાવેલ છે-

જ્ઞાનને વશવર્તી આત્મા, નિરૂપસર્ગ એવા મોક્ષસુખની વાંછા કરે છે, પણ પરમાર્થથી દુઃખરૂપ એવા મનુષ્ય કે દેવના સુખને ઈચ્છતા નથી, શાશ્વત સુખના સાધનરૂપ જિનાજ્ઞાને જ આરાધે છે. ઉદ્યમવંત આત્મા ભક્ત પરિજ્ઞાદિ ત્રણ પ્રકારના મરણને આરાધે છે, જેમાં ભક્તપરિજ્ઞા મરણ સવિચાર અને અવિચાર બે ભેદે છે, પણ તે મરણને યોગ્ય ગૃહસ્થ કે યતિ હંમેશા સંસારના નિર્ગુણપણાને જાણે.

ભક્તપરિજ્ઞા ઈચ્છુક આત્મા મસ્તકે અંજલી કરીને ગુરુને જ્યારે વિનંતી કરે છે, ત્યારે તે ગીતાર્થ ગુરુદેવ પણ તેને આલોચના, ખામણા અને વ્રત સ્વીકારવાનું કહે છે. આચાર્યદત્ત પ્રાયશ્ચિત્તને નિર્મળભાવે વહન કરે છે, પુનઃ મહાવ્રત આરોપણ ગ્રહે છે, જો દેશવિરત શ્રાવક હોય તો અણુવ્રત સ્વીકાર, સાત ક્ષેત્રમાં દ્રવ્ય વ્યય કરે છે, તે શ્રાવક કે સાધુ ગુરુ પાદમૂલે મસ્તક નમાવી ભક્ત પરિજ્ઞા સ્વીકાર કરે છે.

આચાર્ય ભગવંત પણ દિવ્ય નિમિત્ત જાણીને અનશન કરાવે, ઉદરમલની શુદ્ધયર્થે સમાધિ પાન કરાવે, યાવજ્જીવ ત્રિવિધ આહારને વોસિરાવે, સંઘને નિવેદન કરી ચૈત્યવંદનાદિ પૂર્વક ત્રિવિધ આહારનું પ્રત્યાખ્યાન કરાવે. શિષ્ય પણ આચાર્યાદિ સર્વ સંઘ સાથે ખામણા કરે. ગુરુદેવ ઘણી જ વિસ્તારપૂર્વક અને દૃષ્ટાંતસહ હિતશિક્ષા ફરમાવે છે–જેનું વર્ણન સૂત્રકારશ્રીએ ગાથા ૫૧ થી ૧૫૩ સુધી કરેલ છે.

વિવિધ દૃષ્ટાંતો અને વૈરાગ્યપ્રેરક વચનોના માધ્યમ વડે અપાયેલ એવી આ વિસ્તૃત હિતશિક્ષાનું શ્રવણ અને અવધારણ કરેલો શિષ્ય આ મહાન ઉપદેશને પામીને 'ભવકાદવ તરવામાં દૃઢ લાઠી સમાન' જાણીને તેનો સ્વીકાર કરે છે, વિનય વડે તે હિતશિક્ષાનો સ્વીકાર કરીને ભક્ત પરિજ્ઞામાં સ્થિર થાય છે. કદાચ તે વખતે તેને કોઈ વેદના કે પીડા ઉત્પન્ન થાય તો ગુરુ મધુરવાણી વડે અને પૂર્વઋષિના દૃષ્ટાંત કથન દ્વારા સ્થિર કરે છે. ભક્ત પરિજ્ઞા આરાધનાનું માહાત્મ્ય બતાવે છે, અને તે શિષ્ય પણ વિશુદ્ધ આરાધનાથી પરમગતિ કે સદ્ગતિને પામે છે.

અત્રે હિતશિક્ષામાં કહેવાયેલ અતિ અદ્ભુત અને વૈરાગ્યપ્રેરક વાણીને મનોપ્રદેશમાં ઝીલી, તેને ચિંતવતાં કે તેનું ધ્યાન કરતાં આપણે પણ અનશન સ્વીકાર ભાવનામય બનીએ.

✶ ✶ ✶

# तंदुल वैचारिक प्रकीर्णक તંદુલવૈચારિક પ્રકીર્ણક

૨૮

□ મુનિ દીપરત્નસાગરજી મ. સા.

**□ ભૂમિકા :**

પયન્ના સૂત્રોમાં વર્તમાન કાળે આ સૂત્રનો સ્વીકૃત ક્રમ ૫ છે. પીસ્તાળીશ આગમોમાં ક્રમ ૨૮મો ધરાવતા આ સૂત્રનું મૂળ નામ 'तंदुलवेयालिय' છે, જેને સંસ્કૃતમાં तंदुलवैचारिक કહે છે. આ પયન્ના સૂત્ર હોવાથી પાછળ पयन्ना કે प्रकीर्णक શબ્દ લાગે છે.

- આ સૂત્રની રચના ગદ્ય-પદ્યમાં મિશ્રિત થયેલી છે, તેમાં ગાથાઓ ૧૩૯ છે, બાકી ગદ્ય સૂત્રોમાં સૂત્રકારે વર્ણવેલ છે.
- આ સૂત્ર ઉપર શ્રી વિજયવિમલ (વાનર્ષિ) ગણિ રચિત ટીકા ઉપલબ્ધ છે.
- આ સૂત્રના કર્તા કોણ છે? તેનો કોઈ ઉત્તર તો અમને મળેલ નથી, પણ 'નંદીસૂત્ર'માં ૧૪મા ઉત્કાલિક શ્રુત રૂપે અને પક્ખિસૂત્રમાં ૧૩મા ઉત્કાલિક–અંગબાહ્ય સૂત્રરૂપે સૂત્રનો ઉલ્લેખ છે. તદુપરાંત ચૌદમી સદીમાં શ્રી પ્રદ્યુમ્નસૂરિજી રચિત 'વિચારસાર પ્રકરણ'માં ૪૫ આગમોમાંના ૩૩મા આગમરૂપે આ સૂત્રનું નામ છે અને તેઓશ્રીએ આ સૂત્રને पयन्ना તરીકે જ ઓળખાવેલ છે.
- તંદુલ એટલે ચોખા, આ ચોખાની ઉપમા વડે વૈરાગ્યનો ઉપદેશ આપવા માટે ૪૬૦ કરોડ, ૮૦ લાખ ચોખાનું માપ બતાવીને વિવરણ કરેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો તંદુલને આશ્રીને અશુચિભાવનાસહ વૈરાગ્ય વિચારવાળો પયન્નો એટલે તંદુલ વૈચારિક પયન્નો કહેવાય છે.

**□ વિષયવસ્તુ :**

તંદુલ વૈચારિક આગમમાં મુખ્ય વિષય શરીરની અશુચિ ભાવનાનો છે. તે માટે સૂત્રના કર્તાએ મનુષ્યનો ગર્ભકાળ, ગર્ભસ્થજીવનની ગતિ, ગર્ભગત જીવનો વિકાસક્રમ, આહાર, અંગરચના, ગતિ, પ્રસવન વિષયક નિરૂપણ, પ્રસવકાળ, પ્રસવવેદના, મનુષ્યની દશ દશા, ધર્માચરણ ઉપદેશ, યુગલિક આદિનો ધર્મ, શતાયુ વર્ષવાળા જીવના આહાર અને અશુચિ ભાવના, સ્ત્રીના શરીરને આશ્રીને નિર્વેદજનક વૈરાગ્યોપદેશ ઇત્યાદિ વિષયોની સ્પર્શના અહીં સૂત્રકાર મહર્ષિએ કરેલ છે.

**□ ઉડતી નજરે સૂત્ર-દર્શન :**

પ્રસ્તુત સૂત્રનો મુખ્ય હેતુ અશુચિભાવનાને પુષ્ટ કરી વૈરાગ્ય દૃઢ કરવાનો છે. તે સંબંધમાં જ વિશિષ્ટ વિચારણા કરી સૂત્રકાર મહર્ષિએ સૂત્ર અને પયન્નાની વિષય વસ્તુ સંદર્ભમાં એક નવી જ કેડી કંડારેલી છે. અલબત્ત, તેના ગદ્ય સૂત્રખંડોનું સામ્ય ભગવતી સૂત્રના કેટલાંક સૂત્રો સાથે અક્ષરશઃ જોવા મળેલ છે. ટીકાકાર મહર્ષિ વિજયવિમલ ગણિએ પણ આ સૂત્રની ટીકા અંગ કે ઉપાંગ સૂત્રની પદ્ધતિથી કરેલ છે.

સર્વપ્રથમ સૂત્રકારશ્રી મનુષ્યનો જીવ ગર્ભાવાસમાં હોય ત્યારે તેના ગર્ભવાસના સમયથી શ્વાસોચ્છ્વાસના પ્રમાણ સુધી વર્ણવી, ગર્ભાદિ સ્વરૂપને જણાવે છે. તેમાં સૂત્રકારે કરેલ યોનિનું વર્ણન, યોનિમાં શુક્રના પ્રવેશ પછી રહેતા જીવોની સંખ્યા અને યોનિમાં રહેવાનો તેનો કાળ તથા સ્ત્રીનો પ્રસવયોગ્ય કાળ, પુરુષની પ્રજોત્પત્તિ ક્ષમતાનો કાળ, કુક્ષીના ક્યા સ્થાને પુત્ર/પુત્રી આદિ હોય એ બધું જ વર્ણન આધુનિક વિજ્ઞાનની ત્રણે મેડીકલ શાખાને અચંબો ઉપજાવે તે રીતે કરાયેલું છે.

ગર્ભોત્પત્તિ કઈ રીતે થાય, તે ગર્ભ આહાર શું કરે? પ્રત્યેક સપ્તાહે અને મહિને તે ગર્ભના આકાર અને સ્થિતિમાં કેવું પરિવર્તન આવે, અંગોપાંગ રચના ક્યારે થાય, શિરા, માંસપેશી, ધમની, રોગછિદ્રો ઈત્યાદિ બધાની સંખ્યા સાથે રચના કાળ જણાવે છે. તે ગર્ભસ્થ બાળકને મૂત્ર, કફ આદિ હોય કે નહીં? તે આહાર ક્યાંથી અને કઈ રીતે પ્રાપ્ત કરે? માતાના શરીર સાથે જોડાયેલી નાળ કેવી અને શા કામની હોય? માતા-પિતા દ્વારા બાળકને ક્યા ક્યા અંગોની પ્રાપ્તિ થાય? વગેરે વર્ણન થકી સૂત્રાકર મહર્ષિ જાણે કોઈ 'ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટર' હોય કે શરીર અને ગર્ભવિજ્ઞાન તજ્જ્ઞ હોય તેવી પ્રતીતિ કરાવી જાય છે.

કર્મ ફિલોસોફીને પણ સ્થાન આપતા, ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ મૃત્યુ પામે તો પણ નારકમાં કે દેવલોકમાં ક્યા કારણે ઉત્પન્ન થાય તેની વાત સચોટ તર્કપૂર્વક રજૂ કરી છે.

ગર્ભસ્થ જીવનું સૂવું-બેસવું કે સુખી-દુઃખીપણું, ગર્ભમાં તેની સ્થિતિ કેવી હોય? તે બાળક પુત્ર, પુત્રી કે નપુંસકાદિ રૂપે કેમ જન્મે? યોનિ વાટે બહાર કઈ રીતે નીકળે? ઇત્યાદિ વર્ણન દ્વારા સૂત્રકારશ્રી અશુચિ ભાવનાનો ઉપદેશ આપે છે.

ત્યાર પછી જીવની તેના આયુકાળ દરમિયાનની દશ દશાઓનું વર્ણન, સૂત્રકારશ્રી વિશિષ્ટ રીતે કરતા બાલા, ક્રીડા, મંદા આદિ દશામાં તે મનુષ્યની સ્થિતિ કેવી હોય તેને વર્ણવે છે. પછી કઈ ઉંમર મનુષ્યને માટે શું કામ કરે ? તેના દશ ભાગ કરી તે-તે સ્થિતિ જણાવે છે, જેમકે ૨૦ વર્ષ સુધીની ઉંમર વિદ્યાપ્રાપ્તિની, ત્રીસ વર્ષ સુધી વિષયસુખ ઇત્યાદિ સમજવા. તેમાં છેલ્લા દશ વર્ષમાં ચેતનાની ક્ષીણતા આદિનું વર્ણન છે. ત્યાર પછી સૂત્રકારશ્રી 'ધર્મ આરાધના વિષયક ચિંતન કરવા' ઉપદેશ આપે

છે. શરીર અને આયુષ્યની અનિત્યતાનું દર્શન કરાવવાને માટે પ્રથમ તો યુગલિક મનુષ્યના પુરુષ અને સ્ત્રીના દેહનું, તેઓની સુંદરતા-સૌષ્ઠવતાનું વિશાળ વર્ણન કરે છે. તેના સ્વભાવનું દર્શન કરાવે છે તેમના સંઘયણ, સંસ્થાન, ઊંચાઈ આદિ જણાવે છે.

આટલી લાંબી ભૂમિકા કરીને સૂત્રકારશ્રી તેમના પસંદગીના મૂળ વિષય ઉપર આવીને મનુષ્યના જીવનમાં કુલ કેટલા શ્વાસોચ્છ્‌વાસ છે અને તે કેટલા તંદુલ અર્થાત્ ચોખા પ્રમાણ આહાર કરે છે, તે મુખ્ય વિષયને વર્ણવતાં, સાથે-સાથે કેટલા મગ? કેટલું ઘી? કેટલું મીઠું? કેટલા વસ્ત્રો? આદિનો ઉપભોગ કરે, તેનું વર્ણન પણ કરે છે. અહીં વ્યવહાર ગણિત સાથે સૂક્ષ્મ અને નિશ્ચયગત ગણિતનો ઘણો જ વિસ્તાર કરેલો છે. છેલ્લે વૈરાગ્યોપદેશ આપેલો છે. તેમાં શરીરની અને આયુષ્યની અનિત્યતા વર્ણવતાં સૂત્રકારશ્રીએ આ મનુષ્ય દેહમાં રહેલ સાંધા, શિરા, ધમની, હાડકાં, માંસપેશી ઇત્યાદિની સંખ્યાનું વર્ણન તથા કઈ નસો ક્યાંથી નીકળીને ક્યાં જાય છે, ત્યાં તે નસો શું કામ કરે છે? ઇત્યાદિ સચોટ રીતે જણાવેલ છે.

ઉપરોક્ત વર્ણન પછી સૂત્રકારશ્રી શરીરની અશુચિનું દર્શન કરાવી મનુષ્યને અશુચિ ભાવના ભાવવાનું પ્રેરકબળ પૂરું પાડે છે. આ અશુચિભાવનાને પુષ્ટ કરતું વર્ણન સૂત્રકારશ્રીએ સૂત્ર/ગાથા ૧૦૩ થી ૧૪૨ સુધી કરેલ છે. ત્યાર પછી સ્ત્રીનું સ્વરૂપ, સ્વભાવ, સ્ત્રીના પર્યાય નામો જેવા કે–વનિતા, લલના, મહિલા આદિ શબ્દોની વ્યુત્પત્તિ દ્વારા તેમ જ અન્ય વર્ણાનો થકી સૂત્ર ૧૪૩ થી ૧૫૧માં સ્ત્રીનું દોષ વર્ણન કરી સ્ત્રીથી નિર્વેદ પામવાનો ઉપદેશ અપાયો છે.

અંતે બધાં જ સ્વજનો, સંગો, મમત્વ આદિનો ત્યાગ કરી, ધર્મનું શરણ લઈ સુકૃત ધર્મ થકી સદ્‌ગતિ ભાજનનો ઉપદેશ આપી, સર્વ દુઃખોથી મુક્ત થવા જણાવેલ છે. આપણે પણ આ ઉપદેશ ગ્રહણ કરી મોક્ષપદની કેડીએ પગરવ માંડીએ.✷ ✷ ✷

## તમારી આર્દ્રતા અમને ધન્ય કરતી

મુનિવર શ્રી આર્દ્રકુમાર, તમારી જીવનકથાનું શ્રવણ કરીએ છીએ ત્યારે અંતર અનોખી સુરભીથી ભરાઈ જાય છે.

અનાર્ય દેશના આર્દ્રપુરના રાજા હતા આર્દ્ર અને રાણી આર્દ્રા. રાજા-રાણીના સુપુત્ર આર્દ્રકુમાર તરીકે તમે કુશળ રાજકુમાર હતા. એક વાર રાજા શ્રેણિકે તમારા પિતાને મૈત્રી સૂચક ઉપહાર મોકલ્યો. પછી મંત્રી અભયકુમારે તમને મૈત્રી દૃઢ કરવા જિનપ્રતિમા અને ધર્મનાં ઉપકરણો મોકલ્યાં. એ જોઈને પૂર્વભવનું જ્ઞાન થયું, તમે પૂર્વે કરેલી આરાધના તમને સાંભરી.

તમે મહારાજા પાસે આર્યદેશમાં જઈને દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. પણ તમને અનુમતિ ન મળી.

તમે એકલા ચૂપચાપ નગરીનો ત્યાગ કરીને આર્યદેશમાં આવી ગયા. મુનિવેશ સ્વયં ધારણ કરી લીધો. તમારા પિતા રાજા આર્દ્રકે આ જાણ્યું ને તમારી સુરક્ષા માટે પાંચસો સુભટો મોકલી આપ્યા. તેઓ તમારી પાછળ પાછળ ઘૂમવા માંડ્યા.

તમે ભગવાન મહાવીરનાં દર્શન માટે રાજગૃહી તરફ પ્રયાણ આરંભ્યું. માર્ગમાં અનેક વિવિધ ધર્માવલંબીઓ મળ્યા. તમે જિનદર્શનની પ્રેરણા કરી તેમને પ્રભુ મહાવીરના અનુગામી બનાવ્યા.

તમે સ્વયં સાધુવેશ ધર્યો હતો. તમે વિહાર કરતા કરતા વસંતપુરની બહાર મંદિરમાં ધ્યાન ધરતા ઊભા હતા. સંધ્યાનું ટાણું હતું. એટલામાં જોબનવંતી યુવાન કન્યા ધનશ્રી સખીઓ સાથે આવી ચડી. ધનશ્રી અને સખીઓ ક્રીડામાં મશગુલ હતાં. સૌ મંદિરના જુદા જુદા સ્થંભો પકડીને કહેતી હતી કે 'જુઓ આ મારો પતિ છે!' ધનશ્રી પણ અંધકારમાં સ્થંભને બદલે મુનિને વળગીને બોલી, 'જુઓ આ મારો પતિ!'

એ ક્ષણ ભોગાવલી કર્મના તીવ્ર ઉદયની હતી. તમે ઇચ્છા ન હોવા છતાંય ધનશ્રી સાથે પરણ્યાં ને ત્યાં જ રહી ગયા. એક પુત્ર જન્મ્યો. તમે થોડા સમય પછી ધનશ્રી સન્મુખ દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. ધનશ્રી રડી પડી. એ રેંટિયો લાવીને સૂતર કાંતવા માંડી. પુત્રે પૂછ્યું કે, 'મા, આ તું શું કરે છે?'

મા ઉદાસ હતી. તે બોલી : 'બેટા, તારા પિતા દીક્ષા લેવાની વાત કરે છે તેથી આપણા નિભાવ માટે સૂતર કાંતું છું.'

પુત્રે કાચા સૂતરની લાંબી દોરી લીધી ને પલંગ પર સૂતેલા આર્દ્રકુમારને પગે વીંટાળીને કહ્યું કે, 'હવે હું જોઉં છું કે મારા પિતા કેવી રીતે આપણને ત્યાગીને જાય છે?'

બાર વર્ષ પછી તમે દીક્ષિત થઈને આત્મકલ્યાણ માટે નીકળી પડ્યા. પેલા પાંચસો સુભટો એ પાછા તમારી નજીક આવ્યા ને તમે તેમને ધર્મોપદેશ આપ્યો, દીક્ષા આપી, સંયમી બનાવ્યા.

સંયમ એ કલ્યાણની કેડી છે ને ત્યાં જેના ચરણ પડે છે તેનું જીવન કૃતાર્થ થાય છે. મુનિ આર્દ્રકુમાર, તમે અને સૌ મુનિઓ અંતે આત્મોન્નતિ પામ્યાં, કેવળજ્ઞાનને વર્યા. તમારાં પદકમળ જ્યાં પડ્યાં હતાં તે ધરતી પરથી હજીય ત્યાગની, સંયમની, પવિત્રતાની સુગંધ મઘમઘે છે.

**☐ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# સંસ્તારક પ્રકીર્ણક

□ ડૉ. અભય દોશી

૨૯

**'સંસ્તારક પ્રકીર્ણક'** અંતિમ આરાધનાને અનુલક્ષે છે. પ્રકીર્ણક સૂત્રોમાં અંતિમ આરાધનાને કેન્દ્રમાં રાખી રચાયેલા પ્રકીર્ણકો મોટી સંખ્યામાં છે.

જૈન ધર્મમાં કરાતી સર્વ આરાધનાનું ફળ સમાધિ કહ્યું છે. આ સમાધિ અંતકાળે ટકી રહે તો સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષ સહેલાઈથી સિદ્ધ થઈ શકે, આથી દેહ પ્રત્યેની આસક્તિ દૂર કરી આત્મસાધનામાં લીન બનવાની પ્રક્રિયાઓ આ પયન્ના ગ્રંથોમાં વિસ્તારથી દર્શાવવામાં આવી છે.

આ 'સંથારગ પઈણ્ણયં'માં સંલેખના (અનશન)ના સમયે સ્વીકારવામાં આવતા દર્ભાદિ આસન-સંથારો કેવો હોવો જોઈએ અને આ સંથારાનો લાભ શું તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ પયન્ના સૂત્રમાં ૧૨૨ ગાથાઓ છે. આ આગમના કર્તા અજ્ઞાત છે. આ પયન્ના કુલ સાત વિભિન્ન સ્થળોથી મુદ્રિત થયેલો ઉપલબ્ધ થાય છે.

(૧) બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ) (૨) બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), (૩) આગમોદય સમિતિ-સુરત (૪) હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા (૫) મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) (૬) જૈન ધર્મ પ્રસારક સભા. આ ૬ ઉપરાંત આગમ સંસ્થાન, ઉદયપુર દ્વારા હિંદી અનુવાદ સાથે પ્રકાશિત થયેલ છે.

આ 'સંથારગ પઈણ્ણયં'માં પ્રથમ ગાથામાં મંગલાચરણ રૂપે પરમાત્મા મહાવીરને વંદન કરી સૂત્ર રચનાનો પ્રારંભ કર્યો છે. આ સંથારો સિતકમળ, કળશ, નંદાવર્ત, પુષ્પોની માળા આદિ દ્રવ્યમંગળથી પણ વિશેષ પરમમંગળરૂપ છે. એ રીતે સંથારાનો મહિમા કરાયો છે. જેમ ધ્યાનથી પરમસુખ પ્રાપ્ત થાય છે, જ્ઞાનમાં કેવળજ્ઞાન છે, એજ રીતે જેના વડે પરિનિર્વાણ પ્રાપ્ત થાય છે એવો સંથારો શ્રી જિનેશ્વરદેવે દર્શાવેલો છે. આ સંથારો કલ્યાણ

## પ્રકીર્ણકો સમાધિમરણ માટે માર્ગદર્શન અને અન્ય ઉપયોગી વસ્તુઓનો જ્ઞાનભંડાર

જૈન આગમ સાહિત્યમાં પ્રકીર્ણકનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. પ્રકીર્ણ એટલે છૂટા છૂટા વિષયો અંગેનું લખાણ, પૂર્તિરૂપ લખાણ આવો અર્થ કરી શકાય. પ્રાચીન મત અનુસાર અંગ સિવાયનું સમગ્ર સાહિત્ય પ્રકીર્ણ ગણાતું. ત્યારબાદ અંગ, ઉપાંગ, મૂળ, છેદ એવા વિભાગોમાં સાહિત્ય વર્ગીકૃત થયું, ત્યારે કેટલાક પ્રાચીન અંગસૂત્ર અનુસારી ગ્રંથો પયન્નામાં સ્થાન પામ્યા. આ અંગોમાં 'ઇસીભાસિયં' જેવા અતિપ્રાચીન ઉપદેશ ગ્રંથો, ચઉસરણ પયન્ના, આઉરપચ્ચક્ખાણ પયન્ના જેવા અંતિમ-આરાધનાના ગ્રંથો, 'અંગવિજ્જા' જેવા દેહલક્ષણો આધારે ભવિષ્યકથન કરનારા ગ્રંથો, તિત્થાગોલી જેવા ઇતિહાસને વિષય બનાવનારા ગ્રંથોનો સમાવેશ થયો છે.

શ્વેતાંબર પરંપરામાં ૧૦ પયન્નાઓ ૪૫ આગમમાં સમાવેશ પામ્યા છે. પરંતુ આ દસ પયન્ના ક્યા તેની નિશ્ચિતતા ન હોવાથી આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે કુલ ૨૨[1] પયન્નાઓનો નિર્દેશ કર્યો છે. આમાંથી કુલ સત્તર પયન્નાઓ અતિપ્રાચીન છે.

આ પયન્નાઓની યાદી આ પ્રમાણે છે; (૧) ચઉસરણ (૨) આઉરપચ્ચક્ખાણ (૩) ભત્ત પરિણ્ણા (૪) સંથારય (૫) તંદુલવેયાલિય (૬) ચંદાવેજ્જય (૭) દેવિંદ્રત્થય (૮) ગણિવિજ્જા (૯) મહાપચ્ચક્ખાણ (૧૦) વીરત્થય (૧૧)[2] ઇસિભાસિયાઈ (૧૨) અજીવકપ્પ (૧૩) ગચ્છાચાર (૧૪) મરણસમાધિ (૧૫) તિત્થાગોલિ (૧૬) આરાહણાપડાગા (૧૭) દીવસાગર પણ્ણત્તિ (૧૮) જોઈસકરંડ (૧૯) અંગવિજ્જા (૨૦) સિદ્ધ પાહુડ (૨૧) સારાવલી (૨૨) જીવવિભત્તિ.

આ ૨૨ પ્રકીર્ણકોમાંના ૧૯ પ્રકીર્ણકો પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે સંપાદિત કર્યા છે. આ ૧૯માંનો 'અંગવિજ્જા' નામના પયન્નાનું ૯૦૦૦ શ્લોકપ્રમાણ ગ્રંથનું સ્વતંત્ર સંપાદન કર્યું છે. તો બીજા ૧૭ પ્રકીર્ણકો અને ઉત્તરકાલીન ત્રણ પ્રકીર્ણકો સાથે મેળવી કુલ ૨૦ પ્રકીર્ણકો 'પઈણ્ણય સુત્તાઈં' પ્રથમ ભાગમાં સંપાદિત કર્યા છે. 'આરાહણાપડાગા' નામક પ્રકીર્ણકનું આરાધના વિષયક અન્ય અવતરણો સાથે મેળવી 'પઈણ્ણય સુત્તાઈં' ભાગ-૨માં મુદ્રિત કર્યા છે. આમ, મુનિશ્રી પુણ્યવિજયજીએ પ્રકીર્ણક સાહિત્યના સંપાદનમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન કર્યું છે. એ જ રીતે પાદલિપ્તસૂરિકૃત 'જ્યોતિષકરંડક' પયન્નાનું વૃત્તિ સાથે સ્વતંત્ર સંપાદન પણ કર્યું છે. આ પ્રકીર્ણકોમાંથી પાંચ મહત્ત્વપૂર્ણ પ્રકીર્ણકોનો પરિચય આ લેખમાં પ્રસ્તુત છે. ✷ ✷ ✷

**પાદનોંધ :** ૧. આ ૨૨ ઉપરાંત બીજા ૨૩ ઉપલબ્ધ પયન્નાઓ અનુપલબ્ધ પયન્નાઓ મેળવી ૮૪ પયન્નાઓની યાદી ડૉ. અતુલકુમાર પ્રસાદ સિંહે 'શ્રમણ' સામયિકના ૨૦૦૨ જાન્યુઆરીના અંકમાં આપી છે. એક માન્યતા એવી છે કે, તીર્થંકર ભગવંતોના જેટલા શિષ્યો હોય, તેઓ પ્રત્યેક એક પયન્નાની રચના કરે. આથી ઋષભદેવ ભગવાનના ૮૪૦૦૦ શિષ્યો હોવાથી ૮૪૦૦૦ અને મહાવીરસ્વામીના ૧૪૦૦૦ શિષ્યો હોવાથી ૧૪૦૦૦ પયન્ના હોય.

૨. પયન્નાઓમાં 'ઇસિભાસિયં' (ઋષિભાષિત સૂત્ર)નો મહિમા વિશેષ રહ્યો છે. પ્રાચીન આગમગ્રંથોમાં 'ઇસિભાસિયં'નો ઉલ્લેખ અનેક સ્થળે મળે છે. આ ગ્રંથના ૪૫ અધ્યાયમાં ૪૫ પ્રત્યેક બુદ્ધો અથવા પાર્શ્વનાથ પ્રભુની પરંપરાના સાધુઓ અથવા અન્ય મુનિઓનો ઉપદેશ સચવાયેલો છે. આ ગ્રંથનું વિસ્તૃત અધ્યયન ડૉ. સાગરમલજી જૈને કર્યું છે. ✷ ✷ ✷

અને અભ્યુદયને દેનારો છે, તેમજ ત્રિલોકમાં દુર્લભ છે. બત્રીસ દેવેન્દ્રો પણ તેનું એક મને ધ્યાન ધરે છે. આવા સંથારાને પ્રાપ્ત કરી જિનેશ્વર દેવે દર્શાવેલા પંડિતમરણને પ્રાપ્ત કરનારા કર્મમલ્લોને હણી સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરનારા થાય છે. આમ, વિવિધ ઉપમાઓ દ્વારા તેમજ સરળ–મધુર ભાષામાં તેના કર્તા અજ્ઞાત ઋષિવરે સંથારાનો મહિમા વર્ણવ્યો છે.

૩૧મી ગાથાથી ૪૩મી સુધી એ ઉપકારી મુનિભગવંત સંથારાના સ્વરૂપને વર્ણવે છે. આ સંથારો કોનો શુદ્ધ છે અને કોનો અશુદ્ધ છે, તે અત્યંત સરળ લોકભાષા પ્રાકૃતમાં સૂત્રકાર મહર્ષી વર્ણવી રહ્યા છે.

जो गारवेण मत्तो नेच्छइ आलोयणं गुरुसगासे।
आरुहइ य संथारं अविसुद्धो तस्स संथारो ।।३३।।
जो पुण पत्तब्भूओ करेई आलोयणं गुरुसगासे
आरुहइ य संथारं, सुविसुद्धो तस्स संथारो ।।३४।।

જે ગારવ (રસ, ઋદ્ધિ, શાતા આદિ)થી મત્ત થયેલો, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરવા ન ઈચ્છે, તે સંથારાને ધારણ કરે, તે સંથારો અશુદ્ધ જાણવો.

જે પુનઃ પત્ર જેવો હલકો થઈ (અહંરહિત) થઈ, ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત કરે, તે સંથારાને ધારણ કરનારનો સંથારો વિશુદ્ધ છે. એ જ રીતે દર્શનભ્રષ્ટ, ચારિત્રભ્રષ્ટનો સંથારો શુદ્ધ નથી, દર્શન-ચારિત્રયુક્ત વ્યક્તિનો સંથારો સફળ છે. જે રાગ-દોષ રહિત, ત્રિગુપ્તિયુક્ત (મન, વચન, કાયાની ત્રણ ગુપ્તિઓ), ત્રણ શલ્યોથી રહિત (માયા, મિથ્યાત્વ અને નિદાન–બીજા ભવ માટેની ઈચ્છા)થી રહિત સંથારાને આરાધે છે તેનો સંથારો સફળ છે. એ જ રીતે નવ બ્રહ્મચર્યની વાડને ધારણ કરનારા, દસ પ્રકારના સાધુ ધર્મોમાં ઉદ્યુક્ત એવા સંથારા પર આરોહણ કરે તે ઉત્તમ સંથારો છે. એમ, ૪૨ ગાથા સુધી સંથારાને શુદ્ધ બનાવવા કેવા દોષો ટાળવા તેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ૪૪ થી ૫૫ ગાથામાં સંથારાના લાભોને વર્ણવે છે. રાગદ્વેષાદિ દોષોથી રહિત એવા તૃણના સંથારા પર સૂતેલ સાધુ મુક્તિસુખનો આસ્વાદ કરે છે. એ ચક્રવર્તીના વૈભવનું પણ શું કરે?

ત્યાર પછી ૫૬ થી ૮૭ ગાથામાં સંથારો ધારણ કરનારા મહાપુરુષોનું સ્મરણ કરવામાં આવ્યું છે. પોતનપુર નગરમાં પુષ્પચુલા નામની આર્યા રહેતી હતી, તેના ધર્માચાર્ય અર્ણિકાપુત્રે ગંગાનદી પાર કરતા સહસા નાવ ઊલટી થઈ. નદીમાં પડેલા તે અર્ણિકાપુત્રાચાર્યે ઉત્તમાર્થ માટે સંથારાની આરાધના કરી.

આ જ રીતે સંથારાની આરાધના કરનારા સુકોસલ ઋષિ, ઉજ્જૈની નગરીના અવંતી સુકુમાલ, ચાણક્ય, કાકંદી નગરીના અભયઘોષ રાજા, આદિ સંથારાની આરાધના કરનારા મહાપુરુષોની પ્રશંસા કરી છે. અંતે ચિલાતિપુત્ર, ગજસુકુમાલ આદિ મહાપુરુષોએ ઉપસર્ગોની વચ્ચે ધારણ કરેલી અપૂર્વ સમતાની અનુમોદના કરી, અંતકાલીન આરાધનાનો મહિમા કર્યો છે.

સંથારો ધારણ કરનાર મુનિ/શ્રાવક સર્વ આહારને વોસીરાવે છે અથવા સમાધિ માટે પ્રારંભે પાણીની છૂટ રાખે છે, પછી પાણીનો પણ ત્યાગ કરે છે. આમ જણાવી ૮૮મી ગાથાથી ૧૨૨મી ગાથા સુધી સંથારો ધારણ કરનારા તપસ્વી કેવી ભાવનાઓ સેવે છે તેનું વર્ણન કરે છે. આ તપસ્વીએ કરેલું આહારત્યાગનું પચ્ચક્ખાણ ગુરુની સહમતિથી હોય છે અને સાગાર હોય છે.

સંથારાને ધારણ કરનારા સાધુ કે શ્રાવક સંથારો ધારણ કર્યા પછી સમગ્ર જીવ-રાશિને ખમાવે છે. તેમાં સર્વપ્રથમ પોતાના ઉપકારી આચાર્ય, ઉપાધ્યાય અને સ્વ-પરંપરાના સાધુઓને ખમાવે છે. બીજા ક્રમે સમગ્ર શ્રમણ સંઘને ખમાવે છે અને અંતે સમગ્ર જીવરાશિને ખમાવે છે. આ પયન્નાની ગાથા ૧૦૩ થી ૧૦૫માં આ રીતે ક્ષમાપના દર્શાવી છે. આ ત્રણે ગાથાઓ અત્યારના તપાગચ્છીય પ્રતિક્રમણ સૂત્રમાં 'આયરિય ઉવજ્ઝાએ' નામે પ્રસિદ્ધ છે.

અંતિમ આરાધનાનો સાધક આ રીતે સર્વ જીવરાશિને ખમાવી સમાધિમાં સ્થિર થઈ અનેક ભવોથી બંધાયેલા કર્મોનો ક્ષય કરે છે. જ્ઞાનવંત આરાધક માટે કહેવાયું છે કે, અજ્ઞાની ક્રોડો વર્ષ તપ કરી જે કર્મક્ષય ન કરી શકે, તે સમ્યગ્ જ્ઞાની આરાધક શ્વાસોચ્છવાસમાં કર્મનો ક્ષય કરે.

આ રીતે ગુરુઆજ્ઞાપૂર્વક સંથારાની આરાધના કરનારા ધીર પુરુષો ત્યારે જ અથવા ત્રીજા ભવે સકલ કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત કરનારા થાય.

આમ, સંથારગ પયન્નામાં સંથારારૂપ અંતિમ આરાધનાનો મહિમા તેમ જ એની આચરણવિધિ દર્શાવી છે. આ 'સંથારય-પયન્ના'નો કાળ નિશ્ચિત કરવો અઘરો છે. આ રચના મુનિશ્રી જિનવિજયજીએ તેની રચનાશૈલીને આધારે પ્રાચીન ઠેરવી છે. આની અંદર આવતા 'ચાણક્ય'ના ઉલ્લેખને આધારે એટલું કહી શકાય કે, આ રચના વહેલામાં વહેલી ચંદ્રગુપ્ત મૌર્યના કાળ બાદ (ભગવાન મહાવીરના નિર્વાણના ૩૫૦ વર્ષ બાદ) થયેલી હોઈ શકે. પયન્નાઓમાં અનેક પયન્નાઓ અંતિમ-આરાધનાને અનુલક્ષે છે. મહાઉપકારી પ્રત્યેક બુદ્ધ મુનિઓ તથા અન્ય પણ પરંપરાગત જ્ઞાની સાધુ ભગવંતોએ પયન્નાઓના માધ્યમથી અંતિમ-આરાધનામાં માર્ગદર્શક બને એવા અંગગ્રંથો, કથાગ્રંથો આદિની સામગ્રીને સંકલિત કરી 'પયન્નાગ્રંથ' રૂપે રચનાબદ્ધ કર્યા છે. પરમોપકારી મુનિશ્રી પુણ્યવિજયજીએ જેસલમેર જ્ઞાનભંડાર આદિ સ્થળોથી ઉપલબ્ધ થયેલી બૃહદ્કથા અંતર્ગત અંતિમ-આરાધના માટેની કુલ ૧૨ જેટલી સામગ્રીઓ પયન્નાસંગ્રહ ખંડ-૨માં 'આરાધના પતાકા' ગ્રંથ સાથે પ્રકાશિત કર્યા છે. આ રચનાઓનો ગુજરાતીમાં અનુવાદ થાય તો આરાધકો માટે વિશેષ ઉપકારક છે. ✷ ✷ ✷

# ગચ્છાચાર પ્રકીર્ણક

૩૦

☐ ડૉ. અભય દોશી

પરમાત્મા મહાવીરે ધર્મ બે પ્રકારે દર્શાવ્યો છે; સાધુ અને ગૃહસ્થ. સંસાર છોડીને દીક્ષા ધારણ કરનાર મુમુક્ષુએ સાધુ-સંઘમાં ગુરુઆજ્ઞા અને સાધુસંઘના નાયક આચાર્ય આદિની આજ્ઞાનું પાલન કરી ક્રમશઃ આત્મવિશુદ્ધિ માટે જ્ઞાન તેમજ યોગ્યતા પ્રાપ્ત કરવાના હોય છે. સાધુઓનો સમુદાય તે ગચ્છ. અત્યારે જે અર્થમાં ગચ્છ સામાચારિ ભેદસૂચક અર્થમાં વપરાય છે, એવા અર્થમાં પૂર્વકાળમાં વપરાતો નહોતો, પરંતુ સમાન ગુરુ-પરંપરાવાળા સાધુઓના પરિવાર માટે ગચ્છ શબ્દ વપરાતો. આ ગચ્છમાં કરવા યોગ્ય કર્તવ્ય તે ગચ્છાચાર. આ ગચ્છાચારનું નિરૂપણ ગચ્છાચાર પયન્નામાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના કુલ સાત પ્રસિદ્ધ સંસ્કારણો આ પ્રમાણે છેઃ

(૧) બાલાભાઈ કકલભાઈ, અમદાવાદ.

(૨) આગમોદય સમિતિ, સુરત.

(૩) હર્ષપુષ્પામૃત ગ્રંથમાળા, જામનગર.

(૪) મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.

આ ચારમાં મૂળ પાઠ માત્ર છે.

(૫) વયાધિમલ જૈન ગ્રંથ માળા-સંસ્કૃત

(૬) ભૂપેન્દ્ર સાહિત્ય સમિતિ-સંસ્કૃત-હિંદી

(૭) આગમ સંસ્થાન-ઉદયપુર-હિંદી

સંભવ છે કે, આ સિવાય પણ આ પયન્નાનું પ્રકાશન થયું હોય.

આ ગ્રંથ શુદ્ધ સાધ્વાચારની તરફેણ કરનાર એક મહત્ત્વપૂર્ણ રચના છે. આ પ્રકીર્ણકની રચના મહાનિશિથસૂત્ર, કલ્પસૂત્ર અને વ્યવહારભાષ્યને આધારે થઈ છે.

આ પયન્ના કુલ ૧૩૭ ગાથા ધરાવે છે.

આ ગ્રંથમાં પ્રારંભે મંગલાચરણ કરી ઉન્માર્ગગામી ગચ્છમાં રહેવાથી થતી હાનિ દર્શાવી છે. ૩ થી ૬ ગાથામાં સદાચારી ગચ્છમાં રહેવાથી લાભ જણાવ્યો છે. ૭ થી ૪૦ ગાથામાં આચાર્યના સ્વરૂપનું વર્ણન છે. ૪૧ થી ૧૦૬ ગાથામાં સાધુઓના સ્વરૂપ તેમ જ સુગચ્છ અને કુગચ્છની વિગત દર્શાવી છે. ૧૦૭ થી ૧૩૪ ગાથામાં આર્યા-નિર્ગ્રંથિનીનું સ્વરૂપ દર્શાવ્યું છે. અંતે, આ પયન્નાસૂત્રના આધારગ્રંથો દર્શાવ્યા છે. આ સમગ્ર પયન્નાસૂત્ર છેદગ્રંથો (સાધુ-સામાચારી અને પ્રાયશ્ચિત્તના ગ્રંથોને આધારે લખાયેલું છે.) આ છેદગ્રંથો સાધુઓના જીવનની આંતરિક બાબતોને સ્પર્શે છે અને આ લેખનો મુખ્ય ઉદ્દેશ 'પ્રબુદ્ધ જીવન'ના શ્રાવક વાચકોને પયન્ના ગ્રંથોનો પરિચય કરાવવાનો હોવાથી અત્રે આના વિશેષ પરિચયની આવશ્યકતા રહેતી નથી. ✷ ✷

## થાવચ્ચાપુત્ર અણગાર

ત્રણ ખંડના સ્વામી કૃષ્ણવાસુદેવનું દ્વારવતી નગરીમાં શાસન હતું. થાવચ્ચા દ્વારવતીમાં વસતી હતી. અપાર ધનવૈભવ હતો પણ તેનો પતિ મૃત્યુ પામ્યો હતો. થાવચ્ચાનો એકમાત્ર આધાર હતો તેનો પુત્ર. એને સૌ 'થાવચ્ચાપુત્ર' જ કહેતા હતા. થાવચ્ચાપુત્ર વિશ્વની શ્રેષ્ઠ બત્રીસ સુંદરીઓને પરણ્યો હતો.

દ્વારવતીમાં એકદા પધાર્યા સ્વામી નેમિનાથ ભગવાન. એમની વૈરાગ્યમૂલક વાણી જેમણે સાંભળી એમને સંસાર અસાર લાગ્યો, ધર્મ પ્રિય લાગ્યો. એ દેશના સાંભળનારામાં થાવચ્ચાપુત્ર પણ હતો. એ વૈરાગ્ય પામ્યો. એ સઘળાં સુખ અને વૈભવ છોડીને મહાભિનિષ્ક્રમણના માર્ગે જવા ઈચ્છુક બન્યો. તેણે માતા પાસે સંમતિ માંગી. થાવચ્ચા તો પુત્રની વાત સાંભળીને જ બેભાન થઈ ગઈ. એણે પુત્રને લાખવાર સમજાવ્યો કે દીક્ષા ન લેવાય, એ માર્ગ કઠણ છે, પણ થાવચ્ચાપુત્ર ન માન્યો.

થાવચ્ચા દોડી કૃષ્ણ મહારાજા પાસે આવી અને વિનંતી કરી કે મારા પુત્રને દીક્ષા ન લેવા સમજાવો,એ મારો એકમાત્ર અને પ્રિય પુત્ર છે!

રાજા કૃષ્ણવાસુદેવે ખૂબ મથામણ કરી પણ એ થાવચ્ચાપુત્ર! એણે તો રાજાને સમજાવવા માંડ્યા કે 'સંસાર સારો નથી, જન્મમરણના અનાદિ અનંતકાળના ફેરા ટાળવા માટે સંયમ લેવો જોઈએ, પ્રભુના શરણમાં રહેવું જોઈએ.'

કૃષ્ણવાસુદેવનાં નેત્રોમાં ઝળઝળિયાં આવી ગયાંઃ વાહ જુવાન! તું સાચો વૈરાગી છે! કૃષ્ણવાસુદેવે નગરમાં ઘોષણા કરી કે, જેમણે થાવચ્ચાપુત્ર સાથે પ્રભુ નેમિનાથ પાસે સંયમ ગ્રહણ કરવું હોય તે જઈ શકે છે, તેના પરિવારની જવાબદારી રાજ્ય સંભાળશે!

થાવચ્ચા પણ પુત્રનો વૈરાગ્ય સમજી અને ભવ્ય દીક્ષાઉત્સવ મંડાયો. સ્વયં કૃષ્ણવાસુદેવ રાજપરિવાર સમેત તેમાં જોડાયા. થાવચ્ચાપુત્ર સાથે એક હજાર પુરુષોએ દીક્ષા સ્વીકારી!

શ્રમણ થાવચ્ચાપુત્ર તપસ્વી બની ધર્મપ્રભાવના કરવા લાગ્યા.

એકદા ભગવાન નેમિનાથની આજ્ઞા મેળવીને શ્રમણશ્રેષ્ઠ થાવચ્ચાપુત્ર શિષ્યો સાથે શેલકપુર પધાર્યા. ત્યાંના રાજા શૈલક, રાણી પદ્માવતી અને રાજકુમાર મુણ્ડક પ્રવચન શ્રવણ કરવા આવ્યા. એમની સાથે પંચક વગેરે પાંચસો મંત્રીઓ પણ હતા. જ્ઞાની થાવચ્ચાપુત્રનું પ્રવચન સાંભળીને તે સૌએ શ્રાવકના બાર વ્રત સ્વીકાર્યાં અને ધર્મમય જીવન જીવવા માંડ્યું.

થાવચ્ચાપુત્ર વિહાર કરીને અન્યત્ર ચાલ્યા ગયા. સૌનું કલ્યાણ કરવું એ જ હવે તેમનો જીવનધર્મ હતો.

☐ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.

# ગણિવિજ્જા પ્રકીર્ણક

૩૧

☐ડૉ. અભય દોશી

સાધુ ભગવંતો શુદ્ધાચારનું પાલન કરી શકે એ માટે જ્યોતિષ-શાસ્ત્રની દૃષ્ટિએ દીક્ષા સમયે શુદ્ધ મુહૂર્ત હોવું અત્યંત આવશ્યક છે. એ જ રીતે દીક્ષા ધારણ કર્યા બાદ વિદ્યા, વ્રતધારણ આદિ પ્રસંગોએ પણ શુભ મુહૂર્તોની જરૂર પડે છે.

આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુશિર્દાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), આગમોદય સમિતિ (સુરત), હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા તથા મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ) સાથે અને આગમ સંસ્થાન (ઉદયપુર)થી હિન્દી અનુવાદ સાથે પ્રકાશિત છે.

આ પ્રકીર્ણકનો પરિચય હરિભદ્રસૂરિકૃત નંદીસૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે મળે છે; ગુણનો સમૂહ જેનામાં છે તે ગણિ, ગણિને જ આચાર્ય કહેવામાં આવે છે. આ આચાર્યની વિદ્યાને 'ગણિવિદ્યા' કહેવામાં આવે છે. અહીં વિદ્યાથી વિશેષમાં કહેવાનું કે પ્રવજ્યાદિ કાર્યોમાં તિથિકરણ આદિ જાણવા જ્યોતિષ નિમિત્તના જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ, અન્યથા દોષ લાગે છે. હાનિ થવાનો સંભવ છે. પાક્ષિકસૂત્ર વૃત્તિ અને નંદીસૂત્ર ચૂર્ણિમાં પણ આ સૂત્રનો પરિચય અપાયો છે.

ગણિવિદ્યા પ્રકીર્ણકમાં નવદ્વારો વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે ૧ દિવસ, ૨ તિથિ, ૩ નક્ષત્ર, ૪ કરણ, ૫. ગ્રહદિવસ, ૬. મુહૂર્ત, ૭. શકુનબલ, ૮. લગ્નબલ અને ૯ નિમિત્ત બલ.

અહીં દિવસને આશ્રીને બળવાન દિવસ અને નિર્બળ દિવસ દર્શાવ્યા છે, એ જ રીતે કઈ તિથિઓમાં પ્રયાણ કરવું, કઈ તિથિમાં શિષ્યને દીક્ષા આપવી વગેરે તિથિઓ દર્શાવી છે.

ત્રીજું નક્ષત્રદ્વાર સમગ્ર ગ્રંથમાં મોટામાં મોટું છે. આમાં પ્રસ્થાન માટેના નક્ષત્રો, અનશન ગ્રહણના નક્ષત્રો, દીક્ષા ગ્રહણમાં ત્યાજ્ય નક્ષત્રો, લોચ કરવા માટેના નક્ષત્રો, લોચકરણમાં વર્જ્ય નક્ષત્રો, શિષ્યને દીક્ષા આપવાના તથા વ્રતસ્થાપનાના નક્ષત્રો, ગણિ-વાચકને અનુજ્ઞાના નક્ષત્રો, ગણસંગ્રહના નક્ષત્રો, ગણધર સ્થાપનાના નક્ષત્રો, વિદ્યાધારણના નક્ષત્રો, મૃદુકાર્યસૂચક મૃદુ નક્ષત્રો, તપ કરવા માટેના ઉગ્ર નક્ષત્રો, કાર્યારંભના નક્ષત્રો, આદિ દર્શાવેલાં છે.

આ નક્ષત્રપ્રકરણાં જ્ઞાનવૃદ્ધિ માટેના નક્ષત્રો દર્શાવેલાં છે.

मिगसिर अद्रा पुसो तिन्नि य पुव्वाईमूलमस्सेस
हत्थो चित्ता य तहा दस वुड्डिकराइं नागस्स ।। २३ ।।

મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પુર્વા, મૂળ, આશ્લેષા, હસ્ત, ચિત્રા આ દસ જ્ઞાનને વૃદ્ધિકર નક્ષત્રો કહ્યા છે.

ઠાણાંગ સૂત્રમાં દર્શાવાયેલા જ્ઞાન વૃદ્ધિકર નક્ષત્રો સાથે આ પાઠ મળતો આવે છે.

એ જ રીતે તપ પ્રારંભ કરવાના નક્ષત્રો દર્શાવે છે;

महा भरणि पुव्वाणि तिन्नि उग्गा विवाहिया
एतेसु तवं कुज्जा सब्भिंतर-बाहिरं ।।३५।।

મઘા, ભરણી, ત્રણ પૂર્વા ઉગ્ર નક્ષત્રો કહેવાયા છે. આ ઉગ્ર નક્ષત્રોમાં અભ્યંતર અને બાહ્ય તપનો પ્રારંભ કરવો.

જ્યોતિષશાસ્ત્રમાં પ્રસિદ્ધ અમુક પ્રકારના તિથિભાગને 'કરણ' કહેવામાં આવે છે. આ ગ્રંથમાં કરણના ભેદ જણાવી દીક્ષાપ્રદાન, વ્રતસ્થાપન, ગણિ-વાચકાનુજ્ઞા તથા અનશન કરવા માટેના કરણોનું નિરૂપણ કરેલ છે. પાંચમું દ્વાર ગ્રહદિવસ એટલે 'વાર'નું છે. આમાં દીક્ષા અને તપ કરવાના 'વારો' દર્શાવ્યા છે.

૪૯ થી ૫૮ ગાથામાં મુહૂર્ત દ્વાર દર્શાવાયું છે. અહીં પણ મુહૂર્તના ભેદ દર્શાવી દીક્ષા આદિના મુહૂર્તો દર્શાવેલા છે.

સાતમું દ્વાર શકુનબળનું છે. આ દ્વારમાં દીક્ષાપ્રદાન, સમાધિકરણ, આગમન, સ્વાધ્યાયકરણ, વ્રતોપસ્થાપન, અનશન, સ્થાનગ્રહણ, હર્ષ આદિનું સૂચન કરનારા શકુનો તથા સર્વકાર્યમાં સ્વીકાર્ય અને છોડવા યોગ્ય શકુનો દર્શાવેલા છે.

આઠમું દ્વાર લગ્નનું છે. જ્યોતિષશાસ્ત્રમાં પૂર્વ દિશામાં ઉદિત થતી રાશિને લગ્ન કહેવાય છે. આમાં ચર, સ્થિર, દ્વિસ્વભાવ, લગ્નમાં કયા કાર્ય કરવા, કયા કાર્ય ન કરવા તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત આમાં સૂર્યોદયથી પ્રત્યેક કલાકના હોરાઓની પણ વિસ્તૃત ચર્ચા કરી છે.

૯મું પ્રકરણ નિમિત્તનું છે. આ પ્રકરણમાં શિષ્ય-શિષ્યાની દીક્ષાના નિમિત્તો, વર્જ્ય નિમિત્તો નિમિત્તનું પ્રાધાન્ય અને દીક્ષા આદિ કાર્યમાં ગ્રાહ્ય અને વર્જ્ય નિમત્તો દર્શાવેલા છે.

દીક્ષા, વિદ્યાભ્યાસ, લોચ આદિ સાધુ જીવન માટે મહત્ત્વપૂર્ણ ઘટનાઓ અંગેના મુહૂર્ત માટેનો ઉત્તમ માર્ગદર્શક બની રહે એવો ગ્રંથ છે. આ પયન્નામાં વર્ણવેલ મુહૂર્ત પ્રકરણ અને આરંભોસાદ્ધ (ઉદયપ્રભુસૂરિ) નારચંદ્ર જૈન-જ્યોતિષ આદિ ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ પણ ઉપયોગી થઈ શકે.

✷ ✷ ✷

# દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક

૩૨

□ડૉ. અભય દોશી

'દેવેન્દ્રસ્તવ પયન્ના' એક પ્રાચીન પયન્ના સૂત્ર છે. આ સૂત્રનો નંદીસૂત્ર અને પાક્ષિકસૂત્રમાં ઉલ્લેખ મળે છે. સં. ૧૧૮૦માં રચાયેલ પાક્ષિકસૂત્રવૃત્તિમાં આ પયન્નાનો પરિચય મળે છે. આ પયન્નાના કર્તા સિરિ ઇસિવાલિય થેર (શ્રી ઋષિપાલિત સ્થવિર)નો નામોલ્લેખ મળે છે.

આ ગ્રંથમાં કુલ ૩૧૧ ગાથાઓ છે. આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), આગમોદય સમિતિ, હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા, મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)થી મૂળ તથા આગમ સંસ્થાન (ઉદયપુર) થી હિંદી અનુવાદ સાથે પ્રકાશિત છે.

આ પયન્નાના પ્રારંભમાં ઋષભદેવ ભગવાન અને મહાવીર સ્વામીને નમસ્કાર કરી મંગલાચરણ કર્યું છે. શ્રમણ ભગવાનશ્રી વર્ધમાન સ્વામીના વિહારકાળ દરમિયાન શાસ્ત્રોનો અભ્યાસી કોઈ શ્રાવક પોતાના ઘરમાં પ્રભાત પૂર્વે પરમાત્માની ભાવભરી સ્તુતિ કરે છે. આ સમયે તેની પત્ની હાથ જોડી આ સ્તવના સાંભળે છે. શ્રાવકની સ્તુતિમાં ૩૨ દેવેન્દ્રોની વાત આવે છે. આ ૩૨ દેવેન્દ્રોના ઉલ્લેખને ધ્યાનમાં લઈ શ્રાવકપત્ની દેવેન્દ્રો સંબંધી તેર પ્રશ્નો પૂછે છે.

| | |
|---|---|
| ૧. દેવેન્દ્રોનાં નામ | ૮. પૃથ્વી બાહલ્ય |
| ૨. સ્થાન | ૯. ભવનની ઊંચાઈ |
| ૩. સ્થિતિ | ૧૦. વિમાનોનો રંગ |
| ૪. ભવન પરિગ્રહ | ૧૧. આહારગ્રહણ |
| ૫. વિમાન સંખ્યા | ૧૨. ઉચ્છવાત-નિઃશ્વાસ |
| ૬. ભવન સંખ્યા | ૧૩. અવધિવિષય |
| ૭. નગર સંખ્યા | |

એના પ્રત્યુત્તરમાં ગાથા ૧૨ થી ૨૭૬ સુધી શ્રાવક વિસ્તારથી આ પ્રશ્નોના ઉત્તર આપે છે. ત્યાર પછી ગાથા ૨૭૭ થી ૨૮૨માં ઈષત્પ્રાગભાર પૃથ્વી (સિદ્ધશીલા)નું વર્ણન છે. ગાથા ૨૮૩ થી ૨૯૫માં સિદ્ધ ભગવંતોના ઉપયોગનું સ્થાન-સંસ્થાનાદિનું વર્ણન છે. બાદમાં સિદ્ધ ભગવંતોનો ઉપયોગ, સુખ તેમજ જિનેશ્વરોની ઋદ્ધિનો ઉલ્લેખ મળે છે. અંતે આ સૂત્રના કર્તાનો નામોલ્લેખ મળે છે. આ પ્રકીર્ણકની કેટલીક ગાથાઓ જ્યોતિષ્કરંડ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને આવશ્યક નિર્યુક્તિમાં મળે છે.

સિદ્ધ ભગવંતોના સુખનું વર્ણન કરતા કહે છે;

निच्छिन्नसव्वदुक्खा जाई-जरा-मरण बंधणविमुक्क।

सासयमव्वाबाहं, अणुहुंति सुहं सयाकालं ।।३०६।।

સર્વ દુઃખો દૂર થયા છે, જન્મ-જરા-મરણ અને બંધનથી વિમુક્ત થયા છે, શાશ્વત, અવ્યાબાધ એવું સિદ્ધનું સુખ સદાકાળ હોય છે.

આ પયન્ના જૈન ભૂગોળ સમજવાનું સારું સાધન બને છે. દેવેન્દ્રોના નિમિત્તે અધોલોકથી સિદ્ધશીલા સુધીની જૈનભૂગોળ તેમજ દેવોનો વિસ્તૃત પરિચય આપણને મળે છે.

એકંદરે આ પાંચ પયન્નાઓનો વિસ્તૃત પરિચય તેમજ અન્ય પયન્નાઓના સામાન્ય નિર્દેશ દ્વારા ખ્યાલ આવે છે કે, આ પયન્ના ગ્રંથોમાં પરમાત્મા મહાવીરની પરંપરામાં થયેલ મુનિ ભગવંતોએ અંતકાળે સમાધિ ટકી રહે એવી સામગ્રીઓનું સર્જન-સંકલન આ પયન્નાઓ નિમિત્તે કર્યું છે તો દીક્ષા માટે ઉપયોગી મૂહૂર્તો, શુદ્ધ આચાર આદિ અનેક સાધક જીવનને ઉપકારી વસ્તુઓનું સર્જન-સંકલન કરી ભાવિમાં થનારા જીવો પર મહાન ઉપકાર કર્યો છે.

આ પયન્ના વિષયક લખાણોમાં પયન્નય સૂત્તાઈ-ભાગ-૧ માંની પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજકની પ્રસ્તાવના તેમજ 'મરણસમાધિઃ એક અધ્યયન' (ડૉ. અરૂણા મુકુંદકુમાર લઠ્ઠા) વિશેષ ઉપકારી બન્યા છે.

આ લખાણમાં મારી મતિમંદતાને લીધે જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ લખાણ થયું હોય તો મિચ્છામિ દુક્કડં.

***

## આગમ-વાણી

- નિર્બળ ભારવાહકની જેમ તું વિષમ માર્ગમાં ન જા. વિષમ માર્ગમાં જનારને પછીથી પસ્તાવું પડે છે. માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- તારું શરીર જીર્ણ થવા લાગ્યું છે. તારા કેશ ધોળા થઈ રહ્યા છે. તારું શ્રોત્રબળ પણ ઘટી રહ્યું છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- ડાભના અગ્રભાગ પર લટકીને રહેલું ઝાકળનું બિંદુ થોડી વાર જ ટકી શકે છે. એવી રીતે મનુષ્યોના જીવનનું પણ છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.
- સાધુ મમત્વરહિત, નિરભિમાની, નિઃસંગ અને ગારવ (આસક્તિ)ના ત્યાગી હોવા જોઈએ. તે ત્રસ અને સ્થાવર એવા તમામ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરનાર હોવા જોઈએ.

# મરણસમાધિ પ્રકીર્ણક

□ ડૉ. અભય દોશી

૩૩

**'મરણસમાધિ પયન્ના'** એ સમાધિમરણની વિસ્તૃત ચર્ચા કરનાર આગમગ્રંથ છે. આ પ્રકીર્ણકની ૬૬૧ ગાથાઓ છે. દસ પયન્ના ગ્રંથોમાં આ સૌથી વિશાળ પયન્ના છે. આ ગ્રંથ મરણવિભક્તિ, મરણવિશોધિ, મરણસમાધિ, સંલ્લેખનાશ્રુત, ભક્તપરિજ્ઞા, આતુર પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન અને આરાધના–આ આઠ ગ્રંથોને આધારે રચાયો છે.

આ ગ્રંથ બાબુ ધનપતસિંહ (મુર્શિદાબાદ), બાલાભાઈ કકલભાઈ (અમદાવાદ), જૈનધર્મ પ્રસારક સભા, આગમોદય સમિતિ, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાળા અને મહાવીર જૈન વિદ્યાલય દ્વારા મૂળ પ્રસિદ્ધ થયેલ છે.

આ પયન્નાનું વિસ્તૃત અધ્યયન ડૉ. અરુણા મુકુંદકુમાર લઠ્ઠાએ પીએચ.ડી. નિમિત્તે શ્રી રમણિક શાહના માર્ગદર્શન હેઠળ 'મરણસમાધિ એક અધ્યયન'શીર્ષક હેઠળ કર્યું છે. આ શોધનિબંધનું પ્રકાશન મહાવીર જૈન વિદ્યાલય દ્વારા વર્ષ ૨૦૦૦માં કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં સમાધિમરણ વિષયક આજે ઉપલબ્ધ એવા પયન્નાઓ તેમ જ આજે ઉપલબ્ધ ન હોય તેવા પયન્નાઓની સામગ્રી સંકલિત કરવામાં આવી છે.

આ ગ્રંથ 'મરણવિભત્તિપઇણ્ણય' તરીકે પણ ઓળખાય છે. આ ગ્રંથમાં પ્રારંભે આરાધનાના ત્રણ ભેદો દર્શાવ્યા છે; દર્શન આરાધના, જ્ઞાન આરાધના, ચારિત્ર આરાધના. શ્રદ્ધારહિત જીવો ભૂતકાળમાં અનંતવાર બાળમરણથી મૃત્યુ પામેલા છે, પરંતુ ભવનો અંત કરનાર પંડિતમરણની પ્રાપ્તિ થઈ નથી, એમ કહી પંડિતમરણનું સ્વરૂપ ગાથા ૨૨થી ૪૪માં દર્શાવ્યું છે. ગાથા ૪૫થી ૫૨માં પંડિતમરણને સિદ્ધ કરવાના કર્તવ્યો દર્શાવે છે. સાધકે સર્વ સુખશીલતાનો ત્યાગ કરી ઉત્તમ રીતે ચારિત્રનું પાલન કરવું, ધૈર્યવાન બની કષ્ટો સહન કરવા, ક્રમશઃ પાંચ ઈન્દ્રિયોના વિષયો તેમ જ કષાયો પર વિજય મેળવવો.

એ પછી સાધકને તેની સાધનામાં તન્મયતા રહે તે માટે નિર્યામક ગુરુ તેને ક્રમશઃ આહારનો ત્યાગ કરાવે છે. તે મુનિ વિચારે છે;

'આહાર જ સર્વ સુખનું ઉદ્ભવસ્થાન, જીવિતમાં સારરૂપ ગણાય છે, છતાં સર્વ દુઃખોનું કારણ પણ તે જ છે. આહારની ઈચ્છા માત્રથી તંદુલિયો મત્સ્ય સાતમી નરકે જાય છે. મેં પણ અનંત ભવોમાં ઘણા આહાર કર્યાં. ઘણી નદીઓના પાણી પીધાં, છતાં પણ તૃપ્તિ નથી. તો હવે એવા આહાર-પાણીનું મારે કામ નથી.'

નિર્યામક આચાર્ય અનશન ધારણ કરેલા મુનિને કાયાના મમત્વથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે. આ ગ્રંથની ૧૫૪ થી ૧૭૫ ગાથામાં આત્મશુદ્ધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૧૭૬મી ગાથામાં સંલેખનાના પ્રકારો દર્શાવ્યા છે. બાહ્ય સંલેખનામાં શરીરની સંલેખના કરવાની છે, તો અભ્યંતર સંલેખનામાં કષાયની સંલેખના કરવાની છે. ગાથા ૧૭૭ થી ૧૮૮ સુધી બાહ્ય સંલેખનાની વિધિ દર્શાવી છે. ગાથા ૧૮૯ થી અંતરસંલેખના દર્શાવી છે.

કોહં ખમાઈ, માણં મદ્દવયા, અજ્જવેણ માયંચ,
સંતોસેણ ચે લોભં, નિજ્જિણ ચતારિ વિકસાએ.

ક્રોધને ક્ષમાથી, માનને માર્દવથી (નમ્રતાથી), માયાને આર્જવથી (સરળતાથી) અને લોભને સંતોષથી સાધકે જીતવા જોઈએ.

આમ, ગાથા ૧૮૯ થી ૨૦૯ સુધી બાહ્ય સંલેખના (આહારત્યાગ)ની સાથે અભ્યંતર સંલેખના (કષાયત્યાગ) કરવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. ત્યારબાદ અનશન ધારણ કરનાર સાધુને ઉદ્દેશીને કેવી રીતે વ્રતોના અતિચાર આલોચી, સ્થિર ચિત્ત થઈ અનશનની આરાધના કરવી તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સાધુ ભગવંતોએ પંચમહાવ્રતની રક્ષા કેવી રીતે કરવી તે અંગેનું માર્ગદર્શન ગાથા ૨૫૮ થી ૨૬૯માં કરવામાં આવ્યું છે.

ક્રોધ, માન, માયા, લોભથી પંચમહાવ્રતોનું રક્ષણ કરવું. એ જ રીતે કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ આદિ દોષોની પંચ-મહાવ્રતોનું રક્ષણ કરવાનું કહેવાયું છે. વળી, કૃષ્ણ આદિ અશુભ લેશ્યાઓ છોડી શુક્લ આદિ લેશ્યાની મદદથી વ્રતોનું રક્ષણ કરવા કહેવાયું છે.

આ ગ્રંથમાં પંડિતમરણને સિદ્ધ કરવા ચૌદ સ્થાનો દર્શાવી માર્ગદર્શન આપ્યું છે. આ ચૌદ સ્થાનમાં સર્વ પ્રથમ સ્થાન આલોચના છે. જે સાધક પોતાનો અંતિમ સમય સુધારવા ઈચ્છતો હોય, પોતાના મનમાં સમાધિની દિવ્ય આભા ઈચ્છતો હોય, તેણે જીવનમાં પોતાનાથી થયેલી ભૂલો, પાપોનું શુદ્ધ અંતઃકરણપૂર્વક, મન-વચન-કાયાથી શલ્યરહિતપણે યોગ્ય ગુરુભગવંતોના શરણમાં પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. વર્તમાન જૈન સંઘમાં આથી જ સરળ ગુજરાતીમાં રચાયેલ ઉ. વિનયવિજયજીકૃત પુણ્યપ્રકાશ સ્તવન કે શ્રી

સમયસુંદરજીકૃત પદ્માવતી- આરાધના અંતકાળે સંભળાવવાની પ્રથા છે.

બીજું સ્થાન સંલેખનાનું છે. સાધકે બાહ્ય સંલેખના દ્વારા આહારનો ત્યાગ અને અભ્યંતર સંલેખનાથી કષાયોને દુર્બળ કરવાની સાધના કરવાની છે. સંલેખનાની સાધના સામાન્ય રીતે જઘન્યથી છ માસ અને ઉત્કૃષ્ટથી બાર વર્ષ કરવાની હોય છે. રોજ ખાનારો સીધો ઉપવાસ પર ચઢી જાય તો અસમાધિથી પીડાય, આથી સંલેખનાની સાધના સહજ થાય એ માટે પૂર્વ તૈયારી રૂપ ત્રીજું સ્થાન ઉપવાસનું દર્શાવ્યું છે. સાધકે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપની આરાધના કરવા દ્વારા ક્રમશઃ સંલેખના માટે જાતને તૈયાર કરવી જોઈએ. આ સંલેખના ક્યારે કરવી તેના સમયનું માર્ગદર્શન વિશિષ્ટ જ્ઞાની ગુરુ ભગવંતોના માધ્યમથી મેળવવું પડે. વર્તમાનમાં વિશિષ્ટ જ્ઞાની ગુરુભગવંતોના અભાવે કેટલાક જૈનધર્મી વર્ગોમાં સંલેખનાની આરાધના મંદપ્રાયઃ થઈ છે.

સંલેખનાની આરાધના કરનાર સાધકે મન-વચન-કાયાની સાવદ્ય ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ, તે પાંચમું સ્થાનક છે. ઇંગિત-મરણના આરાધકો નક્કી કરેલા પ્રદેશમાં જ હરે, ફરે તે છઠ્ઠું સ્થાનક છે.

સમાધિ મરણ પામવા ઈચ્છનાર સાધકે તૃણ, દર્ભ કે લાકડાનો સુયોગ્ય સંથારો પસંદ કરવો જોઈએ. આ સંથારો સાતમું સ્થાન છે. ત્યાં સ્થિર થયેલ સાધકે પોતાના **આહાર તથા ઉપધિનો ત્યાગ** કરી (૮) પોતાના આત્માને **વૈરાગ્ય**માં તરબોળ કરી (૯) કેવળ **મોક્ષાર્થ સાધના** કરવી. (૧૦)

એ જ રીતે આ સંથારા પર રહી **ધર્મધ્યાન** અને **શુક્લધ્યાન**માં મનને જોડે. (૧૧) ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં જોડાવા માટે જીવે આલોચના દ્વારા સકલ જીવરાશિ સાથે વૈરનું વિસર્જન કરી મૈત્રીભાવનું બીજ રોપ્યું છે. આ મૈત્રી આદિ ભાવોની સહાયથી વિશ્વના સર્વ જીવો પ્રત્યે સ્નેહ-વાત્સલ્ય ધારણ કરે અને સ્વ પ્રત્યેના મોહનો ત્યાગ કરે ત્યારે ધર્મધ્યાનનો વાસ્તવિક પ્રારંભ શક્ય બને છે.

આવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં રહેનારા આત્માની **લેશ્યા** પણ સ્વાભાવિક રીતે શુભ જ રહેવાની. (૧૨) આ ઉત્તમ આચરણોથી સાધકનું સમ્યક્ત્વ પણ ક્રમશઃ અત્યંત નિર્મળ થતું જાય છે અને તે અલ્પ સંસારવાળો બને છે. (૧૩) આવો સાધક અંતે મનની દૃઢતા ધારણ કરનાર હોય, તો તે **પાદપોપગમન** અનશનને (૧૪) ધારણ કરે. અંત સમય નજીક જાણી ચારે આહાર કરી કપાયેલાં વૃક્ષની ડાળીની માફક નિશ્ચેતન દશામાં એક પડખે સૂઈ રહેવું, કોઈ પણ ઉપસર્ગ આવે તો ખસવું નહિં, આયુષ્યની સમાપ્તિ સુધી એ જ રીતે રહેવું. આમ, 'મરણ-સમાધિ'કારે અંતિમ આરાધનાના ૧૪ સ્થાનકો અથવા ૧૪ કર્તવ્યો દર્શાવ્યા.

હવે, આ પંડિતમરણ સિદ્ધ કરવા સાધકે પોતાના રોજીંદા જીવનમાં કેવું આચરણ સિદ્ધ કરવું જોઈએ, તે પણ ગ્રંથકાર છ સ્થાનોમાં દર્શાવે છે. (૧) સાધકે પોતાની સર્વ ક્રિયાઓ વિનયપૂર્વક કરવાની છે. વિનયપૂર્વક ક્રિયા કરનારો અલ્પ કર્મબંધ કરે છે અને કર્મનિર્જરા કરનાર પણ બને છે. (૨) સાધકે અભિમાનનો ત્યાગ કરવાનો છે. અભિમાનને ત્યજનાર સાધક વાસ્તવિક ક્ષમાપના કરી શકે છે. નિત્ય જીવનમાં જ્યાં જ્યાં કર્મબંધ થાય, ત્યાં ત્યાં સરળ સાધક તરત ક્ષમાપના કરી હળુકર્મી બની શકે છે. (૩) દેવ, ગુરુ, વડીલ, જિન આગમ, જિન મંદિર તથા સકલ સંઘની ભક્તિભાવે પૂજા કરવી તેમ જ તેમની આજ્ઞાનું બહુમાન કરનાર સાધક ધર્મમાર્ગમાં આગળ વધે છે. એ જ રીતે (૪) તીર્થંકરોની આજ્ઞાનું પાલન કરવાથી નવા કર્મોનો પ્રવેશ અટકાવી ક્રમશઃ કર્મવૃક્ષનો નાશ કરનાર થાય છે, વળી (૫) શ્રુતધર્મની આરાધના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મધ્યાન આદિ સાધવાની ભૂમિકા સિદ્ધ કરે છે. (૬) આચરણ-આગમોથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનું આચરણ કરવાથી સાધક ક્રમશઃ ઉન્નતિ પામતો અંતકાળે સંલેખનાનો અધિકારી બને છે.

'મરણસમાધિ' ગ્રંથમાં ગ્રંથકારે સમાધિમરણ સાધવા માટેની આ તાત્ત્વિક ભૂમિકા આપી છે, એ સાથે જ આ સમાધિમરણને અનેક વિપત્તિઓ અને પીડા વચ્ચે સિદ્ધ કરનારા મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે. આ દૃષ્ટાંતોમાં સનત્કુમાર ચક્રવર્તીએ સોળ મહારોગોને સમતાપૂર્વક સહન કર્યા તેનો સર્વપ્રથમ ઉલ્લેખ કર્યો છે. ત્યારપછી મેતાર્ય મુનિ, ચિલાતિપુત્ર, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ, અરણિક મુનિ, ખંધકમુનિના શિષ્યો, સુકોશલ મુનિ આદિ અંતિમ આરાધના કરનારા શાસ્ત્ર પ્રસિદ્ધ મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

ત્યાર બાદ, વૈરાગ્યભાવની ઉત્કૃષ્ટતા માટે ઈલાચિપુત્રનું દૃષ્ટાંત દર્શાવ્યું છે. નટડીમાં લુબ્ધ થયેલ ઇલાચીપુત્ર વાંસ પર ઊંધે માથે નાચી રહ્યો હતો, ત્યારે દૂર મુનિ ભગવંત સુંદર સ્ત્રી પર દૃષ્ટિ પણ કરતા નથી, તે જોઈ પોતાની અધમ સ્થિતિ માટે નિંદા કરતો વૈરાગ્ય પામ્યો. આ વૈરાગ્યના બળે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા થયા.

એ પછી સમભાવને સિદ્ધ કરનારા દમદંત મહર્ષિનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એ જ રીતે જ્યાં સુધી દીપકની જ્યોત રહેશે, ત્યાં સુધી કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવાનો અભિગ્રહ કરનારા ચંદ્રાવતંસક રાજાનું દૃષ્ટાંત આપ્યું છે. રાજાના આ પ્રકારના

અભિગ્રહને ન જાણતી દાસી રાજાને અગવડ ન પડે માટે પ્રહરે પ્રહરે તેલ પૂરતી રહી. ચાર પ્રહર સતત ઊભા રહેવાને કારણે રાજાનું શરીર અકળાઈ ગયું, છતાં ધ્યાનથી ચલિત ન થયા અને દાસી પર દ્વેષ ન કર્યો.

એ જ રીતે અપૂર્વ વૈભવના માલિક ધન્ના અને શાલિભદ્ર કાયાનું મમત્વ વીસારી, વૈભવનો ત્યાગ કરી ઉત્કૃષ્ટ ચારિત્રપાલન કરી અંતે એક માસનું અનશન કરી શિલાનો સંથારો કર્યો.

આ 'મરણસમાધિ' ગ્રંથમાં ઉત્તમ અંતિમ આરાધના કરનારા મહાપુરુષો એ જ રીતે બાવીસ પરિષહો (બાવીસ પ્રકારના દુ:ખો)ને જીતનારા મહાપુરુષોના દૃષ્ટાંતો દર્શાવ્યા છે.

અહીં અનેક પ્રસિદ્ધ કથાઓની સાથે સાથે કેટલીક ઓછી જાણીતી કથાઓ આલેખાયેલી છે. આ કથાઓમાં સાગરચંદ્ર નામના રાજપુત્રની કથા સાધકોએ જાણવા જેવી છે.

દ્વારિકા નગરીમાં બલદેવનો સાગરચંદ્ર નામે પૌત્ર હતો. અતિ સ્વરૂપવાન એવો સાગરચંદ્ર શાંબ વગેરેને અતિપ્રિય હતો. આ જ નગરમાં કમલમેલા નામે અતિસ્વરૂપવાન કન્યા હતી. આ કન્યાની સગાઈ ઉગ્રસેનના પુત્ર નભસેન સાથે થઈ હતી.

એકવાર નારદમુનિએ સાગરચંદ્ર પાસે જઈ કમલમેલાના વખાણ કર્યા. બન્નેને એક બીજા પ્રત્યે અનુરાગ થયો. શાંબની મદદથી ગુપ્ત રીતે સાગરચંદ્ર અને કમલમેલાના લગ્ન થયા. સાંબે તેમને વિદ્યાઓ આપી, આથી વિદ્યાધર જેવા બની બંને ભોગ ભોગવવા લાગ્યા. આ બાજુ કમલમેલાના સસરા અને પિતા કમલમેલાને શોધવા લાગ્યા. તેમણે વિદ્યાધરરૂપે ક્રીડા કરતા કમલમેલા અને સાગરચંદ્રના યુગલને જોયું. તેમણે કૃષ્ણ વાસુદેવને ફરિયાદ કરી. કૃષ્ણ વાસુદેવ વિશાળ પરિવાર સાથે યુદ્ધ કરવા આવ્યા. આ સમયે શાંબ પણ રૂપપરિવર્તન કરી વિદ્યાબળે કૃષ્ણ સાથે યુદ્ધ કરવા માંડ્યો. આ યુદ્ધ ઘણું લાંબું ચાલ્યું. અંતે સાંબે મૂળરૂપમાં આવી પિતાની માફી માંગી. સાગરચંદ્ર અને કમલમેલાના પરસ્પરના અનુરાગને જોઈ કૃષ્ણે માફી આપી. ત્યારબાદ, ત્યાં નેમિનાથ પ્રભુ પધાર્યા, ત્યારે સાગરચંદ્રે અણુવ્રતો ધારણ કર્યાં.

સાગરચંદ્ર આઠમ, ચૌદસે પૌષધવ્રત ધારણ કરી શૂન્ય ઘરમાં ધ્યાન માટે ઊભો રહેતો. આ વાત નભસેન જાણતો હતો. એકવાર તેણે તાંબાની સોયો ઘડાવી અને સાગરચંદ્ર જ્યાં ધ્યાનમાં ઊભા હતા, ત્યાં આવી તેની વીસે આંગળીઓના જીવતા નખ કાઢી નાખ્યા. વેદનાને સમભાવપૂર્વક સહન કરી સાગરચંદ્ર દેવલોકમાં ગયા. બીજે દિવસે તપાસ કરતાં નગરમાં આક્રંદ ફેલાયું. ત્યાં સોયો જોઈ, આથી સોય બનાવનારને પૂછતા ખબર પડી કે આ સોયો નભસેને બનાવી છે. શાંબ અને નભસેન વચ્ચે યુદ્ધ થયું. ત્યાં દેવ બનેલા સાગરચંદ્રે વચ્ચે પડી શાંતિ કરાવી. કમલમેલાએ પણ સાધ્વી પાસે દીક્ષા ગ્રહણ કરી.

એ જ રીતે દંશમસક પરિષહ સંદર્ભે સમણભદ્ર ઋષિની કથા પણ રસપ્રદ છે. ચંપાનગરીમાં રિપુમર્દન રાજાના પુત્ર સમણભદ્રે ધર્મઘોષ આચાર્ય પાસે દેશના સાંભળી સંસારથી વિરક્ત થયા અને દીક્ષા ધારણ કરી. ત્યારબાદ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કર્યો.

એકવાર ગુરુઆજ્ઞા લઈ એકાકી વિહાર રૂપે પ્રતિજ્ઞા ધારણ કરી જંગલમાં રાત્રિના સમયે પાંચ પ્રહરનો કાયોત્સર્ગ ધારણ કર્યો. કાયોત્સર્ગમાં જંગલમાં રહેલા ડાંસ-મચ્છરોએ તીક્ષ્ણ મુખેથી સોયની અણી જેવા, ડંખ માર્યા. બીજા પ્રહરે ડાંસ મચ્છરોએ 'ગણ' શબ્દ કરી ડંખ માર્યા. ત્રીજા અને ચોથા પ્રહરે નાના-મોટા વિવિધ જાતિના ડાંસોએ ડંખ માર્યા. પાંચમા પ્રહરે (સૂર્યોદય સમયે) અકસ્માત ઉડેલી હજારો મધમાખીઓએ તે મુનિના શરીર પર ચોંટી કરડવાનું શરૂ કર્યું.

ડાંસ મચ્છરોના પરિષહને ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાયથી સહન કરતાં મુનિરાજે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું, આયુષ્ય પૂર્ણ થતા સિદ્ધ થયા.

આવી અનેક સમાધિપ્રેરક સામગ્રીઓ 'મરણસમાધિ' પયન્નામાં સંગ્રહિત થઈ છે. 'મરણસમાધિ પયન્ના' એ વાસ્તવમાં એક સ્વતંત્ર ગ્રંથ નથી, પરંતુ સમાધિપ્રેરક વિવિધ પયન્નાઓ અને અન્ય ગ્રંથોનું એક બૃહદ્ સંકલન છે. સમાધિ સાધવાની ઈચ્છા ધરાવતા સર્વ સાધકો માટે તેના સંકલનકાર મહર્ષીએ અપૂર્વ સમાધિપ્રેરક સામગ્રીનો ભંડાર રજૂ કર્યો છે. આ માટે આગમગ્રંથોમાં 'મરણસમાધિ' પયન્ના ગ્રંથનું અધ્યયન અત્યંત મહત્ત્વપૂર્ણ ગણી શકાય.

✱ ✱ ✱

**સંદર્ભ સૂચિ :**


૧. પઈણ્ણય સૂત્તાઈ ભાગ-૧-૨-૩. સં. મુનિશ્રી પુણ્યવિજયજી અને પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજક, પ્રકાશક મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ-૪૦૦૦૩૬. ઈ.સ. ૧૯૮૪.

૨. મરણસમાધિ એક અધ્યયન, ડૉ. અરૂણા મુકુન્દકુમાર લઠ્ઠા, પ્રકાશક મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૪૦૦૦૩૬. ઈ. સ. ૨૦૦૦.

૩. श्री चतु:शरण प्रकीर्णकम् - सं. संशोधक आचार्य कीर्तियशसूरीश्वरजी म.सा., प्रकाशक सन्मार्ग प्रकाशन, अहमदाबाद. ई. स. २००८.


(આ ગ્રંથમાં પાદનોંધમાં ઉલ્લેખિત ડૉ. અતુલકુમાર પ્રસાદ સિંહનો 'પ્રકીર્ણક સાહિત્ય : એક અવલોકન') લેખ પુર્નમુદ્રીત થયો છે.

✱ ✱ ✱

# શ્રી નિશીથ સૂત્ર

□ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

૩૪

શ્રી નિશીથ સૂત્રનું મૂળ છપાયું છે. તેના અંતે કહેલ ત્રણ શ્લોકોમાં જણાવ્યું છે કે મહત્તર શ્રી વિશાખગણિએ આ સૂત્રને લખ્યું હતું. આ સૂત્રમાં જ્ઞાનાચારાદિ પાંચ આચારોમાં લાગેલા દોષોના પ્રાયશ્ચિત્તોનું ક્રમસર વર્ણન કર્યું છે, તેથી તે આચાર પ્રકલ્પ નામે પણ ઓળખાય છે; પણ નિશીથ નામ વધારે સુપ્રસિદ્ધ છે. શ્રી જિનપ્રભસૂરિકૃત સિદ્ધાંતસ્તવની અવચૂરિ વગેરે ગ્રંથોમાં નિશીથ નામનું કારણ જણાવ્યું છે કે નિશીથ એટલે રાત્રિનો મધ્યભાગ અથવા મધ્યરાત્રિ. તે સમયે યોગ્ય દીક્ષા પર્યાયવાળા પરિણત શિષ્યોને જે સૂત્ર ભણાવાય તે નિશીથસૂત્ર કહેવાય. અપવાદિક બીના ઉત્સર્ગમાર્ગને ટકાવવા માટે જ કહી છે, પણ ઉત્સર્ગમાર્ગનો લોપ કરવા માટે કે અપવાદમાર્ગનો પ્રચાર વધારવાને માટે અપવાદમાર્ગની પ્રરૂપણા કરી જ નથી. આ ખરો મુદ્દો અપરિણામી શિષ્યો કે અતિપરિણામી શિષ્યો સમજી શકતા નથી, તેથી તે બંને પ્રકારના શિષ્યો આ નિશીથસૂત્રની બીના ન સાંભળે, તે રીતે ગીતાર્થોને આ સૂત્ર અને એના જેવા બીજા પણ છેદસૂત્રોને ભણાવવાની શ્રી તીર્થંકર દેવોએ આજ્ઞા ફરમાવી છે.

આ નિશીથસૂત્ર એ શ્રી આચારાંગની પાંચમી ચૂલિકા છે, તેથી શ્રી આચારાંગ સૂત્રમાં કહેલી સાધુ-સાધ્વીઓના આચારની બીના તરફ લક્ષ્ય રાખીને જ આ નિશીથસૂત્રની સંકલના કરાઈ છે, તેથી પણ તેના આચારપ્રકલ્પ નામની વિશેષ સાર્થકતા સમજાય છે. (૧) આ નિશીથસૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ ૮૧૨ (૯૫૦) શ્લોક છે. (૨) શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે આ શ્રી નિશીથસૂત્રની નિર્યુક્તિ રચી હતી. તે આ સૂત્રના ૭૦૦૦ (૬૪૩૯) શ્લોક પ્રમાણ લઘુ ભાષ્યમા ભળી ગઈ છે. (૩) બૃહદ્‌ભાષ્ય (મોટા ભાષ્ય)નું પ્રમાણ ૧૦૦૦ શ્લોક છે. (૪) ચૂર્ણિ–હાલ જે ચૂર્ણિ મળી શકે છે, તેનું નિશીથ વિશેષ ચૂર્ણિ (વિશેષ નિશીથ ચૂર્ણિ) નામ છે. આ નામ ઉપરથી કેટલાએક વિદ્વાનો માને છે કે આ ચૂર્ણિ સિવાયની બીજી પણ ચૂર્ણિ હોવી જોઈએ, પણ હાલ તે મળી શકતી નથી. આ નિશીથસૂત્રની વિશેષ પદની ચૂર્ણિમા એટલે ૧૦મા ઉદ્દેશાની ચૂર્ણિમા ચક્રવર્તીના શીતગૃહની બીના કહી છે. એ શીતગૃહમાં સૂનાર ચક્રવર્તીને શિયાળામાં ઠંડીની, ઉનાળામાં ગરમીની અને ચોમાસામાં વરસાદની લગાર પણ વિપરીત અસર થતી નથી. વિવાહપટલ નામનો જ્યોતિષનો ગ્રંથ બારમા ઉદ્દેશાની ચૂર્ણિમાં જણાવ્યો છે તથા ૧૨૪૪મા પાનામાં ઘોડાના શરીરમાંથી કાંટો કાઢવાની રીત જણાવી છે. આ નિશીથસૂત્રના ૧૦મા ઉદ્દેશાની ચુર્ણિમાં કાલિકાચાર્યની કથામાં ચોથની સંવચ્છરી હકીકતો પણ જણાવી છે. (૫) ટીકા–આ નિશીથસૂત્રના ફક્ત ૨૦મા ઉદ્દેશાની ટીકા શ્રી પાર્શ્વદેવ ગણિએ અને શ્રી શીલભદ્રસૂરિના શિષ્ય શ્રી ચંદ્રસૂરિએ વિ. સં. ૧૧૭૪માં બનાવી હતી. તે દરેક ટીકાનું પ્રમાણ ૧૧૦૦-૧૧૦૦ શ્લોક કહ્યા છે તેમાં શ્રીપાર્શ્વદેવ ગણિકૃત ટીકા હાલ મળી શકતી નથી. શ્રી રત્નપ્રભના શિષ્યે આ શ્રી નિશીથસૂત્રના ભાષ્ય વિવેક નામના વિવરણની રચના કરી હતી એમ જૈન ગ્રંથાવલી વગેરેમાં તથા બૃહટ્ટિપ્પનિકાદિમાં પણ કહ્યું છે. આ નિશીથસૂત્રના મૂળ ગ્રંથ, ચૂર્ણિ ને ભાષ્યનું (ત્રણેનું) પ્રમાણ ૨૯૦૦૦ શ્લોક જણાવ્યા છે. તેમજ આ સૂત્રના ગુજરાતી ટિપ્પણ, હુંડી વગેરે પણ રચાયા છે, પણ હાલ મળી શકતા નથી.

આ નિશીથસૂત્રના ૨૦ વિભાગો છે. દરેક વિભાગને ઉદ્દેશા નામથી ઓળખાવ્યો છે. તે દરેક ઉદ્દેશામાં કેટલા કેટલા બોલ (વચનો, વાક્યો) છે? તે નીચે જણાવેલા યંત્રથી જાણવું.

| ઉદ્દેશાનો ક્રમ | બોલની સંખ્યા | ઉદ્દેશાનો ક્રમ | બોલની સંખ્યા |
|---|---|---|---|

*જેમ આ ઔદારિક શરીરનો કોઈ ભાગ રોગાદિ કારણથી સડી ગયો હોય તો બાકીના શરીરને બચાવવાની ખાતર દાક્તરી પદ્ધતિથી સડી ગયેલા ભાગને કાપીને દૂર કરાય છે. તેમ નિર્મળ ચારિત્રરૂપી શરીરના દુષિત ભાગનો છેદ કરીને બાકીના શરીરને સાચવવાના ઉપાયો જે સૂત્રમાં કહ્યા છે તે છેદ સૂત્રો કહેવાય.*

*શ્વે. સ્થા. પરંપરા પ્રમાણે છેદ શાસ્ત્રો (૧) શ્રી નિશીથ સૂત્ર (૨) શ્રી દશા શ્રુતસ્કંધ સૂત્ર, (૩) શ્રી બૃહત્‌કલ્પ સૂત્ર, (૪) શ્રી વ્યવહાર સૂત્ર ગણાય છે. શ્વે. મૂર્તિપૂજક પરંપરા પ્રમાણે (૧) શ્રી નિશીથ સૂત્ર, (૨) શ્રી મહાનિશીથ સૂત્ર, (૩) શ્રી દશા-શ્રુતસ્કંધ સૂત્ર, (૪) શ્રી બહુત્‌કલ્પ સૂત્ર, (૫) શ્રી પંચકલ્પ સૂત્ર, (૬) શ્રી વ્યવહાર સૂત્ર આમ છ છેદ સૂત્રોની ગણના કરી છે.*

*યોગ્યતા ધરાવનાર શિષ્યોને જ ગુરુ છેદ સૂત્રોના અધ્યયન કરવાની આજ્ઞા આપે છે. અહીં ચારિત્રાદિ-મુલગુણાદિમાં લાગેલા અતિક્રમાદિ દોષોને શુદ્ધ કરીને ચારિત્રાદિ ટકાવવાના ઉપાયો વર્ણવવામાં આવ્યા છે.*

| | | | |
|---|---|---|---|
| ૧ | ૫૮ | ૧૧ | ૯૨ |
| ૨ | ૫૯ | ૧૨ | ૪૨ |
| ૩ | ૭૯ | ૧૩ | ૭૪ |
| ૪ | ૧૧૧ | ૧૪ | ૪૫ |
| ૫ | ૭૭ | ૧૫ | ૧૫૪ |
| ૬ | ૭૭ | ૧૬ | ૫૦ |
| ૭ | ૯૧ | ૧૭ | ૧૫૧ |
| ૮ | ૧૭ | ૧૮ | ૬૪ |
| ૯ | ૨૮ | ૧૯ | ૩૬ |
| ૧૦ | ૪૭ | ૨૦ | ૫૩ |

**જરૂરી બીના :** દરેક ઉદ્દેશાના જુદા જુદા બોલમાં પ્રાયશ્ચિત્તને લાગવાના કારણો સમજાવીને પરમકૃપાળુ સૂત્રકાર મહર્ષિએ તે કારણોને તજવાની હિતશિક્ષા આપી છે.

ટૂંકામાં એમ કહી શકાય કે પ્રાયશ્ચિત્તના અનેક ભેદો છે. તેમાંના ૪ ભેદોનું વર્ણન શરૂઆતના ૧૯ ઉદ્દેશામાં કરી છેલ્લા ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્તના ભેદોની બીના વિસ્તારથી સમજાવતાં કયું પ્રાયશ્ચિત્ત કઈ વિધિએ કરાય? વગેરે પ્રશ્નોના ખુલાસા સ્પષ્ટ સમજાવ્યા છે. અહીં કહેલી બીનાઓમાંની કેટલીક બીના હીનાધિક રૂપે વ્યવહારાદિમાં પણ વર્ણવી છે. આ શ્રી નિશીથસૂત્રના જાણકાર મુનિઓને મધ્યમ ગીતાર્થ તરીકે જણાવ્યા છે, તેમ જ મધ્યમ જ્ઞાનસ્થવિર તરીકે પણ તેમને જ કહ્યા છે.

અહીં પ્રાયશ્ચિત્તના દેનારા ગીતાર્થોને ઉદ્દેશીને સંપૂર્ણ વર્ણન કર્યું છે. ૧.પ્રાયશ્ચિત્તના લેનારા સાધુ-સાધ્વીઓ અભિમાન, લજ્જા (શરમ), લોકમાં ફજેતી થવાનો ભય વગેરે કારણોમાંના કોઈ પણ કારણથી કરેલા અપરાધ છુપાવતા હોય, તો તેમને પ્રાયશ્ચિત્ત લઈને આત્મશુદ્ધિ કરવાથી થતા લાભ વગેરે પ્રસંગોચિત બીનાઓ શાંતિથી અને પ્રેમથી સમજાવીને તેમને (મુનિઓને) પ્રાયશ્ચિત્ત લેવાની ભાવના કઈ રીતે કરાવવી? (૨) આ મુનિએ આ ગુનો સ્વચ્છંદતાથી કર્યો છે કે પરાધીનપણે કર્યો છે? (૩) પહેલા જે અપરાધનું પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરી હતી, તે જ અપરાધ આ મુનિએ ફરી સેવ્યો છે કે બીજો અપરાધ સેવ્યો છે? વગેરે બાબતોના દીર્ઘદૃષ્ટિથી વિચારો કર્યા બાદ જ ગીતાર્થો ગુનેગાર મુનિઓને પ્રાયશ્ચિત્ત આપી શકે. યાદ રાખવું જોઈએ કે પ્રાયશ્ચિત્તના લેનારા મુનિઓ કરતાં તેના દેનારા ગીતાર્થોને માથે બહુ જ જવાબદારી હોય છે. જેમ ન્યાય (ચૂકાદો) આપવો, એ સહેલ વાત નથી, તેમ અપરાધીને યોગ્ય પ્રાયશ્ચિત્ત દેવું, એ પણ સહેલ વાત નથી. માટે જ કહ્યું છે કે હીનાધિક પ્રાયશ્ચિત્તના દેનારા ગીતાર્થો પણ શ્રીજિનશાસ્ત્રના ગુનેગાર બને છે. અહીં તેમ જ બીજા પણ છેદ સૂત્રોમાં ઓછા વધતા પ્રમાણમાં આ તમામ હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

આ શ્રી નિશીથસૂત્રમાં કહ્યું છે કે જે મહાવ્રતાદિની આરાધનામાં અતિક્રમાદિ દોષોને લગાડવારૂપ પ્રતિસેવના કરવી, તે (કાર્ય) કંઈ દુષ્કર નથી, પણ પોતાના આત્માને ભવસમુદ્રથી તારવાની નિર્મળ ભાવના રાખીને સરળ સ્વભાવે જે અપરાધ જે રીતે થયો હોય, તે રીતે જ ગંભીરતાદિ સદ્‌ગુણ નિધાન પરમ ગીતાર્થ મહાપુરુષોની પાસે જણાવે કે આ કારણથી આ રીતે મેં મહાવ્રતાદિમાં અતિક્રમાદિ દોષો લગાડ્યા છે, તો આપ કૃપા કરીને તેનો શુદ્ધિનો ઉપાય બતાવો. આ રીતે પોતાની કરેલી ભૂલને સુધારવાની ભાવના દૃઢધર્મી આસન્નસિદ્ધિક ભવ્ય જીવોના જ મનમાં પ્રગટે છે. માટે જ કહ્યું છે કે નિર્મળભાવે ગીતાર્થ ગુરુની પાસે જ આલોચના કરવી (ભૂલને જણાવવી), તે કાર્ય બહુ દુષ્કર છે.

જેમ બાળક બાપની આગળ સરળ સ્વભાવે પવિત્ર હૃદયથી જે કહેવાનું હોય તે કહે છે, તે જ પ્રમાણે ગીતાર્થ ગુરુ મહારાજ વગેરેની આગળ અપરાધોને કહેવારૂપ આલોચના વગેરે કરવાથી ગીતાર્થો તેના ગુણની અનુમોદના કરીને થોડું પ્રાયશ્ચિત્ત આપે છે. ને તેથી તે જીવ તે પ્રમાણે વર્તીને જરૂર ચોખ્ખો બને છે. આ તમામ બીનાનું મૂળ સ્થાન નવમું પૂર્વ છે. આ રીતે શ્રી નિશીથસૂત્રનો પરિચય બહુ જ ટૂંકામાં જણાવ્યો. ✶ ✶ ✶

## આગમ-વાણી

- *પ્રજ્ઞાશીલ મનુષ્યે સર્વ પ્રકારની યુક્તિઓથી વિચાર કરીને તથા સર્વ પ્રાણીઓને દુઃખ ગમતું નથી એ જાણીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ.*
- *જેઓ મન, વચન અને કાયાથી, શરીરમાં, વર્ણમાં અને રૂપમાં સર્વ પ્રકારે આસક્ત હોય છે તેઓ બધા પોતાને માટે દુઃખ ઉત્પન્ન કરે છે.*
- *વૃદ્ધાવસ્થા અને મૃત્યુરૂપી જલપ્રવાહમાં ઘસડાતા જીવો માટે ધર્મ જ દ્વીપ, પ્રતિષ્ઠાન (આશ્રયસ્થાન), ગતિ અને ઉત્તમ શરણરૂપ છે.*
- *હિંસાથી દુઃખ જન્મે છે. તે વેરને બાંધનારાં અને મહાભંયકર હોય છે. આવું સમજીને બુદ્ધિમાન મનુષ્યે પોતાની જાતને પાપકર્મમાંથી નિવૃત્ત કરવી જોઈએ.*

# શ્રી બૃહત્કલ્પ સૂત્ર

૩૫

☐ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

અહીં કલ્પ એટલે સાધુ-સાધ્વીઓના વિવિધ પ્રકારના આચારોનું અને તે દરેક આચારમાં પ્રાયશ્ચિત લાગવાના કારણો, પ્રાયશ્ચિતને કરવાનો વિધિ વગેરે હકીકતો બહુ જ વિસ્તારથી સમજાવી છે, તેથી આ સૂત્ર બૃહત્કલ્પસૂત્ર આવા યથાર્થ નામે ઓળખાય છે. કલ્પ શબ્દના ઐતિસાહિક તીર્થાદિના વર્ણન વગેરે અર્થો પણ શબ્દકોષાદિમાં જણાવ્યા છે. પણ તે અર્થોમાંથી આચાર રૂપ અર્થ જ આ પ્રસંગે લેવાનો છે. બીજા ગ્રંથોમાં આ સૂત્રના (૧) વેદકલ્પસૂત્ર, (૨) બૃહત્સાધુકલ્પ, (૩) કલ્પાધ્યયન (૪) કલ્પ આચાર નામો પણ જણાવ્યાં છે. તેમાંના ત્રીજા નામનો ઉપયોગ યોગોદ્વહનની ક્રિયા કરતાં ઉદ્દેશાદિ કરવાના આદેશો બોલવામા કરાય છે. ને દસાકપ્પવવહારા અહીં કલ્પ શબ્દથી જ બૃહત્કલ્પસૂત્રનું ગ્રહણ કર્યું છે. બીજા બે નામોનો ઉપયોગ બહુ જ ઓછો જણાય છે. જેમ દશવૈકાલિક સૂત્ર અને ઉત્તરાધ્યયનસૂત્રના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓ મળી શકે છે, તેમ ૬ છેદ સૂત્રોમાં આ શ્રી બૃહત્કલ્પસૂત્રના નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા મળી શકે છે. જે સૂત્રની ઉપર આ ચાર સાધનો મળી શકતાં હોય, તેવાં સૂત્રો બહુ જ ઓછા જણાય છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદ નામના પૂર્વના ત્રીજા આચાર નામે વસ્તુરૂપ વિભાગના વીશમા પ્રાભૃતમાંથી ઉદ્ધાર કરીને આ શ્રી બૃહત્કલ્પસૂત્રની રચના કરી હતી. તે મૂલ સૂત્રનું પ્રમાણ ૪૭૩ શ્લોકો જણાવ્યા છે. તેની સ્વોપજ્ઞ નિર્યુક્તિ તેમણે (શ્રી ભદ્રબાહુસ્વામીએ) રચી હતી, પણ તેની ઘણી ગાથાઓ શ્રી સંઘદાસ ગણિ ક્ષમાશ્રમણે કરેલા લઘુ ભાષ્યમાં ભળી ગઈ છે. કોઈ આચાર્યાદિ મહાપુરુષે નિર્યુક્તિ આદિના આધારે બૃહદ્‌ભાષ્ય લઘુભાષ્ય અને ચૂર્ણિની રચના થયા બાદ રચ્યું છે. અને આ સૂત્રની બે ચૂર્ણિનું પ્રમાણ ૩૧૦૦૦ શ્લોકો અને બીજી નાની ચૂર્ણિનું પ્રમાણ ૧૨૭૦૦૦ શ્લોકો જણાવ્યા છે. શ્રીમલયગિરિ ભાષ્યાદિને અનુસારે આ શ્રી બૃહત્કલ્પસૂત્રની અડધી પીઠિકા સુધીની ૪૬૦૦ શ્લોક પ્રમાણ ટીકા બનાવી હતી. તે અપૂર્ણ રહેવાથી શ્રી ક્ષેમકીર્તિસૂરિજીએ વિ. સં. ૧૩૩૨ માં સુખાવબોદ ટીકા નામ રાખીને બાકીની ૩૭૪૦૦ શ્લોક પ્રમાણ ટીકા પૂર્ણ કરી. તેથી સંપૂર્ણ ટીકાનું પ્રમાણ ૪૨૦૦૦ શ્લોકો થાય છે. આ સૂત્રની ઉપર રચાયેલો ગુજરાતી ટબો વગેરે પણ મળી શકે છે.

આ રીતે નિર્યુક્તિ આદિની બીના ટૂંકામાં જણાવીને હવે ક્રમસર ૬ ઉદ્દેશાની બીના જણાવું છું. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી. આ સૂત્રના ૬ ઉદ્દેશો છે. તેના ૧. પહેલા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓના આહારનો વિધિ અને ઉપાશ્રયમાં ઊતરવાનો વિધિ તથા કલેશ થતાં માંહોમાંહે ખમાવવાની બીના તેમજ વિહાર કરવાનો વિધિ વગેરે બીના સમજાવીને ઉપકરણોને લેવાની (વહોરવાની) વિધિ અને જ્યાં વિહાર ન કરાય તેવા સ્થળોની બીના વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

૨. બીજા ઉદ્દેશામાં સાધુ સાધ્વીઓને ઊતરવા લાયક ઉપાશ્રયનું સ્વરૂપ અને શય્યાતરના અકલ્પ્ય (ન ખપે તેવા) આહારાદિની બીના કહીને વસ્ત્ર અને રજોહરણની બાબતમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

૩ ત્રીજા ઉદ્દેશામાં (૧) વસ્ત્રોને વહોરવાનો વિધિ અને અયોગ્ય કાલનું વર્ણન તથા વંદના કરવાનો વિધિ તેમજ ગૃહસ્થની પાસેથી અમુક કાલ સુધી વાપરવા માટે યાચેલા ઉપકરણાદિને કાર્ય પૂરું થયા પછી પાછા આપવાની વિધિ વગેરે બીના કહીને જે ઉપાશ્રયમાં પહેલાં સાધુઓ રહ્યા છે, ત્યાં વિહાર કરીને આવેલા નવા સાધુઓએ કઈ વિધિએ ઊતરવું જોઈએ? તથા તે પહેલાંના સાધુઓના ઉપકરણાદિની જરૂર હોય તો કઈ વિધિએ તે માંગીને વાપરવા? તેમજ જે સ્થાનનો કોઈ માલિક નથી તે સ્થાને ઊતરવાનો વિધિ વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે. અંતે કહ્યું છે કે શત્રુ રાજાની જ્યાં લશ્કરી સેના ઊતરી હોય ત્યાં સાધુઓએ રહેવું નહીં. પછી ગોચરી અને સ્થંડિલ જવાને માટે ગાઉની મર્યાદા વગેરે બીનાઓ પણ સ્પષ્ટ સમજાવી છે.

૪. ચોથા ઉદ્દેશામાં સંયમનો નાશ કરનાર ત્રણ કારણો અને દશમા તથા નવમા પ્રાયશ્ચિતને આવવાના ત્રણ ત્રણ કારણો તેમજ દીક્ષાને તથા વાંચનાને અયોગ્ય ત્રણ ત્રણ જણાની બીના સ્પષ્ટ સમજાવીને વાંચના આપવા લાયક ત્રણ જણાની બીના અને મહામુશ્કેલીથી સમજાવી શકાય એવા ત્રણ જણની અને સહેલાઈથી સમજાવી શકાય એવા ત્રણ જણાની બીના વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે. પછી અનુક્રમે પહેલી પોરિસીએ લાવેલા આહારની બીના અને વિહારના સ્થળથી આહાર કેટલા ગાઉ સુધી લઈ જઈ શકાય? આ બાબતમાં કલ્પ્ય-અકલ્પ્ય વિધિ તથા શંકિતાદિ સદોષ આહારની બીના તેમજ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને આહાર વ્હોરવાનો વિધિ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે. પછી જ્ઞાનાદિ નિમિત્તે બીજા ગચ્છમાં જવાનો તથા રહેવાનો વિધિ અને બીજા ગચ્છના સાધુઓને ભણાવવા માટે બીજા ગચ્છમાં જવા વગેરેનો વિધિ તથા સાધુ કાલધર્મ પામે તેને નિમિત્તે કરવાનો વિધિ તેમજ કલેશ કરનારને સમજાવવા વગેરેનો અધિકાર સ્પષ્ટ સમજાવીને ક્રમસર પરિહારવિશુદ્ધિ ચારિત્રને પાળનારા મુનિવરોના આહાર વગેરેની બીના અને પાંચ મોટી નદીઓએ

ઊતરવાનો વિધિ તથા મર્યાદા, તેમજ પ્રસંગાનુપ્રસંગે બીજી પણ જરૂરી પ્રાયશ્ચિત્તાદિની હકીકતોને વિસ્તારથી સમજાવી છે.

૫. પાંચમા ઉદ્દેશામાં કલેશ થતા બીજા સંઘાડામાં જતા સાધુ-સાધ્વીઓને સમજાવીને પોતાના ગચ્છમાં પાછા લાવવાની બીના અને આહારાદિને વહોરવાના પ્રસંગે સાચવવા લાયક યતના (જયણા) ધર્મ વગેરેની બીના, તથા સાધુ સાધ્વીના વિહારાદિને અંગે વિધિ નિષેધ માર્ગની મર્યાદા, તેમજ સાધ્વીઓને વર્જવા લાયક ક્રિયાઓ વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે. પછી અનુક્રમે આ તપની અને અભિગ્રહની જરૂરી બીના, અને પલાંઠીવાળીને બેસવાની બાબતમાં, તથા ટેકો દઈને બેસવાની બાબતમાં વિધિ નિષેધની પ્રરૂપણા, તેમજ પાટ વગેરેની ઉપર બેસવાની ને ઊભા રહેવાની બાબતમાં વિધિ નિષેધનું વર્ણન વિસ્તારથી કર્યું છે. પછી ક્રમસર સાધુ-સાધ્વીને વાપરવા લાયક તુંબડું, પુંજણી અને રજોહરણાદિની બીના અને સ્થવિરો જે કારણે પરિહારવિશુદ્ધિક ચારિત્રવાળા મુનિને બોલાવે તે કારણની બીના, તથા સાધુ સાધ્વીને વહોરેલા આહારની બાબતમાં વિધિ-નિષેધ વગેરે હકીકતો વિસ્તારથી સમજાવી છે.

૬. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓને ત્યાગ કરવા લાયક અવર્ણવાદના ૬ ભેદોનું વર્ણન અને જૂઠાં આળ દેવાનો નિષેધ કરીને સંયમ, ભાષા, સમિતિ, ગોચરી, ઈર્યા સમિતિ વગેરે ૬ ગુણોને નાશ થવાના ૬ કારણો અને કલ્પસ્થિતિના ૬ ભેદ (ચારિત્રના સામાયિક, છેદેપિસ્થાપનીય, વગેરે ૬ ભેદ) વગેરે પદાર્થોનું વર્ણન વિસ્તારથી કર્યું છે. આ રીતે શ્રી બૃહત્કલ્પસૂત્રના ૬ ઉદ્દેશાનો પરિચય બહુ જ ટૂંકામાં જણાવ્યો છે, સાધુ-સાધ્વીઓના આચારાદિની સૂક્ષ્મદૃષ્ટિથી વિચારણા કરીને મુનિવરાદિને મોક્ષ માર્ગની આરાધના કરવામાં અપૂર્વ મદદગાર આ શ્રી બૃહત્કલ્પસૂત્રને ગીતાર્થ ગુરુ આદિની પાસે ભણનારા મુનિવરો પોતાનો અને પરનો ઉદ્ધાર જરૂર કરી શકે છે.✷ ✷ ✷

## પ્રગાઢ અંતરાય કર્મ

શ્રમણ શ્રેષ્ઠ ઢંઢણ મુનિ શ્રી નેમિનાથ પ્રભુના પવિત્ર હસ્તે દીક્ષા પામીને ઉત્તમ તપસ્વી બની ગયા. દ્વારિકાનરેશ શ્રી કૃષ્ણ અને રાણી ઢંઢણાના તેઓ સુપુત્ર હતા.

તપસ્વી ઢંઢણ મુનિ તપના પારણે ગોચરી અર્થે નીકળ્યા પણ તેમને સૂઝતો–પોતાને યોગ્ય નિર્દોષ આહાર ગોચરીમાં ન મળ્યો તેથી તેઓ પાછા વળ્યા. ઉપવાસ ચાલુ રહ્યા. બીજા દિવસે પણ એમ જ થયું. ઉપવાસની તપશ્ચર્યા આગળ વધતી રહી. આમ છ દિવસ ચાલ્યું. ઢંઢણ મુનિને થયું કે નક્કી મેં બાંધેલું આ કોઈ અંતરાયકર્મ છે, નહીં તો આમ ન બને. એમણે ભગવાનને કારણ પૂછ્યું.

ભગવાને કહ્યું કે, 'હે મુનિવર, પૂર્વજન્મના નિકાચિત અંતરાયકર્મના કારણે તને આહાર મળતો નથી. આજથી પૂર્વે ૯૯,૯૯,૯૯૯ ભવમાં તું વિંધ્યાચલ પ્રદેશમાં, હુણ્ડક ગ્રામમાં સોવિર નામે સમૃદ્ધ ખેડૂત હતો. ત્યાંના રાજા ગિરિસેને રાજ્યની તમામ જમીન તને ખેડવા આપી. તેં મજૂરો, બાળકો, હળવાહકો ભેગા કર્યા. જમીન ખેડાવવાનો અને વાવણીનો આરંભ કર્યો. ખૂબ ગરમીના એ દિવસો હતા. બપોર થઈ. સૌ ભૂખ્યા થયા હતા. ભોજન આવ્યું. બધા જમવા બેઠા ત્યારે તું બહાર ગયેલો. પાછો વળ્યો ત્યારે સહુ જમતા હતા. પણ તેં ક્રોધ કરીને કહ્યું કે હજી કામ બાકી છે, એક ચક્કર હજી વધુ માર્યા પછી જ જમવાનું છે. એમણે તારી આજ્ઞા તો માની પણ એમનું અંતર કકળતું હતું. એ સમયે તેં ગાઢ, નિકાચિત અંતરાયકર્મ ઉત્પન્ન કર્યું. ત્યાર પછી, અનેક જન્મ વીત્યા પછી, કોઈ મુનિનો તને મેળાપ થયો. તેમની ધર્મદેશના તેં સાંભળી. તને સમ્યક્ત્વ થયું. તેં દીક્ષા લીધી ને પછી દેવભવ મળ્યો. ત્યાંથી ચ્યવન પામીને તું રાણી ઢંઢણાની કુક્ષિએ જન્મ્યો. એ જન્મે બાંધેલું અંતરાયકર્મ તને આ ભવે, આ સ્વરૂપે ઉદયમાં આવ્યું છે તેથી નિર્દોષ ગોચરી મળતી નથી.'

ઢંઢણ મુનિને ખૂબ પસ્તાવો જાગ્યો. એમણે કહ્યું, 'હે ભગવંત, પૂર્વ નિયોજિત કર્મની નિર્જરા માટે હું અભિગ્રહ લઉં છું કે પરનિમિત્તે થનાર લાભને હું સ્વીકારીશ નહીં.'

ઢંઢણ મુનિ એ કઠોર અભિગ્રહ પછી ગોચરી નિમિત્તે જતા પણ નિર્દોષ આહાર મળતો નહીં. આમ છ મહિના થયા.

શ્રીકૃષ્ણએ એક વાર શ્રીનેમિનાથ પ્રભુને પૂછ્યું, 'ભગવંત, આપના સર્વસાધુગણમાં ઉગ્ર તપસ્વી સાધુ કોણ છે?'

પ્રભુ બોલ્યાઃ 'મારા શ્રમણસંઘમાં સર્વપ્રથમ મોક્ષગામી થનાર, દુષ્કર ક્રિયા કરનાર, ઉગ્ર તપસ્વી સાધુ ઢંઢણ મુનિ છે, જે તમારા પુત્રરત્ન છેઃ અત્યારે તે ગોચરી ગયા છે, તમને રસ્તામાં મળશે.'

શ્રીકૃષ્ણ ગજરાજ પર સવાર થઈ પાછા વળતા હતા ત્યારે ઢંઢણ મુનિને તેમણે જોયા. હાથી પરથી ઊતરીને ભાવથી વંદન કર્યું. નગરના એક શેઠે આ જોયું. તે સમજ્યા કે આ કોઈ મહામુનિ છે. તેમણે મુનિને ઘરમાં નિમંત્રીને મોદક વહોરાવ્યા. મુનિ સમજ્યા કે હાશ, આજે અંતરાયકર્મ તૂટ્યું! એ પ્રભુ પાસે ગયા. ગોચરીને પ્રભુને બતાવીને કહ્યું કે 'આજે મને નિર્દોષ આહાર મળ્યો લાગે છે!' પ્રભુએ 'ના' કહી. કહ્યું કે, 'આ આહાર શ્રીકૃષ્ણના નિમિત્તે થયેલો લાભ છે.'મુનિવર વિચારમાં ડૂબ્યાઃ મારા અભિગ્રહ મુજબ મને અન્ય નિમિત્તે મળે તો તે મારાથી લેવાય નહીં. એ મોદક પ્રાસુક જગ્યાએ પરઠવવા ગયા.

મુનિ જમીનમાં મોદક પરઠવતા જાય છે ને તે સમયે શુક્લધ્યાનની ઉચ્ચત્તમ કક્ષાએ પહોંચી જાય છે; એ જ સમયે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે! શ્રી ઢંઢણમુનિ કેવળજ્ઞાન પામીને ધર્મનો ઉપદેશ દેતા પૃથ્વી પર સર્વત્ર વિહરવા માંડ્યા.

☐ **આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી વ્યવહાર સૂત્ર

૩૬

□ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

આ સૂત્રમાં સાધુ-સાધ્વીઓના વ્યવહારનું વર્ણન વિસ્તારથી કર્યું છે, તેથી આ સૂત્ર વ્યવહાર સૂત્ર નામે ઓળખાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નવમા પૂર્વના આચાર વસ્તુના વીસમા પ્રાભૃતમાંથી ઉધ્ધૃત કરીને આ શ્રી વ્યવહાર સૂત્રની રચના કરી હતી. બૃહટ્ટિપનિકાદિમાં કહ્યું છે કે આ શ્રી વ્યવહાર સૂત્રના મૂળ ગ્રંથનું પ્રમાણ ૩૭૩ શ્લોકો છે. આ સૂત્રની સ્વોપજ્ઞ નિર્યુક્તિ (મૂળ સૂત્રના કરનાર શ્રી ભદ્રબાહુસ્વામીએ રચેલી નિર્યુક્તિ)ની ગાથાઓ ભાષ્યની ગાથાઓમાં ભળી ગઈ છે. આ ભાષ્યનું પ્રમાણ ૬૪૦૦ શ્લોકો અને ચૂર્ણિનું પ્રમાણ ૧૨૦૦૦ શ્લોકો જણાવ્યા છે તથા શ્રી મલયગિરિ મહારાજે ભાષ્યાદિને અનુસરીને બનાવેલી ટીકાનું પ્રમાણ ૩૩૬૨૫ (૩૪૬૨૫) શ્લોકો કહ્યા છે. આ સૂત્રનો વિ. સં ૧૫૭૩ની પહેલાં રચાયેલો ગુજરાતી ટબો (સ્તબકાર્થ) હુંડી વગેરે પણ છે. અહીં દશમા ઉદ્દેશામાં કાંચનપુરમાં પાણીની રેલ આવી હતી એમ કહ્યું છે. આ શ્રી વ્યવહાર સૂત્રના દશ ઉદ્દેશા છે તે દરેક ઉદ્દેશાનો પરિચય ટૂંકમાં આ પ્રમાણે છેઃ

૧. પહેલા ઉદ્દેશામાં વિસ્મૃતિ (ભૂલી જવું), પ્રમાદાદિ કારણોમાંના કોઈપણ કારણથી ચારિત્રાદિકમાં લાગેલા દોષોની, સરળ સ્વભાવે આલોચનાદિ કરવાનો વિધિ, અને તે દરેકને અંગે જરૂરી પ્રાયશ્ચિત્તાદિનું વર્ણન, તથા પ્રસંગાનુપ્રસંગે બીજી પણ ખાસ જરૂરી ઘણી બીનાઓ વિસ્તારથી સમજાવી છે.

૨. બીજા ઉદ્દેશામાં ગ્રામાનુગ્રામ (એક ગામથી બીજે ગામ) વિધિપૂર્વક વિહાર કરતા ઘણાં મુનિવરોમાંના કેટલાએક મુનિવરો પ્રમાદાદિ કારણોમાંનાં કોઈપણ કારણથી મૂળ ગુણાદિમાં અતિક્રમાદિ દોષોમાંના કોઈપણ દોષથી દૂષિત થયા હોય, તો તેમણે અને બીજા (અદૂષિત) મુનિવરોએ માંહોમાંહે કઈ રીતે વર્તવું? એટલે ગોચરી આદિનો વ્યવહાર કઈ રીતે સાચવવો જોઈએ? વગેરે વ્યવહારોનું સ્પષ્ટીકરણ કરવાના ઈરાદાથી સૂત્રકારે આ બીજા ઉદ્દેશાની રચના કરી છે.

૩. ત્રીજા ઉદ્દેશામાં સાધુ સમુદાયમાં નાયક તરીકે અનુક્રમે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, ગણાવચ્છેદક અને સ્થવિરોને જણાવ્યા છે તેમાં (૧) આચાર્ય મહારાજ ગચ્છના સાધુઓને (સૂત્રોના) અર્થની વાચના આપે છે, અને સ્મરણાદિ પ્રકારે ગચ્છને મોક્ષમાર્ગની આરાધના કરાવે છે. (૨) ઉપાધ્યાયજી મુનિવરાદિને સૂત્રની વાચના આપે, ને યુવરાજની માફક આચાર્યને ગચ્છાદિના કાર્યોમાં મદદ કરે છે. (૩) પ્રવર્તક જે સાધુ વૈયાવચ્ચ અધ્યયનાદિ કાર્યોમાંના જે કાર્યને કરવા લાયક હોય, તેને તે કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે. (જોડે છે) (૪) ગણાવચ્છેદક – આચાર્યાદિની આજ્ઞા પ્રમાણે ગચ્છને લાયક ક્ષેત્રની તપાસ કરે છે, ને જરૂરી ઉપકરણાદિ પદાર્થો પૂરા પાડે છે. (૫) સ્થવિર – સંયમાદિની આરાધનામાં સીદાતા મુનિઓને સ્થિર કરે છે. તેમના જ્ઞાન સ્થવિરાદિ ત્રણ ભેદોની અને તેમાં પણ જઘન્યાદિ ભેદે જુદી જુદી વિચારણા પહેલાં જણાવી છે. ચારિત્ર-જ્ઞાનગાંભીર્યાદિ ગુણોમાંના કયા કયા ગુણોને ધારણ કરનાર મુનિવરાદિમાંથી કોણ કયા પદને લાયક છે? અને આચાર્યાદિ પદવી કોને અપાય? તથા કોને ન અપાય? વગેરે હકીકતોને સમજાવવા માટે સૂત્રકારે આ ત્રીજા ઉદ્દેશાની રચના કરી છે.

૪. ચોથા ઉદ્દેશામાં પૂર્વે જણાવેલા આચાર્યાદિ પાંચમા કોઈપણ પદસ્થ મહારાજ કેટલા સાધુઓની સાથે વિહાર કરીને કેટલા મુનિઓની સાથે ચોમાસું કરે? વગેરે પ્રશ્નોના ઉત્તરોને સ્પષ્ટ સમજાવતો આ ચોથો ઉદ્દેશો છે. એટલે આચાર્યાદિને વિહાર કરવાની ને ચોમાસું કરવાની બીના અહીં વિસ્તારથી સમજાવી છે.

૫. પાંચમા ઉદ્દેશોમાં પ્રવર્તિની સાધ્વીએ કેટલી સાધ્વીઓની સાથે વિહાર કરવો જોઈએ? ને કેટલી સાધ્વીઓની સાથે ચોમાસું કરવું જોઈએ? વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે.

૬. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુ-સાધ્વીઓએ કઈ રીતે ક્યાં ભિક્ષા લેવા જવું જોઈએ? એ જ પ્રમાણે નિર્દોષ સ્થંડિલની બીના અને વસતિની બીના જણાવીને કહ્યું છે કે નિર્દોષ પ્રદેશમાં મુનિવરાદિએ સ્થંડિલ (ઠલ્લે) જવું જોઈએ. નિર્દોષ વસતિમાં રહેવું જોઈએ કે જેથી સંયમાદિની રક્ષા થાય અને સ્વાધ્યાયાદિનો વિધિ પણ સાચવી શકાય. અહીં જુદી જુદી ભૂલોના જુદા જુદા પ્રાયશ્ચિત્ત વગેરેનું વર્ણન કર્યું છે.

૭. સાતમા ઉદ્દેશામાં એક સાધ્વી સમુદાયમાંથી બીજા સાધ્વી સમુદાયમાં ગયેલી સાધ્વીને સાચવવાનો વિધિ તથા સાધ્વીઓના બીજા પણ સ્વાધ્યાયાદિના નિયમ અને વ્યવહારાદિનું સ્વરૂપ સ્પષ્ટ જણાવ્યું છે.

૮. આઠમા ઉદ્દેશામાં કોઈ ગ્રામાદિમાં ઊતરવાનાં ઉપાશ્રયાદિ સ્થાનો ન હોય તો સાધુ-સાધ્વીઓએ પોતાને વાપરવા માટે ગૃહસ્થના ઘરનો કેટલો ભાગ કઈ રીતે યાચવો? તથા વિહાર કરતાં કઈ વિધિએ તે ભળાવવો? આ બીનાઓને સ્પષ્ટ સમજાવીને ગૃહસ્થની પાસેથી પાટ પાટલા વગેરેને યાચીને લાવવાનો વિધિ અને ખપે એવાં પાત્રાદિ ઉપકરણોનું પ્રમાણ તથા આહારાદિને વાપરવાનો વિધિ વગેરે હકીકતોને સ્પષ્ટ સમજાવી છે.

૯. નવમા ઉદ્દેશામાં સંયમી જીવનની અપૂર્વ સાધનારુપ બાર ભિક્ષુપ્રતિમાઓને આરાધતાં સાચવવાના આચાર વગેરેનું સ્વરૂપ સમજાવીને સાધુ-સાધ્વીઓને વાપરવા લાયક શય્યાતર (મકાનના માલિક)ના મકાનની બીના તથા પ્રસંગાનુપ્રસંગે બીજી પણ મુનિ વ્યવહારની બીનાઓ સ્પષ્ટ સમજાવી છે.

૧૦. દશમા ઉદ્દેશામાં અનુક્રમે અભિગ્રહોની અને પરીષહાદિની

બીના કહીને વ્યવહારના (૧) આગમ વ્યવહાર, (૨) શ્રુત વ્યવહાર, (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જીત વ્યવહાર, આ રીતે પાંચ વ્યવહારોનું સ્પષ્ટ સ્વરૂપ અને પુરુષના તથા આચાર્યના અને શિષ્યના ૪-૪ ભેદોનું સ્વરૂપ તેમ જ સ્થવિરોની અને શિષ્યોની ત્રણ ત્રણ ભૂમિકાનું વર્ણન વિસ્તારથી કર્યું છે. ચારિત્રાદિ ગુણોની સ્થિરતા અને વૃદ્ધિ વગેરે થવાના અપૂર્વ સાધનરૂપ ગુરુકુલ વાસમાં રહેલા નવા સાધુઓ શરૂઆતના ત્રણ વર્ષમાં આવશ્યક સૂત્રના ને દશવૈકાલિક સૂત્રના યોગોદ્વહન કરવાપૂર્વક અભ્યાસ કરીને છેદોપસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા)ને સ્વીકાર્યા પછી અનુક્રમે ઉત્તરાધ્યયન સૂત્રના ને આચારાંગ સૂત્રના યોગોદ્વહન કરવાપૂર્વક અધ્યયન કરે છે. આ રીતે ત્રણ વર્ષનો દીક્ષાપર્યાય થયા પછી અનુક્રમે શ્રી નિશીથસૂત્રાદિના યોગોદ્વહન કરાવીને જેમ જેમ દીક્ષાપર્યાય વધતો જાય, તેમ તેમ કયા કયા સૂત્રના યોગોદ્વહન કરાવીને કયા કયા સૂત્રો ભણાવાય? આ હકીકતને સ્પષ્ટ સમજાવી છે. અંતે કહ્યું છે કે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) શૈક્ષ (૬) ગ્લાન સાધુ (૭) સાધર્મિક (૮) કુલ (૯) ગણ (૧૦) સંઘ–આ દશની વૈયાવચ્ચ કરતાં ઘણા કર્મોની નિર્જરા થાય છે અને અંતે મોક્ષના સુખ પામે છે.

આ શ્રી વ્યવહાર સૂત્રમાં મુનિઓના જુદી જુદી જાતના વ્યવહારોનું વર્ણન વધારે પ્રમાણમાં છે. તેની સાથે પ્રાયશ્ચિત્તાદિનું પણ વર્ણન વિસ્તારથી કર્યું છે. તેથી આત્માર્થી મુનિવરાદિને મોક્ષમાર્ગની સાત્ત્વિકી આરાધના કરાવનારૂં આ શ્રી વ્યવહાર સૂત્ર છે. આ સૂત્રને ગુરુગમથી વિધિપૂર્વક જાણનારા મુનિવરો દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાદિને ઓળખીને સ્વપર જીવોના નિર્વાહક જરૂર થઈ શકે છે. આ રીતે શ્રી વ્યવહાર સૂત્રનો ટૂંક પરિચય જાણવો.

✷ ✷ ✷

## ક્ષમાનિધિ ગજસુકુમાર

ગજસુકુમાર મુનિ, તમે શ્રીકૃષ્ણ વાસુદેવ અને ભગવાન નેમિનાથના લઘુબંધુ હતા. ફક્ત ૧૨ વર્ષની જ ઉંમર હતી. તમારી ને તે સમયે તમે સહસ્રાવનમાં ગયા હતા. ભગવાન નેમિનાથ સમવસરણમાં વૈરાગ્યપ્રેરક દેશના આપતા હતા તે તમે સાંભળી અને તમારો આત્મા જાગ્રત થઈ ગયો, સંસાર અસાર લાગ્યો, તમે તત્ક્ષણ પ્રભુના પાવન હસ્તે જ પ્રવજ્યા સ્વીકારી પ્રમાદનો અને પ્રમોદનો સંપૂર્ણ ત્યાગ કરીને તમે તપ, જપ આદર્યાં.

તમે ભગવાન નેમિનાથને થોડા સમય પછી પૂછ્યું: 'પ્રભુ, મને આજ ભવમાં મોક્ષપ્રાપ્તિ થાય તેવી આરાધના કહો!'

પ્રભુના સ્મિતમાં જાણે કલ્યાણની ફૂલમાળ રચાઈ રહી હતીઃ 'હે મુનિવર, તમે સ્મશાનમાં ધ્યાન ધરશો તો આજ ભવમાં મુક્તિસુખ પામશો.'

અને તમે ઊપડ્યા સ્મશાનમાં જવા. સુકુમાર તમારી કાયા, બાળ વયને વિસારીને તમે કાઉસગ્ગમાં સ્થિર થયા.

સોમલ બ્રાહ્મણને ખબર પડી આ વાતની. તેની સુંદર પુત્રી સાથે તમારી બાળવયમાં જ સગાઈ થઈ હતી. સોમલ રૂંવાડે રૂંવાડે ક્રોધથી કંપી રહ્યો. જેની સાથે પોતાની લાડલીનું સગપણ કર્યું હોય તે આમ વૈરાગી બની જાય તે કેમ સહન થાય? સોમલ પણ દીકરીનો બાપ હતો ને?

સોમલ તમને શોધતો સ્મશાનમાં આવી ચડ્યો. ગુસ્સાથી ધુંઆંપુંઆં થઈ ગયો હતો એ. એણે તમારા મુંડિત શિર પર ચીકણી માટીની વાડ કરી. પછી સુકાવા દીધી, ને પછી તેણે તેમાં સ્મશાનના ધગધગતા અંગારા ભર્યા! છતાં તમે તો શાંત જ ઊભા રહ્યા!

સોમલ શાંત થયો નહોતો, થતો નહોતો. એ ક્રોધથી કાંપતો હતો. મુનિના માથા પર બનાવેલી સગડીમાં એ અંગારા ઓરતો જ જતો હતો! તોય ગજસુકુમાર મુનિ! તમે તો શાંત જ ઊભા હતા. તમે સોમલ બ્રાહ્મણને ઓળખી ગયા હતા પણ તમે અંતરથી શ્રમણ હતા તે એ કયાં જાણતો હતો? તમે તો વિચારવા માંડ્યા હતા કે આવા શ્વસુર તો કોઈને જ મળતા હશે કે જે મોક્ષની પાઘડી પહેરાવે! ધન્ય રે મુનિવર, તમારી સમતાને!

સોમલ બ્રાહ્મણે તમારા માથા તરફ પવન નાંખ્યો, લાકડાં ભડભડ સળગ્યાં ને સોમલ નફ્ફટ બનીને પાછો વળી ગયો. તમને કારમી પીડા થતી હતી, માથામાં લાવા સળગતો હતો, શરીરમાં વેદનાના કાળોતરા ડંખ ઊભરાતા હતા!

બાર વર્ષનો એક સુકુમાર સાધુ! નવદીક્ષિત બાળમુનિ! મુખ પર હજી તો દૂધમલ આભા હતી ને આજે કાળઝાળ વેદના સહન કરવામાં શૂરવીર યોદ્ધા બની ગયા હતા! તમારું અંતરમન ચિંતવતું હતું:

સોમલ વિપ્ર તો ઉપકારી છે! સંસારની પાઘડી તો ક્ષણભર પણ ન ટકી હોત, આ મુક્તિ વરદાયિની પાઘડી તો અમર રહેશે! શાશ્વતકાલીન સુખ આપશે! રે જીવ, સોમલ વિપ્ર માટે કે કોઈના પણ માટે અશુભનો વિચાર ન કર, સૌનું કલ્યાણ વાંછ. આ તો કસોટીની ક્ષણ છે. આત્માના ધ્યાનમાં રમમાણ બન!

થોડીક જ ક્ષણનો ખેલ. શરીર ઢળી પડ્યું તમારો આત્મા મુક્તિપદ પામ્યો!

ગજસુકુમાર મુનિવર, તમે મુક્તિધામમાંથી પણ અમને નિહાળો છો ને તમારી અનન્ય સમતાસાધનાને ઉલ્લાસથી અમે સ્મરીએ છીએ તે પણ તમે જાણો છો. અમે એટલું જ માગીએ છીએ હે મહામુનિ! કે અમને પણ તમારા જેવી જ સમતા, સાધના અને સિદ્ધપદ મળજો!

**☐ આચાર્ય વાત્સલ્યદીપજી મ. સા.**

# શ્રી દશાશ્રુતસ્કંધ

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

૩૭

ચૌદ પૂર્વોના ધારક પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે નવમા શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વમાંથી ઉધ્ધૃત કરીને આ શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રની રચના કરી હતી. અહીં દશ દશાનું વર્ણન હોવાથી આ સૂત્ર દશાશ્રુતસ્કંધ નામે ઓળખાય છે. શ્રી નંદીસૂત્રાદિમાં આનું દસા નામ કહ્યું છે ને શ્રી સ્થાનાંગસૂત્રાદિમાં આચાર દશા અને દશાશ્રુત વગેરે નામો પણ જણાવ્યા છે. શ્રી વ્યવહારસૂત્રના ત્રીજા અને દશમા ઉદ્દેશા વગેરેમાં બૃહત્‌કલ્પ અને વ્યવહારસૂત્રની સાથે શરૂઆતમાં આ દશાશ્રુતસ્કંધને દસા કપ્પવવહાર સુયકખંધો આ રીતે કહ્યો છે. આ ત્રણે સૂત્રોને એક જ શ્રુતસ્કંધરૂપે શ્રી બૃહત્‌કલ્પસૂત્રની નિર્યુક્તિની ૨૬૬મી ગાથામાં નિર્દેશ કર્યો છે. તેમ જ યોગવિધિ, સામાચારી આદિ ગ્રંથોમાં પણ તે જ પ્રમાણે નિર્દેશ કર્યો છે. અહીં જણાવેલી દશ દશા (વિભાગ)માંની ૮મી અને દશમી દશાને બીજા ગ્રંથોમાં અધ્યયન તરીકે પણ જણાવી છે અને બાકીના ૮ વિભાગો દશા નામથી પ્રસિદ્ધ છે. આ રીતે દશ દશામાંની (૧) પહેલી અસમાધિસ્થાન નામની દશામાં અસમાધિ એટલે ચિત્તની અસ્વસ્થતાને (અશાંતિને) કરનારા કષાયની ઉદીરણા કરવી, અજયણાએ બેસવું વગેરે ક્રિયા કરવી, વગેરે જે ૨૦ કારણોથી અસમાધિ થાય છે, તે અસમાધિસ્થાનોનું વર્ણન કર્યું છે. (૨) બીજી સબલ દોષ નામની દશામાં ચારિત્રને શબલ એટલે કાબરચીતરું (મલિન) કરનારા ૨૧ શબલ દોષોનું વર્ણન કર્યું છે. (૩) ત્રીજી આશાતના નામની દશામાં ગુરુ મહારાજની આશાતના થવાના ૩૩ કારણોને જણાવીને તેને વર્જવાનું કહ્યું છે. (૪) ગણિસંપદા નામની દશા (અધ્યયનાદિ જેવા વિભાગ)માં શ્રી આચાર્ય મહારાજની આઠ સંપદાઓનું વર્ણન, તેના ભેદો અને પ્રભેદો તથા વિનયના ભેદાદિનું વર્ણન કર્યું છે. (૫) પાંચમી ચિત્તસમાધિસ્થાન નામની દશામાં ચિત્તની સમાધિના ૧૦ કારણોને કહીને તે કારણોને સેવવાની ભલામણ કરી છે. (૬) ઉપાસક પ્રતિમા નામની દશામાં શ્રાવકની ૧૧ પ્રતિમાઓનું વર્ણન કર્યું છે. (૭) સાતમી ભિક્ષુપ્રતિમા નામની દશામાં સાધુને આરાધવા લાયક ૧૨ પ્રતિમાઓનું (એક જાતની અભિગ્રહાદિવાળી વિશિષ્ટ ક્રિયાઓનું) સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. (૮) આઠમી પર્યૂષણાકલ્પ નામની દશામાં પ્રભુ મહાવીર દેવાદિના જીવન ચરિત્રો, સ્થાવરાવલી અને સામાચારીનું વર્ણન કર્યું છે. આ પર્યૂષણાકલ્પનું જ નામ બારસાસૂત્ર (કલ્પસૂત્ર) કહેવાય છે. તે દર વર્ષે પર્યુષણા મહાપર્વમાં વંચાય છે. (૯) નવમી મોહનીયસ્થાન નામની દશામાં જેથી મોહનીયકર્મ બંધાય, તેવાં ૩૦ કારણો જણાવીને તે દરેક કારણને તજવાની ભલામણ કરી છે. (૧૦) આયતિસ્થાન નામની દશામાં નવ નિયાણાંનું વર્ણન કરીને તેને તજવાની સૂચના કરી છે. હું આ સંયમાદિની આરાધના કરીને ભવાંતરમાં ઇંદ્રાદિની ઋદ્ધિ વગેરે પામું, અથવા કરેલી આરાધનાના ફળરૂપે ભવાંતરમાં હું ઈંદ્રાદિરૂપે જન્મ પામું. આ રીતે સાંસારિક પદાર્થોની જે ઈચ્છા કરવી તે નિયાણું કહેવાય.

**શ્રી દશાશ્રુતસ્કંધના નિર્યુક્તિ, ચૂર્ણિ આદિનું ટૂંક વર્ણન**

આ સૂત્રના અર્થને જાણવા માટે બે પ્રાકૃત સાધનો છે. તેમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ આ સૂત્રની ૨૧૦૬ શ્લોક પ્રમાણ (૨૨૨૫ શ્લોક પ્રમાણ) નિર્યુક્તિ રચી છે, તે હાલ હયાત છે. ચૂર્ણિનું પ્રમાણ ૪૩૨૧ શ્લોકો કહ્યા છે, તથા શ્રી બ્રહ્મમુનિએ જનહિતા નામની સંસ્કૃત ટીકા રચી છે તેમ જ કોઈએ ગુજરાતી ટિપ્પનક પણ રચ્યું છે. તેની રચના વિ. સં. ૧૬૭૭ની પહેલાના સમયે થઈ હોય એમ કેટલાએક ઐતિહાસિક ગ્રંથોમાં જણાવ્યું છે. આ શ્રીદશાશ્રુતસ્કંધના ૧૨૧૬ શ્લોક પ્રમાણ આઠમા અધ્યયનરૂપ શ્રી કલ્પસૂત્રની નિર્યુક્તિની ૬૮ ગાથાઓ છે અને ચૂર્ણિનું પ્રમાણ ૭૦૦ શ્લોકો કહ્યા છે. શ્રી વિનયચંદ્રસૂરિએ રચેલા શ્રી કલ્પનિરુક્ત ટિપ્પનકનું પ્રમાણ ૧૫૮ શ્લોક તેમ જ શ્રી પૃથ્વીચંદ્રે બનાવેલ ટિપ્પનકનું પ્રમાણ ૬૪૦ શ્લોકો જણાવ્યા છે. વળી ઉ. શ્રી ધર્મસાગરજીએ કલ્પસૂત્રની કલ્પ કિરણાવલી ટીકા અમદાવાદમાં બનાવી છે. ઉ. શ્રી વિનયવિજયજીએ કલ્પ સુબોધિકા ટીકા રચી છે તે ઘણાં સ્થળે વંચાય છે. તપાગચ્છના આચાર્યાદિ મહાપુરુષોએ કલ્પકૌમુદી, કલ્પદીપિકા, કલ્પપ્રદીપિકા વગેરે ટીકાઓ અને ખરતરગચ્છના શ્રી જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૪૬માં સંદેહવિષૌષધિ નામે ટીકા તથા શ્રી જિનવલ્લભસૂરિ આદિએ રચેલી કલ્પકલ્પલતા વગેરે ટીકાઓમાંની ઘણીખરી છપાઈ પણ છે. આ શ્રી દશાશ્રુતસ્કંધમાં સાધુઓની ને શ્રાવક ધર્મની પણ બીનાઓ વર્ણવી છે. ✷ ✷ ✷

**આગમ-વાણી**

• *કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ)ને અગ્નિ કહેવામાં આવે છે. શ્રુત, શીલ અને તપને જલ કહેવામાં આવે છે. શ્રુતરૂપી જલની ધારા છાંટવાથી ઠંડી પડી ગયેલી અને છિન્નભિન્ન થયેલી તે જ્વાળાઓ મને દઝાડતી નથી.*

# શ્રી જિતકલ્પસૂત્ર – મહાભાષ્યસૂત્ર

૩૮

☐ ડૉ. રસિકલાલ મહેતા

☐ **પ્રારંભ :**

મૂર્તિપૂજક સંપ્રદાયની માન્યતા મુજબ ૬ છંદસૂત્રો છે. જિતકલ્પસૂત્ર પાંચમું છેદ સૂત્ર છે. સંયમ જીવનની નિર્મળતા જળવાઈ રહે તે હેતુથી છેદસૂત્રનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેદસૂત્રો એટલે સાધકની જિંદગીના છિદ્રો (ભૂલો)ની સારવારનાં સૂત્રો. છિદ્રો ઊભા કરવાનું કામ તે ઉદય કર્મનું છે. તેની સારવાર ક્ષયોપશમ ભાવની જાગૃતિ સિવાય શક્ય નથી. આ સૂત્રોમાં કર્મયોગે ઊભી થયેલી મુશ્કેલીઓનું વર્ણન અને તેના ઉકેલનું માર્ગદર્શન મળે છે. આ સૂત્રો જૈન આચારધર્મની ચાવી છે.

અનાદિકાલીન સંસ્કારે સાધક અનેકવાર સ્ખલના પામે છે. સાધના માર્ગથી ચલિત થાય છે. ક્યારેક સાધક આચાર પાલનમાં નાના મોટા દોષોનું સેવન કરે છે. વ્રતમાં છિદ્રો પડે છે. આ છિદ્રને પૂરી દેવા, ખંડિત વ્રતને અખંડિત બનાવવા માટે આચાર્ય ભગવંતોએ ઉપાયો દર્શાવ્યા છે. થોડા ઉપાયો આ જિતકલ્પસૂત્રમાં દર્શાવ્યા છે.

☐ **પરિચય :**

૧૦૩ ગાથાના આ સૂત્રમાં, સાધુ જીવનમાં લાગેલા અતિચારો અને અનાચારો દર્શાવી, એને માટેના વિવિધ પ્રાયશ્ચિત્તોનું વર્ણન મળે છે. તેથી આ સૂત્રને પ્રાયશ્ચિત્ત સૂત્ર પણ કહી શકાય. ઉપરાંત સાધકને આચાર ધર્મની અશુદ્ધિમાંથી વિશુદ્ધિમાં લાવવાનું પણ વર્ણન હોવાથી તેને સંયમ વિશુદ્ધિ સૂત્ર પણ કહી શકાય. આ ખૂબ ગંભીર અર્થ ધરાવતું આગમ છે અને તેનો પાઠ ગીતાર્થ ગુરુ ભગવંતો શિષ્યોને આપી શકે છે. શિષ્ય આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધે અને એના માર્ગમાં આવતી ભૂલોનું નિવારણ કરી એને વધુ સારી રીતે સંયમ પાલનમાં સુદૃઢ કરવાનું કામ ગીતાર્થ ગુરુ ભગવંતો કરે છે.

☐ **આ આગમનું મહત્ત્વ :**

બધા છેદસૂત્રોની જેમ આ સૂત્રનું પણ મુખ્ય કાર્ય સાધક સિંહની જેમ દીક્ષા લે અને સિંહની જેમ પાળે અને અંતે મોક્ષ પ્રાપ્ત કરે એ માટેનો પુરુષાર્થ વર્ણવવાનું છે. આચાર્ય ભગવંતો, પંચાસારનું પાલન કરે અને કરાવે એ દૃષ્ટિએ 'પાળે પળાવે પંચાચાર' – (૧) જ્ઞાનાચાર,(૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર. આ પાંચેય આચારનું વીતરાગની આજ્ઞા મુજબનું પાલન થાય તો જ સાધકને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. દોષમુક્તિ માટે આ આગમ અગત્યનું બની રહે છે. અતિચાર અને અનાચારના દોષોના નિવારણ માટે પ્રાયશ્ચિત્તનું સચોટ વિધાન કરવામાં આવ્યું છે.

☐ **પ્રાયશ્ચિત્ત પ્રકાર :**

દોષ વિશુદ્ધિ માટેની પ્રક્રિયાને પ્રાયશ્ચિત્ત કહે છે. છેદસૂત્રોમાં ચાર પ્રકારના પ્રાયશ્ચિત્તનું વર્ણન મળે છે. (૧) ગુરુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત (૨) ગુરુ માસિક પ્રાયશ્ચિત્ત (૩) લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત અને (૪) લઘુ માસિક પ્રાયશ્ચિત્ત.

કયા દોષનું કોને કેટલું પ્રાયશ્ચિત્ત આપવું તેનો અધિકાર ગુરુનો જ છે. તેમાં શિષ્યની બુદ્ધિ કે તર્ક વિતર્કને કશું સ્થાન નથી. સાધુએ કેવા સંજોગોમાં, કેવા ભાવમાં, દોષસેવન કર્યું છે તેની ગુરુ યથાર્થ રીતે જાણકારી મેળવીને તેમ જ શિષ્યની યોગ્યતા અને શક્તિનો વિચાર કરીને, નિષ્પક્ષભાવે-તટસ્થતાથી પ્રાયશ્ચિત્ત આપે છે અને શિષ્ય પણ તેનો ખૂબ ઉમંગથી સ્વીકાર કરે છે. ગુરુ આજ્ઞાને શિરોધાર્ય ગણી વિશુદ્ધિ માટે પ્રવૃત્ત થાય છે.

**પ્રાયશ્ચિત્ત માટે** આ સૂત્રમાં પાંચ વ્યવહારની વિગત મળે છે.

**પાંચ વ્યવહાર :** પાંચ પ્રકારના વ્યવહારથી જિનશાસન ચાલે છે. વ્યવહાર એટલે શું ? જેનાથી વિવિધ અથવા વિવાદાસ્પદ વિષયોનું નિર્ધારણ થાય–સમાધાન થાય તેને વ્યવહાર કહે છે.

**વ્યવહારના પાંચ પ્રકાર :** (૧) આગમ વ્યવહાર (૨) શ્રુત વ્યવહાર (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જિત વ્યવહાર. પ્રત્યેકની થોડી વિગત જોઈએ.

**(૧) આગમ વ્યવહાર :** દર્શપૂર્વીથી લઈને કેવળજ્ઞાની પોતાના જ્ઞાનથી સંયમી જીવનની પ્રવૃત્તિ નિવૃત્તિ રૂપ વ્યવહારનો નિર્ણય કરે તે આગમ વ્યવહાર છે.

**(૨) શ્રુત વ્યવહાર :** ઉપર દર્શાવેલ આગમજ્ઞાન સિવાયના આચાર-પ્રકલ્પ આદિ, ૧૧ અંગશાસ્ત્ર તથા આઠ પૂર્વ સુધીના જ્ઞાનનો સમાવેશ આમાં થાય છે. શ્રુતથી પ્રવર્તિત વ્યવહાર તે શ્રુત વ્યવહાર છે. ટૂંકમાં શ્રુત અને શાસ્ત્રના કથન અનુસાર જે પ્રવૃત્તિ-નિવૃત્તિ થાય તે શ્રુત વ્યવહાર છે.

**(૩) આજ્ઞા વ્યવહાર :** આગમ અને શ્રુતના અભાવમાં ગીતાર્થ સાધુની આજ્ઞાથી તત્ત્વનો કે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર થાય તેને આજ્ઞા વ્યવહાર કહે છે. ગુરુની નિશ્રામાં સાધના કરતા શિષ્યો ગુરુની આજ્ઞાને સ્વીકારીને જ તે પ્રમાણે વ્યવહાર કરે છે.

**(૪) ધારણા વ્યવહાર :** ગચ્છના મહાન ઉપકારી, વડીલ સાધુ જો સંપૂર્ણ છેદસૂત્રોના અભ્યાસને યોગ્ય ન હોય તો ગુરુદેવ તેને મહત્ત્વના પ્રાયશ્ચિત્ત પદો શીખવે છે. તે સાધુ, તે પદોને ધારણ કરી રાખે છે અને તે ધારણા પ્રમાણે સમગ્ર વ્યવહાર કરે છે. આ ધારણા વ્યવહાર છે.

**(૫) જિત વ્યવહાર :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પ્રતિસેવન દોષ વગેરેનો વિચાર કરીને જે પ્રાયશ્ચિત્ત અપાય છે તે જિત વ્યવહાર છે. અથવા કોઈ ગચ્છમાં, કોઈ વિશેષ પરિસ્થિતિમાં, સૂત્ર સિવાયની પ્રાયશ્ચિત્ત પ્રદાનની પ્રવૃત્તિ થઈ હોય અને અન્ય સંતો તેનું અનુકરણ કરે તે જિત-વ્યવહાર છે. **અથવા** અનેક ગીતાર્થ સાધુઓ દ્વારા આચરિત, અસાવદ્ય અને આગમથી અબાધિત રૂઢિ પરંપરાને જિત વ્યવહાર કહે છે.

આ પાંચ પ્રકારના વ્યવહારમાંથી જો આગમજ્ઞાની પુરુષ ઉપસ્થિત હોય તો આગમ વ્યવહારને જ પ્રાધાન્ય આપવું અને જો તે ન હો તો અનુક્રમે શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત વ્યવહારને પ્રાધાન્ય આપવું. જિતકલ્પ સૂત્રમાં આ પાંચમા વ્યવહારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગચ્છનું સંચાલન કરનારા ગીતાર્થ આચાર્યનું ખૂબ મહત્ત્વ છે. આવા ગીતાર્થ ગુરુ ભગવંતની યોગ્યતા તથા કર્તવ્યનું સંક્ષિપ્ત વર્ણન આ આગમમાં છે.

જૈન સંસ્કૃતિનો સાર શ્રમણધર્મ છે. સાધુધર્મની સિદ્ધિ માટે આચાર ધર્મની નિરતિચાર વિશુદ્ધ સાધના અનિવાર્ય છે. આચાર ધર્મની વિશુદ્ધ આરાધના માટે જિનાજ્ઞાનું ઉત્કૃષ્ટ ભાવે પાલન અતિ આવશ્યક છે. કેવા કેવા અકાર્યો કરવાથી કેવા કેવા પ્રાયશ્ચિત્ત આવે તેની કલમો, સંક્ષેપમાં, સરળ રીતે આ આગમમાં મળે છે. ઓછામાં ઓછું ૧ એકાસણું અને વધુમાં વધુ ૧૨૦ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ગુરુ ભગવંત શિષ્યને ફરમાવે છે અને શિષ્ય તેનો સ્વીકાર કરે છે. આ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ ગુરુની વિશેષતા-યોગ્યતાનું વર્ણન મળે છે. છત્રીશ ગુણોથી યુક્ત ગીતાર્થ ગુરુ જ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી છે. આવા સમર્થ ગુરુ ભગવંતની-આચાર્યની આઠ સંપદાનું વર્ણન આ મુજબ છે.

**□ આચાર્યની આઠ સંપદા :**

(૧) **આચાર સંપદા :** જ્ઞાનાદિ પાંચ આચાર, આચરણીય છે, તેનું આચરણ કરે તે આચાર સંપદા. તેના ૪ પેટા પ્રકાર છે. (૧) સંયમની આરાધનામાં સદા લીન રહેવું, (૨) અહંકાર રહિત રહેવું, (૩) એક સ્થળે સ્થિર રહેવું, વૃદ્ધોની જેમ ગંભીર સ્વભાવવાળા રહેવું.

(૨) **શ્રુત સંપદા :** અનેક શાસ્ત્રોના જાણકાર થવું. શ્રુતજ્ઞાનના માધ્યમથી જ સાધના માર્ગને જાણી શકાય છે અને સાધકોને સાધનાનું માર્ગદર્શન આપી શકાય છે. ચાર પ્રકાર (૧) બહુશ્રુતતા-અનેક શાસ્ત્રોના જાણકાર થવું, (૨) પરિચિત શ્રુતતા (૩) વિચિત્ર શ્રુતતા, વિવિધ પ્રકારે શાસ્ત્રને જાણવા-વિવિધ ગ્રંથોના અભ્યાસમાં પારંગત થવું. (૪) ઘોષ વિશુદ્ધ કારકતા=શુદ્ધ ઉચ્ચારણ કરનાર થવું.

(૩) **શરીર સંપદા :** સુડોળ, કાંતિમય, પ્રભાવશાળી સુંદર શરીર સંપત્તિ રૂપ છે તેથી તેને સંપદા કહે છે. તેના ૪ પ્રકાર છે. (૧) આરોહ પરિણાહ સંપદા, (૨) અનવપ્રાપ્ય શરીરતા, (૩) સ્થિર સંહનતા, (૪) બહુપ્રતિપૂર્ણ પ્રિયતા.

(૪) **વચન સંપદા :** સમસ્ત વ્યવહારનું કારણ વાણી છે. સત્ય, પ્રિય, હિતકારી વચનો આચાર્યની સંપત્તિ છે. તેથી તેને સંપદા કહે છે. વચન સંપદાના પણ ૪ પ્રકાર છે. (૧) જેનું વચન સર્વને ગ્રાહ્ય હોય, (૨) મધુર વચન, (૩) રાગ-દ્વેષ રહિત વચન, (૪) સંદેહ રહિત વચન બોલનાર હોય. સંક્ષેપમાં, આચાર્યના વચનો સર્વને ગ્રાહ્ય, મધુર, પક્ષપાત રહિત અને સ્પષ્ટ હોય છે.

(૫) **વાચના સંપદા :** શાસ્ત્ર અને અન્ય ગ્રંથો વાંચવાની કુશળતા તેમજ તેના રહસ્યો જાણી, શિષ્ય સમક્ષ પ્રગટ કરવા તે વાચન સંપદા છે. તેના ૪ પ્રકાર છે. (૧) શિષ્યની યોગ્યતાનો નિશ્ચય કરીને સૂત્ર ભણવાનું સૂચન કરે. (૨) શિષ્યની યોગ્યતા મુજબ સૂત્રાર્થની વાચના આપે. (૩) સૂત્રાર્થમાં શિષ્યની ધારણા દૃઢ થઈ જાય પછી આગળ અધ્યયન કરાવે. (૪) અર્થની સંગતિ પ્રમાણે નય અને પ્રમાણથી અધ્યયન કરાવે.

(૬) **મતિ સંપદા :** મતિ એટલે બુદ્ધિ, તે એકદમ તીવ્ર અને પ્રબળ હોય–પદાર્થનો નિર્ણય તરત જ કરે તેવી મતિ હોય તેને મતિસંપદા કહે છે. તેના ચાર પ્રકાર છે. (૧) સામાન્ય રૂપે અર્થને જાણવો. (૨) સામાન્ય રૂપે જાણેલા અર્થને વિશેષરૂપે જાણવાની ઈચ્છા થવી. (૩) વિશેષરૂપે નિશ્ચય કરવો. (૪) નિશ્ચય કરાયેલી વસ્તુને કાલાંતરમાં પણ યાદ રાખવી. (અવગ્રહ, ઈહા, અવાય, ધારણા કહે છે.

(૭) **પ્રયોગ સંપદા :** પરવાદીઓનો પરાજય કરવાની કુશળતાને પ્રયોગ સંપદા કહે છે. વાદ સામર્થ્યને પ્રયોગ કહેલ છે. તેના ચાર પ્રકાર છે. (૧) પોતાની શક્તિને જાણી શાસ્ત્રાર્થ કરવો. (૨) પરિષદના ભાવોને જાણી વાદ-વિવાદ કરવો. (૩) ક્ષેત્રને જાણી વાદ-વિવાદ કરવો. (૪) વસ્તુના વિષયને જાણી વાદ-વિવાદ કરવો.

(૮) **સંગ્રહ પરિજ્ઞા સંપદા :** ગણ કે સમુદાય માટે આવશ્યક વસ્તુઓ ગ્રહણ કરવી અને તેનું વિતરણ કરવું તે સંગ્રહ સંપદા છે. વસ્ત્ર, પાત્ર, શાસ્ત્ર વગેરે સાધુચર્યાના નિયમ અનુસાર એકત્રિત કરવા અને તેનું નિષ્પક્ષ ભાવે યોગ્ય વિતરણ કરવું. તેના ચાર પ્રકાર છે. (૧) વર્ષાકાળમાં મુનિઓને રહેવા યોગ્ય ક્ષેત્રનું પ્રતિલેખન કરવું, (૨) મુનિઓ માટે પાટ, ચરા, શય્યા, સંસ્કારક આદિ (૩) યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવું અને કરાવવું. (૪) ગુરુજનોનોનું યથાયોગ્ય સન્માન કરવું.

આ સંપદાને કારણે આચાર્ય–ગણિ, સંઘની સુરક્ષા અને વિકાસ કરી શકે છે. જિન શાસનની પ્રભાવના કરી શકે છે. અગીતાર્થ સાધુઓનું જીવન આ સંપદાથી સંપન્ન આચાર્યના નેતૃત્વમાં સુરક્ષિત રહે છે. આ સૂત્રમાં વિદ્યા અને મંત્ર વચ્ચેના તફાવતની પણ સરળ સમજણ આપી છે. આ મહત્ત્વનું છેદસૂત્ર છે.

✷ ✷ ✷

# શ્રી મહાનિશિથસૂત્ર

૩૯

☐ આ. સાગરચંદ્ર સાગરસૂરિ મ.

'આગમ એ જિનશાસનનો દસ્તાવેજ છે. આગમના આધાર વિના પ્રભુની સાધનાને કે વિશ્વના સત્યને સમજવું અશક્ય છે. એટલે જ આગમોને જિનપ્રતિમા સરીખી બતાવી પ્રભુપ્રતિમા જેટલું જ તેનું મૂલ્ય બતાવાયું છે.'

**સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.**

*કત્થઅમ્હરિસાપાના દુષમા દોષ દુસિયા*
*હા! અનાહા! કહં હંતો ન હ હંતા જિનાગમે.*

એટલે, આ કળિયુગમાં જો પ્રભુના વચન સ્વરૂપ આગમો ન હોત તો મારું શું થાત? અનાથ જેવી સ્થિતિ અમારી થાત એમ કહી આગમોની બહુમૂલ્યતા સૂચવે છે.

આપણું સદ્ભાગ્ય છે કે આગમનો વારસો વિશિષ્ટ વાચનાઓ, લેખન, મુળપાઠાદિ દ્વારા આપણને મળ્યો અને પૂ. આગમોદ્ધારકશ્રી આનંદસાગરસૂરિ મ. દ્વારા આગમમંદિર જેવા સ્થાપત્યો મળ્યા છે. આ આગમનો મહિમા એ જિનશાસનના આચારોનો મહિમા છે. પરમાત્માને કેવલજ્ઞાન દ્વારા મળેલા વિશ્વના મહાસત્યોનો મહિમા છે. આગમોના માધ્યમે આપણે આપણી સાધનાને જીવંત રાખી શકીએ છીએ.

આ ૪૫ આગમોમાં જેનું મુલ્ય અમૂલ્ય છે તેવા શ્રી મહાનિશિથ નામના આગમની આપણે વાતો કરીએ...

૩૯મા નંબરનું આગમ છે. આ આગમને શ્રી રૂપવિજયજી મ. પૂજાના દુહામાં આ શબ્દો વડે વંદે છે-

*'મહાનિશિથ સિદ્ધાંતમાં મુનિમારગ નિરધાર*
*વીરજિણંદ વખાણીયો પુજું તે શ્રુતસાર...'*

શ્રી મહાનિશિથ સૂત્ર એ શ્રમણજીવનની આચાર મર્યાદાનો આધાર છે. ગુરુ સુયોગ્ય શિષ્યને રાત્રી સમયે કર્ણોપકર્ણ સૂત્ર–અર્થને ઐદંપર્યાયે નિક્ષેપ કરે છે તે આગમ એટલે શ્રી મહાનિશિથસૂત્ર.

૬ અધ્યન, ૨ ચુલિકા સ્વરૂપ તેનું વિસ્તરણ છે અને ૪૫૫૪ શ્લોક તેમાં સમાવિષ્ટ છે.

**☐ પ્રથમ અધ્યયન :**

અરિહંત પરમાત્માને નમસ્કાર કરીને 'સુયંમે'થી પ્રારંભ થતું આ પ્રથમ અધ્યયન સાધનાને સફળ સાબિત કરવા માટે શલ્યનો પરિત્યાગ કરવો તે અનિવાર્ય છે. શલ્ય સાથેની સાધના નિષ્ફળ થાય છે. તેવી રજૂઆત કરીને વૈરાગ્યનો ઉદ્બોધ આપી અતિદુર્લભ શ્રમણ જીવનને પ્રાપ્ત કરનાર પુન્યાવાન નિશલ્ય સાધના કરે તેવી પ્રેરણા આપવામાં આવી છે. સાથે શલ્યોદ્ધાર માટેની વિધિ પણ આપવામાં આવી છે. તેમાં શ્રુતદેવતાની વિદ્યા આપીને તેનાથી રાત્રે સૂતા બાદ સ્વપ્નમાં દેવ દ્વારા વિશિષ્ટ સંકેતો મેળવી શકાય છે. આવી વાત રજૂ કરવામાં આવી છે.

ક્ષમાયાચના પણ નિશલ્યપણે અર્થાત્ પ્રાયશ્ચિત્ત પણ નિશલ્ય રીતે કરવું જોઈએ તેવી વાતો મૂકીને શલ્ય સાથે કરેલા અનેકગણા પ્રાયશ્ચિત્ત પછી પણ શુદ્ધિ ન થયેલા દૃષ્ટાંત મૂકવામાં આવ્યા છે. અને શલ્ય વિના શુદ્ધિપૂર્વક કરતા આલોચનથી મોક્ષે ગયાના સાધકોની ઘટનાઓ બતાવવામાં આવી છે. અપરાધ છૂપાવવાથી દુર્ગતિ થાય છે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

**☐ બીજું અધ્યયન :**

કર્મ વિપાક નામના આ અધ્યયનમાં કર્મના વિપાકોનું માર્મિક વિવેચન છે. આશ્રવ દ્વારા રોકવાથી જ તમામ દુઃખોનો અંત થાય છે અને તેમાં 'સ્ત્રી' એ રાગરૂપ હોવાથી ઉત્કૃષ્ટ આશ્રવદ્વાર છે તેથી તે પ્રત્યેના કામરાગનો અંત કરવો જોઈએ તેવી વિશિષ્ટ પ્રેરણા તેમાં દર્શાવી છે.

**☐ ત્રીજું અધ્યયન :**

આગળના અધ્યયનના સામાન્ય જીવો અધિકારી છે પરંતુ હવેના અધ્યયનોની વાચના વિશિષ્ટ અધિકારી માટે જ છે. સુયોગ્ય શિષ્યોને જ ગુરુ દ્વારા આની વાચના મળે છે. વિશિષ્ટ યુગપ્રધાનો-આચાર્યો આદિએ ૩-૪-૫-૬ અધ્યયનને શ્રુતનો સાર કહ્યો છે.

અનેક મંત્ર-તંત્ર-વિદ્યાના નામો આમાં દર્શાવવામાં આવ્યા છે. નવકાર-ઉપધાન-આદિનો ઉલ્લેખ અને તેનું મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. તેના લાભો પણ આમાં બતાવવામાં આવ્યા છે. શ્રમણની જેમ શ્રાવકોએ પણ શ્રી નવકાર મહામંત્રને ભણવા ઉપધાન તપ આવશ્યક છે. તેની વાતો આમાં કરવામાં આવી છે.

**☐ ચોથું અધ્યયન :**

આ અધ્યયનમાં શ્રમણાચારનું પરિપાલન કરનાર આત્મસાધક પણ કુસંગનું વર્જન કરે તો ધીરે ધીરે શિથિલાચાર તરફ તે ગતિ કરે છે, તેના માધ્યમે વ્રતોનો લોપ થાય છે અને મહાવિરાધક બની જાય છે. તેથી કુસંગ વર્જનની વાતો આમાં બતાવવામાં આવી છે.

**☐ પાંચમું અધ્યયન :**

અત્યંત મનનીય આ અધ્યયન છે. શ્રમણાચારના પાલન માટે ગચ્છનું સ્વરૂપ એ કિલ્લા જેવું છે. ગચ્છના માધ્યમે આચાર મર્યાદાનું પાલન સુયોગ્ય રીતે થઈ શકે છે. તેથી આ અધ્યયનમાં ગચ્છનું સ્વરૂપ કેવું હોય તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. જિન શાસનની મર્યાદા આ. શ્રી દુપ્પસહસૂરિ પર્યંત રહેશે તેનો ઉલ્લેખ આ આગમમાં છે.

સાવદ્યાચાર્ય દ્વારા થયેલા શ્રમણીના સ્પર્શના બચાવમાં શાસ્ત્રાધારને

અસ્પષ્ટ રીતે રજૂ કરવાની ચેષ્ટાથી અનંત સંસાર વધારી દીધો તેની વાત પણ અહીં કરવામાં આવી છે. જિનાલય રાચીલા અને જિર્ણોદ્ધારની પણ ચર્ચા આમાં કરીને જિન-મંદિર-દહેરાસર અંગેની ઉચિત જાગૃતિમાં શ્રમણોના કર્તવ્યબોધને જાગ્રત કર્યો છે.

**☐ છઠ્ઠું અધ્યયન :**

આ અધ્યયનમાં દશપૂર્વી એવા શ્રી નંદીષેણ દ્વારા પણ પ્રાયશ્ચિત્ત કર્યાની વાતોથી શુદ્ધિકરણના માર્ગની સ્તુતિ કરવામાં આવી છે. આરંભ-સમારંભનો ત્યાગ એ જ સાચું શ્રમણત્વ છે આમ બતાવી સાધ્વી રજ્જાની વાતો અને અગીતાર્થ એવી લક્ષ્મણા સાધ્વીજીની વાતો કરીને પ્રાયશ્ચિત્તતાના ૧૦ અને આલોચનાના ૪ ભેદોની વાતો કરી આ અધ્યયન દ્વારા કલંકિત થયેલ શ્રમણાચારને સ્વચ્છ કરી પુનઃ આત્મકલ્યાણમાં આગળ વધવાના માર્ગનું પ્રસ્થાપન કરવામાં આવ્યું છે. ૫૫ કરોડ લાખ, ૫૫ કરોડ હજાર, ૫૫ સો કરોડ, ૫૫ કરોડ આચાર્ય પ્રભુ વીરના શાસનમાં ગુણાકીર્ણ નિવૃત્તગામી થવાના તેવી વાત કરવામાં આવી છે.

આ આગમનો જોગ કરનાર મુનિવર વર્ધમાન વિદ્યાના અધિકારી બને છે અને તેઓ ઉપધાનાદિ શ્રાવકાચારને કરાવવાના સુયોગ્ય બને છે. આ આગમની ચુલિકા પણ વિશેષ મનનીય છે. વર્તમાનકાળે આ આગમનો સર્વગીતાર્થ પૂજ્યો દ્વારા અતિ ભાવપૂર્વક પઠન-પાઠન થાય છે. આવા આગમને વંદન...નમન...✷ ✷ ✷

## આગમ ગ્રંથોની ઈંગ્લીશમાં અનુવાદ કરવાની યોજના

# ડ્રીમ ટુ ડેસ્ટીની

બંધ આંખે જોયેલા સ્વપ્ન તો આંખ ખૂલતાં જ ગાયબ થઈ જાય છે. જ્યારે ખુલ્લી આંખે જોયેલા ડ્રીમ પાછળ જો પુરુષાર્થ કરવામાં આવે તો ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જઈ શકાય.

ખુલ્લી આંખે સ્વપ્ન સજાવનાર યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ પૂ. નમ્રમુનિ મ.સા.એ અનેક સ્વપ્નોને પોતાની ગજબની સાધના અને અથાગ મહેનત દ્વારા ન માત્ર સાકાર કર્યા છે, પણ અર્હમ યુવા ગ્રુપ, લુક-એન-લર્ન, પારસધામ, પાવનધામ, પવિત્રધામ પછી હવે સજાવ્યું છે એક મહાસ્વપ્ન...**ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો–'આગમ'નો ઇંગ્લિશમાં અનુવાદ...!!**

હજુ તો ગયા ડિસેમ્બરમાં પારસધામ–ઘાટકોપર ઉપક્રમે ગુજરાતી આગમ ગ્રંથોનું પુનઃપ્રકાશન કરાવ્યું એના લોકાર્પણ અવસરે ભવ્ય 'આગમ મહોત્સવ' દ્વારા ઘર-ઘર અને જન-જન સુધી આગમ ગ્રંથો પહોંચાડવાનો ઉપદેશ આપ્યો, પ્રેરણા કરી અને અદ્ભુત સફળતા પ્રાપ્ત કરી...

આ વર્ષે જાન્યુઆરી-૨૦૧૨માં પાવનધામ કાંદિવલી ખાતે ભવ્ય 'આગમ મહોત્સવ'નું આયોજન થયું. હવે એ જ આગમો આજના યંગસ્ટર્સ અને વિદેશ સુધી પહોંચાડવા એને ઇંગ્લિશમાં અનુવાદ કરવાનું બીડું ઝડપ્યું.

પૂ. ગુરુદેવના આ ડ્રીમને ડેસ્ટીની સુધી લઈ જવા, સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ઇંગ્લીશ ભાષાનું અને જૈનધર્મનું જ્ઞાન ધરાવતા, મુંબઈ, કલકત્તા, દિલ્હી, બેંગ્લોર, જયપુર, શ્રવણબેલગોડા, ચેન્નઈ, અમદાવાદ, નાશીક, જમશેદપુર, દુબઈ અને અમેરિકાના ૨૧ જેટલા વિદ્વાનો આ મહામિશનમાં જોડાઈ ગયા છે.

આ કાર્યમાં દેશ-વિદેશની યુનિવર્સિટીઝ, વિદ્યાપીઠો અને ડિપાર્ટમેન્ટ ઑફ જૈનોલોજીનો સહયોગ મળી રહ્યો છે.

આ વિરાટ અને ભવ્ય યોજનાના સંપાદન અને પ્રકાશન કાર્યમાં દરેક ફિરકા અને સંપ્રદાયના ગીતાર્થ ગુરુભગવંતો અને વિદુષી સાધ્વીવૃંદનું માર્ગદર્શન સાંપડી રહ્યું છે.

ઈંગ્લિશમાં અનુવાદિત થયેલાં આ આગમ ગ્રંથો, પુસ્તકાલયો, દેશ-વિદેશની યુનિવર્સિટીઓ, જૈન સેન્ટર્સ, વિશ્વની દરેક લાઈબ્રેરીઓ આદિ અનેક જગ્યાએ મોકલવામાં આવશે.આ ઉપરાંત ઈન્ટરનેટ પર પણ આ આગમ ઉપલબ્ધ થશે.

જેમ ગીતા હિન્દુ ધર્મની, કુરાન મુસ્લિમ ધર્મની, બાઈબલ ક્રિશ્ચિયન ધર્મની, ત્રિપિટક બૌદ્ધ ધર્મની ઓળખ છે તેમ **'આગમ' જૈન ધર્મની ઓળખ છે.**

સાંપ્રદાયિકતાથી પર, આ મિશનનો હેતુ આગમ દ્વારા વિશ્વને ભગવાન મહાવીરના જીવન કવનનો પરિચય કરાવવાનો છે. વિદ્વાનોને આ મિશનમાં જોડાવાનું અમારું ભાવપૂર્વક આમંત્રણ છે.

આ મિશનમાં અનેકવિધ સેવાઓની આવશ્યકતા છે જેથી યુવાન, વડીલ, શ્રેષ્ઠીવર્યથી લઈને સંસ્થાઓ સર્વના ભાવ, ભક્તિ, સ્નેહથી આવકારીએ છીએ.

**સંપર્ક સૂત્ર :**

**ગુણવંત બરવાળિયા ગિરીશ શાહ**

પારસધામ, વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈ.) મુંબઈ-૪૦૦ ૦૭૭. Ph.No.: 09820215542 / 09819872623.

Email : gunvant.barvalia@gmail.com. ● girish.shah@jainaagam.org.

# શ્રી આવશ્યક સૂત્ર

૪૦

❑ ડૉ. સાધ્વી આરતી

સાધકોને આત્મવિશુદ્ધિ માટે કરવા યોગ્ય અનુષ્ઠાનોને આવશ્યક કહે છે. ચતુર્વિધ સંઘના સાધકોના આવશ્યક અનુષ્ઠાનોનું કથન જે શાસ્ત્રમાં છે, તે આવશ્યક સૂત્ર છે. વ્યવહારમાં તેને પ્રતિક્રમણ સૂત્ર કહે છે.

**રચનાકાળ :** કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા. આ ચારે તીર્થના સાધકોને સવારે અને સાંજે ઉભયકાળ પ્રતિક્રમણ કરવું, તે અનિવાર્ય હોવાથી તીર્થ સ્થાપનાના પ્રથમ દિવસે જ ગણધર ભગવંતો તીર્થંકરોના ઉપદેશ અનુસાર આવશ્યક સૂત્ર સહિત બાર અંગસૂત્રોની રચના કરે છે અને તે દિવસથી જ ચતુર્વિધ સંઘના તમામ સાધકો તેની આરાધનાનો પ્રારંભ કરે છે. તેનાથી સમગ્ર જૈન સાહિત્યમાં આવશ્યકસૂત્રની અગ્રિમતા, પ્રધાનતા કે મુખ્યતા પ્રતીત થાય છે.

**રચનાકાર :** બાર અંગ સૂત્રોની જેમ આવશ્યક સૂત્રના રચયિતા ગણધર ભગવંતો છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીઓ માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય ન હતો. સરળ અને ભદ્રિક સાધકો પાપસેવન થાય ત્યારે તુરંત જ તેનું પ્રતિક્રમણ કરી લેતા હતા. પરંતુ ભગવાન મહાવીરે पंच महव्वए सपडिक्कमणं धम्मं પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા કરી. ભગવાન મહાવીરના શાસનમાં સાધકો માટે પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય બની ગયો.

ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં આવશ્યક સૂત્ર હતું પરંતુ તેને ષડ્ આવશ્યકનું ચોક્કસ ક્રિયાત્મક સ્વરૂપ ભગવાન મહાવીરના શાસનમાં પ્રાપ્ત થયું.

**આવશ્યક શબ્દના પર્યાયવાચી શબ્દો :** શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યક શબ્દના અનેક પર્યાયવાચી શબ્દોનું કથન છે તે તેના સ્વરૂપને અને તેની મહત્તાને પ્રદર્શિત કરે છે.

૧. **અવશ્યકરણીય :** મુમુક્ષુઓને અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાન હોવાથી તે અવશ્યકરણીય કહેવાય છે.

૨. **ધ્રુવનિગ્રહ :** છ આવશ્યકની આરાધના દ્વારા અનાદિકાલીન કર્મોનો નિગ્રહ થતો હોવાથી તે ધ્રુવનિગ્રહ કહેવાય છે.

૩. **વિશોધિ :** આવશ્યકની આરાધના આત્મવિશુદ્ધિનું કારણ હોવાથી વિશુદ્ધિ કહેવાય છે.

૪. **ન્યાય :** તેની આરાધનામાં ઈષ્ટ અર્થની સિદ્ધિને ન્યાય મળતો હોવાથી તે ન્યાય કહેવાય છે.

૫. **ઉપાય :** તે મોક્ષમાર્ગના ઉપાયભૂત હોવાથી ઉપાય કહેવાય છે.

ઉપરોક્ત શબ્દોથી સ્પષ્ટ થાય છે કે જે સાધના દ્વારા આત્માના દોષો નાશ પામે, આત્મા વિભાવથી પાછા વળી સ્વભાવમાં સ્થિર થાય, આત્માની વિશુદ્ધિ થાય, ગુણશૂન્ય આત્મા ગુણોથી વાસિત થાય તે આવશ્યક છે.

**આવશ્યકના ભેદ :** તેના બે ભેદ છે, દ્રવ્યાવશ્યક અને ભાવાવશ્યક.

**દ્રવ્યાવશ્યક :** ઉપયોગરહિત અર્થાત્ આત્માના અનુસંધાન વિના કે ભાવ વિના કોઈ પણ ક્રિયા કરવી, તે દ્રવ્યક્રિયા છે. આવશ્યક સૂત્રોના પાઠનું કેવળ ઉચ્ચારણ માત્ર કરવું, અન્યમનસ્કપણે વંદનાદિ ક્રિયા કરવી, તે દ્રવ્યાવશ્યક છે.

**ભાવાવશ્યક :** ઉપયોગસહિત કે શુદ્ધ ભાવપૂર્વક ક્રિયા કરવી, તે ભાવક્રિયા છે. મન, વચન અને કાયાને એકાગ્ર બનાવી જિનાજ્ઞા અનુસાર આવશ્યકની આરાધના કરવી, દોષવિશુદ્ધિના લક્ષપૂર્વક સૂત્ર અને તેના અર્થનું ચિંતન મનન કરીને શ્રદ્ધા અને બહુમાનપૂર્વક પ્રત્યેક વિધિ-વિધાન કરવા, તે ભાવાવશ્યક છે. ભાવાવશ્યકથી જ સાધકનું આત્મવિશુદ્ધિનું લક્ષ્ય સિદ્ધ થાય છે.

**વિષયવસ્તુ :** આવશ્યકસૂત્રમાં એક શ્રુતસ્કંધ તથા છ અધ્યયનો છે. તે છ અધ્યયનો જ છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. શ્રી નંદીસૂત્રમાં આવશ્યકસૂત્રની ગણના અંગબાહ્યશ્રુતમાં કરી છે અને તેના છ અધ્યયનના છ નામનો ઉલ્લેખ છે. ૧. સામાયિક, ૨. ચૌવિસંથો, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. કાઉસગ્ગ અને ૬. પચ્ચક્ખાણ.

**❑ આવશ્યક ૧ : સામાયિક :**

જે સાધના દ્વારા સમભાવની પ્રાપ્તિ થાય તે સામાયિક છે. દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ સામાયિકથી જ થાય છે. સાધક સર્વ પાપસ્થાનથી નિવૃત્ત થઈ વિષમભાવનો ત્યાગ કરી સમભાવની પ્રાપ્તિના લક્ષે સામાયિકમાં સ્થિત થાય ત્યાર પછી તેની સાધનાનો પ્રારંભ થાય છે. સમગ્ર સાધના સામાયિકને કેન્દ્રમાં રાખીને જ કરવાની હોય છે. તેથી જ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકને ચૌદપૂર્વના અર્થપિંડ રૂપ કહ્યું છે. આ રીતે સાધનામાર્ગમાં સામાયિકની મુખ્યતાને સ્વીકારીને તેનું સ્થાન પ્રથમ નિશ્ચિત કર્યું છે.

શ્રી આવશ્યકસૂત્રમાં પ્રથમ સામાયિક અધ્યયનમાં મંગલાચરણ રૂપ નમસ્કારમંત્ર તથા સામાયિકના પ્રતિજ્ઞા પાઠ રૂપ 'કરેમિ ભંતે'... આ બે પાઠનો સમાવેશ થાય છે.

**નમસ્કારમંત્ર :** આ જૈનધર્મનો સર્વશ્રેષ્ઠ મંત્ર છે તેમાં ચૌદ પૂર્વના

જ્ઞાનનો સાર તથા જિન બનવાની સમગ્ર સાધના સમાવિષ્ટ છે.

ધર્મનો કે સાધનાનો પ્રારંભ નમસ્કારથી થાય છે. ગુણીજનોના ગુણો પ્રતિ આદર અને બહુમાનના ભવ્ય સહિત, તે ગુણો પ્રગટ કરવાના લક્ષે ગુણીજનોના ચરણોમાં પંચાંગ નમાવીને ઝૂકી જવું, તે નમસ્કાર છે. ભાવપૂર્વક નમસ્કાર કરનાર સાધકનો અહંકાર સહજ રીતે ઓગળી જાય છે.

આ મહામંત્રમાં નમસ્કાર કરવા યોગ્ય, પરમોચ્ચ દશામાં સ્થિત અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી, આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. આ પંચ પરમેષ્ઠીમાં કોઈ વ્યક્તિ વિશેષનું, કોઈ ગચ્છ કે સંપ્રદાયનું નામ નથી પરંતુ આ પાંચે ગુણવાચક સંજ્ઞા છે. અધ્યાત્મસાધના કરતા સાધક તથા પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરે તે સાધક અરિહંતાદિ પદને પ્રાપ્ત કરે છે.

**અરિહંત :** અરિ એટલે શત્રુ અને હંત એટલે હણનાર. મનને મલિન કરે, આત્માનું અહિત કરે તેવા રાગ-દ્વેષ, કલેશ, વેર વિરોધ આદિ વૈભાવિક ભાવો રૂપ શત્રુનો અથવા ચાર ઘાતિકર્મ રૂપ શત્રુનો જેણે નાશ કર્યો છે, તે અરિહંત છે. ઘાતિકર્મોનો નાશ થવાથી અરિહંત ભગવાનમાં મુખ્ય ચાર ગુણ કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગદશા અને અનંત આત્મશક્તિ પ્રગટ થાય છે. આ ચાર ગુણના ધારક અરિહંત ભગવાનને ચાર અઘાતિ કર્મોનો ઉદય હોવાથી તેઓ દેહધારી હોય છે. તેઓ શરીરજન્ય પ્રત્યેક ક્રિયાઓ વીતરાગ ભાવે કરે છે.

**સિદ્ધ :** જેણે સર્વ કર્મોનો નાશ કર્યો છે, જેના સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા છે, તેવા શુદ્ધાત્માને સિદ્ધ કહે છે. તે શુદ્ધાત્મા શરીર રહિત છે, સંસારમાં પુનઃ જન્મ ધારણ કરતા નથી. શાશ્વતકાળ પર્યંત સિદ્ધક્ષેત્રમાં શુદ્ધ સ્વરૂપમાં અનંત આત્મગુણોનો તથા આત્મિક સુખનો અનભવ કરતા રહે છે.

**આચાર્ય :** જે સાધુ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આ પાંચ આચારનું પાલન સ્વયં કરે અને ચતુર્વિધ સંઘ પાસે આચારપાલન કરાવે, તે આચાર્ય છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં તેઓ ચતુર્વિધ સંઘના નાયક હોય છે.

**ઉપાધ્યાય :** સંઘમાં અધ્યાપનની વ્યવસ્થા માટે, શિષ્યોને યથાક્રમથી આગમનું અધ્યયન કરાવવા માટે આચાર્યના સહયોગી બહુશ્રુત શ્રમણને ઉપાધ્યાય કહે છે. તેમના દ્વારા શાસનમાં આગમજ્ઞાનની પરંપરા પ્રવાહિત થાય છે.

**સાધુ-સાધ્વી :** સંસારના સમસ્ત પાપોથી નિવૃત્ત થઈ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પંચ મહાવ્રતનું પાલન કરે, આત્મશુદ્ધિના લક્ષે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના કરે છે, તે સાધુ છે. સાધુ પદ અત્યંત વિશાળ છે. આચાર્ય અને ઉપાધ્યાયનો પણ સાધુ પદમાં સમાવેશ થઈ શકે છે.

સાધકની સાધનાનો પ્રારંભ સાધુ પદથી થાય છે. સાધનાનો વિકાસ અને આત્મગુણોના પ્રગટીકરણથી યોગ્યતા અનુસાર તે આચાર્ય, ઉપાધ્યાયના પદને ધારણ કરે છે. જ્યારે રાગ, દ્વેષ આદિ ઘાતિકર્મોનો નાશ કરે ત્યારે અરિહંત પદને પામે છે અને સર્વ કર્મોને નાશ થતાં તે જ આત્મા સિદ્ધપદમાં સ્થિત થઈ જાય છે. આ રીતે સાધુપદથી પ્રારંભ થયેલી સાધના સિદ્ધપદની પ્રાપ્તિ થાય, ત્યારે પૂર્ણ થાય છે.

આ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી અભિમાન ઓગળી જાય છે, નમ્રતા જેવા આત્મગુણો પ્રગટ થાય છે. આત્માના શુભ અને શુદ્ધભાવોની વૃદ્ધિ થતાં સર્વ પાપોનો નાશ થાય છે અને આત્માનું હિત અને મંગલ થાય છે. આ મંત્રની મહાનતા, વિશાળતા અને ગંભીરતાના કારણે સાધકો શ્રદ્ધાથી તેનું સ્મરણ કરે છે.

**કરેમિ ભંતે :** આ પાઠના ઉચ્ચારણ દ્વારા સાધક સામાયિકની પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે. તેમાં સાધક સમભાવમાં સ્થિત થવાના સંકલ્પપૂર્વક સર્વ સાવદ્યયોગ–પાપવૃત્તિનો મન-વચન-કાયાથી કરવા, કરાવવા કે અનુમોદનાનો ત્યાગ કરે છે.

**☐ આવશ્યક-૨ : ચૌવિસંથો :**

ચતુર્વિંશતિસ્તવ એટલે ૨૪ તીર્થંકરોની સ્તુતિ. પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલો સાધક નિરવદ્યયોગમાં પ્રવૃત્ત થવા માટે તથા સમભાવને સિદ્ધ કરવા માટે અપૂર્વ ઉલ્લાસભાવે તીર્થંકરોની સ્તુતિ કરે છે. તીર્થંકરોની સ્તુતિ કે ભક્તિ કરવાથી સાધકની શ્રદ્ધા દૃઢતમ થાય છે તેમ જ સાધકનું લક્ષ નિશ્ચિત થાય છે. ભક્તિ કરતાં કરતાં ભક્તના અંતરમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને તેના સહારે જ તે સાધનાના માર્ગમાં ગતિ અને પ્રગતિ કરી શકે છે.

**લોગસ્સ :** બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ રૂપ 'લોગસ્સ'નો પાઠ છે. તેમાં ૨૪ તીર્થંકરોના નામસ્મરણ રૂપ સ્તુતિ છે. તીર્થંકરોના પવિત્ર નામસ્મરણ તેમના અનંત ગુણોની સ્મૃતિ કરાવે છે. નામસ્મરણનો અદ્ભુત મહિમા છે.

**☐ આવશ્યક-૩ : વંદના :**

આત્મવિશુદ્ધિની સાધનામાં આગળ વધતો સાધક તીર્થંકરોની સ્તુતિ પછી પોતાનો ભક્તિભાવ અનંત ઉપકારી ગુરુ પ્રતિ પ્રગટ કરે છે. તેથી ત્રીજું આવશ્યક 'વંદના' છે. વંદન કરવાથી વિનયધર્મની આરાધના થાય, સાધક સ્વચ્છંદ બુદ્ધિને રોકીને નમ્ર બને ત્યાર પછી જ તેનામાં પ્રતિક્રમણની યોગ્યતા પ્રગટ થાય છે. આ રીત પ્રથમ ત્રણ આવશ્યક પ્રતિક્રમણની પૂર્વભૂમિકા રૂપ છે.

**ઈચ્છામિ ખમાસમણો :** આ પાઠ દ્વારા સાધક બાર આવર્તનપૂર્વક ગુરુને વંદન કરીને, તેમની સંયમયાત્રાની સુખશાતા પૂછે છે તથા દિવસ દરમ્યાન થયેલી ગુરુની અશાતનાની ક્ષમાયાચના કરે છે.

**□ આવશ્યક-૪ : પ્રતિક્રમણ :**

પ્રતિક્રમણ શબ્દ જૈનધર્મનો પારિભાષિક શબ્દ છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. વ્યક્તિ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરીને, પોતાના સ્વભાવને છોડીને વિભાવમાં પ્રવૃત્તિ કરે છે, તેના પરિણામે પાપસેવન, કર્મબંધ અને ભવભ્રમણની પરંપરાનું સર્જન થાય છે. જ્યારે સ્વયંને પોતાની મર્યાદાના ઉલ્લંઘનનું ભાન થાય, ત્યારે સાધક તે પ્રવૃત્તિથી પાછો ફરી સ્વસ્થાનમાં સ્થિત થઈ શાંતિનો અનુભવ કરે છે. આ જ પ્રતિક્રમણની સાધના અને તેનું સુફળ છે.

ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં સાધુને માટે પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા શ્રાવકોને માટે બાર અણુવ્રતરૂપ કરણીય કૃત્યોમાં લાગેલા અતિચારોનું નિરીક્ષણ કરી તેનાથી પાછા ફરવાનું છે.

આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં મહાવ્રત કે અણુવ્રતના સૂત્રપાઠ નથી. ભિન્ન ભિન્ન ગચ્છ પરંપરા અનુસાર આચાર્ય ભગવંતોએ અણુવ્રત અને મહાવ્રતના સૂત્રપાઠની રચના કરીને તેમાં સમ્મિલિત કર્યા છે તેથી તે સૂત્રપાઠમાં ભિન્નતા પ્રતીત થવા છતાં ભાવોમાં ઐક્યતા છે.

શ્રી આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં નવ પાઠનું કથન છે.

**૧. ચત્તારિ મંગલં**–તેમાં લોકમાં રહેલા ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર શરણનું કથન છે. આ પાઠના ઉચ્ચારણપૂર્વક સાધક શ્રેષ્ઠ શરણનો સ્વીકાર કરી સાધનાના સામર્થ્યને પ્રાપ્ત કરે છે.

**૨. ઈચ્છામિ ઠામિ**–આ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર છે. તેમાં પ્રતિક્રમણના વિષયભૂત મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, શ્રમણધર્મ, આદિ વિષયોની સંક્ષિપ્ત રૂપરેખા છે.

**૩. ઇરિયાવહિયં**–આ પાઠમાં ગમનાગમન સંબંધી થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ છે.

**૪. શ્રમણ સૂત્ર પહેલું**–નિદ્રા સંબંધી દોષોના પ્રતિક્રમણનું વિધાન છે.

**૫. શ્રમણ સૂત્ર બીજું**–ગૌચરી સંબંધિત દોષોના પ્રતિક્રમણનું વિધાન છે.

**૬. શ્રમણ સૂત્ર ત્રીજું**–પ્રતિલેખન, સ્વાધ્યાય આદિ આવશ્યક કાર્યોમાં લાગેલા દોષોનું પ્રતિક્રમણ છે.

**૭. શ્રમણ સૂત્ર ચોથું**–એક પ્રકારના અસંયમથી શરૂ કરીને તેત્રીશ પ્રકારની અશાતના સુધીના તેત્રીસ બોલમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરી હેય–ત્યાગવા યોગ્ય બોલનો ત્યાગ અને ઉપાદેય સ્વીકારવા યોગ્ય બોલનો સ્વીકાર કરવાનો છે.

**૮. શ્રમણ સૂત્ર પાંચમું**–આ સૂત્રમાં નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા પ્રદર્શિત કરીને વિરાધના યોગ્ય આઠ બોલનો ત્યાગ કરીને આરાધના યોગ્ય આઠ બોલની આરાધનાનું કથન છે.

**૯. 'ખામેમિ સવ્વે જીવા...'ના** પાઠથી જગતના સર્વ જીવો સાથે ક્ષમાનું આદાન-પ્રદાન થાય છે.

પ્રતિક્રમણથી ભૂતકાલીન દોષોની શુદ્ધિ, વર્તમાનમાં સંવરની આરાધના અને ભવિષ્યકાળમાં પાપનું પુનરાવર્તન ન કરવા માટે સાધક પ્રતિજ્ઞાબદ્ધ થાય છે. આ રીતે પ્રતિક્રમણની આરાધનાથી ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.

**□ આવશ્યક-૫ : કાઉસગ્ગ :**

કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ અર્થાત્ ત્યાગ કરવો. આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીરનો ત્યાગ શક્ય નથી પરંતુ કાયોત્સર્ગની સાધનાથી શરીરના મમત્વનો ત્યાગ કરવાનો છે.

અતિચારોનું પ્રતિક્રમણ કર્યા પછી પાંચમા આવશ્યકમાં સાધક સૂક્ષ્મ દોષોનો નાશ કરી આત્માની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરે છે.

**કાયોત્સર્ગ પ્રતિજ્ઞાસૂત્ર :** તસ્સ ઉત્તરીકરણેણંના પાઠ દ્વારા સાધક કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરે છે કે કાયોત્સર્ગના કાળ દરમ્યાન હું કાયાને સ્થિર રાખીશ, વચનથી મૌન રહીશ અને મનને અશુભ ધ્યાનથી મુક્ત કરીને શુભ ધ્યાનમાં એકાગ્ર બનાવીશ. તેમ જ મારા કષાયાત્મા અને યોગાત્માનો ત્યાગ કરીને હું શુદ્ધ જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગાત્મામાં સ્થિર થઇશ.

આ રીતે કાયોત્સર્ગ આત્માનું અનુસંધાન કરવા માટેની શ્રેષ્ઠતમ સાધના છે.

**□ આવશ્યક-૬ : પ્રત્યાખાન :**

પાપવૃત્તિના ત્યાગ માટે સમજણપૂર્વકના દૃઢ સંકલ્પને પ્રત્યાખ્યાન કે પચ્ચક્ખાણ કહે છે.

શ્રી આવશ્યક સૂત્રમાં છઠ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં દશ પ્રત્યાખ્યાનનું કથન છે.

**૧. નવકારશી પચ્ચક્ખાણ**–સૂર્યોદય પછી એક મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટ પર્યંત ભોજન, પાણી, મેવા મિઠાઈ તથા મુખવાસ, આ ચારે આહારનો ત્યાગ કરવો.

**૨. પોરસી**–સૂર્યોદય પછી એક પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો.

**૩. બે પોરસી**–સૂર્યોદય પછી બે પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો.

**૪. એકાસણું**–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ભોજન કર્યા પછી પાણીને છોડીને ત્રણ આહારનો ત્યાગ કરવો.

**૫. એકટાણું**–દિવસમાં એક વાર એક આસને બેસીને ભોજન કરવું. ત્યાર પછી ચારે આહારનો ત્યાગ કરવો.

**૬. આયંબિલ**–દિવસમાં એકવાર એક આસને બેસી ઘી, દૂધ, દહીં આદિ ગરિષ્ટ પદાર્થો રહિત રૂક્ષ, નીરસ, વિષય રહિત ભોજન લેવું.

**૭. ઉપવાસ**–એક અહોરાત્ર પર્યંત ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરવો.

**૮. દિવસ ચરિમ પચ્ચાક્ખાણ**–દિવસના અંતે અર્થાત્ સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

**૯. અભિગ્રહ**–પોતાનો સ્વીકારેલો સંકલ્પ સિદ્ધ ન થાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરવો.

**૧૦. નિર્વિકૃતિક-નીવિ**–દિવસમાં એકવાર વિગય રહિત ભોજન કરવું.

આ દરેક પચ્ચક્ખાણમાં અમુક આગાર છૂટ હોય તેનું કથન પણ શાસ્ત્રમાં કર્યું છે.

આ રીતે છએ આવશ્યકની આરાધના દ્વારા સાધક આત્મ વિશુદ્ધિના લક્ષને સિદ્ધ કરી શકે છે.

**☐ અંતિમ મંગલ :**

આવશ્યક સૂત્રના અંતિમ મંગલ રૂપે નમોત્થુણં સૂત્ર છે.

**નમોત્થુણં :** આ પાઠમાં સિદ્ધભગવંતો તથા અરિહંત ભગવંતોની ગુણસ્તુતિ છે. સાધનાની પૂર્ણતા પછી સાધક દેવાધિદેવ પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરી પાછા ફરે છે.

**આવશ્યક સૂત્ર પ્રમાણ :** આ સૂત્રના છ અધ્યયનો છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. તેમાં નિર્યુક્તિના સમયથી સર્વ પ્રથમ આદિ મંગલ રૂપે નમસ્કારમંત્રનો પાઠ છે. ત્યાર પછી પ્રથમ આવશ્યકમાં સામાયિકનો પ્રતિજ્ઞા પાઠ 'કરે મિ ભંતે' છે. બીજા આવશ્યકમાં 'લોગસ્સ'નો પાઠ, ત્રીજા આવશ્યકમાં 'ઈચ્છામિ ખમાસમણો'નો પાઠ છે. ચોથા આવશ્યકમાં ૧. ચત્તારિ મંગલં, ૨. ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં ૩. ઈરિયાવહિયં, ૪.થીટ. પાંચ શ્રમણસૂત્ર, ૯. ખામેમિ સવ્વે જીવ–આ નવ પાઠ છે. પાંચમા આવશ્યકમાં કાઉસગ્ગનો પ્રતિજ્ઞાપાઠ 'તસ્સ ઉતરી'..નો પાઠ છે. છઠ્ઠા આવશ્યકમાં નવકારશી પચ્ચક્ખાણના દશ પાઠ છે. અને અંતિમ મંગલ રૂપે 'નમોત્થુણં'નો પાઠ છે. આ રીતે છ અધ્યયનના ૧+૧+૧+૯+૧+૧૦=૨૩ પાઠ અને આદિ તથા અંતિમ મંગલના એક એક પાઠની ગણના કરતા કુલ ૨૫ પાઠ છે અને તેનું પ્રમાણ ૧૨૫ અનુષ્ટુપ શ્લોક પ્રમાણ છે.

આવશ્યક સૂત્રમાં સાધુની પ્રધાનતાએ જ સર્વે પાઠ છે. શ્રાવકના પ્રતિક્રમણના પાઠોનું સંકલન ભાષ્ય, ટીકા આદિ વ્યાખ્યાગ્રંથોના આધારે પરિશિષ્ટ રૂપે થયું હોય તેવી સંભાવના છે. કાળક્રમે અનેક આચાર્યોએ વિવિધ આગમોના આધારે પ્રતિક્રમણ સંબંધિત વિવિધ પાઠોની સંકલના કરી છે. કેટલાક પાઠની ગદ્ય-પદ્યમાં હિન્દી, ગુજરાતી કે રાજસ્થાની આદિ લોકભાષામાં રચના કરી છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આવશ્યક સૂત્રની મહત્તાને સ્વીકારીને પૂર્વાચાર્યોએ તેના પર નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ અને ટબ્બાની રચના કરી છે.

**નિર્યુક્તિ** : પદ્યરૂપ રચના છે. આગમના ભાવોને સ્પષ્ટ કરવા નિર્યુક્તિની રચના કરતા હોય છે. વર્તમાને આગમોની દશ નિર્યુક્તિઓ ઉપલબ્ધ છે. તેના કર્તા ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામી છે. નિર્યુક્તિમાં અનેક મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચા છે.

**ભાષ્ય :** આવશ્યક સૂત્ર પર ત્રણ ભાષ્યગ્રંથોની રચના થઈ છે. ૧. મૂળ ભાષ્ય. ૨. ભાષ્ય ૩, વિશેષાવશ્યક ભાષ્ય. પ્રથમ બે ભાષ્ય અત્યંત સંક્ષિપ્ત છે. વિશેષાવશ્યક ભાષ્યની રચના શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કરી છે, તેમાં જૈનાગમ સાહિત્યના મહત્ત્વપૂર્ણ વિષયોનું સંકલન છે. આ ભાષ્યમાં પ્રથમ સામાયિક અધ્યયન પર વિસ્તૃત વિવેચન છે.

**ચૂર્ણિ :** નિર્યુક્તિ અને ભાષ્યની રચના પછી સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત ભાષામાં આગમોના ગદ્યાત્મક વ્યાખ્યા સાહિત્યના લેખનનો પ્રારંભ થયો, તે ચૂર્ણિ રૂપે પ્રસિદ્ધ છે. ચૂર્ણિ સાહિત્યમાં જિનદાસ ગણિ મહત્તરનું નામ અગ્રસ્થાને છે. તેમણે સાત ચૂર્ણિઓની રચના કરી છે. તેમાં આવશ્યક ચૂર્ણિ તેમની મહત્ત્વપૂર્ણ રચના છે. તેમાં નિર્યુક્તિમાં સમાવિષ્ટ સર્વ વિષયો પર વિસ્તૃત વિવેચન છે.

**ટીકા :** નિર્યુક્તિમાં આગમોના શબ્દોની વ્યુત્પત્તિ અને વ્યાખ્યા છે. ભાષ્યમાં તે ભાવોનું વિસ્તૃત વિવેચન છે. ચૂર્ણિમાં તે ભાવોને લોકકથાના આધારે સમજાવ્યા છે. ટીકામાં તે જ ભાવોને દાર્શનિક દૃષ્ટિકોણથી સમજાવ્યા છે. ટીકાકારોમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પ્રથમ ટીકાકાર છે. તેમણે પોતાના વિશેષાવશ્યક ભાષ્ય પર સ્વોપજ્ઞવૃત્તિ લખવાનો પ્રારંભ કર્યો પરંતુ પોતાના જીવનકાળમાં તે પૂર્ણ કરી શક્યા નહીં. તેમની અધૂરી ટીકા કોટ્યાચાર્યે પૂર્ણ કરી છે.

શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યક સૂત્ર પર બે ટીકાની રચના કરી છે તેમાંથી એક ટીકા વર્તમાને ઉપલબ્ધ નથી. હરિભદ્રીયવૃત્તિ વર્તમાને ઉપલબ્ધ છે. શ્રી મલયગિરિ આચાર્યે આવશ્યકવૃત્તિની એક મહત્ત્વપૂર્ણ રચના કરી છે. અન્ય અનેક વિદ્વાનોએ પણ આવશ્યક સૂત્ર પર વૃત્તિની રચના કરી છે. છેલ્લે સં. ૧૯૫૮માં પૂ. ઘાસીલાલજી મહારાજે આવશ્યક સૂત્ર પર મુનિતોષિણી નામની વૃત્તિની રચના કરી છે.

**ટબ્બા :** ટીકાયુગ સમાપ્ત થયા પછી સામાન્ય જનસમાજને આગમોના શબ્દાર્થને સ્પષ્ટ કરતા સંક્ષિપ્ત વિવેચનનો પ્રારંભ થયો. તે ટબ્બાના નામથી પ્રસિદ્ધ છે. શ્રી ધર્મસિંહજી મુનિએ ૧૮ મી શતાબ્દીમાં ૨૭ આગમો પર બાલાવબોધ ટબ્બાની રચના કરી છે. તેમાં આવશ્યક સૂત્ર પરનો ટબ્બો પણ ઉપલબ્ધ છે તે મૂળપાઠના અર્થને સ્પષ્ટ કરે છે.

**અનુવાદ :** ટબ્બા પછી અનુવાદ યુગનો પ્રારંભ થયો. પંડિત સુખલાલજી સિંઘવી, ઉપાધ્યાય શ્રી અમરમુનિ મ.સા. વિગેરે સંતોએ વ્યાખ્યા ગ્રંથોના આધારે હિન્દી અને ગુજરાતી ભાષામાં આવશ્યક સૂત્રનો વિવેચન સહિત અનુવાદ તૈયાર કર્યો છે. તે આવશ્યક સૂત્રના ભાવોને પૂર્ણતઃ પ્રકાશિત કરે છે.

આ રીતે આવશ્યક સૂત્રના વિશાળ વ્યાખ્યા સાહિત્યના આધારે આવશ્યક સૂત્રની મહત્તા તથા લોકોપયોગિતા સહજ રીતે સ્પષ્ટ થાય છે.

✶✶✶

# શ્રી ઓઘનિર્યુક્તિસૂત્ર – પિંડનિર્યુક્તિસૂત્ર

૪૧

☐ડૉ. રસિકલાલ મહેતા

**પ્રારંભ :**

મૂર્તિપૂજક સંપ્રદાય ૪થા મૂળસૂત્ર તરીકે આ સૂત્રને સ્થાન આપે છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી. ઓઘ–સંક્ષેપથી–ટૂંકાણમાં સાધુના જીવનને લગતી તમામ નાની મોટી બાબતોનું વર્ણન મળે છે. આદર્શ શ્રમણ-ચર્યારૂપ વર્ણન આ આગમમાં છે. સમકિતના મૂળને દઢ કરવામાં ઉપકારક એવું આ મૂળભૂત શાસ્ત્ર છે.

**☐ પરિચય :**

આ સૂત્રના રચયિતા, ૧૪ પૂર્વધર, પૂજ્ય આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી છે. પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમા પૂર્વમાંથી આ સૂત્ર સંકલિત કર્યું છે. ૯૦૦ ગાથા પ્રમાણ આ સૂત્ર છે. સંયમી જીવનની પ્રત્યેક પ્રવૃત્તિનું આ ગ્રંથમાં વર્ણન મળે છે. બાહ્ય-આભ્યંતર પરિગ્રહથી યુક્ત, છકાયના જીવોના રક્ષક, સંયમમાં સ્થિત મુનિએ સંયમ માર્ગની પુષ્ટિ માટે કેવું આચરણ કરવું જોઈએ તેનું આલેખન છે.

**☐ મહત્ત્વ :**

ચરણ કરણાનુયોગનું આ સૂત્ર છે, તેથી તેમાં સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન તો છે જ, ઉપરાંત, ચરણ સિત્તની અને કરણ સિત્તનીનું વર્ણન મળે છે. સાધુ પોતાના આચાર પાલનમાં સ્થિર રહે અને જયણાનું ખૂબ કાળજી અને ઉમંગથી પાલન કરે એ હકીકતનું સરળ અને સચોટ રીતે આલેખન કર્યું છે. જૈન ધર્મનો સાધુ અન્ય સાધુઓ કરતાં કેવો ઉત્તમ આચારધર્મ પાળે છે તે દર્શાવ્યું છે. ઉપરાંત પડિલેહણ પિંડ, ઉપધિનું વર્ણન, પ્રતિસેવના, આલોચના વગેરેની પણ વિગતો મળે છે.

આ સૂત્રની થોડી વિગતો અવલોકીએ.

સમાચારીનું પાલન પ્રત્યેક સાધુનું પ્રથમ કર્તવ્ય છે. સમાચારી એટલે સમ્યક્ આચરણ, શિસ્તપૂર્વકની ક્રિયા. સાધુના કર્તવ્યની સીમા, આગમોક્ત રાત-દિવસની ક્રિયાની રુચિ, સાધુ જીવનના આચાર-વ્યવહારની સમગ્ર વ્યવસ્થા. આ સમાચારીનું પાલન કરી ભવ્યાત્મા સંસારસાગર તરી ગયા છે, તરશે અને વર્તમાનમાં તરે છે તે છે સમાચારી. આ સમાચારીનું મહત્ત્વ દર્શાવતાં લખ્યું છે-જિનેશ્વર પ્રરૂપિત આ સમાચારીના આચરણથી સાધુ જીવનમાં પ્રમાદ, અહંકાર વગેરે અનેક દુર્ગુણોનો ત્યાગ થઈ જાય છે તેમ જ ગુરુજનો અને શ્રમણો સાથેનો સંબંધ પવિત્ર બને છે. રાત્રિ અને દિવસનો સંપૂર્ણ સમય સદ્પ્રવૃત્તિમાં પસાર થાય છે. અત્યધિક સમય સ્વાધ્યાય અને ધ્યાનમાં વ્યતીત થતાં સંકલ્પ-વિકલ્પોને અવકાશ રહેતો નથી, પરંતુ ચિત્તવૃત્તિ એકાગ્ર અને અંતર્મુખી બને છે. ટૂંકમાં આ સમાચારીનું આચરણ કરનારના સર્વ દુઃખોનો નાશ થાય છે.

**☐ સમાચારીના દશ પ્રકાર :**

(૧) **આવશ્યકી :** કોઈપણ આવશ્યક કાર્ય માટે ઉપાશ્રયથી બહાર જવું પડે, ત્યારે ગુરુજનોને તેનું સૂચન કરવું જરૂરી છે. 'આવસ્સહિ' શબ્દ બોલવો તે આવશ્યકી સમાચારી.

(૨) **નૈષધિકી :** કાર્ય પૂર્ણ કરી ઉપાશ્રયમાં પાછા ફરતી વખતે, ગુરુને સૂચન કરવું કે આપની આજ્ઞાનુસાર કાર્ય પૂર્ણ કરીને પાછો આવી ગયો છું તે 'નિસ્સહિ' શબ્દ બોલવો તે નૈષધિકી સમાચારી છે.

(૩) **આપૃચ્છના :** કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિ કરતાં પહેલાં ગુરુદેવને પૂછવું કે આપની આજ્ઞા હોય તો આ કાર્ય કરું તે પૃચ્છના સમાચારી.

(૪) **પ્રતિપૃચ્છના :** ગુરુને પૂછીને પોતાના કાર્ય માટે બહાર જતાં કોઈ કામ, અન્ય સાધુ સોંપે તો તે સંબંધી ગુરુને ફરીથી પૂછવું તેને પ્રતિપૃચ્છના સમાચારી કહે છે.

(૫) **છંદના :** પોતાને પ્રાપ્ત થયેલા આહાર આદિ માટે બીજા સાધુઓને નિમંત્રણ આપવું તે છંદના સમાચારી.

(૬) **ઈચ્છાકાર :** જો આપની ઈચ્છા હોય અથવા આપ ઈચ્છો તો હું અમુક કાર્ય કરું–આ પ્રમાણે પૂછવું તે ઇચ્છાકાર સમાચારી.

(૭) **મિથ્યાકાર :** સંયમ પાલન કરતાં સાધુથી કોઈક વિપરીત આચરણ થઈ જાય તો તરત જ તે દુષ્કૃત્ય માટે પશ્ચાતાપપૂર્વક 'મિચ્છામિ દુક્કડમ્' કરવું તે મિથ્યાકાર સમાચારી.

(૮) **તથાકાર :** ગુરુ જ્યારે શાસ્ત્ર વાચના આપે, પ્રશ્નના ઉત્તર સમજાવે, કોઈ પણ વાત કહે ત્યારે, 'આપ જે કહો છો તે સત્ય છે' એમ કહી 'તહતિ' શબ્દનું ઉચ્ચારણ કરવું તે તથાકાર સમાચારી.

(૯) અભ્યુત્થાન : આચાર્ય, ગુરુ અથવા શ્રમણ વગેરેએ વિશિષ્ટ માનનીય સાધુઓને આવતા જોઈને પોતાના આસનેથી ઊભા થવું, સામે જઈ સત્કાર કરવો, 'આવો પધારો' શબ્દો બોલી તેમનું સ્વાગત કરવું તે અભ્યુત્થાન સમાચારી છે.

(૧૦) ઉપસંપદા : ગુરુ આજ્ઞાથી અન્ય શ્રમણના સાન્નિધ્યમાં રહી વિચરણ કરવું તેમજ શાસ્ત્ર અધ્યયન માટે ઉપાધ્યાય આદિના સાન્નિધ્યમાં રહેવું તે ઉપસંપદા સમાચારી છે.

આ દશેય સમાચારી સાધુ જીવનના સમગ્ર વ્યવહારને તેમ જ ગુરુ શિષ્યના પવિત્ર સંબંધને જાળવી રાખે છે. સાધુની સમાચારી,

ઉપરાંત **સાધુની દિનચર્યા**નું પણ વર્ણન નોંધપાત્ર છે. પ્રતિલેખન-વંદન-ગુરુ આજ્ઞા મુજબ વૈયાવચ્ચ કે સ્વાધ્યાય વગેરે ક્રિયા કરે છે. મુનિ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરે, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચર્યા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરે. સાધુની રાત્રિ- ચર્યામાં–પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહોરમાં સ્વાધ્યાય કરે. પ્રતિલેખન માટેની વિધિનું પણ વર્ણન છે. ઉભડક આસને બેસીને યતનાપૂર્વક ધીમેથી પ્રતિલેખન કરે. સંપૂર્ણ એકાગ્રતા અને શાંતિથી આ ક્રિયા કરવાની આજ્ઞા છે. વીતરાગની આજ્ઞા ખૂબ મહત્ત્વની હોય છે. તેનો સ્વીકાર કરવાથી લાભ થાય છે.

### ☐ ચરણ–કરણ સિત્તરી :

ઉપાધ્યાયના ગુણ વર્ણવતાં જ્ઞાનીઓએ 'કરણ-ચરણ સિત્તરી' અર્થાત્ કરણના ૭૦ અને ચરણના ૭૦ બોલ કહ્યા છે. ચરણ એટલે ચારિત્ર અને કરણ એટલે જે વખતે, જેવો અવસર તેવી ક્રિયા કરવામાં આવે તે કરણ છે.

| કરણ સિત્તરી | ચરણ સિત્તરી |
|---|---|
| ૪ પિંડ વિશુદ્ધિ | ૯૫ મહાવ્રત |
| ૫ સમિતિ | ૧૦ શ્રમણ ધર્મ |
| ૧૨ ભાવના | ૧૭ સંયમ |
| ૧૨ પડિમા | ૧૦ વૈયાવચ્ચ |
| ૫ ઈન્દ્રિય નિરોધ | ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ |
| ૨૫ પ્રતિલેખના | ૩ જ્ઞાનાદિ |
| ૩ ગુપ્તિ | ૧૨ તપ |
| ૪ અભિગ્રહ | ૪ ક્રોધાદિકષાય |
| ૭૦ | ૭૦ |

આમાંની પ્રત્યેકની ચર્ચા આ આગમ ગ્રંથમાં કરવામાં આવી છે. 'અષ્ટ પ્રવચનમાતા'ની ગોદમાં સાધુના જીવનનો મહત્ત્વનો આધ્યાત્મિક વિકાસ થાય છે અને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની સાધનાથી મોક્ષ રમણીને વરે છે.

સંયમ નિર્વાહના આવશ્યક સાધનોને ઉપધિ કહે છે. વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તી વગેરેને સાધુજીવનની ઉપધિ કહે છે. મર્યાદિત ઉપધિથી સંયમનો નિર્વાહ કરે છે.

સાધુની ભિક્ષાચરીને ગોચરી કહે છે. પિંડ એટલે અશન, પાણી, મેવામીઠાઈ તથા મુખવાસ–એ ચારેય પ્રકારના આહારનો સમૂહ અને એષણા એટલે શોધવું, પિંડેષણા એટલે આહારની સદોષતા-નિર્દોષતાનું શોધન કરવું (૧) નિર્દોષ આહારની શોધ કરવી, (૨) ગૃહસ્થના ઘેરથી નિર્દોષ રીતે આહાર ગ્રહણ કરવો (૩) નિર્દોષ રીતે પ્રાપ્ત કરેલા આહારના રસાસ્વાદનો ત્યાગ કરીને અનાસક્ત-ભાવે ભોગવવો. સાધુ માધુકરીવૃત્તિથી પોતાની ઉદરપૂર્તિ કરે છે.

### ☐ આહાર ગ્રહણ-ત્યાગના કારણો

સાધુ છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત થાય ત્યારે ત્રીજા પ્રહરમાં આહાર-પાણીની ગવેષણા કરે. (૧) ક્ષુધા વેદનાની શાંતિ માટે, (૨) વૈયાવૃત્ય માટે, (૩) ઈર્યા સમિતિના પાલન માટે, (૪) સંયમ પાલન માટે, (૫) પ્રાણોની રક્ષા માટે–જીવન નિર્વાહ માટે, (૬) ધર્મ ચિંતન માટે, આહાર મળે તો સંયમની વૃદ્ધિ અને ન મળે તો તપની વૃદ્ધિ એવી ભાવના વ્યક્ત થાય છે.

છ કારણોથી આહાર-પાણીનો ત્યાગ કરે તો સંયમનું અને તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ થતું નથી. (૧) રોગગ્રસ્ત થાય, (૨) ઉપસર્ગ આવે, (૩) બ્રહ્મચર્યરૂપ ગુપ્તિની રક્ષા માટે, (૪) પ્રાણીઓની દયા માટે, (૫) તપ માટે, (૬) શરીરનો ત્યાગ કરવા માટે.

### ☐ આહાર શુદ્ધિ

આહાર શુદ્ધિ માટે સાધુએ ખૂબ કાળજી રાખવાની હોય છે. ગોચરીમાં ઓછામાં ઓછા દોષ લાગે તેની સાવધાની રાખવાની છે. ગૃહસ્થે પોતાને માટે બનાવેલ આહારમાંથી આહાર ગ્રહણ કરવાનો હોય છે. આહાર પ્રાપ્તિ માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતાં સાધુએ પૂર્ણ સંયમભાવ રાખવો જરૂરી છે. ઘરના વિવિધ મનોહર સ્થાનો, આકર્ષક વસ્તુઓ પર રાગભાવ કરે નહીં. ગૃહસ્થ સાથે બિનજરૂરી વાતો કરે નહીં. રસાસ્વાદના ત્યાગથી સાધુએ જીવન વ્યતીત કરવું જોઈએ. આહાર શુદ્ધિથી સાધુના પંચાચારની શુદ્ધિ થાય છે. એષણાની શુદ્ધિમાં જ સાધુતાની સમગ્ર-સંયમી જીવનની શુદ્ધિ છે.

આ સૂત્રમાં, સાધક જીવનને ઉપયોગી–ઉપકારક અનેક બાબતોનું સંક્ષેપમાં સચોટ વર્ણન છે. સાધુતાના શિખરે પહોંચવા માટે આ ગ્રંથ (આગમ) મહત્ત્વનું અવલંબન બની રહે છે. ✷ ✷ ✷


## મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પાટકર હોલમાં 'મહાવીર વંદના'નું આયોજન કર્યું હતું. તેની ઑડીયો C.D. વિના મૂલ્યે મળશે.

જેમને આ ઑડીયો C.D. જોઈતી હોય તેઓએ નીચેના સરનામે ફૉન કરી મેળવી લેવા વિનંતી. કુરીયર કરવામાં નહીં આવે.

પંદર પંદર ભક્તિ ગીતો ધરાવતી આ ઑડીયો C.D. ઘરે વસાવી રાખવા જેવી છે તો સર્વેને આ લાભ લેવા વિનંતી.

શ્રી કમલેશભાઈ જે. શાહ, C/o. વિરલ જ્વેલ્સ, ૯૨૫, પારેખ માર્કેટ, ૯મે માળે, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. : ૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સમય બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ સુધી.

# શ્રી દશ વૈકાલિક સૂત્ર

૪૨

☐ ડૉ. રસિકલાલ મહેતા

**☐ પ્રાસ્તાવિક :-**

જૈનોના બધા ફિરકાઓએ આ સૂત્રની મૂળ સૂત્ર તરીકે ગણના કરી છે. 'સાધુ જીવનની બાળપોથી', 'જૈન આગમનો સાર-સરવાળો', 'મોક્ષમાર્ગનો મહાપથ', 'મુક્તિધામની મહાયાત્રા' એવા ઉપનામથી આ શાસ્ત્રનું ગૌરવ કરવામાં આવ્યું છે. આ સૂત્રના રચયિતા, શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ચોથી પાટે બિરાજતા પૂ. આચાર્ય શ્રી શયંભવ મહારાજશ્રી છે. પૂ. આચાર્યશ્રીએ પોતાના પુત્ર અને શિષ્ય મનકે દીક્ષા અંગીકાર કર્યા પછી ફક્ત છ માસનું આયુષ્ય શેષ રહે છે એવું પોતાના જ્ઞાનથી જાણીને એ શિષ્યના આત્મશ્રેયાર્થે પૂર્વમાંથી અને આગમ ગ્રંથોમાંથી અનેક ગાથાઓ ઉધ્ધૃત કરીને આ સૂત્રની રચના કરી છે. વિકાલ એટલે કાળનું કશું બંધન નહીં અને વિકાલ એટલે સમી સાંજ એવો અર્થ દર્શાવનાર આ સૂત્રની **૧૦ અધ્યયન** અને **બે ચૂલિકામાં** વિભાજન કરી રચના કરી છે.

**☐ સૂત્ર પરિચય :**

સંયમ જીવનની સમાચારીનું સંપૂર્ણ વિગત સાથે સરળ-સ્પષ્ટ આલેખન થયું છે. અનુયોગની દૃષ્ટિએ સાધુ-સાધ્વીના, 'ચરણ-કરણાનુયોગ' પ્રધાન આ સૂત્ર છે. પરંપરાથી ૭૦૦ ગાથા પ્રમાણ આ ગ્રંથ છે. મુખ્યત્વે પદ્ય પરંતુ અધ્યયન ૪, ૯, તેમજ પ્રથમ ચૂલિકામાં કુલ ૨૦ ગદ્ય સૂત્રો છે. 'દ્રવ્યાનુયોગ'ની મુખ્યતા છે.

**☐ સૂત્રનું મહત્ત્વ :**

આ સૂત્રમાં સાધુ-સાધ્વીના આચાર અને ગોચરની વિધિનું સચોટ-સરળ નિરુપણ છે. આ સૂત્રની રચના થયા પહેલાં સાધુપણાના આચાર ધર્મ માટે આચારાંગ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવતું હતું. પરંતુ આ સૂત્રની રચના થયા પછી આ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવે છે.

નવદીક્ષિત સાધુ-સાધ્વીને 'ષડ્જીવ નિકાય' નામના ૪થા અધ્યયનનો પાઠ, ગુરુમુખે સાંભળીને દીક્ષાર્થીને એ પાઠ બોલાવીને વડી દીક્ષા આપવામાં આવે છે. વૈરાગી તથા સંયમી આત્માને આ સૂત્ર કંઠસ્થ હોય છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.

પાંચમા આરાના અંત સુધી આ સૂત્ર ટકવાનું છે, જેનો આધાર લઈને, ૪ જીવો આરો પૂરો થવાના સમયે એકાવતારી થવાના છે. પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાએ આ સૂત્રનો સ્વાધ્યાય કરી જૈન ધર્મના આચારની વિશેષતાઓથી પરિચિત થઈ, દયામય અહિંસા ધર્મનું આચરણ કરવા માટે સતત જાગૃત રહેવાનું છે. આ સૂત્ર 'સુવર્ણકુંભ છે, જેમાં જૈનાગમનું અમૃત ભરેલું છે.' શ્રમણ જીવનની આચાર-સંહિતાનું સંપૂર્ણ અને સૂક્ષ્મતમ નિરુપણ મળે છે. 'વૈકાલિક' શબ્દ કાળવાચક છે. ચાર સંધિકાળ સિવાયના કોઈ પણ સમયે આ સૂત્ર ભણી શકાય છે, સ્વાધ્યાય થઈ શકે છે.

અનન્ય અદ્ભુત અને આત્મકલ્યાણ કરનારા શાસ્ત્રોમાં અણમોલ 'દશ વૈકાલિક' સૂત્રનો સંક્ષેપમાં પરિચય મેળવીએ.

**☐ અધ્યયયન સાર**

૧. **દ્રુમપુષ્પિકા :** આ પ્રથમ અધ્યયનની પહેલી ગાથા–

'धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देण वि तं णमेसंति, जस्स धम्मे सया मणो।।'

અર્થાત્ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લાગેલું રહે છે, તે ધર્માત્માને દેવો પણ નમસ્કાર કરે છે.

આ અમર ગાથામાં ધર્મનું સાચું સ્વરૂપ, મહત્ત્વ તથા શ્રમણોની અહિંસક જીવન પદ્ધતિને વૃક્ષ પર ખીલેલા પુષ્પોમાંથી નિર્દોષ રીતે રસપાન કરીને જીવનનિર્વાહ કરનાર ભ્રમરની ઉપમાથી સમજાવેલ છે. શુદ્ધ આત્મધર્મની પ્રાપ્તિ માટે અહિંસા, સંયમ અને તપ સાધન છે. પાંચ ગાથામાં

## મૂળસૂત્રો

(૧) દશ વૈકાલિક, (૨) ઉત્તરાધ્યયન, (૩) નંદી સૂત્ર, (૪) અનુયોગદ્વાર. મૂર્તિપૂજક સંપ્રદાય પણ **ચાર** મૂળ સૂત્રો કહે છે. પરંતુ (૧) આવશ્યક સૂત્ર, (૨) દશ વૈકાલિક સૂત્ર, (૩) ઉત્તરાધ્યયન સૂત્ર, (૪) અધિનિર્યુક્તિ-પિંડ નિર્યુક્તિ સૂત્ર.

**☐ મૂળ સૂત્રની સમજણ :**

જે આગમોમાં આચાર સંબંધી મૂળગુણોનું નિરુપણ છે અને શ્રમણની જીવનચર્યામાં જે મૂળ રૂપે સહાયક બની જાય છે તે મૂળસૂત્ર છે. મૂળ એટલે મૌલિક-મૂળ. સાધકમાં મૂળગુણને વિકસાવી–ગુણના બીજથી મોક્ષના ફળ સુધીની વિકાસ યાત્રાનું આલેખન–માર્ગદર્શન જેના સ્વાધ્યાયથી મળી રહે છે એ મૂળ સૂત્ર છે. સાધક પોતાની સાધનામાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી, આત્મવિકાસ સાધી, મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરે છે, તે આ મૂળસૂત્રના સ્વાધ્યાય અને આચાર-પાલનથી શક્ય બને છે. ભવકટી કરવા માટે ખૂબ ઉપકારક બની રહે છે.
દરેક મૂળસૂત્રનો **વિગતે પરિચય મેળવીએ.**

વિભક્ત આ પ્રથમ અધ્યયન સાધુતાનો આદર્શ દર્શાવે છે.

**૨. શ્રામણ્યપૂર્વક :** દીક્ષા લીધા પછી, શ્રમણ ધર્મના પાલન માટે ઈચ્છાકાય અને મદનકામના ત્યાગની મહત્તા દર્શાવી છે. વિષયવાસના અને કામનાઓને નિવારવા માટે રાજેમતી અને રથનેમિના દૃષ્ટાંત આપી, ઉત્કૃષ્ટભાવે ચારિત્ર ધર્મનું પાલન કરવા માટે પુરુષાર્થ કરવાનો છે. દૃઢ સંયમી સાધુ-સાધ્વી પરમાત્માપદને અવશ્ય પ્રાપ્ત કરશે. જીવન પર્યંત ત્યાગને ટકાવી રાખે છે તે જ પુરુષોત્તમ છે.

**૩. ક્ષુલ્લકાચાર કથા :-** ચારિત્ર ધર્મની દૃઢતા તો જ જળવાય, જો સાધુ ૫૨ પ્રકારના અનાચારનું સેવન ન કરે. આચારપાલનનું પ્રતિપાદન આ અધ્યયનમાં મળે છે. જૈન ધર્મમાં, દયાધર્મની પ્રમુખતાને જ સર્વજ્ઞોએ આચાર કહ્યો છે.

આહારશુદ્ધિ માટે સાધુ-સાધ્વીને ઉદ્દેશીને બનાવેલું, ખરીદેલું, આમંત્રણ આપીને ઘરે બોલાવીને આપેલું, ઉપાશ્રયે જઈને આહાર વહોરાવવો તે અનાચાર છે. દોષયુક્ત આહાર ઉપરાંત, રાત્રિભોજન, સ્નાન, વિલેપન, વિભૂષાના ધ્યેયે સ્નાન, દંત ધોવન, નેત્ર પ્રક્ષાલન, અંજન વગેરે પ્રવૃત્તિ, ગૃહસ્થનો સંગ, ગૃહસ્થાના આસન, પલંગ, ખુરશી વગેરે સાધનોનો ઉપયોગ, ગૃહસ્થના વાસણમાં ભોજન લેવું કે કરવું વગેરે. સાધુએ આચારશુદ્ધિ માટે અનાચારોનો પૂર્ણ ત્યાગ કરવો જોઈએ.

**૪. છ જીવવિકાય :** આ અધ્યયનમાં છ પ્રકારના સંસારી જીવોની રક્ષા કરવાનું, તેમની વિરાધના ન કરવાનું તેમજ પંચમહાવ્રતનું-સાધુધર્મનું નિરુપણ છે. આ સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવ હિંસાની સંભાવના રહેલી છે. સંસારની દરેક ક્રિયા જીવદયાના-યતના જતના ધર્મનું પાલન થઈ શકે તે પ્રકારે થવી જોઈએ. જીવ-'પઢમં નાણં તઓ દયા' જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું જાણપણું કેળવીને, ચાર ગતિના ભોગ સુખથી દૂર રહી અને સંસારનો ત્યાગ કરી, મુંડિત થઈને અણગાર ધર્મનો સ્વીકાર કરે છે. સર્વ જીવોને **અભયદાન** આપી આત્મ સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

**૫. પિંડેષણા :** સાધુની ભિક્ષાચરીના દોષોનું વિગતપૂર્ણ વર્ણન, આ અધ્યયનમાં છે. પિંડ એટલે ચારે પ્રકારનો આહાર. આ અધ્યયનના **બે** ઉદ્દેશા છે.

**પ્રથમ ઉદ્દેશામાં** આહારની સદોષતા અને નિર્દોષતાનું શોધન કરવું. (૧) નિર્દોષ આહારની શોધ કરવી-૩૨ દોષોનો ત્યાગ કરવો. (૨) નિર્દોષ રીતે આહાર ગ્રહણ કરવો. (૩) નિર્દોષ રીતે પ્રાપ્ત થયેલા આહારના રસાસ્વાદનો ત્યાગ કરવો. અનાસક્ત ભાવે આહાર કરવો.

ગોચરી માટે જતાં જતના રાખવાની, ૧૦૦ ગાથામાં નિર્દોષ આહારપાણી જ લેવા જોઈએ.

**બીજા ઉદ્દેશામાં** ગોચરીના સમયે જ ગોચરી માટે જાય, ગૃહસ્થના ઘેર બેસે નહીં કે ઊભા ઊભા કથા ન કરે, એક સરખા ભાવથી બધા ઘેરે ભિક્ષા માટે જાય. ગોચરી લાવીને ગુરુને બતાવીને સંવિભાગ કરી વાપરે. ૫૦ ગાથામાં વિગતવાર વર્ણન મળે છે. આચારશુદ્ધિ આહારશુદ્ધિ વિના શકય નથી. તેથી આ અધ્યયનમાં સાધુને શું કલ્પે અને શું ન કલ્પે તેનું વિશદ વર્ણન મળે છે.

**૬. મહાચાર કથા :** આ અધ્યયનમાં સાધુ માટેના ૧૮ આચાર-સ્થાનનું વિસ્તૃત વર્ણન છે.

૧ થી ૬ પંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ.

૭ થી ૧૨ છકાયના જીવોની સંપૂર્ણ રક્ષા.

૧૩ અકલ્પ્ય વસ્તુનો ત્યાગ

૧૪ ગૃહસ્થના વાસણનો ઉપયોગ ન કરવો

૧૫-૧૬ ગૃહસ્થના પલંગ કે આસન પર ન બેસવું.

૧૭ સ્નાનનો ત્યાગ

૧૮ શરીરની શોભાનો ત્યાગ

આ પ્રમાણે અઢારે સ્થાનનું જિનાજ્ઞા મુજબ પાલન કરવાથી, આસક્તિ ભાવ ઘટે છે અને સાધક, સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થાય છે.

**૭. સુવાક્ય શુદ્ધિ :** આ અધ્યયનમાં સાધુની ભાષાસમિતિની શુદ્ધિનું વર્ણન છે. અસત્ય અને સત્યાસત્ય ભાષા ન બોલવાનું ફરમાવ્યું છે. વચનગુપ્તિની આરાધના જ તેનું લક્ષ છે. સાધુએ ક્યારેય નિશ્ચયાત્મક ભાષા ન બોલવી જોઈએ.

સુવાક્ય શુદ્ધિનું મુખ્ય પ્રયોજન સત્ય મહાવ્રતના પાલન માટે તથા અહિંસા ધર્મની પુષ્ટિ માટે છે. સાધુએ અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું પાલન થઈ શકે તેવી ભાષા બોલવી જોઈએ.

**૮. આચારપ્રણિધિ :** આચારપાલન સાધુ માટે પ્રકૃષ્ટ નિધિ અર્થાત્ ખજાના સમાન છે, તેનું ભાવથી પાલન કરવાથી સાધક ભવના ફેરા ટાળી પરમાત્મપદ પામે છે. આચારશુદ્ધિ માટેની વિવિધ હિત શિક્ષાઓ આ અધ્યયનમાં છે. છકાયના જીવોની રક્ષા માટે, સચિત્તભૂમિ કે આસન પર બેસવું નહીં, સચેત પાણીનો સ્પર્શ ન કરવો, અગ્નિ જલાવવો કે બુઝાવવો નહીં, પંખો નાંખવો નહીં, લીલી વનસ્પતિ છેદવી-ભેદવી નહીં, ત્રસ જીવોને મન, વચન, કાયાથી હણવા કે દુભવવા નહીં, સૂક્ષ્મ જીવોની રક્ષા કરવી, યથાર્થ પહિલેહણ કરવું, અહિતકારી વચન ન બોલવું. પરિષહો સમભાવે સહેવા કારણ કે 'દેહદુક્ખં મહાફલં' વિનય જાળવવો, રાગદ્વેષ ન કરવો, તપ અને સ્વાધ્યાયમાં મગ્ન રહેવું, સંયમ અને ધ્યાનથી મલિન ભાવોનો નાશ કરવો. જે શ્રદ્ધાથી ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો છે તે શ્રદ્ધાને જીવનપર્યંત ટકાવી, સાધુપણાને ઉત્તમ ભૂમિકાએ પહોંચાડવું.

**૯. વિનયસમાધિ :** આ અધ્યયનના ૪ ઉદ્દેશા છે.

**પહેલા ઉદ્દેશા**માં નિરંતર ગુરુનો વિનય કરવા કહ્યું છે. ગુરુની હીલના કે ઘૃણા ન કરવી. ગુરુ પ્રસન્ન થાય તેમ વર્તવું. સેવા કરવી.

વિનયધર્મની આરાધના કરવી. શિષ્યનો અવિનય, તેના દુષ્પરિણામનું વર્ણન મળે છે.

**બીજા ઉદ્દેશામાં** વિનય અને અવિનયનું સ્વરૂપ કહ્યું છે. ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે, તેનાથી જ મોક્ષ કે સદ્‌ગતિ મળે છે અને અવિનયનું ફળ ચારગતિરૂપ સંસારનું પરિભ્રમણ દર્શાવ્યું છે. વિનીત-અવિનીત શિષ્યના લક્ષણોનું વર્ણન છે. ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા હંમેશાં પ્રયત્ન કરે. જે વિનયધર્મનું પાલન કરે છે તે આત્મગુણ મેળવે છે.

**ત્રીજા ઉદ્દેશામાં** પૂજનીય પુરુષનાં લક્ષણોનું કથન છે. જે શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરે છે તથા શ્રુતજ્ઞાનથી કે દીક્ષા પર્યાયથી મોટા હોય તોપણ ગુરુનો વિનય કરે છે, ગુરુની શુશ્રૂષા માટે સતત જાગૃત રહે છે–આવા સાધુ પૂજનીય છે.

**ચોથા ઉદ્દેશામાં** મોક્ષના સાધનભૂત સમાધિનું વર્ણન છે. આત્માની સ્વસ્થતાને સમાધિ કહે છે. સમાધિ પ્રાપ્તિના ચાર કારણ છે-વિનય, શ્રુત, તપ અને આચાર.

સૂત્રકારે આ ચારેય સાધનને ચાર પ્રકારની સમાધિ કહીને તેને પ્રગટ કરવાના કારણો દર્શાવ્યાં છે. ચારેય પ્રકારની સમાધિની આરાધનાથી, અખંડ સમાધિ પ્રાપ્ત થાય છે.

**૧૦. શ્રેષ્ઠ ભિક્ષુ** આ અધ્યયનમાં સાચા–શ્રેષ્ઠ સાધુનાં લક્ષણ કહ્યાં છે. જે સાધુ આચારધર્મને ઉત્કૃષ્ટભાવે પાળે, ચારેય સંજ્ઞાઓને તોડે છે, જે સાધુ જિનવચનમાં અનુરક્ત હોય, મમત્વ ભાવથી રહિત હોય, લોકેષણાના ભાવોથી રહિત હોય, અનાસક્ત ભાવે ઉદરપૂર્તિ કરતા હોય, ઉપસર્ગ અને પરિષહોને સહન કરવામાં પૃથ્વી સમાન સહનશીલ હોય તે જ શ્રેષ્ઠ ભિક્ષુ છે. ત્યાગ અને વૈરાગ્યથી સભર, સંયમ અને તપની સાધના કરતો હોય તે જ શ્રેષ્ઠ ભિક્ષુ છે.

દશ અધ્યયનોને અંતે બે ચૂલિકા છે. ચૂલિકા એટલે ચોટી, શિખર અગ્રભાગ. જે રીતે શિખર પર્વતની શોભા વધારે છે તેમ બંને ચૂલિકા સમગ્ર શાસ્ત્રના વિષયની શોભારૂપ છે.

**પ્રથમ ચૂલિકા :-** 'રતિવાક્યા'માં, કોઈ સાધકે સંયમ સ્વીકાર્યા પછી કોઈ પણ કારણે 'સંયમભાવમાં અરતિ થાય, સાધુને સંયમ જીવનનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ હોય તેને ફરીથી સંયમ ભાવમાં રતિ ઉત્પન્ન કરવા ૧૮ સ્થાનનું વર્ણન છે. આ ચૂલિકાના ચિંતનસૂત્રો સાધકોને માટે મૂલ્યવાન બની રહે છે.

**ચૂલિકા-૨ વિવિક્ત ચર્યા :** આ ચૂલિકામાં સંસારથી કે ગચ્છથી અલગ થઈને સાધના કરનાર શ્રમણોના આચાર-વિચારની શુદ્ધિ માટેનું માર્ગદર્શન છે. સાધુએ સતત જાગૃતિપૂર્વક આત્મનિરીક્ષણ કરી, આત્માનુશાસન કરવાનું છે. જે સાધક જાત પર નિયંત્રણ કરી શકે છે તે કષાય વિજેતા બની શકે છે.

ભવસાગર તરવા માટે નાવ સમું, જીવનની જડીબુટ્ટી સમાન આ સૂત્ર સાધુ-સાધ્વીની અમૂલ્ય સંપત્તિ છે. ✱ ✱ ✱

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

### ગાંધી ચિંતનની ચિરંતન યાત્રા – વર્તમાન યુવા પેઢી માટે–યુવા વિદ્વાન દ્વારા

# શાશ્વત ગાંધી કથા

**વ્યાખ્યાતા : ગાંધી સાહિત્યના અભ્યાસી યુવાન પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ**

**ઑક્ટોબર- ૨, ૩, ૪ સાંજે ૬ વાગે. સ્થળ : પ્રેમપુરી આશ્રમ-બાબુલનાથ-મુંબઈ.**

આ સંસ્થાના સ્થાપકો સુધારાવાદી જૈન તો હતા, પણ સાથો સાથ ગાંધી વિચાર અને ગાંધી ચળવળના સમર્થકો પણ હતા, અને પોતાના મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં જૈન ધર્મ, અન્ય ધર્મો તેમજ ગાંધી ચિંતનને પ્રકાશિત કરતા હતા.

ભારતની વર્તમાન પરિસ્થિતિથી પ્રત્યેક નાગરિક આજે નિરાશ છે. ગાંધી વિચારમાં આજની પેઢીને આ સ્થિતિનો ઊકેલ નજરે પડે છે.

હવે માત્ર **ચળવળ નહિ સ્વ અને ચિંતન** પણ એટલું જ જરૂરી છે.

ગાંધીવાદી **પૂ. નારાયણ દેસાઈ**ની ગાંધી કથાએ દેશ-પરદેશમાં ગજબનું આકર્ષણ ઊભું કર્યું છે. આ ગાંધીયાત્રા યુવાનો દ્વારા યુવાનો સાથે આગળ વધે તો જ આવતી કાલ ઉજળી બને, એ માટે આવી કથા કહેનાર એક નહિ અનેક યુવાનોની જરૂર પડશે, એટલે આ દિશામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પહેલ કરી યુવાન પ્રાધ્યાપકને આમંત્ર્યા છે. કચ્છ નખત્રાણાની કૉલેજમાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપક ડૉ. યોગેન્દ્ર પારેખ ગાંધી સાહિત્યના અભ્યાસી તો છે જ, ઉપરાંત જૈન આચાર્ય મહાપ્રજ્ઞજીના અનેક પુસ્તકોના અનુવાદક, કવિ, નિબંધકાર અને સાહિત્ય સંશોધક અને પ્રભાવક વક્તા છે. આવા યુવા વિદ્વાન પ્રાધ્યાપકની વાણી દ્વારા શાશ્વત ગાંધી કથાનું શ્રવણ એક વિશિષ્ટ અને પ્રેરણાત્મક ઘટના બની રહેશે.

જે જિજ્ઞાસુઓએ આ કથા શ્રવણનો લાભ લેવો હોય એ સર્વેને આ સંસ્થાના કાર્યાલયમાં ફોન કરી (૨૩૮૨૦૨૯૬) પોતાના નામો લખાવવા વિનંતિ.

**મંત્રી : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

☐ ડૉ. રસિકલાલ મહેતા

૪૩

**☐ પ્રાસ્તાવિક :**

આ બીજું મૂળ સૂત્ર છે. મૂળ સૂત્ર તરીકે, બધાંએ આ સૂત્રનો સ્વીકાર કર્યો છે. 'અંતિમ દેશના', 'અપૃષ્ઠ વ્યાકરણ'–અર્થાત્ પૂછ્યા વિના કથન કરેલા શાસ્ત્રરૂપે આ સૂત્રની ગણના થઈ છે. સમગ્ર જૈન સમાજમાં ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે આ સૂત્ર અનોખી શ્રદ્ધા ધરાવે છે.

પ્રભુએ પાવાપુરીમાં પોતાના નિર્વાણ પૂર્વે સોળ પ્રહર (૪૮ કલાક) સુધી, છઠ્ઠના તપ સાથે, ૧૮ દેશના રાજા સહિતની બાર પ્રકારની પરિષદમાં, અખંડ ઉપદેશ આપ્યો. આ સૂત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું પ્રતિનિધિત્વ કરનાર આગમ છે.

**☐ સૂત્ર પરિચય :**

આ આગમમાં ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરની પરંપરાના બધા જ વિષયોનું સમુચિત રીતે પ્રતિપાદન થયું છે. ચારેય અનુયોગોનો અનોખો સંગમ આ સૂત્રમાં થયો છે. ૩૬ અધ્યયનમાં વિભાજન થયેલ આ સૂત્રની ૨૦૦૦ ગાથા છે. મુખ્યત્વે પદ્યમાં અને બીજા અધ્યયનનો આરંભ, ૧૬માં અધ્યયનમાં ગદ્ય-પદ્ય મિશ્ર તથા ૨૯મું અધ્યયન પ્રશ્નોત્તર રૂપે ગદ્યમાં મળે છે. ઉત્તર+અધ્યયન=ઉત્તરાધ્યયન–નામ મળે છે.

**☐ સૂત્રનું મહત્ત્વ :**

આ સૂક્ષ અત્યંત લોકપ્રિય સૂત્ર છે–સહુ કોઈને ગમે છે. ભગવાન મહાવીરની 'અંતિમ દેશના' હોવાથી, શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણ દિને આ સૂત્રનો સ્વાધ્યાય થાય છે. અનેક સાધુ-સાધ્વીજીએ સૂત્રને કંઠસ્થ કરેલ છે. ચાતુર્માસ દરમિયાન ધર્મસ્થાનકોમાં, આ સૂત્રના કોઈ ને કોઈ અધ્યયનનું દરરોજના વ્યાખ્યાન રૂપે અથવા વાંચણી રૂપે સ્વાધ્યાય થતો રહે છે. આ આગમ પર અનેક ટીકાઓ લખાઈ છે, વિવિધ સંપાદનો મળે છે. એકથી એક ચડિયાતા અધ્યયનો, મહાન ઉપકારક બની રહે છે.

**☐ અધ્યયન સાર :**

આ સૂત્રના ૩૬ અધ્યયનનો સંક્ષિપ્ત સાર, આગમની વિશેષતાનો પરિચય કરાવી ભાવોની વિશુદ્ધિ માટે અમૂલ્ય બની રહેશે.

૧. **વિનય અધ્યયન :** પ્રથમ અધ્યયનની ૪૮ ગાથા છે. વિનય ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. જે ગુરુની આજ્ઞાનું પાલન કરતો હોય, ગુરુના મનોભાવ સમજીને તેમના કાર્યો કરતો હોય તેને વિનીત શિષ્ય કહ્યો છે. ઉપરાંત, અવિનીત શિષ્યના દોષનું વર્ણન મળે છે. ગુરુ અને શિષ્યનો સંબંધ જાણવા માટે આ અધ્યયન ખૂબ ઉપયોગી છે.

૨. **પરિષહ અધ્યયન :** આ અધ્યયનના આરંભે થોડું ગદ્ય છે. ભૂમિકા રૂપે ગદ્ય છે, તે પછી ૪૬ ગાથામાં, ૨૨ પ્રકારના પરિષહનું અને સંયમજીવન દરમિયાન અણધાર્યા કષ્ટો આવે છે તેનું વર્ણન છે. આ કષ્ટોને–સમભાવે સહન કરી લેવાથી કર્મ નાશ પામે છે, ચારિત્ર દૃઢ થાય છે.

૩. **ચતુરંગીય :** મોક્ષના સાધનભૂત ચાર દુર્લભ અંગોનું ૨૦ ગાથાઓમાં નિરુપણ છે. ત્રીજા અધ્યયનની ૧લી ગાથા મનનીય અને પ્રેરક છે.

वतारि परमंगाणि, कम्लएणीह जंतुणो।
याणुशत्तं सुई सध्धा, संणम्मि य वीरियं ।।

અર્થાત્ આ સંસારમાં પ્રાણીમાત્ર માટે આ ચાર અંગો પ્રાપ્ત થવાં દુર્લભ છે. (૧) મનુષ્યત્ત્વ, (૨) સદ્ધર્મનું શ્રવણ, (૩) શ્રદ્ધા, (૪) સંયમમાં પરાક્રમ. આ ચાર અંગો મુક્તિનાં કારણ હોવાથી પરમ અંગો છે.

૪. **અસંખયં :** આ સૂત્રનું ૧૩ ગાથાનું સૌથી નાનું પરંતુ અર્થગંભીર અધ્યયન છે. સંસાર અને જીવનની નશ્વરતા વર્ણવીને, ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત રહેવાનો ઉપદેશ આપ્યો છે.

૫. **અકામ મરણ :** આયુષ્ય ક્ષણભંગુર છે તેથી ધૈર્યવંત વિવેકી માનવે સકામ મરણ, સમાધિ કે પંડિત મરણે મૃત્યુ પામવું એ જ ઉત્તમ છે. ૩૨ ગાથાઓમાં બે પ્રકારના મરણની ચર્ચા કરવામાં આવી છે. ધર્માત્મા સહજ સમાધિભાવે શરીરને તજી દે છે અને પાપ કાર્યો કરતો જીવ અસમાધિ ભોગવે છે.

૬. **ક્ષુલ્લક નિગ્રન્થીય :** જૈન સાધુના સામાન્ય આચાર-વિચારનું ૧૭ ગાથામાં વર્ણન કર્યું છે. આરંભે મૂર્ખ કોણ, વિદ્વાન કોણનો પરિચય આપ્યો છે. અવિદ્યા કે આસક્તિ એ જ સંસારના દુઃખોનું મૂળ છે. સંયમ માર્ગનું યથાર્થ પાલન કરનાર તરી જાય છે. પરમ સુખ પ્રાપ્ત કરે છે.

૭. **એલય (બકરો) :** સંસાર આસક્ત જીવોની દુર્દશાનું માર્મિક ચિત્રણ બકરાના દૃષ્ટાંત દ્વારા દર્શાવ્યું છે. ૩૦ ગાથાનું આ અધ્યયન, ધર્માચરણથી થનાર શુભફળનું વર્ણન દર્શાવે છે.

૮. **કાપિલિય અધ્યયન :**– આ અધ્યયનમાં કપિલ કેવળીના દૃષ્ટાંતથી, સાધકને નિર્લોભ થવા ફરમાવ્યું છે. ૨૦ ગાથાઓમાં કંચન અને કામિનીના ત્યાગથી, લોભના ત્યાગથી કેવળી થઈ

ગયેલ કપિલ મુનિવરનું દૃષ્ટાંત માર્ગદર્શક બની રહે છે.

૯. **નમિપ્રવ્રજ્યા :** આમાં ૬૨ ગાથાઓમાં પ્રવ્રજ્યા માટે પ્રયાણ કરતાં નમિ રાજર્ષિ સાથે બ્રાહ્મણ વેષધારી ઈન્દ્રનો આધ્યાત્મિક સંવાદ છે. ઈન્દ્ર મહારાજા પ્રશ્ન કરે છે અને નમિ રાજર્ષિ ઉત્તર આપે છે.

'જ્યાં બે છે ત્યાં જ ઘોંઘાટ (સંસાર) છે. પણ જે એકમાં (આત્મા) છે ત્યાં શાશ્વતી શાંતિ અને સુખ (મોક્ષ) છે.' હજારો સંગ્રામો જીતવા કરતાં, એક માત્ર પોતાના આત્માને જીતનારો શ્રેષ્ઠ છે.' એકત્વ ભાવનાનું સચોટ વર્ણન છે.

૧૦. **દ્રુમપત્રક :-** ૩૬ ગાથાના આ અધ્યયનમા વૃક્ષના પીળાં પાંદડાના તથા ઝાકળના બિંદુનાં દૃષ્ટાંતથી માનવ જીવનની ક્ષણભંગુરતાનું વર્ણન મળે છે. ભગવાન મહાવીર સ્વામીએ, ગૌતમને ઉદ્દેશીને, બધાં સાધકોને અપ્રમત્ત રહેવાનો, પાંચેય પ્રમાદને ત્યજીને ધર્મ આરાધના કરવાનો, એ આરાધના માટે એક સમયનો પણ પ્રમાદ ન કરવાનું પ્રત્યેક ગાથાને અંતે 'समयं गोयम मा पमायए' એ શબ્દોથી પ્રેરણા આપી છે.

૧૧. **બહુશ્રુત :** આ અધ્યયનમાં શાસ્ત્રજ્ઞ વ્યક્તિની પ્રશંસા કરવામાં આવી છે. ૩૨ ગાથાનું આ અધ્યયન છે. વિનીત અને અવિનીતનાં ગુણ-દોષનું વર્ણન કરીને વિનીતને બહુશ્રુત અને અવિનીતને અબહુશ્રુત કહેલ છે.

૧૨. **હરિકેશીય :** ચાંડાલ જાતિમાં જન્મેલા છતાં ઉદાત્ત ચરિત્રના સ્વામી, હરિકેશી મુનિનું જીવન ૪૭ ગાથામાં ગુંથેલું છે. કર્મથી જાતિ નક્કી થાય છે, જન્મથી નહીં. અહિંસક યજ્ઞ જ શ્રેષ્ઠ છે એ હકીકત દર્શાવી છે. ત્યાગ અને તપનો મહિમા દર્શાવ્યો છે.

૧૩. **ચિત્તસંભૂત :** ચિત્ત અને સંભૂતિ એ બે સગા ભાઈઓ. છ ભવનું વર્ણન છે. બંને મુનિવરોમાંથી સંભૂતિ મુનિએ તપનું નિયાણું કર્યું જ્યારે ચિત્ત મુનિએ નિર્દોષ ચારિત્ર પાળ્યું. પરિણામે સંભૂતિ મુનિ ૭મી નરકે ગયા અને ચિત્ત મુનિ મોક્ષે ગયા. ૩૫ ગાથાનું આ અધ્યયન તપનો મહિમા બતાવે છે.

૧૪. **ઇષુકારિય :** ઈષુકાર નગરના છ જીવો–મોક્ષગામી જીવો–ભૃગુપુરોહિત, તેની સ્ત્રી, તેમના બે પુત્રો, ઈષુકાર રાજા અને કમલાવતી રાણીની દીક્ષાનું વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવું ૫૩ ગાથાઓમાં વર્ણન છે. એક એક ગાથા મનનીય છે. કમલાવતી રાણી સાચી ધર્મપત્નીનું દૃષ્ટાંત છે. પિતા-પુત્ર અને પતિ-પત્ની વચ્ચેનો સંવાદ નોંધપાત્ર છે.

૧૫. **સભિક્ષુ :** સાધુના સામાન્ય ગુણનું વર્ણન ૧૬ ગાથાઓમાં કર્યું છે.

૧૬. **બ્રહ્મચર્ય સમાધિસ્થાન :** ગદ્ય અને પદ્ય મિશ્રિત આ અધ્યયનમાં, બ્રહ્મચર્યની રક્ષા માટે ૧૦ વાતોના ત્યાગની આવશ્યકતા, ૧૭ ગાથાઓમાં વર્ણવી છે. બ્રહ્મચર્યનું મહત્ત્વ સરસ રીતે દર્શાવ્યું છે.

૧૭. **પાપશ્રમણીય :** સાધુ થયા પછી, સાધકે રત્નત્રયીની સાધનામાં જ સંયમજીવન ગાળવું જોઈએ. જે તેમ નથી કરતો તેને પાપશ્રમણીય કહ્યો છે. પથભ્રષ્ટ સાધુનું ૨૧ ગાથામાં વર્ણન કર્યું છે.

૧૮. **સંજય :** રાજર્ષિ સંજયની દીક્ષાનું ૫૪ ગાથામાં વર્ણન છે. ઉપરાંત, જેમણે સાધુ ધર્મમાં દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી હતી તેવા રાજાઓનું વર્ણન છે. સંયતિ રાજા અને ક્ષત્રિય રાજર્ષિના સંવાદ ખૂબ નોંધપાત્ર છે.

૧૯. **મૃગાપુત્રીય :-** મહેલના ગોખમાં બેઠેલા મૃગાપુત્રે એક સંતને જોઈ પોતે પણ આવું સાધુપણું પાળ્યું છે એવું જાતિસ્મરણ જ્ઞાનથી જાણી, પોતાના માતા-પિતાની સંયમ લેવા આજ્ઞા માંગી. ૯૯ ગાથામાં આ અધ્યયન વર્ણન પામ્યું છે. મૃગાપુત્ર તથા તેમના માતા-પિતાના સંવાદો મનનીય છે. માનવભવ પામી, સંસારનું મમત્વ તજી ધર્મનો પુરુષાર્થ કરી લેવો જોઈએ એવું કથન યથાર્થ છે.

૨૦. **મહાનિર્ગ્રંથીય :** મહાનિર્ગ્રંથીય એટલે સર્વ વિરતિ સાધુ એવો અર્થ દર્શાવતું, ૬૦ ગાથાઓમાં વિભક્ત અનાથી મુનિવરે, શ્રેણિક રાજાને, અનાથ-સનાથનો ભેદ સમજાવી સદ્‌ધર્મના માર્ગે વાળ્યા અને શ્રેણિક મહારાજા પોતાના સમગ્ર પરિવાર સહિત ધર્મના રાગી બની ગયા તેનું વર્ણન મળે છે.

૨૧. **સમુદ્ર પાલીય :** હવેલીના ગોખમાં બેસીને રસ્તા પર નજર પડતાં, એક અપરાધીને ફાંસીએ ચડાવવા લઈ જવાતો જોઈને વૈરાગ્યભાવ જાગ્યો એ હકીકતનું વર્ણન ૨૪ ગાથામાં કર્યું છે. ચોરના નિમિત્તે વૈરાગ્ય પામી દીક્ષા લઈ, સિદ્ધ પદ પામ્યાની કથા આકર્ષક છે–પ્રેરક છે.

૨૨. **રહનેમિય–રથનેમિય :-** પોતાના લગ્ન નિમિત્તે પશુઓનો વધ થશે એવું જાણીને નેમનાથે રથ પાછો વાળી લગ્ન ન કર્યા અને રાજેમતીને સંયમ માર્ગે વાળી નવભવની પ્રીત સાચવી, સાધ્વી રાજીમતીએ, સાધુ રથનેમિને અસંયમી જીવન કરતાં તો મૃત્યુ શ્રેષ્ઠ એવું કહી ફરીથી સંયમમાં સ્થિર કર્યાનું, ૫૧ ગાથાનું આ અધ્યયન છે. ભગવાન અરિષ્ટનેમિ શ્રીકૃષ્ણ રાજેમતી અને રથનેમિ આદિનું ચરિત્ર ખૂબ અસરકારક છે.

૨૩. **કેશી ગૌતમીય :** ભગવાન પાર્શ્વનાથના શિષ્ય કેશી અને ભગવાન મહાવીરના શિષ્ય ગૌતમ વચ્ચે–ચાર મહાવ્રત અને પાંચ મહાવ્રત, રંગીન વસ્ત્ર અને સફેદ આદિ વિષયો પરની ૮૯ ગાથામાં રજૂ થયેલી સંવાદ–ચર્ચા નોંધપાત્ર છે. સમયને અનુસરીને બાહ્યાચારમાં પરિવર્તન થતું રહેશે પરંતુ સાધુના મૂળગુણો સદા-સર્વદા એકસરખા જ હોય છે.

૨૪. **સમિતીય :** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વર્ણન ૨૭ ગાથામાં થયું છે. સર્વજ્ઞ તીર્થંકરોએ સાધુના આ આઠ આચારને 'આઠ પ્રવચનમાતા' કહી છે. આ અષ્ટ પ્રવચન-માતા ચારિત્રરૂપ છે, તેનું શુદ્ધ ભાવથી પાલન કરનાર શીઘ્ર મોક્ષ મેળવે છે.

૨૫. **યજ્ઞીય :** જયઘોષ મુનિ તેમના સંસારી ભાઈ વિજયઘોષને સાચા યજ્ઞનું સ્વરુપ સમજાવે છે. ૪૫ ગાથામાં બ્રાહ્મલોક સ્વરુપ, યજ્ઞની આધ્યાત્મિક વ્યાખ્યા સમજાવી, કર્મથી જાતિવાદની સ્થાપના કરીને સાધુના આચારધર્મનું વર્ણન કરે છે.

૨૬. **સામાચારી-સમાચારી :** સાધુની ૧૦ સમાચારી સમ્યક્ પ્રકારે આચાર પાળવાની વિધિનું ૫૩ ગાથામાં વર્ણન છે. ઉપરાંત, સાધુ મહારાજની દિનચર્યા અને રાત્રિચર્યાનું વર્ણન છે.

૨૭. **ખલુંકિય =** મારકણો દુષ્ટ બળદ. ૧૭ ગાથામાં દુષ્ટ બળદના દૃષ્ટાંતે અવિનીત શિષ્યોની ક્રિયાઓનું વર્ણન છે. આચાર્યે આવા શિષ્યોને તજી દેવા જોઈએ. ગંગાચાર્ય અને ગળિયા બળદ જેવા તેમના શિષ્યોનું દૃષ્ટાંત પણ આપ્યું છે.

૨૮. **મોક્ષમાર્ગગતિ :** ૩૬ ગાથામાં મોક્ષના માર્ગ–સ્વરૂપ રત્નત્રયીનું વર્ણન છે. સાધક સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને.

૨૯. **સમ્યક્ પરાક્રમ :** આખું અધ્યયન મદ્યમાં, પ્રશ્નોત્તર શૈલીમાં રચાયું છે. ૭૩ પ્રશ્નો અને ૭૩ ઉત્તરોમાં આધ્યાત્મિક વિકાસના સોપાનો દર્શાવ્યાં છે. મોક્ષનો પુરુષાર્થ કરવો તે સાચું પરાક્રમ છે, ભવ્ય જીવ જ એ કરી શકે, અભવી નહીં.

૩૦. **તપોમાર્ગ :** અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવાત્માને આઠ કર્મો વળગેલા છે. આ કર્મો તપ કર્યા સિવાય નાશ પામતા નથી. ૩૭ ગાથામાં તપનું સ્વરૂપ તથા પ્રકારો વર્ણવ્યા છે. તપથી કર્મ ખપે છે અને આત્મા વિશુદ્ધ બની કર્મમુક્ત પરમાત્મા બને છે.

૩૧. **ચરણ વિધિ :** આ અધ્યયનની પ્રથમ ગાથામાં ચારિત્રની વિધિના વર્ણનની પ્રતિજ્ઞા દર્શાવી છે. ૨૧ ગાથામાં, ૧ થી આરંભીને ૩૩ સંખ્યા સુધી દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનાનું વર્ણન છે. અસંયમમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ કરવાનું ફરમાવ્યું છે.

૩૨. **પ્રમાદસ્થાનીય :** મોક્ષસાધનામાં બાધારૂપ એવાં પ્રમાદસ્થાનોનું આ અધ્યનનની ૧૧૧ ગાથામાં વર્ણન મળે છે. ૨૧મી ગાથામાં દર્શાવેલ વિષયનો જ આગળની ગાથાઓમાં વિસ્તાર થયો છે. રાગ-દ્વેષ મોહને દૂર કરવાનું ખાસ કહ્યું છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોનું વર્ણન કરી, તેને જીતી જિતેન્દ્રિય બની, ભવરોગ દૂર કરવાનો છે. ધર્મારાધના જ ઉત્તમ પ્રવૃત્તિ છે.

૩૩. **કર્મ પ્રકૃતિ - કમ્મપયઠી :-** કર્મોની જુદી જુદી અવસ્થાનું, ૮ કર્મ અને તેની ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓની વિગત ૨૫ ગાથામાં સચોટ રીતે દર્શાવી છે.

૩૪. **લેશ્યા :** કષાય અનુરંજિત મન પરિણામોને 'લેશ્યા' કહે છે. કર્મોની સ્થિતિમાં વિશેષરૂપે સહાયક લેશ્યાઓનું ૬૧ ગાથામાં વર્ણન મળે છે. કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે અને તેજો, પદ્મ અને શુક્લ – એ ત્રણ પ્રશસ્ત છે. તેનું ૧૧ દ્વારથી વર્ણન કર્યું છે.

૩૫. **અણગાર (સાધુ) :** સાધુના ગુણનું ૨૧ ગાથામાં વર્ણન છે. પંચ મહાવ્રત પાળે, સુઝતો નિર્દોષ આહાર લે, બાવન અનાચારમાંથી એક પણ ન સેવે, કાયા પ્રત્યેની માયા છોડી આત્મધ્યાનમાં લીન રહે.

૩૬. **જીવાજીવ વિભક્તિ :** આ સૌથી મોટું, ૨૬૯ ગાથાનું અધ્યયન છે. સાચું સાધુપણું તો જીવા-જીવના ભેદ-વિજ્ઞાનને જાણવાથી આવે છે. જીવાદિ તત્ત્વોની પરમશ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે. જીવ-અજીવના ભેદ અન પ્રભેદોનું સચોટ વર્ણન છે. અંતમાં જીવનને સમાધિમય બનાવી સંલેખના (સમાધિમરણ)નું વર્ણન છે.

જે સાધક જિનવચનમાં અનુરક્ત રહીને, ક્રિયાનું પાલન કરે છે, તે કષાયોથી મુક્ત થઈને પરિત્ત-સંસારી થાય છે અને સમાધિભાવે દેહનો ત્યાગ કરે છે.

✶✶✶

## શ્રી સૂયગડાંગ સૂત્ર

**एवं खु णाणिणो सारं, जं ण हिंसइ किंचणं ।**
**अहिंसा समयं चेव, एतावंतं वियाणिया ।।**

વિશિષ્ટ વિવેકી પુરુષને માટે આ જ સાર છે કે તે કોઈપણ જીવની હિંસા ન કરે. અહિંસાના કારણે બધા જીવો પર સમતા રાખવી આટલું જાણવું જ જોઈએ અથવા અહિંસાનો આ સિદ્ધાંત સમજવો જોઈએ.

# નંદીસૂત્ર

□ ડૉ. રસિકલાલ મહેતા

૪૪

**□ પ્રાસ્તાવિક :**

આ ત્રીજા મૂળ સૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તારથી નિરૂપણ થયું છે. જ્ઞાનના ભેદ-પ્રભેદની ચર્ચા ખૂબ રસપ્રદ અને મંગલકારી-કલ્યાણકારી-આનંદકારી છે. નંદી એટલે આનંદ-અધ્યાત્મ જ્ઞાનનો આનંદ પૂરો પાડનાર સૂત્ર છે. જેનાથી વસ્તુ તત્ત્વનો બોધ થાય તે જ્ઞાન છે. આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણ મુખ્ય છે. જ્ઞાનગુણના માધ્યમથી જ અનંત ગુણોનો બોધ થાય છે. જ્ઞાનગુણ અખંડ છે. જ્ઞાનની સહાયથી 'સંસાર વામો, સિદ્ધદશા પામો' એવું કથન ખૂબ ઉપકારક છે–આવકાર્ય છે. મૂળસૂત્ર ઉપરાંત, આ સૂત્રને ચૂલિકાસૂત્ર પણ કહે છે. ચૂલિકા એટલે શિખર-પરિશિષ્ટ. જૈન આગમમાં અભ્યાસ માટે આ સૂત્ર ભૂમિકાનું પણ કામ કરે છે.

**□ સૂત્ર પરિચય :**

આ સૂત્રના રચયિતા, પૂર્વધર શ્રી દેવર્ષિગણિ ક્ષમાશ્રમણ છે. આગમો લિપિબદ્ધ થતા હતા તે સમયે આ સૂત્રની રચના થઈ છે. નંદીસૂત્રની રચના ગદ્ય અને પદ્ય બંન્નેમાં છે. સૂત્ર સળંગ રીતે રચાયું છે. અર્થાત્ અધ્યયન કે શ્રુતસ્કંધ નથી. ૭૦૦ શ્લોક પ્રમાણ આ સૂત્ર છે. આ સૂત્રની મહત્ત્વની વિશેષતા એ છે કે પ્રસ્તુત સૂત્રમાં પ્રતિપાદિત વિષય અન્ય સૂત્રોમાં પણ ઉપલબ્ધ છે. દા. ત. અવધિજ્ઞાનની ચર્ચા–'પ્રજ્ઞાપના સૂત્ર'ના ૩૩મા પદમાં મળે છે. મતિજ્ઞાનનો પરિચય 'ભગવતી સૂત્ર'માં પણ છે.

**□ સૂત્રનું મહત્ત્વ :**

જ્ઞાનના પાંચ પ્રકારનું ખૂબ જ વિશદતાથી અને સરળતાથી વર્ણન આ સૂત્રના કેન્દ્રસ્થાને છે. જૈનદર્શન જ્ઞાનને પ્રમાણ માને છે–'ज्ञानं प्रमाणम्'. તેનું વિષય વિભાજન તથા પ્રતિપાદન બે રીતે કરેલ છે. (૧) આગમિક પદ્ધતિ (૨) તર્કપદ્ધતિ. જ્ઞાનની આરાધના માટે આ સૂત્ર ખૂબ જ ઉપયોગી છે. શ્રુતજ્ઞાનના ભેદ-પ્રભેદ દર્શાવ્યા પછી આ સૂત્રને અંતે દ્વાદશાંગીનો તથા ૧૪ પૂર્વનો સંક્ષેપમાં પરિચય મળે છે.

ગણિપિટકની શાશ્વતતા દર્શાવતા લખે છે-દ્વાદશાંગરુપ ગણિપિટક ક્યારેય ન હતું એમ નહીં, વર્તમાનમાં નથી એમ નહીં અને ભવિષ્યમાં નહીં હોય એવું નહીં. ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ ધ્રુવ છે. નિયત છે. શાશ્વત છે. અક્ષય છે, અવસ્થિત છે અને નિત્ય છે. કલ્યાણના ઈચ્છુક દરેક સાધકે આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ.

**□ નંદીસૂત્રનો સંક્ષિપ્ત સાર :**

આ સૂત્રમાં, સર્વ પ્રથમ ૫૪ ગાથામાં મંગલાચરણ કરેલ છે. આગમબત્રીસીમાં, એક માત્ર આ સૂત્રના આરંભે આટલું વિશેષ પ્રકારનું મંગલાચરણ છે. શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ, સૂત્રકારે વર્ણવી છે.

जयइ जगजीवजोणी वियाणओ, जगगुरु, जगाणंदो।

जगणाहो जगबंधु, जयइ जगप्रियामहो भयवं ।।

**ભાવાર્થ :** છ દ્રવ્યરૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્ગુરુ, ભવ્ય જીવોને આનંદ આપનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી દરેક જીવના ધર્મપિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હો.

સૂત્રની પ્રથમ ગાથામાં, શાસનનાયક આદ્ય તીર્થંકર, શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. બીજી ગાથામાં સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્ગમરૂપ મૂળરૂપ મહાવીર સ્વામી જયવંત થાઓ. વર્તમાન અવસર્પિણી કાળના ચોવીશ તીર્થંકર પૈકી અંતિમ તીર્થંકર જયવંત થાઓ, જગદ્ગુરુ મહાત્મા મહાવીર સદા જયવંત હો.

આ રીતે સ્તુતિ કર્યા પછી સંઘને વિવિધ ઉપમા ૮ પ્રકારની આપી છે અને ૨૪ તીર્થંકરોને, ૧૧ ગણધરોને, જિન પ્રવચનને, સુધર્મા સ્વામીથી દુષ્યમણિ સુધીના ૩૧ સ્થવિરોને નમસ્કાર કર્યા છે. તે પછી ૧૪ પ્રકારના શ્રોતાઓ અને ત્રણ પ્રકારની પરિષદની વિગતો વર્ણવી છે.

પરમ મંગલાચરણ આપ્યા પછી, જ્ઞાનના ભેદ-પ્રભેદનું વર્ણન મળે છે. જ્ઞાન મોક્ષનું મુખ્ય અંગ છે. જ્ઞાન અને દર્શન આત્માના અસાધારણ ગુણ છે. જેના દ્વારા વસ્તુ તત્ત્વનો બોધ થાય, તે જ્ઞાન છે. જ્ઞાનગુણ અખંડ છે, તેમાં ભેદ નથી.

**જ્ઞાનના પાંચ પ્રકાર :** (૧) આભિનિબોધિક કે મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન.

પાંચ જ્ઞાનમાં પહેલા બે જ્ઞાન અર્થાત્ મતિ અને શ્રુતજ્ઞાન 'પરોક્ષ જ્ઞાન' છે, ઈંદ્રિયોની સહાયથી થાય તેવા જ્ઞાન છે. અને પછીના ત્રણ 'પ્રત્યક્ષ જ્ઞાન' છે. પ્રત્યક્ષ એટલે ઈંદ્રિયોની સહાય વિના થાય છે-આને 'નોઈંદ્રિય પ્રત્યક્ષ' એ નામ પણ આપ્યું છે.

જ્ઞાનના મુખ્ય પ્રકારની થોડી વિશેષ વિગત જોઈએ.

(૧) જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા ઉત્પન્ન થાય તેને આભિનીબોધિક-મતિજ્ઞાન કહે છે.

(૨) કોઈ પણ શબ્દનું શ્રવણ કરવાથી વાચ્ય-વાચક ભાવ સંબંધના આધાર વડે અર્થ મળે છે તે **શ્રુતજ્ઞાન** છે.

આ જ્ઞાનની ઉત્પત્તિમાં મનની મુખ્યતા છે. અર્થાત્ પહેલાં મતિ (મન) વડે શ્રુત ગ્રહણ કરે અને પછી ફરીથી કહે–સંભળાવે ત્યારે કહેનારનું મતિજ્ઞાન અને એને જે સાંભળે તેનું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનના ૧૪ પેટાભેદ છે. જ્ઞાનના પાંચ પ્રકારોમાં શ્રુતજ્ઞાનનો આપણા ઉપર મહાન ઉપકાર છે. સ્વ-પર કલ્યાણકારક એવું આ જ્ઞાન છે.

મતિ અને શ્રુતજ્ઞાનની ઉપસ્થિતિમાં જ શેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન પણ આ બે જ્ઞાન હોય તો જ ઉત્પન્ન થાય છે પરંતુ કેવળજ્ઞાન ઉત્પન્ન થતાંની સાથે જ આ બંને જ્ઞાન તેમાં સમાઈ જાય છે.

(૩) **અવધિજ્ઞાન :** જે જ્ઞાનની સીમા હોય અને માત્ર રૂપી પદાર્થોને જ જે જાણે છે. તેનો વિષય રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત પદાર્થો જ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી એમ ચાર પ્રકારે અવધિજ્ઞાનનો વિષય જાણી શકાય છે. ચારે ગતિના જીવોને આ જ્ઞાન થાય છે. આગામી ભવમાં સાથે જાય છે.

(૪) **મનઃપર્યવજ્ઞાન :-** અપ્રમત્ત, સમ્યગ્દૃષ્ટિ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના સંયમી સાધુને જ આ જ્ઞાન થાય છે. આ જ્ઞાનની સહાયથી સામેની વ્યક્તિનો મનોભાવ જાણી શકાય છે. આ જ્ઞાનમાં જ્ઞાતા સાક્ષાત આત્મા છે અને જાણવાનો વિષય મન છે. આ ભવ સુધી જ રહે છે.

(૫) **કેવળજ્ઞાન :** ચાર ઘાતીકર્મો નાશ પામવાથી જે પૂર્ણ એક, અખંડ, અપ્રતિપાતી આત્મજ્ઞાન અંતરમાં પ્રગટે છે તેને કેવળજ્ઞાન કહે છે. આ જ્ઞાનથી કેવળી ભગવંત દ્રવ્યથી સર્વ પદાર્થો અને તેના પર્યાયોને, ક્ષેત્રથી સર્વક્ષેત્ર-લોકાલોક, કાળથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનને અને ભાવથી સર્વ ભાવોને જાણે છે, દેખે છે. બધાં જ્ઞાન આ જ્ઞાનમાં સમાઈ જાય છે. કેવળી ભગવાનનાં વચન, શ્રોતાઓના શ્રુતજ્ઞાનનું નિમિત્ત બને છે. પ્રભુનાં વચનો દ્રવ્યશ્રુત છે અને તેનાથી શ્રોતાઓને જે જ્ઞાન થાય તે ભાવશ્રુત છે.

અહીં પાંચેય જ્ઞાનનો પ્રાથમિક પરિચય આપ્યો છે. પ્રત્યેક જ્ઞાનના ભેદ-પ્રભેદ અને તેની આપણા પરની ઉપકારકતા વગેરે જાણવા માટે મૂળ 'નંદીસૂત્ર'નો સ્વાધ્યાય કરવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે-થશે.

આત્મા સ્વયં જ્ઞાનમય છે પરંતુ જ્ઞાનાવરણીય કર્મના આવરણથી તે જ્ઞાનગુણ આવરિત થઈ જાય છે. જ્ઞાન ગુણ પર, ગાઢતમ આવરણ આવી જાય તોપણ શ્રુતજ્ઞાનના અનંતમો ભાગ સદા શેષ રહી જાય છે. જો તેના પર પણ આવરણ આવી જાય તો જીવ મરીને અજીવ બની જાય છે. પરંતુ એ મુજબ ક્યારેય થતું નથી. કેમકે જ્ઞાનગુણ તે જીવનો સ્વભાવ છે. સ્વભાવનો સર્વથા નાશ કદાપિ થતો નથી.

નંદીસૂત્રના અંતે રચયિતાએ દ્વાદ્વશાંગીનો તેમજ ૧૪ પૂર્વનો સંક્ષેપમાં સરસ પરિચય આપ્યો છે. સૌથી પ્રથમ તો શ્રુત-અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યની ચર્ચા કરી છે.

તીર્થંકરોના ઉપદેશાનુસાર, ગણધરો જે ગ્રંથની રચના કરે છે તે દ્વાદશાંગી–અંગપ્રવિષ્ટ સૂત્ર છે, અને અંગ સૂત્રના આધારે સ્થવિર મુનિઓ જે શાસ્ત્રની રચના કરે છે, તે અંગબાહ્ય શ્રુત છે.

**□ દ્વાદશાંગી પરિચય :**

(૧) **શ્રી આચારાંગ સૂત્ર :** શ્રમણોની સંયમ વિશુદ્ધિ માટે પાંચ આચારનું નિરૂપણ છે. આ સૂત્રના બે શ્રુતસ્કંધ છે–વિભાગ છે. પ્રથમ વિભાગમાં નવ અધ્યયન છે, બીજા વિભાગમાં ૧૬ અધ્યયન છે. સાધુના આચારધર્મનું અને ચારિત્રધર્મનું સરસ વર્ણન છે. પ્રભુ મહાવીરસ્વામીના સમયથી નવદીક્ષિતોને આચારાંગસૂત્રનું અધ્યયન સર્વ પ્રથમ કરાવવામાં આવતું હતું. અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ સમજવા માટે આ રચના મહત્ત્વપૂર્ણ છે.

(૨) **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર=સૂયગડાંગ સૂત્ર :** આ સૂત્રના બે વિભાગ છે. પહેલા વિભાગમાં સોળ અને બીજા વિભાગમાં સાત, કુલ ત્રેવીસ અધ્યયન છે. આ સૂત્રમાં ૧૮૦ ક્રિયાવાદીના, ૮૪ અક્રિયાવાદીના, ૬૭ અજ્ઞાનવાદીના અને ૩૨ વિનયવાદીના કુલ ૩૬૩ પાંખડીના મતોનું નિરાકરણ કરીને સ્વમતની સ્થાપના કરેલી છે. આ ગ્રંથમાં વિભિન્ન વિચારકોના મતોનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. સ્વમત-પરમતનું જ્ઞાન સરળતાથી થાય છે.

(૩) **શ્રી ઠાણાંગ સૂત્ર :** એક શ્રુતસ્કંધ–વિભાગ અને તેના દશ સ્થાન–અધ્યયન છે. જીવાદિ તત્ત્વોનું એક, બે, ત્રણ આદિ દશ સુધીની સંખ્યાની ગણનામાં નિરૂપણ છે. આ સૂત્ર ભિન્ન ભિન્ન વિષયોનો કોશ છે.

(૪) **શ્રી સમવાયાંગ સૂત્ર :** એક વિભાગ–એક અધ્યયન–અર્થાત્ સળંગ સૂત્ર છે. આ સૂત્રમાં એકથી સો સુધીના સ્થાનોનું વર્ણન છે. જીવ-અજીવાદિ તત્ત્વો તથા સ્વ-પરદર્શનનું, લોકાલોક ભાવોનું સંખ્યા દૃષ્ટિએ વર્ણન છે. દ્વાદશાંગ ગણિ પિટકનો સંક્ષેપમાં પરિચય પણ છે. ત્રેંસઠ પુરુષોના નામ તથા તેમની મુખ્ય વિગતો વર્ણવી છે.

(૫) **શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર :** ભગવતી સૂત્ર નામથી આ સૂત્ર વિખ્યાત છે. આ સૂત્રમાં ગૌતમ સ્વામી આદિ અનેક મુમુક્ષુઓએ ભગવાન મહાવીરને પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નોત્તર છે. એક શ્રુતસ્કંધ છે–એકસો અધ્યયન અને દશ હજાર ઉદ્દેશક છે, દશ

હજાર સમુદ્દેશક છે. આ સૂત્રમાં સૈદ્ધાંતિક, ઐતિહાસિક-તાત્ત્વિક વિષયો અને અનેક પ્રેરક કથાનકોનું વર્ણન છે.

(૬) **શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર :** આના બે વિભાગ છે. પ્રથમ વિભાગમાં ૧૯ અને બીજામાં દશ વર્ગ છે. ધર્મકથા પ્રધાન આ સૂત્ર વિશે એવી પણ માન્યતા છે કે આ સૂત્રની બધી મળીને સાડા ત્રણ કરોડ ધર્મકથા તથા હજારો પદ હતા.

(૭) **શ્રી ઉપાસક દશાંગ સૂત્ર :-** શ્રમણ ભગવાન મહાવીરના દશ વિશિષ્ટ શ્રાવકોના ચરિત્ર દ્વારા શ્રાવકધર્મનું વર્ણન મળે છે. એક વિભાગ–દશ અધ્યયન છે. વિવિધ વર્ણનો આકર્ષક છે. શ્રાવકના ૧૨ વ્રતનું પણ વર્ણન મળે છે.

(૮) **અંતકૃતદશાંગ સૂત્ર :** આ સૂત્રના આઠ વર્ગ છે. પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ-દસ અધ્યયન છે. એક શ્રુતસ્કંધ છે. આ સૂત્રમાં સંયમ-તપની આરાધના કરી, નિર્વાણ પ્રાપ્ત કરનાર, ૯૦ સાધકોનું નિરૂપણ છે.

(૯) **શ્રી અનુત્તરોપપાતિક દશા સૂત્ર :** એક શ્રુત સ્કંધ છે. અનુત્તરનો અર્થ છે અનુપમ. પાંચ અનુત્તર વિમાનમાં જે વિમાન છે તે અનુત્તર વિમાન કહેવાય છે. તપ-સંયમની આરાધના કરીને, અનુત્તર વિમાનમાં જન્મ ધારણ કરનાર આત્માઓનું વર્ણન છે. ત્રણ વર્ગમાં આ સૂત્ર વિભક્ત છે–પ્રથમ વર્ગમાં દશ, બીજા વર્ગમાં ૧૩ અને ત્રીજામાં દશ–કુલ ૩૩ અધ્યયન છે. કુલ ૩૩ મહાન આત્માનું વર્ણન છે.

(૧૦) **શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર :** પ્રશ્નોત્તરપ્રધાન આ સૂત્રમાં ૧૦૮ પ્રશ્નો છે. એક શ્રુતસ્કંધ અને ૪૫ અધ્યયન છે. **વર્તમાનકાળે** આ સૂત્રમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન કરતાં ૧૦ અધ્યયન છે.

(૧૧) **શ્રી વિપાક સૂત્ર :** આ સૂત્રમાં શુભાશુભ કર્મોના ફળનું કથન છે. બે શ્રુતસ્કંધ છે. પ્રથમ વિભાગમાં અશુભ કર્મોના ફળરૂપ દુ:ખવિપાકનું અને બીજામાં શુભ કર્મોના ફળરૂપ સુખવિપાકનું વર્ણન છે. કથાનકોના માધ્યમથી શુભકર્મ અને અશુભકર્મના ફળથી પરિચિત થઈ જીવ ધર્મકરણી કરવાનું નક્કી કરે છે.

(૧૨) **શ્રી દૃષ્ટિવાદ સૂત્ર :** આ સૂત્ર વિચ્છેદ ગયું છે પરંતુ તેની વિગતો મળે છે. (૧) પાંચ વિભાગમાં આ સૂત્રનું વિભાજન મળે છે. (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વ, (૪) અનુયોગ દ્વાર, (૫) ચૂલિકા.

**પૂર્વના ૧૪ પ્રકાર છે**–એક પૂર્વનું જ્ઞાન ખૂબ હોય છે. અંબાડી સહિત હાથી પ્રમાણ શાહીથી જેટલું લેખન થાય તેટલું એક પૂર્વનું જ્ઞાન છે.

(૧) **ઉત્પાદ પૂર્વ :** જીવ, પુદ્‌ગલ અને કાળ દ્રવ્યના ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાનું વર્ણન છે.

(૨) **અગ્રાયણીય પૂર્વ :** આમાં ૭૦૦ સુનય, ૭૦૦ દુર્નય, પંચાસ્તિકાય, ષટ્‌દ્રવ્ય અને નવ તત્ત્વનું નિરૂપણ છે.

(૩) **વીર્યાપ્રવાદ પૂર્વ :** આત્મવીર્ય, પરવીર્ય, બાલવીર્ય પંડિતવીર્યનું વર્ણન છે.

(૪) **અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ :** જીવ–અજીવના અસ્તિત્વ-નાસ્તિત્વનું વર્ણન છે.

(૫) **જ્ઞાનપ્રવાદ પૂર્વ :** પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનું વિશદ વર્ણન છે.

(૬) **સત્યપ્રવાદ પૂર્વ :** વચનગુપ્તિનું અને ચાર પ્રકારની ભાષાના પ્રકારોનું વર્ણન છે.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ :** આત્માના સ્વરૂપનું પ્રતિપાદન છે.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ :** કર્મના આઠ પ્રકાર, તેની ૧૨૦ ઉત્તર પ્રકૃતિઓ, કર્મમીમાંસા છે.

(૯) **પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ :** ગૃહસ્થ ધર્મ અને સાધુના પ્રત્યાખ્યાનનું સ્વરૂપદર્શન છે.

(૧૦) **વિદ્યાપ્રવાદ પૂર્વ :** ૭૦૦ અલ્પવિદ્યા, ૫૦૦ મહાવિદ્યા તથા આઠ મહાનિમિત્ત શાસ્ત્રોનું વર્ણન છે.

(૧૧) **અવંધ્ય પૂર્વ :** શુભાશુભ કર્મફળનું વર્ણન છે.

(૧૨) **પ્રાણાયુ પૂર્વ :** પ્રાણાયામના ભેદ-પ્રભેદ, શરીર-ચિકિત્સા, આયુર્વેદની મહત્તા–વિષવિદ્યા તથા ભૂત-ભવિષ્યની ઘટનાઓને જાણવાની પદ્ધતિનું નિરૂપણ છે.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ :** પુરુષની ૭૨ અને સ્ત્રીની ૬૪ કળાનું– લૌકિક ક્રિયા અને લોકોત્તર ક્રિયાનું વર્ણન મળે છે.

(૧૪) **લોકબિંદુસાર પૂર્વ :** સંસાર અને તેનાં કારણો, મોક્ષ અને તેના ઉપાયો તેમ જ લોકાલોકનું સ્વરૂપ આલેખન પામ્યું છે. આ પૂર્વ શ્રુતલોકમાં ઉત્તમ છે.

ચૌદ પૂર્વના જ્ઞાતાને શ્રુતકેવળી અથવા જિન નહીં પણ જિન સરીખા કહ્યાં છે. પૂર્વનું જ્ઞાન-વર્તમાન કાળે ઉપલબ્ધ નથી.

✷ ✷ ✷

**આગમ-વાણી**

- *જાણતાં કે અજાણતાં કોઈ અધર્મ કાર્ય થઈ જાય તો પોતાના આત્માને એમાંથી તરત હટાવી લેવો. ત્યાર પછી બીજી વાર એવું કાર્ય ન કરવું.*
- *ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.*

# શ્રી અનુયોગદ્વાર સૂત્ર

૪૫

□ ડૉ. રસિકલાલ મહેતા

**□ પ્રાસ્તાવિક :**

ચાર મૂળ સૂત્રમાં 'શ્રી અનુયોગદ્વાર સૂત્ર' ચોથું મૂળ સૂત્ર છે. સર્વ આગમોને સમજવાની 'માસ્ટર કી–માસ્ટર ચાવી' છે. અનુયોગ એટલે શબ્દનું અર્થ સાથે જોડાણ. યોગ=જોડાણ કરવું અથવા સૂત્રની સાથે અનુકૂળ કે સુસંગત અર્થનો સંયોગ કરવો, શબ્દની વ્યાખ્યા કે વિવરણ કરવું તે અનુયોગ છે. અનુયોગ એટલે જીવાદિ તત્ત્વોનું તત્ત્વજ્ઞાન. તેના મુખ્ય ચાર પ્રકાર છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણ કરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ, (૪) ધર્મકથાનુયોગ.

આ આગમના અભ્યાસથી અન્ય સઘળા આગમોને સમજવાની પદ્ધતિ પ્રાપ્ત થઈ જાય છે.

**□ સૂત્ર પરિચય :**

સૂત્રના અર્થની વિસ્તારથી સમજ આપનાર, આ સૂત્રના રચયિતા ૯ પૂર્વધર આર્યરક્ષિત મહારાજ છે. એક શ્રુતસ્કંધ છે, ૪ દ્વાર છે. ૧૮૯૯ શ્લોક છે. ૧૫૨ ગદ્યસૂત્ર અને ૧૪૩ પદ્ય સૂત્ર છે. આવી રીતે આ આગમ ગદ્ય-પદ્ય મિશ્રિત છે. મુખ્યત્વે આમાં દ્રવ્યાનુયોગ છે. પરંતુ અન્ય અનુયોગની દૃષ્ટિએ પણ અવલોકન કરવું જોઈએ.

**□ સૂત્રનું મહત્ત્વ :**

આ આગમ બધા આગમોને અને એની વ્યાખ્યાઓને સમજવા માટે ચાવીરૂપ છે. મૂળ સૂત્ર ઉપરાંત આ સૂત્રને ચલિતસૂત્ર પણ કહ્યું છે. જેવી રીતે મંદિર ધજાથી શોભે છે તેવી રીતે આગમ મંદિર પણ અનુયોગ દ્વાર રૂપ ચૂલિકાથી શોભે છે. જૈનદર્શનનો જે વૈચારિક વિભાગ છે તે સંપૂર્ણ વિભાગનો આધાર મૂળ ચાર નિક્ષેપ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ–એ ચાર પાયાનો પૂરો ઉપયોગ કરે છે. આ ગ્રંથને, 'દર્શનશાસ્ત્રનો મુકુટ મણિગ્રંથ' કહેલ છે.

અર્ધમાગધી ભાષામાં આ આગમની રચના થઈ છે પરંતુ આ આગમનો સ્વાધ્યાય ખૂબ એકાગ્રતા અને થોડી સજ્જતાની અપેક્ષા રાખે છે. જ્ઞાની ગુરુ ભગવંત અથવા વિદ્વાન પંડિતની નિશ્રામાં આ સૂત્રનો સ્વાધ્યાય કરવામાં આવે તો ખૂબ સરળતાથી અર્થની સમજણ પ્રાપ્ત થઈ અપાર આનંદ પ્રાપ્ત થાય. ઉપરાંત, એક સૂત્રના યથાર્થ અધ્યયનથી અનેક સૂત્રોના અધ્યયનની રીત પણ પ્રાપ્ત થઈ શકે તેમ છે. જિનાગમને યથાર્થ રીતે સમજી એના પર ચિંતન-મનન કરી, શક્ય તેટલું આચરણમાં મૂકવાનો પુરુષાર્થ કરી, માનવ જીવનને ધન્ય બનાવીએ અને આ ધરતી પરનું આપણું આગમન ફોગટ ફેરો ન થાય તેની કાળજી રાખીએ.

**□ અનુયોગ દ્વાર સૂત્રનો સંક્ષિપ્ત પરિચય :**

પ્રસ્તુત આગમના આરંભે મંગલાચરણમાં પાંચ જ્ઞાનના નામ દર્શાવી, ચાર દ્વારથી વિસ્તૃત વર્ણન કર્યું છે. પાંચ જ્ઞાનની સંક્ષેપમાં સમજ આપતાં, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનનું મહત્ત્વ વિશેષ રીતે દર્શાવેલ છે. શ્રુતજ્ઞાન પરમ ઉપકારી છે. સ્વહિતકારી–પર ઉપકારી શ્રુતજ્ઞાનની મહત્તા વર્ણવી છે. કેવળજ્ઞાની પણ શ્રુતજ્ઞાનથી અન્યને બોધ આપી શકે છે.

પછી આવશ્યક સૂત્રનું દૃષ્ટાંત આપી સૂત્રને સમજવાની પદ્ધતિ દર્શાવી છે, આ સૂત્રના અર્થ આપ્યા નથી. ચાર નિક્ષેપની દૃષ્ટિએ તેની વિચારણા થાય છે. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. આવશ્યક સૂત્રના છ અધ્યયનની વિગતે ચર્ચા કરી છે. આવશ્યક શબ્દના વિવિધ પર્યાયવાચી શબ્દો દર્શાવ્યા છે. દ્રવ્ય આવશ્યક-ભાવ આવશ્યકની ચર્ચા પણ કરી છે.

આટલી ચર્ચા પછી અનુયોગના ૪ દ્વારનું વર્ણન કર્યું છે. (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય. આ ચારમાંથી ઉપક્રમની વિગતે ચર્ચા કરી છે; બાકીનાં ત્રણ દ્વારનું સંક્ષેપમાં કથન કર્યું છે. શ્રુત નિક્ષેપ તથા સ્કંધ નિક્ષેપની ચર્ચા દર્શાવ્યા પછી **પ્રથમ અનુયોગ દ્વાર ઉપક્રમનો** પરિચય કરાવે છે.

(૧) **ઉપક્રમ :** વસ્તુને નિક્ષેપ યોગ્ય બનાવવી તે ઉપક્રમ છે. તેના છ ભેદ છે.(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) ભાવ. દરેકની સંક્ષેપમાં સમજણ આપી છે. ઉપક્રમના છ પ્રકાર અન્ય રીતે પણ દર્શાવેલ છે. અર્થાત્ **બીજી** માન્યતા અનુસાર ઉપક્રમના છ ભેદો આ પ્રમાણે છે. (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા, (૫) અર્થાધિકાર, (૬) સમવતાર. આ બીજી માન્યતા મુજબનું વિગતે આલેખન પ્રસ્તુત ગ્રંથમાં મળે છે.

**(૧/૧) પ્રથમભેદ આનુપૂર્વી :** આનુપૂર્વી એટલે અનુક્રમ. વસ્તુના અનેક ભેદનું ક્રમશઃ વર્ણન કરવું. આનુપૂર્વીના **દશ** પ્રકાર છે. (૧) નામ (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ, (૬) ઉત્કીર્તના, (૭) ગણના, (૮) સંસ્થાન, (૯) સમાચારી, (૧૦) ભાવ. એ દરેકની સમજણ અને પેટા વિભાગો આગમગ્રંથમાં દર્શાવ્યા છે. પ્રત્યેક અનુપૂર્વીના–પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી એમ ત્રણ-પેટા ભેદો થાય છે ક્રમશઃ સરળ રીતે સમજી શકીએ એવું નિરૂપણ આ સૂત્રમાં મળે છે.

**(૧/૨) ઉપક્રમ દ્વારનો બીજો ભેદ નામ :** જીવ–અજીવ આદિ કોઈ પણ વસ્તુના વાચક શબ્દને નામ કહે છે. તેના **દશ** પ્રકાર છે. એક નામ–બે નામ આદિ. આ દરેક નામના પેટા પ્રકારનું વર્ણન મળે છે. **ત્રણ** નામમાં દ્રવ્ય, ગુણ, પર્યાયની વિગતે ચર્ચા મળે છે. (૧) ગુણ અને પર્યાયનો જે આધાર તે **દ્રવ્ય** છે. **અથવા** ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવવાળા હોય તે **દ્રવ્ય** છે. (૨) ત્રિકાળસ્થાયી સ્વભાવવાળા અસાધારણ ધર્મને **ગુણ** કહે છે. (૩) પ્રતિક્ષણે બદલાતી દ્રવ્યની અવસ્થાઓ અથવા ગુણના વિકારને **પર્યાય** કહે છે. જગતના સર્વ પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ છે. એકથી પાંચ નામની એક સાથે ચર્ચા કર્યા પછી, છ નામ=છ ભાવ, સાત નામ=સાત સ્વર, આઠ નામ=આઠ વિભક્તિ, નવ નામ=નવકાવ્યરસ, દશ નામ = (૧) ગુણ નિષ્પન્ન નામ, (૨) પ્રમાણ નિષ્પન્ન નામ, (૩) સમાસ, (૪) તદ્ધિત–એમ ચાર પેટા ભેદો સાથે, સદૃષ્ટાંત ચર્ચા મળે છે.

(૧/૩) **ઉપક્રમનો ત્રીજો ભેદ પ્રમાણ :** જેના દ્વારા યથાર્થ જ્ઞાન થાય તે પ્રમાણ. તેના ૪ ભેદ છે. (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાળ, (૪) ભાવ. આ દરેકના પેટા ભેદ અને તેના ઉદાહરણો સાથેની ચર્ચા ખૂબ રસપ્રદ છે.

(૧/૪) **ઉપક્રમનો ચોથો ભેદ વક્તવ્યતા છે.** અધ્યયન આદિના પ્રત્યેક શબ્દના અર્થનું યથાયોગ્ય વિવેચન કરવું તે વક્તવ્યતા છે.

(૧/૫) **ઉપક્રમનો પાંચમો ભેદ–અર્થાધિકાર :** જે અધ્યયનમાં જે અર્થ હોય તે તેનો અધિકાર છે. પ્રસ્તુત આગમમાં આવશ્યક સૂત્રના છ અધ્યયન તેનો અર્થાધિકાર છે.

(૧/૬) **ઉપક્રમનો છઠ્ઠો ભેદ સમવતાર :** સમવતાર એટલે સમાવિષ્ટ થવું. કઈ વસ્તુનો સમાવેશ કયાં થાય છે તેનો વિચાર કરવો તેને સમવતાર કહે છે. પેટાભેદ સાથે વિગતે ચર્ચા મળે છે.

**બીજું અનુયોગ દ્વાર નિક્ષેપ :-** સાદો અર્થ છે મૂકવું. એક શબ્દના અનેક અર્થો થાય છે. તે અનેક અર્થોમાંથી અપ્રાસંગિક અર્થોનું નિરાકરણ કરીને પ્રાસંગિક-ચોક્કસ અર્થ શબ્દનો પસંદ કરવો તે નિક્ષેપ છે. નિક્ષેપના ત્રણ પ્રકાર છે- (૧) આદ્યનિષ્પન્ન, (૨) નામ નિષ્પન્ન, (૩) સૂત્રાલાપ નિષ્પન્ન.

ત્રીજી રીતે નિક્ષેપના **ચાર ભેદ** દર્શાવેલ છે.

(૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ભાવ. દરેકના પેટાભેદ અને મંતવ્યનું વર્ણન પણ મળે છે.

**ત્રીજું અનુયોગદ્વાર-અનુગમ :-** અનુગમ એટલે સૂત્રને અનુકૂળ અર્થ કરવો. તેના બે ભેદ છે. ઉપરાંત, તે દરેકના પેટા ભેદનું વર્ણન પણ કરેલ છે.

**અનુયોગ દ્વારનું ચોથું દ્વાર નય :** અનંત ધર્માત્મક વસ્તુના અનંત ધર્મોમાંથી અન્ય ધર્મોની ઉપેક્ષાપૂર્વક એક ધર્મની પ્રધાનતાથી કથન કરવું તે નય છે. નયના **સાત** ભેદ છે. (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત નય. આ સિવાય પણ નયનું અનેક રીતે વિભાજન થાય છે. વિશેષ વિગતો આ આગમના સ્વાધ્યાયથી પ્રાપ્ત થઈ શકે છે. અહીં એટલું અવશ્ય નોંધવું જોઈએ કે નયવાદ અનેકાંતદર્શનનું મૂળ-બીજ છે. એક ધર્મનું કથન હોવા છતાં વસ્તુના અનંત ધર્મોનો સ્વીકાર છે, અન્ય ધર્મનું ખંડન નથી. નયવાદની વિચારણા સર્વનો સ્વીકાર કરે છે. સર્વ સંઘર્ષોનું સમાધાન કરે છે.

અનુયોગના ચાર દ્વારના માધ્યમથી કોઈપણ શબ્દનું અર્થ સાથે અુસંધાન થાય છે. કોઈ પણ શબ્દના અર્થ સુધી પહોંચવા માટે અનુયોગના ચારે દ્વાર માધ્યમ બને છે. અનુયોગ દ્વાર સૂત્ર અન્ય આગમોમાં પ્રવેશ કરવા માટે માધ્યમ બને છે. સૂત્રનો સ્વાધ્યાય ખૂબ જ માંગલ્યકારક અને કલ્યાણકારક બની જશે.✷ ✷ ✷

## આગમ–વાણી

- *ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.*
- *આ લોકમાં જેટલા ત્રસ જીવો અને સ્થાવર જીવો છે, તેને સાધક જાણતાં કે અજાણતાં હણે નહિ કે બીજા પાસે હણાવે નહિ.*
- *લોખંડનો કાંટો બે ઘડી દુઃખ આપે છે અને તે શરીરમાંથી સહેલાઈથી કાઢી શકાય છે, પરંતુ કઠોર વાણીરૂપી કાંટો સહેલાઈથી કાઢી શકાતો નથી. તે વેરની પરંપરા વધારે છે અને મહાભયાનક હોય છે.*
- *જેઓ વસ્ત્ર, સુગંધી પદાર્થો, અલંકારો, સ્ત્રી તથા શયનઆસનાદિનો ઉપભોગ સંજોગવશાત્ કરી શકતા નથી તેઓ ત્યાગી કહેવાતા નથી.*
- *સરસ અને પ્રિય ભોગો ઉપલબ્ધ હોવા છતાં તેના તરફથી જે પીઠ ફેરવી લે છે અને સ્વાધીનતાપૂર્વક ભોગોનો ત્યાગ કરે છે તે જ ત્યાગી કહેવાય છે.*

# જૈન આગમના સંદર્ભે વિજ્ઞાન
# મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, પર્યાવરણ અને યોગ

☐ શ્રી ગુણવંત બરવાળિયા

મનોવૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો માનવીના મનની દશાનો અભ્યાસ કરી તેનું પૃથ્થકરણ કરી કેટલાંક તારણો કાઢે છે. મનોચિકિત્સકો દૈહિક અને મનોદૈહિક રોગોનો પોતાની કાર્યપદ્ધિત દ્વારા ઉપચાર કરે છે. કોઈપણ શારીરિક માનસિક રૂગ્ણતા સાથે સંબંધ ધરાવે છે. મનોચિકિત્સકો મન અને શરીરશુદ્ધિ સુધીના મર્યાદિત ઉપચાર કરે છે જ્યારે દાર્શનિકોએ શરીરશુદ્ધિમાં અટક્યા વિના આત્મશુદ્ધિની ઉપચાર પ્રક્રિયાને અનિવાર્યપણે જોડી દીધી છે, કારણ કે વીતરાગ પરમાત્મા ભવરોગ નિવારણવાળા પરમ વૈદ્યરાજ છે.

ફ્રોઇડવાદમાં જેમ શુભ વિચાર વિગેરેને શુભ સંકલ્પમાં પરિવર્તિત કરવામાં આવે છે એવી જ રીતે જૈનદર્શનમાં ભાવનાઓ અને લેશ્યાનું વર્ણન થયું છે. કર્મવાદનાં ચિંતનમાં ઉદવર્તન, ઉદીરણાથી સંક્રમણ વિગેરે અવસ્થાઓમાં કર્મનિર્ઝરા થાય છે. દ્રવ્ય અથવા ભાવમન દ્વારા અજાણતા પાપોનું સેવન થઈ જાય, અજાણતા અથવા અજાગ્રત અવસ્થામાં, સ્વપ્નમાં પાપોનું સેવન થઈ જાય તેવા સૂક્ષ્મ પાપોના પ્રાયશ્ચિત્ત માટે પણ જૈન આગમોમાં આવશ્યક સૂત્રમાં વિસ્તારથી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ફ્રોઈડવાદના અચેતન મનની તુલના આપણે કાર્મણ શરીર સાથે કરી શકીએ. આપણાં દમિત મન, વચન અને કાયાના વ્યાપારોનો સંબંધ કાર્મણ શરીર સાથે હોય છે. આજે મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં જેટલાં પણ શોધકાર્યો થઈ રહ્યાં છે તે કાર્મણ શરીર સુધી જ સીમિત છે જ્યારે જૈનદર્શનના સૂત્રો અનુસાર ઔદારિક, તેજસ અને કાર્મણ શરીરથી આગળ છે જીવાત્મા-શુદ્ધાત્મા.

જૈનદર્શનમાં સંમોહનની વાત આવે છે પણ તે આદર્શ સંમોહનના રૂપમાં આવે છે. મનોચિકિત્સક રોગીના શરીરને શિથિલ કરી અચેતન મનમાં ઘર કરી ગયેલી ચિંતા અને વિકારની જડ સુધી પહોંચે છે. જૈન આગમમાં આવશ્યક સૂત્ર અને અંતરતપમાં કાર્યોત્સર્ગની વિધિ બતાવવામાં આવી છે. કાયોત્સર્ગ એટલે કાયાને શિથિલ કરવી. આત્મસંમોહનની ક્રિયા, ધ્યાન સાથેની આ ક્રિયા દ્વારા, નીડરતા, વ્યસનમુક્તિ, એકાગ્રતા સાથે નિર્ણયશક્તિનો વિકાસ થાય છે. લોગ્ગસ પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે જે આત્માથી પરમાત્મા સુધી પહોંચવાની શુદ્ધિકરણની પ્રક્રિયા દર્શાવે છે. લોગ્ગસ આપણા અજાગૃત મનની શક્તિઓ જાગૃત કરી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચવામાં મદદ કરે છે.

જૈનોના અનુષ્ઠાનોમાં વંદનની ક્રિયા કરવાની હોય છે. જૈનાચાર્યોએ નમન કરવાનું કહ્યું છે તેની પાછળ શરીરવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને મનોવિજ્ઞાનનાં પરિબળો કામ કરે છે.

નમવાથી આપણું પેટ દબાશે અને પેટ નીચેની પેન્ક્રિયાસમાંથી જે રસ ઝરશે જે તામસી તત્ત્વોને શાંત કરશે. આ શરીરવિજ્ઞાનની પ્રક્રિયા થઈ. સાષ્ટાંગ પ્રણામની સ્થિતિમાં વંદન કરવું એટલે સમગ્ર ક્રિયાથી સમથળ પૃથ્વીના સાન્નિધ્યે સમાંતરપણે આપણે દંડવત્ થઈએ ત્યારે વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન થતાં જગતની શક્તિનો સહજ પ્રવેશ થાય છે. બાહ્યકૃતિ સાથે આંતરપરિવર્તન થતાં, પ્રણામ માટે આપણે જ્યારે નમીએ છીએ ત્યારે ભીતરસ્થિત અહંકાર પણ નમી જાય છે, ઝૂકી જાય છે. આપણામાંથી આપણી ચોપાસ સતત નીકળતું, સર્જતું અહમ્‌ની સુરક્ષાનું વર્તુળ ભાંગી પડે છે. આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી આપણે રચેલ અહમ્ અને મમ્‌ની દીવાલોમાં તિરાડ પડે છે તે શરણાગતિના અભ્યંતરભાવોના પ્રવેશ માટે સહાયક બને છે. ભાવના અભિપ્રેત થતાં લોકોત્તર વંદનની યાત્રા શરણાગતિમાં પરિણમે છે. આગમના આવશ્યક સૂત્ર અને અન્ય આગમ ગ્રંથોમાં વંદના વિશે વિગતો જાણવા મળે છે.

આધુનિક મનોવિજ્ઞાનના નિરીક્ષણ પ્રમાણે કોઈપણ વ્યક્તિના ચિત્તની એકાગ્રતા સામાન્ય સંજોગોમાં ૪૮ મિનિટથી વધુ ન રહી શકે. જૈન ધર્મના ગણધર ભગવંતોએ સામાયિક અનુષ્ઠાનની અવધિ બે ઘડી એટલે ૪૮ મિનિટ રાખી છે.

સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રક નામે અધ્યાય છે, જેમાં હસ્તિતાપસો એમ માને છે કે આહાર માટે અનેક વનસ્પતિ એકેન્દ્રીય જીવોની હિંસાની અપેક્ષાએ એક મહાકાય હાથી મારવો અલ્પહિંસા છે અને એ પ્રકારે તેઓ પોતાને અધિક અહિંસક સિદ્ધ કરે છે, પરંતુ જૈન મત અનુસાર હિંસા અહિંસાના વિવેકમાં કેટલાં પ્રાણીઓની હિંસા થઈ છે તે મહત્ત્વનું નથી, પરંતુ ક્યા પ્રાણીની હિંસા થઈ તે મહત્ત્વનું છે. ભગવતી સૂત્રમાં આ પ્રશ્ન વિશે છણાવટ કરતાં દર્શાવાયું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસજીવોની અને ત્રસ જીવોમાં મનુષ્યની અને મનુષ્યમાં ઋષિની હિંસા વિશેષ નિકૃષ્ઠ માનવામાં આવી છે. આગમ મનીષીઓએ પ્રાણીઓની પ્રાણસંખ્યા અર્થાત જૈવિકશક્તિના વિકાસનું વિશિષ્ટ સંશોધન રજૂ કરી હિંસા, આત્માની નહિ પ્રાણોની થાય છે તેનું પ્રતિપાદન કર્યું છે. આથી હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નથી,

મહત્ત્વ છે પ્રાણીની ઔન્દ્રિક અને આધ્યાત્મિક ક્ષમતાના વિકાસનું.

હિંસા-અહિંસાના વિવેકપૂર્ણ વ્યવહારમાં હિંસકભાવો, કષાયની તીવ્રતા, બાહ્ય ઘટના ઉપરાંત કર્તાની મનોવૃત્તિ પર હિંસાનો આધાર છે. આ વિશ્લેષણમાં સમાજચિંતન અને અનેકાંતવાદ અભિપ્રેત છે.

જૈન સૂત્રોએ તપને કર્મનિર્ઝરાના સાધન રૂપે જ ગણ્યું છે. છતાંય બાહ્યાભ્યંતર તપમાં વૈજ્ઞાનિક અભિગમને અવગણી શકાય નહીં. ઉપવાસ, ઉણોદરી કે આયંબિલ આરોગ્ય માટે પણ ઉત્તમ છે. ઉપવાસ દરમિયાન ભોજન ન લેવાથી સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાં ખંડસમયની મુક્તિ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિકાર્ય આરંભાય છે અને આખા શરીરમાં સ્વશુદ્ધિકરણની પ્રક્રિયા આરંભાય છે. શરીરમાં કોઈ જગાએ વિષદ્રવ્યનો જમાવ થયો હોય તો ઉપવાસ દરમિયાન તે ઓટોલિસિસની પ્રક્રિયા દ્વારા વિસર્જિત થવા માંડે છે. તેમનામાં રહેલો ઉપયોગી ભાગ શરીરના મહત્ત્વનાં અંગો હૃદય, મગજ વિગેરેને પોષણ આપવામાં કામ આવે છે. ઝેર શરીરમાંથી બહાર ફેંકાય છે. ગાંઠો અને ઓછી ઉપયોગી પેશીઓનું વિસર્જન થાય, શરીર નિર્મળ અને નીરોગી બને છે.

જૈન ધર્મમાં કરવામાં આવતાં અનુષ્ઠાનોનાં આસનો અને મુદ્રાઓમાં પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ અભિપ્રેત છે.

નમ્મોથુણં, ઇચ્છામી ખમાસણા, ચત્તારી મંગલમ્ અને ખામણા બોલતી વખતે થતી મુદ્રા અને આસનોમાં એક્યુપ્રેસરની ક્રિયાઓ સહજ રીતે થઈ જાય છે.

નમ્મોથુણં વખતની મુદ્રા અને આસનને કારણે થતી શારીરિક ક્રિયાઓ બ્રહ્મચર્ય પાલનમાં સહાયક બને છે.

દંડાપતિક આસન, ઉત્તાશયન આસન, અવમશયત આસન, ગૈદોહિ્કા આસન ધ્યાન અને નિર્જરામાં સહાયક છે. સાથે સાથે અંતઃસ્રાવથી ગ્રંથિના સંતુલન અને રુધિરાભિષરણ માટે પણ ઉપકારી છે.

કંદમૂળમાં અનંતા જીવ છે તે વર્તમાન વૈજ્ઞાનિકોએ શોધ્યું છે, પરંતુ જૈન આગમોમાં હજારો વર્ષ પહેલાં એ જણાવાયું છે કે કંદમૂળમાં અનંત જીવો હોવાથી તે અભક્ષ્ય છે.

જૈન ધર્મ પ્રમાણે કોઈ પણ જીવનો જન્મ ત્રણમાંથી એક પ્રકારે થાય છે. (૧) સંમુર્ચ્છિમ જન્મઃ નર-માદાના સંબંધ વિના જ ઉત્પત્તિસ્થાનમાં જીવોની ઉત્પત્તિ થાય છે, જે વિજ્ઞાનીઓએ છેક ઈ.સ.ની ૧૮મી સદી અને ૧૯મી સદીમાં શોધ્યું અને બતાવ્યું કે નર-માદાના સંબંધ વિના પણ જીવો ઉત્પન્ન થઈ શકે છે, વંશવૃદ્ધિ થઈ શકે છે તેને અજાતીય પ્રજનન કહે છે. પરંતુ પ્રજનનનો અર્થ સજીવ પદાર્થમાંથી સજીવ પદાર્થનું ઉત્પન્ન થવું તે છે. જ્યારે જૈન ધર્મ પ્રમાણે તો ફક્ત જીવોની, કર્મ ફિલોસોફીના આધારે ઉત્પત્તિ જ થાય છે અને પ્રજનન એ પછીનું પગથિયું છે. (૨) ગર્ભજ જન્મઃ આમાં સ્ત્રી-પુરુષ (નર-માદા)ના સંયોગ પછી ઉત્પત્તિસ્થાનમાં શુક્ર (વીર્ય) અને શોણિત (લોહી)ના પુદ્ગલોમાંથી જીવ ઉત્પન્ન થાય છે, પછી જુદા જુદા પ્રાણીઓના શરીરમાં જુદા જુદા સમય સુધીનો તેઓનો વિકાસ થાય છે અને યોનિ મારફતે જન્મ થાય છે જેને વિજ્ઞાની જાતીય પ્રજનન કહે છે. (૩) ઉપપાત જન્મઃ આવો જન્મ ફક્ત દેવો અને નારકીમાં જ થાય છે.

વૈજ્ઞાનિકોએ જે ૧૮-૧૯મી સદીમાં શોધ્યું તે વાત હજારો વર્ષ પહેલાં જૈનશાસ્ત્રોમાં અંકિત છે. સંમુર્ચ્છિમ જન્મ એટલે માતા-પિતા (નર-માદા)ના સંયોગ વગર જીવોનું ઉત્પન્ન થવું તે સંમુર્ચ્છિમ જન્મ એકેન્દ્રિય (પાંચ સ્થાવર) જીવો તથા હાલમાં ચાલતાં એટલે કે બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચઉરેન્દ્રિય અને મનુષ્યોમાં પણ થાય છે.

બ્રહ્મચર્યપાલન માટે જૈન ધર્મમાં નિયમ બતાવેલ છે કે સાધુએ સ્ત્રી, નપુસંક અને તિર્યંચ (પશુ) રહિત વસ્તી અર્થાત ઉપાશ્રયોમાં વિગેરે સ્થાનોમાં રહેવાનું છે. આ નિયમ ખૂબ જ અગત્યનો તેમ જ વૈજ્ઞાનિક રહસ્યથી ભરપૂર છે.

દરેક જીવમાં સૂક્ષ્મ પ્રમાણમાં વીજશક્તિ (ઇલેક્ટ્રિસિટી) રહેલી છે. દા.ત. સમુદ્રમાં ઇલેક્ટ્રિકઈલ નામની માછલી હોય છે અને તે સારા પ્રમાણમાં વીજપ્રવાહ પેદા કરે છે. જ્યાં વીજશક્તિ હોય છે ત્યાં ચુંબકિયશક્તિ પણ હોય જ. આમ આપણા સૌમાં જૈવિક વીજ ચુંબકિયશક્તિ છે, તેથી દરેક જીવને પોતાનું જૈવિક વીજ ચુંબકિય ક્ષેત્ર પણ હોય છે. આ હકીકત પશ્ચિમના વિજ્ઞાનીઓએ સાબિત કરી છે અને ચુંબકનો એક સામાન્ય નિયમ છે કે તેમાં સમાન ધ્રુવો વચ્ચે અપાકર્ષણ થાય છે તથા અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે; પરંતુ જો તે એકબીજાના ચુંબકિય ક્ષેત્રમાં હોય તો.

આ કારણે જ બ્રહ્મચર્ય પાલનના નિયમમાં સ્ત્રીએ પુરુષના અને પુરુષે સ્ત્રીના નેત્ર, મુખ વિગેરે અંગો સ્થિર દૃષ્ટિએ ન જોવાં. સ્ત્રી પુરુષે એક આસન પર ન બેસવું. બ્રહ્મચારી પુરુષે ૪૮ મિનિટ સુધી સ્ત્રી બેસી હોય તે સ્થાને ન બેસવું અને સ્ત્રીએ પુરુષ બેઠો હોય તે સ્થાને એક પ્રહર (ત્રણ કલાક) ન બેસવું.

સમયના સાંપ્રત પ્રવાહમાં પર્યાવરણ અસંતુલન અને ગ્લોબલ વોર્મિંગ–વૈશ્વિક તાપમાન વિશ્વ માટે એક સમસ્યા બની ગઈ છે.

જૈન આગમોમાં પર્યાવરણ અંગે સીધા ઉલ્લેખો જોવા મળતા નથી, પરંતુ આગમમાં જે જૈન જીવનશૈલીનું નિરૂપણ થયું છે અને જૈન ધર્મનાં પાયાના અહિંસા, અપરિગ્રહ અને સંયમ માટે જે નિયમોનું નિર્દેશન કરવામાં આવ્યું છે તે પર્યાવરણ સંતુલન પોષક છે.

જૈન ધર્મે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ છે તેમ સ્વીકાર્યું છે, તેનો વેડફાટ ન કરવા જણાવ્યું છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે परस्परोपग्रह जीवानाम्। આ સૂત્ર દર્શાવે છે કે જીવોને જીવન જીવવા માટે એકબીજાના આલંબનની જરૂર પડે

છે. આ સૂત્ર પર્યાવરણની રક્ષા માટે અતિઉપયોગી છે. 'ઇરિયાવહી સૂત્ર' જીવ વિરાધનાનું સૂત્ર છે, એટલે કે એમાં જાણતા–અજાણતા કોઈ જીવને પીડા ઉપજાવી હોય તો એની માફી માગવામાં આવે છે.

વધુ પડતો ભોગ-ઉપભોગ અને અસંયમ વિશ્વની કુદરતી સંપત્તિનો દુર્વ્યય કરે છે માટે જ જૈન ધર્મ ઉપભોગથી ઉપયોગની સંસ્કૃતિ તરફ વળવા જણાવે છે.

બેફામ ભોગ-ઉપભોગ વિશ્વમાં વધારાનો કચરો ઠાલવે છે તેથી વેસ્ટ મેનેજમેન્ટ એ સમગ્ર વિશ્વ માટે પીડાદાયક બન્યું છે. જૈન ધર્મમાં, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાને દર્શાવવામાં આવી છે. તેમાં 'પારિષ્ઠવિનિકા સમિતિ' આજના સંદર્ભે નોંધપાત્ર છે, જે વધારાની વસ્તુ–કચરાનો નિકાલ એટલે કઈ રીતે પરઠવું તે સમજાવે છે.

આજે માનવ પ્રકૃતિથી બહુ દૂર થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના સંદેશા ઝીલી શકતો નથી. થોડા વખત પહેલાં આવેલા વિનાશકારી સુનામીના મોજાની ઉત્પત્તિસ્થાનના ધરતીના ધબકારનો સંદેશ થાઈલેન્ડના હાથીઓને ક્યા ઇલેક્ટ્રિક ઉપકરણ દ્વારા સંભળાયો હશે ? પ્રકૃતિના સંદેશા ઝીલવા પ્રકૃતિએ જીવનની સાથે શરીરમાં ચેતના કે પ્રકૃતિના તાર જોડ્યા છે. ફોટો રિસેપ્નીશ ગ્રંથિઓ માનવમાં નિર્બળ થતી જાય છે. ઉપાશ્રયની કોઈ એક નાનકડી ઓરડીના એકાંતમાં, હિમાલયની કોઈ ગુફામાં કે પર્વતોની ટોચે એકાંતમાં સાધના કરતા સંતોએ ન તો સંદર્ભ માટે લાયબ્રેરી કે ગ્રંથાલયો ફંફોળ્યાં હતાં કે ન તો પ્રયોગશાળામાં પ્રયોગો કર્યા હતા. છતાંય સૃષ્ટિના કેટલાંય રહસ્યોનું ઉદ્ઘાટન કર્યું છે. જે ઊંડાણમાં અભ્યાસ કરીએ તો વિશ્વની કોઈપણ સમસ્યાનું સમાધાન આગમગ્રંથોમાંથી મળી રહે. જ્ઞાનનાં આવરણો દૂર કરનાર જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરી અંતર્ચેતનામાં જ પ્રકૃતિનાં રહસ્યો ઉઘાડ્યાં છે. ભગવાન મહાવીરે આપેલા જ્ઞાનનો આજ વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો પણ આદર કરે છે. આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિક એટલે જ કહે છે કે, 'જો મારો પુનર્જન્મ હોય તો હું ભારતમાં સંત બની આત્મતત્ત્વનું સંશોધન કરીશ.'

જૈન આગમોમાં પાંચ ભરત, પાંચ ઈરવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્રમે ભૂમિના વર્ણનો મળે છે.

હિંદુસ્તાન ટાઈમ્સના ઓક્ટોબરના અંકમાં એક રશિયન વૈજ્ઞાનિકે લખ્યું છે કે-

'આપણે જે પૃથ્વી પર રહીએ છીએ, ને જાણીએ છીએ તેના કરતાં એક કરોડગણી વસ્તી વધુ છે.'

'ઈ.સ. ૧૯૬૫ના યુનાઈટેડ ઈન્ફર્મેશનમાં પણ કેટલાક વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે – 'આપણા બ્રહ્માંડ જેવું બીજું બ્રહ્માંડ અસ્તિત્વ ધરાવે છે, જેમાં અબજો લોકો વસે છે.'

એક રશિયન ખગોળશાસ્ત્રીનું મંતવ્ય છે કે- 'અત્યારના પરિચિત ગ્રહો કરતાં બીજા સાત હજાર ગ્રહો પર બુદ્ધિશાળી માનવો વસે છે.'

ટૂંકમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ, જેવી કે ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, પરમાણુંવિજ્ઞાન, ભૂગોળ, ખગોળશાસ્ત્રના ભારતીય વિજ્ઞાનીઓએ, ભારતીય પ્રાચીન દાર્શનિક તેમ જ અન્ય ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરી, તેના આધારે યોગ્ય સંશોધન કરવાની અનિવાર્ય જરૂરિયાત છે અને એ પ્રમાણે થશે તો ભારતે વિજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય ભેટ આપી ગણાશે.

છેલ્લા સૈકામાં રશિયાના કિર્લીયન દંપતી અને ભારતના ડો. દત્તએ ઓરા અંગે ફોટોગ્રાફ અને સંશોધન દ્વારા જણાવ્યું કે ૨૫૦૦ વર્ષ પહેલાં (ઓરા) આભામંડળની વાત ભગવાને કરી છે, જેમાં પ્રત્યેક પ્રાણી અને પદાર્થોના આભામંડળ વિશે કહેવાયું છે.

આજે સામાન્ય માનવી ભલે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓ જોઈને વિજ્ઞાનથી અંજાઈ જતો હોય અને સર્વ વિષયોમાં વિજ્ઞાનને જ પ્રમાણભૂત–ઓથોરિટી ગણીને પોતાના મંતવ્યો નક્કી કરતો હોય, પણ વિજ્ઞાન પોતે તો આધ્યાત્મિક જગત પ્રત્યે જિજ્ઞાસુભાવે મીટ માંડી રહ્યું છે અને આધ્યાત્મિક જગતના જ્યોતિર્ધરોનાં કથનોને તે પોતાની પ્રયોગાત્મક શૈલીથી ચકાસી જોવા ઉત્સુક છે. એ જિજ્ઞાસામાંથી જન્મેલાં સંશોધનો આજે વિજ્ઞાનજગતમાં એ સત્યને ગુંજતું કરી રહ્યા છે કે, 'શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહે છે.'

'ધ ફાઇન્ડિંગ ઓફ ધ થર્ડ આઈ'માં વેરા સ્ટેન્લી એલ્ડર (Vera stanley Alder) લખે છે કે, 'થોડા સંશોધનોએ શક્યતા ઊભી કરી દીધી છે કે વિજ્ઞાનની શોધો અને પૂર્વકાળના જ્ઞાની પુરુષોનાં વચનો એકબીજામાં સમાઈ જશે. એ બેમાં જે ફરક દેખાય છે તે માત્ર શાબ્દિક અને રજૂઆતનો જ છે.' પ્રાકૃતિક જગતનાં રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેના ઉપર માનવીનું પ્રભુત્વ સ્થાપિત કરતી વિજ્ઞાનની નિતનવી શોધખોળોથી પ્રભાવિત થઈ આજનો ભણેલોગણેલો ગણાતો માનવી જ્યારે આધ્યાત્મિક જગતથી દૂર ખસી રહ્યો છે, ત્યારે ઉપર્યુક્ત ઉદ્ગારો કોઈનું પણ ધ્યાન ખેંચે એ સહજ છે.

દાર્શનિકોએ આલેખેલાં સત્યો વિજ્ઞાનની કસોટી પર ચડાવી પાર ઉતારવાથી નવી પેઢીને ધર્મ-દર્શનમાં શ્રદ્ધા વધશે.

વિજ્ઞાનને એક ચણોઠી જેવું ગણીએ તો ધર્મ-દર્શન સુવર્ણ જેવું છે પરંતુ પૂર્વકાળમાં સુવર્ણનું વજન કરવા પણ ચણોઠીની મદદ લેવી પડતી હતી. આચાર્ય વિનોબા ભાવે કહેતા, વિજ્ઞાન જીવનની પ્રાણશક્તિ છે અને અધ્યાત્મ જીવનનું ચિત્ત છે. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય માનવજાતનું કલ્યાણ કરી શકે. અંધશ્રદ્ધાનો છેદ ઉડાડી વિવેકપૂર્ણ શ્રદ્ધાસહ ધર્મનું આચરણ જ આપણું કલ્યાણ કરી શકે.

જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય, કે ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. ✶ ✶ ✶

# આગમ મોક્ષમાર્ગનો નિર્દેશ કરે છે

☐ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.

જ્યારે કોઈ દિશા, કોઈ ધ્યેય, લક્ષ્ય નક્કી થાય છે ત્યારે એ દિશામાં ગતિ અને પ્રગતિ સહજતાથી થવા લાગે છે, પણ જ્યાં સુધી દિશા નક્કી હોતી નથી ત્યાં સુધી વ્યક્તિનું મન વેવરીંગ હોય છે...ત્યાં સુધી તેની શક્તિઓ વપરાય છે ઓછી અને વેડફાય છે વધારે...!!

ભગવાન મહાવીર...મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ...શું આ શબ્દ જન્મોજન્મથી વપરાતો હશે કે પછી તેમની દિશા નક્કી થઈ, ગતિ નક્કી થઈ, પ્રગતિ શરૂ થઈ પછી વપરાવાની શરૂઆત થઈ?

આ જગતના મોટા ભાગના જીવો લક્ષ્ય વિહીન જ હોય છે, દિશા વગરની દોટવાળા હોય છે. સંસારમાં રહીને ગમે તેટલી ગતિ કરે કે પ્રગતિ...પણ એ ટેમ્પરરી જ હોય છે. કેમકે, લક્ષ્ય વિહીન હોય છે. જીવનની ગમે તેટલી દિશા નક્કી કરો, એના અંતે કોઈ પ્રાપ્તિ હોતી નથી.

જીવનમાં ધારેલી બધી જ દિશાઓ અવદશાનું કારણ હોય છે કે સત્‌દશાનું? જીવનમાં કરેલી બધી જ ગતિઓ સદ્‌ગતિનું કારણ હોય છે કે પછી...?

એટલે માનવીનું લક્ષ્ય જીવનને દિશા આપવાનું નહીં પણ જીવને દિશા આપવાનું હોવું જોઈએ. કેમકે, જીવન ટેમ્પરરી અને જીવ પરમેનન્ટ છે.

જીવનને દિશા આપનારા અનેક આત્માઓની વચ્ચે એક આત્મા હતો...જીવને દિશા આપનારો...! એ આત્મા હતો ભગવાન મહાવીરનો...!!

એ ભગવાન મહાવીર...એમના નામની આગળ લાગતો શબ્દ 'ભગવાન' કંઈક અલગ જ સ્પંદન કરાવે છે, કંઈક અલગ જ ફીલીંગ્સ લાવે છે.

આપણા આત્મા અને ભગવાનના આત્મામાં કોઈ ફરક હોય કે પછી એક સરખા જ હોય...! શું મહાવીરના આત્મા પાસે વધારે જ્ઞાન હોય અને આપણા આત્મા પાસે ઓછું હોય એવું બને ખરું..? શું મહાવીર પાસે સ્ટ્રોંગ બળ હોય અને આપણે નિર્બળ...એવું હોય ખરું?

ભગવાન કહે છે, બધાંનો આત્મા એક સરખો છે, એક સરખી ક્ષમતાવાળો છે. આત્માની દૃષ્ટિએ બધાં જ આત્મા એક સરખાં છે, કોઈ ફરક નથી, છતાં ઘણો ફરક છે.

બધાંના આત્મપ્રદેશો સરખાં, બધાંની આત્માશક્તિ સરખી, બધાંનું આત્મજ્ઞાન સરખું...છતાં એક કેવળજ્ઞાની, એક અલ્પજ્ઞાની અને એક અજ્ઞાની...આવું કેમ? આ ભેદ શા માટે? જો ભગવાનનો આત્મા અને આપણો આત્મા સરખો હોય તો તેઓ કેમ ભગવાન અને આપણે કેમ નહીં?

કેમકે, ભવોભવથી આપણે જીવનને દિશા આપતાં આવ્યાં છીએ જ્યારે ભગવાને તે ભવમાં જીવને દિશા આપી હતી.

જીવનની કોઈ પણ દિશા હોય, તે માત્ર આંખ ખુલ્લી હોય ત્યાં સુધી જ દેખાય છે, આંખ બંધ થાય પછી દેખાતી નથી. જીવનની દિશાઓ અને દશાઓ વારંવાર બદલાયા કરે છે. જ્યારે મહાવીરે જીવની દિશા નક્કી કરી, એ દિશા પણ એક જ હતી અને એની દશા પણ એક જ હતી...

મહાવીરે જે દિશા નક્કી કરી હતી, તે દિશા હતી... 'હું મને મળું.'

ઘણાંને એમ થાય, આપણે તો આપણને રોજ મળીએ જ છીએ ને...? પણ ના...!! હું જેને મળું છું તે હું છું જ નહીં, અને જેને મારે મળવાનું છે તેને હું આ જ સુધી મળ્યો જ નથી.

જે પોતાને મળે છે, તેને બીજાને મળવાનું રહેતું જ નથી. જે પોતામાંથી મેળવી લે છે તેને બહારથી કાંઈ મેળવવાનું રહેતું જ નથી. જે પોતાને મળતા નથી તે જગત આખાને મળવા જાય છે.

જે જગત આખાને મળે પણ પોતાને જ ન મળે તે ક્યારેય કાંઈ મેળવી શકતો નથી. કેમકે, જગતમાંથી જે કાંઈ મેળવીએ છીએ તે મેળવેલું હોય છે, અને મેળવેલું હંમેશાં ગુમાવવાનું જ હોય છે.

હું મને મળું, હું મારામાંથી કાંઈ મેળવું, હું મારા થકી કંઈક મેળવું અને એવું મેળવું, જેનાથી આખા જગતને પ્રકાશિત કરી શકું એવો બોધ જ્યાંથી મળે તે ગ્રંથનું નામ છે 'આગમ.'

ભગવાન મહાવીર પોતાને મળ્યાં અને પોતાને મળીને શું કર્યું? અને આપણે શું ન કર્યું?

ભગવાન મહાવીર અને આપણે બધાં અસંખ્ય આત્મપ્રદેશોવાળા છીએ. આપણા આત્માના અસંખ્ય નાના નાના પાર્ટીકલ્સ જેને આત્મપ્રદેશ કહેવાય તે અશુદ્ધ અવસ્થામાં છે. ભગવાને પોતાને મળીને એ અસંખ્ય પાર્ટીકલ્સને શુદ્ધ કર્યા, નિર્મૂળ કર્યા અને જ્યારે એમનો આત્મા સંપૂર્ણ શુદ્ધ થઈ ગયો

ત્યારે તે 'ભગવાન' બન્યાં. તો પછી શું ભગવાન પાસે એ અસંખ્ય પાર્ટીકલ્સને શુદ્ધ કરવાની પ્રોસેસ છે અને આપણી પાસે નથી? શું ભગવાન પાસે એવી ક્ષમતા છે અને આપણી પાસે નથી? ના એવું નથી...!

અત્યારે પણ આપણા એ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની વચ્ચે, શરીરના મધ્યભાગમાં આઠ એવા પાર્ટીકલ્સ છે જે એકદમ પ્યોર છે, જે સિદ્ધ ભગવાન જેવા છે, જેમાં અનંતશક્તિ પણ છે, જેમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ છે. આત્માના પ્રદેશો જે અસંખ્ય કર્મોના આવરણથી અવરોધાયેલાં છે તેમાં માત્ર આ આઠ જ ઓપન છે. પણ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની સામે આઠ પાર્ટીકલ્સ નગણ્ય બની જાય છે.

જેમ એક તરફ હજારો માણસોનો અવાજ હોય અને એક તરફ આઠ માણસોનો અવાજ હોય, તો કોનો અવાજ વધારે સંભળાય? એ હજારોના અવાજમાં આઠનો અવાજ તો ક્યાંય દબાય જાય...!'

માનો કે એક મોટી ગટર છે...એમાં એક માણસ ઊભો છે. એના હાથમાં એક ગુલાબનું ફૂલ આપી દ્યો... તે માણસને ગટરની ગંધ આવશે કે ગુલાબની સુગંધ?

તેમ અસંખ્ય અશુદ્ધ પાર્ટીકલ્સની વચ્ચે આ આઠ શુદ્ધ પાર્ટીકલ્સ ગુલાબના ફૂલ જેવાં છે.

આસપાસની અશુદ્ધિઓની વચ્ચે તેની શુદ્ધતાનું મૂલ્ય બહાર આવતું નથી...આ આઠ પ્રદેશોને જે એક્ટીવ કરે છે તેનું નામ 'આગમ' છે.

ભગવાન મહાવીરે સાડાબાર વર્ષ સુધી એકાંત સાધના કરી, મૌન રહયાં અને અસંખ્ય આત્મ પ્રદેશોને શુદ્ધ કરતાં કરતાં એક પરમ 'સત્ય'ને પ્રાપ્ત કર્યું. એટલે જ જ્યારે ભગવાન મહાવીરે દેશના આપવાની શરૂઆત કરી...જ્ઞાનવાણી વહાવવાની શરૂઆત કરી ત્યારે જે શબ્દો એમના મુખમાંથી નીકળતાં હતાં તે માત્ર શબ્દો ન હતાં, સત્ય અને સત્ત્વ ભળેલો બ્રહ્મનાદ હતો, કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપી બ્રહ્મની પ્રાપ્તિ પછી જે નાદ નીકળતો હતો તે 'બ્રહ્મનાદ' હતો.

બ્રહ્મનાદ એને કહેવાય જે માત્ર કાન જ ન સાંભળે પણ હૃદય અને આત્માના એક એક પ્રદેશ સુધી પહોંચી જાય.

બ્રહ્મનાદ એને કહેવાય જેના દ્વારા આ આઠ પ્રદેશ એક્ટીવ થઈ જાય.

ભગવાનની દેશના સાંભળી હજારો લોકોના આ આઠ પ્રદેશ એક્ટીવ થવા લાગ્યાં હતાં. અશુદ્ધિના આવરણ દૂર થવા લાગ્યા હતાં.

જ્યારે શુદ્ધિ થવા લાગે છે ત્યારે સિદ્ધિ નજીકમાં આવી જાય છે.

સંસારમાં રહીને આપણે દરરોજ અશુદ્ધ પાર્ટીકલ્સને એક્ટીવ કરીએ છીએ કે શુદ્ધ પાર્ટીકલ્સને...? સંસારનું વાતાવરણ અશુદ્ધ પાર્ટીકલ્સને એક્ટીવ કરે છે, જ્યારે ભગવાનની વાણી આ આઠ પાર્ટીકલ્સને એક્ટીવ કરે છે.

'અગમ' ને એક્ટીવ કરે તેને **'આગમ'** કહેવાય. 'અગમ' એટલે ઈન્દ્રિયોથી જેને 'ગમ' ન પડે તે અને તે છે આ આઠ પાર્ટીકલેસ.

ભગવાન મહાવીરે કહ્યું છે,

'नो ईंदियगेज अमुत्तभावा.'

ઈન્દ્રિયો જેને ગ્રહણ ન કરી શકે તેવો સમૃતભાવ જેને એક્ટીવ કરે તેને **'આગમ'** કહેવાય.

આજ સુધી જેટલાં પણ પ્રખર અને જ્ઞાની પુરુષો થઈ ગયાં છે, જેટલાં ધુરંધરો થઈ ગયાં...જેમણે જૈન શાસનની આ જ્યોતને અઢી હજાર વર્ષ સુધી પ્રજ્વલિત રાખી છે તે કોના આધારે રાખી શક્યા છે?

માત્ર **'આગમ'**ના આધારે જ...!!

એ સર્વ ધુરંધરો અને જ્ઞાનીજનો વહેતી ગંગા જેવા છે. જ્યારે એમનો આધાર ગંગોત્રી આગમ છે... **જો ગંગોત્રી જ ન હોય તો ગંગા ક્યાંથી હોય?**

જ્ઞાનની એ ગંગોત્રીને **'આગમ'** કહેવાય છે.

**'આગમ' આપણને એક દિશા આપે છે... જે દિશા મોક્ષ સુધી લઈ જાય છે.**

✷ ✷ ✷

## શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર

**महुरेहिं णिउणेहिं, वयणेहिं चोययंति आयरिया।**
**सीसे कहिंचि खलिए, जह मेहमुणिं महावीरो।।**

જેમ ભગવાન મહાવીર સ્વામીએ મેઘમુનિને સ્થિર કર્યા તેમ કોઈપણ પ્રસંગે શિષ્ય સ્ખલિત થઈ જાય તો આચાર્ય તેને મધુર તથા નિપુણ વચનોથી સંયમમાં સ્થિર થવા માટે પ્રેરિત કરે છે.

# આગમના રહસ્યો...સિક્રેટ્સ ઑફ આગમ...

*જેમ ગીતા હિન્દુ ધર્મની, કુરાન મુસ્લિમ ધર્મની, બાઈબલ ક્રિશ્ચિયન ધર્મની ઓળખ છે તેમ 'આગમ' જૈન ધર્મની ઓળખ છે.*

☐ યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.

**આગમ એટલે શું?** જે આત્માની સમજ આપે, આત્માની ઓળખ કરાવે, તે **આગમ.**

**આગમ**-જેમાં છે પરમાત્માના મુખમાંથી વહેતી વાણી! ભગવાને મોક્ષમાં જતાં પહેલાં સર્વ જીવોના કલ્યાણ માટે આપેલી અંતિમ દેશના...!

ભગવાને જે વાણીમાં પ્રવચન આપ્યું હતું તે ભાષા અર્ધમાગધી હતી અને સાંભળનારા અલગ અલગ દેશના, અલગ અલગ પ્રકારના લોકો હતા...મનુષ્યોની સાથે અલગ અલગ પ્રકારના પશુઓ અને પક્ષીઓ પણ હતાં.

બધાં એને પોતપોતાની ભાષામાં સમજી શકતાં હતાં. એનો અર્થ એમ નથી કે ભગવાનની અર્ધમાગધી ભાષા ગુજરાતીને ગુજરાતીમાં સંભળાય અને મારવાડીને મારવાડીમાં સંભળાય. એનો ગુઢાર્થ એ છે ભગવાનની વાણી સાંભળી સહુ ભગવાનના ભાવોને સમજી જતાં હતાં. ભગવાન શું કહેવા માંગે છે તે વાત પોત પોતાની ભાષા રૂપે એમને સમજાઈ જતું હતું, કેમકે, તે દેવકૃત રચના હતી જેને જૈનધર્મમાં અતિશય કહેવાય છે.

**અતિશય એટલે આશ્ચર્ય...!!**

જેવો તારો જીવ છે તેવો જ તેનો જીવ છે. સર્વ જીવોને તું તારા આત્મા સમાન માનતો થઈ જા અને છકાયના જીવોની રક્ષા કર.

છકાયના જીવો એટલે ભગવાને છ પ્રકારના જીવો કહ્યાં છે. માટી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય.

પાણીમાં જીવ છે એમ નહીં, પાણી જ જીવ છે. પાણીમાં તો જીવાત, માછલી હોય તે સામાન્ય વાત છે. પણ **પાણી પોતે જ જીવ છે.**

પાણીના એક ટીપામાં કોમ્પ્રેસ કરેલાં કેટલાં જીવો હોય છે, ખબર છે? બધાં જીવોને જો એક સામાન્ય માણસ જેવડાં બનાવી દઈએ તો આખા વિશ્વની બધી જ જગ્યા ખીચોખીચ ભરાય જાય તેના કરતાં પણ વધારે જીવ પાણીના એક ટીપામાં હોય છે...!!

હવે એક મગ પાણીથી તમે તમારું મોઢું ધુવો તો કેટલાં જીવો મરી જાય?

ભગવાને કહ્યું છે, જેમ કોઈ આંધળો, બહેરો, મૂંગો માણસ હોય તેને કોઈ બાંધે, મારે, કાપે અને છૂંદી નાંખે ત્યારે તેને જેટલી વેદના થાય તેટલી જ વેદના પાણી, માટી, અગ્નિ, વાયુ અને વનસ્પતિને થાય. તમારા શરીર પર કોઈ છરીથી ઘા કરે અને તમને જે વેદના થાય તેવી જ વેદના જ્યારે કોઈ વૃક્ષને કુહાડીથી કાપો ત્યારે થાય. છ કાયના જીવોમાં સંવેદના છે માટે વેદના છે. ઘણાંને ટેવ હોય હાલતાં ચાલતાં ઝાડના પાંદડાને તોડતાં જાય... ત્યારે તે પાંદડાને કેવું થાય ખબર છે? એક વિશાળકાય વિકરાળ રાક્ષસ તમારી બાજુમાંથી પસાર થાય અને તમારો કાન તોડીને જતો રહે ત્યારે તમને જેવું થાય!

ભગવાન કહે છે, **જેવો તારો જીવ છે તેવો જ તેનો જીવ છે,** અને તે આ જીવોની હિંસાથી પર થાય છે એટલે કે બચીને રહે છે, તે વહેલો મોક્ષમાં જાય છે.

અને જે આ હિંસાથી બચતો નથી તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે. જગતના જીવોને પાપથી બચાવવા અને જીવોની રક્ષા કરવા ભગવાને કરૂણા કરી કેવા કેવા રહસ્યો સમજાવ્યાં!!!

**આત્મા રાઉન્ડ મારે...**

વિચાર કરો... તમે જીવી રહ્યા છો અને તમારો આત્મા તમારા શરીરની બહાર નીકળી એક રાઉન્ડ મારીને પાછો તમારા શરીરમાં આવી જાય. માનવામાં નથી આવતું ને?

ભગવાને કહ્યું, હા એ શક્ય છે. અને ભગવાને તેનું પણ રહસ્ય બતાવ્યું છે.

આત્માની એક વિશિષ્ટ શક્તિ છે, જેનું નામ સમુદ્દઘાત.

તમે જ્યારે એકદમ ગુસ્સામાં આવો, આવેગમાં આવો, ઉદ્વેગમાં આવો ત્યારે શું થાય? તમારા હાથ પગ ધ્રુજવા લાગે!

તમે ક્યારેક અચાનક આશ્ચર્યજનક સમાચાર સાંભળો ત્યારે શું થાય? તમારા રૂંવાડા ઊભા થઈ જાય...!

કોઈનો પગ અચાનક તમારા પગના અંગુઠા પર પડે ત્યારે શું થાય? તમારા મોઢામાંથી ચીસ નીકળી જાય...!

ઘણીવાર સાંભળીએ છીએ કે કોઈ માજીને ડૉક્ટરે 'ડેડ' ડીકલેર કરી દીધાં હોય અને અર્ધા કલાક પછી પાછા નોર્મલ થઈ ગયા હોય, અને હાલવા ચાલવા લાગે.

તમને ખબર નથી પડતી આ બધું શું થાય છે. કેવી રીતે થાય છે? આ જે પણ ક્રિયા થાય છે તેની પાછળનું સિક્રેટ એ જ છે કે એક સેકંડ માટે તમારો આત્મા તમારા શરીરમાંથી બહાર નીકળી જાય છે. મૃત્યુ ન થયું હોવા છતાં પણ આત્માની શરીરમાંથી બહાર નીકળી જવાની પ્રોસેસ એટલે સમુદ્દઘાત...!

એ થોડી ક્ષણો માટે આત્મા રાઉન્ડ મારીને પાછો તમારા શરીરમાં આવી જાય-ક્યારેય કલ્પના કરી છે કે આવું પણ શક્ય છે?

ભગવાને આગમમાં આવા રહસ્યોનું ઉદ્ઘાટન કર્યું છે. ✶ ✶ ✶

# આગમ એક અદ્ભુત જીવનકલા

❑ પૂ. ડૉ. તરુલતાબાઈ મહાસતીજી

જૈન દર્શનનો પ્રાણ આત્મા છે. જૈનાગમોમાં પ્રરૂપિત વિવિધ તત્ત્વોનાં કેન્દ્રમાં આત્મા છે–અધ્યાત્મ છે. તેથી જ સર્વવિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યાનું સ્થાન સર્વોપરિ છે. કારણ કે અધ્યાત્મવિદ્યા સિવાય અન્ય કોઈ પણ લોક વિદ્યાની પાસે શાશ્વત સુખની ગેરેંટી નથી.

લોક વિદ્યાથી જે કાંઈ પ્રાપ્ત થાય છે, તે બધું જ આત્માની પરિધિથી બહાર છે. તેથી આત્મા તેનો ઉપભોગ કરી શકે જ નહીં. તેથી જ લોક વિદ્યા પાસે આત્મશાંતિનો કોઈ ઉપાય છે જ નહીં. આત્મશાંતિ અધ્યાત્મવિદ્યાનો સર્વથા સુરક્ષિત અધિકાર છે. અને એ અધ્યાત્મવિદ્યાનો પ્રારંભ થાય છે, તત્ત્વજ્ઞાનથી...!

આ તત્ત્વજ્ઞાન એટલે જ આગમ...! જે સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર પરમાત્માના શ્રીમુખેથી પ્રસ્ફૂટિત થઈ, ગણધરો દ્વારા વિસ્તરિત થાય છે.

તીર્થંકર પરમાત્મા પ્રથમ દેશનામાં ચૌદપૂર્વના સારરૂપ ત્રિપદી પ્રકાશે છે–'ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા.' આ રહસ્ય પુરિત ત્રણ સૂત્રો કર્ણપટ દ્વારા અંતરમાં ઉતરી, જ્ઞાનનો પારાવાર ક્ષયોપશમ થઈ, દ્વાદશાંગી રૂપ વિસ્તાર જેનાં માનસમાં ઉભરે છે, તેવા મહા સામર્થ્યવાન આત્માઓ ગણધરપદનું બિરૂદ પામે છે, ત્યાં દ્વાદશાંગી રચાય છે, ચૌદ પૂર્વોનું જ્ઞાન તેમાં સમાવિષ્ટ હોય છે. આ રીતે તીર્થંકર પરમાત્મા માનવ જાતનાં હિતના કારણે જ્ઞાનનો ગૂઢ ખજાનો ખોલી આપે છે, તેને 'આગમ' કહો, કે કહો 'તત્ત્વજ્ઞાન'.

તત્ત્વજ્ઞાન સર્વ સમસ્યાઓનાં સમાધાનની એક અદ્ભુત જીવનકળા છે. એ જ જીવનનું સર્વ પ્રથમ કર્મ અને સર્વ પ્રથમ ધર્મ છે. તેના વિનાનું જીવન અપાર વૈભવની વચ્ચે પણ દરિદ્ર અને અશાંત છે. કિંતુ તત્ત્વજ્ઞાનની હાજરીમાં સર્વ જગતનાં વૈભવ વિના પણ તે એકલો પરમેશ્વર છે.

તત્ત્વજ્ઞાનની સંપૂર્ણ શક્તિ આત્માને માટે જ છે. કારણકે તે ખરેખર આત્માની જ પરિશુદ્ધ બોધાવસ્થા છે. તે આત્માના અનંત કષ્ટોનાં કારણોનું નિદાન કરી જીવનના શાંતિ નિકેતનનું ઉદ્ઘાટન કરે છે.

તે કહે છે કે આત્મા સદા અવિનાશી, અનંત શાંતિનિધાન, પરમ વીતરાગ, સર્વથી ભિન્ન, અનંત શક્તિપૂંજ, એક સંપૂર્ણ ચૈતન્ય સત્તા છે. પણ પોતે સ્વયં અનંત મહિમાવાન હોવા છતાં આત્માને પોતાનાં ગૌરવનો વિશ્વાસ અને બોધ નથી. માટે જ અનાદિથી તે દેહ અને દેહની આસપાસ અગણિત જડ પદાર્થોમાં પોતાની પ્રાણપ્રતિષ્ઠા કરતો રહ્યો છે.

એ કારણે જ અનંત કાળથી દુઃખોને ભોગવી રહ્યો છે. તત્ત્વજ્ઞાન–આગમ એક એવી શક્તિ છે કે જે આ દુઃખોનાં સદંતર પરિહારનો પથ પ્રદર્શિત કરે છે. આગમ કહે છે કે, સુખ અને શાંતિ આત્માનું જ સ્વરૂપ છે. તેથી અન્ય કોઈ પદાર્થ તથા ઈન્દ્રિય ભોગોને શાંતિનું સાધન માનીને પદાર્થોનો સંગ્રહ કરવાની ચેષ્ટા કરવી તે મહામૂર્ખતાપૂર્ણ અપરાધ છે. આ કારણે જ ભૌતિક ભાવોમાં ભમતો જીવ દુઃખ-પીડા તેમ જ કષ્ટ વેઠે છે.

તત્ત્વદૃષ્ટા જીવને દેહ હોય છે અને દેહની આસપાસ અગણિત ઈન્દ્રિય વિષયોનું સાનિધ્ય પણ હોય છે. એટલું જ નહીં, ક્યારેક વિષયોનું મનગમતું પરિણમન પણ થાય. પરંતુ સ્વ-પરનાં યથાર્થ ભેદ-વિજ્ઞાનનાં કારણે એ તત્ત્વદૃષ્ટા આ પરિસ્થિતિઓથી પ્રભાવિત થતો નથી.

તત્ત્વજ્ઞાન તત્ત્વદર્શીની પ્રયોગશાળા છે. તે આત્મા સાથે જોડાયેલ વિજાતીય પડોનું X-RAYનાં કિરણોની જેમ ત્યાં સુધી ભેદન કરતો રહે છે, કે જ્યાં સુધી તેને આનંદનિધાન ચૈતન્યનાં દર્શન ન થાય. કાયા અને કર્મની માયામાં તો તેના ચરણ રોકાતા જ નથી. કારણકે તેમાં તેને ચૈતન્યનો આભાસ પણ નથી મળતો. જડ-ચૈતન્યની અત્યંત વિભિન્નતાનું ભાન, તત્ત્વદર્શીને કાયમ હાજર હોય જ છે. તેથી તે આત્મા એ અનુભવમાં આળોટતો રહે છે.

જીવનમાં જેટલા સંયોગ-વિયોગ ચાલ્યા કરે છે, તેના વિષયમાં આગમ કહે છે કે તે આત્માના પુરુષાર્થથી ઊભા થયેલા નથી. પરંતુ કર્મ સાપેક્ષ છે. દૃષ્ટિશૂન્ય અજ્ઞાનીએ પોતે પ્રાપ્ત કર્યાં છે, એવી અસત્ માન્યતામાં રાચે છે અને તેથી જ પોતાનું સારુંયે જીવન સંયોગોની સુરક્ષામાં નષ્ટ કરે છે. પણ જે તત્ત્વજ્ઞાની છે, તે ગમે તેવા સંજોગ-વિયોગમાં સમરસ જીવન જીવે છે.

તત્ત્વજ્ઞાન કષાયનાં શિખરો પર ઉલ્કાની જેમ પડે છે. જેનાં કારણે વ્યક્તિનાં પાપાચરણોની પરતોનો ધ્વંસ થઈ જાય છે. આજ સુધી ભયંકર પાપો દ્વારા આત્મા પર કર્મોનાં ગંજ ખડકાયાં હતાં, તે સાફ થઈ જાય છે. અને વ્યક્તિ તત્ત્વજ્ઞાન દ્વારા આત્મ વિશુદ્ધિની સ્થાયી સંપત્તિનો સ્વામિ બને છે.

આ રીતે આગમ કહો કે તત્ત્વજ્ઞાન કહો તે ચરમ પતનથી ચરમ ઉત્કર્ષ સુધી લઈ જવા માટેનો પ્રશસ્ત માર્ગ છે.

જૈન કૂળમાં જન્મ મળવાનાં કારણે આપણને સહજતા અને સરળતાથી પ્રાપ્ત થયેલાં આ આગમોનાં ઊંડા મર્મોને સમજી પ્રયોગમાં ઉતારીએ. આત્માથી આત્માનો અનુભવ કરીએ...!!!

✷ ✷ ✷

# શ્વેતાંબર માન્ય જૈન અંગ આગમ સાહિત્યનો રચનાકાળ

**ડૉ. સાગરમલ જૈન ● સંક્ષિપ્ત અનુવાદ : ડૉ. મધુબેન બરવાળિયા**

જૈન આગમ સાહિત્ય વિશાળ છે. જે મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચાયેલું છેઃ ૧. અંગ પ્રવિષ્ટ (અંગસૂત્રો)–૨. અંગબાહ્ય. શ્રી નંદીસૂત્રમાં આ બંને વિભાગોના ૭૮ ગ્રંથોની નોંધ પ્રાપ્ત છે. આમાંથી લગભગ ૨૮ ગ્રંથો આજે ઉપલબ્ધ છે. અપ્રાપ્યગ્રંથોના રચનાકાળનો નિર્ણય કરવો મુશ્કેલ છે. એ વિશે આપણે એટલું જ કહી શકીએ કે એ ગ્રંથોનો નંદીસૂત્ર પહેલાં એટલે કે ઈસુના પાંચમા સૈકા પહેલાંનો સર્જનકાળ હોઈ શકે. શ્વેતાંબર પરંપરામાં તત્ત્વાર્થ ભાષ્ય અને દિગંબર પરંપરાના સર્વાર્થસિદ્ધ આદિ ગ્રંથોમાં ૧૨ અંગ અને ૧૪ અંગબાહ્યના ઉલ્લેખો મળે છે એમાંથી દૃષ્ટિવાદને છોડીને ૧૧ અંગ તથા અંગબાહ્ય આગમ ગ્રંથો આજે પણ શ્વેતાંબર પરંપરામાં ઉપલબ્ધ છે.

કોઈપણ ગ્રંથના રચનાકાળ, કે જેમાં લેખક કે રચના સંવતનો ઉલ્લેખ ન હોય તેનો રચનાકાળ નિર્ધારિત કરવા માટે કેટલાંક તથ્યો પર નિર્ભર થવું પડે છે.

(૧) એ ગ્રંથનો સર્વપ્રથમ ઉલ્લેખ ક્યા ગ્રંથમાં મળે છે. અને તે ગ્રંથનો રચનાકાળ શું છે?

(૨) એ ગ્રંથની ભાષા કઈ છે અને એ ભાષાનું સ્વરૂપ ક્યા કાળમાં પ્રચલિત રહ્યું હતું?

(૩) એ ગ્રંથ અથવા એ ગ્રંથની વિષયવસ્તુનો સંદર્ભ અન્ય ગ્રંથોના ક્યા કાળને મળતો આવે છે?

(૪) ગ્રંથમાં નિરૂપણ થયેલ વિષયવસ્તુ અને દાર્શનિક ચિંતન ક્યા કાળનું છે કારણ કે ભારતની દાર્શનિક ચિંતનધારાનો કાળક્રમમાં વિકાસ થયો છે માટે તે ઉપસ્થિતિને આધારે કોઈ પણ ગ્રંથનું કાળ નિર્ધારણ સંભવી શકે.

(૫) ક્યારેક ક્યારેક ગ્રંથમાંના વિશિષ્ટ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો પણ કાળ નિર્ણયમાં સહાયક બની શકે છે.

(૬) ક્યારેક એવું પણ બને કે સંપૂર્ણ ગ્રંથનો કાળ નિર્ણય કરવો શક્ય ન હોય ત્યારે ગ્રંથની વિષયવસ્તુને અલગ અલગ સ્તરમાં વિભાજીત કરવામાં આવે અને એ સ્તર પ્રમાણે કાળનિર્ણય કરવામાં આવે.

(૭) ગ્રંથોમાં ઉલ્લેખ થયેલી ઐતિહાસિક વ્યક્તિઓ કે ઘટનાઓને આધારે પણ કાળનિર્ણય કરવામાં આવે છે.

(૮) ગ્રંથમાં વર્ણન કરવામાં આવેલ તથ્યો અને ઘટનાઓ જે તે વિષયવસ્તુના સંદર્ભમાં તેનો અભ્યાસ અને તે કાળના અન્ય સંદર્ભો તપાસીને કાળનિર્ણય કરી શકાય છે.

(૯) ગ્રંથના લેખક અને રચનાકાળ સંબંધી પરંપરાગત માન્યતાઓને લક્ષમાં લઈને કાળનિર્ણય કરી શકાય છે.

ઉપરોકત સમગ્ર મુદ્દાઓને લક્ષમાં રાખીને રચનાકાળ સંબંધી અનેક વિચાર કરવામાં આવે તો પણ તેમાં ઘણી મુશ્કેલીઓ છે કારણકે આગમના ભાષા સ્વરૂપમાં એકરૂપતા જોવા મળતી નથી.

આગમોમાં પ્રાચીન અને અર્વાચીન બંને શબ્દ રૂપો જોવા મળે છે. કાંઈક પ્રાચીન સ્તરના આગમોની ભાષા ધીરે ધીરે અર્વાચીન શબ્દ રૂપથી પ્રભાવિત થઈ બદલી ગઈ છે. આજે આગમોનું પ્રાચીન અર્ધમાગધી સ્વરૂપ સ્થિર રહ્યું નથી. કેટલીક હસ્તપ્રતો અને ચૂર્ણિઓને છોડીને મહારાષ્ટ્રી પ્રાકૃત (મરાઠી)નો પ્રભાવ જોવા મળે છે.

વલ્લભી વાચનાના સમય અને ત્યાર પછી પણ વિષયવસ્તુ અને ભાષાના સ્વરૂપમાં પરિવર્તન દેખાય છે. એટલું તો ચોક્કસ છે કે ચૂર્ણિઓ વલ્લભી વાચના પછી જ રચાઈ છે. અંતિમ વલ્લભ વાચના પાંચમી સદીની છે અને ચૂર્ણિઓ લગભગ સાતમા સૈકામાં રચાઈ છે. દાખલા તરીકે સૂત્રકૃતાંગનો મૂળ પાઠ 'રામપુતે' ચૂર્ણિમાં 'રામાઉત્તે' થઈ વર્તમાનમાં'રામગુત્તે' થયો છે. આ પાઠ પરિવર્તન પુનઃલેખન (પ્રતિલિપિ) સમયે થઈ ગયો હોય એવું જણાય છે. ગ્રંથોનું આધુનિક કાળમાં થયેલ સંપાદન પ્રકાશન હેમચંદ્રાચાર્યકૃત પ્રાકૃત વ્યાકરણને આધારે થયું છે. દાખલા તરીકે પૂ. પૂણ્યવિજયજી જેવા સંન્નિષ્ઠ સંપાદક દ્વારા પ્રાચીન અર્ધમાગધીરૂપ હસ્તપ્રતોમાં હોવા છતાં અર્વાચીન મરાઠી શબ્દરૂપનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એમના દ્વારા સંપાદિત 'અંગવિજ્જિ'ની આધારભૂત તાડપત્રીય પ્રતમાં 'નમો' પાઠ હોવા છતાં મહારાષ્ટ્રીય પ્રાકૃતમાં 'ણમો' પાઠનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એક રીતે જોઈએ તો આગમના રચનાકાળનો નિર્ણય મુશ્કેલ છે છતાં તાડપત્રીય અને હસ્તલિખીત ગ્રંથોના શબ્દરૂપોને જોઈને ચોક્કસ અનુમાન પર આવી શકાય.

અંગ સાહિત્યનો પ્રથમ ગ્રંથ આચારાંગ સૂત્ર છે. આ ગ્રંથમાં બે શ્રુતસ્કંધ છે જેમાં પ્રથમ શ્રુતસ્કંધની પ્રાચીનતા નિર્વિવાદ છે. ગ્રંથ ગદ્યની સૂત્ર શૈલિનું અનુસરણ કરે છે. પદ્ય ભાગમાં પ્રાચીન ગાથા અને છંદ જોવા મળે છે. આત્માસંબંધી વિચારો ઉપનિષદો સમરૂપ છે. મુનિ આચાર સંબંધી વિચારો જોતાં ઈ.સ.પૂર્વે ચોથા સૈકાનો આ ગ્રંથ હોય તેવું પ્રતિપાદન થાય છે. વિદ્વાનોની માન્યતા પ્રમાણે આ એક માત્ર ગ્રંથમાં ભગવાન મહાવીરની મૂળ વાણી સુરક્ષિત છે.

શ્રી આચારાંગ દ્વિતીય શ્રુતસ્કંધ જે આચાર ચૂલાને નામે જાણીતો છે તેનો કાળ ઈ.સ.પૂર્વે ત્રીજી કે બીજી સદી માનવામાં આવે છે. પરંપરાગત માન્યતા પ્રમાણે તેના રચયિતા ભદ્રબાહુ પ્રથમ છે. જે ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન હતા તો તેનો સત્તાકાળ ઈ.સ.પૂર્વે ત્રીજી સદી માનવામાં આવે છે.

બીજું અંગસૂત્ર સૂત્રકૃતાંગ છે. આમાં પણ બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધ પ્રાચીન જણાય છે. તેમાં સૃષ્ટિ સંબંધી માન્યતાઓનો ઉલ્લેખ અથવા પંચરિતવાદ, ષષ્ઠ આત્મવાદ વિગેરેના ઉલ્લેખો ઉપનિષદ સમકાલીન જણાય છે. આમાં નમિઅસિત દેવલ નારાયણ દ્વાપાયન, ઉદક, બાહુક, વિગેરેનો ઉલ્લેખ છે. આ ઋષિઓ સંબંધી મૂળ ગ્રંથકારે ઉદાર દૃષ્ટિકોણ પ્રગટ કર્યો છે. આ ગ્રંથનો રચનાકાળ ઈ.સ.પૂર્વે ત્રીજી સદી માની શકાય.

ત્રીજું અંગસૂત્ર ઠાણાંગ છે. આ બૌદ્ધ ગ્રંથ 'અંગુતર નિકાય'ના સ્વરૂપ જેવું જ વિવિધ વિષયોના વર્ણનો પ્રસ્તુત કરે છે જેમાં સાત 'નિન્હવો'નો ઉલ્લેખ છે. જેમાં અંતિમ 'નિન્હવ' ભગવાન મહાવીર પછી ૫૮૪ વર્ષે થયા. ઉપરાંત તેમાં નવ ગણોનો ઉલ્લેખ છે. તેમાં અનેકોનો ઉલ્લેખ મથુરાના દુષાણ અને શકાલીન અભિલેખો ઉપરાંત કલ્પસૂત્ર સ્થિરવિરાવાલીમાં પણ છે. આ બંનેના આધાર પર તેમની રચનાકાળની અંતિમ સીમા ઈ.સ. બીજી કે ત્રીજી સદી સુધી ગણી શકાય.

અંગસાહિત્યનો ચોથો ગ્રંથ સમવાયાંગ સૂત્ર છે. તેમની શૈલી ઠાણાંગ સૂત્ર જેવી છે. પરંતુ આ ગ્રંથની વિષયવસ્તુ જૈન ધર્મદર્શનની સુવ્યવસ્થિત વિકસિત અવસ્થાનું નિરૂપણ કરે છે. આમાં જે વિષયવસ્તુનું વર્ણન છે તે ઠાણાંગ સૂત્ર પછીનું અને નંદીસૂત્ર પહેલાનું છે. દા. ત. શ્રી ઠાણાંગ સૂત્રમાં અંતકૃત દશાના દસ અધ્યયનો છે, જ્યારે સમવાયાંગમાં તેના સાત વિભાગોનો ઉલ્લેખ છે અને નંદીસૂત્રમાં તેના આઠ વિભાગોનો ઉલ્લેખ મળે છે. શ્રી સમવાયાંગમાં જીવસ્થાનના રૂપમાં ગુણસ્થાનનો જે સંદર્ભ મળે છે તે ષટ્ખડાંગમના ગુણસ્થાન સંબંધી નિશ્ચિત રૂપમાં પહેલાની છે. આ બધા આધારો પર વિચારણા કરતાં સમવાયાંગના વર્તમાન સ્વરૂપનો સમય ઈસ્વીસનના ચોથા સૈકાની લગભગ નિશ્ચિત કરી શકાય.

પાંચમું અંગ ભગવતી સૂત્ર છે. આ સૂત્રની રચનાનો સમય નક્કી કરવો ઘણો કઠીન છે. આમાં એક પ્રજ્ઞાપના લગભગ પ્રથમ સદી, અનુયોગદ્વાર બીજી સદી, નંદીસૂત્ર પાંચમી સદી–આ રીતે અલગ અલગ કાળક્રમના ગ્રંથોનો ઉલ્લેખ છે. તો બીજી તરફ આ ગ્રંથમાં જૈન ધર્મના દર્શનની પ્રાચીન અવધારણાઓનો પણ ઉલ્લેખ છે. ઉદાહરણાર્થ ભગવતી સૂત્રમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અર્થ ગતિ અને સ્થિતિમાં સહાયક દ્રવ્યના રૂપમાં મળે છે. આવી જ રીતે કાળને સ્વતંત્ર દ્રવ્ય ન માનવાની પ્રાચીન માન્યતા અને કાળ સ્વતંત્ર દ્રવ્ય છે, એવી માન્યતા પણ આમાં ઉપલબ્ધ છે.

સત્ય એ છે કે સ્થાનાંગ, સમવાયાંગ અને ભગવતી સૂત્રમાં વિભિન્ન વાચનાઓના સમયકાળ દરમ્યાન નવીન સામગ્રી ઉમેરાતી ગઈ છે અને એ પરિવર્તીત, પ્રકાશિત અને સંપાદિત થતી રહી છે. આમ ભગવતી સૂત્રના વિષયવસ્તુના અનેક સ્તર છે જેમાં ઈ. પૂ.થી લઈ ઈસ્વીસન પછીની સદીના વિષયવસ્તુના સંકેત છે.

ભગવતી સૂત્ર પછીનો ક્રમ છે જ્ઞાતાધર્મકથા. શ્વેતાંબર અને દિગંબર પરંપરાના પ્રતિક્રમણ સૂત્રમાં જ્ઞાતાધર્મકથાના ૧૯ અધ્યયનોનો ઉલ્લેખ છે. જ્યારે સમવાયાંગ અને નંદીસૂત્રમાં એના બે શ્રુતસ્કંધોનો ઉલ્લેખ જોવા મળે છે. 'જ્ઞાતાધર્મકથા' એ નામથી જ એવું જણાય છે કે આ સૂત્રમાં જ્ઞાતવંશીય મહાવીર દ્વારા કથિત કથાઓનો સમાવેશ છે. આ પણ સત્ય છે કે કાચબા, મોરના ઈંડા આદિ બોધાત્મક કથા વિશેષ અતિપ્રાચીન છે; પણ આ કથાઓ શ્રી મહાવીર દ્વારા કથિત પણ હોઈ શકે છે. આ સૂત્ર ૧૯ અધ્યયન ઈ. પૂ.ની રચના હશે એવું નિશ્ચિત લાગે છે.

આગમમાં સાતમું અંગ ઉપાસક અંગ દશાંગ છે. આ અંગમાં મહાવીરના સમકાલીન ૧૦ શ્રાવકોનું વર્ણન છે. આમાં એ શ્રાવકોના નગર, વ્યવસાય, પૂર્વ ધર્મગુરુ, એમની સંપત્તિ આદિનું જે વર્ણન છે એ મહાવીરના સમકાલિન છે. મહાવીરની પરંપરાના શ્રાવકોની જીવનચર્યાનું વર્ણન મળે એવો આ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રાવકવ્રતોનું વર્ગીકરણ અણુવ્રત અને શિક્ષાવ્રતમાં મળે છે. અને શ્રાવકોના બાર વ્રતો અને એમાં લાગતા અતિચારોનો પણ સમાવેશ છે. આ ગ્રંથ ઈ.પૂ. બીજી સદીનો લગભગ હોવો જોઈએ. આ ગ્રંથમાં ગોશાલક અને એની પરંપરા પ્રત્યે ઉદાર દૃષ્ટિકોણનો પરિચય આપવામાં આવ્યો છે.

આઠમું અંગસૂત્ર અંતગડ સૂત્ર છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં આના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે, જ્યારે વર્તમાન સમયમાં તેના આઠ વિભાગો અને ૯૦ અધ્યયન છે. આપણે જાણીએ છીએ કે શ્રી સમવાયાંગમાં તેના સાત વિભાગ અને દસ અધ્યયનોનો ઉલ્લેખ છે; જ્યારે નંદી સૂત્રમાં આઠ વિભાગો જ છે. તેનાથી એ નિશ્ચિત છે કે સમયાનુક્રમે આ વસ્તુમાં પરિવર્તન થતું રહ્યું છે; માટે આનો રચના સમય નિશ્ચિત કરવા માટે આપણે બે દૃષ્ટિથી વિચાર કરવો પડશે. પ્રાચીન દસ અધ્યયનવાળા સ્વરૂપની અપેક્ષા અને પછીથી સાત અથવા આઠ વિભાગની દૃષ્ટિથી. જ્યાં સુધી તેની પ્રાચીન વિષયવસ્તુનો પ્રશ્ન છે તે જોતાં ઈ.સ.પૂ. ત્રીજી અથવા બીજી સદી પહેલાંની એ રચના સંભવે છે. કારણકે ઠાણાંગ સૂત્રની રચના સમયે આનું અસ્તિત્વ જરૂર હશે જ. આ રચના ઋષિભાષિત અને સુયગડાંગની સમકાલિન હશે. રચનાકાળ ઈ.સ.પૂ. ત્રીજો સૈકો માનવો જોઈએ.

નવમું સૂત્ર અનુત્તરોવવાઈ દશા સૂત્ર.

ઠાણાંગ સૂત્રમાં તેના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે. અનુત્તરોવવાઈ સૂત્રના ત્રણ વિભાગો ઉપલબ્ધ છે. તેમાં બીજા વિભાગમાં ઋષિદાસ, ધન્ય અને સુનક્ષત્ર આ ત્રણ અધ્યયનોમાં પ્રાચીન વિષયવસ્તુ છે. ઠાણાંગમાં ઉલ્લેખાયેલા બાકીના સાત અધ્યયનો વર્તમાન અનુત્તરોવવાઈ સૂત્રમાં ઉપલબ્ધ છે. શ્રી સમવાયાંગ અને શ્રી નંદીસૂત્રમાં એમાંના ત્રણ વિભાગોનો ઉલ્લેખ છે. એથી એ સાબિત થાય છે કે ઠાણાંગ પછી અને શ્રી સમવાયાંગ અને શ્રી નંદીસૂત્રની રચના પહેલાં તેના વિષયવસ્તુમાં પરિવર્તન થયું છે; એ આધારથી આપણે એમ કહી શકીએ કે ઠાણાંગમાં નિરૂપણ પામેલી વિષયવસ્તુ ઈ. સ. પૂર્વની છે અને સમવાયાંગ અને નંદીમાં ઉલ્લેખ પામેલ ત્રણ વિભાગો અત્યારે વર્તમાન સ્વરૂપે ઈ. સ. ત્રીજી કે ચોથી સદીના છે. પરંતુ એ યાદ રહે કે ઠાણાંગમાં સ્થાન પામેલા શાલિભદ્ર, કાર્તિક, આનંદ, તેતલીપુત્ર, અતિમુક્ત અને દશાણભદ્રના કથાનકો ભલે અનુત્તરોવવાઈથી અલગ કરી દીધા હોય છતાં આજે પણ તે આગમિક વ્યાખ્યાઓ અને સાહિત્યમાં જીવિત છે. માત્ર તેતલીપુત્રનો જ્ઞાતાધર્મકથામાં અને ઋષિભાષિતમાં, આનંદનો ઉપાસક દશામાં, આઈમુક્તાનો અંતગડ દશામાં ઉલ્લેખ મળે છે. આ પરિવર્તન સ્કંદિલ અથવા નાગાર્જુનના વાચના સમયે ચોથી સદીમાં થવાની સંભાવના જણાય છે.

દસમું અંગસૂત્ર પ્રશ્નવ્યાકરણ છે.

પ્રશ્નવ્યાકરણનો ઉલ્લેખ ઠાણાંગ, સમવાયાંગ, નંદીસૂત્ર અને નંદીચૂર્ણિમાં મળે છે. વર્તમાનમાં જે પ્રશ્નવ્યાકરણની વિષયવસ્તુ છે તે નંદીચૂર્ણિ સમરૂપ છે. નંદીચૂર્ણિની રચનાનો સમય સાતમી સદી છે તેથી વર્તમાન પ્રશ્નવ્યાકરણ વલભી વાચના પછી ને નંદીચૂર્ણિ પહેલાં લગભગ છઠ્ઠી સદીમાં રચાયાની સંભાવના છે. પરંતુ તેનો અર્થ એવો કદાપિ ન કરી શકાય કે આના પહેલાં પ્રશ્નવ્યાકરણનું અસ્તિત્વ ન હતું. પ્રશ્નવ્યાકરણના અસ્તિત્વનો આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધ અને ઋષિભાષિત સમકાલિન અર્થાત્ ઈ. સ. પૂર્વ ચોથી સદીથી સિદ્ધ છે; કારણકે ઋષિભાષિતના એકત્રીસમા અધ્યયનમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ઋષિભાષિતમાં પાર્શ્વ નામનું અધ્યયન છે અને પ્રશ્નવ્યાકરણમાં પણ પાર્શ્વ નામનું અધ્યયન છે. બંને અધ્યયનમાં પાઠ ભેદ છે. ઠાણાંગમાં જે અધ્યયનોનો ઉલ્લેખ જોવા મળે છે તેમાં મહાવીરભાષિત, ઋષિભાષિત આદિ પ્રશ્નોત્તર હોવાથી પ્રશ્નવ્યાકરણનું પ્રથમ સંસ્કરણ ઈ. સ. પૂર્વ પાંચમી–ચોથી સદીનું હોઈ શકે.

પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચાર સંસ્કરણ થયા હોઈ તે ઈ. સ. પૂર્વ પાંચમી, બીજી, ત્રીજી, અને છઠ્ઠી સદીમાં રચાયા હોય તે સંભવ છે.

અંગ આગમનો અંતિમ ગ્રંથ વિપાક સૂત્ર છે. સમવાયાંગમાં તેમના બે શ્રુતસ્કંધ અને દસ અધ્યયનોનો ઉલ્લેખ છે. જોકે ઠાણાંગમાં વિપાક દશાના દસ અધ્યયનોનો ઉલ્લેખ છે.

એમાં પણ મૃગાપુત્ર અને શકટ નામના બે અધ્યયન વર્તમાનના દુ:ખવિપાક અંતર્ગત છે તેનાથી એવું સાબિત થાય છે કે પહેલાં દુ:ખવિપાક જ વિપાક સૂત્રના નામથી હતું. તેમાં સુખવિપાક પાછળથી ઉમેરવામાં આવ્યું હોય. ઠાણાંગ અને સમવાયાંગમાં જે નામોના ભેદ છે તેનો પૂર્વભવ અને વર્તમાન જીવનના આધારે સમન્વય કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આના આધારે સ્પષ્ટ થાય છે કે તેનું પહેલું સંસ્કરણ ઈ. સ. પૂ. ચોથી સદીનું છે.

અંગ આગમોના રચનાના સમય સંબંધની વિવેકપૂર્ણ ચર્ચાને હવે વિરામ આપીએ છીએ.

✷ ✷ ✷

## આગમ–વાણી

- *જે ભાષા સત્ય હોવા છતાં બોલવા જેવી ન હોય, જે ભાષા સત્ય અને અસત્યના મિશ્રણવાળી હોય, જે ભાષા અસત્ય હોય અને જે ભાષા જ્ઞાનીઓએ વર્જ્ય ગણી હોય તેવી ભાષા પ્રજ્ઞાવાન સાધકે બોલવી નહિ.*
- *સર્વ જીવો જીવવા ઇચ્છે છે. કોઈ જીવને મરવું ગમતું નથી. એટલા માટે નિર્ગ્રન્થ મુનિઓ ભયંકર પ્રાણીવધનો પરિત્યાગ કરે છે.*
- *પોતાના કે બીજાના સ્વાર્થને માટે, ક્રોધથી કે ભયથી એવું અસત્ય વચન બોલવું નહિ અથવા બીજા પાસે બોલાવવું નહિ કે જેથી હિંસા થાય.*
- *સત્ય ભાષા પણ જો કઠોર હોય અને પ્રાણીઓનો મોટો ઘાત કરનારી હોય તો તે બોલવી નહિ, કારણ કે એથી પાપકર્મ બંધાય છે.*
- *કોઈ માણસ અસત્ય ભાસે એવું વચન બોલે તો પણ તે પાપ ગણાય છે; તો પછી જે ખરેખર અસત્ય બોલે તેની તો વાત જ શી ?*

**ડો. રશ્મિભાઈ ઝવેરી**
'અર્હમ્' પ્લૉટ નં. ૨૬૬, કીકાભાઈ હૉસ્પિટલ સામે, સાયન ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.
ફોન : ૪૦૯ ૪૧૫૭, ૪૦૯ ૫૦૪૦.
મો. : ૯૮૨૧૬૮૧૦૪૬

જૈનધર્મના વિદ્વાન વક્તા, લેખક અને પત્રકાર છે. જૈન વિશ્વભારતી દ્વારા પ્રગટ થયેલ 'સુત્રકૃતાંગ' આગમ ગ્રંથનો અનુવાદ કર્યો છે. જૈન સાહિત્ય જ્ઞાનસત્રોમાં શોધપત્રો રજૂ કરે છે.

**ડો. કેતકીબેન શાહ**
૫/૫ સ્વામી લીલા શાહ સોસાયટી, સાંધાની ઍસ્ટેટ, ઘાટકોપર (વે.) મુંબઈ-૪૦૦ ૦૮૬.

જૈન ધર્મના અભ્યાસુ છે. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાં 'ગુણસ્થાનક' વિષય પર શોધપ્રબંધ લખી Ph.D. પ્રાપ્ત કરેલ છે. તેમનો મહાનિબંધ 'ગુણસ્થાનક મોક્ષના સોપાન' રૂપે ગ્રંથસ્થ થયો છે.

X X X

**ડો. કલાબેન એમ. શાહ**
ડી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુળધામ, ગોરેગામ ઈસ્ટ, મુંબઈ-૬૩.
ફોન નં. : (૦૨૨) ૬૫૫૦૯૪૭૭
મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

જૈન દર્શનના વિદ્વાન મુંબઈ યુનિવર્સિટીના Ph.D.ના ગાઇડ છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા અને સેમીનાર્સમાં પ્રવચનો આપે છે.

X X X

**પૂ. સુબોધિકાબાઈ મહાસતીજી**
ચાંદની ચૉક ઉપાશ્રય, દિલ્હી.

જૈનધર્મના વિદુષી પ્રવચન પ્રભાવક છે. આગમ સાહિત્યના ઊંડા અભ્યાસી છે. ગુરુપ્રાણ આગમ બત્રીશીના સહસંપાદિકા છે.

X X X

**ડો. પાર્વતીબેન નેણશી ખીરાણી**
૨/૨૩, જેઠવા નિવાસ, પ્લોટ - ૪૪૮, કીંગ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

શ્રાવક કવિ ઋષભદત્તના રાસ વિષય પર મુંબઈ યુનિ.માં Ph.D. કરેલ છે. બૃહદ મુંબઈ સ્થા. જૈન મહાસંઘના શિક્ષણબોર્ડ દ્વારા જૈનશાળાના બાળકોના શિક્ષણ કાર્યમાં સક્રિય છે. વિવિધ સેમીનાર્સમાં પેપર્સ રજૂ કરે છે.

X X X

## સર્જક-પરિચય

**પૂજ્ય મુનિ દીપરત્નસાગરજી**
મંગલદીપ સોસાયટી, આરાધના ભવન, થોરેશ્વર મંદિર સામે, પોસ્ટ થાનગઢ, જીલ્લો સુરેન્દ્રનગર-૩૬૩૫૩૦. ફોન : મો. : ૦૯૮૨૫૯૬૭૩૯૭

વિદ્વાન જૈનમુનિ દીપરત્નસાગરજીએ જૈનઆગમ વિશે ઊંડું સંશોધન કાર્ય કર્યું છે. આ અંગે તેમના કેટલાક પ્રકાશનો ઇન્ટરનેટ પર પણ મૂકાયાં છે. તેઓએ એમ. કોમ, એમ. એડ્. અને પીએચ. ડી.નો અભ્યાસ કર્યો છે.

X X X

**ડો. અભય દોશી**
એ-૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝ શાહ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪.

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને Ph.D.ના ગાઈડ છે. તેમણે તીર્થંકર ચોવીશી પર સંશોધન કરી Ph.D. પ્રાપ્ત કરેલ છે. તેમનો મહાનિબંધ 'ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય' રૂપે ગ્રંથસ્થ થયો છે.

X X X

**ડો. પ્રવીણભાઈ શાહ**
૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

અમદાવાદ સ્થિત ડો. પ્રવીણભાઈ શાહ જૈનધર્મના અભ્યાસુ છે. તેમના દેશ વિદેશમાં જૈન ધર્મ પર પ્રવચન યોજાય છે. તેમના કેટલાંક પુસ્તકોનું પ્રકાશન થયું છે. જૈન સાહિત્ય સંમેલન, જ્ઞાનસત્રોમાં વિદ્વતાપૂર્ણ પેપર્સ રજૂ કરે છે.

X X X

**ડો. રસિકભાઈ મહેતા**
૨૦, શોભના બિલ્ડીંગ, ગોલીબાર રોડ, ગેલડા નગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

વર્ષો સુધી ગુજરાતની વિવિધ કૉલેજોમાં પ્રોફેસર રૂપે સેવા આપી લોકસાહિત્ય પર Ph.D. કર્યું છે. જૈન સંત-સતીજીઓને શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કરાવે છે.

X X X

**આચાર્ય સાગરચંદ્ર સાગરજી મહારાજ :**
મોબાઈલ નં. ૯૮૧૯૧૭૦૪૪૦.

આગમોદ્ધારક પ. પૂ. આચાર્ય સાગરાનંદજી મહારાજના સમુદાયના એક પ્રભાવક, વિદ્વાન મનીષી આચાર્ય છે. તેઓએ ૧૧ વર્ષની લઘુ વયમાં દીક્ષાનો સ્વીકાર કરીને સંસ્કૃત, પ્રાકૃત, આગમ, ન્યાય, સાહિત્ય આદિ વિષયોનો અભ્યાસ કર્યો છે.

X X X

**પૂ. ડો. આરતીબાઇ મહાસતીજી**
સ્થાનકવાસી જૈન સંઘ, ચાંદની ચૉક, નવી દિલ્હી.

જૈનધર્મના વિદુષીએ જૈન ખતરગચ્છના પૂ. દેવચંદ્રજી સ્વામીને ચોવીશી અને અન્ય સાહિત્ય પર સંશોધન કરી Ph.D. પ્રાપ્ત કરેલ છે. ગુરુપ્રાણ આગમ બત્રીશીના સહસંપાદિકા છે.

X X X

**પૂ. તરુલતાબાઈ મહાસતીજી :**
'નંદનવન', કલ્પતરુ સાધના કેન્દ્ર, દેવલાલી સોસાયટી, નાકા નં. ૬ની પાસે, લામ રોડ, દેવલાલી. જિલ્લો: નાસિક.

ગોંડલ સંપ્રદાયના અધ્યાત્મયોગિની પૂ. બાપજીના શિષ્યા ડૉ. તરુલતાબાઈએ આનંદઘન, શ્રીમદ રાજચંદ્રજી, કવિ બનારસીદાસ અને કબીરજીના સાહિત્ય પર શોધનિબંધ લખી મુંબઈ યુનિવર્સિટી માં Ph.D. કર્યું છે. તેઓશ્રીએ આત્મસિદ્ધિ શાસ્ત્ર પર 'હું આત્મા છું'એ શીર્ષકથી પાંચભાગમાં ગ્રંથ લખ્યો છો જેનું વિવિધ ભાષામાં ભાષાંતર થયું છે.

X X X

**પ્રા. સાગરમલ જૈન :**
૩૫, ઓસવાલ શેરી, શાજાપુર (મધ્ય પ્રદેશ)
ટેલિફોન : ૦૭૩૬૪ ૨૨૭૪૨૫.
ઑફિસ : ૦૭૩૬૪ ૨૨૨૨૧૮
મોબાઈલ : +૯૧ ૯૪૨૪૮૭૬૫૪૫

શાજાપુર મધ્ય પ્રદેશમાં જન્મેલા વિદ્વાન લેખક અને કેળવણીકાર શ્રી સાગરમલ જૈને આજ સુધીમાં ૪૯ પુસ્તકો લખ્યા છે અને લગભગ ૧૬૦ પુસ્તકો સંપાદીત કર્યા છે. તેમણે શૈક્ષણિક તેમજ ધાર્મિક ક્ષેત્રે અનેક એવૉર્ડ પ્રાપ્ત કર્યા છે અને અનેક ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ન કેવળ સ્થાપના કરી છે બલકે તેના સુચારુ સંચાલનમાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. હાલમાં શાજાપુર ખાતે પ્રાચ્ય વિદ્યાપીઠના ડાયરેક્ટર તરીકે સેવાઓ પ્રદાન કરી રહ્યા છે જેના તેઓ સ્થાપક પણ છે. ✱✱✱

# આ અંકમાં પ્રસ્તુત આગમોનાં જૈન પારિભાષિક શબ્દોની સમજુતી

**છઠ્ઠું જ્ઞાતાધર્મકથા સૂત્ર :**

૧. શ્રુતસ્કંધ=ભાગ (Volume), ૨. સૂચિમૂલક ધર્મ=અશુદ્ધિ અર્થાત્ દ્રવ્યથી અને ભાવથી અપવિત્રતા દૂર કરી પવિત્ર બનવું, ૩. સાગરોપમ =અસંખ્યાત સમયના કાળમાનનો નિશ્ચય કરતી ઉપમા, ૪. કાંક્ષા=અન્ય મતોના આડંબર દેખી તેની ઇચ્છા કરવી, ૫. વિચિકિત્સા=ધર્મકરણીના ફળમાં સંદેહ રાખવો, ૬. ગોપન=આત્મગુણોની રક્ષા માટે ઉન્માર્ગે જતાં રોકી નિયંત્રણ કરવું.

**૭મું ઉપાસક દશાંગ સૂત્ર :**

૧. પલ્યોપમ=અસંખ્યાત સમયના કાળમાનનો નિશ્ચય કરતી ઉપમા, ૨. પ્રતિમા=આત્મશુદ્ધિ માટેનું વિશેષ અનુષ્ઠાન અથવા વિશેષ પ્રતિજ્ઞારૂપ આરાધના, ૩. અવધિ જ્ઞાન=રૂપી દ્રવ્યોને માનનારૂં મર્યાદિત યથાર્થ જ્ઞાન, ૪. દ્વાદશાંગી=૧૨ અંગ સૂત્ર (આગમ), ૫. સ્ખલના=ભૂલચૂક અથવા વ્રતમાં દોષ, ૬. નિયતિવાદ='જે થવાનું છે તે બધું નિશ્ચિત છે'–પુરુષાર્થ કે કર્મનું કોઈ મહત્ત્વ નથી તેવું માનનારા, ૭. શતપાક તેલ=સો પ્રકારના દ્રવ્ય નાંખી અથવા સો વાર પકાવેલ હોય તેવું તેલ, ૭. સહસ્રપાક તેલ=હજાર ઔષધિ નાંખી તૈયાર થયેલું તેલ.

**૮મું અંતગડ સૂત્ર :**

૧. પ્રતિલેખન=વિધિપૂર્વક જોવું, ૨. અગુરુલઘુ=ન ભારે, ન હલકો–તેવો આત્માનો ગુણ, ૩. મનઃપર્યવજ્ઞાન=અઢી દ્વીપમાં રહેતા સંજ્ઞી જીવોના મનના ભાવો જાણનારૂં જ્ઞાન, ૪. નિયાણકડા=ધર્મકરણીનું ફળ માંગનારા.

**૯મું અંતગડ સૂત્ર :**

૧. પ્રીતિદાન=માતાપિતા તરફથી પ્રેમપૂર્વક દીકરાને અપાતું દાન, ૨. અભિગ્રહ=ધારેલા નિયમોની પરિપૂર્ણતા થાય તોજ પારણું કરવું.

**૧૦મું પ્રશ્નવ્યાકરણ સૂત્ર :**

૧. પરમાધામી=ઘોર પાપ આચરણ કરવાવાળા, ક્રૂર પરિણામવાળા, પરમ અધાર્મિક દેવો. ૨. વૈક્રિય શરીર=રૂપ પરાવર્તન કરવાની શક્તિ. તે શરીરમાં હાડકા અને માંસ આદિ ન હોય. ૩. ચક્રવર્તી=૬ ખંડનો વિજેતા રાજા. ૪. ઈર્યા=રસ્તામાં ગમનાગમન સમયે જતનાપૂર્વક ચાલવું. ૫. એષણા= ગોચરીના આગમોક્ત નિયમો. ૬. આદાન-નિક્ષેપણ=વસ્ત્ર પાત્ર આદિ લેવા-મૂકવા.

**૧૧મું વિપાક સૂત્ર :**

૧. ઘાતીકર્મ=આત્માના મૂળ ગુણોની ઘાત કરનાર-૪ કર્મ-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય. ૨. અઘાતીકર્મ=આત્માના મૂળ ગુણોની ઘાત ન કરનાર-૪ કર્મ-વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર.

**છેદ સૂત્રો નિબંધોના પારિભાષિક શબ્દોની સમજૂતી :**

૧. જ્ઞાનાદિ પાંચ આચાર=જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, ૨. અવચૂરિ વગેરે ગ્રંથો=સૂત્ર, ભાષ્ય, નિર્યુક્ત, ચૂર્ણિ, ટીકા વગેરે ગ્રંથો, ૩. ઉત્સર્ગ માર્ગ=શાસ્ત્રમાં જણાવેલ ધાર્મિક ક્રિયાના નિયમ પ્રમાણે જ વર્તવાનો ધાર્મિક ક્રિયામાર્ગ, ૪. અપવાદ માર્ગ=કોઈ પ્રતિકૂળ સંજોગોમાં ગુરુ આજ્ઞા પ્રમાણે નિયમને ઓળંગીને કરવાનો ધાર્મિક ક્રિયા માર્ગ જેની આલોચના લેવાની રહે છે, અને પુનરાવર્તન કરવાનું હોતું નથી., ૫. મહાવ્રતાદિ=પાંચ મહાવ્રત (૧) જીવદયા પાળવી (૨) સાચું બોલવું (૩) ચોરી ન કરવી (૪) બ્રહ્મચર્ય પાળવું (૫) પરિગ્રહ ન કરવો. સાધુ-સાધ્વીજી માટે મહાવ્રત અને શ્રાવક-શ્રાવિકા માટે અણુવ્રત.

**૧૨મું ઉવવાઈ સૂત્ર :**

૧. સમુર્ચ્છિમ્=જે જીવો સ્ત્રી-પુરુષના સંયોગ વગર પોતાની મેળે જ ઉત્પન્ન થાય તે સમુર્ચ્છિમ્ છે, ૨. સમોસરણ=તીર્થંકર પ્રભુનો ઉપદેશ સાંભળવા માટે દેવો દ્વારા રચિત બેઠકોનું સ્થાન (એક જાતની વ્યાસપીઠ કે વિશિષ્ટ સ્ટેડિયમ) જેમાં ત્રણ પ્રકારના ગઢ હોય, રૂપાનો ગઢ ને સોનાના કાંગરા, સોનાનો ગઢ ને રત્નના કાંગરા, રત્નનો ગઢ ને મણિરત્નના કાંગરા. આમ ત્રિગડા ગઢની રચના હોય, જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી, પશુ-પ્રાણી આદિની બેઠકોના સ્થાન હોય, ગોળાકાર હોય, વચમાં પ્રભુજી બિરાજે. સ્ફટિક સિંહાસનના કારણે એમના ચારે બાજુથી દર્શન થાય એવી રચના હોય, ૩. અનિમેષ=આંખનો પલકારો માર્યા વગર જોવું, ૪. સ્વયંબુદ્ધ=ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામે તે,૫. વજ્રઋષભ નારાચ સંઘયણ-વજ્ર=ખીતી, ઋષભ=પાટો, નારાચ=મર્કટ બંધ-સંઘયણ=શરીરની મજબૂતાઈ–શરીરમાં અસ્થિઓનું બંધારણ એટલે જે શરીરની રચનામાં બે પડખેથી મર્કટબંધે કરી બાંધીને તેના પર હાડકાંનો પાટો વીંટાળી ખીલી જેવા હાડકાથી સજ્જડ કર્યા હોય એવું બંધારણ, લોઢા જેવું મજબૂતસંઘયણ, ૬. માન-ઉન્માન પ્રમાણ=એક જાતની તોલ-માપની ક્રિયા, ૭. સમવાય=સમૂહ, સંબંધ.

**૧૩મું રાજપસેણીય સૂત્ર :**

૧. અક્રિયાવાદી મત=આખું જગત કંઈ પણ ક્રિયા કરતું નથી એવો મત, ૨. ભવસિદ્ધક=જેના સંસાર પરિભ્રમણનો સ્વપુરૂરુષાર્થથી ક્યારેક અંત આવી શકે તેવા જીવ, ૩. અભયસિદ્ધક=જેના સંસારભ્રમણનો ક્યારેય અંત થવાનો નથી તેવા જીવ, ૪. વિપથગામી=કુમાર્ગે જનાર, ૫. તત્પથગામી=યોગ્ય માર્ગે જનાર, ૬. ઊર્ધ્વગમન=સિદ્ધક્ષેત્રમાં જનાર–ઉપર તરફ જનાર, ૭. સમ્યગ્દૃષ્ટિ=વીતરાગી એવા કેવળી ભગવંતે જે વસ્તુનું જેવું સ્વરૂપ બતાવ્યું હોય તેવું યથાર્થ માનવું, ૮. સંહનન=સંઘયણ–હાડકાંની રચના–બંધારણ.

**૧૪મું જીવાજીવભિગમ સૂત્ર :**

૧. પ્રતિપ્રત્તિ=જેમાં અન્ય મતનું પ્રતિપાદન થયું હોય તે, ૨. ઘનોદધિ=જામેલા પાણીનો સમુદ્ર-બરફનો સમુદ્ર, ૩. આભિનિબોધિક=વસ્તુને ગ્રહણ કરાવનાર સ્પષ્ટ બોધ, મતિજ્ઞાનનો પર્યાયવાચી શબ્દ છે.

**૧૬ મું સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર :**

૧. અવસ્થિત=કાયમ એક જ સ્થિતિમાં રહેવું, ૨. અનવસ્થિત=એક જ સ્થિતિમાં ન હોવું, ૩. પૌરુષી=પોરસી (પહોર) સંબંધી, ૪. સંસ્થાન= આકાર, ૫. સવંત્સર=એક વર્ષનો સમય, ૬. આયામ-વિષ્કંભ-

બાહુલ્ય=લંબાઈ પહોળાઈની બહુલતા, ૭. અલ્પબહુત્વ=એક બીજાની અપેક્ષાએ ઓછા-વધુપણાની રજૂઆત, ૮. પરિમાણ=માપ, ૯. વિકુર્વણા=વૈક્રિયરૂપ બનાવવું, ૧૦. દક્ષિણાયન-ઉત્તરાયર્ન=સૂર્યનું દક્ષિણ તરફ જવું-ઉત્તર તરફ જવું, ૧૧. મુહૂર્ત=સમયનું એક માપ આશરે ૪૮ મિનિટનો સમય, ૧૨. લેશ્યા=કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્‌ભવતા આત્માના શુભાશુભ પરિણામ, તેને કારણે કર્મ આત્મા સાથે ચોંટે છે તેને લેશ્યા કહે છે, ૧૩. મંડલ=સૂર્યનું માંડલું સ્થાન, ૧૪. જઘન્ય=સૌથી ઓછું-ઉત્કૃષ્ટ-સૌથી વધારે, ૧૫. અગ્રમહિષી=પટરાણી-મુખ્ય દેવી.

**૧૭મું ચંદ્ર-પ્રજ્ઞપ્તિ સૂત્ર :**

૧. ઉત્થાનિક=ઉતારો, ટાંચણ, અવતરણ, ૨. સંસ્થિતિ=કાયમનું રહેવું તે-સ્થિરતા, ૩. પ્રતિઘાત=પ્રત્યાઘાત-સામું પછડાવું તે, ૪. આયામ=લંબાઈ, ૫. વિષ્કંભ=પહોળાઈ.

**૧૮મું જંબુદ્વીપ પન્નત્તિ સૂત્ર :**

૧. પરાંમુખ=વિમુખ, ૨. ઘનવાત પિંડ=જામેલા વાયુનો જથ્થો, ૩. તનુવાત પિંડ=પાતળા-ફરતા વાયુનો જથ્થો, ૪. ઘનોદધિ પિંડ=જામેલા પાણી=બરફના સમુદ્રનો જથ્થો.

**૧૯મું નિરયાલિકાસૂત્ર :**

૧. ભાષાર્ય=ભાષાથી આર્ય હોય, ૨. વ્યાખ્યા-સાહિત્ય=જેમાં સૂત્રોનું વિશેષ વિવેચન હોય તે, ૩. નિર્યુક્તિ=સૂત્રમાં નિશ્ચય કરેલ અર્થ જેમાં હોય તે. તે પ્રાકૃત ભાષામાં આર્ય છંદબદ્ધ હોય, ૪. ભાષ્ય=સંક્ષિપ્ત શૈલીમાં અર્થ સમજાવવામાં આવે તે. તે પ્રાકૃત ભાષામાં આર્ય છંદબદ્ધ હોય, ૫. ચૂર્ણિ=ગદ્યશૈલીમાં વિશેષ વિસ્તારથી અર્થ કરવામાં આવેલ હોય તે, ૬. ટીકા=દાખલા-દૃષ્ટાંત સહિત વિસ્તારથી સમજાવવામાં આવેલ હોય તે, ૭. વૃત્તિ=સૂત્રનું વિશેષ વિવરણ હોય તે, ૮. ધર્મકથાનુયોગ-અનુયોગ=સૂત્ર અને અર્થનોયોગ (સંબંધ), જેમાં ધર્મકથા છે તેવો અનુયોગ, ૯. ગણિતાનુયોગ=જેમાં ગણિતનો વિષય છે તેવો અનુયોગ, ૧૦. દ્રવ્યાનુયોગ=જેમાં દ્રવ્યના-ગુણ પર્યાય-સ્વભાવ-વિભાવનું વર્ણન છે તે અનુયોગ, ૧૧. ચરણકરણાનુયોગ=જેમાં વિધિ-વિધાન અનુષ્ઠાન વગેરે છે તે અનુયોગ.

**૨૦મું કપ્પવડિંસિયા-કલ્પાવતંસિકા સૂત્ર :**

૧. સર્વજ્ઞ પ્રણિત=સંપૂર્ણ જ્ઞાન છે એવા સર્વજ્ઞ દ્વારા કહેવાયેલું, ૨. વૈરાગ્યવાસિત=વૈરાગ્યથી ભરપૂર.

**૨૧મું પુપ્ફિયા-પુષ્પિકા સૂત્ર :**

૧. વિટંબણા=મુશ્કેલીઓ

**પૂપ્ફચૂલિયા-(પૂષ્પચૂલિકા) સૂત્ર :**

૧. સુત્તાગમ=સૂત્ર રૂપે ગૂંથેલા આગમ, ૨. સમોસરણ=તીર્થંકરના ઉપદેશને સાંભળવા માટે દેવો દ્વારા રચિત બેઠકોનું સ્થાન-એક વિશેષ પ્રકારનું સ્ટેડિયમ, જેમાં ત્રણ પ્રકારના ગઢ હોય, રૂપાનો ગઢ સોનાના કાંગરા, સોનાનો ગઢ રત્નના કાંગરા, રત્નનો ગઢ મણિરત્નના કાંગરા. આમ ઉત્તરોત્તર ત્રણ ગઢની રચના હોય, જેમાં કેવળી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી આદિ ૧૨ પ્રકારની પર્ષદા (પરિષદ) ભગવાનની દેશના (ઉપદેશ) સાંભળવા આવે. ગોળાકાર બેઠકની વચ્ચે ભગવાન બિરાજે. સ્ફટિક સિંહાસનને કારણે એમના ચારે બાજુથી દર્શન થાય એવી રચના હોય.

**૨૩મું વિન્હિદશા-વૃષ્ણિદશા સૂત્ર :**

૧. અતિશય=ચડિયાતાપણું-શ્રેષ્ઠતા

**૪૧, ૪૨, ૪૩, ૪૪ અને ૪૫ ક્રમાંક સૂત્રો :**

૧. પરિગ્રહ=સંગ્રહ, ૨. સમાચારી=આગમમાં દર્શાવ્યા મુજબની સાધુક્રિયા ૩. પડિલેહણ=યતનાપૂર્વક જોવું. વસ્ત્ર-પાત્રા અન્ય ઉપકરણોની જયણા કરવી. ૪.ઉપધિ=સંયમપાલન માટેનાં આવશ્યક સાધનો. ૫. સમિતિ=શુભ પ્રવૃત્તિ-શુભ ભાવમાં એકાગ્ર બની પ્રવૃત્તિ કરવી. ૬. ગુપ્તિ=યોગની શુભાશુભ પ્રવૃત્તિને રોકવી, ૭. અભિગ્રહ=વિશેષ પ્રતિજ્ઞા, ૮. પ્રહર=પહોર (ત્રણ કલાક), ૯. આચર ગોચર=આચાર અને વ્યવહાર, ૧૦. ઉદ્દેશા =વિભાગ-મુદ્દાઓ. ૧૧. મહાચાર=વિશિષ્ટ આચાર પાલન, ૧૨. દેશના=પ્રવચન, ૧૩. પ્રવ્રજ્યા=દીક્ષા-સંસારત્યાગ, ૧૪. બહુશ્રુત=શ્રુતના સમર્થ જ્ઞાતા ગુરુ, ૧૫. ગણિપિટક=સાધુના આચાર પાળવા અને પળાવવાની પેટી, ૧૬. અનુયોગ=સૂત્રની સાથે અનુકૂળ અર્થનો સંયોગ, ૧૭. આવશ્યક=અવશ્ય કરવા યોગ્ય ક્રિયા-ધાર્મિક ક્રિયા, ૧૮. પ્રમાણ=જેનાથી વસ્તુનું યથાર્થ જ્ઞાન મળે. (સત્ય વચન). ✷ ✷ ✷

## આગમ-વાણી

- *પ્રજ્ઞાવાન પુરુષે અસત્યામૃષા (સત્ય અને અસત્યના મિશ્રણવાળી ભાષા) ન બોલવી જોઈએ. વળી સત્ય ભાષા પણ પાપ વિનાની, અકર્કશ, સંદેહ રહિત અને બરાબર વિચારેલી એવી બોલવી જોઈએ.*
- *કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર કહેવો ન જોઈએ.*
- *ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.*
- *ક્રોધ, માન, માયા અને લોભ એ પાપને વધારનારાં છે. પોતાના આત્માનું હિત ઇચ્છનારે આ ચાર દોષોને છોડી દેવા જોઈએ.*
- *ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને જીતો, સરળતા દ્વારા કપટભાવને દૂર કરો અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.*

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

યોજિત

### ૨૧ મો જૈન સાહિત્ય સમારોહ–પાવનપુરી (રાજસ્થાન)

### સૌજન્ય : રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટ

## પ્રસ્તુત થયેલા શોધ નિબંધો

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | નિબંધનું નામ |
|---|---|---|---|
| ૦૦૧. | અભયભાઈ આઈ. દોશી | ૯૮૯૨૬૭૮૨૭૮ | આંબડ રાસ |
| ૦૦૨. | અજીતભાઈ આઈ ઠાકોર | ૯૯૨૫૭૧૧૬૩૯ | શુકન શાસ્ત્ર ચોપાઈ રાસ |
| ૦૦૩. | અનિતાબેન દિનેશચંદ્ર આચાર્ય | ૯૪૨૭૪૯૬૨૭૧ | શ્રી સમકિત કૌમુદી રાસ |
| ૦૦૪. | આરતી ચીમનલાલ ત્રિવેદી | ૯૯૦૪૦૮૪૮૪૦ | નલદમયંતિ રાસ |
| ૦૦૫. | અશ્વિનભાઈ જયંતીલાલ ગાંધી | ૯૪૦૯૦૩૧૭૦૦ | સ્થુલીભદ્ર / ભબતેશ્વર બાહુબલી |
| ૦૦૬. | બી. વિજય જૈન | ૯૩૨૭૦૦૭૪૩૨ | પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન |
| ૦૦૭. | બાબુભાઈ મંગલદાસ શાહ | ૯૮૨૪૭૦૧૮૯૯ | જૈન પત્રકારત્વ |
| ૦૦૮. | ભાનુબેન જયંતીલાલ શાહ | ૯૮૯૨૪૨૨૫૩૫ | કવિ ઋષભદાસ કૃત અજીતકુમારરાસ |
| ૦૦૯. | ભરતકુમાર મનહરલાલ ગાંધી | ૯૮૨૪૪૮૫૪૧૦ | મોહનવિજયજી ચંદ્રરાજાનો રાસ |
| ૦૧૦. | બ્રીજલ અનિલભાઈ શાહ | ૯૮૩૩૫૫૪૪૧૫ | પ્રબુદ્ધ જીવન |
| ૦૧૧. | ચંદ્રિકા કે. શાહ | ૯૭૨૬૮૬૩૩૪૪ | હરીબલ માછી રાસ |
| ૦૧૨. | ચેતન ચંદુલાલ શાહ | ૯૮૭૯૫૧૨૬૫૧ | ધન્ના-શાલિભદ્ર રાસ |
| ૦૧૩. | છાયાબેન પી. શાહ | — | પ્રભુદાસ પારેખ-પત્રકાર |
| ૦૧૪. | ચિત્રા દિપકભાઈ મોદી | ૯૪૦૯૪૦૬૯૪૯ | દિવાલી પર્વ પર રાસ |
| ૦૧૫. | દિપા કનકરાય મહેતા | ૯૯૬૯૯૨૮૭૨૯ | રામ રસાયન રાસ |
| ૦૧૬. | ધનવંત ટી. શાહ | ૯૮૨૦૦૦૨૩૪૧ | શ્રીપાલ રાસ+પત્રકાર જયભિખ્ખુ |
| ૦૧૭. | ધરમચંદ જૈન | ૯૪૧૩૨૫૩૦૮૪ | ડૉ. નેમચંદ જૈન |
| ૦૧૮. | ધીરેન્દ્રભાઈ રસિકલાલ મહેતા | ૯૮૨૪૯૮૦૫૦૬ | માનતુંગ માનવતીનો રાસ |
| ૦૧૯. | દિક્ષાબેન હેમચંદ સાવલા | ૯૩૨૭૯૧૪૪૮૪ | મૃગાવતી રાસ |
| ૦૨૦. | ફાલ્ગુની પી. જવેરી | ૯૯૩૦૪૯૫૭૪૫ | અષ્ટ પ્રકારી પૂજા રાસ |
| ૦૨૧. | ગંગારામ ગર્ગ | — | આષાઢ મુર્તિ રાસ |
| ૦૨૨. | ગ્રીષ્મા સંદિપ શાહ | ૯૫૮૪૩૦૧૪૮૯ | આદિનાથ રાસ |
| ૦૨૩. | ગુલાબ બી. દેઢિયા | ૯૮૨૦૬૧૧૮૫૨ | પત્રકાર -માવજી કે. સાવલા |
| ૦૨૪. | ગુણવંતભાઈ ઉપાધ્યાય | ૯૪૨૬૪૫૦૧૩૧ | પત્રકાર-શ્રી ઝવેરચંદ મેઘાણી |
| ૦૨૫. | એચ. એસ. ગાંધી | — | જૈન પત્રકારત્વ– શ્રી પન્નાલાલ આર. શાહ |
| ૦૨૬. | હંસાબેન પ્રવિણચંદ્ર શાહ | ૯૪૨૭૨૮૪૯૯૧ | શંત્રુજય ઉદ્ધાર રાસ / પત્રકારોનું પ્રદાન મુક્તિદૂત |
| ૦૨૭. | હંસાબેન એસ. શાહ | ૯૮૧૯૭૨૯૩૯૮ | અંગ કુરૂકાઈ |
| ૦૨૮. | હંસાબેન ઉમરશી ગાલા | ૯૨૨૪૪૫૫૨૬૨ | જૈન પત્રકારત્વ |
| ૦૨૯. | હર્ષદ પદમશી મહેતા | ૯૨૨૮૨૪૧૪૨૮ | શ્રી નેમિનાથ રાજુલ બાર માસ |
| ૦૩૦. | હેમલતા જૈન | ૯૪૬૧૧૪૨૨૦૫ | વીશ સ્થાનક |
| ૦૩૧. | હિંમતભાઈ જી. કોઠારી | ૯૪૨૮૪૭૪૦૪૫ | કરકંડુ રાસ |
| ૦૩૨. | હિંમતલાલ એ. શાહ | ૯૩૨૪૫૩૦૨૯૨ | ગૌતમ સ્વામીનો રાસ |
| ૦૩૩. | હિના યશોધર શાહ | ૯૯૨૫૦૩૮૧૪૮ | યશોધર રાસ |
| ૦૩૪. | હિરેન કિશોરભાઈ દોશી | ૯૦૩૩૧૭૪૫૧૪ | વિમલમંત્રી રાસ કર્તા લાવણ્યસમય |
| ૦૩૫. | હિતેશ બળવંતરાય જાની | ૯૩૨૮૯૫૨૯૫૮ | સમય સુંદર કૃત સીતારામ રાસ |
| ૦૩૬. | જાગૃતિ નલીનભાઈ ઘીવાલા | ૯૪૨૮૯૧૩૭૫૧ | ઈલાચીકુમારનો રાસ |
| ૦૩૭. | જશવંતભાઈ ડી. શાહ | ૦૯૪૨૬૧૧૬૯૭૬ | લાવારાસા |
| ૦૩૮. | જશવંતલાલ વી. શાહ | ૯૭૬૯૨૮૭૫૦૭ | જૈન દિવાકર પૂ.. મુનિ ચોથમલજીકૃત શ્રીપાળ રાસ |
| ૦૩૯. | જયપ્રકાશ નારાયણ દ્વિવેદી | — | કલિકાલ રાસ |
| ૦૪૦. | જયંતીલાલ મણિલાલ શાહ | — | કયવન્ના રાસ |
| ૦૪૧. | જયશ્રી ભરતભાઈ દોશી | ૯૮૭૦૪૦૨૮૨૯ | જૈન પત્રકારત્વ |
| ૦૪૨. | જયશ્રી મુકેશભાઇ ટોલિયા | ૯૪૨૮૨૫૨૨૨૦ | આધ્યાત્મ ગીતા |
| ૦૪૩. | જોની કિરીટકુમાર શાહ | ૯૨૨૩૨૭૨૫૧૫ | હીરસૂરિ રાસ |
| ૦૪૪. | જ્યોત્સના રસિકલાલ ધ્રુવ | ૯૮૬૯૩૨૨૪૬૭ | લીલાવતી સુમતી વિલાસ રાસ |
| ૦૪૫. | કૈલાશબેન એચ. મહેતા | ૮૮૨૦૦૪૬૨૬૪ | શંત્રુજય પર્યાય રાસ |
| ૦૪૬. | કલ્પના જૈન | — | કપુર મંજરી રાસ |
| ૦૪૭. | કનૈયાલાલ લલ્લુભાઈ શાહ | ૯૭૨૫૮૯૩૩૫૫ | ગુરુગુણ અમૃતવેલી રાસ |
| ૦૪૮. | કાનજી જે. મહેશ્વરી | ૯૪૨૬૭૮૯૬૭૦ | વસ્તુપાલ-તેજપાલ રાસ |
| ૦૪૯. | કાંતિલાલ બી. શાહ | ૯૪૨૯૦૬૪૧૪૧ | સ્થૂલિભદ્ર નવરસો રાસ |
| ૦૫૦. | કેતકી શરદભાઈ શાહ | ૯૩૨૦૦૯૫૩૭૨ | (૧) બાલ પાટિલ (૨) કુમારપાળ દેસાઈ |
| ૦૫૧. | કિરીટકુમાર જયંતીલાલ શાહ | ૯૯૭૯૧૫૭૩૭૪ | મહાસતી ઋષીદત્તા રાસ |
| ૦૫૨. | કીર્તિબેન બી. દોશી | ૭૪૯૮૬૬૩૩૫૦ | વિક્રમસેન રાસ |
| ૦૫૩. | કિરીટકુમાર એન. શાહ | ૯૪૨૮૫૬૪૯૪૮ | વિજય હીરસૂરિ રાસ |
| ૦૫૪. | કોકિલા એચ. શાહ | ૯૩૨૩૦૭૯૯૨૨ | દ્રવ્ય ગુણાપર્યાય રાસ + જૈન પત્રકારત્વ |
| ૦૫૫. | કોકિલા મહેન્દ્રભાઈ શાહ | ૯૮૭૦૩૨૫૨૬૬ | અંજના સતી રાસ |
| ૦૫૬. | કુલદીપ શર્મા | ૯૫૬૦૨૫૦૧૧૭ | નેમીશ્વર રાસ |
| ૦૫૭. | કુણાલ એમ. કપાસી | ૯૪૨૮૮૦૫૪૨૭ | કાપડહેડાનો રાસ |
| ૦૫૮. | મધુકર એન. મહેતા | ૯૮૨૪૦૯૩૦૬૩ | વસ્તુપાલ-તેજપાલ રાસ |
| ૦૫૯. | મધુરી પાંડે | — | ધર્મ પરીક્ષા રાસ |
| ૦૬૦. | મહેન્દ્રભાઈ ભાઈલાલ ગાંધી | ૯૭૨૩૩૫૩૫૮૧ | ગુરુ રાસ |
| ૦૬૧. | માલતી કિશોરભાઈ શાહ | ૯૮૨૪૮૯૪૬૬૯ | જૈન પત્રકાર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ |
| ૦૬૨. | મનિષભાઈ એન. શાહ | ૯૮૯૮૦૧૯૬૦૦ | શેત્રુંજય માહાત્મ્ય રાસ |
| ૦૬૩. | મંજુલા હર્ષદભાઈ મહેતા | ૯૨૨૮૨૪૧૪૨૮ | શ્રી પુષ્પાવતી રાસ |
| ૦૬૪. | મનોજ અજીતચંદ્ર ઉપાધ્યાય | ૯૮૨૫૬૮૬૩૧૨ | સોમવિમલસૂરિ રાસ |
| ૦૬૫. | મનુભાઈ જે. શાહ | ૯૪૨૯૫૦૫૭૫૬ | શ્રી સુરસુંદરી રાસ (શ્રી પંડિત પ્રવર) શ્રીમદ્ વીરવિજયજી વિરચિત |

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | ગ્રંથનું નામ |
|---|---|---|---|
| ૦૬૬. | મીના પિનાકીન પથક | ૯૪૨૭૫૯૧૪૧૪ | ગૌતમ સ્વામીનો રાસ (કેવળ મુનિ) |
| ૦૬૭. | મીનાબેન પરેશભાઈ શાહ | ૯૪૨૮૨૪૬૯૪૫ | શ્રેણિક રાજાનો રાસ |
| ૦૬૮. | મીનલ દિનેશભાઈ અવલાણી | ૯૮૧૯૭૧૩૨૦૫ | શ્રી અભયકુમાર રાસ |
| ૦૬૯. | મીતા જગદીશચંદ્ર વ્યાસ | ૮૧૪૧૯૨૯૨૧૭ | સમય સુંદરકૃત વલ્કલચીરી રાસ |
| ૦૭૦. | મિલિન્દકુમાર એસ. જોષી | ૯૮૨૫૩૧૭૪૯૨ | ઉપદેશ રસાયન રાસ |
| ૦૭૧. | નલિની દિલીપભાઈ શાહ | ૯૮૧૯૧૬૦૮૯૩<br>૯૮૨૧૧૭૬૬૯૪ | નેમ રાજુલ રાસ |
| ૦૭૨. | નરેશ પ્રદ્યુમનરાય અંતાણી | ૯૯૯૮૨૨૦૪૭૮ | કચ્છી પત્રકાર-શ્રી પ્રાણલાલ શાહ |
| ૦૭૩. | નીતાબેન મધુકર મહેતા | ૯૪૨૭૫૧૨૮૯૮ | ધન્ના રાસ |
| ૦૭૪. | નીતુ જૈન | ૯૮૬૮૮૮૮૬૦૭ | હનુમંત રાસ |
| ૦૭૫. | પદ્મચંદ દીપચંદ મુથા | ૦૯૪૨૬૧૧૬૯૭૬ | ભગવાન નેમિનાથ ઔર પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર રાસ |
| ૦૭૬. | પંકજકુમાર ઘનશ્યામભાઈ ત્રિવેદી | ૯૪૨૬૪૫૪૫૪૪ | ભરતેશ્વર બાહુબલી રાસ |
| ૦૭૭. | પારૂલબેન ભરતકુમાર ગાંધી | ૯૮૨૪૪૮૫૪૧૦ | હીરવિજયસૂરિ રાસ |
| ૦૭૮. | પાર્વતી નેનશી ખિરાણી | ૯૮૬૯૭૮૭૬૯૨ | પૂજા વિધિ-રાસ |
| ૦૭૯. | પૌરિક વિરેન્દ્રભાઈ શાહ | ૯૩૨૮૩૯૩૨૯૩ | કોચર વ્યવહારીનો રાસ |
| ૦૮૦. | પ્રદિપકુમાર અમૃતલાલ ટોલિયા | ૯૮૨૪૮૭૩૩૫૬ | સગલ શાહનો રાસ |
| ૦૮૧. | પ્રફુલ્લા રસિકલાલ વોરા | ૯૪૦૯૪૬૭૯૩૪ | પં. શ્રી વીરવિજય નિર્વાણ રાસ |
| ૦૮૨. | પ્રજ્ઞા બિપીનભાઈ સંઘવી | ૯૮૯૨૧૧૭૭૭૮ | શ્રી ધન્ના શાલિભદ્ર રાસ |
| ૦૮૩. | પ્રતાપકુમાર જે. ટોલિયા | ૯૬૧૧૨૩૧૫૮૦ | બ્રહ્મ ગુલાલ મુનિકથા |
| ૦૮૪. | પ્રવિણાબેન મુકેશભાઈ શાહ | ૯૪૨૮૯૯૦૪૫૬ | અષ્ટ પ્રકારી પૂજા રાસ |
| ૦૮૫. | પ્રવિણભાઈ સી. શાહ | ૯૯૯૮૩૩૬૯૯૨ | મહાસતી સુરસુંદરજીનો રાસ |
| ૦૮૬. | પ્રીતિબેન નરેન્દ્રકુમાર શાહ | ૯૪૨૬૩૪૭૩૬૩ | જૈન પત્રકાર સુકરણાજી |
| ૦૮૭. | પૂર્ણિમા એસ. મહેતા | ૯૪૨૭૦૨૧૨૨૧ | ભરત બાહુબલિ રાસ |
| ૦૮૮. | રજ્જન કુમાર | ૯૪૧૨૯૭૮૭૧૨ | જૈન જર્નાલીઝમ અને જૈન જનરલ |
| ૦૮૯. | રામ કિશન પોહિયા | ૯૬૯૪૧૦૨૦૯૭ | આલાચી કુમાર રાસ |
| ૦૯૦. | રામનાથ પાંડે | — | પ્રવચનસાર રાસ |
| ૦૯૧. | રશ્મિ જે. ભેડા | ૯૮૬૭૧૮૬૪૪૦ | જૈન પત્રકારત્વ |
| ૦૯૨. | રશ્મિભાઈ જે. ઝવેરી | ૯૮૨૧૬૮૧૦૪૬ | સાધુ વંદના રાસ |
| ૦૯૩. | રતન ખીમજી છાડવા | ૯૮૯૨૮૨૮૧૯૬ | શ્રાદ્ધવિધિ રાસ |
| ૦૯૪. | રવિન્દ્ર વી. ખાંડવાલા | ૯૯૯૮૩૬૨૮૭૬ | સુર સુંદરી રાસ |
| ૦૯૫. | રેખા વ્રજલાલ વોરા | ૯૮૨૦૮૨૪૨૮૧ | પત્રકાર શ્રી ગુણવંતભાઈ શાહ |
| ૦૯૬. | રેણુકા જે. પોરવાલ | ૯૮૨૧૮૭૭૩૨૭ | જૈન પત્રકારત્વ |
| ૦૯૭. | રેશ્મા ડી. પટેલ | ૯૮૨૫૧૮૫૧૬૭ | શત્રુંજય મંડન રાસ |
| ૦૯૮. | ૠષિકેશવાય. રાવલ | ૯૪૨૬૫૧૫૭૮૦ | આચાર્યશ્રી સોમસુંદર સૂરિકૃત-સ્થૂલિભદ્ર ચરિત્ર રાસ |
| ૦૯૯. | રીતાબેન વિનોદભાઈ ગાંધી | —— | રોહિણેય ચોર કા રાસ |
| ૧૦૦. | રૂપા એસ. ચાવડા | ૯૮૨૫૧૬૪૩૫૬ | રેવંતગિરિ રાસ-કર્તા:વિજયચંદ્ર |
| ૧૦૧. | રૂચિ મૌર્નજય મોદી | ૯૭૬૯૦૫૦૨૫૨ | સાત નયનો રાસ |
| ૧૦૨. | રૂપાલી અજયજી બાફના | ૯૪૦૩૦૮૬૫૭૧<br>૯૪૦૪૩૪૦૧૭૧ | જૈન પત્ર |
| ૧૦૩. | સંધ્યા બિપીનભાઈ શાહ | ૯૩૨૪૬૮૦૮૦૯ | જૈન પત્રકાર શ્રી ચંદ્રકાંત વોરા |
| ૧૦૪. | સંજય ફતેહચંદભાઈ શાહ | ૯૪૨૯૦૭૭૪૦૯ | પ્રાસ્તાવિક દુહા રાસ |
| ૧૦૫. | શાંતિલાલ સી. ખોના | ૯૯૩૦૦૬૯૧૪૨ | શ્રી ગુરુવલ્લભ |
| ૧૦૬. | શેખરચંદ્ર જૈન | —— | પત્રકારત્વ દશા અને દિશા |
| ૧૦૭. | શીતલ મનિષભાઈ શાહ | ૯૪૨૬૪૨૫૬૦૦ | તેતલી રાસ |
| ૧૦૮. | શોભના પૂનમચંદ જૈન | —— | સાધુ વંદના / સ્થુલીભદ્ર વિજય / ભરતેશ્વર બાહુબલી |
| ૧૦૯. | શોભના આર. શાહ | ૯૮૯૮૧૦૯૨૭૩ | જગડુ પ્રબંધ રાસ |
| ૧૧૦. | શ્રીકાંત રસિકલાલ ધ્રુવ | ૯૮૬૯૩૨૨૪૬૨<br>૯૮૬૯૮૧૬૩૮૪ | ધમ્મિલકુમાર રાસ |
| ૧૧૧. | શ્વેતા જૈન | ૯૪૧૩૭૮૨૯૬૮ | જિનવાણી માસિક પત્રિકા |
| ૧૧૨. | સ્મિતા પારસમલ જૈન (કુચેરિયા) | ૯૪૨૨૭૯૧૪૬૭/<br>૭૫૮૮૦૦૨૮૪૨ | જૈન ભારતી-પત્રકારત્વ |
| ૧૧૩. | સુદર્શનાબેન પ્રબોધભાઈ કોઠારી | ૯૮૩૩૪૧૧૦૧૮ | સિદ્ધચક્ર રાસ |
| ૧૧૪. | સુધાબેન મહેન્દ્રભાઈ ગાંધી | ૯૪૦૯૧૬૪૫૭૫ | પરદેશી રાજા રાસ |
| ૧૧૫. | સુધાબેન નિરંજન પંડ્યા | ૯૪૨૭૫૩૯૨૭૯ | શ્રી વાડીલાલ મોતીલાલ શાહનું પત્રકારત્વ/દેવકીજી છ ભાયારો રાસ |
| ૧૧૬. | સુમન પી. શાહ | ૯૯૮૭૬૬૮૮૬૬<br>(સુમન શાહ) | શ્રી સમકિત કૌમુદી રાસ |
| ૧૧૭. | સુમિત્રા પી. ટોલિયા | ૯૮૪૫૦૦૬૫૪૨ | { જિનેશ્વર રાસ |
| ૧૧૮. | સુવર્ણા વી. જૈન | ૯૮૧૯૮૨૦૭૫૮<br>૮૯૭૬૪૮૪૨૧૬ | { સમરાહિત્ય કેવલી રાસ-પૂ. પદ્મવિજય કૃત |
| ૧૧૯. | ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા | ૯૮૨૧૬૭૩૫૭૭ | નલ દમયંતી રાસ |
| ૧૨૦. | ઉષા રમણીકલાલ પટેલ | ૮૦૯૭૭૩૧૩૯૭ | { કુમારપાળ રાસ |
| ૧૨૧. | ઉત્પલા કાંતિલાલ મોદી | ૮૮૨૮૩૯૨૮૨૪ | { કુમારપાલ રાસ / શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ (પત્રકાર) |
| ૧૨૨. | વર્ધમાન આર. શાહ | ૯૮૯૨૩૬૪૪૨૦ | { ગુરુ તત્ત્વ પ્રકાશ રાસ |
| ૧૨૩. | વર્ષા વી. શાહ | ૯૭૫૭૧૨૪૨૮૨<br>૯૮૩૩૩૧૬૪૧૪ | { દીપવિજય સૂરિકૃત<br>રોહિણી તપની રાસ |
| ૧૨૪. | વસંત મોરારજી વીરા | ૯૪૨૬૮૩૭૧૫૧ | મહાસતિ મયણરેખાની સજ્ઝાય ઢાલ (રાસ સંગ્રહ) |
| ૧૨૫. | વીર સાગર જૈન | ૯૮૬૮૮૮૮૬૦૭ | આદિનાથ રાસ |
| ૧૨૬. | ડૉ. કુમારપાળ દેસાઈ | ૦૯૮૨૪૦૧૯૯૨૫ | જૈન પત્રકારત્વ |
| ૧૨૭. | ડૉ. જિતેન્દ્ર શાહ | ૦૯૮૨૫૮૦૦૧૨૬ | જૈન રાસા સાહિત્ય |

## આગમ-વાણી

- *સાધકે વગર પૂછ્યે બોલવું નહિ, ગુરુજનો વાતચીત કરતા હોય તો વચ્ચે બોલવું નહિ, પીઠ પાછળ કોઈની નિંદા કરવી નહિ અને કપટયુક્ત અસત્ય વાણીનો ત્યાગ કરવો.*
- *જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતી નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ ત્યાં સુધી સારી રીતે ધર્માચરણ કરી લેવું.*
- *ક્રોધ, લોભ, ભય, માન કે મજાક-મશ્કરીમાં એવી ભાષા ન બોલવી જોઈએ કે જે પાપને વખાણનારી હોય, બીજાનો પરાભવ કરવાવાળી હોય કે બીજાનો ઘાત કરનારી હોય.*

# જયભિખ્ખુ જીવનધારા : ૪૨

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[જેવું મૂલ્યનિષ્ઠ સર્જન, એવું સિદ્ધાંતનિષ્ઠ જીવન જીવનારા ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક 'જયભિખ્ખુ'ના જીવનમાં બનેલા રોમાંચક પ્રસંગો દ્વારા એમની નિર્ભયતા અને સાહસવૃત્તિનો ખ્યાલ આવે છે. 'જવાંમર્દ', 'હિંમતે મર્દા' અને 'વિક્રમાદિત્ય હેમુ' જેવાં શૌર્ય અને બહાદુરીનાં ગ્રંથો લખનાર ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક જયભિખ્ખુએ કસોટીના પ્રસંગોએ દાખવેલી નિર્ભયતાની ઘટના જોઈએ આ બેતાલીસમા પ્રકરણમાં.]*

## સાપના રાફડામાં સામે ચાલીને હાથ!

ગ્વાલિયર નજીક આવેલાં શિવપુરીના ગાઢ જંગલમાં વિદ્યાર્થીકાળ વિતાવનાર જયભિખ્ખુએ અમદાવાદમાં શહેરથી દૂરના વિસ્તારમાં આવેલી અને કશીય સુવિધા વિનાની ચંદ્રનગર સોસાયટીમાં પ્રકૃતિના સાંનિધ્યને કારણે રહેવાનું પસંદ કર્યું. આવા દૂરના વિસ્તારમાં આવેલી સોસાયટીમાં વસનારને અપાર અગવડો વેઠવી પડતી હતી. દૂધ, શાકભાજી કે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળે નહીં અને શહેરમાં જવા માટે ઘણું ચાલ્યા બાદ બસ મળે. આવા વિસ્તારોમાં અસામાજિક તત્ત્વો પણ આશરો લેવાનું વધુ પસંદ કરે. જયભિખ્ખુના મિત્રો અને સ્નેહીઓ એમને બીજે વસવાટ કરવા માટે આગ્રહ કરતા હતા, ત્યારે એનો નમ્રતાથી અસ્વીકાર કરતા હતા.

શહેરથી અત્યંત દૂર આવેલા આ વિસ્તારના વિકાસ માટે જયભિખ્ખુએ અંગત સુખ-સગવડ અને સમયનો ભોગ આપ્યો. પોતાની અંગત ઓળખાણો અને પરિચયો દ્વારા સોસાયટીના વિકાસ માટે અથાગ પ્રયત્નો કર્યા. એના વિકાસમાં જે અવરોધક બળો આવે, તેમને દૂર કરવાનું કાર્ય પણ એમણે કર્યું. આવા અવરોધો દૂર કરવા જતાં અપ્રતિમ હિંમત અને સાહસ દાખવ્યાં. એ સમયની પરિસ્થિતિનો ચિતાર આપતાં સોસાયટીના કાર્યદક્ષ મંત્રી શ્રી લાભુભાઈ જોશી નોંધે છે,

*'તેમણે (જયભિખ્ખુએ) આવા અવરોધો હઠાવવામાં જાનનું જોખમ વહોરેલું. ચંદ્રનગર સોસાયટીની બાજુમાં આવેલા એક મકાનમાં શહેરના માથાભારે તત્ત્વોનો અડ્ડો જામેલો. રાત્રે ત્યાં રૂપબજાર ભરાતું હતું અને મહેફિલો જામતી હતી અને મોજીલાઓની મોટરો અને સ્કૂટરોની વણજાર લાગતી. મકાનમાં લાઈસન્સ વિનાના હથિયારો મોટી સંખ્યામાં રાખવામાં આવતાં. ગમે તે હથિયારનો ઉપયોગ ગમે તેના ઉપર ક્યારે થશે તે કહેવું અનિશ્ચિત હતું.'*

આવી પરિસ્થિતિને કારણે નજીકની સોસાયટીના રહેવાસીઓ અત્યંત ત્રાસી ગયા હતા. સાંજ પડે અને ભયના ઓળા ઊતરતા. રહેવાસીઓ આ મકાન પાસેથી નીકળતા ડરતા હતા. વળી બાજુમાં જ અવરજવરનો મુખ્ય રસ્તો આવેલો હોવાથી નાછૂટકે ડરતાં–ધ્રૂજતાં નીકળવું પડતું હતું. એ મકાનમાં જતાં લોકો રસ્તા વચ્ચે ઊભા રહીને અપશબ્દો બોલતા હોય, દારૂ પીને લથડિયાં ખાતા હોય, બૂમો પાડતા હોય તો એમને રોકવાની કે ટોકવાની કોઈ હિંમત કરી શકતું નહીં.

મોડી રાત સુધી સ્કૂટરો, રિક્ષાઓ અને મોટરકારોની અવરજવર ચાલુ રહેતી. આજુબાજુના રહેવાસીઓને રાત્રે ઊંઘમાં વારંવાર ખલેલ પડતી. સ્ત્રીઓને માટે તો ત્યાંથી સાંજ પછી પસાર થવું પણ મુશ્કેલ જણાતું. એ મકાનની આસપાસના વિસ્તારના લોકો આનાથી ખૂબ અકળાઈ ઊઠતા, પણ એની સામે અવાજ ઉઠાવે કોણ? બધા દબાઈ-ચંપાઈને–ડરીને જીવતા હતા. લોકો જેટલા ડરે તેટલું અડ્ડાવાળાને વધુ પસંદ પડતું. ક્યારેક મોડી રાત્રે એકાએક બૂમ-બરાડા સંભળાતા. આ બધું સહુ કોઈ ચુપચાપ સહન કરતા હતા. સજ્જનોનું મૌન દુર્જનોને માટે દુર્જનતાનું મોકળું મેદાન બને છે. સવાલ એ હતો કે સાપના રાફડામાં હાથ નાખે કોણ? સામે ચાલીને વાઘને એનું મોં ગંધાય છે, એમ કહેવા જાય કોણ?

આનાથી ત્રાસેલા નજીકની સોસાયટીના રહેવાસીઓ એક વાર સાથે મળીને જયભિખ્ખુ પાસે આવ્યા અને એમને એમની આપવીતી કહી. ક્યારેક તો એવું બનતું કે એ અડ્ડામાંથી મારઝૂડ થવાને કારણે કોઈ સ્ત્રી દોડીને બાજુના ઘરમાં ઘૂસી જતી હતી. ઘરના લોકો એકાએક આવી રીતે કોઈ ઘરમાં પેસી જાય એનાથી બૂમો પાડવા લાગતા હતા અને આજુબાજુના લોકો ભેગા થઈ જતા હતા. એ પછી એ અડ્ડાનો માલિક અમરતદાદા આવીને એ સ્ત્રીને ધમકી આપીને લઈ જતો.

સઘળી યાતના સાંભળીને જયભિખ્ખુનો સંવેદનશીલ આત્મા દ્રવી ઊઠ્યો. એમને થયું કે ગમે તેમ પણ આ વિસ્તારનું આ કલંક દૂર કરવું જોઈએ. આ સંદર્ભમાં એમણે એમના પરિચિત એવા રાજ્યના પોલીસમંત્રીની મુલાકાત લીધી. એ મંત્રીએ કહ્યું કે અમે જરૂર આ લોકો સામે કાર્યવાહી કરીએ, પરંતુ એ માટે આસપાસના રહીશોએ આ 'ન્યૂસન્સ' હોવાની અરજી આપવી જોઈએ.

જયભિખ્ખુએ આસપાસના રહીશોને એકઠા કર્યા અને કહ્યું કે આ અરજીમાં અમે પહેલાં સહી કરીશું, પણ પછી તમે સહી કરો. થોડી વાર બધા મૂંગા રહ્યા અને કોઈએ સહી કરવાની હિંમત બતાવી નહીં. આથી જયભિખ્ખુ રાજ્યના પોલીસમંત્રીને પુનઃ મળવા ગયા અને કહ્યું કે આસપાસના લોકો એટલા બધા ગભરાયેલા અને ડરેલા છે કે કોઈ આવી હિંમત કરવા તૈયાર નથી. એને બદલે તમે કોઈ બીજો રસ્તો અપનાવો.

એ સમયે ગુજરાતના પોલીસદળમાં શ્રી મજબૂતસિંહજી જાડેજા નામના પોલીસ-અધિકારીની ઘણી નામના હતી. સૌરાષ્ટ્રમાં ધાક જમાવનારા ભૂપત બહારવટિયાને ભીંસમાં લેનાર એ જવાંમર્દ પોલીસ-અધિકારી હતા! આ કામ શ્રી મજબૂતસિંહજી જાડેજાને સોંપવામાં આવ્યું અને તેઓને કહેવામાં આવ્યું કે આ અંગે ચંદ્રનગર સોસાયટીમાં રહેતા લેખક શ્રી જયભિખ્ખુનો સંપર્ક સાધવો.

એક દિવસ બપોરે આ પોલીસ-અધિકારી આવ્યા અને આવીને પૂછ્યું, 'તમે જયભિખ્ખુને ?'

જયભિખ્ખુએ કહ્યું, 'ના, હું તો બાલાભાઈ છું. જયભિખ્ખુ તો બીજા છે! છતાં તમે અહીં બેસો. થોડીવારમાં આવશે.'

મજબૂતસિંહજી જાડેજા બેઠા અને સાહજિક રીતે જ બોલ્યા, 'અરે જયભિખ્ખુની 'ઈંટ અને ઈમારત' કૉલમનો હું આશક છું અને એમાં પણ હમણાં સરદાર વલ્લભભાઈ પટેલ વિશેના લેખો વાંચીને તો હું મુગ્ધ બની ગયો છું. ક્યાં છે એ ?'

'એ હું જ છું.' અને પછી બંને વચ્ચે પ્રેમભરી પુષ્કળ વાતો થઈ. સોસાયટીની બાજુમાં આવેલા આ મકાનને પરિણામે રહીશો કેવી ભયભીત હાલતમાં જીવી રહ્યા છે એનો જયભિખ્ખુએ ચિતાર આપ્યો. કાબેલ પોલીસ-અધિકારીએ કહ્યું, 'આપ ફિકર ન કરો. થોડા સમયમાં આ બધું દૂર થઈ જશે.'

અને આ અધિકારીએ અહીં કેટલાક પોલીસોને એક કામ સોંપ્યું. તેઓ અહીં આવનારી મોટરની ચકાસણી કરવા લાગ્યા. મુસાફરનાં નામ-સરનામાં લખવા માંડ્યાં. મોટર ડ્રાયવરના લાઇસન્સની ચકાસણી થવા લાગી. ચોપડામાં મોટરનો નંબર લખવા માંડ્યા. શા માટે અહીં આવો છો એની પુષ્કળ પૃચ્છા થવા લાગી. રિક્ષાવાળાઓની પૂછપરછ શરૂ થઈ. દંડનીતિનો પ્રયોગ શરૂ થયો. આટલી મોડી રાત્રે કેમ અહીં બેઠા છો, એમ કહી પોલીસ લાઠી-પ્રસાદ આપવા લાગી.

આ પરિસ્થિતિથી અમરતદાદા અકળાઈ ઊઠ્યો. એણે પોલીસને ફોસલાવી–ધમકાવી, પણ પોલીસે તો ઉપરથી મળેલા ઑર્ડરની વાત કરી. ધીરે ધીરે અડ્ડાના માલિક અમરતદાદાને બાતમી મળી કે નજીકની સોસાયટીમાં વસતા એક ભાઈએ કરેલી ફરિયાદને કારણે પોલીસ પાછળ પડી છે અને પોલીસને કોઈ પણ ભોગે આ બંધ કરાવવાનો આદેશ છે.

અમરતદાદાનો મિજાજ ગયો. આજ સુધી બેરોકટોક ચાલતી પ્રવૃત્તિ પર કોણે તરાપ મારી? હવે એનું તો આવી જ બન્યું! એને સીધો કરીને જ જંપીશ. આથી અમરતદાદાએ જયભિખ્ખુને ધમકી આપવાનું શરૂ કર્યું અને કહેવડાવ્યું કે અમે તમારા ચહેરા પર ઍસિડ નાંખીશું અને તમારા એકના એક દીકરાને ઉપાડી જઈશું. ધીરે ધીરે ધમકીઓનો દોર વધવા લાગ્યો.

સ્વજનોએ જયભિખ્ખુને સમજાવવા કોશિશ કરી કે તેઓ શહેરમાં ગયા હોય, ત્યારે પુત્ર અને પત્ની એકલાં જ સોસાયટીમાં હોય અને કંઈ થાય તો શું ?

જયભિખ્ખુ જવાબ આપતા, 'ત્રીજની ચોથ થતી નથી. જે થવાનું હોય, તે થાય છે. મને એની પરવા નથી, કોઈ ડર નથી.'

સોસાયટીના સાથીઓ એમની નિર્ભયતા જોઈને નવું બળ પામતા હતા. બધા આનો મુકાબલો કરવા તૈયાર થઈ ગયા પણ ચપ્પા કે ખંજરની અણીઓ ક્યારે સામે આવીને દેખાશે તેનો કોઈ ભરોસો નહોતો. વળી રાત્રે ઘેર આવવાનો રસ્તો પણ આ અડ્ડાની પાસેથી પસાર થતો હતો. આમ જોખમો પારાવાર હતા. બીજી બાજુથી પોલીસની ધોંસ વધતી જતી હતી.

અડ્ડા પર આવનારા લોકોની સંખ્યા ઓછી થવાથી અમરતદાદા ચિંતામાં હતો. એવામાં એક દિવસ ખબર આવ્યા. પોલીસમાં ફરિયાદ કરનાર જયભિખ્ખુને મારવા માટે પેલો અડ્ડાનો માલિક અમરતદાદા પોતાના સાગરીતો સાથે હલ્લો કરવાનો છે અને પહેલાં જયભિખ્ખુનો, પછી એમના કુટુંબનો અને પછી એમના સાથીઓનો સફાયો કરવાનો છે.

સોસાયટીમાં બધા એકઠા થયા. હવે કરવું શું એ વિશે ચર્ચાઓ ચાલી. કોઈ પાછી પાની કરવા તૈયાર નહોતું. પણ કઈ રીતે આનો સામનો કરવો એના ઉપાયો વિચારવા લાગ્યા. છેવટે જયભિખ્ખુએ કહ્યું, 'ઘરમાં જે કંઈ સાધનો હોય તે લઈને તૈયાર રહેજો. બારણાં બંધ રાખજો. પહેલાં હું બહાર નીકળું અને બૂમ પાડું, પછી જ તમે બધા બહાર નીકળજો.'

સોસાયટીમાં ચોતરફ તંગદિલી વ્યાપી ગઈ. બધાના મનમાં ભય હતો કે શું થશે? એક એક ક્ષણ સન્નાટા સાથે પસાર થતી હતી. સહુ વિચારતા હતા કે આ અસામાજિક તત્ત્વોનો સામનો કઈ રીતે થઈ શકશે? જેમની પાસે બંદૂકોનો ઢગ હોય, તેમને કઈ રીતે વેલણથી વીંધી શકાય? ઘરમાં તો શું હથિયાર હોય? લાકડી કે ધોકો!

થોડી વારે ત્રણ મોટરો સોસાયટીની પાછળના બંગલામાં આવી. એ બંગલામાં અમરતદાદાની પરિચિત સ્ત્રી રહેતી હતી.

એ મોટરોમાંથી માણસો બંદૂક, હૉકી, લાકડી અને ધારિયા સાથે નીચે ઊતર્યા. બધા એકસાથે એ મકાનમાં પ્રવેશ્યા.

થોડીવાર સુધી કોઈ બહાર આવ્યું નહીં. સોસાયટીમાં બધા વિચારમાં પડ્યા કે થયું શું? એક ભેદી ચુપકીદી સર્વત્ર છવાઈ ગઈ. થોડી વારે અમરતદાદા બાહર આવ્યો અને સીધો જયભિખ્ખુના ઘેર ગયો. એણે બેલ વગાડી. જયભિખ્ખુએ બારણું ખોલ્યું. ઘરની પરંપરા એવી કે કોઈ પણ આવે, તો એનું બારણું ખોલીને સ્વાગત કરવું અને એને અંદર સોફા પર બેસાડવો. પરંતુ પહેલીવાર એ વ્યક્તિને જયભિખ્ખુએ ઘરની બહાર રહેલા હીંચકા પર બેસાડી અને પૂછ્યું,

'કહો, શું કામ છે? તમે જ પેલા અડ્ડાના માલિક અમરતદાદાને! આજે આ સોસાયટીના ભલા રહીશોને મારવાના મનસૂબો કરીને આવ્યા છો ને!'

અમરતદાદાની આંખો આ શબ્દો આગળ નમી ગઈ. એણે ધીમા અવાજે કહ્યું, 'સાહેબ, મારી મોટી ભૂલ થઈ ગઈ. મેં આપના જેવા માણસને મારી નાખવાનો વિચાર કર્યો. હું મારા માણસોને લઈને તમને સહુને મારવાના ઇરાદે જ આ સોસાયટીમાં આવ્યો હતો, પરંતુ મારા જે પરિચિત બહેન આપની સોસાયટીમાં રહે છે એમણે મને કહ્યું, 'આ તમને શી કુબુદ્ધિ સૂઝી? જયભિખ્ખુ છે તો અમે બધા શાંતિ, સંપ અને સલામતીથી અહીં રહી શકીએ છીએ. એ અમારા બધાના બાપ છે. બાપ જેમ દીકરા-દીકરીને રાખે એ રીતે સોસાયટીની એકેએક વ્યક્તિની સંભાળ લે છે. આટલા મોટા માણસ હોવા છતાં નોરતામાં મોટા મોટા ભગત એમના કહેવાથી ગરબા લેવડાવવા આવે છે અને એ બધા ભગત એમને વંદન કરે છે જાઓ, તમારી ભૂલ બદલ માફી માગી આવો.'

આ સાંભળીને જયભિખ્ખુ બોલી ઊઠ્યા, 'તમારે વળી માફી શું? તમારે તો માખી મારવી કે માણસ મારવો બરાબર, ખરું ને?'

અમરતદાદાએ કહ્યું, 'સાહેબ, મને માફ કરો. ભૂલ થઈ ગઈ. મારું માથું અને આપનું ખાસડું.'

જયભિખ્ખુએ કહ્યું, 'ભાઈ, તમારા કાળા કામોનો હિસાબ તમારે ચૂકવવો પડશે એ ભૂલશો નહીં. મને અને મારા પરિવારને કેટલી બધી ધાકમકીઓ તમારા માણસોએ આપી. અમને તો કશું થવાનું નથી, આથી મારી તો તમને સલાહ છે કે આ બધા ખોટા રસ્તા છોડીને સાચા માર્ગે જાવ.'

અમરતદાદાએ બે હાથ જોડીને વિદાય લીધી, પણ સાથે એટલું કહ્યું, 'સાહેબ, મારે ત્યાં નવા ઘરના વાસ્તુનો શુભ પ્રસંગ આવવાનો છે, આપ આવશો ને!'

'જરૂર.' અને અડ્ડાના માલિક અમરતદાદાએ વિદાય લીધી. થોડી વારમાં ત્રણ મોટરમાં લાઠી, બંદૂક અને ધારિયા સાથે આવેલા એના સાગરીતો મોટરમાં બેસીને બહાર નીકળ્યા. સોસાયટીના રહીશો ઘરમાં રહીને બારી કે બારણું સહેજ ખોલીને આ બધું જોઈ રહ્યા હતા. બધાને આશ્ચર્ય થયું કે એવું તે શું થયું કે તોફાન કરવાનું અને મારવાનું નક્કી કરીને આવેલા આ ગુંડાઓ પાછા ચાલ્યા ગયા. બધા જયભિખ્ખુ પાસે આવ્યા અને જયભિખ્ખુએ બધી વાત કરી.

થોડા દિવસમાં પેલા અમરતદાદા નિમંત્રણ-પત્ર આપવા આવ્યા. એમણે લીધેલા નવા ઘરનું વાસ્તુ હતું. એમણે જયભિખ્ખુને આગ્રહ કર્યો કે 'આપ પરિવાર સહિત અમારા આ પ્રસંગમાં પગલાં કરો તો અમારું મહાભાગ્ય ગણાશે.'

જયભિખ્ખુએ વાતનો સ્વીકાર કર્યો અને અમે એ મંગલ પ્રસંગમાં ગયા. ઘરના વાસ્તુપૂજન પછી અડ્ડાના માલિક અમરતદાદાએ જયભિખ્ખુને પ્રથમ વંદન કર્યાં. હું તો આસપાસનું વાતાવરણ સ્તબ્ધ થઈને જોઈ રહ્યો હતો. અમદાવાદના નામચીન ગુંડાઓની વચ્ચે એક નિર્ભય સર્જક! (ક્રમશઃ)

✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

## આગમ-વાણી

- *સંયમી પુરુષો વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય, થોડી હોય કે વધારે હોય, અરે ! દાંત ખોતરવાની સળી પણ હોય, તો પણ તેના માલિકને પૂછ્યા વિના લેતા નથી, બીજા પાસે લેવરાવતા નથી અને જો કોઈ એ રીતે લેતું હોય તો તેનું અનુમોદન પણ કરતા નથી.*
- *જયણા (યતના) પૂર્વક ચાલવું, જયણાપૂર્વક ઊભા રહેવું, જયણાપૂર્વક બેસવું, જયણાપૂર્વક સૂઈ જવું, જયણાપૂર્વક ખાવું અને જયણાપૂર્વક બોલવું – એમ કરનાર પાપકર્મ બાંધતો નથી.*
- *આત્માર્થીએ દૃષ્ટ વાતનું યથાર્થ નિરૂપણ કરતી, પરિમિત, અસંદિગ્ધ, પ્રતિપૂર્ણ, સ્પષ્ટ, સહજ, વાચાળતારહિત અને બીજાને ઉદ્વેગ ન કરે એવી વાણી બોલવી જોઈએ.*
- *શત્રુ હોય કે મિત્ર, સંસારના સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવો અને જીવન પર્યંત કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી એ ખરેખર દુષ્કર કાર્ય છે.*

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **આત્માની ત્રણ અવસ્થા-બહિરાત્મદશા, અંતરાત્મદશા, પરમાત્મદશા**
લેખક : પૂ. મુનિરાજ શ્રી સંયમકીર્તિ વિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ-અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : (૧) સેવંતીલાલ વી. જૈન-અજયભાઈ, ડી-૫૨, સર્વોદય નગર, ગ્રાઉન્ડ ફ્લોર, પહેલી પાંજરાપોળ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૦૨૨૪૦૪૭૧૭.
(૨) શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ-બીજલ ગાંધી ૪૦૧, ઓટસજ્જ, નેસ્ટ હૉટલ સામે, સરદાર પટેલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. મૂલ્ય : સદ્ભાવના; પાના : ૮૦.
આવૃત્તિ : પ્રથમ, વિ. સં. ૨૦૩૮.

મનુષ્ય જન્મ અતિ દુર્લભ અને કીમતી છે. તેમાં એકમાત્ર ધર્મારાધના કરી આપણી સંસાર યાત્રાને ટૂંકાવી મોક્ષે પહોંચવાનો પુરુષાર્થ કરવાનો છે. આપણી જીવનયાત્રાને સાચી દિશામાં વાળવી ખૂબ જરૂરી છે. અને એ માટે આત્માની દશા (અવસ્થા) જાણવી આવશ્યક છે. પ્રસ્તુત પુસ્તકમાં અધ્યાત્મસાર આદિ ગ્રંથોના આધારે ત્રણ અવસ્થાઓ (૧) બહિરાત્મદશા (૨) અંતરાત્મદશા અને (૩) પરમાત્મદશા વર્ણવી છે.

આત્મા સિવાયનું જ્ઞાન નિરર્થક છે. કારણકે તે જ્ઞાન અભિમાન વધારે છે. જીવનમાં પાપ કરવાની કળા શીખવે છે. બર્હિભાવમાં રમાડે છે. મલિન તત્ત્વોને દૃઢ કરે છે. બુદ્ધિના વિલાસને વધારી આત્મા માટે ભારરૂપ બને છે. આત્માની ત્રણ અવસ્થા આત્મજ્ઞાન માટે અગત્યનો વિષય છે આથી તે જાણવા અને સમજવા યોગ્ય છે.

બહિરાત્મદશા છોડી, અંતરાત્મદશા પામવાની છે. પરમાત્મદશા પરમ ધ્યેયરૂપ છે. નાનકડા પુસ્તકમાં પ. પૂ. સંયમકીર્તિવિજયજી મ.સા. આત્મજ્ઞાનના આ માર્ગને પામી પરમાત્મદશા પામવાનો બોધ આપે છે.

x x x

પુસ્તકનું નામ : **ભાષાશુદ્ધિ**
લેખક : **પૂ. મુનિરાજ શ્રી હિતવિજયજી મહારાજ**
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,** ગાંધી રોડ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૩૮૦૦૦૧. મૂલ્ય : રૂા. ૩૦/-; પાના : ૪૮.
આવૃત્તિ : પ્રથમ, એપ્રિલ-૨૦૧૧.

ભાષાશુદ્ધિના તલસ્પર્શી વિદ્વાન મુનિશ્રી હિતવિજયજી ગુજરાતી ભાષામાં પ્રવેશી ગયેલી અશુદ્ધિઓ તરફ આંગળી ચીંધણું કરીને, સૌ કોઈને શુદ્ધિ તરફ દોરી જઈ જ્ઞાનોપાસના રૂપ સરસ્વતી સાધનાનો માર્ગ બતાવે છે.

ગુજરાતી લેખનમાં થતી સામાન્ય ભૂલોને ભેગી કરીને મુનિશ્રીએ આ નાની પુસ્તિકામાં સચોટપણે દર્શાવી છે. સમજાવી છે. માતૃભાષા શુદ્ધ લખવા અંગેની સમજ આપતી મુનિશ્રીની આ પુસ્તિકા રત્નકણિકા સમી છે.

આ પુસ્તિકામાં ભાષાશુદ્ધિ અંગેની ૧૦૦ જેટલી કલમો બતાવી છે. એનો સારી રીતે અભ્યાસ કરીને સૌએ માતૃભાષા શુદ્ધ રીતે લખતાં અને બોલતાં શીખવું જોઈએ. અંગ્રેજીના આંધળા મોહથી ઘેલા બનીને આજની યુવાપેઢી માતૃભાષાના ગૌરવને અને આદરને વીસરવા લાગી છે. આવા સંજોગોમાં મુનિશ્રીનો આ ભગીરથ પ્રયાસ ખૂબ પ્રશંસનીય છે. આવશ્યક છે અને અનિવાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **વીણેલી વાતો**
લેખક : **બેપ્સી એન્જિનિયર**
પ્રકાશક : **હર્ષ પ્રકાશન**-૪૦૩, ઓમ દર્શન ફ્લેટ, ૭, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મૂલ્ય : રૂા. ૮૦/-. આવૃત્તિ : પ્રથમ, ફેબ્રુઆરી-૨૦૧૨.

'વીણેલી વાતો'માં લેખકે ૯૫ પ્રસંગોનું આલેખન કર્યું છે. આ નાના પ્રસંગો અથવા નાની કથાઓમાં ઘણો મોટો બોધ સમાયેલો છે.

એક એક પગથિયું ચઢીને શિખરે પહોંચાય છે. એમ નાની નાની કથાઓ-વાતો દ્વારા જીવનના રહસ્યોનો પર પામી શકાય છે. વાસ્તવિક કથા-પ્રસંગો હૈયે વસી જાય છે. આ પુસ્તકમાં માત્ર નાની-નાની વાતો જ નથી, પણ વીણેલી વાતો છે એટલે એમાં શબરીના બોરનો સ્વાદ છે.

કોઈ વ્યક્તિના બાહ્ય કે સ્થૂળ વર્તનને જોઈને જ તેનું મૂલ્યાંકન કરનાર ભૂલો પડી શકે છે. દરેક વર્તન પાછળ એ વ્યક્તિની વૃત્તિ શી છે એ જાણીએ તો કડવાશમાં ય મીઠાશનું સુખ મળવાની સંભાવના છે. આ પુસ્તકના પાને પાને એવી સંભાવનાઓ છે. આ સંભાવનાઓ સૌ કોઈ સુધી પહોંચે.

x x x

પુસ્તકનું નામ : **અનેકાન્ત-દૃક્ (હિન્દી)**
વૈચારિક ઉદાત્તતાની પ્રતીક ૧૦૦ માસિક વિચારગોષ્ઠીઓનું સાર ગર્ભિત વિવરણ) ૨૦૦૩-૨૦૧૨.
સંપાદક : **ડૉ. ધર્મચન્દ્ર જૈન, ડૉ. મહેન્દ્ર ભંડારી, ડૉ. શ્વેતા જૈન**
પ્રકાશક : સેવા મંદિર, મહાવીર શિક્ષણ સંસ્થાન, અજીત કૉલોની, જોધપુર-૩૪૦૦૦૬.
મૂલ્ય : રૂા. ૧૫૦/-; પાના : ૧૬૬.
આવૃત્તિ : પ્રથમ, ૨૨ જૂન-૨૦૧૨.

જોધપુર શહેરમાં છેલ્લા નવ વર્ષથી દર મહિને વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવે છે. આ ગોષ્ઠિઓમાં ધર્મ, દર્શન, સંસ્કૃતિ, જીવન-વ્યવહાર, આરોગ્ય, અધ્યાત્મ, સાહિત્ય, વ્યક્તિત્વ આદિ વિવિધ વિષયો પર વિશિષ્ટ વક્તાઓ દ્વારા આપેલા વ્યાખ્યાન, તેની ચર્ચા અને સંગોષ્ઠીના વિચારોનું દોહન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

આ વિચારગોષ્ઠીઓની વિશેષતા એ રહી છે કે તેમાં ખુલ્લા દિલથી કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના વિચારોની અભિવ્યક્તિ કરવામાં આવી છે. આબાલવૃદ્ધ સર્વને માટે આ વિચારગોષ્ઠીઓમાં સકારાત્મક અને રચનાત્મક વિચારોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ વિચારગોષ્ઠીઓનો પ્રારંભ પ્રો. સાગરમલ જૈનની અધ્યક્ષતામાં ઑક્ટોબર ૨૦૦૩માં થઈ હતી. તેની શૃંખલામાં ૧૦૧મી વિચારગોષ્ઠીના શતક સમારોહમાં પણ તેમનું જ સાન્નિધ્ય પ્રાપ્ત થયું.

જૈન દર્શનના અભ્યાસીઓને માટે ઉપયોગી થાય તેવું આ પુસ્તક આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **જૈન ધર્મમાં તપશ્ચર્યા**
સંકલનકર્તા : **બકુલભાઈ સી. શાહ**
સંપર્કસ્થાન : ૪૧, દીપાવલી સોસાયટી,

નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. (ગુજરાત) ઈન્ડિયા. ફોન : ૦૭૯-૨૬૬૭૧૬૫૦.

જૈન ધર્મમાં પદે પદે તપની મહત્તા વર્ણવાઈ છે. જૈન ધર્મના આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવે ૪૦૦ દિવસ સુધી સળંગ ચોવિહાર ઉપવાસ કર્યા હતા. તે પછી જૈન ધર્મના ચોવીસે તીર્થંકરોના જીવનમાં તપશ્ચર્યા જોવા મળે છે. આ તીર્થંકરોએ ઉગ્ર તપશ્ચર્યા કરીને સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. જૈન ધર્મની તપશ્ચર્યાનું આગવું સ્વરૂપ છે અને એની વિશિષ્ટ આત્મિક સિદ્ધિ કે તપ દ્વારા વ્યક્તિ પોતે ઉત્તમમાં ઉત્તમ એવા આત્મિકગુણોની પ્રાપ્તિ કરે છે.

આ તપ વિશે શ્રી બકુલભાઈ શાહે જન સામાન્યને સરળતાથી સમજાય તે માટે સુંદર સંકલન કર્યું છે. એમાં તપના પ્રકાર, રોજિંદા તપ અને વિશિષ્ટ તપશ્ચર્યાઓ વિશે તેમણે વિગતે વાત કરી છે. તે ઉપરાંત પચ્ચખાણ અને તીર્થંકર ભગવંતોની તીર્થંકરાવલિ જેવી વિગતો મુકીને પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે. તપના આરાધકો માટે આ પુસ્તક માર્ગદર્શનરૂપ છે.

વર્તમાન સમયમાં દિન-પ્રતિદિન તપનો મહિમા વધતો જાય છે. કઠોર અને ઉગ્ર તપશ્ચર્યા એ કર્મક્ષયનો વિશિષ્ટ માર્ગ છે. જૈન ધર્મમાં કર્મ સંસ્કારને શુદ્ધ કરવા માટે તપને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તપ વડે શરીરને કષ્ટ પડે પણ કર્મની નિર્જરા થાય છે.

આ પુસ્તિકા દ્વારા વિવિધ પ્રકારની તપશ્ચર્યાની માહિતી આપવાનો બકુલભાઈ પ્રયાસ પ્રશંસનીય અને આવકાર્ય છે.

***

ડી–૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુળધામ, ગોરેગામ ઈસ્ટ, મુંબઈ–૪૦૦૬૩. ફોન નં. : (૦૨૨) ૬૫૫૦૯૪૭૭
મો. : ૦૯૨૨૩૧૯૦૭૫૩.

આ અંકની છુટક

નકલની કિંમત

રૂા. ૬૦

## પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૪,૯૩,૯૫૭ | આગળનો સરવાળો |
| ૧,૦૦,૦૦૦ | શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૧,૦૦,૦૦૦ | સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ |
| ૫૧,૦૦૦ | બી. કે. આર. જૈન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી બિપિનચંદ કાનજી જૈન (નાની ખાખર) |
| ૫૧,૦૦૦ | શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર (માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ) |
| ૫૦,૦૦૧ | મિનાક્ષી પુષ્પસેન ઝવેરી |
| ૫૦,૦૦૦ | પ્રાણલાલ ડી. શાહ |
| ૫૦,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૧૦,૦૦૦ | શ્રી જાદવજી કાનજી વોરા |
| ૧૦,૦૦૦ | શ્રી યાત્રિક ઝવેરી |
| ૧૦,૦૦૦ | શ્રી કલ્યાણજી કાનજી શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ (હસ્તે:શ્રી પ્રતાપ ભોગીલાલ) |
| ૧૦,૦૦૦ | શાંતિલાલ ઉજમશી એન્ડ સન્સ ચેરીટી ટ્રસ્ટ હસ્તે : રક્ષાબેન શ્રોફ |
| ૧૦,૦૦૦ | શ્રી કાકુલાલ સી. મહેતા |
| ૧૦,૦૦૦ | શ્રી કૌશિક જયંતિલાલ રાંભીયા (માતુશ્રી દેવકુંવરબેન જેસીંગ રાંભીયાના સ્મરણાર્થે-પૌત્ર) |
| ૫,૦૦૦ | શ્રી નટવરભાઈ દેસાઈ |
| ૫,૦૦૦ | શ્રી અપૂર્વ સંઘવી |
| ૫,૦૦૦ | પ્રભાવતી પન્નાલાલ છેડા |
| ૫,૦૦૦ | શ્રી કચરાલાલ ચુનીલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી પાનાચંદ પી. ગાલા |
| ૫,૦૦૦ | શ્રી વસંતરાય દલીચંદ શેઠ |
| ૫,૦૦૦ | શ્રીમતી લીના વી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી રવિન્દ્ર સાંકળીયા |
| ૫,૦૦૦ | રામજી નરભેરામ વેકરીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ (સ્વ. નિર્મળાબેન જયસુખલાલ શેઠ વેકરીવાળાના સ્મરણાર્થે) |
| ૫,૦૦૦ | શ્રી દેવચંદ જી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી શાંતિલાલ પી. વોરા |
| ૫,૦૦૦ | શ્રી જયંતિલાલ ભીમશી ગંગર |
| ૫,૦૦૦ | શ્રીમતી ભાનુબેન અને રમેશભાઈ મહેતા |
| ૩,૦૦૦ | નૈના હિતેન્દ્ર ફુરીયા |
| ૨,૫૦૦ | શ્રી સેવન્તીલાલ એફ. શાહ |
| ૨,૦૦૦ | શ્રીમતિ પલ્લવી આર. શાહ (યુ.એસ.એ.) |
| ૨,૦૦૦ | શ્રી પ્રેમજી રાયશી ગાલા |
| ૧,૦૦૧ | શ્રી કાંતિલાલ ગીરધરલાલ વોરા (કે. લાલ) |
| ૭૫૦ | શ્રી જસવંતલાલ વી. શાહ |
| ૫૦૦ | શ્રી અરૂણ સી. શાહ |
| ૨૦,૯૨,૭૦૯ | |

## કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૨૦,૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૧૦,૦૦૦ | અર-આશા જવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રીમતિ ભાનુબેન પટેલ |
| ૬૦,૦૦૦ | |

## પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૪૦,૦૦૦ | સવિતાબાઈ નાગરદાસ ટ્રસ્ટ હસ્તે : શ્રી પ્રકાશભાઈ શાહ ઑગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૨ |
| ૨૦,૦૦૦ | શૈલેશભાઈ શાંતિલાલ મહેતા ઑક્ટોબર-૨૦૧૨ |
| ૬૦,૦૦૦ | |

## આગમ મંદિરો

જૈન સંઘે આગમ મંદિરોનું પણ નિર્માણ કર્યું છે. અમદાવાદ, પાલિતાણા, પૂના-કાત્રજ, તેમ જ અન્ય તીર્થ સ્થળોએ આગમ મંદિરો છે. આ આગમ મંદિરોમાં તામ્ર પત્રો ઉપર આગમો કોતરાયેલા છે.

ચંપાનગરીના બે સાહસિક યુવાનો જિનપાલિત અને જિનરક્ષિત લવણસમુદ્રમાં બારમી વાર વેપારી સફર માટે નીકળ્યા હતા. શ્રીમંત માકંદી સાર્થવાહ અને ભદ્રા શેઠાણીના આ બંને પુત્રો સાગરસફર માટે નીકળ્યા ત્યારે બંનેને માતા-પિતાએ ખૂબ વાર્યા, આપણને ધનની જરૂરત નથી તેવું સમજાવ્યું. પણ જિનપાલિત અને જિનરક્ષિત માન્યા નહીં. તેમણે પુનઃ પુનઃ છેલ્લીવાર જવા દેવા માટે સંમતિ માગી.

માતા-પિતાએ નાછૂટકે હામી ભણી.

માકંદીપુત્રો સમુદ્રની સફરે ઊપડ્યા. વહાણમાં વસ્ત્રો, તેજાના દ્રવ્યો, રત્નો ભર્યાં. દેવપંખીના શુકન લઈને નીકળ્યા પણ રે કિસ્મત! લવણસમુદ્રમાં પ્રવેશતાં જ તોફાન આવ્યું. રક્ષણના કોઈ જ પ્રયત્ન સફળ ન થયા ને અનેક લોકો, ધનસંપત્તિ આદિ સમુદ્રમાં ડૂબ્યા.

જિનપાલિત અને જિનરક્ષિતના હાથમાં મોટો વાંસ આવી ગયો, બંને તેના સહારે ધરતી કિનારે પહોંચ્યા. એ રત્નદ્વીપ હતો. બંને ભાઈઓ અત્યંત શ્રમથી થાકેલા વૃક્ષ તળે પત્થર પર બેઠા હતા ત્યાં એક સુંદર સ્ત્રી આવી. તેણે કહ્યું,

'હે જુવાનો ? હું આ દ્વીપની રક્ષિકા દેવી છું. તમે મારી સાથે ચાલો. જો તમે બંને જણા મારી સાથે મારી ઇચ્છા મુજબ ભોગવિલાસ માણસો તો તમને અહીં રહેવા અને જીવવા જઈશ, નહીં તો તમારા મસ્તકના ટુકડા કરીને એકાંતમાં ફેંકી દઈશ.'

બંને ગભરાયા અને દેવી સાથે ચાલ્યા. તેમણે દેવીનું વચન કબૂલ્યું.

દેવી ક્રૂર સ્ત્રી હતી. એ બંને જુવાનો સાથે યથેચ્છ ક્રીડા કરવા લાગી. સમય વીતત ચાલ્યો.

એકદા તે દેવીને શક્રેન્દ્રની આજ્ઞા થઈ કે સમુદ્રનું સ્વચ્છીકરણ કરો. દેવી તે માટે રવાના થઈ તે પહેલાં તેણે જિનપાલિત અને જિનરક્ષિતને કહ્યું કે, હું દેવશિરોમણિ શક્રેન્દ્રની આજ્ઞાનુસાર લવણસમુદ્રની શુદ્ધિ કરવા જાઉં છું. તમે બંને સુખથી રહેજો, ખાજો પીજો ને ફરજો. હું પાછી વળું તે દરમિયાન કંટાળી જાવ, કુતૂહલ જાગે કે કોઈ ઉપદ્રવ થાય તો પૂર્વદિશાના વનખંડમાં જજો, પશ્ચિમદિશાના વનખંડમાં જજો પણ દક્ષિણદિશાના વનખંડમાં ન જતા કેમકે ત્યાં એક

# આસક્તિ-અનાસક્તિ

## □ આ. મુનિશ્રી વાત્સલ્યદીપજી

દૃષ્ટિવિષસર્પ રહે છે અને તેનું ઝેર કાતિલ છે. હું થોડા સમયમાં પાછી ફરીશ.'

દેવી લવણસમુદ્ર તરફ ચાલી ગઈ.

કોને ખબર કેમ, વિપુલ ભોગવિલાસ માણવા મળતા હોવા છતાં દેવીના ચાલી જવાથી જિનપાલિત અને જિનરક્ષિતને છુટકારાની લાગમી થી. બંને યથેચ્છ ઘૂમવા માંડ્યા. પૂર્વદિશા અને પશ્ચિમદિશાના વનપ્રદેશમાં પરિભ્રમણ કરતા રહ્યા. આ તો માનવીનો મન છે! એમને ના કહેલી પણ બને દક્ષિણદિશાના વનમાં ગયા. એ વનમાં તેમણે એક પુરુષને શૂળી પર લટકાવેલો જોયો. એ જીવતો હતો ને કરુણસ્વરે ધીમું ધીમુ રડતો હતો.

જિનપાલિત તથા જિનરક્ષિત તેની પાસે ગયા. બંનેએ પૂછ્યું કે, 'હે દેવાનુપ્રિય! આ કોનું વધસ્થળ છે ? તું કોણ છે ? આવી આપત્તિમાં તને કોણે મૂક્યો છે ?'

# પંથે પંથે પાથેય...

એ દુઃખી પુરુષ બોલ્યોઃ 'એ રત્નદ્વીપની દેવીનું વધસ્થાન છે. હું જંબુદ્વીપના ભારતવર્ષનો અશ્વનો વેપારી હતો. લવણસમુદ્રમાં વહાણ લઈને વેપાર ખેડવા નીકળેલો ને વહાણ ડૂબ્યું. અહીં આવી ચડ્યો. રત્નદ્વીપની દેવીએ મને ભોગવિલાસનું સાધન બનાવીને રાખ્યો. મારી કંઈક ભૂલ થઈ અને આ ક્રૂર દેવીએ મારી આ હાલત કરી છે!'

બંને જુવાનો ભયભીત થઈ ગયા. તેમણે પણ પોતે ફસાયા હોવાનું કહીને છૂટકારાનો માર્ગ પૂછ્યો. એ પુરુષે કહ્યું કે, 'પૂર્વદિશાના વનમાં શૈલક નામના યક્ષનું મંદિર છે. ત્યાં જવાથી અને પૂજા કરવાથી દેવ પ્રસન્ન થશે અને નિયત સમયે બોલશે કે કોને તારું અને કોને પાળું ? ત્યારે તમે કહેજો કે અમને તારો અને અમને પાળો. પછી તે દેવ કહે તેમ કરજો. એ શૈલક દેવ તમારી રક્ષા કરશે.'

એ સાંભળીને માકંદીપુત્રો પૂર્વદિશાના વનમાં પહોંચ્યા અને શૈલક દેવનું મંદિર શોધીને ત્યાં સૂચના મુજબ બધું કર્યું. પુષ્કરિણીમાં સ્નાન કર્યું, યક્ષની પૂજા કરી, પ્રાર્થના કરી ત્યારે રાજી થયેલા દેવે કહ્યું કે કોને તારું અને કોને પાળું ? બંને જણાએ પોતાને બચાવવા વિનંતી કરી ત્યારે શૈલક દેવે કહ્યું, 'હે માકંદીપુત્રો, હું તમને તમારા વનતમાં મૂકી દઈશ પણ રસ્તામાં લવણસમુદ્રની મધ્યમાં પસાર થતાં પેલી રત્નદ્વીપની દેવી તમને અનેક લલચાવનારા ઉપસર્ગો કરશે, વિઘ્નો કરશે. જો તમે તેની વાતમાં આવીને તેની તરફ લક્ષ્ય આપશો તો તમને મારી પીઠ પરથી નીચે પાડી દઈશ અન્યથા હું તમારો રત્નદ્વીપની દેવીના હાથમાંથી જરૂર છૂટકારો કરાવીશ.'

માકંદીપુત્રો કબૂલ થયા. પછી શૈલકદેવની આજ્ઞાનુસાર તેની પીઠ પર સવાર થઈ ગયા. દેવ પોતાનું વિરાટ સ્વરૂપ બનાવીને ચંપાનગરી ભણી રવાના થયો.

રત્નદ્વીપની દેવી લવણસમુદ્રને સ્વચ્છ કરવાનું કાર્ય પતાવીને પોતાના પાછી ફરી ત્યારે તેણે માકંદીપુત્રોને ક્યાંય ન જોયા. સર્વત્ર તપાસ કરી. છેલ્લે પોતાના અવધિજ્ઞાનથી માકંદીપુત્રોને શૈલકયક્ષની પીઠ પર સવાર થઈને નાસતા જોયા અને કોપાયમાન થઈ. હાથમાં ઢાલ-તલવાર લીધા ને આઠ તાડ જેવી વિશાળ કાયા ધારણ કરીને લવણસમુદ્રમાં એ માકંદપુત્રો નજીક આવી. એ બંને યુવાનોને મનાવવા માંડ્યા, સમજાવવા માંડ્યા. બંને ભાઈઓ વિચલિત ન થયા.

દેવીએ પોતાનો પ્રયત્ન ન છોડ્યો. એનું મોહક રૂપ જિનરક્ષિતને લોભાવી ગયું. તેણે તેની તરફ લાલસાથી જોયું ને શૈલક દેવે તેને પોતાની પીઠ પરથી નીચે ફેંકી દીધો. તત્ક્ષણ, દેવીએ તેને તલવારની ધાર પર ઝીલી અને કાપીને સમુદ્રમાં ફેંક્યો! સમુદ્રના જંતુઓ તેને ખાઈ ગયાં!

જિનપાલિત અવિચળ રહ્યો. એ ન ઠગાયો. એ ચંપાનગરી પહોંચ્યો. થોડા દિવસો સૌના દુઃખમાં વીત્યા, પછી સૌ પૂર્વવત્ જીવન જીવવા માંડ્યા.

એકદા ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા. જિનપાલિતે ધર્મશ્રવણ કરીને દીક્ષા ગ્રહણ કરી. અગિયાર અંગોનો સઘન અભ્યાસ કર્યો. જીવનના અંતે માસિક સંલેખના કરી, આત્મશુદ્ધિ કરી, અનશન વ્રત કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી મોક્ષમાં જશે.


મોહ-માયામાં આસક્ત થાય છે તે સંસારમાં ડૂબે છે, જે અનાસક્ત બને છે તેનું કલ્યાણ થાય છે!

✶ ✶ ✶

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત


*આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં*

## કથાત્રયી ડી.વી.ડી.





**।। મહાવીર કથા ।।**

**બે ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૨૫૦/-**



**।। ગૌતમ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-**




**।। ઋષભ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ મૂલ્ય રૂા. ૩૦૦/-**

- ત્રણ સેટ સાથે લેનારને એક કથા ડી.વી.ડી. વિના મૂલ્યે
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.
- ઘરે બેઠા દિવાનખાનામાં કથાશ્રવણનો દૃશ્ય લાભ
- સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૫ | ૩૦૦ |
| ૧૩ | જિન તત્ત્વ ભાગ-૬ થી ૯ | ૨૪૦ |
| ૧૪ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૫ | વંદનિય હૃદયસ્પર્શ | ૧૫ |
| ૧૬ | વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૭ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫ | ૧૫૦ |
| ૧૯ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૨૦ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૧ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૨ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત** | |
| ૩૦ | જૈન ધર્મના પુષ્પ ગુચ્છ | ૧૦૦ |
| ૩૧ | જૈન ધર્મના સ્વાધ્યાય સુમન | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૨ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૫૩ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |

**શ્રી શશિકાંતભાઈ મહેતા દ્વારા**
**કાયોત્સર્ગ ધ્યાન ડી. વી. ડી.**
**રૂા. ૧૦૦**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

## TABLE OF FIVE AAGAMA VACHANA

| Vachna Number | Period | Leadership | Reason for Vachana | Reason for Vachana | Details of Vachana |
|---|---|---|---|---|---|
| First Vachna | 160 years after Mahavira Nirvan | Pataliputra (now) known as Patna) | Jain Sangha | Because of draught continued for 12 years scriptures were forgotten in the memory of Acharyas OR Possibility of war in Magadha Kingdom | At that time only Acharya Bhadrabahu was having all scriptural knowledge. He was at Nepal performing severe austerity. Jain Sangha insisted so he explained 11 Angas, half Drastivad and 10 Purvas. Remaining half Drastivad and 4 Purvas, he gave only Sutras without any explanation. The remaind matter included as Anga Bahya. |
| Second Vachana | 300 years after Mahavira Nirvana i.e.2nd B.C. | Khandagiri / Kumari hill in Kalinga now in Orissa near Bhuvanesvara | Might be king Kharwel | After war between Kalinga and Magadha, the Kalinga ruined but after 150 years he won the battle | We do not have proper information regarding this Vachana. Only available information is Kharwel's inscription which states-Forgotten Angasaptika scripture was arranged with the help of Vachana by seers to keep them in order form and arranged nearly as required. |
| Third Vachana | 827 years after Mahavira Nirvana i.e.3rd century A.D. | Mathura | Arya Skandilacharya | Two reasons are given in Nandisutra- (I) After draught the Vachana of KALIK SUTRA was performed. (II) Sutras were not lost but anuyogdharas were not survived except Acharya Skandila, so he made Agama Vachana | There is a system in Swetambara tradition that Acharya is requested to come to deliver lecture. When he arrives, after adoring him the Jain Sangh requests to present Vachana which is also known as `Vaena' . Such type of possibility might have occured at that time as Mathura's Jain Sangha was very much prominent and efficient. |
| Fourth Vachana Contemporary of third Vachana (Nagarjuniya Vachana) | 827 years after Mahavira Nirvana i. e. 3rd century A.D. | Vallabhipur | Arya Nagarjuna | The same as above. | The Sadhus who were moving in North-East direction and centre province gatherd at Mathura for performing Vachana. At the same time the sadhus who were in Viharas in South-West area assembled at Vallbhipur in Gujarat for Vachana. |
| Fifth Vachana | 980 years after Mahavira Nirvana (Nearly about 150 years after third and fourth Vachana) | Same as above | Acharya Devardhigani Ksmasramana | To write the Agamas before losing in memory of seers. | 500 Acharyas joined the council with their minimum four disciples for writing work. Here previously performed two Vachanas were also united and wherever the difference/ disagreement was noticed they were assimilated with the words `Nagarjuniyastu Pathanti.' |

**Some Notes :**

*Uttaradhyayana, Risibhasita, Dasasrutaskandha, Kalpa, Vyavyahara, Nishitha,* etc are considered as Kalika Sutra means they are to be read at particular SWADHYAYA TIME. The influence of Shorseni dilect on Agamas might have started after Mathuri Vachana. The Nandisutra informs us that Arya Skandils Anuyoga was popular in Southern India. This also lead to the theory that Papaniya sect might have recognised them as they are in Shorseni Prakrit without much influenced by Maharastri Prakrit.

**The Archaeological References :**

There are so many sculptures excavated from Kankali Tila, Mathura which contained the carving of various stories of *Avasyaka Niryukti Acharanga Sutra. Rayapaseniya Sutra* etc. Some of them are described below–

One of the small pillar five feet height has the depiction of the Valkal-Chiri when Ganikas tried to attract him.

A story of Chandanabala and Dhanasheth also beautifully carved showing her hungry. She holds a Thali with offerings. This story is depicted in three sections.

The description of Preksa Griha of Yan-viman of Suryabha Deva is very similar to Deva Nirmita Stupa at Mathura. Accordingly the shalbhanjikas, auspicious symbols, Toranas, Pillars, symbolic art specimen dramatized by deities were carved as per Rayapasenium Sutra. Dr. U. P. Shah and also some other scholar had opined that its adornment seems to be eyewitness account of Jaina Sutra of Kaushana age.

Thus the availablility of life incidences of Mahavira, Chandanbala, Jivitswami, Valkalchiri establishes the antiquity of Agam Sutra and it's Niryuktis.

Complied by **Dr. RENUKA PORWAL**

---

**AAGAM STORY**

# SPEAK TRUTH BUT IN GOOD WORDS

**By Aacharya Shree Vatsalyadeepji ● Tanslation : Smt. Pushpa Parikh**

Once upon a time a rich man named Mahashataka was staying in the city of Rajgrihi. He was very religious minded and daily used to visit temple for darshan and puja & bhakti. He had a wife named Revati. She was very beautiful and was very proud of herself. She loved enjoying life in all respects--eating, drinks and what not. She also had some bad habits. Mahashataka being a very straightforward man did not like the behaviour of Revati. He tried to improve her in many ways but all his efforts were futile.

Once upon a time during monsoon Bhagwan Mahavir came to Rajgrihi to spend the monsoon season. (Chaturmas). The atmosphre in Rajgrihi was very religious. Mahavir Bhagwan had put up in the temple of Gunshilak. Mahashataka was fed up with Revati's behaviour so he started spending more time in temple and in all kinds of religious activities like penances, deep study of religious activities and achieved a good progress also. He was self-enlightened and according to Jain religion he was free from his karmas, (Sins committed in ignorance). He experienced some spiritual light entering his body.

Revati did not bother about anything except enjoyment. She was busy in her own way enjoying all kinds of food & even drinks. She once went to see Mahashataka. She wanted him to come back and stay with him & enjoy the worldly life. She could not convince him, instead blamed all saintly people & the religion. Mahashataka got excited and cursed her saying `Oh ! chandike, (bad lady) you will die within seven days because of Alas disease. (incurable disease) And it happened that Revati died exactly on the seventh day and went to hell.

When Bhagwan Mahavir came to know about her death he told Gautamswami, the head of their group, `Dear brother, please go to Mahashataka and tell him that even if you want to tell the truth, it should be in good words and not harsh. Bad and harsh language does not suit your status. You should repent for your harsh language.'

Mahashataka also obeyed his guru and repented in the way he was told to.

The moral of the story is :

`There should be politeness in your speech'.✷ ✷ ✷

# Thus HE Was, Thus HE Spoke :

## RUMI

When Dhanvant Bhai asked me to start a column in English on 'Thus Spake', I went into a tizzy as there are so many whose timely words have touched me at different phases of my life and different states of mind. Poets, philosophers, spiritual masters, visionaries all flashed in my mind's eye. But since we had to stick to one and this is just the beginning what better way to start than with friendship. Friendship be it of Krishna Sudama or Rumi and Shams , there is something very untouched about it. So let us begin and celebrate Rumi- and things that he said and felt after his deep friendship with Shams of Tabriz.

Jelaluddin Rumi was born in 1207 AD in Balkh (formerly Persia but now Afghanistan). However, as Balkh was soon over run by Mongol armies, the family fled to Konya (present day Turkey) which then became Rumi's 'home'. His father was a learned scholar and headmaster of the Islamic school and this legacy passed onto Rumi, who was first an excellent student, a scholar indeed and then became head of the school. He was a popular teacher and revered as a learned man living an exemplary life of service to the community.

And then, Shams of Tabriz, a wandering dervish came into Konya. Their meeting sparked off a profound relationship which defied all description and has indeed been described by a gamut of terms- sacred friendship; a rare connection; student and teacher; devotee and guru; Lovers… as only Man and God… as only Man and Self… can be.

Rumi changed… of course not so much in a planned manner …but as... something that just 'happened'! The conventional all-knowing teacher became a god intoxicated seeker. The path of books, knowledge, fell away … into the deep deep pool of Bhakti.

Let us take a deep dip into not Rumi's mind, and his heart full of love, the only way love can be. We will go through some of his poems all translated into english by differant scholars studying Rumi.

**It's rigged- everything, in your favor.**
**So there is nothing to worry about.**
**Is there some position you want,**
**some office, some acclaim, some award, some con, some lover**
**Maybe two, maybe three,maybe four, all at once.**
**Maybe a relationship with God?**

**I know there is a gold mine in you,**
**When you find it, the wonderment of the earth's gifts**
**you will lay aside as naturally as does a child a doll.**
**But dear, how sweet you look to me kissing the unreal;**
**Comfort, fulfill yourself in any way possible- do that until you ache, until you ache,**
**then come to me again.**

Ah Rumi- How beautifully he describes our journey back to ourselves! Love, fame, popularity, power, even spirituality all ultimately to be cast off once we find this way back to ourselves.

**Don't surrender your loneliness so quickly let it cut more deep. Let it ferment and season you as few human or even divine ingredients can. Something missing in my heart tonight has made my eyes so soft, my voice so tender ,my need of god absolutely clear.**

As all our texts have shown us constantly about the momentariness of all life's pleasures or pain and Rumi tells us here to not get distracted away from pain but let it in,welcome it,embrace it and it will help in making you ready for a satguru.

I like when the music happens like this:

**Something in His eyes grabs hold of a tambourine in me,**
**Then I turn and lift violin in someone else,**
**And they turn, and this turning continues,**
**It has reached you now. Isn't that something...**
**Rumi**

In this, Rumi describes the interconnectedness of all human beings- like people are 'nimits' to us and we become Nimit for someone else.

**Come come whoever you are...Come, and come again....Come even if you have broken your vows a thousand times...wanderer,idolator, worshipper of fire.....ours is not a caravan of despair... Rumi**

Yes Rumi can be seen as an 'ashavaadi' but wouldnt

this poem be apt for Valmiki, Angoolimal or Dradh Prahari- all the three can be seen as 'bhari karmi' but tad bhav or a few bhav moksh gaami.

And one of my personal most favourite:

**If God said,**

**"Rumi pay homage to everything that has helped you enter my arms",**

**There would not be one experience of my life,not one thought, not one feeling ,not any act,I would not bow to.**

**~Rumi~**

Imagine what allignment between word and thought, thought and deed, word and deed. what awareness and what 'antar nirmalta' to be in this state where everything you see, everything you hear, everything you speak, everything you feel and everything you are is just taking you closer to your own God self within or towards a God out there.

Before Shams came into Rumi's life, Rumi was a brilliant receptive man, extremely intellegant, a knower of many worlds. One of the many stories about Shams-Rumi meeting is that Rumi had a library of books that noone was allowed to touch, not his wife, nor his daughter. They were precious books of knowledge that he acquired from all across the continent. After some time into their friendship,one day Shams casually throws away his precious precious books into the fountain in their courtyard and Rumi watches without any change of expression or heartbreak. infact Rumi only watches with love , the only emotion he ever feels of any action of Shams. This friendship was where rumi had to unlearn everything he knew , and instead of the outside, Shams taught him to look inside his own soul which was the all knowing, which did not need any books or teachers... It was its own master, all knowing and all joyful. So we end with Rumi's best teaching to all of us hankering after a lover, wealth, a distraction, a passion-

**A thousand half-loves must be forsaken to take one whole heart home. And Thus Spake Rumi.**

**◻ RESHMA JAIN**

*[Reshma Jain is a student of life and a constant seeker, stil not at rest within. Her guru is Shrimad Rajchandra and that is her one and only constant. Everything else in her life is fluid and amidst them she has been a journalist for over 15 years, helped make a documentry and worked closely with Japan delegates to try and make a bridge between India and Japan for trade, cinema, textiles.*

**◻ Editor]**

## RESULT OF ANGER

Once upon a time a saint while passing through a city met one poor man who seemed to be worried. He asked him the reason behind his worries. The poor man said, “I am very poor and because I can’t feel my family members I am always under stress.

The saint said, “Dont worry. I will show you the way to get money and how to become rich, but you will have to come with me. You have to go where I say and do what I tell.” The man agreed and both of them started for the destination. The saint took him at the top of one hill which was full of greeneries. Then the saint told him that the person who can bear all the seasons, who can remain hungry, one who can survive on fruits and vegetables and still does’t feel unhappy, can only get the golden juice. Are you ready for that? The poor man agreed. Then the saint showed him the ceremony to get the juice.

The poor man so much frustrated that he agreed to whatever the saint said. The poor man got the golden juice also.

While both of them were returning, the saint told him not to get angry in any case, even if somebody teases him, makes fun of him, or whatever the situation is. The man was happy with the juice so he agreed to whatever the saint said.

While travelling the saint tested the poor man by telling him often that he received the juice because of the saint only. The poor man after listening the same thing again and again got excited and in anger threw away the precious golden juice.

The saint shouted, “What have you done? You lost what you obtained after a great effort. I had warned you not to get angry. Now you will have to repent.”

“You loose much because of anger.”

**(From Nishith Sutra Uddesh 10)**

**By Acharya Vatsalyadeepji**

**Translated by Smt. Pushpa Parikh**

# FIRST TIRTHANKAR : BHAGWAN RUSHABHDEV



Many years ago, there was a king named Nabhiray.

Marudevi was the name of the queen. Rishabhdev and Sumangla were the son and daughter of them.

It was the first birthday of Rishabhdevji. Now big people definitely come to bless the Prince. So here came the King of Gods, Lord Indra at the Palace of Nabhiray.

The Palace was illuminated with lights. There were rows of different colourful flowers at the gate and in compound. The atmosphere was charged with gaity

The people had smiles on their face and every body tried to reach up to the Prince to bless him. They were also dancing. The renowned singers were rendering their best of the musical compositions. And locan children be away from this revelry? No. They were dancing, singing, playing games and eating sweets.

Now when Indradev entered, everybody was surprised and pleased to win a glace from him. Indradev reached to the king Nabhiray. The new born baby was sitting in his father's lap. The queen Marudevi was sitting next to king and also receiving the guests with joy marked on their faces.

If you go to a birthday you naturally carry a gift for the birthday baby. Lord Indra brought sugarcane to present to the Prince. He was carrying them in his hands.

The child Rishabh saw that and as Lord Indra came closer to the king, he just snatched sugarcanes from his hands.

Everybody enjoyd this gesture of the Prince. They all laughed and clapped. Lord Indra also laughed and felt happy that his gift had pleased the prince.

In the language Sanskrit sugarcane is called IKSHU. Rishabhdev was very much fond of its Juice. Later on his dynasty also was named IKSHWAKU.

**Moral :** Joy and happiness increase by offering the same to others.

**By : Shri Kulin Vora, Mobile : 9819667754.**

# WHO IS `TIRTHANKAR' ?

The word JIN means victory who has won the battle with the self, not by killing any humanbeing or living being. It so is victory on anger, hate and love, One who He has attained control on his all five senses. He has freed himself from all fair virtues hurting the self. He has attained the virtue of knowing all. The humanes like these who has known all the thrre forms of soul त्रिगुणातीत and material. They are so Tirthankar; the God. For the betterment of all the living being in this world (Eternal Bliss) explins the topmost style of living through their immense knowledgeThat explanation is religion. One who saves, uplifts you is the pilgrim. By living themselves as per such religious thinking and act, one who establishes the religion such great soul is called Tirthankar. This soul is far away from attachment, winner who has killed enemies within, one who knows all, and is also known as Kevli – sublime.

There can be many `Kevlis' in one progrssive era.`Avasarpine' time. But Tirthankars are only 24.

Tirthankars born as a common being. By his penance, Meditation and feelings equal and positive, this soul decides in advance his Tirthankar status. Then after compliting the sentiments of Tirthankar, Thid bodyless soul attains Sublimity. And in future in any conditions he never born again in this world.

Kevli Gods are also in such sublime condition. In `Moksha' all souls are equal, of the same status.

Pictures & text from the publication 24 Tirthankar by Shri Kulin Vora, Mumbai. Mobile : 9819667754.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-146/2012-14



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૨

**આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૮મા વર્ષમાં પ્રવેશે છે.**
**બુધવાર, તા. ૧૨-૯-૨૦૧૨ થી બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨ સુધી રોજ બે વ્યાખ્યાનો.**
**સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.**
**પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫**

**પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ**

| દિવસ તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| બુધવાર ૧૨-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતી રૂપાબહેન શાહ<br>શ્રી વલ્લભભાઈ ભંશાલી | નમસ્કાર મહામંત્ર-અનુસંધાન<br>જીવતત્ત્વ અને વિપશ્યના |
| ગુરુવાર ૧૩-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતિ શૈલજાબહેન શાહ<br>ડૉ. દક્ષાબહેન પટણી | લોભ : પ્રતિષ્ઠા પાપસ્ય<br>અપરિગ્રહ અને ગાંધીજી |
| શુક્રવાર ૧૪-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ<br>પૂજ્યપાદ ૧૦૮ ગોસ્વામી જી શ્રી શ્યામમનોહરજી | પુષ્ટિ સંપ્રદાય<br>જૈન અને વલ્લભ તત્ત્વ મિમાંસા |
| શનિવાર ૧૫-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રીમતી જ્યોતિબહેન થાનકી<br>શ્રી ભાગ્યેશ જહા | મહાયોગી શ્રી અરવિંદનું જીવન દર્શન<br>વિવેકાનંદ અને ધર્મ |
| રવિવાર ૧૬-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. સુદર્શનજી આયંગર<br>ડૉ. ગુણવંત શાહ | ધર્મ અને શિક્ષણ<br>શ્રાવક હોવાનો વિશેષાધિકાર |
| સોમવાર ૧૭-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. પાર્વતીબહેન નેણશી ખીરાણી<br>શ્રી જ્વલંત છાયા | ત્રિપદી<br>ગોડ પાર્ટીકલ અને અધ્યાત્મ |
| મંગળવાર ૧૮-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. સાગરમલજી જૈન<br>ડૉ. મહેબૂબ દેસાઈ | પ્રતિક્રમણ<br>ઈસ્લામ-ઇબાદત અને ઈન્સાનિયત |
| બુધવાર ૧૯-૯-૨૦૧૨ | ૮-૩૦ થી ૯-૧૫<br>૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. થોમસ પરમાર<br>ડૉ. કુમારપાળ દેસાઈ | ઇસુના ગિરિપ્રવચનો<br>પર્યુષણનો વસ્ત વૈભવ |

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતિ ઝરણા વ્યાસ (૨) શ્રીમતિ અલકા શાહ (૩) શ્રીમતી ગીતા દોશી (૪) શ્રી ગૌત્તમ કામત (૫) કુ. ધ્વનિ પંડ્યા (૬) શ્રીમતિ અંજલિ મરચન્ટ (૭) શ્રીમતિ મોનાલી શાહ (૮) શ્રી નિતિન સોનાવાલા. પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **મે. જ્વેલેક્ષ ફાઉન્ડેશન** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

ઉપરોક્ત સર્વ વ્યાખ્યાનો અને ભજનો સંસ્થાની વેબસાઈટ www.mumbai_jainyuvaksangh.com પર સાંભળી શકશો.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| **ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી** | **નીતિન કાંતિલાલ સોનાવાલા** | **ચંદ્રકાંત દીપચંદ શાહ** | **નિરુબેન એસ. શાહ**<br>**ધનવંત ટી. શાહ** | **વર્ષાબહેન રજ્જુભાઈ શાહ** |
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રીઓ | સહમંત્રી |

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **લોક સેવક સંઘ, થોરડીને** આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૭ સંસ્થાઓને આજ સુધી આશરે રૂા. ૪.૧૫ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.**

**Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.**